
# समयसार सिद्धि

ભાગ-૧૩



**ACKNOWLEDGEMENT**

We sincerely express our gratitude to **“Shree Simandhar Kundkund Kahan Adhyatmik Trust, Rajkot”** from where we have sourced **“Samaysar Siddhi Part 13”**.

**“Samaysar Siddhi Part 13”.** (Pravachans on Shree Samaysar by Pujya Shree Kanji Swami) We have taken due care, however, if you find any typographical error, for which we request all the reader to kindly inform us at info@vitragvani.com or to “ victoryjack1@rediffmail.com ” “Shree Simandhar Kundkund Kahan Adhyatmik Trust, Rajkot”

ॐ

श्री सीमंधरदेवाय नमः
श्री निज शुद्धात्मने नम

# સમયસાર સિદ્ધિ

## ભાગ-૧૩

અધ્યાત્મયુગપુરુષ

**પ. પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીના**

સમયસારજી શાસ્ત્ર ઉપરના ૧૯મી વખતના ચાલેલા પ્રવચનોમાંથી પરિશિષ્ટ અધિકારના શ્લોક ૨૬૪ થી ૨૭૮ ઉપરના સળંગ પ્રવચનો

: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન :


શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ
યોગીનિકેતન પ્લોટ 'સ્વરુચિ' સવાણી હોલની શેરીમાં,
નિર્મલા કોન્વેન્ટ રોડ, રાજકોટ–૩૬૦૦૦૭.
ટેલી નં. ૦૯૩૭૪૧૦૦૫૦૮ / (૦૨૮૧) ૨૪૭૭૭૨૮ / ૨૪૭૭૭૨૯

| કહાન સંવત | વીર સંવત | વિક્રમ સંવત | ઈ. સ. |
|---|---|---|---|
| ૩૩ | ૨૫૩૯ | ૨૦૬૯ | ૨૦૧૩ |

**પ્રકાશન**

**રાજકોટ મંદિર પ્રતિષ્ઠા મહોત્સવ, તા.૦૧-૦૨-૨૦૧૩**

પ્રથમ આવૃત્તિ – ૧૦૦૦ પડતર કિંમત – રૂ.૧૨૦ મૂલ્ય - રૂ.૪૦

**પ્રાપ્તિ સ્થાન**

રાજકોટ : **શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**
૫, પંચનાથ પ્લોટ, શ્રી કાનજી સ્વામી માર્ગ, રાજકોટ–૩૬૦૦૦૧. ટેલી. નં. ૨૨૩૧૦૭૩
**શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ**
યોગીનિકેતન પ્લોટ 'સ્વરુચિ' સવાણી હોલની શેરીમાં, નિર્મલા કોન્વેન્ટ રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૭. ટેલી. નં. ૦૯૩૭૪૧૦૦૫૦૮ / (૦૨૮૧) ૨૪૭૭૭૨૮

મુંબઈ : **(૧) શ્રી શાંતિભાઈ ઝવેરી**
૮૧, નિલામ્બર, ૩૭, પેડર રોડ, મુંબઈ-૪૦૦૦૨૬ ટેલી. નં. ૨૩૫૧૬૬૩૬/૨૩૫૨૪૨૮૨
**(૨) શ્રી મહેન્દ્રભાઈ મહેતા**
'સાકેત' સાગર કોમ્પ્લેક્ષ, સાંઈબાબા નગર, જે.બી. ખોટ સ્કૂલ પાસે, બોરીવલી (વે.),
મુંબઈ-૪૦૦૦૯૨ ટેલી. નં. ૨૮૦૫૪૦૬૬/૦૯૮૨૦૩૨૦૧૫૯
**(૩) શ્રી ભરતભાઈ સી. શાહ**
૯૦૫/૯૦૬ યોગી રેસીડેન્સી, એક્સર રોડ, યોગીનગર, બોરીવલી (વે.) મુંબઈ-૯૨
ટેલી. નં. ૨૮૩૩૦૩૪૫/૦૯૩૨૨૨૮૨૧૬૬
**(૪) શ્રી વિજયભાઈ મગનલાલ બોટાદરા**
બી-૨૭, 'મહાવીર પ્રકાશ' ૨ જે માળે, વલ્લભબાગ (એક્ષટેન્શન લેન) ઘાટકોપર (ઇસ્ટ), મુંબઈ
ટેલી. ૦૨૨-૨૫૦૬૮૭૯૦

કલકત્તા : **શ્રી પ્રકાશભાઈ શાહ**
૨૩/૧, બી. જસ્ટીસ દ્વારકાનાથ રોડ, ખાલસા સ્કૂલ સામે, ભવાનીપુર, કલકત્તા-૨૦.
ટેલી. નં. ૦૩૩–૨૪૮૬૮૫૧૮/૦૯૮૩૦૩૩૧૦૧૦

સુરેન્દ્રનગર : **ડૉ. દેવેન્દ્રભાઈ એમ. દોશી**
જૂના ટ્રોલી સ્ટેશન સામે, દર્શન મેડીકલ સ્ટોર સામે, સુરેન્દ્રનગર. ટેલી. નં. ૨૩૧૫૬૦

| લેસર ટાઈપ સેટિંગ | મુદ્રક | જેકેટ અને મલ્ટીકલર ફોટા |
|---|---|---|
| **પૂજા ઇમ્પ્રેશન્સ** | **શાર્પ ઑફસેટ પ્રિન્ટર્સ** | **ડોટ એડ** |
| પ્લોટ નં. ૧૯૨૪/બી<br>૬, શાંતિનાથ બંગલોઝ<br>શશીપ્રભુ માર્ગ, રૂપાણી સર્કલ<br>પાસે, ભાવનગર-૩૬૪૦૦૧<br>ફોન નં. ૯૭૨૫૨૫૧૧૩૧ | ૩૧૨, હિરાપન્ના કોમ્પ્લેક્ષ,<br>ડૉ. યાજ્ઞિક રોડ,<br>રાજકોટ-૩૬૦૦૦૧<br>ફોન નં. ૯૮૨૫૦૭૫૦૬૧ | ૨૩૪, રાજ ચેમ્બર્સ,<br>માલવિયા પેટ્રોલ પંપ સામે,<br>ગોંડલ રોડ, રાજકોટ<br>ફોન નં. ૬૬૨૬૦૭૩ |

# પ્રસ્તાવના

**मंगलं भगवान् वीरो मंगलं गौतमो गणी।**
**मंगलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मंगलम्।।**

મહાવિદેહક્ષેત્રમાં સદેહે વિહરમાન ત્રિલોકનાથ વીતરાગ સર્વજ્ઞ પરમદેવાધિદેવ શ્રી સીમંધર ભગવાનની દિવ્ય દેશનાનો અપૂર્વ સંચય કરી ભરતક્ષેત્રમાં લાવનાર સીમંધર લઘુનંદન, જ્ઞાન સામ્રાજ્યના સમ્રાટ, ભરતક્ષેત્રના કળિકાળ સર્વજ્ઞ એટલે કે શુદ્ધાત્મામાં નિરંતર કેલિ કરનાર હાલતાં ચાલતાં સિદ્ધ આચાર્ય શ્રી કુંદકુંદદેવ થયા. જેઓ સંવત ૪૯માં સદેહે મહાવિદેહક્ષેત્રમાં ૮ દિવસ ગયા હતા. મહાવિદેહક્ષેત્રમાં ત્રિલોકનાથ સર્વજ્ઞદેવના શ્રીમુખેથી વહેતી શ્રુતામૃતરૂપી જ્ઞાનસરિતાનો તથા શ્રુતકેવળીઓ સાથે થયેલી આધ્યાત્મિક સૂક્ષ્મ ચર્ચાનો અમૂલ્ય ભંડાર સંઘરીને ભરતક્ષેત્રમાં આવી પંચપરમાગમ આદિ આધ્યાત્મિક શાસ્ત્રોની રચના કરી. તેમાંનું એક શ્રી સમયસારજી દ્વિતીય શ્રુતસ્કંધનું સર્વોત્કૃષ્ટ અધ્યાત્મ શાસ્ત્ર છે. જેમાં શ્રી કુંદકુંદાચાર્યે ૪૧૫ માર્મિક ગાથાઓની રચના કરી છે. આ શાસ્ત્ર સૂક્ષ્મ દૃષ્ટિપ્રધાન ગ્રંથાધિરાજ છે.

શ્રી કુંદકુંદાચાર્ય બાદ એક હજાર વર્ષ પછી અધ્યાત્મના અનાહત પ્રવાહની પરિપાટીમાં આ અધ્યાત્મના અમૂલ્ય ખજાનાના ઊંડા હાર્દને સ્વાનુભવગમ્ય કરી શ્રી કુંદકુંદદેવના જ્ઞાનહૃદયને ખોલનાર સિદ્ધપદ સાધક મુનિવર સંપદાને આત્મસાત કરી નિજ સ્વરૂપ સાધનાના અલૌકિક અનુભવથી પંચપરમાગમાદિનું સિદ્ધાંત શિરોમણિ શાસ્ત્ર સમયસારજી છે તેની ૪૧૫ ગાથાની ટીકા કરવાનું સૌભાગ્ય તથા તેમાં રહેલા સૂક્ષ્મ ને ગૂઢ રહસ્ય ને તેનો મર્મ અપૂર્વ શૈલીથી આચાર્ય શ્રી અમૃતચંદ્રદેવે 'આત્મખ્યાતિ' નામક ટીકા કરી ખોલ્યો ને તેના ઉપર ૨૭૮ માર્મિક મંગળ કળશો તથા પરિશિષ્ટની રચના કરી.

આ શાસ્ત્રનો ભાવાર્થ જયપુર સ્થિત સૂક્ષ્મજ્ઞાન ઉપયોગી પંડિત શ્રી જયચંદજીએ કરેલો છે.

વર્તમાન આ કાળમાં મોક્ષમાર્ગ પ્રાયે; લોપ થયો હતો. મિથ્યાત્વનો ઘોર અંધકાર છવાયેલો

હતો. જૈન દર્શનના મૂળભૂત સિદ્ધાંતો મૃતપ્રાયઃ થયા હતા. પરમાગમો મોજૂદ હોવા છતાં તેના ગૂઢ રહસ્યોને સમજાવનાર કોઈ ન હતું. તેવામાં જૈનશાસનના નભોમંડળમાં એક મહાપ્રતાપી વીરપુરુષ અધ્યાત્મમૂર્તિ, અધ્યાત્મસૃષ્ટા, આત્મજ્ઞસંત, અધ્યાત્મ યુગપુરુષ, નિષ્કારણ કરુણાશીલ, ભવોદધિ તારણહાર, ભાવિ તીર્થાધિરાજ પરમ પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ઉદય થયો.

જેમણે આ આચાર્યોના જ્ઞાનહૃદયમાં સંચિત ગૂઢ રહસ્યોને પોતાના જ્ઞાનવૈભવ દ્વારા શ્રુતામૃત રસપાન કરી આચાર્યોની મહામહિમ ગાથાઓમાં ભરેલા અર્થગાંભીર્યને સ્વયંની જ્ઞાનપ્રભા દ્વારા સરળ સુગમ ભાષામાં ચરમસીમાએ મૂર્તિમંત કર્યા.

મિથ્યાદર્શન મિથ્યાજ્ઞાનના ઘોર તિમિરને નષ્ટ કરવા એક તેજોમય અધ્યાત્મ દીપકનો સુવર્ણમય ઉદય થયો. જેમણે પોતાની દિવ્યામૃત ચૈતન્યરસીલી વાણી દ્વારા શુદ્ધાત્મસિંધુના અસ્ખલિત સાતિશય શુદ્ધ પ્રવાહને વહેતો કર્યો. તેઓશ્રીએ જૈનધર્મના મૂળભૂત સિદ્ધાંતોને અતિ સ્પષ્ટપણે, અવિરુદ્ધતાપૂર્વક ભવ્યજીવોને ભવતાપવિનાશક પરમશાંતિ પ્રદાયક પ્રવચનગંગા દ્વારા તેઓશ્રી પોતાની સાતિશય વાણીથી રેલાવતા રહ્યા. વિરોધીઓના વિરોધનો પણ જંગલમાં ફરતા કેસરી સિંહની જેમ અધ્યાત્મના કેસરી સિંહ બની નિડરપણે છતાં નિષ્કારણ કરુણાવંત ભાવે સામનો કરી વિરોધીઓ પણ 'ભગવાનઆત્મા' છે તેવી દૃષ્ટિથી જગતના જીવો સમક્ષ અધ્યાત્મના સૂક્ષ્મ ન્યાયોને પ્રકાશિત કર્યા.

શ્રી સમયસારજી શાસ્ત્ર પૂજ્ય ગુરુદેવશ્રીના હાથમાં સંવત ૧૯૭૮ ના ફાગણ માસમાં આવ્યું. આ સમયસારજી હાથમાં આવતાં જ ઝવેરીની પારખુ નજર સમયસારના સૂક્ષ્મ ભાવો ઉપર પડી અને તેમાં દૃષ્ટિ પડતાં, સહજ જ અંતરના ઊંડાણમાંથી કરૂણાશીલ કોમળ હૃદય બોલી ઊઠ્યું. અરે! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે. અનાદિનો અપ્રતિબુદ્ધ જીવ પ્રતિબુદ્ધ કેમ થાય તેનું સંપૂર્ણ રહસ્ય ને શુદ્ધાત્માનો સંપૂર્ણ ખજાનો આ શાસ્ત્રમાં ભરેલો છે.

આ શાસ્ત્રનું રહસ્ય ખરેખર તો અધ્યાત્મ યુગપુરુષ પૂજ્ય કાનજીસ્વામીના હાથમાં આ શાસ્ત્ર આવ્યા બાદ જ ચરમસીમાએ પ્રકાશિત ને પ્રદર્શિત થયું. ૪૫-૪૫ વર્ષ સુધી સુવર્ણપૂરીમાં 'સોનગઢ' મુકામે અધ્યાત્મની હેલી નીતરતી ચાલી.

પૂજ્ય ગુરુદેવશ્રીએ ૧૯૭૮ થી ૧૯૯૧ (૧૩) વર્ષ સુધી ગુપ્તમંથન કરી જ્ઞાનવૈભવનો સંપૂર્ણ નિચોડ આ શાસ્ત્રમાંથી શોધી કાઢ્યો અને ફરમાવ્યું કે :–

❋ સમયસાર તો દ્વિતીય શ્રુતસ્કંધનું સર્વોત્કૃષ્ટ સર્વોચ્ચ આગમોનું પણ આગમ છે.
❋ સમયસાર તો સિદ્ધાંત શિરોમણિ–અદ્વિતીય અજોડ ચક્ષુ ને આંધળાની આંખ છે.
❋ સમયસાર તો સંસાર વિષવૃક્ષને છેદવાનું અમોઘ શાસ્ત્ર છે.
❋ સમયસાર તો કુંદકુંદાચાર્યથી કોઈ એવું શાસ્ત્ર બની ગયું. જગતના ભાગ્ય કે આવી

ચીજ ભરતક્ષેત્રમાં રહી ગઈ. ધન્ય કાળ!

❈ સમયસારની એક એક ગાથા ને આત્મખ્યાતિ ટીકાએ આત્માને અંદરથી ડોલાવી નાખ્યો છે. સમયસારની આત્મખ્યાતિ જેવી ટીકા દિગંબરમાં પણ બીજા કોઈ શાસ્ત્રોમાં નથી. એના એક એક પદમાં કેટલી ગંભીરતા, ખોલતાં ખોલતાં પાર ન આવે એવી વાત અંદર છે.

❈ સમયસાર તો સત્યનું ઉદ્‌ઘાટન છે. ભારતનું મહારત્ન છે.

❈ સમયસાર જેના થોડા શબ્દોમાં ભાવોની અદ્‌ભુત ને અગાધ ગંભીરતા ભરેલી છે.

❈ સમયસાર તો ભરતક્ષેત્રનો પ્રવચનનો સર્વોત્કૃષ્ટ બાદશાહ છે. આ સાર શાસ્ત્ર કહેવાય.

❈ સમયસાર તો જગતના ભાગ્ય, સમયસારરૂપી ભેટણું જગતને આપ્યું. સ્વીકાર નાથ! હવે સ્વીકાર! ભેટ પણ દે, એ પણ સ્વીકારે નહીં?

❈ સમયસાર તો વૈરાગ્યપ્રેરક પરમાર્થ સ્વરૂપને બનાવનાર વીતરાગી વીણા છે.

❈ સમયસારમાં તો અમૃતચંદ્રાચાર્યે એકલા અમૃત રેડ્યા છે અમૃત વહેવરાવ્યા છે.

❈ સમયસાર એકવાર સાંભળીને એમ ન માની લેવું કે આપણે સાંભળ્યું છે. એમ નથી બાપુ ! આ તો પ્ર... વચનસાર છે એટલે આત્મસાર છે વારંવાર સાંભળવું.

❈ સમયસાર ભરતક્ષેત્રની છેલ્લામાં છેલ્લી અને ઊંચામાં ઊંચી સત્તને પ્રસિદ્ધ કરનારી ચીજ છે. ભરતક્ષેત્રમાં સાક્ષાત કેવળજ્ઞાનનો સૂર્ય છે. સમયસારે કેવળીના વિરહ ભૂલાવ્યા છે.

❈ સમયસારની મૂળભૂત એક એક ગાથામાં ગજબ ગંભીરતા પાર ન પડે એવી ચીજ છે. એક એક ગાથામાં હીરામોતી ટાંકેલા છે.

❈ સમયસારમાં તો સિદ્ધના ભણકારા સંભળાય છે. શાશ્વત અસ્તિત્વની દૃષ્ટિ કરાવનારું પરમહિતાર્થ શાસ્ત્ર છે. સમયસાર એ તો સાક્ષાત પરમાત્માની દિવ્યધ્વનિ, ત્રણલોકના નાથની આ દિવ્યધ્વનિ છે.

આવા અપૂર્વ સમયસારમાંથી પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાના નિજ સમયસારરૂપી શુદ્ધાત્માને અનુભવીને ફરમાવ્યું કે આત્મા આનંદનો પહાડ છે. જ્ઞાયક તો મીઠો મહેરામણ આનંદનો ગંજ ને સુખનો સમુદ્ર છે. ન્યાયોનો ન્યાયાધીશ છે. ધર્મનો ધોધ એવો ધર્મી છે. ધ્રુવ પ્રવાહ છે. જ્ઞાનની ધારા છે. ત્રણ લોકનો નાથ ચૈતન્યવૃક્ષ અમૃતફળ છે. વાસ્તવિક વસ્તુ છે. સદાય વિકલ્પથી વિરામ જ એવો નિર્વિકલ્પ જેનો મહિમા છે એવો ધ્રુવધામ ધ્રુવની ધખતી ધગશ છે. ભગવાનઆત્મા ચિંતામણિ રત્ન, કલ્પવૃક્ષ ને કામધેનુ છે. ચૈતન્ય ચમત્કારી વસ્તુ છે. અનંતગુણોનું ગોદામ–શક્તિઓનું સંગ્રહાલય ને સ્વભાવનો સાગર છે.

સનાતન દિગંબર મુનિઓએ પરમાત્માની વાણીનો ધોધ ચલાવ્યો છે. જૈનધર્મ સંપ્રદાય વાડો ગચ્છ નથી વસ્તુના સ્વરૂપને જૈન કહે છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ શાસ્ત્રના અર્થ કરવાની જે પાંચ પ્રકારની પદ્ધતિ શબ્દાર્થ, મતાર્થ,

આગમાર્થ, નયાર્થ ને ભાવાર્થ છે તે અપનાવીને ક્યાં કઈ અપેક્ષાએ કથન કરવામાં આવ્યું છે તેનું યથાર્થ જ્ઞાન આપણને મુમુક્ષુ સમુદાયને કરાવ્યું. આ પ્રવચનગંગામાં ઘણા આત્માર્થીઓ પોતાના નિજ સ્વરૂપને પામ્યા, ઘણા સ્વરૂપની નિકટ આવ્યા ને આ વાણીના ભાવો ગ્રહણ કરીને ઘણા આત્માર્થીઓ જરૂર આત્મદર્શન પામશે જ. તેની નિરંતર અમૃત ઝરતી વાણીમાં જ તેમની અસાધારણ પ્રતિભાનો ખ્યાલ આવે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી સમયસારમાં ફરમાવે છે કે સમયસાર બે જગ્યાએ છે એક પોતાનો શુદ્ધાત્મા છે તે સમયસાર છે ને ઉત્કૃષ્ટ નિમિત્તપણે સમયસારજી શાસ્ત્ર છે. આ શાસ્ત્રમાં પોતાનો નિજ સમયસારરૂપી શુદ્ધાત્મા બતાવવામાં આવ્યો છે. એક એક ગાથાના અર્થ કરતાં પૂજ્ય ગુરુદેવશ્રી એવા ભાવવિભોર થઈ જાય છે કે તેમાંથી તેને નીકળવું મુશ્કેલ પડે છે.

પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન વચનામૃતમાં પૂજ્ય ગુરુદેવશ્રી વિશે ફરમાવે છે કે પૂજ્ય ગુરુદેવશ્રીનું દ્રવ્ય તો અલૌકિક ને મંગળ છે. તેમનું શ્રુતજ્ઞાન ને વાણી આશ્ચર્યકારી છે. તેઓશ્રી મંગળમૂર્તિ, ભવોદધિ તારણહાર ને મહિમાવંત ગુણોથી ભરેલા છે. તેમણે ચારે બાજુથી મુક્તિનો માર્ગ પ્રકાશ્યો, તેમનો અપાર ઉપકાર છે તે કેમ ભૂલાય? પૂજ્ય ગુરુદેવશ્રીને તીર્થંકર જેવો ઉદય વર્તે છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ અંતરથી માર્ગ પ્રાપ્ત કર્યો, બીજાને માર્ગ બતાવ્યો તેથી તેમનો મહિમા આજે તો ગવાય છે પરંતુ હજારો વર્ષો સુધી પણ ગવાશે.

પૂજ્ય બેન શાંતાબેન ફરમાવે છે કે જેમ મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકર પરમાત્માનો સાક્ષાત્ ઉપકાર છે તેવી જ રીતે ભરતક્ષેત્રમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો એટલો જ ઉપકાર છે કારણ કે જે ભવનો અંત તીર્થંકરદેવની સમીપમાં ન આવ્યો તે ભવનો અંત જેમના પ્રતાપે થાય તે પરમકૃપાળુ સદ્ગુરુદેવને અત્યંત ભક્તિથી વારંવાર નમસ્કાર હો. નમસ્કાર હો.

પૂજ્ય નિહાલચંદ્રજી સોગાની કે જેઓને પૂજ્ય ગુરુદેવશ્રીનું એક જ પ્રવચન સાંભળતા ભવના અભાવરૂપ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ સોનગઢ સુવર્ણપૂરી મુકામે થઈ. તેઓ ફરમાવે છે કે પૂજ્ય ગુરુદેવના એક કલાકના પ્રવચનમાં પૂરેપૂરી વાત આવી જાય છે. બધી વાતનો ખુલાસો પૂજ્ય ગુરુદેવશ્રીએ તૈયાર કરી આપ્યો છે તેથી કોઈ વાત વિચારવી પડતી નથી. નહિં તો સાધક હોય તોપણ બધી તૈયારી કરવી પડે.

'શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ' ની રચના સ્વ. ચંદુલાલ ખીમચંદ મહેતાના સ્મરણાર્થે બેન સરોજબેન ચંદુલાલ મહેતા પરિવાર રાજકોટ દ્વારા કરવામાં આવી છે. આ ટ્રસ્ટની પ્રવૃત્તિમાં પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો પ્રકાશિત કરવાનું કાર્ય કરવામાં આવશે.

આ પરિવારને આદરણીય પૂ. શ્રી લાલચંદભાઈ મોદી–રાજકોટ દ્વારા જ આધ્યાત્મિક માર્ગમાં પ્રવેશની પ્રેરણા તથા આધ્યાત્મિક મહામંત્રોનું રસપાન થયું હોય આ પરિવાર તેમનો

અત્યંત ઋણી છે. પૂ. લાલચંદભાઈ હંમેશા આ પરિવારને કહેતા કે તમો બધા પૂજ્ય ગુરુદેવશ્રીના ભવભ્રમણનો થાક ઊતારનારા મૂળતત્ત્વને સાંભળી ને સમજો. તેઓશ્રી ફરમાવતા કે તને 'જાણનારો જણાય છે ખરેખર પર જણાતું નથી' તેમ અમે જાણીએ છીએ, હવે તો સ્વીકાર કરી લે. આવા આવા ઘણા મહામંત્રો જેમાં બાર અંગનો સાર ભરેલો છે તેવા મહામંત્રો તથા પૂ. ભાઈશ્રીની અધ્યાત્મની સૂક્ષ્મ સિદ્ધાંતિક સચોટ શૈલીથી જ આ પરિવાર અધ્યાત્મમાં ઓતપ્રોત થયો હોય તેઓશ્રીનો અત્યંત આભારી છે.

આવા અપૂર્વ અનુપમ શ્રી સમયસારજી શાસ્ત્રના ૧૬મી વખતના ચાલેલા પ્રવચનોમાંથી પરિશિષ્ટ અધિકારના શ્લોક ૨૬૪ થી ૨૭૮ ઉપરના સળંગ પ્રવચનો સમયસાર સિદ્ધિ ભાગ-૧૩માં અક્ષરશઃ પ્રકાશિત કરવામાં આવ્યા છે. આ કળશના પ્રવચનો ૧૯મી વખતમાં ન થયેલા હોય ૧૬મી વખતના પ્રવચનો છાપવાનો ટ્રસ્ટે નિર્ણય લીધેલો છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ જાહેરસભામાં સમયસાર ૧૯ વખત વાંચ્યું અને ખાનગીમાં તો સેંકડો વખત વાંચ્યું છે. અને અંદરમાં તો... તેમને આમાં કેટલો માલ દેખાણો હશે. કોઈવાર દોઢ વર્ષ કોઈવાર બે વર્ષ કોઈવાર અઢી વર્ષ તેમ ૧૯ વખત ૪૫ વર્ષમાં જાહેરમાં વાંચ્યું છે. આ પ્રવચનો પૂજ્ય ગુરુદેવશ્રીની ૪૫ વર્ષની સોનગઢ સુવર્ણપુરીમાં થયેલી સાધનાના નિચોડરૂપ માખણ છે. જેમ જેમ જ્ઞાનીની જ્ઞાન સ્થિરતા વૃદ્ધિગત્ત થતી જાય છે તેમ તેમ એકને એક ગાથાના પ્રવચન પણ ફરી લેવામાં આવે તો નવા નવા ભાવો આવે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી ફરમાવે છે કે પાંચમાં આરાના છેડા સુધી જે કોઈ જીવ સમ્યગ્દર્શન પામશે તેને આ વીતરાગની વાણી નિમિત્ત થશે. આ વાણી સીધી સીમંધર ભગવાનની વાણી છે. આમાં એક અક્ષર ફરે તો બધું ફરી જાય.

આ સમગ્ર પ્રવચનો પૂજ્ય ગુરુદેવશ્રીની સી. ડી. ઉપરથી અક્ષરશઃ ઊતારવામાં આવેલા છે. ત્યારબાદ જ્યાં જ્યાં જરૂર પડે ત્યાં કૌંસ કરી વાક્યો પૂરા કરેલાં છે. ટેઈપ ઉપરથી ઉતારવાનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા તથા સમગ્ર પ્રવચનોને ફરીથી સી.ડી. ઉપરથી સાંભળી ચેક કરી પ્રુફ રિડીંગનું કાર્ય શ્રી ચેતનભાઈ મહેતા, રાજકોટ દ્વારા પૂર્ણ થયેલ છે તે બદલ સંસ્થા સર્વેનો આભાર માને છે. આ પ્રવચનોનાં પ્રકાશનમાં કાંઈ ક્ષતિ ન રહે તે માટે અમોએ વારંવાર પ્રવચનો સાંભળી લખાણ શુદ્ધિ કરી છે છતાં કોઈપણ ક્ષતિ રહી હોય તો તે અમારો દોષ છે તે બદલ અમો ક્ષમા ચાહીએ છીએ.

'સમયસાર સિદ્ધિ' ભાગ–૧૩ ના પ્રવચનોનું સમગ્ર કૉમ્પ્યુટરાઈઝ્ડ ટાઈપસેટિંગનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા તથા પુસ્તક પ્રિન્ટિંગ બાઈન્ડિંગનું સંપૂર્ણ કાર્ય શાર્પ ઓફસેટવાળા શ્રી ધર્મેશભાઈ શાહ–રાજકોટ દ્વારા તથા કલર પેઈજનું કામ ડોટ એડવાળા શ્રી કમલેશભાઈ સોમપુરા–રાજકોટ દ્વારા થયું હોય સંસ્થા તેમનો આભાર માને છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ આ પંચમકાળમાં અમૃત વરસાવ્યા છે. અધ્યાત્મની હેલી વરસાવી મોક્ષના માંડવા રોપ્યા છે. આવા અતિ અપૂર્વ માર્મિક શાસ્ત્રની ગાથાઓના ખૂબ જ સરળ ભાષામાં આચાર્યોના ગૂઢભાવોને રજૂ કરી મુમુક્ષુ સમાજ ઉપર અપૂર્વ ઉપકાર કર્યો છે. 'ભગવાનઆત્મા' કહીને પ્રત્યેક જીવને વીતરાગી કરુણાથી સંબોધન કરનાર પૂજ્ય ગુરુદેવશ્રી અમ બાળકોના અનંત અનંત ઉપકારી ધર્મપિતા છે. બસ તેમનો ઉપકાર તો આપણે સૌ તેમણે બતાવેલા શુદ્ધાત્માનું રસપાન કરીને જ વાળી શકીએ.

સમયસાર સિદ્ધિ ભાગ–૧૩ માટે એક મુમુક્ષુભાઈ તરફથી સહયોગ પ્રાપ્ત થયેલ છે તે બદલ ટ્રસ્ટ તેમનો આભાર માને છે.

આ પુસ્તક http://www.AtmaDharma.com પર મૂકેલ છે.

ટ્રસ્ટી
શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ
રાજકોટ

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | ગાથા/શ્લોક નં. | પેઈજ નં. |
|---|---|---|---|
| ૫૬૪ | ૦૨-૦૧-૭૧ | ગાથા-૨૬૪ | ૦૦૧ |
| ૫૬૫ | ૦૩-૦૧-૭૧ | ગાથા-૨૬૪-૨૬૫ | ૦૧૫ |
| ૫૬૬ | ૦૪-૦૧-૭૧ | શ્લોક-૨૬૫ | ૦૩૧ |
| ૫૬૭ | ૦૫-૦૧-૭૧ | શ્લોક-૨૬૫ | ૦૪૨ |
| ૫૬૮ | ૦૬-૦૧-૭૧ | શ્લોક-૨૬૫ | ૦૫૪ |
| ૫૬૯ | ૦૭-૦૧-૭૧ | શ્લોક-૨૬૫ | ૦૬૮ |
| ૫૭૦ | ૦૮-૦૧-૭૧ | શ્લોક-૨૬૬ | ૦૮૨ |
| ૫૭૧ | ૦૯-૦૧-૭૧ | શ્લોક-૨૬૭ | ૦૯૯ |
| ૫૭૨ | ૧૦-૦૧-૭૧ | શ્લોક-૨૬૮-૨૬૯ | ૧૧૧ |
| ૫૭૩ | ૧૧-૦૧-૭૧ | શ્લોક-૨૬૯-૨૭૦ | ૧૨૫ |
| ૫૭૪ | ૧૨-૦૧-૭૧ | શ્લોક-૨૭૦,૨૭૧ | ૧૩૮ |
| ૫૭૫ | ૧૩-૦૧-૭૧ | શ્લોક-૨૭૧ | ૧૫૧ |
| ૫૭૬ | ૧૪-૦૧-૭૧ | શ્લોક-૨૭૨, ૨૭૩ | ૧૬૫ |
| ૫૭૭ | ૧૫-૦૧-૭૧ | શ્લોક-૨૭૪ થી ૨૭૬ | ૧૭૯ |
| ૫૭૮ | ૧૬-૦૧-૭૧ | શ્લોક-૨૭૬ થી ૨૭૮ | ૧૯૩ |
| ૫૭૯ | ૧૭-૦૧-૭૧ | શ્લોક-૨૭૮ | ૨૦૯ |

# શ્રી સમયસારજી સ્તુતિ

**(હરિગીત)**

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

**(અનુષ્ટુપ)**

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

**(શિખરણી)**

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

**(શાર્દૂલવિક્રીડિત)**

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

**(વસંતતિલકા)**

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

**(અનુષ્ટુપ)**

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

# શ્રી સદ્‌ગુરુદેવ–સ્તુતિ

**(હરિગીત)**

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

**(અનુષ્ટુપ)**

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

**(શિખરિણી)**

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

**(શાર્દૂલવિક્રીડિત)**

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
- રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં - અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

**(વસંતતિલકા)**

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

**(સ્રગ્ધરા)**

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર- અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, - મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

ૐ

શ્રી પરમાત્મને નમઃ

શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી સમયસાર

# સમયસાર સિદ્ધિ

(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના શ્રી 'સમયસાર' ઉપર પ્રવચન)

(ભાગ-૧૩)

## પરિશિષ્ટ અધિકાર

આ પ્રવચનો પૂજ્ય ગુરુદેવશ્રીએ કરેલા ૧૯મી વખતના પ્રવચનમાંથી લેવામાં આવેલ છે.

### પ્રવચન નં. ૫૬૪ ગાથા-૨૬૪ શનિવાર, પોષ સુદ ૫, તા. ૦૨-૦૧-૧૯૭૧

૨૬૪ કળશ. શક્તિઓ પૂરી થઈ. શું કહ્યું એમાં? કે આ આત્મા જે છે આત્મા, એ શક્તિવાન છે અને એમાં શક્તિઓ અનંત છે. વસ્તુ આત્મા છે એ આ શરીર, કર્મથી જુદો અને પુણ્ય-પાપના વિકલ્પના રાગથી પણ વસ્તુ જુદી છે. એ ચીજમાં અનંત-અનંત સંખ્યાએ શક્તિઓ એટલે ગુણો રહેલાં છે. એ અનંત-અનંત શક્તિનો ભંડાર એકરૂપ આત્મા એને દ્રવ્ય કહીએ. એવી અનંત શક્તિઓ (છે). એક-એક શક્તિમાં... જીવત્વ શક્તિથી ચાલતા ઠેઠ સુધી આવ્યું, સ્વસ્વામીસંબંધશક્તિ. છેલ્લી શક્તિ આવીને?

આ આત્મા છે એ વસ્તુ છે, એની શક્તિઓ પવિત્ર, એ પણ અનાદિ અવિનાશી ગુણ

છે. અને જેને એ આત્મા સ્વીકારવામાં આવ્યો, અનાદિથી તો રાગ અને પુણ્ય અને શરીર અને અલ્પજ્ઞપણું એ હું છું, એવી રુચિ છે એ મિથ્યાદૃષ્ટિ છે, એ સંસારમાં રખડવાની દુઃખદૃષ્ટિ છે, ચોરાશીના પરિભ્રમણમાં અવતારનું એ કારણ છે. અંશ જે આત્માનો એક અંશ વિકાસ છે ને ઉઘાડ એટલો હું, દયા, દાન, વ્રતના વિકલ્પ છે એ હું, અને નિમિત્ત સંયોગો ચીજ છે તે હું. જે એમાં નથી, ત્રણે એમાં નથી. સમજાણું કાંઈ? એને એટલાને પોતાનું માની, પોતાનો જે અનંત શક્તિથી ભરેલો પવિત્ર સ્વભાવ, એને આડ મારી, અનાદર કરી અને આવા ભાવને, પુણ્ય-પાપના ભાવને કે અલ્પજ્ઞ અવસ્થાને કે સંયોગને પોતાની માની છે એ દુઃખી, દુઃખદૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ અજ્ઞાન છે. ત્યારે એનું વાસ્તવિક સ્વરૂપ સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવે કહ્યું કે એક સમયમાં આત્મા વસ્તુ એમાં અનંતી શક્તિઓ વસેલી છે. જ્ઞાન, દર્શન, આનંદ. છેલ્લી શક્તિ સ્વસ્વામીસંબંધશક્તિ આવી.

વસ્તુ આત્મા છે એ આત્માનું પોતાનું સ્વ છે. એમાં આનંદ આદિ ગુણો છે એ પણ આત્માનું સ્વ છે અને એ ગુણની પરિણતિ, નિર્દોષ ધર્મની અવસ્થા થવી એ પણ સ્વ છે. એ દ્રવ્ય, ગુણ અને પર્યાય જે સ્વ, એનો એ સ્વામી, એનો એ ધણી (છે), એવી એક આત્મામાં શક્તિ–ગુણ છે. સમજાય છે કાંઈ? એ રાગ અને પુણ્યના ભાવને મારા માનીને સ્વામી થાય, એ મિથ્યાદૃષ્ટિ છે, અજ્ઞાની છે, એ જૈન નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– આકરું લાગે.

ઉત્તર :– આકરું પડે કે ન પડે, આમ છે, માર્ગ આ છે. નહિતર કરો નિર્ણય, લાવો ન્યાય, ન્યાય તો જોશો ને.

વસ્તુના બે ભાગ, એક ત્રિકાળી ભાગ, એનો ધર્મ આ આત્મા ભાવવાન. અને એક અલ્પજ્ઞ દશા અને રાગ, પુણ્ય, પાપ અને સંયોગ એ બીજો ભાગ. એ આ પડખે તો અનાદિથી ચડેલો છે. મિથ્યાત્વભાવ છે, ભાઈ! શું થાય? ભગવાનઆત્મા અનંત-અનંતગુણનો પિંડ, અને એક-એક ગુણની અચળ અનંત મહિમા, અને એનો અનંત પ્રભાવ. એને ભૂલીને અનાદિથી જૈનનો સાધુ થયો, નગ્ન મુનિ થયો પણ દૃષ્ટિ પર્યાય, રાગ અને નિમિત્ત ઉપર (રહી). વસ્તુ જે આખી ચિદાનંદ ભગવાન, એ દૃષ્ટિમાં ન લીધી. સમજાય છે કાંઈ?

પંચમહાવ્રત પાળ્યા, કરોડો-અબજોના દાન કર્યા, ભાવ, દાનનો ભાવ કર્યો. શેઠ! દાન નથી કર્યું, હોં! દાનનો ભાવ કર્યો. પૈસા-બૈસા કોઈ દઈ શકતું નથી, લઈ શકતું નથી. એ તો જડ છે. એવા રાગની મંદતાના શુભભાવ અનંતવાર થયા છે. એ તો રાગ છે. એ તો આત્માના અમૃત સ્વરૂપ ભગવાનઆત્મા, અમૃત અતીન્દ્રિય આનંદનું સ્વરૂપ જે છે, એનાથી તે શુભરાગ વિરુદ્ધ છે. વિરુદ્ધનો સ્વીકાર કરીને અનાદિ અનંતવાર એવા મિથ્યાત્વના ભાવો સેવ્યા. શાસ્ત્રના ભણતર પણ અનંતવાર કર્યા. જિનદીક્ષાઓ અનંતવાર લીધી, અનંતવાર જૈનનો સાધુ, આચાર્ય પણ થયો. શાસ્ત્રના અવલોકન પણ અનંતવાર કર્યા. 'ચેતનજી'! આમાં

આવે છે ને? 'શ્રીમદ્'માં એ આવે છે.

મુમુક્ષુ :– સંતની અમૃતવાણી.

ઉત્તર :– હા, એમાં આવે છે. પાનું–૮૬, ભાઈને બતાવ્યું હતું. ... નહિ? પરમ દિ' કે બે-ત્રણ દિ' પહેલા. પાનું ૮૬ છે. જુઓ! પાનું ૮૬. અનાદિકાળથી... પણ પેલું જે છે એ ૭૬માં હશે, નહિ? મંદ આગ્રહ આદિ... અનંત વાર.. એ બતાવ્યું હતું, એ બીજી ગાથા હતી. **'અનાદિકાળથી જીવ અવળે માર્ગે ચાલ્યો છે.'** ... **'એને સાચો માર્ગ સૂઝ્યો નથી.'** કે જેણે જપ, તપ, શાસ્ત્ર અધ્યયન વગેરે અનંતવાર કર્યું છે. જપ, તપ કર્યા. 'શ્રીમદ્' કહે છે. ભાઈને ચોપડી આપી? ... એનો સાર કાઢેલો છે. જપ, તપ, શાસ્ત્ર વગેરે અનંતવાર કર્યા. છતાં જે કંઈ પણ અવશ્ય કરવા યોગ્ય હતું તે એણે કર્યું નહિ.

મુમુક્ષુ :– જે કરવાનું હતું એ કર્યું નહિ અને જે નહોતું કરવાનું એ કર્યું. સાવ ઉંધું.

ઉત્તર :– સાવ ઉંધો. ... તમારા 'કલકત્તા'ના. .. એના દીકરા. તે જપ બહુ કરે છે. તે વીર્યવાળો માણસ છે. આહાહા..! જે એણે નથી કર્યું. જે અવશ્ય કરવા યોગ્ય હતું તે તેણે નથી કર્યું, કે જે પ્રથમ જણાવ્યું છે કે આત્મા આનંદસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય, એનો એણે અનુભવ અને દૃષ્ટિ કદી કરી નથી. અને એના વિના આ બધું કર્યું, સમજાણું? અનંતકાળ થયા જીવને સંસારને વિષે પરિભ્રમણ છે. અને એ પરિભ્રમણને વિષે એણે અનંત એવા જપ, તપ, વૈરાગ્ય આદિ સાધનો કર્યા જણાય છે. તથાપિ જેથી યથાર્થ કલ્યાણ સિદ્ધ થાય એવા એક્કે સાધન થઈ શક્યા હોય, એમ જણાતું નથી. એવા જપ, તપ કે વૈરાગ્ય અથવા બીજા સાધનોથી માત્ર સંસાર જ ફળ્યો છે. બોલો .... જોકે હવે તો એમને થોડું થોડું ગુજરાતી સમજાય છે. એ તો હવે આવ્યું. તેમ થયું તે શા કારણથી? એ વાત અવશ્ય ફરી ફરી વિચારવા યોગ્ય છે.

મુમુક્ષુ :– પર્યાય બુદ્ધિ...

ઉત્તર :– એ લખ્યું છે. એણે... અનંતવાર દીક્ષા લીધી ... ...

મુમુક્ષુ :- ૮૧ પાનું

ઉત્તર :– જુઓ ! ૮૩માં આવ્યું.

**'અનાદિકાળના પરિભ્રમણમાં ચોરાશીના અવતારમાં અનંતવાર શાસ્ત્ર શ્રવણ કર્યા.'** શાસ્ત્ર શ્રવણ પણ કર્યા. કેટલાક તો દુકાન આડે નવરા પણ થતા ન હોય.

મુમુક્ષુ :– થોડીવાર શાસ્ત્ર શ્રવણ કર્યું એ પાણીમાં જાય પણ શું કરવું?

ઉત્તર :– અનંતવાર વિદ્યાભ્યાસ... આ કહે છે ને?

મુમુક્ષુ :– આ ભણતર નહિ.

ઉત્તર :– આ ભણતર નહિ, આ કહે છે. એનો બાપ કહે ચાલ ભણવા. હવે ભણ્યા. એવા ભણતર અનંતવાર ભણ્યો અને કાંઈ યાદ રહ્યું નહિ, એ ભણતર? **'અનંતવાર**

**વિદ્યાભ્યાસ...**' શાસ્ત્ર અવલોકન, આ વિદ્યાભ્યાસ. એમ.એ. એવી મોટી મોટી ડિગ્રી પૂછડાં વળગાડ્યા. એવો મોટો અનંતવાર થયો. મહિને પાંચ-પાંચ, દસ-દસ હજારનો પગાર. અનંતવાર જિનદીક્ષા (લીધી). મુનિ થયો. શું ખબર? મુનિ કોને કહેવા એનું ભાન ન મળે. 'પ્રકાશદાસજી'! એ બતાવ્યું હતું ને? પાનું-૮૩ છે.

**'અનંતવાર જિનદીક્ષા, અનંતવાર આચાર્યપણું...**' મોટા સાધુ અને આચાર્ય થયા. **'પ્રાપ્ત થયું છે. માત્ર સત્ મળ્યા નથી.**' જ્ઞાની, ધર્માત્મા મળ્યા નથી અને મળ્યા હોય તો સત્ સુણ્યું નથી. એને શું કહેવું છે તે સાંભળ્યું નથી. **'અને સત્ શ્રદ્ધ્યું નથી.**' એટલે શું? સત્ દ્રવ્યસ્વરૂપ ત્રિકાળી શુદ્ધ આનંદધામ, એ સત્ છે. એક સમયની અવસ્થા અસત્ છે, રાગ અસત્ છે, નાસ્તિ છે. એવું જે સત્ ત્રિકાળી જ્ઞાયકભાવ, તેને શ્રધ્યું નથી. એ મળ્યે, એ સુણ્યે, એ શ્રદ્ધ્યે છુટવાની વાતનો આત્માથી ભણકાર થશે. ... સમજાણું કાંઈ? આહાહા..!

અનંતવાર શાસ્ત્ર અભ્યાસ, અનંતવાર વિદ્યાભ્યાસ, અનંતવાર દીક્ષા અને અનંતવાર આચાર્ય. જૈનનો પંચમહાવ્રતધારી મોટો હજારો સાધુનો નાયક (થયો) પણ સત્ જેમાં અમૃત ભર્યું છે, એવું જે સત્. અમૃતગુણ છે એ સત્ છે અને વસ્તુ પણ છે. એ સત્ ત્રિકાળી અવિનાશી તત્ત્વ, એનો એણે આશ્રય કર્યો નથી, શરણ લીધું નથી. એણે એને યથાર્થપણે સાંભળ્યું નથી. એણે એને યથાર્થપણે શુદ્ધ ચૈતન્યસ્વરૂપ એવું શ્રધ્યું નથી. સમજાણું કાંઈ? આહાહા..! ભારે આકરું માણસને તો લાગે.

એવો જે ભગવાનઆત્મા, કહે છે કે એનામાં છેલ્લી શક્તિ વર્ણવી. સ્વભાવમાત્ર સ્વસ્વામી સ્વસંબંધ શક્તિ. ઉપર છે. પોતાનો ભાવ પોતાનો સ્વ અને પોતે તેનો સ્વામી એવી સંબંધમયી શક્તિ. સમજાણું કાંઈ? આહાહા..! આત્માને સંબંધ જો હોય. સં બં ધ. તો એને રાગ સાથે સંબંધ નથી, એક સમયની પર્યાય સાથે પણ પૂર્ણ સંબંધ નથી. એનો એક શુદ્ધ દ્રવ્ય સ્વભાવ, ગુણસ્વભાવ અને એક સમયની નિર્મળ પર્યાય, વીતરાગીદશા, પોતે વીતરાગસ્વરૂપ જ આત્મા છે. નિર્દોષ સ્વભાવનો સાગર આત્મા છે. એવો આત્મા દ્રવ્ય છે, ગુણ છે અને એની નિર્મળ પર્યાય.. વીતરાગી, હોં! એ ત્રણનું એકરૂપ, એ ત્રણનું સ્વપણું, અને એ ત્રણ એ મારા, એવો એનામાં એક સ્વસ્વામીસંબંધ નામનો ગુણ છે. સમજાણું કાંઈ? પણ રાગને મારા સંબંધમાં છે એમ માનવું, આ બાયડી, છોકરા, કુટુંબ, આબરૂ મને સંબંધમાં છે એમ માનવું, એ મિથ્યાભ્રમ અજ્ઞાનમાં છે. સમજાણું કાંઈ? ભારે ભાઈ! આ.

આ તો બાવો થઈ જાય. ઓલો કહે છે ને અમારે? 'અમૃતલાલ' 'ધનબાદ'ના. 'ધનબાદ'ના છે ને 'અમૃતલાલ'? 'મોરબી'ના છે, નહિ? 'મોરબી'ના છે. 'ધનબાદ'માં રહે છે. 'ઝરિયા'. પહેલા અહીં રહેતા. એ કહે કે આવું? પણ બાવો જ છો, સાંભળને! શું કહે છે આ? તારે તારા સ્વભાવ ગુણ અને નિર્મળ પર્યાય સાથે સંબંધ છે. 'પંડિતજી'! આહાહા..! આ દયા, દાન, વ્રતના વિકલ્પ જે રાગ છે એની સાથે તારે સંબંધ નથી. આ એમ કહે છે. આહાહા..!

આ અમારા સંબંધી છે, આ અમારા અંગી છે એમ કહે છે ને? અમારા અંગ છે. અમારા અંગો છે, અમારા બધા અંગીઓ છે. સારા મિત્રો-બિત્રો હોય ને (તો એમ બોલે).

મુમુક્ષુ :– આત્મજ...

ઉત્તર :– આત્મીય. ધૂળમાં પણ આત્મીય નથી. આત્માના .. એમ કહે છે. અહીં તો અમારી કાઠિયાવાડી ભાષામાં એમ કહે કે આ બધા અમારા અંગીઓ છે. પાંચ આંગળે ભાઈ! હાથ શોભે. એક આંગળી ન હોય તો શોભે? એમ બધા સારા કુટુંબ, મિત્ર હોય અને અંગી તો છે. એ જરૂર પડે ત્યારે અમને મદદ આપે એવા છે. મુરખ છો કહે છે, સાંભળ!

મુમુક્ષુ :– ... આવીને ઊભો રહે ને નહિતર કોણ ઊભું રહે?

ઉત્તર :– કોણ ઊભો રહે? માંદો પડે અને શ્વાસ ઉપડે તો બધા જોઈ રહે આમ બગલાની જેમ. ભાઈને શું થાય છે? ભાઈને થતું નથી શરીરમાં થાય છે. પણ આ બધું માને છે. આહાહા..! હવે તો બહુ છેલ્લી સ્થિતિ લાગે છે, હોં! ખાનગી-ખાનગી બોલે, હોં! ડૉક્ટર ખાનગી કહી ગયો હોય કે ધ્યાન રાખજો. જાગતા રહેજો. સ્થિતિ જરી ગંભીર છે. શું કહેવાય છે એ ભાષા? સિરિયસ છે. ડૉક્ટર એમ કહે કે સિરિયસ છે, ધ્યાન રાખજો. અરે..! પણ ધ્યાન રાખીને કરશો શું તમે? ત્યાં સાદ નાખશો શું ત્યાં? એમનો સંબંધ છે તને? આહાહા..!

એનો સ્વભાવ આનંદમૂર્તિ પ્રભુ! જ્ઞાનનો સાગર છે. એની દૃષ્ટિ આપતા જ્ઞાનની અને આનંદની દશા થાય, એ એનું સ્વ અને એ એનો સંબંધ છે. સમજાણું કાંઈ? એનો સ્વસંબંધશક્તિ એવો ગુણ આત્મામાં છે. અનાદિનો ગુણ છે. પણ એ ગુણની સામું એણે જોયું નથી. આહાહા..! અંતર્મુખમાં જોતા આત્મામાં અંતર્મુખમાં આવી અનંત શક્તિઓ પડી છે. એ અનંતશક્તિનો ભંડાર. **'ઇત્યાદિક...'** શબ્દ પડ્યો છે છેલ્લો. અનેક શક્તિઓથી યુક્ત આત્મા છે. બીજી ઘણી આપણે તે દિ' એક ફેરી નાખી હતી. ૩૭ લીધી. ૪૭ અને ૩૭ = ૮૪. એટલી શક્તિઓ લીધી.

જેમ કે આમાં એક સમકિત શક્તિ નથી, શ્રદ્ધા શક્તિ આવી નથી. એ સુખમાં ભેળવી દીધી છે. સમજાણું કાંઈ? સુખ નામનો જે ગુણ વર્ણવ્યો ને એમાં એને ભેળવી દીધી. પણ આત્મામાં શ્રદ્ધા નામનો એક ગુણ છે, જે સમકિતની પર્યાયનું પરિણમન કરનારો તે ગુણ છે. ધર્મની પહેલી વીતરાગી સમકિતનું પરિણમન અવસ્થા, તે શ્રદ્ધાગુણને લઈને થાય છે. આહાહા..! ભગવાનઆત્મા વસ્તુ એમાં એક શ્રદ્ધા નામની શક્તિ એટલે અવિનાશી ગુણ, હોં! એ શ્રદ્ધાગુણને લઈને દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ કરતાં સમ્યગ્દર્શનની નિર્મળ અવસ્થા થાય, એ સમ્યગ્દર્શનની પર્યાય, શ્રદ્ધાગુણ અને દ્રવ્ય, ત્રણ મળીને પ્રમાણ આત્માનો વિષય એટલામાં કહેવામાં આવે છે. આહાહા..! આવી ધર્મકથા ... સમજાણું કાંઈ? વીતરાગનો ધર્મ તો આવો

છે, બાપુ! લોકોએ કલ્પીને અનેક પ્રકારનો માન્યો છે. અજૈનને જૈન તરીકે માન્યો છે. આહાહા..!

રજકણે રજકણ આ પરમાણુ. 'રજકણ તારા રખડશે જેમ રખડતી રેત.' રેત જેમ ઊડે, વંટોળીયાના તણખલા ઊડે એમ આ પરમાણુ ઊડી જશે. એ ક્યાં તારી ચીજ અને એ ક્યાં તારામાં છે? એ તો જગતના રજકણો માટીનું મોઢવું છે આ. મોઢવું સમજો છો? ગોબરના છાણા હોય છે ને? ગોબર. ઢગલો બનાવે છે ને? એને અહીં અમારી કાઠિયાવાડી ભાષામાં મોઢવું કહે છે. એમ આ રજકણનું, ધૂળનું મોઢવું છે. જ્યાં અવસ્થા પૂરી થઈ, ત્યાં ફટ ફટ રજકણે રજકણ વિખાઈ જશે. એમ તારામાં અનંતાગુણ છે એ કોઈ દિ' વિખાય એવા છે નહિ. આહાહા..! એ અનંતગુણનું મોઢવું આત્મા છે. આહાહા..!

ધર્મ એના વસ્તુના સ્વભાવમાં પડ્યો છે. ધર્મ કાંઈ બહારથી આવતો નથી. આહાહા..! શ્રદ્ધા નામનો ગુણ છે, એ ગુણનો ધરનાર આત્મા છે. એ આત્માનો સ્વીકાર કરતા શ્રદ્ધા-ગુણની પર્યાય વર્તમાનમાં સમકિતરૂપે પરિણમે એટલે શ્રદ્ધાગુણ, દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણેમાં વ્યાપે છે. સમજાણું કાંઈ? આ ઇત્યાદિ શબ્દ પડ્યો છે ને? આ બધી શક્તિઓ એમાં આવે છે.

એમ ચારિત્ર નામનો ગુણ આમાં નથી આવ્યો. સુખમાં સમાડી દીધો છે. એ ચારિત્ર નામની શાંતિ, સ્થિરતા, વીતરાગતાની શક્તિ આત્મામાં પડી છે. ચારિત્ર એટલે વીતરાગી દશા. પણ ચારિત્રની વીતરાગી દશા એ ચારિત્રગુણ જે ત્રિકાળ આત્મામાં છે, એનો ધરનાર ભગવાનઆત્મા છે, એવા દ્રવ્ય વસ્તુ... 'વસ્તુ વહોરજો રે...' આમાં આવે છે ને? 'દોસીડાની હાટે...' પેલા ગીતમાં આવે છે. આ લગન કરે ત્યારે. શું કાંઈ એવું આવે છે? એવું કોઈ કોઈ દિ' સાંભળ્યું હોય.

મુમુક્ષુ :– એ આગળ ગયું હશે.

ઉત્તર :– એ આગળ ગયું હશે. હવે નહિ હોય. એ તો ૬૦ વર્ષ પહેલાની વાત છે. 'વસ્તુ વહોરજો દોશીડાને હાટે...' એ વસ્તુ વહોરજો રે આત્માની દુકાનને હાટે. આત્મામાં વસ્તુ છે, બીજે વસ્તુ છે નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? એ ચારિત્ર નામની એક આત્મામાં શક્તિ એટલે ગુણ છે, કે જે ગુણ વીતરાગભાવે પડ્યો છે. સમજાણું કાંઈ? એવો ગુણ અને આત્મા ગુણી અને એ ગુણીનો સ્વીકાર થતાં એ ગુણનું–ચારિત્રગુણનું પરિણમન એટલે અવસ્થા વીતરાગી દશારૂપે થવું, એનું નામ ચારિત્ર છે. આ શરીરની ક્રિયા અને પંચમહાવ્રતના વિકલ્પ છે એ ચારિત્ર નથી. સમજાણું કાંઈ? એ ચારિત્રગુણ દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણેમાં વ્યાપ્યો છે. આહાહા..! ઇત્યાદિ શબ્દ પડ્યો છે ને? એમાં ઘણી બધી શક્તિઓ આવે છે. એ ચારિત્રગુણની પર્યાય વીતરાગપણે થાય તે પોતાનું સ્વ છે. વચમાં પંચમહાવ્રતના વિકલ્પ આવે એ એનું સ્વ નથી. એનો એ ધર્મી સ્વામી નથી. એ રાગનો પંચમહાવ્રતનો માલિક આત્મા નથી. માલિક એનો થવા જાય તો મિથ્યાદૃષ્ટિ થાય છે. આહાહા..! ભારે કામ, ભાઈ!

પોતે ભગવાનઆત્મા તીર્થંકરે જે કેવળીએ પ્રગટ કર્યો, પરમેશ્વર ત્રણકાળનું જેને એક

સમયમાં જ્ઞાન છે, એવા વીતરાગ પરમેશ્વર તીર્થંકરદેવ, એમણે જે પોતાની શક્તિને પૂર્ણ પ્રગટ કરી, એની વાણીમાં એમ આવ્યું, ભગવાન! તું આત્મા છો ને, પ્રભુ! તારામાં ચારિત્રશક્તિ તો અનાદિની છે. એની વ્યક્તતા તેં પ્રગટ કરી નથી. આહાહા..!

શાંતરસનું સ્વરૂપ તે ચારિત્ર છે. આત્મામાં શાંતરસ છે. એ શાંતરસનો ધરનાર શાંતિનાથ આત્મા પોતે છે. એ શાંતિનો નાથ આત્મા છે. આવડો મોટો આત્મા! અમારે 'ભગવાનજીભાઈ' કહેતા. 'રામજીભાઈ'ના મિત્ર હતા એ. એ કહેતા કે, આ ધોયેલ મૂળા જેવો આવા વખાણ કરો છો તો ગયો ક્યાં? 'ભગવાનજી' વકીલ હતા. આવા ને આવા. .. ને રળી ખાય પણ .. ગયો ક્યાં પણ? પણ તું જ છો ત્યાં. પણ પોતાની એને ખબર નથી. ચારિત્રગુણનો ધરનાર ભગવાન એનામાં અનાદિ અવિનાશી ગુણ છે. ગુણ તરીકે, હોં! અને આ પ્રગટ જે વીતરાગી પર્યાય થાય એ તો એક સમયની અવસ્થા છે.

ચારિત્રગુણ અવિનાશી, ચારિત્રગુણનો ધરનાર આત્મા અવિનાશી અને એની પર્યાય છે તે એક સમયની. એ ત્રણ મળીને પ્રમાણનો વિષય આત્મા ગણવામાં આવે છે. વચમાં પંચમહાવ્રતના વિકલ્પ, દેહની ક્રિયા (થાય) એ આત્મા નહિ, એ અનાત્મા છે. આહાહા..! પંચમહાવ્રતના વિકલ્પ તો આસ્રવતત્ત્વ છે, મેલ છે, દુઃખરૂપ છે. એ આત્મા નહિ. આત્મા તો સુખરૂપ આનંદનો સાગર છે. આહાહા..! આ ક્યાં! બહારના બાથોડા ભરે અહીંથી આનંદ મળશે.. અહીંથી હશે.. મિથ્યાભ્રમમાં. સ્ત્રીમાં સુખ છે, પૈસામાં સુખ છે, ધૂળમાં શરીર સારું હોય તો સુખ છે, આબરૂમાં સુખ છે. મોટા હજીરા કરે. હજીરા એટલે શું? આ મકાન. શેઠ! બંગલા. શેઠનું મોટું છ લાખનું મકાન છે. પેલાને 'શાંતિલાલ ખુશાલ'ને 'ગોવા'માં ૪૦ લાખનું છે. સાંભળ્યું છે? ભાઈ! 'પાણસણા'ના છે. આપણા દશાશ્રીમાળી વાણિયા છે. ૪૦ લાખનું મકાન છે. ધૂળમાં શું છે પણ? મકાન ચાલીસ લાખનું એનું કે તારું?

તારું સ્વરૂપ તો તારામાં આનંદ છે, ભાઈ! આવું મકાન હોય અને હીંડોળે હીંચકતો હોય, સોનાના કડા હોય... આહાહા..! કેટલું સુખ લાગે એને? એય..! એમાં પાંચ-પચીસ સારા મહેમાનો આવ્યા હોય અને ભાઈસાહેબ હીંડોળે બેઠો હોય, અને બાયડી છોકરાને કહે જા જા તારા બાપુજીને બોલાવ. આ હવે મારે પૂરી અને દૂધપાક થઈ ગયા છે. આહાહા..! અને એ ખાવા બેસે ત્યારે પંખો લઈને માખી ઉડાડવા બેસે. જુઓ! એના સુખ. આ મૂંઢ અજ્ઞાનીના સુખ છે. સમજાણું કાંઈ? એમ ન્યાં નજરે જોયું છે, હોં! ક્યાં ગયા, ભાઈ! 'જગજીવનભાઈ' છે કે નહિ? આહાહા..! ત્યાં 'રાણપુર'માં જોયું હતું. 'નાગરભાઈ' ખાવા બેસે તો એની બા પંખો આમ કરે. 'નાગર પરષોત્તમ' નહિ. આ 'નાગરભાઈ' 'જગજીવનભાઈ'ના બાપ. ત્યાં 'રાણપુર' રહેતા ને? નહિ ઓલા ..... બધું જોયું છે ને આ તો (સંવત) ૧૯૭૮ની વાત છે. ૭૮. ૪૭ વર્ષ થયા. માખી ન પડે. આંખે ન સૂઝે ને માટે. કેટલું સુખ! આહાહા..! ઝેરના દુઃખ છે ત્યાં તો. સુખ તો ભગવાનઆત્મામાં છે. એ આનંદનું ધામ છે, આનંદનું સ્થાન છે.

રાગ અને આત્મા બે ભિન્ન પાડતાં... કાશીમાં જેમ કરવત મૂકે છે ને? એમ વૈંકુઠ થાય એમ એ લોકો કહે છે. ધૂળમાં પણ ન થાય. પણ રાગ અને આત્માને ત્યાં વહેરતા, જુદા પાડતા જે ભેદજ્ઞાન થાય અને આનંદ આવે એનું નામ કાશીમાં કરવત મૂકાવી કહેવાય છે. પેલા તો મરીને દુર્ગતિએ ચાલ્યા જાય. સમજાણું કાંઈ?

હવે અસ્તિત્વ શક્તિપણે. થોડું થોડું આવી ગયું. અસ્તિત્વ છે. આત્મામાં એક અભેદ નામનો ગુણ છે. એ આમાં નથી આવ્યો. અભેદ નામનો એક ગુણ છે. એ 'પંચાસ્તિકાય' અને બીજે ક્યાંક છે. અને આમાં પણ ઉતાર્યા છે, ભાઈ! શું કહેવાય? 'કળશટીકા'માં થોડા ઉતાર્યા છે. 'કળશટીકા' છે ને? એના પછી એ ભાઈએ 'બનારસીદાસે' ઉતાર્યા છે. 'બનારસીવિલાસ'. ૨૬૪. આમાં નામ આવે છે. **'અનેક નિજ શક્તિ...'** એમ શબ્દ છે. અસ્તિત્વને વર્ણવ્યું છે એમાં આ શબ્દ છે. આત્મામાં અસ્તિત્વ નામનો ગુણ છે. અસ્તિપણું, હોવાપણું એવો એક ગુણ છે. અસ્તિત્વ હોવાપણા નામનો આત્મામાં ગુણ છે, કે જે ગુણ એની દૃષ્ટિ કરતાં એની પર્યાયમાં એની નિર્મળ અવસ્થાનું અસ્તિત્વ રહે એવો એનામાં ગુણ છે. સમજાણું કાંઈ? વસ્તુત્વ.. વસ્તુત્વ. આત્મામાં વસ્તુત્વ નામનો ગુણ છે, કે જે સામાન્યવિશેષપણે નિર્મળપણે રહે એનું નામ વિશેષવસ્તુત્વ. આત્મા સામાન્યપણે ધ્રુવ કાયમ (રહે) અને વિશેષ નિર્મળ વીતરાગી અવસ્થાપણે રહે, એ વસ્તુત્વગુણનું કાર્ય છે.

પ્રમેયત્વ. એ ઓલામાં આવ્યું છે. પરિણમ્યપરિણામકત્વ. પ્રમેયત્વ લીધું હતું. અગુરુલઘુ લીધી, એક સૂક્ષ્મ શબ્દ .. સૂક્ષ્મત્મ નામનો એક ગુણ આત્મામાં છે. ભાઈએ બહું લીધું છે. 'ચિદ્‌વિલાસ'. કેવા? 'દીપચંદજી'. એમણે બહુ લીધું છે. સૂક્ષ્મગુણ વારંવાર (લીધો છે). એક સૂક્ષ્મ નામનો અતીન્દ્રિય ગુણ છે કે જેથી તે ઇન્દ્રિયગ્રાહ્ય છે નહિ. અને જો સૂક્ષ્મ ન હોય તો ઇન્દ્રિય ગ્રાહ્ય થતાં એનું મહાત્મ્ય ઊડી જાય. અને ભગવાનઆત્મા અતીન્દ્રિય ગ્રાહ્ય છે. કેમ કે એનામાં સૂક્ષ્મ નામનો એક ગુણ છે. આહાહા..! સમજાણું કાંઈ? એ સૂક્ષ્મગુણ શક્તિરૂપ છે. એ દ્રવ્ય–વસ્તુ એનો શક્તિનો ધરનાર છે. એવા આત્માની દૃષ્ટિ થતાં સૂક્ષ્મગુણનું પરિણમન વીતરાગી સૂક્ષ્મ અતીન્દ્રિય પરિણમન થાય, એ સૂક્ષ્મગુણનું કાર્ય છે. એ ત્રણ થઈને આત્મા કહેવામાં આવે છે. એ દ્રવ્ય-ગુણ અને પર્યાય.

એવા આત્માની અંદર દ્રવ્યદૃષ્ટિ થતાં, પર્યાયમાં પરિણમન થઈને નિર્મળતા ઉત્પન્ન થાય, એ બેને જાણનારને પ્રમાણજ્ઞાન કહેવામાં આવે છે. એને પ્રમાણપત્ર દેવામાં આવે છે કહે છે. આ તમારે ભણતરનું પ્રમાણપત્ર આપે છે ને? એ આ પ્રમાણની વ્યાખ્યા છે. કર્તૃત્વ, ભોક્તૃત્વ, લ્યો. એ પણ લીધો છે. આમાં નથી લીધો. ૪૭ નયમાં લીધું છે. આત્મામાં કર્તૃત્વ નામનો એક ગુણ છે. સમજાય છે? અકર્તૃત્વ-ભોક્તૃત્વ આમાં આવી ગયું છે. કર્તૃત્વ પેલા ષટ્કારકમાં ભેગું આવી ગયું છે. કર્તામાં આવી ગયું છે ને? એ કર્તૃત્વશક્તિ, ભોક્તૃત્વશક્તિ, અપ્રદેશત્વ. એ ... આવી ગયું છે. અમૂર્ત એ પણ આવી ગયું છે.

અનંત ગણનારું દ્રવ્યનું સામર્થ્ય. ભાષા છે. અનંતગણનારું. એક, બે, ત્રણ એવી અનંત શક્તિઓ આત્મામાં છે. **'ઇત્યાદિક...'** આ એનો અર્થ કર્યો. એટલા શબ્દનો. વગેરે.. વગેરે... એમ સ્વયંસિદ્ધત્વ. એક આત્મામાં સ્વયંસિદ્ધત્વ નામનો ગુણ છે. અનાદિ-અનંત પોતે પોતાથી સાબિત છે. એને સિદ્ધ કરવા, સાબિત (કરવા માટે) બીજાની જરૂર નથી. એવો એનામાં એક ગુણ છે. અજ છે, અજ. કોઈ દિ' જનમ્યો નથી. જન્મ્યો નથી, જન્મતો નથી એવો એનામાં ગુણ છે. આહાહા..! સમજાય છે કાંઈ? આવા ગુણનો ભંડાર, એવો ભગવાન! અનેક શક્તિઓથી યુક્ત. છે?

**'અનેક શક્તિઓથી યુક્ત...'** સહિત **'આત્મા છે...'** જુઓ! **'निर्भरः'** યુક્ત છે ને? એ શક્તિ. **'निर्भरः'** નો અર્થ કર્યો ને. એ નિયુક્તનો અર્થ કરશે. સહિત-સહિત. અહીં તો પાછું બીજું વળી આવ્યું. આવ્યું ને? કે આત્મા વસ્તુ તરીકે છે, એનો નિર્મળ ગુણ છે અને એની નિર્મળ અવસ્થા તે યુક્ત-સહિત છે. એને પુણ્ય-પાપના રાગવાળો, શરીરવાળો અને કર્મવાળો નથી છતાં માનવો એ મિથ્યાત્વ અને ભવનું બીજ રખડવાનું છે. સમજાણું કાંઈ? ભારે ધર્મ, ભાઈ! આવો કહે છે. .. એકઇન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણઇન્દ્રિય, ચોઇન્દ્રિય, પંચેન્દ્રિયને રસ્તે જાવ. ... જીવહિયા હો વહોવિયા. સત્ ને થઈ રહ્યું. એમાં કાંઈ સમજવાનું? ... કરી નાખ્યું અને સામાયિક કરી નાખ્યું, લ્યો. ધૂળમાં પણ સામાયિક નથી હવે સાંભળને. ત્યાં મિથ્યાત્વ છે. રાગની ક્રિયા અને શરીરની ક્રિયા મારી, એવી માન્યતામાં પડ્યો એને તો મિથ્યાત્વનું પોષણ થાય છે.

આવી **'શક્તિઓથી યુક્ત આત્મા છે તોપણ તે જ્ઞાનમાત્રપણાને છોડતો નથી.'** શું કહે છે? જ્ઞાનસ્વભાવ છે. જાણવું એનો સ્વભાવ છે. એ અનેક શક્તિ સહિત હોવા છતાં, જ્ઞાનપણું અવિનાભાવે બધા ગુણમાં ભર્યું છે, એ જ્ઞાનભાવને એ છોડતો નથી. **'એવા અર્થનું કળશરૂપ કાવ્ય હવે કહે છે :–'** ૨૬૪.

## શ્લોક–૨૬૪

(वसन्ततिलका)

**इत्याद्यनेकनिजशक्तिसुनिर्भरोऽपि**
**यो ज्ञानमात्रमयतां न जहाति भावः।**
**एवं क्रमाक्रमविवर्तिविवर्तचित्रं**
**तद्द्रव्यपर्ययमयं चिदिहास्ति वस्तु।।२६४।।**

'ઇત્યાદિક અનેક શક્તિઓથી યુક્ત આત્મા છે તોપણ તે જ્ઞાનમાત્રપણાને છોડતો નથી' - એવા અર્થનું કળશરૂપ કાવ્ય હવે કહે છે :–

શ્લોકાર્થ :– [ इत्यादि-अनेक-निज-शक्ति-सुनिर्भरः अपि ] ઇત્યાદિ (-પૂર્વે કહેલી ૪૭ શક્તિઓ વગેરે વગેરે) અનેક નિજ શક્તિઓથી સારી રીતે ભરેલો હોવા છતાં [ यः भावः ज्ञानमात्रमयतां न जहाति ] જે ભાવ જ્ઞાનમાત્રમયપણાને છોડતો નથી, [ तद् ] એવું તે, [ एवं क्रम-अक्रम-विवर्ति-विवर्त-चित्रम् ] પૂર્વોક્ત પ્રકારે ક્રમરૂપે અને અક્રમરૂપે વર્તતા વિવર્તથી (-રૂપાંતરથી, પરિણમનથી) અનેક પ્રકારનું, [ द्रव्य-पर्ययमयं ] દ્રવ્યપર્યાયમય [ चिद् ] ચૈતન્ય (અર્થાત્ એવો તે ચૈતન્યભાવ-આત્મા) [ इह ] આ લોકમાં [ वस्तु अस्ति ] વસ્તુ છે.

ભાવાર્થ :– કોઈ એમ સમજશે કે આત્માને જ્ઞાનમાત્ર કહ્યો તેથી તે એકસ્વરૂપ જ હશે. પરંતુ એમ નથી. વસ્તુનું સ્વરૂપ દ્રવ્યપર્યાયમય છે. ચૈતન્ય પણ વસ્તુ છે, દ્રવ્યપર્યાયમય છે. તે ચૈતન્ય અર્થાત્ આત્મા અનંત શક્તિઓથી ભરેલો છે અને ક્રમરૂપ તથા અક્રમરૂપ અનેક પ્રકારના પરિણામના વિકારોના સમૂહરૂપ અનેકાકાર થાય છે તોપણ જ્ઞાનને-કે જે અસાધારણ ભાવ છે તેને-છોડતો નથી, તેની સર્વ અવસ્થાઓ-પરિણામો-પર્યાયો જ્ઞાનમય જ છે. ૨૬૪.

## શ્લોક-૨૬૪ ઉપર પ્રવચન

इत्याद्यनेकनिजशक्तिसुनिर्भरोऽपि
यो ज्ञानमात्रमयतां न जहाति भावः।
एवं क्रमाक्रमविवर्तिविवर्तचित्रं
तद्द्रव्यपर्ययमयं चिदिहास्ति वस्तु।।२६४।।

લ્યો. વસ્તુ કીધી અહીં, જુઓ! ભગવાનઆત્મા એક વસ્તુ છે. આહાહા..! કેવી? **'इत्यादि-अनेक-निज-शक्ति-सुनिर्भरः अपि'** એ શબ્દ જુદો છે. અંદર જુઓ! એક એક પદનું જુદું પાડ્યું છે. **'ઇત્યાદિ (–પૂર્વે કહેલી ૪૭ શક્તિઓ વગેરે વગેરે) અનેક નિજ શક્તિઓ...'** જુઓ! **'અનેક નિજશક્તિઓ...'** અનેક શબ્દે અનંત. અનંત નિજ શક્તિના ગુણના સામર્થ્યથી **'સારી રીતે ભરેલો...'** આહાહા..! સમજાણું કાંઈ? તપેલામાં સારી રીતે દૂધ ભર્યું હોયને? એમ આ શક્તિઓ આત્મામાં સારી રીતે ભરેલી છે. એમ નહિ? આ ના પાડે છે. એમ નહિ. જેમ દૂધમાં ધોળાશ ભરી છે, એમ આત્મામાં શક્તિ ભરી છે. દૂધ તપેલામાં પડ્યું છે અને તપેલું છે, એમ નહિ. સમજાણું કાંઈ? સાકરમાં સફેદાઈ અને મીઠાશ ભરી છે એમ. પણ સાકર તપેલામાં પડી છે માટે એ તપેલું સાકરથી ભરપૂર છે એમ નહિ. એમ

આત્માની ચીજમાં આવા ગુણો અંદર (ભરેલા છે). જેમ સાકરમાં મીઠાશ પડી છે એમ આત્મામાં આવી શક્તિઓ અભેદ તરીકે છે. આહાહા..! નિજઘરને જોયા વિના ધર્મ થઈ જાય એ ત્રણકાળમાં બને નહિ. આહાહા..! ભગવાન કેવળીઓ પોકાર કરે છે કે તારો આત્મા આવો છે, ભાઈ! તને ખબર નથી. ભાષા શું છે, જુઓ!

**'અનેક નિજ શક્તિઓથી...'** એટલે નિજ ગુણોથી–પોતાના ગુણોથી **'સારી રીતે ભરેલો...'** **'सुनिर्भरो'** સારી રીતે ભરેલો એટલે? અભેદ, અભેદ આત્મા અનંતગુણથી. આહાહા..! એમાં એણે કોઈ દિ' નજર કરી નથી. પર્યાયબુદ્ધિવાળો વસ્તુની બુદ્ધિ કરવા કોઈ દિ' નવરો થયો નથી. આહાહા..! ભારે કામ, ભાઈ! આવું કરે તો થાય એમ કાંઈ આવ્યું નહિ. પણ આ કરે તો થાય એ આવ્યું નહિ? આવો આત્મા છે એની સામું નજર કરે તો કલ્યાણ થાય. આહાહા..! સમજાણું કાંઈ?

વીતરાગ પરમાત્મા ત્રિલોકનાથ સર્વજ્ઞદેવની વાણી આ છે. આવો આત્મા ગુણથી ભરેલો છે એવો **'सु'** અને **'सुनिर्भरः'** **'सुनिर्भरः'**. નિ ઉપસર્ગ નાખ્યો પાછો. સુ રીતે, સારી રીતે ભરેલો હોવા છતાં, **'यः भावः ज्ञानमात्रमयतां न जहाति'** **'ज्ञानमात्रमयतां'** **'જે ભાવ જ્ઞાનમાત્રમયપણાને છોડતો નથી,...'** ગુણમાં અને સ્વભાવમાં જાણવાનો જે ભાવ છે એ કોઈ દિ' છૂટતો નથી. સાકરમાં અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ ગુણો હોવા છતાં એ મીઠાશગુણને કોઈ દિ' છોડતું નથી. આહાહા..! એમ ભગવાનઆત્મા અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ આદિ આ જીવત્વ, ચિતિ, દશિ, જ્ઞાન, સુખ, વીર્ય, પ્રભુત્વ, વિભુત્વ વગેરે અનંત શક્તિઓથી ભરેલો હોવા છતાં જ્ઞાનમાત્રભાવ તે છોડતો નથી. આહાહા..! જ્ઞાનભાવ તેનો ગુણ છે. એ જ્ઞાન પોતાને જાણે છે, અનંતગુણને જાણે છે, દ્રવ્યને જાણે અને પર્યાયને જાણે, બધાને જાણે. આહાહા..! સમજાણું કાંઈ?

બહારથી આંખો બંધ કરી અને અંદરમાં જોવે તો આવો આત્મા છે એમ કહે છે. બહારથી આંખો એટલે આ આંખ નહિ. રાગ, પુણ્ય, વિકલ્પને જોવા જે જ્ઞાન રોકાણું છે... આહાહા..! જે એનામાં નથી એને જોવા રોકાણું છે. જ્ઞાનની વર્તમાન પ્રગટ દશાનો અંશ જે છે, ધ્રુવ તો અનંત અવિનાશી ગુણ છે પણ એનો પ્રગટ અંશ જે છે, એનામાં કાયમની ચીજ નથી એ અંશને જ્ઞાન જોવા જાય છે, એ અંશ રાગને જોવા જાય છે, એ જ્ઞાનનો અંશ પરવસ્તુને જોવા જાય છે, એ અટકેલું જ્ઞાન છે, વિપરીત જ્ઞાન છે, એકાંતિક જ્ઞાન છે, મિથ્યાજ્ઞાન છે. આહાહા..! ભારે વાતું, ભાઈ!

**'જે ભાવ જ્ઞાનમાત્રપણાને છોડતો નથી, એવું તે, क्रम-अक्रम-विवर्ति-विवर्त-चित्रम् પૂર્વોક્ત પ્રકારે ક્રમરૂપે...'** આત્મા વસ્તુ છે, એમાં આવા અનંતાગુણો (રહેલા છે). એમાં એની દશા જે નિર્મળ થાય એ ક્રમે થાય છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, આનંદ, એની અવસ્થા એક પછી એક, એક પછી એક ક્રમે ક્રમે થાય છે. યુગપદ્ નહિ. શું કીધું? અનંતગુણની

પર્યાય. આમ સમ્યગ્દર્શનની પર્યાય સાથે સમ્યગ્જ્ઞાનની પર્યાય, સમ્યક્ચારિત્રની હોય એમ નહિ. પણ એક સમયની પર્યાય છે એની સાથે બીજા સમયની પર્યાય હોય નહિ. સમજાણું કાંઈ? અનંતગુણની પર્યાય એક સમયે બધી એકઠી છે પણ એક સમયની પર્યાય સાથે બીજા સમયની પર્યાય સાથે ન હોય, ક્રમ હોય. સમજાય છે કાંઈ? આહાહા..! ક્રમ. એ ક્રમ કીધો.

અને અક્રમ. યુગપદ્ એક સાથે. આત્માની સાથે જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ, શાંતિ વગેરે જેટલા ગુણો છે, એ અક્રમ–યુગપદ્ સાથે છે. ગુણ સાથે છે, પર્યાય ક્રમે છે. એક પછી એક થાય છે અને ગુણ એક સાથે છે. પંડિતજી! આહાહા..! આ ક્રમ-અક્રમમાં વિકાર ન લેવો. એક પછી એક નિર્વિકારી દશા થાય તે લેવી. વિકાર-બિકાર એનું સ્વરૂપ જ નથી. એનામાં એ વાત છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? જે ક્રમરૂપે અને અક્રમરૂપે વર્તતા એટલે કે આત્મા વસ્તુ તરીકે એક, ગુણ એની શક્તિઓ તરીકે અનંત, પણ એ અનંત શક્તિઓ એકસાથે વર્તે છે. યુગપદ્ છે. અને એની પર્યાય જે નિર્મળ થાય, એ એક પછી એક, એક પછી એક ક્રમે થાય.

ક્રમે અને અક્રમે વર્તતા. **'વિવર્તથી (–રૂપાંતરથી, પરિણમનથી)'** જુઓ! વિવર્ત થયું. વેદાંતમાં એ ભાષા આવે છે–વિવર્ત. પણ વિવર્ત છે એ વ્યવહાર છે અને ભ્રમ છે એમ કહે છે. સમજાણું કાંઈ? આ બધું વિવર્ત છે. એ બધું ભ્રમ છે. વસ્તુ વિવર્ત હોતી નથી. એમ નથી. વસ્તુમાં અનંતગુણો અક્રમે યુગપદ્ હોવા છતાં, તેની પર્યાયમાં–અવસ્થામાં ક્રમે ક્રમે, વિવર્ત એટલે પરિણમવું થાય, એ એનો સ્વભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? વેદાંત. આ વેદાંત વિવર્ત શબ્દ વાપરે છે. એક ભાઈ આવ્યા હતા ને એ વાપરે છે. 'લાઠી'વાળા 'દીપચંદભાઈ'. એ વિવર્ત છે (એમ) કહે. જેમાં જન્મ્યા હોય ને એ ... કઠણ પડે. વેદાંતમાં એનો જન્મ છે એટલે એનો અભ્યાસ ઘણો એટલે આ સાંભળે ખરા. પણ વાળીને લઈ લઈને ત્યાં લઈ જાય. પછી તો અહીં મહિનો રહ્યા હતા. લઈ ત્યાં જાય. કહે આ બધું વિવર્ત છે. વિવર્ત છે એ વસ્તુ નથી એમ કહે.

એક સમયની પર્યાય તરીકે વસ્તુ છે. એ તો ત્રિકાળીની અપેક્ષાએ અવસ્તુ છે. એ 'ચિદવિલાસ'માં ભાઈએ લીધું છે. 'ચિદ્વિલાસ'માં લીધું છે કે પર્યાય વસ્તુ છે કે અવસ્તુ? સ્વની અપેક્ષાએ વસ્તુ, દ્રવ્યની અપેક્ષાએ અવસ્તુ. એટલે? જેમ આત્મા છે આ વસ્તુ પોતે, એની અપેક્ષાએ શરીર, બરીર બધું અવસ્તુ છે. આત્મા વસ્તુ છે એની અપેક્ષાએ શરીર આદિ અવસ્તુ છે. શરીરની અપેક્ષાએ શરીર વસ્તુ છે, પણ આ આત્માના નિજ સ્વભાવની અપેક્ષાએ અવસ્તુ છે. બરાબર છે? આહાહા..! વસ્તુ પોતે દ્રવ્ય છે તો એની અપેક્ષાએ આ બધા દ્રવ્ય, અદ્રવ્ય છે. આહાહા..! આ દ્રવ્ય એ નથી માટે અદ્રવ્ય છે. એમ આત્માનું ક્ષેત્ર અસંખ્યપ્રદેશી સ્વક્ષેત્ર છે. એની અપેક્ષાએ પરનું ક્ષેત્ર તે અક્ષેત્ર છે. એમ પોતાની

અવસ્થાથી પોતે સ્વ અવસ્થાનો સ્વકાળ એ અસ્તિ છે. એની અપેક્ષાએ પરકાળની નાસ્તિ છે એટલે પરકાળ છે જ નહિ. અને સ્વભાવની અપેક્ષાએ ભાવ છે. પોતાની અપેક્ષાએ બીજો બધો અભાવ છે. એમ એ ચાર દ્રવ્યમાં ઉતાર્યા.

એમ આત્મામાં ત્રિકાળી દ્રવ્યની અપેક્ષાએ પર્યાય નાસ્તિ છે, ત્રિકાળમાં એ છે નહિ. આહાહા..! પણ પર્યાયની અપેક્ષાએ પર્યાય વસ્તુ છે. અસ્તિ છે ને? કાર્ય જ એ છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ કાર્ય છે. એ કાર્ય પણ એક પર્યાય છે, અવસ્થા છે, સત્ છે. દ્રવ્ય સત્, ગુણ સત્, પર્યાય સત્–ત્રણે સત્ છે. આહાહા..! ભારે વાતું, ભાઈ!

સત્ વસ્તુ, ત્રિકાળી વસ્તુ સત્ છે એની આ શક્તિઓ ગુણ એ પણ સત્ છે અને એનું નિર્મળ પરિણમન–પર્યાય એ પણ સત્ છે. પણ એક સમયની અવસ્થા છે. એ અપેક્ષાએ, ત્રિકાળ દ્રવ્યની અપેક્ષાએ અવસ્તુ. પણ પોતાની અપેક્ષાએ તો વસ્તુ છે. એ અજ્ઞાનીએ માન્યું નથી. પર્યાય જ નથી. એ સ્વની અપેક્ષાએ નથી પણ એની અપેક્ષાએ નથી એમ નથી. એની અપેક્ષાએ ન હોય તો કાર્યનું વેદન હોઈ શકે નહિ. આનંદનું વેદન તો પર્યાય છે. જેમ ધ્રુવ છે એનું વેદન હોય નહિ. ધ્રુવ તો કુટસ્થ છે. સમજાણું કાંઈ? ભારે આકરું કામ. સર્વ ધર્મ સમન્વય કરો, મેળવો. કોની સાથે મેળવે આ? સત્‌ની સાથે અસત્‌નો મેળ હોઈ શકે નહિ.

કહે છે, '**પૂર્વોક્ત પ્રકારે...**' પૂર્વ + ઉક્ત. પૂર્વે કહ્યા '**પ્રકારે ક્રમરૂપે અને અક્રમરૂપે વર્તતા...**' જુઓ! ગુણરૂપ વર્તતું અને પર્યાયરૂપ વર્તતું. આત્મા વસ્તુ છે, એમાં જ્ઞાન-દર્શન-આનંદ આદિ ગુણરૂપે વર્તે છે અને એની હાલત છે એ પર્યાયરૂપે વર્તે છે. અરે..રે..! આવું દ્રવ્ય-ગુણ-પર્યાયનું (સ્વરૂપ). દ્રવ્ય-ગુણ-પર્યાયના નામ પણ સાંભળ્યા ન હોય. દયા પાળો, દયા પાળો, વ્રત પાળો બસ લ્યો. શું પણ? દયા, વ્રત કોને કહેવા? સાંભળ તો ખરો.

કહે છે '**પૂર્વોક્ત પ્રકારે ક્રમરૂપે અને અક્રમરૂપે વર્તતા...**' ભગવાનઆત્મામાં યુગપદ્ અનંત જ્ઞાન, દર્શન આદિ એકસાથે રહેતા અને એની અવસ્થા એક પછી એક થતી, એ થતી પણ એ રીતે વર્તતી અવસ્થા છે. કોઈ સસલાના શીંગની જેમ નાસ્તિ નથી. આહાહા..! સસલાના શીંગડા નથી એમ આ નથી.

મુમુક્ષુ :– ... દાખલો લીધો હતો.

ઉત્તર :– દાખલો દીધો હતો ને. ઓલો દાખલો આપ્યો હતો ને ભાઈ! ચારનો. વાંઝીયાને પુત્ર હતો, એણે સસલાના શીંગડાનું બનાવ્યું વહાણ અને આકાશના ફૂલ એમાં ભર્યા અને મૃગજળમાં વહેતું મૂક્યું. ચારે ખોટા. વાંઝીયાને દીકરો ન હોય, મૃગજળમાં પાણી ન હોય, આકાશમાં ફૂલ ન હોય અને સસલાને શીંગડા ન હોય. એમ અજ્ઞાનીની વાત એવી બધી, ચારના શીંગડા જેવી. વહાણ ભરીને ચાલ્યા. ક્યાં નીકળ્યા? મૃગજળમાં ગયા. ધૂળમાં પણ મૃગજળ નથી. સાંભળને. મૃગજળમાં પાણી છે તે ત્યાં તરે? અને સસલાને શીંગડા છે તે

એનું વહાણ બને? આકાશમાં ફૂલ હોય તે એમાં ભરે? વાંઝિયાને દીકરો હોય તે ત્યાં બેસે? સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ!

કહે છે, એવા આત્મામાં ગુણ અને પર્યાયો... આહાહા..! ભાષા જુઓને! પર્યાય લીધી. અહીં પ્રમાણનું જ્ઞાન બતાવવું છે ને? ક્રમે પ્રવર્તતી પર્યાયો એટલે અવસ્થાઓ અને અક્રમે યુગપદ્ રહેતા ગુણો, એનું જે વર્તવું, એનું જે વિવર્ત **'(-રૂપાંતરથી, પરિણમનથી) અનેક પ્રકારનું...'** પર્યાયમાં અનેક પ્રકારનું (પરિણમન).. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, આનંદ, અસ્તિત્વ, વસ્તુત્વ આદિની પર્યાય અનેક પ્રકારની થાય. આહાહા..! જે આવો વસ્તુનો ગંભીર સ્વભાવ એને સમજે નહિ, એનું આવું અસ્તિત્વ છે એ શ્રદ્ધામાં લે નહિ એને સાચી શ્રદ્ધા ક્યાંથી થાતી હતી?

**'અનેક પ્રકારનું દ્રવ્યપર્યાયમય...'** લ્યો. જુઓ! બે ભેગા લીધા જોયું! **'દ્રવ્યપર્યાયમય ચૈતન્ય...'** ભગવાનઆત્મા દ્રવ્ય એટલે વસ્તુએ, ગુણ એટલે અવિનાશી ગુણે અને પર્યાય એટલે ક્ષણે ક્ષણે બદલતી અવસ્થાએ. **'ચૈતન્ય (અર્થાત્ એવો તે ચૈતન્યભાવ-આત્મા) આ લોકમાં વસ્તુ છે.'** જુઓ! અહીં કીધું કે પર્યાય સહિતનો આત્મા તેને વસ્તુ કહેવામાં આવી છે. સમજાણું કાંઈ? અહીં સમ્યગ્દર્શનનો વિષય શું એ અહીં નથી ચાલતું. લ્યો! આવ્યા અમારા શેઠ. આમાંથી કાઢીને કહે કે જુઓ! બે આવ્યા.

મુમુક્ષુ :– પ્રમાણનો વિષય...

ઉત્તર :– આ તો પ્રમાણનો વિષય ... ને. કહો, સમજાણું કાંઈ? આહાહા..! દ્રવ્યદૃષ્ટિ તો ધ્રુવ છે એ દૃષ્ટિ છે. સમ્યગ્દર્શનનો વિષય તો ધ્રુવ જ છે. સમ્યગ્દર્શનની પર્યાય, હોં! શ્રદ્ધાગુણ તો ત્રિકાળ છે. સમ્યગ્દર્શનની જે પર્યાય છે, એનો વિષય તો ધ્રુવ છે. સમજાણું કાંઈ? પણ જ્યાં ધ્રુવનો સ્વીકાર થયો ત્યારે સમ્યગ્દર્શન થયું, એ પર્યાય થઈ. અને એની સાથે સમ્યગ્જ્ઞાન થયું એ પણ પર્યાય થઈ, એની સાથે સ્વરૂપાચરણની લીનતા થઈ એ પણ પર્યાય થઈ, એની સાથે સ્વસંવેદનનો આનંદ આવ્યો એ પણ પર્યાય થઈ. સમજાણું કાંઈ? એક કલાકમાં આવું બધું કેટલું યાદ રાખવું? ઘરની દુકાનનું કેટલું યાદ રાખે? કેમ 'છોટેલાલ'! બધા કેટલા પલાખા શીખ્યા હશે, જુઓ! આ અમારે સંસ્કૃતના પ્રોફેસર થયા. એ ... યાદ કર્યા કરે છે. થોથા કાંઈ નહોતું. યાદ-યાદ. આ કોઈ દિ' યાદ ન કર્યું. શું છે આ? આવા વખાણ કરે છે અને આવો આત્મા, આવો આત્મા. લાવ ને જરી (જોઉં તો ખરો).

રાણી પડદે હોય ને, ત્યાં સુધી બહુ લાગે કે કેવી હશે? પણ પડદામાંથી બહાર નીકળે તો ખબર પડે. અહીં તો પડદામાંથી બહાર નીકળે તો એના સુંદર રૂપની ખબર પડે. આહાહા..! આ ઓજલ કહે છે ને ઓજલ? ઓજલ નથી સમજતા? રાણી પડદામાં રહે છે ને? શું કહે છે? પડદો કહે છે ને? હિન્દી શબ્દ છે, એ જરી ન સમજાય. તમે કહો આ ગુજરાતી શબ્દ કેવો હશે? આ પડદામાં રાણી હોય ને ત્યારે કહે આ કેવી હશે? સમજાણું કાંઈ?

એ ઓજલ તેં તોડ્યો નથી. બહારવાળા રાણીના ઓજલ તોડવા માંડ્યા હવે પણ આ ઓજલ તોડતો નથી.

**'દ્રવ્યપર્યાયમય ચૈતન્ય...'** ચિદ્દ્ભૂત. **'(એવો તે ચૈતન્યભાવ-આત્મા) આ લોકમાં વસ્તુ છે.'** આહાહા..! જેમ જગતના જડ પરમાણુ એક વસ્તુ છે, એમ ભગવાન એક વસ્તુ આત્મા છે, પદાર્થ છે, મહાપ્રભુ છે, અતીન્દ્રિય મહાપદાર્થ છે. આહાહા..! એણે એને કોઈ દિ' રુચિથી સાંભળ્યો નહિ. બીજી વાતો સાંભળવામાં એને ઘણો રસ પડે. પાંચ હજારની પેદાશની વાત કોઈ સંભળાવે, હેં! એમ ઊંડેથી થાય. હેં? શું એ મરવાનું છે, ન્યાં શું છે? આ વાત એને... આહાહા..! ચૈતન્ય મહારાજા મોટો આનંદનો ભોગ, પ્રભુ! આહાહા..! અતીન્દ્રિય સુખનો સાહેબો આત્મા એ આ જગતમાં એક વસ્તુ છે. બીજી વસ્તુ જોવા માટે નવરો થા, આ જોને, ભાઈ! આવી એક વસ્તુ છે એને જોને. બહારનું જોવાની આંખ બંધ કર. આ આંખ નહિ, હોં! અંદર જ્ઞાનની આંખો. આહાહા..! ત્યારે આ વસ્તુ એક આત્મા છે. આહાહા..! ભારે વાત, ભાઈ! દ્રવ્ય અને પર્યાય ....

**'वस्तु अस्ति'** છે. **'વસ્તુ છે.'** અરૂપી છે એટલે? અરૂપી પણ વસ્તુ છે. જેમ આ શરીરાદિ રૂપી વસ્તુ છે, એમ ભગવાન (અરૂપી વસ્તુ છે). જેમ સ્ફટીકમણીમાં દીવો આમ મૂકતાં પ્રકાશ પ્રકાશ અંદર થઈ જાય. એ પ્રકાશ જુદી ચીજ છે અને સ્ફટીકમણી પત્થર જુદો છે. એમ આમાં ચૈતન્ય વ્યાપક પ્રકાશનો પુંજ ભિન્ન છે. શરીર પાંજરું ભિન્ન છે. આહાહા..! સમજાણું કાંઈ? એવા આત્માની અંદરમાં દૃષ્ટિ કરવી, એનું જ્ઞાન કરવું અને એમાં ઠરવું એને સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર કહે છે. બાકી ક્રિયાકાંડમાં કાંઈ માલ છે નહિ. આહાહા..! લ્યો. .. એનો ભાવાર્થ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૫૬૫ શ્લોક–૨૬૪-૨૬૫ રવિવાર, પોષ સુદ ૬, તા. ૩-૧-૧૯૭૧

---

'સમયસાર'નું પરિશિષ્ટ છે. ૨૬૪ કળશ છે.

**इत्याद्यनेकनिजशक्तिसुनिर्भरोऽपि**
**यो ज्ञानमात्रमयतां न जहाति भावः।**
**एवं क्रमाक्रमविवर्तिविवर्तचित्रं**
**तद्रव्यपर्ययमयं चिदिहास्ति वस्तु।।२६४।।**

કહે છે, અહીંયાં શક્તિનું વર્ણન થઈ ગયું. આત્મા, જેને ધર્મ કરવો છે એણે આત્મા શું છે એ એને પહેલો જાણવો જોઈશે. કારણ કે ધર્મ કરનાર આત્મા એ કોણ છે? જેણે હિત કરવું છે, વસ્તુ પોતે આત્મા છે, એને હિત કરવું હોય તો એમાં હિતનો સ્વભાવ

ભરેલો હોય તો હિત થઈ શકે. હિતનો સ્વભાવ કાંઈ બહારથી આવે નહિ. સમજાણું કાંઈ? અહીંયાં આત્માની ૪૭ શક્તિનું વર્ણન કર્યું. એટલે? આત્મા વસ્તુ છે, પદાર્થ છે. જેમ આ જડ પદાર્થ છે, એમ આત્મા જુદી ચીજ અરૂપી આનંદઘન વસ્તુ છે. એ વસ્તુ એક પણ એમાં ગુણો–શક્તિ અનંત છે. શક્તિ એટલે એનું સત્ત્વ, એનો સ્વભાવ, એનો ગુણ, એ વસ્તુ એક અને સંખ્યાએ ગુણ-શક્તિ અનંત છે. એ અનંત શક્તિનો પિંડ તે આત્મા છે. એ આત્મા શરીરરૂપે નથી, વાણીરૂપે નથી, કર્મરૂપે નથી અને શુભ-અશુભરાગ થાય એ રૂપે આત્મા નથી. સમજાણું કાંઈ? આહાહા..!

અહીં તો કહે છે, કે **'इत्यादि-अनेक-निज-शक्ति-सुनिर्भरः'** જીવત્વશક્તિ, ચિતિ, દૃશિ, જ્ઞાન, સુખ આદિ વર્ણવી અને એ સિવાય વિશેષ સ્વયંસિદ્ધત્વ, અસ્તિત્વ, વસ્તુત્વ, અભેદ, સૂક્ષ્મ એવા અનંત અનંતગુણો, ૪૭ ઉપરાંત અનંત (ગુણો) એમાં છે. વસ્તુ તરીકે એક અને ગુણ તરીકે એમાં અનંત છે. **'(–પૂર્વે કહેલી ૪૭ શક્તિઓ વગેરે) અનેક નિજ શક્તિઓથી...'** અનેક એટલે અનંત. પોતાનો સ્વભાવ સામર્થ્ય શક્તિ દ્વારા **'સારી રીતે ભરેલો હોવા છતાં...'** સમજાણું કાંઈ? આત્મા અરૂપી જ્ઞાનઘન વસ્તુ છે. એમાં સુખ, અસ્તિત્વ, વસ્તુત્વ, સ્વયંસિદ્ધત્વ, કર્તા, કર્મ, કરણ, વિભુત્વ, પ્રભુત્વ એવી શક્તિ એટલે ગુણ કે જે ગુણનું અચળપણું, અનંતપણું, અનુપમ એવું મહાત્મ્ય છે. એ એક એક ગુણનું અચળ, અનુપમ અનંત મહાત્મ્ય છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– જેટલા વિશેષણ લાગુ પડે એટલા એને.

અચળ એ ગુણ છે એ કોઈ દિ' ચળે નહિ એવી ચીજ છે. અનંત છે. જેની શક્તિનું સામર્થ્ય અનંત છે. અનુપમ છે. એના ગુણને કોઈ ઉપમા આપી શકાય નહિ, એવી ચીજ છે. એ ચીજનું જેને ભાન નથી, અનાદિકાળથી એ દયા, દાન, વ્રત આદિના વિકલ્પ જે રાગ છે ને? એ રાગ મારો છે અને એ કર્તવ્ય મારું છે એમ માને છે. હમણા જ અંદર કહ્યું હતું. એને ક્ષય લાગુ પડ્યો છે. ક્ષયમાં અહીં 'જીથરી' ઘણા બતાવવા આવે છે. ફોટો લેવા અને આ લેવા. અહીં દવાખાનું આ રાગનો ક્ષયરોગ મટાડવાનું એ છે. આહાહા..!

આત્મામાં તો રાગ, વિકલ્પ જે દયા, દાન, વ્રત, પૂજાનો વિકલ્પ ઊઠે એ રાગ છે. એ આત્માના સ્વભાવમાં નથી. એનું જાણવું, એનું શ્રદ્ધવું, એવો આત્મામાં ગુણ છે. સમજાણું કાંઈ? એવી નિજ શક્તિથી **'सुनिर्भरः'** એમ શબ્દ હતો. **'સારી રીતે ભરેલો..'** છે એ ભગવાન. જેમ સાકર ડબ્બામાં ભરીને પડી હોય, એમ ગુણ છે ને?

મુમુક્ષુ :– જેવી રીતે સાકરની અંદર મીઠાશ ભરેલી છે એવી રીતે.

ઉત્તર :– સાકર ડબામાં પડી છે એમ નહિ. ડબ્બો અને સાકર બે જુદી ચીજ છે. પણ સાકરમાં મીઠાશ અને સફેદાઈ ભરી છે. ધડાકાબંધ જવાબ આપે છે. એમ આ આત્મામાં

સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકર પરમેશ્વરે જોયું અને કહ્યું, કે આ આત્મામાં જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા, વિભુતા એવી અનંત-અનંત શક્તિઓ અભેદપણે... એ શબ્દ દરેકમાં આવે છે. દરેકમાં એમ આવ્યો હતો સ્વશક્તિમય... સ્વશક્તિમય... .. આવી ગયું છે. સમજાણું? આધારપણામય. એમ મય મય શબ્દ આવ્યો છે. અભેદ છે. વસ્તુ છે એની સાથે આ શક્તિઓ, શક્તિવાનની સાથે શક્તિ અભેદ છે. ભાષા પણ ગ્રીક લેટિન જેવી લાગે. કોઈ દિ' સાંભળ્યું નથી કે ધર્મ શું થાય અને કેમ થાય? સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :– આપ આ ધર્મની વાત કરો છો?

ઉત્તર :– આ શેની વાત ચાલે છે? ધર્મ કેમ થાય? જૈનધર્મ, વીતરાગે કહેલો ધર્મ કેમ થાય? 'કેવળી પણત્તો ધમ્મો શરણં' માંગલિકમાં આવે છે ને? ગડિયા બોલી નાખે, ખબર ન મળે કાંઈ. એ ધર્મ કેમ થાય? કે ધર્મ એ વસ્તુ આત્માનો સ્વભાવ છે. એ સ્વભાવનું શરણ લેતાં પ્રગટ પર્યાયમાં વીતરાગતા અને શાંતિ આવે એને ધર્મ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? તમે ગુજરાતી ભાષા તો બરાબર સમજો છો. 'પ્રતાપભાઈ' બરાબર સમજે છે. રાત્રે બોલતા હતા.

મુમુક્ષુ :– ભાષા ગુજરાતી છે. 'મુંબઈ' રહે છે એટલે દોઢ ગુજરાતી છે.

ઉત્તર :– એમ કહે 'પ્રતાપભાઈ' ગુજરાતી સમજે. પણ પાછા 'મુંબઈ' રહે એટલે ગુજરાતી બરાબર હોય. આહાહા..!

ભગવાન પરમેશ્વર એમ કહે છે, આ તો એક વિચાર એવો આવ્યો હતો હમણા. આ બાજુ ગયા હતા ને. ત્રણ પાંડવો 'શેત્રુંજય'થી મોક્ષ પધાર્યા છે ને? આ શેત્રુંજય. પાંચ પાંડવો હતા. ધર્મરાજા, ભીમ, અર્જુન, સહદેવ, નકુલ. એ પાંચ નગ્ન દિગંબર મુનિ ત્યાં ધ્યાનમાં ઊભા હતા. મહિના-મહિનાના ઉપવાસ કરતા હતા. આત્માના ધ્યાનમાં આનંદમાં મસ્ત હતા. પણ રાજકુમાર હતા, શરીર તો ઘણા સુંદર. એને ભગવાન પાસે જાવું હતું. જતાં જતાં ખબર પડી કે ભગવાન તો મોક્ષ પધાર્યા. 'નેમિનાથ' ભગવાન મોક્ષ પધાર્યા છે. એથી મહિનાના ઉપવાસ હતા. આનંદમાં હતા. પાંચે જણા શેત્રુંજય ઉપર ચડ્યા. આમ અંતર્મુખ થઈને આત્મામાં આત્માના ધ્યાનનું ધ્યેય લગાવ્યું. અતીન્દ્રિય આનંદના સ્વાદ લેતા, નિર્વિકલ્પ અનુભૂતિ કરતાં, અતીન્દ્રિય આનંદ (લેતા). જેના ઇન્દ્રોને સુખ નથી, રાજા-મહારાજાને સુખ નથી, અબજોપતિ રાજા કે શેઠિયા કહેવાય એ બધા ભિખારીઓ, એ બધા આત્માના આનંદથી ખાલી છે. સમજાય છે કાંઈ? એ આનંદમાં હતા. એમાં ધ્યાનમાં હતા. દુર્યોધનના ભાણેજે આવી અને લોઢાના (દાગીના પહેરાવ્યા). બેને સંસારનો અને રાગનો વિરોધ હતો. ધગધગતા ઊના લોઢાના દાગીના કરી કડા પહેરાવ્યા. પગમાં શું કહેવાય એને? તોડા. આપણી ભાષામાં તોડા કહે છે. પગમાં ધગધગતા તોડા, માથે ધગધગતા લોઢાનો મુગટ. અતીન્દ્રિય આનંદમાં મસ્ત હતા. ત્રણ તો એમાં એકાકાર થઈ, કેવળ પામી મોક્ષ ગયા.

બે સાધુ હતા. સહદેવ અને નકુલ નાના, હતા ભાવલિંગી સંત પણ એને જરી શુભરાગનો વિકલ્પ આવ્યો. અરે...! આ ભાઈને શું થતું હશે? ધર્મરાજા, ભીમ, અર્જુન, પાંડવ જોદ્ધા મોટા. આત્માનું ભાન થઈ ગયેલું અને ક્યાંય એની રુચિ જામતી નહોતી. અંદર સ્વરૂપમાં સ્થિર થવા વનવાસ ચાલ્યા ગયા. ઓલા તો બીજી રીતે વનવાસ ગયા હતા. આ વનવાસ સાધુ થઈને ચાલ્યા ગયા. આનંદમાં રહેવા. ઉપર ધ્યાન કરતા ત્રણ તો મોક્ષ પધાર્યા. બેને વળી જરી શુભરાગનો વિકલ્પ આવ્યો. મુનિને શું થતું હશે? આહાહા..! એ શુભરાગે બે ભવ કરી નાખ્યા. સમજાણું કાંઈ?

મોટા રાજાઓના રાજકુંવર મોટા હતા. આત્માના ધ્યાનમાં, આનંદમાં મસ્ત હતા. કેવળજ્ઞાન નહોતું. ધ્યાન અંતરમાં લગાવી, એમાં ત્રણ જણા તો મુક્તિ પામ્યા. લોઢાના ઓલા હડ.. હડ.. હડ.. હડ... આહાહા..! એ રાજકુમારો, માખણ જેવા શરીર, હાથીના.. શું કહેવાય? તાળવું. એવું તો કુણું, લાલ શરીર. આહાહા..! ત્રણ જણા ત્યાં મુક્તિ પધાર્યા. બેને આટલો વિકલ્પ શુભરાગ આવ્યો, શેઠ! કે આ ત્રણ મુનિને શું છે? પુણ્ય બંધાઈ ગયું. ૩૩ સાગરની સ્થિતિ. ૩૩ સાગર સુધી કેવળ નહિ પામે. આહાહા..! દુનિયા કહે છે કે ૩૩ સાગર સુખમાં ગયા ને? અરે..! ભગવાન! અંતરાય છે, બાપુ! તને ખબર નથી, ભાઈ! એ સ્વર્ગના સુખ એ રાગના અંગારા છે. દુનિયાને ભાન નથી. આ પૈસાવાળા જે કરોડ, પાંચ કરોડ, અબજપતિઓ કહેવાય છે, એ બધા અંદર દુઃખી છે. એનું એને ભાન નથી.

મુમુક્ષુ :– અંદર અને બહાર બે દુઃખી છે.

ઉત્તર :– બહારમાં તો વળી સંયોગ દેખાય એટલે દુનિયા એમ કહે કે, ઓહોહો..! આની પાસે પચ્ચીસ કરોડ અને ધૂળ કરોડ ને આ ધૂળધાણી. અંદરમાં રાગ અને દ્વેષની વિકલ્પની જાળથી સળગી રહ્યા છે. આહાહા..! બરાબર હશે આ?

મુમુક્ષુઃ– પણ વસ્તુ સ્થિતિ જ આવી છે.

ઉત્તર :– ઓહો..! વસ્તુ સ્થિતિ આવી છે એમ કહે છે. એય..! 'રસીકભાઈ'! આ એના દાદા બેઠા છે, જુઓ! વસ્તુ સ્થિતિ આવી છે એમ કહે છે. એમ હશે? અરે..! આવી વસ્તુસ્થિતિ! કેમ નહિ બેસતી હોય? આવો શુદ્ધ ભગવાનઆત્મા... સમજાણું કાંઈ? આહાહા..! એ કહે છે કે અશુભભાવની જ્વાળા સળગે છે. પૈસાવાળાને, આબરૂવાળાને અશુભભાવની અગ્નિદાહ અંદર સળગે છે. પણ ભાન નથી. સનેપાતીયાને સનેપાતના રોગમાં દાંત કાઢે, એ સુખી છે? સનેપાત. સનેપાત સમજો છો? વાત, પીત્ત અને કફ. ત્રણ વકરી જાય એટલે સનેપાત થઈ જાય. ત્રણનું જોડાણ થાય. એમ અનાદિના અજ્ઞાનીને મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન અને મિથ્યાઆચરણનો સનેપાત વળગ્યો છે. સનેપાતીયો જેમ દાંત કાઢે એમ આ દાંત કાઢે કે અમે સુખી છીએ. એવા બે એક જાતના છે. આહાહા..!

અહીં તો બે વિચાર આવ્યા હતા, કે જ્યારે આવો પરમાત્મા પોતે શુદ્ધ આનંદનું ધામ,

એનું સ્વરૂપ જ વીતરાગસ્વરૂપ છે. વીતરાગસ્વરૂપ છે તો વીતરાગતા એમાંથી પ્રગટ થાય છે. રાગ, પુણ્યસ્વભાવ એનો સ્વભાવ નથી. અરે..! સાધર્મી પ્રત્યે, ધર્માત્મા પ્રત્યે, સંતો પ્રત્યે આવો એક શુભરાગ આવ્યો. ૩૩ સાગર સ્વર્ગમાં કષાયના અંગારા છે. અને ત્યાંથી નીકળીને મનુષ્ય, રાજકુમાર આદિ થશે અને કેવળ પામશે. એકાવતારી છે. ત્યાંથી એક ભવ કરીને મોક્ષ પધારશે. પણ એથી એ રાજકુમાર અને અબજોપતિમાં અવતરે, પણ તેનું લક્ષ પર ઉપર જેટલી વૃત્તિ છે, એટલા અગ્નિના અંગારા છે. આહાહા..! અને અહીં તીર્થંકરગોત્રનું. પંડિતજી! આહાહા..! વિકલ્પ શુભરાગ, શુભોપયોગ (આવ્યો એમાં) બે ભવ કર્યા. આહાહા..! શું છે? ભાઈ! એ તારું સ્વરૂપ નથી. એમ તીર્થંકરગોત્રનો ભાવ બાંધ્યો એણે બે ભવ કરવા પડશે. એ ભવમાં કેવળ નહિ પામે. આહાહા..! ગજબ વાત છે ને! લોકો ખુશ થઈ જાય.

મુમુક્ષુ :– પણ એ સિક્કો આપે છે મોક્ષનો.

ઉત્તર :– ના એ સિક્કો આપે છે કે અંદરની દશાને સિક્કો આપે છે. આહાહા..! વાત સમજવી... આહાહા..! એ નિર્વિકલ્પ સચ્ચિદાનંદ પ્રભુ આત્મા છે, એને કહે છે, તીર્થંકરગોત્ર બાંધવાનો આવો રાગનો વિકલ્પ આવ્યો. લ્યો. એને એ ભવે કેવળજ્ઞાન નહિ પામી શકે. આહાહા..! એય..! 'ચંદુભાઈ'! આ તો તમારું પાછા ... કોઈએ પ્રશ્ન કર્યો હતો. કે એવો પ્રભાવનાનો વિકલ્પ હોય ને? હોય તે જુદી વાત છે પણ નુકસાન છે. અને ત્રીજો પ્રશ્ન કર્યો, બે સાથે. આ પરમાગમને અંશે પ્રભાવના થાય. પ્રભાવના થાય તો શું છે? એ વિકલ્પ આવે તે જુદી વાત છે પણ વિકલ્પ રોકનાર છે. આહાહા..! ગજબ વાત છે. વીતરાગનો માર્ગ, સર્વજ્ઞ પરમેશ્વરે કહેલો માર્ગ એને કોઈ દિ' બેઠો નથી. એને રાગ.. રાગ... રાગ... રાગ... રાગ... રાગ... રાગ... સમજાણું કાંઈ?

કહે છે, અરે...! એટલો વિકલ્પ પણ જ્યાં ભવનું કારણ થાય, એને મિથ્યાભ્રાંતિ, હું અનંત આનંદનો નાથ છું એવી ખબર નથી, અને આ રાગમાં સુખ છે, પરમાં સુખ છે, ધૂળમાં સુખ છે એવું મિથ્યાત્વ તો અનંત સંસારના ભવને આપે એવું છે. આહાહા..!

મુમુક્ષુ :– અલ્પકાળમાં પણ...

ઉત્તર :– અલ્પ પણ એનું ઝેર કેટલું ચડી જાય છે? આહાહા..! કાળો નાગ. જુઓને! હમણા 'પાલિતાણા' એક છોકરાને કરડ્યોને. ૧૨ વરસનો છોકરો ભગવાનની પૂજા કરીને બેઠો, બે બહેનો સાથે હતી. કોણ જાણે ગમે ત્યાંથી કે વડમાંથી નાગ આવ્યો. ત્યાં બેઠો હશે. કરડ્યો એ ભેગો બોલ્યો, મારો પગ કાપો, નહિતર મરી જઈશ. ત્યાં કોણ કાપે? છોકરાને એમ થઈ ગયું કે આટલો મોટો સર્પ આવ્યો ને ... કોને કરડ્યો? આ પંદર દિ'ની વાત છે. કોણ કાપે? આહાહા..! નીચે ઉતાર્યો ત્યાં ઝેર ચડી ગયું. આખા શરીરમાં ઝેર ચડી ગયું. મોટો ટોપલો ભરાય એવો મોટો કાળોતરો નાગ. કોણ જાણે એનું આયુષ્ય પૂરું થવા આવ્યું એટલે એ એમ જ થશે, હોં! એ કાંઈ બીજું નહોતુ થવાનું. આહાહા..! એમ ધર્માત્માને

રાગ આવે એ કાળોત્તરો નાગ છે. સમજાણું કાંઈ? કાળોત્તરો સમજો છો ને? કાળો નાગ. અમારે કાળોત્તરો એટલે કાળોત્તરો. વધારે ત્ત છે. આમ જ્યાં દેખે ત્યાં રાડ નાખી જાય. હાય.. હાય...

હમણા એક સુતારનો છોકરો. ... રમતા હતા. સોગઠી. આ શું કહેવાય? ગોળી. એ ગોળી ઓલામાં ગરી ગઈ. દેવા ગયો તો ... લટકી રહી. ... એને કાંઈક છે એમ જાણી ... એ હમણા નીકળી. બાર વર્ષના છોકરાને. આહાહા..! બાપુ! એ મૃત્યુએ તો શરીરની સ્થિતિ પૂરી કરી. પણ ભગવાન આનંદનું ધામ અનંત શક્તિથી ભરેલો, અનંત શુદ્ધ પવિત્રના ધર્મની શક્તિથી ભરેલો આત્મા છે. એને અહીંયાં રાગ અને પુણ્યના વિકલ્પવાળો, એનાથી લાભવાળો માનવો એને મિથ્યાત્વનું ઝેર ચડી ગયું છે. આહાહા..! ભાઈ! તને તારી ખબર નથી. તું કોણ છો? ક્યાં હેરાન થા છો? કેમ તારું હેરાનપણું મટે? ખબર નથી. બહારમાં ખુશી થઈને ફરે છો. જેમ સનેપાતીયા રાજી થઈને ફરે એવા છે. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, ભગવાનઆત્મા જેનામાં શાંતિ, સ્વચ્છતા, વીતરાગતા, નિર્દોષતા એવી અનંત શક્તિથી ભરેલું જે સત્ત્વ છે. એનામાં પુણ્ય-પાપના ભાવો ભર્યા નથી. એ તો પર્યાયમાં નવા ઉત્પન્ન કરી અને તેમાં એકત્વપણું કરે છે. સમજાણું કાંઈ?

અહીંયાં તો અનેક નિજશક્તિથી **'सुनिर्भरः अपि यः ज्ञानमात्रमयतां न जहाति'** આહાહા..! પણ તે ભાવ જ્ઞાનમાત્રપણાને છોડતો નથી એટલે શું કહ્યું? એ જાણન.. જાણન... જાણન.. જાણન... જાણન... જાણન સ્વભાવ છે, એ અનંતી શક્તિવાળો હોવા છતાં જ્ઞાનભાવ ત્યાં છૂટો પડતો નથી. અવિનાભાવ સંબંધ રાખે છે. આહાહા..!

શું કહ્યું એ? **'જે ભાવ જ્ઞાનમાત્રમયપણાને...'** જુઓ! એમાં શબ્દ એ છે. **'ज्ञानमात्रमयतां'** અભેદ વર્ણવવું છે ને? આત્મા તો પ્રજ્ઞાબ્રહ્મ જ્ઞાનમય સ્વરૂપ છે. જેમ સિદ્ધ જ્ઞાનસ્વરૂપ છે, એમ આત્મા જ્ઞાન જ્ઞાન પ્રજ્ઞાબ્રહ્મ સ્વરૂપ છે. એ અનંત શક્તિઓ એનામાં સ્વભાવરૂપે, ગુણરૂપે હોવા છતાં એ જ્ઞાનમય ભાવપણાને તે આત્મા છોડતો નથી. આહાહા..!

**'એવું તે, क्रम-अक्रम-विवर्ति-विवर्त-चित्रम् પૂર્વોક્ત પ્રકારે ક્રમરૂપે અને અક્રમરૂપે...'** એટલે? એ ભગવાનઆત્મા જેમાં અનંતા ગુણો યુગપદ્ વર્તે છે. આ શક્તિઓ. જ્ઞાન, દર્શન, આનંદ આ વગેરે શક્તિઓ એક સમયમાં યુગપદ્ વર્તે છે.. યુગપદ્ વર્તે છે–સાથે વર્તે છે. અને એની અવસ્થા–નિર્મળ સ્વચ્છ આનંદાદિની પર્યાય, એ ક્રમે-ક્રમે એક પછી એક વર્તે છે. એવી નિર્મળ પર્યાયનું એક પછી એક વર્તવું અને નિર્મળ ગુણોનું એકસાથે રહેવું, એવી જે સત્તા પ્રવર્તતો આત્મા.. આહાહા..!

**'વિવર્તથી (-રૂપાંતરથી, પરિણમનથી)...'** એની વીતરાગી દશા થાય છે. જુઓ! આ સમ્યગ્દર્શન પામતા, ધર્મની પહેલી દશા પામતા એને પુણ્ય-પાપના રાગની એક્તા તૂટી જાય છે અને અનંતગુણની શક્તિની સાથે વર્તમાન પર્યાયની એક્તા થઈ જાય છે. આહાહા..!

સમજાણું કાંઈ? વસ્તુ પોતે અવિનાશી, એવી એની શક્તિ જાણવું, દેખવું, આનંદ અવિનાશી શક્તિઓ છે. એ અવિનાશી શક્તિનો જ્યાં આશ્રય લીધો અથવા અવિનાશી શક્તિનો જ્યાં સ્વીકાર થયો, એટલે એની વર્તમાન દશામાં, વર્તમાન હાલતમાં નિર્દોષ, નિર્મળ પરિણતિની અવસ્થારૂપ પર્યાય, એ આત્મા. એ નિર્મળ પર્યાય તે ક્રમે-ક્રમે થાય અને ગુણો તે અક્રમે યુગપદ્ રહે. એવા **'અક્રમરૂપે વર્તતા વિવર્તથી...'** એના ચોપડામાં ક્યાંય આવે નહિ 'રામજીભાઈ'! તમારા ચોપડામાં ત્યાં આવે? બાપ-દીકરો વાતું કરતા હોય તો એમાં આ આવે નહિ. આહાહા..! અને ધર્મને બહાને માનેલા સ્થાનકે જાય તો પણ ત્યાં આ વાત આવે નહિ. આહાહા..! વીતરાગનો માર્ગ કાંઈ તદ્દન જુદો છે.

સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકરદેવની વાણીમાં આવો આત્મા આવ્યો. કે, ભાઈ! તું બીજું ભૂલી જા. રાગ મારામાં છે, શરીર મારું એ ભૂલી જા. તારામાં એ નથી. તારામાં તો આનંદ અને વીતરાગતાથી ભરેલો આત્મા છો તું. એવો જ્યાં વસ્તુનો... વીરા આવ્યું છે ને? વિશિષ્ટ એવા સ્વભાવનો રા નામ સ્વીકાર, એને વીર કહીએ. ભગવાનઆત્મા.. લ્યો! આ ભાઈ કહેતા'તા. હતા ને પુરુષાર્થી. 'નવનીતભાઈ'ને કીધું. એ પુરુષાર્થી નહિ. પૈસાથી થાય એ પુરુષાર્થી નહિ. એય..! ભાઈ! તમારા બાપુજીને કહે, બહુ પુરુષાર્થથી ભેગા થયા. જાજા પૈસા ભેગા થયા ને એટલે કહે. કીધું, નહિ, પુરુષાર્થથી નહિ, એમાં પુરુષાર્થ હોય નહિ. નહિ?

મુમુક્ષુ :– અહીં એમ ન કહેવાય.

ઉત્તર :– બહાર. બહારમાં પણ ક્યાં માનતો? ધૂળમાં માને છે મફતનો. બુદ્ધિના બારદાન બે-બે કરોડ, પાંચ-પાંચ કરોડ પેદા કરે છે. જોયા નથી? બુદ્ધિના બારદાન એટલે? ખાલી કોથળા. ખરી વાત છે? 'મુંબઈ'માં એવા ઘણા હોય છે ને? સહી કરતા ન આવડે. ... અમારે એક હતા. 'પાલેજ'માં ... દુકાન હતી. સહી કરતા ન આવડે. તે દિ' આ. ૬૦ વર્ષ પહેલાની વાત છે. વર્ષના લાખ-લાખ પેદા કરે. તે દિ'ના ૬૦ વર્ષ પહેલાના લાખ એટલે? અત્યારે તમારી બે લાખ હોય તો પૂર્વના એક લાખ ગણાય. એમ બધું ઘટી ગયું. પૈસાની કિંમત ઘટી ગઈ અને માલનો ભાવ વધી ગયો. આહાહા..!

કહે છે, કે એ બહારની ચીજમાં પુરુષાર્થ કાંઈ કામ કરે નહિ. આહાહા..! એ તો પૂર્વના પુણ્યના પરમાણુઓ અંદર બંધાયેલા પડ્યા હોય છે, એને ખરવાનો કાળ હોય છે, ત્યારે એવી સોગઠી ગોઠવાય જાય અને પાંચ-પચ્ચીસ કરોડ મળવાના હોય એ બહાર આવે. એની પાસે ક્યાં ધૂળ ગરે છે એની પાસે? એને તો મમતા આવે છે કે આ મારે આવી. ઓલી ચીજ તો એના જડમાં રહી છે. ક્યાં આત્મામાં આવી છે ચીજ? એ લક્ષ્મી કાંઈ આત્માની થઈને રહી છે? એ તો જડ થઈને રહી છે. આ મૂંઢ માને છે કે મારી છે. એ તો એની ખોટી-જૂઠી મમતા છે.

અહીં કહે છે કે આત્મા પોતાની લક્ષ્મી છે એમ માને અને રાગનો વિકલ્પ ઊઠે એ પણ પોતાનો માને, એને મિથ્યાત્વનો ક્ષય લાગુ પડ્યો છે. આહાહા..! ગજબ વાતો છે, ભાઈ! વીતરાગમાર્ગ કોઈ અલૌકિક છે, બાપુ! દુનિયા માને છે અને ચાલે છે એ માર્ગ નથી. આહાહા..! આવાથી ભરેલો એમ કીધું ને? અને પરિણમન થાય તો આવું થાય એમ કીધું. શું કીધું? **'અક્રમરૂપે વર્તતા વિવર્તથી અનેક પ્રકારનું,...'** એનું પરિણમન, નિર્મળપણું પરિણમે, વીતરાગીપણું અનેકપણે પરિણમે. ગુણો અનેક અને પર્યાયો અનેક, નિર્મળપણે થાય તેને આત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

ક્રમે પ્રવર્તતા અને અક્રમે વર્તતા, રહેતા. આહાહા..! ભગવાનઆત્મામાં અનંત શક્તિઓ, ગુણો વર્તતી, રહેતી, અને ક્રમેક્રમે થતી પર્યાયો પણ વર્તતી, રહેતી, ક્રમેક્રમે થતી. નિર્મળ પર્યાયની વાત છે, હોં! રાગ અને પુણ્યની વાત આમાં નથી. રાગ અને પુણ્ય એ આત્માનું સ્વરૂપ નથી અને આત્માના સ્વભાવમાં છે નહિ. આહાહા..! જીવ ... આત્માની પર્યાય નહિ. અહીં તો નિકાલ કાઢી નાખ્યું. જ્ઞાન સ્વભાવથી ભરેલામાંથી શું નીકળે? કૂવામાં હોય એ અવેડામાં આવે. એમ આત્મામાં તો જ્ઞાન અને આનંદ ભર્યો છે. તો એ આત્માનો સ્વીકાર થતાં સમ્યગ્જ્ઞાન અને આનંદ અને શાંતિ અંદરમાંથી આવે, એ એની દશા છે. સમજાણું કાંઈ? આહાહા..!

છ ખંડના રાજમાં 'ભરત' ચક્રવર્તી હો, જેના ઇન્દ્ર મિત્રો હો. ઇન્દ્ર મિત્રો. અર્ધલોકના સ્વામી ૩૨ લાખ વૈમાન અને એક વિમાનમાં કેટલાકમાં અસંખ્ય દેવ, એના સ્વામી દુનિયામાં કહેવાય, એ કહે કે હું તો એ નથી. હું એમાં નથી, ત્યારે? હું તો મારા દ્રવ્ય-ગુણ અને નિર્મળ પર્યાયમાં છું. બહારમાં હું છું નહિ. આહાહા..! આનું નામ સમ્યગ્દર્શનનો પહેલો ધર્મ કહેવામાં આવે છે. જેવું સ્વરૂપ છે તેવું પ્રતીતમાં, જ્ઞેયમાં અનુભવ કરીને લેવું એનું નામ પ્રથમ ધર્મ કહેવામાં આવે છે. અરે..અરે..! ભારે વાતું ભાઈ! સમજાણું કાંઈ?

એ **'વિવર્તથી...'** વિવર્ત તો પર્યાયનું થાય છે. પણ ગુણનું વ્યવહારે પર્યાયદૃષ્ટિએ પરિવર્તન થાય એમ કહેવામાં આવે છે. **'અક્રમરૂપે વર્તતા વિવર્તથી (- રૂપાંતરથી,...)'** અંદર રૂપાંતર દશા થાય છે. એકરૂપ અવસ્થા ન રહે. પર્યાય છે ને? અવસ્થા હાલત. સિદ્ધને પણ ક્ષણે ક્ષણે નવી નવી અવસ્થા થાય છે. આ આત્મા સમ્યગ્દર્શનમાં કે સમ્યક્જ્ઞાનમાં પ્રથમ ધર્મની દશામાં જ્યાં ભાન થતાં એને વીતરાગી સ્વચ્છતાનું નિર્દોષતાનું પરિણમન અવસ્થા થાય છે.

**'અનેક પ્રકારનું દ્રવ્યપર્યાયમય ચૈતન્ય...'** જુઓ! અહીં તો પ્રમાણનો વિષય લેવો છે. અહીં દ્રવ્ય છે. દ્રવ્ય વસ્તુ અને એની નિર્મળ પર્યાય, દ્રવ્ય-પર્યાયમય વસ્તુ. રાગ અને પુણ્ય અને નિમિત્ત એ એનામાં કાંઈ છે નહિ. સમજાણું કાંઈ? એને આત્મા કહીએ. અને આવા આત્માને જાણે એણે આત્મા જાણ્યો અને ધર્મ થયો કહેવામાં આવે. આહાહા..! કહો, પંડિતજી! રાગની પર્યાય કાઢી નાખી. સંસારની પર્યાય આત્મામાં છે નહિ. સંસારની પર્યાય સંસાર

ઉદયભાવ, ભાવ એ ભગવાનઆત્મામાં છે જ નહિ. આહાહા..! મેરુ પર્વત ઉપાડવા કરતાં આ તો શ્રદ્ધાનો મોટો આત્મા ઉપાડવો છે. આહાહા..!

ભગવાનઆત્મા... કહે છે એ '**દ્રવ્યપર્યાયમય ચૈતન્ય વસ્તુ છે.**' આહાહા..! આ લોકમાં આવાને આત્મા વસ્તુ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..! એને કેટલા વાળા વળગાડ્યા! પુણ્યવાળો, રાગવાળો, પૈસાવાળો, શરીરવાળો, બાયડીવાળો, છોકરાવાળો કેટલા વાળા? વાળો રોગ શરીરમાં નથી નીકળતો? વાળો રોગ થાય છે ને? એવું પાણી હોય,... આવા પાતળા નીકળે. સડે. આહાહા..! ભગવાન! તારે કેટલા વાળા! તને કેટલો સડો? પણ આવું તો જ્યારે સંસાર છોડીને સાધુ થાય તો સમજાય. એમ હશે? પણ આત્મામાં સંસાર છે જ ક્યાં? સાંભળને. અહીં તો એ વાત છે. સંસારની પર્યાય છે એ તો પર્યાયદૃષ્ટિએ જ્ઞાન કરવામાં આવ્યું. વસ્તુદૃષ્ટિએ સંસારની પર્યાય આત્મામાં છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? ઝીણી વસ્તુ છે, ભગવાન! એમ લોકો માની બેસે કે આ ધર્મ છે. બાપુ! ધર્મ અપૂર્વ છે. પૂર્વે એક સમય પણ એ કર્યો નથી. અને પૂર્વે જેટલું કર્યું એટલું કરે, એનું એ કરે તો કાંઈ અપૂર્વ નથી. આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા અનંત (વાર કરી). (એનાથી ભિન્ન આત્માના આશ્રયે પર્યાય પ્રગટ થાય) એને ધર્મ કહેવામાં આવે છે. આહાહા..! ભારે ધર્મ ભાઈ! મોંઘો. જે છે એ છે. મોંઘો કહે કે સોંઘો કહે. એમાં બીજું કાંઈ થાય એવું નથી. આહાહા..!

'**ચૈતન્ય આ લોકમાં વસ્તુ અસ્તિ**' વસ્તુ પદાર્થ છે. ભાઈ! રાગ અને વિકલ્પથી રહિત અને નિર્મળ શક્તિના પરિણમન સહિત આ લોકમાં વસ્તુ છે. સમજાણું કાંઈ? એ શરીર અને પુણ્ય-પાપના ભાવ રહિત અને નિર્મળ ગુણ અને નિર્મળ ગુણની પરિણતિ સહિત, આ લોકમાં એક વસ્તુ આત્મા છે. આહાહા..! આમાં તો ગુરુ પણ ન આવ્યા, દેવ પણ ન આવ્યા અને બાયડી પણ ન આવી અને કોઈ ન આવ્યું આમાં. આહાહા..! તું તારો ગુરુ, તું તારો દેવ છો, ભાઈ! તારી દિવ્યતા તેં પકડીને રાખી છે. આહાહા..! ભાષા શું છે? જુઓ!

આવો આત્મા, ચૈતન્ય એવો આત્મા આ જગતની અંદર વસ્તુ છે. જેમાં અનંતી શક્તિઓ આનંદ જ્ઞાનાદિ ભરેલી છે તે વસ્તુ. વસ્તુ વાસ્તુ. જેમાં રહેલી એને વસ્તુ કહીએ. આ ઘરમાં વાસ્તુ છે ને માણસ? ઘરમાં કોઈ વાસ્તુ લેતા હશે કે બહાર જંગલમાં જઈને ઝાડ ઉપર વાસ્તુ લેતા હશે? એમ આત્માના ઘરમાં અનંતગુણ આદિ વસ્તુ છે. એમાં વસે તેને વાસ્તુ કહેવામાં આવે છે. આહાહા..! વસેલામાં વસે તેને વાસ્તુ કહીએ.

ભગવાનઆત્મા, સિદ્ધ સમાન એનું સ્વરૂપ, એવું જ્યાં જાણવામાં, શ્રદ્ધવામાં આવે એટલે એની દશામાં પણ વીતરાગી નિર્મળ શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ અને આનંદની દશા પરિણતિ આવે, એવી વસ્તુને આ જગતની અંદર આત્મા વસ્તુ એને કહેવામાં આવે છે. આહાહા..! આ

વ્યવહાર-બ્યવહારનો એમાં અભાવ થઈ ગયો. વ્યવહાર સાધન છે, ઢીકણું આ છે, ફલાણું આ છે. બધું ઉડાડી દીધું. કરણ–સાધન નામનો તારામાં ગુણ છે.

મુમુક્ષુ :– વ્યવહારનયે એક સાધન છે.

ઉત્તર :– વ્યવહારનો અર્થ નથી ને ઉપચારથી કહેવું, એ વાત છે. આહાહા..! ભારે આકરું પડે.

અરે..! ભગવાન! આવો મનુષ્યદેહ મળ્યો, જેના એક સમયની કિંમત ચક્રવર્તીની સંપદાથી પણ જુદી કિંમત છે. એવા મનુષ્યના દેહમાં ભગવાનઆત્મા ભિન્નપણે બિરાજે છે. રાગથી પણ પ્રભુ ભિન્ન છે. આહાહા..! રાગ દયા-દાનના વિકલ્પથી પણ લેપાયેલું તત્ત્વ નથી. આહાહા..! એવા નિર્લેપ દ્રવ્ય-ગુણ અને પર્યાય આ લોકમાં એને આત્મા વસ્તુ કહેવામાં આવે છે. ભગવાન પરમેશ્વરે આને આત્મા કહ્યો. જેવો કહ્યો એવો જ્યારે અંદરમાં જાણે અને અનુભવે, ત્યારે એને આત્મા વસ્તુ છે એમ પ્રતીત અને અનુભવમાં આવે. આહાહા..!

મુમુક્ષુ :– સ્વસંવેદન ...

ઉત્તર :– એ વિના આ વસ્તુ છે એમ ખ્યાલમાં આવ્યું ક્યાંથી? અનંતગુણનો ધરનાર વસ્તુ, એના પ્રતીતમાં અનંતગુણનું વ્યક્તપણે, પ્રગટપણે પર્યાયનું વેદન ન થાય, તો આ આત્મા આવો છે એમ પ્રતીતમાં આવે ક્યાંથી? આહાહા..! સમજાણું કાંઈ? એવો આત્મા પ્રતીત અને જ્ઞાનમાં ન આવે ત્યાં સુધી અધર્મદશા છે. ચાહે તો એ વ્રત પાળતો હોય અને ઇન્દ્રિયદમન કરતો હોય ને પૂજા ભક્તિ કરતો હોય ને લાખો-કરોડોના દાન આપતો હોય. અહીં તો પૈસા ક્યાં એના બાપના છે? એના ક્યાં છે તો આપે? એ તો જડ છે. પણ એનામાં રાગ કાંઈ મંદ કરીને આપે, તો રાગનો મંદભાવ એ અચેતન પુણ્ય છે, એ આત્મા નહિ. એ જડમાં આવ્યું. એનું જ્ઞાન કરે એ આત્મામાં આવ્યું.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– પૈસા એક તો આપે ને વળી કહે, જડ છે. પણ આપે કોણ? પૈસા મારા માને તે બુદ્ધિ જડ છે. આહાહા..! જડબુદ્ધિ છે. ચૈતન્યબુદ્ધિની એને ખબર જ નથી. ભગવાન એમ પોકારે છે. એ લક્ષ્મી તો ઠીક પણ એના પ્રત્યે રાગ મમત્વ થાય, એ મારી ચીજમાંથી આવ્યો છે અને એ મને લાભદાયક છે, એ જડબુદ્ધિ છે. જડબુદ્ધિ દુનિયાના મોટા મહિનાના પાંચ-પાંચ હજાર ને શું? એક દિ'ના પાંચ-પાંચ હજાર રૂપિયા લે. એય..! હમણા એના છોકરાએ 'મુંબઈ'માં આપ્યા હતા. આઠ દિ'માં દોઢ લાખ ખર્ચ્યા. એમ કહેતા હતા. એક બેરિસ્ટર બોલાવ્યા હતા. આ 'પૂનમચંદ મલૂપચંદ' 'મુંબઈ'માં છે ને? એના બાપ આ 'મલૂપચંદ' છે આ. એનો દીકરો.

મુમુક્ષુ :– પણ સાહેબ! બાપને દીકરા નામથી ન ઓળખતા હોય. દીકરાને બાપના નામથી ઓળખે.

ઉત્તર :– એને કીધું ને. આનો દીકરો છે એમ કહો. છે કે દિ'? આ પાછો ના પાડે છે. ડીંગ મારે છે આ તો. એ તો ઓળખાવાની રીત છે. 'વાલજીભાઈ'! દીલીપને કહ્યું કે આ તારો દાદો છે. એ ડીંગ માર્યું કહે. આત્માને દાદા હશે! તારા પપ્પા, તો કહે બીજું ડીંગ. આત્માને પપ્પા હશે અને આત્માને દાદો હશે. આત્મા તો વીતરાગસ્વરૂપ છે તે આત્મા છે. રાગસ્વરૂપ એ આત્મા નથી તો પછી દાદો ને બાપો આવ્યો ક્યાંથી? ભારે ભ્રમણા. કહે છે આવી ચીજને અમે વસ્તુ આત્મા કહીએ છીએ. આહાહા..! જુઓને! એણે રાગ કર્યો ને એણે પુરુષાર્થ કર્યો ને એણે પૈસા મેળવ્યા એને અમે આત્મા કહેતા નથી.

મુમુક્ષુ :– મુનિ..

ઉત્તર :– મુનિ શું? ધર્મી, સમકિતી એને આત્મા કહેતા નથી. આહાહા..! એ.. 'કાંતિભાઈ'! બરાબર હશે આ?

**'આ લોકમાં વસ્તુ છે.'** આહાહા..! ભાષા તો જુઓ! **'इह वस्तु अस्ति'**. ચૈતન્ય ભગવાન જ્ઞાનનો સાગર, અનાકુળ આનંદનો ચૈતન્ય રત્નાકર એક જગતની ચીજ છે. આહાહા..! જગતની નથી, આવા લોકમાં આવી વસ્તુ છે. લોકયન્તે લોક ... એ તો છે ને. આવો આત્મા જ્ઞાનમાં જણાય એવો આત્મા છે એમ કહે છે. એવા આત્માને અંદરમાં જાણવો, ઓળખવો અને ઠરવું, એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રને ધર્મ કહેવામાં આવે છે. બાકી બધા એકડા વિનાના મીંડા છે. સમજાણું કાંઈ? લ્યો, એટલું લીધું હતું.

**'ભાવાર્થ :– કોઈ એમ સમજશે કે આત્માને જ્ઞાનમાત્ર કહ્યો...'** એમ કહ્યું છે ને પહેલેથી? આત્મા તો જ્ઞાનસ્વરૂપ જ છે, જ્ઞાનમાત્ર છે. જ્ઞાનમાત્ર કહેતા, રાગ, પુણ્ય અને શરીર નહિ. પણ જ્ઞાનમાત્ર કહેતા એની સાથે બીજા ગુણો નહિ, એમ નહિ. સમજાણું કાંઈ? **'કોઈ એમ સમજશે કે આત્માને જ્ઞાનમાત્ર...'** જાણવું.. જાણવું.. પ્રજ્ઞાચક્ષુ તે આત્મા. જ્ઞાનના સ્વભાવવાળું તત્ત્વ તે આત્મા. એમ જે જ્ઞાન તે આત્મા કહ્યો, જ્ઞાન એકલું નહિ પણ જ્ઞાનમાત્ર. એમાં વજન આપ્યું છે ને? **'તેથી તે એકસ્વરૂપ જ હશે.'** એમ કોઈ માને કે જ્ઞાનગુણ અને જ્ઞાનશક્તિવાળો, એટલી શક્તિવાળો હશે? **'પરંતુ એમ નથી. વસ્તુનું સ્વરૂપ દ્રવ્યપર્યાયમય છે.'** ભગવાન કેવળીએ જોયેલો જે આત્મા, એ દ્રવ્ય અને પર્યાયમય છે. જોયું! દ્રવ્યપર્યાયમય છે. દ્રવ્યપર્યાય, નિર્મળ પર્યાયની વાત લેવી. આહાહા..! વિકલ્પમય છે એ તો આત્મા જ ક્યાં છે? એ તો રાગ છે, વિકાર છે. આહાહા..!

**'વસ્તુનું સ્વરૂપ દ્રવ્યપર્યાયમય છે.'** સમુચ્ચય વાત કરી. દ્રવ્ય એટલે વસ્તુ અને પર્યાય એટલે અવસ્થા. અવસ્થા–હાલત. **'ચૈતન્ય પણ વસ્તુ છે,..'** હવે સામાન્ય વાત કરી પહેલી. હવે એ **'ચૈતન્ય પણ વસ્તુ છે,..'** આ ભગવાનઆત્મા ચૈતન્ય જાણનાર-દેખનાર એ પણ જગતની એક વસ્તુ છે. **'દ્રવ્યપર્યાયમય છે.'** દ્રવ્ય એટલે? વસ્તુ ત્રિકાળી. અને પર્યાય એટલે નિર્મળ અવસ્થા–હાલત. આહાહા..! **'દ્રવ્યપર્યાયમય છે.'** ચૈતન્ય પણ વસ્તુ છે, દ્રવ્યપર્યાયમય

છે. વસ્તુ દ્રવ્ય અને પર્યાય અભેદ છે એમ કહે છે.

**'તે ચૈતન્ય અર્થાત્ આત્મા અનંત શક્તિઓથી ભરેલો છે...'** જે કંઈ અનંત જ્ઞાનાદિ પ્રગટ થાય છે એ બધી શક્તિ અંદર પડી છે. એ કાંઈ બહારથી આવતું નથી. **'અનંત શક્તિઓથી ભરેલો છે.'** આહાહા..! **'અને ક્રમરૂપ તથા અક્રમરૂપ અનેક પ્રકારના પરિણામના વિકારોના સમૂહરૂપ...'** ક્રમરૂપ એટલે આત્માની વીતરાગી નિર્દોષ દશા, એની ક્રમરૂપ દશા અને અક્રમગુણ **'અનેક પ્રકારના પરિણામના વિકારોના...'** પરિણામની વિશેષતા. વિકાર એટલે પરિણામની વિશેષતા. વિકાર એટલે અહીં દોષના અર્થમાં નથી. વિ-કાર એટલે વિશેષ કાર્ય. એની નિર્મળદશા પુણ્ય-પાપના રાગ રહિત નિર્મળ અવસ્થાને પરિણામના પરિણામનું વિશેષ કાર્ય કહેવામાં આવે છે. વિકાર એટલે દોષ અને રાગ એ અર્થમાં આ વિકાર નથી. સમજાણું કાંઈ?

**'અનેક પ્રકારના પરિણામ...'** પરિણામ એટલે પર્યાય. એનું વિશેષ કાર્ય. **'એના સમૂહરૂપ...'** દ્રવ્ય અને પર્યાયના સમૂહરૂપ. **'અનેકાકાર થાય છે...'** અનેકાકાર, અનેક પરિણામે પર્યાય પરિણમે છે. અનેકાકાર–અનેક ગુણ અને અનેક પર્યાયને એ રાખે છે. **'તોપણ જ્ઞાનને–કે જે અસાધારણ ભાવ છે.'** આહાહા..! **'તેને–છોડતો નથી,...'** ચૈતન્યસ્વરૂપ જ્ઞાનસ્વરૂપ છે, અનેક શક્તિઓ સહિત હોવા છતાં એ જ્ઞાનમાત્રનો ત્રિકાળી સ્વભાવ એને તે છોડતો નથી. એની અવસ્થામાં પણ જ્ઞાનની અવસ્થા, જાણવાની દશા પ્રગટ થાય, એમાં એ જ્ઞાનની પર્યાય ઉછળે-ઉદય થાય, એની સાથે અનંતાગુણની પર્યાય સાથે ઉછળે અને ઉત્પન્ન થાય છે. આહાહા..! આવો આત્મા અને આ પર્યાય! ભારે મોઘું કહે છે. હવે એની ધૂળ માટે કેટલી મહેનત કરે? સગા-વહાલા મૂકી પરદેશમાં માથા ફોડે. 'આફ્રિકા' ને ઢીકણા ને ફીકણા. વળી પાંચ-પચાસ લાખ મળવા હોય તો પુણ્યને લઈને મળે. સગા-વ્હાલા..

મુમુક્ષુ :– પુણ્યને લઈને...

ઉત્તર :– પુણ્યને લઈને. એનાથી ક્યાં મળતો હતો? એ તો પૂર્વના સાતાના પરમાણુ પડ્યા હોય, ઠરવાના કાળ સોગઠી ગોઠવાય જાય. બહાર માણસો એમ કહે કે ઓ..હો..! ભાઈ! આપ બળે વધ્યા. એમ બહાર વાતું કરે. અભિનંદન આપે ને અભિનંદન? તમને શેઠિયાઓને તો બહુ અભિનંદન આપતા હોય. ભાઈ! એમના બાપ પાસે નહોતું, પણ આપબળે વધ્યા. પહેલો સાહસિક ધર્મ. ધર્મ શું? સાહસિક વેપાર. પહેલો સાહસ આવો કર્યો. સાહસ કરતા-કરતા એની પાસે બે-ચાર કરોડ ભેગા થયા. ધૂળ પણ નથી સાંભળને હવે. તારું સાહસ ત્યાં કામ કરતું હતું? એ તો પરમાણુ જડ-માટી-ધૂળ છે. ધૂળ ધૂળપણે રહી છે. તારી થઈને એ ધૂળ રહી નથી. તારી થઈને રહે તો તું અરૂપી છો તો એ અરૂપી થઈ જાય.

મુમુક્ષુ :– ... એટલે કામમાં ન આવે.

ઉત્તર :– કામમાં કે દિ' આવતી હતી. ધૂળ? માને છે મૂઢ. આ પૈસા હોય તો આમ

થાય, મોટરમાં બેસાય. શું કહેવાય તમારે? રોકેટ. રોકેટમાં જવાય. આમ .. ઊડે ... એક હજાર માઈલ એક કલાકમાં.. ધૂળમાં પણ નથી સાંભળને. આહાહા..!

**'અનેક પ્રકારના પરિણામના વિકારોના સમૂહરૂપ અનેકાકાર થાય છે...'** અનેકાકાર એટલે? આત્મા અનેક ગુણે અને અનેક નિર્મળ પર્યાયે છે. **'તોપણ જ્ઞાનને–કે જે અસાધારણ ભાવ છે...'** ચૈતન્યબ્રહ્મ ભગવાન જ્ઞાનસ્વરૂપ છે તે અસાધારણ છે. એ જ્ઞાન જડમાં નથી અને જ્ઞાન જેવો બીજો કોઈ ગુણ નથી. **'તેને–છોડતો નથી, તેની સર્વ અવસ્થાઓ–પરિણામો-પર્યાયો જ્ઞાનમય જ છે.'** લ્યો. ભગવાનઆત્માની બધી દશાઓ, હાલતો એટલે પરિણામો એટલે કે પર્યાયો એ બધા એક અર્થ છે. જ્ઞાનમય છે. જાણવા, દેખવાની દશાવાળી શ્રદ્ધા-જ્ઞાન બધું એની સાથે, જ્ઞાનની પર્યાય સાથે છે. આહાહા..!

**'આ અનેકસ્વરૂપ–અનેકાંતમય વસ્તુને જેઓ જાણે છે,...'** આવો જે અનંતગુણવાળો અને અનંત પર્યાયવાળો, અનેકાંત એટલે અનેક ધર્મવાળો **'વસ્તુને જેઓ જાણે છે, શ્રદ્ધે છે અને અનુભવે છે, તેઓ જ્ઞાનસ્વરૂપ થાય છે.'** આવા આત્માને જે અંદર વસ્તુ છે એ ભગવાન કહે છે એવી અંદરમાં જાણે, એ જાણીને શ્રદ્ધે, જુઓ! અહીં જાણવું પહેલું લીધું છે. જાણે છે. જાણીને શ્રદ્ધા થાય ને. વસ્તુ આ છે એમ જાણ્યા વિના શ્રદ્ધા કોની કરવી? ગધેડાના શીંગડાની? ૧૭-૧૮ ગાથામાં આવ્યું હતું ને?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા. એમ. એ તમારે યાદ કરવાનું બધું. એ બે-ત્રણવાર પહેલા હતા ખરાને. ત્યાં કો'ક કહે સમકિતનું જોર, કો'ક કહે જ્ઞાનનું પ્રધાનપણું. બન્નેનું પ્રધાનપણું પોતાને સ્થાને છે, સાંભળ! જાણેલાની શ્રદ્ધા હોય, જાણ્યા વિના શ્રદ્ધા કોની? શ્રદ્ધામાં તો શક્તિ નથી કે આ છે અને આ છે, આ પૂરું છે, શુદ્ધ છે એમ જાણવાની શ્રદ્ધા ક્યાં છે? આહાહા..!

જેવો આવા આત્માને ભગવાને કહ્યો એવો દ્રવ્ય શુદ્ધ, એની શક્તિ શુદ્ધ અને એની પર્યાયો જ્ઞાનમય અનેક આનંદાદિ અવસ્થામય, આવાને જે જાણે એને જે શ્રદ્ધે, અને એને અમલમાં મૂકીને અનુભવે, ઠરે, એવો જ્ઞાનસ્વરૂપ થાય તે કેવળજ્ઞાનને પામે છે. એકલી જ્ઞાનદશાને તે પ્રાપ્ત થાય છે. **'એવા આશયનું સ્યાદવાદનું ફળ બતાવતું...'** સ્યાદવાદ એટલે અપેક્ષાએ કહેવું છે. જ્ઞાનમાત્ર કહેવા છતાં બીજા ગુણો એમાં નથી એમ નથી. એવું **'ફળ બતાવતું કાવ્ય કહે છે :–'** લ્યો.

૨૬૫ કળશે.

## શ્લોક-૨૬૫

(वसन्ततिलका)

नैकान्तसङ्गतदशा स्वयमेव वस्तु-
तत्त्वव्यवस्थितिमिति प्रविलोकयन्तः।
स्याद्वादशुद्धिमधिकामधिगम्य सन्तो
ज्ञानीभवन्ति जिननीतिमलङ्घयन्तः।।२६५।।

अथास्योपायोपेयभावश्चिन्त्यते -

आत्मवस्तुनो हि ज्ञानमात्रत्वेऽप्युपायोपेयभावो विद्यत एव; तस्यैकस्यापि स्वयं साधकसिद्धरूपोभयपरिणामित्वात्। तत्र यत्साधकं रूपं स उपायः, यत्सिद्धं रूपं स उपेयः। अतोऽस्यात्मनोऽनादिमिथ्यादर्शनज्ञानचारित्रैः स्वरूपप्रच्यवनात् संसरतः सुनिश्चलपरिगृहीत-व्यवहारसम्यग्दर्शनज्ञानचारित्रपाकप्रकर्षपरम्परया क्रमेण स्वरूपमारोप्यमाणस्यान्तर्मग्ननिश्चयसम्य-ग्दर्शनज्ञानचारित्रविशेषतया साधकरूपेण तथा परमप्रकर्षमकरिकाधिरूढरत्नत्रयातिशयप्रवृत्त-सकलकर्मक्षयप्रज्वलितास्खलितविमलस्वभावभावतया सिद्धरूपेण च स्वयं परिणममानं ज्ञानमात्रमेकमेवोपायोपेयभावं साधयति। एवमुभयत्रापि ज्ञानमात्रस्यानन्यतया नित्यमस्खलितैकवस्तुनो निष्कम्पपरिग्रहणात् तत्क्षण एव मुमुक्षूणामासंसारादलब्धभूमिकानामपि भवति भूमिकालाभः। ततस्तत्र नित्यदुर्ललितास्ते स्वत एव क्रमाक्रमप्रवृत्तानेकान्तमूर्तयः साधकभावसम्भवपरमप्रकर्ष-कोटिसिद्धिभावभाजनं भवन्ति। ये तु नेमामन्तर्नीतानेकान्तज्ञानमात्रैकभावरूपां भूमिमुपलभन्ते ते नित्यमज्ञानिनो भवन्तो ज्ञानमात्रभावस्य स्वरूपेणाभवनं पररूपेण भवनं पश्यन्तो जानन्तोऽनुचरन्तश्च मिथ्यादृष्टयो मिथ्याज्ञानिनो मिथ्याचारित्राश्च भवन्तोऽत्यन्तमुपायोपेयभ्रष्टा विभ्रमन्त्येव।

---

'આ અનેકસ્વરૂપ-અનેકાંતમય-વસ્તુને જેઓ જાણે છે, શ્રદ્ધે છે અને અનુભવે છે, તેઓ જ્ઞાનસ્વરૂપ થાય છે' - એવા આશયનું, સ્યાદ્‌વાદનું ફળ બતાવતું કાવ્ય હવે કહે છે :–

શ્લોકાર્થ :– [ इति वस्तु-तत्त्व-व्यवस्थितिम् नैकान्त-सङ्गत-दशा स्वयमेव प्रविलोकयन्तः ] આવી (અનેકાંતાત્મક) વસ્તુતત્ત્વની વ્યવસ્થિતિને અનેકાંત-સંગત (-અનેકાંત સાથે સુસંગત, અનેકાંત સાથે મેળવાળી) દૃષ્ટિ વડે સ્વયમેવ દેખતા થકા, [ स्याद्वाद-शुद्धिम् अधिकाम् अधिगम्य ] સ્યાદ્‌વાદની અત્યંત શુદ્ધિને જાણીને, [ जिन-नीतिम् अलङ्घयन्तः ] જિનનીતિને (જિનેશ્વરદેવના માર્ગને) નહિ ઉલ્લંઘતા થકા, [ सन्तः ज्ञानीभवन्ति ] સત્પુરુષો જ્ઞાનસ્વરૂપ

થાય છે.

ભાવાર્થ :– જે સત્પુરુષો અનેકાંત સાથે સંસુગત દૃષ્ટિ વડે અનેકાંતમય વસ્તુસ્થિતિને દેખે છે, તેઓ એ રીતે સ્યાદ્વાદની શુદ્ધિને પામીને-જાણીને, જિનદેવના માર્ગને-સ્યાદ્વાદન્યાયને-નહિ ઉલ્લંઘતા થકા, જ્ઞાનસ્વરૂપ થાય છે. ૨૬૫.

(આ રીતે સ્યાદ્વાદ વિષે કહીને, હવે આચાર્યદેવ ઉપાય-ઉપેયભાવ વિષે થોડું કહે છે :–

હવે આનો (-જ્ઞાનમાત્ર આત્મવસ્તુનો *ઉપાય-ઉપેયભાવ વિચારવામાં આવે છે (અર્થાત્ આત્મવસ્તુ જ્ઞાનમાત્ર હોવા છતાં તેને ઉપાયપણું અને ઉપેયપણું બન્ને કઈ રીતે ઘટે છે તે વિચારવામાં આવે છે) :–

આત્મવસ્તુને જ્ઞાનમાત્રપણું હોવા છતાં પણ તેને ઉપાય-ઉપેયભાવ (ઉપાય-ઉપેયપણું) છે જ; કારણ કે તે એક હોવા છતાં *પોતે સાધક રૂપે અને સિદ્ધ રૂપે એમ બન્ને રૂપે પરિણમે છે. તેમાં જે સાધક રૂપ છે તે ઉપાય છે અને જે સિદ્ધ રૂપ છે તે ઉપેય છે. માટે, અનાદિ કાળથી મિથ્યાદર્શનજ્ઞાનચારિત્ર વડે (મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર વડે) સ્વરૂપથી ચ્યુત હોવાને લીધે સંસારમાં ભ્રમણ કરતાં, સુનિશ્ચળપણે ગ્રહણ કરેલાં વ્યવહારસમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રના પાકના પ્રકર્ષની પરંપરા વડે અનુક્રમે સ્વરૂપમાં આરોહણ કરાવવામાં આવતા આ આત્માને, અંતર્મગ્ન જે નિશ્ચયસમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રરૂપ ભેદો તે પણ વડે પોતે સાધક રૂપે પરિણમતું, તથા પરમ પ્રકર્ષની હદને પામેલા રત્નત્રયની અતિશયતાથી પ્રવર્તેલો જે સકળ કર્મનો ક્ષય તેનાથી પ્રજ્વલિત (દેદીપ્યમાન) થયેલો જે અસ્ખલિત વિમળ સ્વભાવભાવ તે-પણા વડે પોતે સિદ્ધ રૂપે પરિણમતું એવું એક જ જ્ઞાનમાત્ર ઉપાય-ઉપેયભાવ સાધે છે.

(ભાવાર્થ :– આ આત્મા અનાદિ કાળથી મિથ્યાદર્શનજ્ઞાનચારિત્રને લીધે સંસારમાં ભમે છે. તે સુનિશ્ચળપણે ગ્રહણ કરેલાં વ્યવહારસમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રની વૃદ્ધિની પરંપરા વડે અનુક્રમે સ્વરૂપનો અનુભવ જ્યારથી કરે ત્યારથી જ્ઞાન સાધક રૂપે પરિણમે છે, કારણ કે જ્ઞાનમાં નિશ્ચયસમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રરૂપ ભેદો અંતર્ભૂત છે. નિશ્ચયસમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રની શરૂઆતથી માંડીને, સ્વરૂપ-અનુભવની વૃદ્ધિ કરતાં કરતાં જ્યાં સુધી નિશ્ચયસમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રની પૂર્ણતા ન થાય, ત્યાં સુધી જ્ઞાનનું સાધક રૂપે પરિણમન છે. જ્યારે નિશ્ચયસમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રની પૂર્ણતાથી સમસ્ત કર્મનો નાશ થાય અર્થાત્ સાક્ષાત્ મોક્ષ થાય ત્યારે જ્ઞાન સિદ્ધ રૂપે પરિણમે છે, કારણ કે તેનો અસ્ખલિત નિર્મળ સ્વભાવભાવ પ્રગટ દેદીપ્યમાન થયો છે. આ રીતે સાધક રૂપે અને સિદ્ધ રૂપે-બન્ને રૂપે પરિણમતું એક જ જ્ઞાન આત્મવસ્તુને ઉપાય-ઉપેયપણું સાધે છે.)

---

* ઉપેય એટલે પામવાયોગ્ય, અને ઉપાય એટલે પામવાયોગ્ય જેનાથી પમાય તે. આત્માનું શુદ્ધ (-સર્વ કર્મ રહિત) સ્વરૂપ અથવા મોક્ષ તે ઉપેય છે અને મોક્ષમાર્ગ તે ઉપાય છે.

* આત્મા પરિણામી છે અને સાધકપણું તથા સિદ્ધપણું એ બન્ને તેના પરિણામ છે.

**આ રીતે બન્નેમાં (-ઉપાયમાં તેમ જ ઉપેયમાં-) જ્ઞાનમાત્રનું અનન્યપણું છે અર્થાત્ અન્યપણું નથી; માટે સદાય અસ્ખલિત એક વસ્તુનું (-જ્ઞાનમાત્ર આત્મવસ્તુનું-) નિષ્કંપ ગ્રહણ કરવાથી, મુમુક્ષુઓને કે જેમને અનાદિ સંસારથી ભૂમિકાની પ્રાપ્તિ ન થઈ હોય તેને પણ, તત્ક્ષણ જ ભૂમિકાની પ્રાપ્તિ થાય છે; પછી તેમાં જ નિત્ય મસ્તી કરતા તે મુમુક્ષુઓ-કે જેઓ પોતાથી જ, ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તતા અનેક અંતની (અનેક ધર્મની) મૂર્તિઓ છે તેઓ-સાધકભાવથી ઉત્પન્ન થતી પરમ પ્રકર્ષની *કોટિરૂપ સિદ્ધિભાવનું ભાજન થાય છે. પરંતુ જેમાં અનેક અંત અર્થાત્ ધર્મ ગર્ભિત છે એવા એક જ્ઞાનમાત્ર ભાવરૂપ આ ભૂમિને જેઓ પ્રાપ્ત કરતા નથી, તેઓ સદા અજ્ઞાની વર્તતા થકા, જ્ઞાનમાત્ર ભાવનું સ્વરૂપથી અભવન અને પરરૂપથી ભવન દેખતા (-શ્રદ્ધતા) થકા, જાણતા થકા અને આચરતા થકા, મિથ્યાદૃષ્ટિ, મિથ્યાજ્ઞાની અને મિથ્યાચારિત્રી વર્તતા થકા, ઉપાય-ઉપેયભાવથી અત્યંત ભ્રષ્ટ વર્તતા થકા સંસારમાં પરિભ્રમણ જ કરે છે.**

## શ્લોક-૨૬૫ ઉપર પ્રવચન

**नैकान्तसङ्गतदशा स्वयमेव वस्तु-**
**तत्त्वव्यवस्थितिमिति प्रविलोकयन्तः।**
**स्याद्वादशुद्धिमधिकामधिगम्य सन्तो**
**ज्ञानीभवन्ति जिननीतिमलङ्घयन्तः।।२६५।।**

આહાહા..! જિન નીતિ. જિનેશ્વરે કહેલો આવો માર્ગ, એને પામે તે જૈનદર્શનને ઓળંગતો નથી. આહાહા..! વીતરાગ પરમાત્મા ત્રિલોકનાથે આવો જે માર્ગ કહ્યો. વસ્તુ પૂર્ણાનંદ શક્તિવાળું તત્ત્વ, એની અંતરમાં શ્રદ્ધા કરે, જાણે અને ઠરે, એવો જે ભગવાને માર્ગ કહ્યો એને ધર્મી ઓળંગતા નથી.

'**इति वस्तु-तत्त्व-व्यवस्थितिम् नैकान्त-सङ्गत-दशा स्वयमेव प्रविलोकयन्तः આવી (અનેકાંતાત્મક)...**' અનેક અંત એટલે ધર્મ. એના ગુણ એટલે શક્તિરૂપ ધર્મ અને પર્યાયરૂપી ધર્મ, બન્ને ધર્મ. ધર્મ એટલે સ્વભાવને ધારી રાખ્યો માટે ધર્મ. ધર્મીએ ધાર્યો માટે ધર્મી અને આ એનો સ્વભાવ. '**વસ્તુતત્ત્વની વ્યવસ્થિતિને...**' લ્યો, આ એની વ્યવસ્થા. આવી જે આત્મવસ્તુ એની વ્યવસ્થિતિ. ત્રિકાળી અનંતગુણ છે અને એની અનંતી નિર્મળ અવસ્થા છે. એવી વસ્તુની વ્યવસ્થિતિ–વિશેષે અવસ્થા. એને '**અનેકાંત-સંગત (–અનેકાંત સાથે સુસંગત, અનેકાંત સાથે મેળવાળી) દૃષ્ટિ વડે સ્વયમેવ દેખતા થકા,...**' ભાષા જુઓ! એવી ચીજને પોતાના આનંદ અને જ્ઞાન દ્વારા જોતા થકા, એને પુણ્ય અને વિકલ્પ ને વ્યવહાર

*** કોટિ = અંતિમતા; ઉત્કૃષ્ટતા; ઊંચામાં ઊંચું બિંદુ; હદ.**

દ્વારા દેખતા થકા નહિ. સમજાણું કાંઈ?

પોતે જ પોતાના આનંદ અને જ્ઞાનસ્વભાવ દ્વારા પોતે પોતાને દેખતો, એવો જે ધર્મી સમકિતી. **'स्याद्वाद-शुद्धिम् अधिकाम् अधिगम्य સ્યાદ્વાદની અત્યંત શુદ્ધિને જાણીને,...'** એક ગુણથી કહ્યો છતાં અનંતગુણ ભેગા છે. એમ અપેક્ષાથી જે કહ્યું હતું. એની **'અત્યંત શુદ્ધિને જાણીને,...'** દ્રવ્ય, ગુણ અને પર્યાયની અત્યંત નિર્મળતા જેવી રીતે છે તેવી રીતે અત્યંત શુદ્ધિથી. **'जिन-नीतिम् अलङ्घयन्तः જિનનીતિને (જિનેશ્વરદેવના માર્ગને)...'** એ જિનનીતિ. લોકનીતિ જુદી અને જિનેશ્વર નીતિ જુદી. જિનેશ્વરનો માર્ગ એ આત્માના પૂર્ણ વીતરાગી સ્વભાવથી ભરેલો, એની શ્રદ્ધા-જ્ઞાન ને સ્થિરતા એ જિનેશ્વરનો માર્ગ છે. સમજાણું કાંઈ? એવા માર્ગને નહિ ઓળંગતા થકા, **'सन्तः'** સમકિતી ધર્મી પુરુષો **'જ્ઞાનસ્વરૂપ થાય છે.'** રાગરૂપ છોડીને જ્ઞાનસ્વરૂપ થાય છે. અહીં છોડીને કહ્યું. નાસ્તિથી. આવો સ્વભાવ છે એની દૃષ્ટિ કરીને ઠરે છે એ જ્ઞાનસ્વરૂપ થાય છે. આત્માનો વીતરાગનો માર્ગ આવો છે એને સમજીને શ્રદ્ધા કરે તો. અને જ્ઞાનસ્વરૂપ એકલું ચૈતન્યપણું. કેવળજ્ઞાનનો કંદ એકલો આત્મા રહી જાય છે. એ એનું પૂર્ણ ફળ છે. સાધકપણું અંદર સ્વભાવ અને શ્રદ્ધા, જ્ઞાન ને સ્થિરતા છે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૫૬૬ શ્લોક–૨૬૫ સોમવાર, પોષ સુદ ૮, તા. ૦૪-૦૧-૧૯૭૧

.... અરે..! આવો કાળ મળ્યો, ભાઈ! અહો..! સંસારમાં અનાદિથી ડૂબેલો, એને તરવાનો ટાઈમ છે. વાદવિવાદ કરવાનો આ ટાઈમ છે નહિ. થોડો કાળ ... અરે..! એમાં એનું પોતાનું કામ ન કરે તો પછી ક્યારે કરશે એ? વાદવિવાદની ને એની વાત મૂકી દે, ભાઈ! .. શાંતિ વગેરે અનંતગુણોનો, એ અનેક અંત–ધર્મવાળું તત્ત્વ છે. એવા અનંત ધર્મવાળો આત્મા, એને પહેલો પીછાણી, જાણી, અંતરમાં જઈને દ્રવ્યનો આશ્રય કરી અને એનો અનુભવ કરવો. દેખવો એટલે અનુભવ કરવો. આહાહા..! અરે..! અનાદિકાળથી લુંટાયો છે, ભાઈ! તને ક્યાંય શાંતિ નથી. સત્ મળ્યું નથી, સત્ સુણ્યું નથી, સત્ શ્રદ્ધ્યું નથી. 'શ્રીમદ્'માં આવે છે ને? ત્રણ શબ્દ આવે છે. આહાહા..!

અરે..! ભગવાનઆત્મા એવો એનો સ્વભાવ છે. અનંત અનંત બેહદ એક એક શક્તિની બેહદતા અપરિમિતતા જેની શક્તિ છે, એવી એવી અનંતશક્તિ એટલે અનંતધર્મ એમાં છે. ક્ષેત્રથી શરીર પ્રમાણે ભિન્ન દેખાવા છતાં ભાવથી તો અનંત મહિમાવાળું તત્ત્વ છે. સમજાણું કાંઈ? એવી અનેકાંત વસ્તુસ્થિતિને અનુભવો.

'સીતાજી'માં આવે છે ને. પ્રજાનો જ્યારે કોપ થયો, કે આ રાક્ષસને ઘરે રહેલી 'સીતા'ને ઘરમાં કેમ રાખી? કાને પડતાં.. એને પ્રતીત તો છે કે આ તો મહાશીયળ બ્રહ્મચર્ય મહાસતી

છે. એક પતિ સિવાય એને વિકલ્પ હોતો નથી. મહાસતી. પતિવ્રતા સતી છે પણ લોકમાં રાવણને ત્યાં રાક્ષસ સાથે થોડી રહી, ભાઈ! રાવણને જોયો એટલે શું? રાવણને જોયો એટલે શું? એને કાઢો.

'લક્ષ્મણ' કહે છે, તાત! એ શીલવંતી બ્રહ્મચારીણી છે. આપ સિવાય એને બીજું કોઈ હોય નહિ. જોયો એટલે શું થયું? એણે રાવણને જોયો, રાવણે એને જોઈ તો શું થયું? ભાઈ! જરી ઉતાવળ થાય છે. (રામ કહે છે), નહિ. પ્રજાનો કોલાહલ આવ્યો છે. હું હવે એને દિવસ નહિ રાખી શકું. લક્ષ્મણ આદિને આંખમાંથી આંસુની ધારા હાલી જાય છે. હુકમ આપે છે, જાવ. આહાહા..! બહાર આમ જ્યાં મૂકે છે ત્યાં એનો રથનો .. છે ને શું કહેવાય? સારથી. આંખમાંથી આંસુ પાડતો એમ કહે છે, માતા! 'રામચંદ્રજી' ને આપના ઉપર વીરાગ થઈ ગયા છે. આપની ઉપર રાગ રહ્યો નથી. હું પણ એક નોકર-ચાકર તરીકે, મને અહીંયાં હુકમ કર્યો છે એટલે ... અરે..રે..! આ નોકરી. આવા મહાસતી, પતિવ્રતા ધર્માત્મા, એને મારે સિંહવનમાં એકલા મૂકવા. અરે..! નોકરી! આ નોકરી! આહાહા..! આંખમાંથી રુદન ચાલ્યા જાય છે. ભાઈ! શું કરવા રુદન કરે છો? 'સીતાજી'ને ખબર નથી કે આ મને અહીં મૂકશે. માતા! આ વનમાં મૂકવા હું આવ્યો છું. શું છે? ભાઈ! 'રામચંદ્રજી'એ આ કહ્યું છે. ભાઈ! એ 'રામચંદ્રજી'ને કહેજે, પ્રજાના કારણે મને વનમાં મૂકી પણ એનો આત્માનો અનુભવ પ્રજાને કારણે ન મૂકે, હોં! એવા અજ્ઞાનીઓ બહારના માણસો એને મળશે કે આ તો બધા આવા છે ને તેવા છે. એવા કારણે 'રામચંદ્રજી'ને કહેજે, ભાઈ! આહાહા..! એવા પ્રતિકુળ સંયોગમાં, ભાઈ! આ તો ધર્મ એમ મારે કહેવું છે. કેવો પ્રતિકુળ સંયોગ. જેણે નીચે કદી પગ મૂક્યા નથી. એ નીચે ઉતરે છે. બેભાન થઈ જાય છે. ચક્કર આવી જાય છે. પછી ઉઠે છે. ભાઈ! 'રામચંદ્રજી'ને કહેજે, ભાઈ! આત્માનો અનુભવ દુનિયાની લાજે ન છોડે. પ્રજાની લાજે મને છોડી. જુઓ! આવા કાળે પણ આ. આહાહા..! ધર્મ શરણ છે. બીજું કોઈ શરણ નથી. મને અત્યારે ધર્મ શરણ છે. એને .. કહેજે. દુનિયાના પ્રતિકુળતાના અવાજ અને અણઆબરૂના ધક્કા લાગવાથી ધર્મને ન છોડશો. આહાહા..! સામે જો ભાઈ! તારું સ્વરૂપ અંદર છે. અનંત-અનંત આનંદ અને જ્ઞાનાદિ શક્તિઓનો સમૂહરૂપે પ્રભુ બિરાજે છે. આહાહા..! એ દુનિયાની લાજ અને દુનિયા પ્રતિકુળ બોલે.

'નિયમસાર'માં આવ્યું છે. કોઈક સત્યમાર્ગની નિંદા કરે, ઇર્ષ્યા કરે, ભાઈ! તું તારા સ્વરૂપને વીતરાગે કહેલા માર્ગને છોડીશ નહિ. દુનિયામાં કહેનારા અનેક મળશે. અરે..! શરણભૂત પ્રભુ આત્મા, એ અનંત-અનંત શાંતિ અને આનંદનો સાગર છે. એમાં પુણ્ય અને પાપના રાગની ગંધ નથી. એવો આત્મા ભાઈ! વીતરાગે કહ્યો છે એવો જાણી અને એ વસ્તુ સ્થિતિને અનુભવ. વસ્તુસ્થિતિને દેખજે એમ કહે છે. બીજું છોડી દે. વસ્તુની મર્યાદા જ આવી છે. આહાહા..! સમજાણું કાંઈ?

બ્રહ્માનંદ ભગવાનઆત્મા છે, એમાં એક શક્તિ નહિ પણ અનંત છે. એવું બીજે નથી. સર્વજ્ઞ સિવાય એ વાત હોતી નથી. તેથી એને સ્યાદ્‌વાદ માર્ગ કહ્યો છે. જ્ઞાનમાત્ર કહ્યા છતાં અનંતગુણથી ખાલી નથી. અનંતગુણથી હોવા છતાં જ્ઞાનને એ છોડતો નથી. એ અંદરમાં આવી ગયું ને? આહાહા..! સમજાણું કાંઈ? એવો જે આત્મા, તારા જ્ઞાનમાં એને લે. એ જ્ઞાનમાં જગતના પદાર્થોને તેં જ્ઞેય બનાવ્યા છે, પણ તારો આત્મા અનંત આનંદમય છે એને જ્ઞેય બનાવ્યો નથી. આહાહા..! જુઓ! એ વસ્તુસ્થિતિને જુઓ, એમ કહે છે ને? તારી વસ્તુસ્થિતિ જ એવી છે, ભગવાન! આહાહા..!

દુનિયાની પ્રતિકુળતાથી કે દુનિયાના ધર્મના તત્ત્વોને ન રુચનારા એવા વિરોધ પણ કરે છે. કરે, ભાઈ! એને ન બેસે તો કરે, એમાં એ શું કરે? ન બેસે એ કરે. તું તારી વસ્તુસ્થિતિ છે. એક સમયમાં અનંતા આનંદ જ્ઞાનાદિ ગુણનો દરિયો (છે), એને અનુભવ, એને જો, એને જ્ઞેય બનાવ. બીજી વાત છોડી દે. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

**'વસ્તુસ્થિતિને દેખે છે, તેઓ એ રીતે સ્યાદ્‌વાદની શુદ્ધિને પામીને-..'** ધર્માત્મા, એક જ ગુણવાળો કહ્યો છતાં, એમાં અનંતગુણ છે. જ્ઞાન એકલું છે એમ નહિ, આનંદ છે, શાંતિ, સ્વચ્છતા, વીતરાગતા. એવી તો અનંત-અનંત શક્તિ (છે). **'એ રીતે સ્યાદ્‌વાદની શુદ્ધિ...'** અપેક્ષાએ જે વાત કહી છે એની શુદ્ધિને જો. એને પામ, એવી શુદ્ધિને પામ એમ કહે છે. આહાહા..! **'જાણીને, જિનદેવના માર્ગને–'** એટલે કે વીતરાગ સ્વભાવ આત્માનો છે, એમાં બીજા અનંત સ્વભાવ છે. એવો જે સ્યાદ્‌વાદ નયનો માર્ગ, એને નહિ ઓળંગતા. સમજાણું કાંઈ? કે આટલા બધા ગુણો તો ભેદ પડી ગયા. અનંતાગુણોની અવસ્થા નિર્મળ થાય, અનંતી. અને એ અનંતને જાણે એટલે વિકલ્પ થઈ ગયો અને રાગ થઈ ગયો. એમ રાગ ક્યાં છે, ભાઈ? જાણવું એ તો એનો સ્વભાવ છે. એની સાથે અનંતગુણને જાણે છતાં નિર્વિકલ્પપણે જાણે એવો એનો સ્વભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'શુદ્ધિને પામીને–જાણીને,...'** **'अधिगम्य'** નો અર્થ છે ને એ? **'अधिगम्य'**. **'स्याद्वाद-शुद्धिम् अधिकाम् अधिगम्य'** સંસ્કૃત છે ને. **'अधिकाम् अधिगम्य '** સ્યાદ્‌વાદની શુદ્ધિને એટલે કે કથંચિત્ પ્રકારે વાત કરી હોય એ પ્રકારે, તો બીજા પ્રકારો પણ એમાં સમજી લેવા. **'જાણીને, જિનદેવના માર્ગને–સ્યાદ્‌વાદને–નહિ ઉલ્લંઘતા થકા, જ્ઞાનસ્વરૂપ થાય છે.'** જેવો જ્ઞાનાનંદ સ્વરૂપ, અહીં જ્ઞાનથી વાત લીધી છે ને? એ જ્ઞાનસ્વરૂપ થાય છે. રાગરૂપ, રાગરૂપે જે થતો, એ પોતાના સ્વરૂપની શુદ્ધિને પામીને એકલો જ્ઞાનસ્વરૂપ થઈ જાય છે. એને હવે રાગ અને પુણ્યના સંબંધ વ્યવહારે પણ રહેતા નથી. આહાહા..! ભારે કામ. સમજાણું કાંઈ? **'જ્ઞાનસ્વરૂપ થાય છે.'**

**'(આ રીતે સ્યાદ્‌વાદ વિષે કહીને,...)'** એટલે કે અનેક ધર્મોને અહીંયા એકસાથે વર્ણવ્યા. જ્ઞાનસ્વરૂપ કહ્યું હતું છતાં તેની સાથે અનેક ગુણો છે એ વર્ણવ્યા, **'હવે આચાર્યદેવ ઉપાય-**

**ઉપેયભાવ વિષે થોડું કહે છે :–)'** હવે બીજો બોલ આવ્યો. પહેલો સ્યાદ્‌વાદનો અનેકાંતનો હતો. આ આવ્યો ઉપાય-ઉપેયનો. 'અમૃતચંદ્રાચાર્યે' એટલે કહ્યું કે, **'આનો (–જ્ઞાનમાત્ર આત્મવસ્તુનો ઉપાય-ઉપેયભાવ વિચારવામાં આવે છે...'** એટલે આ ભગવાનઆત્મા જ્ઞાન સ્વભાવવાન, આનંદ સ્વભાવવાન વગેરે. એવો જ્ઞાન સ્વભાવવાન વસ્તુ, એ એકમાં બે કઈ રીતે? એ સાધકરૂપે થાય અને સિદ્ધરૂપે થાય. એક જ્ઞાન બેરૂપે શી રીતે થાય? સમજાય છે કાંઈ? ઓલામાં એમ કહ્યું હતું કે એ જ્ઞાન સાથે અનંતા ધર્મ–ગુણો છે એ અનેકાંત. અહીં કહ્યું, જ્ઞાનસ્વભાવી ચૈતન્યપ્રભુ! જ્ઞાનસ્વભાવમાં એકરૂપ જ્ઞાન એના બે પ્રકાર શી રીતે? સાધકપણે જ્ઞાન થાય અને સિદ્ધપણે પણ જ્ઞાન થાય. આહાહા..!

શું કહે છે? જ્ઞાનસ્વભાવી આત્મા પુણ્ય-પાપ ને વિકલ્પથી રહિત પ્રભુ! એવો આત્મા જ્ઞાનમય અને જ્ઞાનસ્વભાવે હોવા છતાં એ જ્ઞાનની દશા બે પ્રકારે થાય છે. એક સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ જ્ઞાનનું પરિણમન. એ સાધક. એ જ્ઞાનનું પરિપૂર્ણ પરિણમન કેવળજ્ઞાન. એક જ્ઞાન હોવા છતાં પર્યાયના બે પ્રકાર સહિત એ જ સાધક અને એ જ સિદ્ધ થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? એનું આ તત્ત્વનું આવું સ્વરૂપ છે. એ જ્ઞાનમાત્ર આત્મા કહ્યો. એને સ્યાદ્‌વાદમાં અનંતગુણો તો વર્ણવ્યા. હવે એ જ્ઞાન ચૈતન્યસ્વરૂપ છે. એ જ્ઞાનના બે પ્રકાર : ઉપાય અને ઉપેય. ઉપાય નામ તે જ્ઞાન મોક્ષના માર્ગના કારણરૂપે પરિણમે અને તે જ્ઞાન મોક્ષના ઉપેયપણે પૂર્ણપણે પરિણમે. સમજાણું કાંઈ? આહાહા..!

દ્રવ્ય તરીકે એક, ગુણ તરીકે એક, છતાં એના પર્યાય તરીકેના બે પ્રકાર. આ તો જ્ઞાનમાત્રની વાત છે. પણ એનામાં અનંતાગુણોનું એવું પરિણમન છે. સમજાય છે કાંઈ? અરે..! ભારે વાતું છે આ. ભાઈ! માર્ગ એવો છે. જન્મ-મરણના ડૂબેલા પ્રાણીને નીકળવાનો માર્ગ તો આ છે. સમજાણું કાંઈ? વસ્તુ આત્મા પદાર્થ છે અને એનો જ્ઞાનમાત્ર સ્વભાવ કહ્યો, છતાં એ જ્ઞાન જાણવું એનું સ્વરૂપ છે, એની સાથે અનંતાગુણોનું સ્વરૂપ છે એ સ્યાદ્‌વાદ એટલે અનેકાંત. હવે એ જ્ઞાનસ્વરૂપ આત્મા છે, એ પોતે જ અપૂર્ણ જ્ઞાન અને શ્રદ્ધા, આનંદની દશાપણે થાય, અને એને એ જ્ઞાન પૂર્ણ દશાપણે થાય. જુઓ! એમાં રાગને કારણે અધૂરી દશા થાય કે રાગને કારણે પૂરી (દશા) થાય એમ આવતું નથી. શું કહ્યું?

એ **'ઉપાય-ઉપેયભાવ વિચારવામાં આવે છે. (અર્થાત્ આત્મવસ્તુ જ્ઞાનમાત્ર હોવા છતાં તેને ઉપાયપણું અને ઉપેયપણું બન્ને કઈ રીતે ઘટે છે તે વિચારવામાં આવે છે) :–'** આત્મવસ્તુને.. ભગવાનઆત્મા એ વસ્તુ છે. ... છે. સમજાણું કાંઈ? જ્ઞાનમાત્રપણું હોવા છતાં પણ. જ્ઞાનમાત્ર એમ તો અભેદ જાણે એક જ થઈ ગયું. તેને ઉપાય-ઉપેયભાવ છે. સમજાણું કાંઈ? આ તારા ઘરમાં, કહે છે કે મોક્ષના માર્ગરૂપે પણ તારું જ્ઞાન થાય, અને મોક્ષની પૂર્ણદશારૂપે પણ તારું જ્ઞાન થાય. આહાહા..! એમાં કોઈ નિમિત્ત અને રાગની જરૂર નથી, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

વસ્તુ છે એ જ્ઞાનમાત્ર છે, આનંદમાત્ર છે, વગેરે. એવો આત્માનો સ્વભાવ હોવા છતાં... એમ કહે છે ને? જુઓને! **'જ્ઞાનમાત્રપણું હોવા છતાં,...'** **'આત્મવસ્તુને...'** આત્મા વસ્તુ કીધી. એનો જ્ઞાનમાત્ર ગુણ–સ્વભાવ કીધો. **'તેને ઉપાય-ઉપેયભાવ...'** એની બે પ્રકારની પર્યાય થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? ઉપાય-ઉપેયપણું છે જ, ભાષા એમ કરી છે. પોતે જ જ્ઞાનસ્વભાવ ભગવાન! સ્વના લક્ષે અપૂર્ણ જ્ઞાનપણે, શુદ્ધિપણે થાય અને એ જ જ્ઞાન સ્વને લક્ષે પૂર્ણપણે પરિણમે, એવું જ્ઞાનભાવમાં સાધકપણું અને સિદ્ધપણું, ઉપાયપણું અને ઉપેયપણું, કારણપણું અને કાર્યપણું એક ગુણમાં બે રીતે સમાવેશ પામે છે. આહાહા..! સમજાણું કાંઈ?

એવા સાધક મોક્ષમાર્ગને વિષે જ્ઞાન સ્વભાવરૂપ પરિણમન શ્રદ્ધા-જ્ઞાન અને સ્થિરતારૂપે થાય, એમાં કોઈ રાગની, વ્યવહારની આગળ કહેશે, વ્યવહાર બતાવશે. પંડિતજી! પણ વ્યવહારની જરૂર નથી. ... પછી વ્યવહાર બતાવશે. અહીંયા જે વ્યવહાર બતાવશે ત્યાં જોર આપે છે. આહાહા..! લખ્યું છે એનો અર્થ શું? એને સમજવું પડે ને. કહે છે કે, આત્મા વસ્તુની અનંતશક્તિઓથી ભરેલો એકરૂપ હોવા છતાં તેને કારણ અને કાર્યની બે દશાઓ, એક જ ગુણની બે દશાઓ થાય છે. એવો એનો સ્વભાવ, ઉપાય-ઉપેયભાવ છે જ એમ કહે છે. આહાહા..! શું કહે છે આ લ્યો. સમજવું કઠણ પડે. મોક્ષનો માર્ગ, બાપુ! એવો છે કહે છે.

વસ્તુ પોતે ચૈતન્યઘન આત્મા, આનંદનું પૂર આત્મા, શાંતિનો સાગર આત્મા. શાંતિ એટલે ચારિત્ર, એવો આત્મા એકરૂપે એટલે જ્ઞાનભાવે હોવા છતાં, રાગભાવે, પુણ્યભાવે, નિમિત્તભાવે ન હોવા છતાં, એ જ્ઞાનસ્વભાવ બે પ્રકારે પરિણમે છે. સમજાણું કાંઈ? એવો જ એનો સ્વભાવ છે, કહે છે. આત્મા આનંદમૂર્તિ જ્ઞાનસ્વભાવ છે, એમ સ્વને જ્ઞેય બનાવીને સ્વનો અનુભવ થાય, એ અપૂર્ણ જ્ઞાનની, આનંદની પર્યાય છે. પણ એનું એ જ્ઞાન વધી વધીને પૂર્ણપણે પરિણમે છે. કહો, પંડિતજી! આહાહા..! અરે..! ભગવાન! તારા ઘરના તને પત્તા ન મળે અને પરઘરની વાતો કરવા જાય. પાડોશી... 'ઘરના છોકરા ઘંટી ચાટે, પાડોશીને આટો.' એવું કાંઈ તમારે હશે હિન્દી ભાષામાં.

મુમુક્ષુ :– ..

ઉત્તર :– એ એ આ શબ્દ છે. બધે એક ચીજ હોય ને. જુઓ! એ કીધું. 'ઘરના છોકરા ઘંટી ચાટે...' અને ઘરનો પુત્ર એ કીધું એ.

મુમુક્ષુ :– .. પાડોશી કા ફેરા..

ઉત્તર :– પાડોશી કા ફેરા. ઘરના છોકરાને .. અને પાડોશીના છોકરાને કહે, શાક લઈ જાવ, ફલાણું લઈ આવ. આ ભૂખ્યો બેઠો છે એને? ઘરનો છોકરો ઘંટી ચાટે. એનો બીજો અર્થ એ કર્યો. બીજાને પરણાવે. આહાહા...! એ આવી કહેવત તમારે હિન્દુસ્તાનની છે. કહે છે, જુઓ! એ ભાષા બીજી છે. વસ્તુ તો બધે હોય જ ને. ચુલામાં રાખ જ હોય

ને. દાખલા એક જાતના હોય. ભાષા ફેર હોય. વસ્તુ તો એ જ હોય ને. આહાહા..!

કહે છે કે ભગવાનઆત્મા અસ્તિરૂપે, સત્તારૂપે, હોવારૂપે, હયાતીરૂપે પદાર્થ છે. એનામાં જ્ઞાન, આનંદાદિ અનંતગુણોથી ભરેલો છે. એક જ ગુણ નથી, અનંત છે. એ સ્યાદ્વાદથી એને કહેવામાં આવ્યું છે. એવા અનંતગુણ હોવા છતાં કહે છે કે.. અહીં તો જ્ઞાનમાત્ર કહ્યું. ઓલા ભેગા ભેળવી નાખ્યાને. જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... અનંતગુણ છે, અનંતગુણરૂપે થવા છતાં જ્ઞાનભાવને એ છોડતો નથી. શું છોડે? વસ્તુ પોતે અવિનાભાવી છે. ગુણ સાથે એની બધી પર્યાય અવિનાભાવી છે. એટલે જ્ઞાનપર્યાય વિના આનંદની પર્યાય ન હોય, આનંદની પર્યાય વિના જ્ઞાનની પર્યાય ન હોય. એ તો સાથે ને સાથે જ હોય છે. આહાહા..!

આવો ભગવાનઆત્મા અનેક ગુણવાળો હોવા છતાં અથવા એ ગુણમાત્ર હોવા છતાં, રાગ અને પુણ્યને નિમિત્તનો સંબંધ નહિ હોવા છતાં, એવા આત્મામાં બે ભાગ પડી જાય છે. એક સાધકદશારૂપે અને એક સિદ્ધદશારૂપે. એક અપૂર્ણ પરિણમન તરીકે અને એક પૂર્ણ પરિણમન તરીકે. આહાહા..! સમજાણું કાંઈ? એવું બીજે ન હોય. કાં તો સમજ્યો ન હોય તો કહે પૂર્ણ થઈ ગયો. એમ નથી. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનરૂપે થાય, તો એ જ્ઞાનનું પરિણમન સમ્યક્પણે થયું. અને કેવળજ્ઞાનપણે થાય, તોપણ એ જ્ઞાન કેવળજ્ઞાનપણે પૂરું થયું. એ જ્ઞાનની જ બે અવસ્થારૂપે જ્ઞાન પરિણમે છે. એ જ્ઞાનના જ બે પરિણામ છે. આત્મા વસ્તુ છે, એનો જ્ઞાનાદિ ગુણ છે, એના બે પરિણામ છે. એક મોક્ષના માર્ગરૂપે સાધક પરિણામ અને એક સિદ્ધના પૂર્ણ પરિણામ. એ બે જાતના પરિણામ છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'આત્મવસ્તુને જ્ઞાનમાત્રપણું હોવા છતાં પણ તેને ઉપાય-ઉપેયભાવ છે જ; કારણ કે તે એક હોવા છતાં...'** અહીં સિદ્ધ એમ કરવું છે ને કે જ્ઞાન એક છે. એના વળી બે ભાગ શી રીતે? **'તે એક હોવા છતાં પોતે સાધકરૂપે અને સિદ્ધરૂપે એમ બન્ને રૂપે પરિણમે છે.'** સમજાણું કાંઈ? બહુ માર્ગ... બાપા! તારે તરવાના માર્ગ તો કોઈ અલૌકિક છે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથે કહ્યું તે. લોકો પોતાની મેળાએ કલ્પીને બેસે એ માર્ગ નથી. અહીં તો વ્રત ને તપ કરીને પછી મોક્ષમાર્ગ થશે, એ સાધક નથી એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? ભાઈ! વ્રત કરો, તપ કરો, પૂજા, ભક્તિ, દાન એવા ભાવ કરો તો આગળ વધાશે. એમ ના પાડે છે. એમ વસ્તુનું સ્વરૂપ નથી, ભાઈ! એ તો વિકલ્પ અને રાગ છે. ભગવાન તો નિર્વિકલ્પ ચૈતન્યમૂર્તિ છે.

આવી વસ્તુની સ્થિતિ જ જેણે જાણી નથી, જોઈ નથી, થઈ નથી એને આ વાત એવી લાગે કે, આહાહા..! આ શું કહે છે? ઓલો ઓઘે ઓઘે કહે કે આત્માનો મોક્ષ થાશે. પણ મોક્ષ એટલે શું? અને મોક્ષનો માર્ગ એટલે શું? તો કહે છે, ભગવાનઆત્મા, ચેતનરૂપ એનો ચૈતન્ય સ્વભાવ, ચેતનરૂપ એનો ચૈતન્યસ્વભાવ. એ ચૈતન્યમાત્ર કહેવા છતાં, માત્ર

કહેવા છતાં એના બે ભાગ પડી જાય છે.

**'પોતે સાધકરૂપે...'** ભાષા જુઓ! જ્ઞાનસ્વભાવ પોતે સાધકપણે થાય છે. ઓલો રાગ અને પુણ્યને લઈને થાય છે એમ નથી, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આ તો અધ્યાત્મશાસ્ત્ર છે, ભાઈ! પેલા કહે કે, ભાઈ! એ વસ્તુ બધી સાચી ખરી, પણ પચાવાને લાયક નથી માટે એને આ ન કહેવાય. અરે..! ભગવાન! ક્યારે એ કરશે? પંચેન્દ્રિય થયો, સંજ્ઞી થયો, આહાહા..! ક્ષયોપશમ છે, ઉઘાડ છે. અરે..! આવે ટાણે નહિ કરે તો કે દિ' કરશે? સમજાણું? એને આ કરવા યોગ્ય કષાય એમ કહે છે. અત્યારના સાધુ છે એ વ્રતધારી ભલે હો એમાંથી કષાય-વિશુદ્ધિ વધે છે. એમ કહે, પ્રભુ! ઘણું-ઘણું ઉલટું થાય છે, ભાઈ! તારા તત્ત્વનું, હોં!

અરે..! દેહથી ભિન્ન ભગવાનઆત્મા! આ તો માટી-રજકણ છે. કર્મના રજકણોથી ભગવાન ભિન્ન–જુદો એ તો આત્મા છે, કર્મ તો જડ છે. પુણ્ય-પાપના ભાવથી જુદો, પુણ્ય-પાપ તો આસ્રવ છે અને આ તો આત્મા જ્ઞાયક છે. એ જ્ઞાયકભાવે રહેલો ભગવાન, અંતરદૃષ્ટિ કરતાં, એ જાણનાર આત્મા બે પણે પરિણમે અને પરિણામ ધારણ કરે છે. આહાહા..! વળી દ્વૈતપણું તો પાછું સાધક અને સાધ્યમાં નાખ્યું. ગુણમાં તો દ્વૈત અનંતગુણ સિદ્ધ કર્યા. આહાહા..! ગજબની શૈલી છે. આત્મા એક વસ્તુ હોવા છતાં અનંતગુણ છે એમ સિદ્ધ કર્યું, અને જ્ઞાનમાત્ર આદિ રાગ વિનાનો હોવા છતાં, એમાં ને એમાં બે ભાગ પડી જાય છે.

'પોતે સાધકરૂપે...' અંદર છે ને? નીચે કર્યું છે. **'ઉપેય એટલે પામવાયોગ્ય, અને ઉપાય એટલે પામવાયોગ્ય જેનાથી પમાય તે.'** એનું ફળ-કાર્ય. **'આત્માનું શુદ્ધ (–સર્વ કર્મરહિત) સ્વરૂપ અથવા મોક્ષ તે ઉપેય છે અને મોક્ષમાર્ગ તે ઉપાય છે.'** હવે નીચે કહ્યું. **'પોતે સાધક રૂપે...'** **'આત્મા પરિણામી છે...'** જુઓ! સિદ્ધ કેવી રીતે કરે છે! એ કૂટસ્થ નથી. કૂટસ્થ હોય તો એને ધર્મ પામવાની દશા જ સ્થાયી થઈ શકે નહિ. સમજાણું કાંઈ? નિત્ય આત્મા છે, નિત્ય છે. આ વિવર્ત બધું જૂઠું છે, એમ નથી. આહાહા..!

**'આત્મા પરિણામી છે...'** એટલે કે બદલનારો છે. **'અને સાધકપણું તથા સિદ્ધપણું એ બન્ને તેના પરિણામ છે.'** અરે..! સિદ્ધ પણ પરિણામ. પર્યાય છે ને? સમજાણું કાંઈ? આત્મા વસ્તુ છે એ નિત્ય રહીને બદલવાને લાયક પરિણામી છે. પરિણામી વસ્તુ છે, પરિણામી એટલે સહજ સ્વભાવવાળો પદાર્થ છે. એના પરિણામ બે પ્રકારના છે. એક મોક્ષમાર્ગના સાધકરૂપે થવું અને સિદ્ધરૂપે થવું એના બે પરિણામ છે. આહાહા..! હજી તો બે ગુણ ને અનંતગુણ માનવા કઠણ પડે. એક અદ્વૈત છે એમ (કહે, પરંતુ) ભાઈ! એમ નથી. વસ્તુ અદ્વૈત હોવા છતાં શક્તિઓએ દ્વૈત છે, અનંત છે. અને વસ્તુ એક હોવા છતાં રાગ અને પુણ્યના વિકલ્પ વિનાની એ ચીજ છે એનું સાધકપણું, પોતે સાધકરૂપે પરિણમે છે. શું કીધું એ?

ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ ચૈતન્યના નૂરનું પૂર. એ પોતે જ જ્ઞાન અને આનંદરૂપે

અવસ્થાપણે પરિણમે છે, કહે છે. એને રાગ અને નિમિત્ત હોય તો પરિણમે છે એમ છે નહિ. આહાહા..! ભારે આકરું કામ, ભાઈ! નવા માણસને તો એવું લાગે જાણે કે શું કહે છે આ? શું (આવો) ભગવાનનો જૈન પરમેશ્વરનો માર્ગ હશે? પરમેશ્વરના માર્ગમાં તો આઠમના અપવાસ કરવા, ચૌદશના અપવાસ કરવા, કંદમૂળ ન ખાવું, ચોવિહાર કરવો, ઊના પાણી પીવા, ઉઘાડે પગે ચાલવું, લોચ કરવો. એ તો બધી બહારની વાતો થઈ. એ આત્મામાં ક્યાં આવી? આત્મા તો એનાથી ભિન્ન ભગવાન જુદો છે. આ લોચની, ફલાણી, ઢીકણી એ ક્રિયા તો બધી જડની થઈ. ન ખાવું. કોને ન ખાય?

એના સ્વભાવમાં તો એકલો જ્ઞાન અને આનંદ ભર્યો છે કહે છે. એવો એકલું જ્ઞાન અને આનંદ હોવા છતાં, એની પ્રથમ દશામાં આત્મા સાધક મોક્ષના માર્ગપણે... અહીં તો એમ સિદ્ધ કર્યું, કે સમ્યગ્દર્શનપણે પરિણમે, એ પોતે સાધક થઈને પરિણમે છે. બીજાની એમાં અપેક્ષા છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? **'પોતે સાધક રૂપે...'** એટલે કે ચૈતન્ય ભગવાન, નિજ શક્તિથી ભરેલો ભંડાર, એ પોતે જ પોતાના લક્ષે, સાધક એટલે સમ્યગ્દર્શનરૂપે થાય છે, સમ્યગ્જ્ઞાનરૂપે થાય છે અને સમ્યક્ચારિત્રની દશાપણે થાય છે. એ ત્રણેમાં પોતે સમ્યગ્દર્શનપણે પરિણમે છે. એમાં વિકલ્પની અપેક્ષા નથી. સમ્યગ્જ્ઞાનપણે, સ્વલક્ષે દશામાં થાય છે એમાં શાસ્ત્રના ભણતર આદિની અપેક્ષા નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? ધર્મકથા બહુ સૂક્ષ્મ છે, ભાઈ!

**'પોતે સાધક રૂપે...'** વજન ત્યાં છે ને? સ્વયમેવ એમ છે ને? **'तस्यैकस्यापि स्वयं'** એમ શબ્દ છે ને? સંસ્કૃતમાં છે. **'तस्यैकस्यापि'** એક હોવા છતાં. રાગ અને પુણ્ય વિનાની વાત છે. એને આત્મા કહીએ. એવો ભગવાન એક હોવા છતાં. સ્વયં **'उभयपरिणामित्वात्'** સ્વયં બે પરિણામે થાય છે, એકલો બે પરિણામે થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? બાહ્યના શરીર અને એને કાનેથી સાંભળ્યું એની પણ અપેક્ષા સ્વયં જ્ઞાનપણે પરિણમનારને નથી. એવો જ એનો સ્વભાવ છે. જોયું! પર્યાયને બતાવતા પર્યાયને કેવી રીતે બતાવે છે? પર્યાય, પર્યાય માનેલી ચીજ એને તો કાર્ય હોય નહિ. એમાં તો પર્યાય છે એ પણે જ્ઞાન વસ્તુ પોતે સાધકપણે, સમ્યગ્દર્શનપણે, વસ્તુની અનુભવની પ્રતીતિપણે સ્વયં પરિણમે છે. સમજાણું કાંઈ? આહાહા..! આવી ધર્મની વાત સાંભળવા મળે નહિ અને બહારમાં રોકાય એને આ ચર્ચા કે દિ' થાય? આહા..!

કહે છે **'પોતે સાધકરૂપે...'** બે ઠેકાણે ક્યાં? **'પોતે સાધકરૂપે અને સિદ્ધરૂપે એમ બન્ને રૂપે...'** આહાહા..! સમજાણું કાંઈ? વસ્તુ છે આમ ચૈતન્યપ્રભુ જ્ઞાનનું નૂર, પ્રકાશનું પૂર છે એ. આહાહા..! અનંતજ્ઞાન જેનો સ્વભાવ છે, અનંતઆનંદ જેનો સ્વભાવ છે. એ જ્ઞાન એકરૂપે હોવા છતાં વસ્તુ તરીકે, ગુણ તરીકે એકરૂપે હોવા છતાં. એના પરિણમનના બે પ્રકાર સહજ થાય છે એવો એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? **'પોતે સાધક રૂપે...'** જ્ઞાન સ્વભાવ એવો

ભાવ. પોતે જ પરિણમતો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રપણે થતો, પહેલી ધર્મની દશાપણે થતો પોતે થાય છે. પંડિતજી! વ્યવહાર સમકિત અને વ્યવહારને લઈને થાય છે એમ નથી, એમ કહ્યું જુઓ! આમાં તો એમ કહ્યું છે. આહાહા..! પછી વ્યવહારનું જ્ઞાન કરાવશે.

અરે..! એને પોતાની મોટપ રુચતી નથી. કો'કનો ટેકો હોય તો થાય એવો હલકો એને માનવો છે. પોતાની ગુણની અને શક્તિની મહત્તા, એનો પ્રભાવ, એની અચિંત્યતા એવી છે કે પોતે જ ભગવાનઆત્મા જ્ઞાનગુણે એક હોવા છતાં પર્યાયમાં બેપણે પરિણમવું એના પરિણામ થવામાં પોતે જ સ્વાધીન છે. સમજાણું કાંઈ? એની રીત આ છે, પહેલી ખ્યાલમાં તો લે. ખ્યાલ વિના પ્રયોગ કોનો કરશે? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– આ સિવાયનું બધું અજ્ઞાન જ ગણાય ને?

ઉત્તર :– બધું અજ્ઞાન. રાગ ને વિકલ્પ ને પુણ્ય ને પાપ. એ બધું અજ્ઞાન છે. એને પોતાનું માને તો અજ્ઞાન છે. આવી વાત છે. આ મારી ખેતી અને વાડી અને અનાજના ડબ્બા એ બધું અજ્ઞાન છે, કહે છે. એ તો બહારમાં ગયું. આ તો અંદરમાં દયાનો, દાનનો, ભક્તિનો એક વિકલ્પ ઊઠે, એ વિકલ્પ પણ એનો નથી. એ વિકલ્પ પરિણમીને માર્ગ થાય એવો એ આત્મા નથી. આહાહા..! શું થાય? પાતાળના પાણી આવે ત્યારે એ ખૂટે નહિ. એમ ભગવાનઆત્મા એના તળિયામાં અંદરમાં અનંત જ્ઞાન-દર્શન આદિ ભર્યો છે. એનું લક્ષ કરીને જ્ઞાન પોતે જ સાધકપણે થાય છે કહે છે. પાતાળમાંથી પાણી આવીને પરિણમ્યો છે એ પોતે. આહાહા..! સમજાણું કાંઈ? આ એની રીત છે. આ એનો માર્ગ અને આ એની પદ્ધતિ છે. એ રીતને ન રાખતાં બીજી રીતે કરવા જાય, એને ધર્મ નહિ થાય. સમજાણું કાંઈ?

કારણ કે એક હોવા છતાં, શબ્દ છે ને એમાં? '**तस्यैकस्यापि**' એમ શબ્દ છે. વસ્તુ ગુણ તો એક છે ને? આનંદ એક છે. કાંઈ આનંદ બે નથી અંદર. ગુણ એક છે. વસ્તુ એક છે એમ ગુણ પણ એક એક છે. ગુણ એક હોવા છતાં... આહાહા..! ગજબ વાત કેવી કરે છે, જુઓ! વસ્તુ તરીકે આત્મા એક, એના ગુણ તરીકે અનંત. પણ એ ગુણ પોતે એક છે. ગુણનુંરૂપ ગુણપણે એકરૂપે છે. પણ એના પરિણમન તરીકે બે રૂપ થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? એ ગુણનું જે પરિણમન થાય, એ બેપણે થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? એક હોવા છતાં પોતે સાધકરૂપે–સ્વયં... આહાહા..! 'અમૃતચંદ્રાચાર્ય'ની શૈલી સ્વતંત્રતાના ઢંઢેરા પીટે છે. પોતે જ જ્ઞાનપણે પર્યાયમાં, હોં! સમ્યગ્દર્શનપણે, ક્ષાયિક સમકિતપણે પોતે પરિણમે છે.

મુમુક્ષુ :– અધિગમ સમ્યગ્દર્શન આવે છે ને?

ઉત્તર :– ગુરુગમ અધિગમ આવે છે, એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું. પોતે સ્વયમેવ પરિણમે છે. ચાહે તો ભગવાનની સમક્ષમાં હો, ક્ષાયિક સમકિત પામે તે ક્ષાયિક સમકિત

સ્વયમેવ સાધકપણે પોતે પરિણમે છે. સમજાણું કાંઈ?

ભગવાન એનો ગુણ એક હોવા છતાં, સંખ્યાએ અનંત છે પણ એમાં એક-એક ગુણ એક-એક રૂપે હોવા છતાં, એ ગુણના–પરિણમનના બે ભાગ. આહાહા..! ઓલા તો જાણે કે આ બધું શું છે? આ તો બધો દ્વૈત થઈ ગયો. અરે...! દ્વૈત છે, સાંભળને! ગુણ તરીકે અદ્વૈત છે અને પર્યાય તરીકે દ્વૈત છે. સમજાણું? દ્વૈત એટલે બે. ગુણ તરીકે એક. નહિતર પહેલો ધર્મ પ્રગટતા, પૂર્ણ તો પ્રગટ્યો નથી. અને પૂર્ણ પ્રગટે તો પછી તરત જ ખલાસ થઈ જાય, વાણી કહેવાનો અવસર એને હોતો નથી. એમ હોય નહિ. સાધકપણે પરિણમવા છતાં હજી પૂર્ણપણે થયો નથી, ત્યાં સુધી જ્ઞાનને પરિણમવાની વચલી દશા બાકી રહી જાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

પોતે **'એક હોવા છતાં પોતે સાધક રૂપે...'** આ તો ધીરાના કામ છે. વીરના કામ છે. વીરરત્ન. આણે કહ્યું હતું ને? 'હીરાભાઈ'એ કહ્યું હતું. દરબાર છે. ઓલા ડાક્ટરવાળા નહિ? એ ... લૌકિકમાં ... કાઠી. ચાંપો તે ચાંપો હોય, બાપુ! એનો બાપ કહે કે એ ચાંપો બીજે ક્યાંકથી લાવે છે, ભાઈ! સાંભળ્યું હતું ને? ચાંપાનું 'જેતપુર' ચાંપાવાળા નહોતા? એક કાઠી હતા. ચાંપાવાળો એક કાઠી હતો. એ લૌકિક પુણ્ય લઈને આવ્યો. ગમે ત્યાંથી આવ્યો માળો મરીને, એ જન્મતા જ એની આંખ પુણ્યશાળી અને વિચિક્ષણ નાની ઉંમરથી. વ્રતમાં એ માની પડખે સૂતો હશે. .... પણ બહુ નાની ઉંમરની વાત છે. એની માને એના બાપે જરીક ચાળો કર્યો. એ આમ પડખું ફરી ગયો. મોઢું ફેરવી નાખ્યું. મોઢું ફેરવ્યું અને એની માને એમ થયું કે અરે..! આ દીકરો જોઈ ગયો. એટલે અંદર જઈ, રસોડે જઈ અગ્નિમાં બળી ગઈ. બળી મરી. એવા માણસ હતા. કાઠીમાં ગરાસિયામાં એવા કેટલાક માણસ હોય છે. નીતિના પાક એવા હોય છે. એ બળી મરી ગઈ.

પછી કોઈ ગરાસિયાનું ગામ-ખેતર હશે, એના રાજાને દીકરો નહિ થાતો હોય, એટલે એનો રાજા બારોટ હતો. એ ચાંપાના બાપ પાસે આવ્યો. ગઢવીએ દરબારને રાજી કર્યા. 'ચાંપા'ના બાપને. એની મા તો મરી ગઈ હતી. રાજી કર્યો. કહે માગ માગ. એ આપા! હું માગુ એ આપવું પડશે. મારુ માગવું આકરું છે. દરબારને ઓલો બારોટ કહે છે. તું માગ કહે. મારા રાજમાં આવો, અને ત્યાં હું તમને કાઠીયાણી પરણાવું, અને અમારે રાજમાં 'ચાંપા'જેવો દીકરો જોઈએ છે. બારોટ કહે અમારા દરબારને દીકરો નથી. વચન આપ્યું, માગ, માગ. સાથે તો નીકળ્યા. એ લોકો વચનમાં (પાકા) વચન કીધું ફરે નહિ. ચાલ્યો ભાઈ. બે-ચાર ઠેકાણે ગામમાં ગયા હશે. કીધું બારોટ! મારી વાત સાંભળી છે ને કહે. 'ચાંપા'નો બાપ કહે, એ 'ચાંપો' પણ ક્યાંથી પાકશે? તું કાઠિયાણી મને પરણાવીશ. અને એની મા આમ જોયું ત્યાં બળી મરી એ ક્યાંથી પાકશે? એ એને કૂખે ચાંપા હોય. જેને તેને પરણાવીને કાઠીયાણીની કૂખે 'ચાંપો' લેવા જા, બારોટ નહિ મળે. દરબાર ...

એ 'ચાંપા' અને 'ચાંપા'ની મા જુદી જાતના હતા. એ 'ચાંપો' છે. પછી દરબારને શરીર મોટું દેખાવે હતો. કાંઈ આપણી જેમ નહિ. અને બીજાને આપણે હમણા જોયો હતો. આપણે 'જેતપુર' બહાર નીકળ્યા હતા. મોટર નીકળી હતી ને, ભાઈ! 'જેતપુર' વ્યાખ્યાન સાંભળીને નીકળી ... ઓલીકોર દરબાર મોટો આવ્યો. કે મહારાજનું વ્યાખ્યાન થઈ ગયું. મારે વ્યાખ્યાન સાંભળવું હતું. વ્યાખ્યાન થઈ ગયું. બહાર નીકળ્યા. .... એ 'ચાંપો' ક્યાં પાકે? એ બોરડીએ આંબા ન પાકે. જે તે કાઠિયાણીને પરણાવીશ તો 'ચાંપો' ક્યાંથી આવશે? એ કાઠિયાણી કેવી હતી? જેના છોકરાએ આમ જોયું તો બળીને મરી ગઈ. એવી તો જેની નૈતી હતી. એને કૂખે આવા પાકે. આ બોરડીને કૂખે બારોટ, બોરડીમાં આંબા પાકતા હશે? કાઠિયાણી જેને તેને પરણાવીશ નહિ. બોરડી સમજો છો? બેર.. બેર. ત્યાં આંબા પાકે? એમ એ 'ચાંપા'ની માની કૂખે ચાંપો હોય. એવો છોકરો તું લેવા માગ તો નહિ મળે. દરબાર પાછા ગયા.

એમ આ આત્માની અંદર એવો સ્વભાવ છે, એના કૂખમાં પેટમાં અનંત આનંદ ને જ્ઞાન ભર્યું છે. એમાંથી સમ્યગ્દર્શનની પ્રજા પાકે. રાગમાંથી પાકતી હશે? સમજાણું કાંઈ? આહાહા..! જેના પાતાળમાં અનંત જ્ઞાન અને આનંદ પડ્યો છે, એનામાંથી સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન સ્વયં પોતે થાય છે. એમાં તું દયા ને દાન ને વ્રતના રાગમાંથી સમ્યગ્દર્શન થાય, પાક માગે, નહિ પાકે. સમજાણું કાંઈ? 'લાલજીભાઈ'! આહાહા..! એમ થયું છે, હોં! અહીંયાં. અત્યારે ઘણા કાઠી દરબારો. આહાહા..!

અહીં તો કહે છે, ભાઈ! ભગવાન પોતે આનંદ ને જ્ઞાન ને શ્રદ્ધારૂપે પરિણમે છે. એના પરિણમનમાં બીજા કોઈની અપેક્ષા હોય નહિ. આહાહા..! ભારે કામ આકરું! લોકોને બિચારાને ખબર નથી, કે મારું સત્ત્વ આવું મહાપ્રભુ છે. એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ એ તો પામર રાગ-વિભાવ વિકાર છે. એમાંથી ધર્મ પાકતા હશે? એ તો વિપરીત છે, વિભાવ છે. સમજાણું કાંઈ? એ વિભાવ વિનાનો ભગવાન, સ્વભાવના રત્નથી ભરેલો પોતે પ્રભુ છે. આહાહા..! એની સામું જોયે જ્ઞાન પોતે પોતાના કારણે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપે થાય, એનું એ જ્ઞાન પોતે સિદ્ધરૂપે થાય. જુઓ! પાછું પોતે સિદ્ધરૂપે (થાય). સાધકરૂપે થયું હતું એ સાધકપણાની પર્યાય. એ થાય ત્યારે જ્ઞાન પોતે સાધક સિદ્ધપણે થાય. આહાહા..! પંડિતજી! એમાં છે કે નહિ? આહાહા..! ચૈતન્યના હારડા ચૈતન્ય રત્નાકર તો ચૈતન્યથી પાકે. રાગ ને પુણ્યના એ બધા કાંકરાથી પાકતા હશે? ઇ...

**'કારણ કે તે એક હોવા છતાં...'** એ દાખલો ભાઈ! આમાં કહ્યો હતો. ગુરુકુળમાં. આ દાખલો... આ બાયુ એવી મજબૂત કરવી કે જેથી એને સારા છોકરા પાકે. બોરડીએ કાંઈ આંબા પાકતા હશે? એ વળી ઓલાએ એવો દાખલો આપ્યો હતો. એમ કહે કે બાયુને બરાબર મજબૂત કરે અને ફલાણુ કરે. અરે..! મજબૂત કરે તો છોકરો પાકે એવો પાકે,

રાંકો પાકે, સાંભળને. ત્યાં ક્યાં શરીરને લઈને છોકરો પાકે એવું છે ત્યાં? આ નબળું શરીર હોય છતાં મહા દેખાવડો થાય એવું થાય. એની સાથે શું સંબંધ છે? એણે એ ગુરુકુળમાં એવો દાખલો આપ્યો હતો. માટે બાયુને તાજી બનાવો, ખવરાવો-પીવરાવો. લોકોને સારું લાગે, બાયુને સારુ લાગે કે આહા..! ભારે ... હોં! આપણું તો ... ભાઈઓને ... આદમી જેવા આ ... બાયુને એવી બનાવો કે સારા આંબા જેવા પાકે. સમજ્યાને? બોરડીએ આંબા ન પાકે. એ.. શેઠ! આવા દાખલા આપીને જગતને ઉંધે કાંધ મારે.

મુમુક્ષુ :- એ દૃષ્ટિ...

ઉત્તર :- એ દૃષ્ટિફેર છે.

આ તો ભગવાનઆત્મા અનંત આનંદ અને જ્ઞાનનો ભરેલો સાગર, પોતે સમ્યગ્દર્શનપણે, સાધકપણે પરિણમે અને પોતે ને પોતે સિદ્ધ એટલે પરમાત્મદશા પૂર્ણપણે થાય. એવા એક જ જ્ઞાનમાં બે ભાગ પડે છે. વિશેષ કહેશું... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૫૬૭ શ્લોક-૨૬૫ મંગળવાર, પોષ સુદ ૯, તા. ૦૫-૦૧-૧૯૭૧

આ 'સમયસાર'નું પરિશિષ્ટ છે. શક્તિનું વર્ણન છે. મૂળ તો અંતરની દૃષ્ટિ કરવા માટે આ શક્તિનું વર્ણન છે. સમજાણું કાંઈ? મૂળ દૃષ્ટિમાં, શક્તિના વર્ણનમાં આત્મા વસ્તુ છે અને આવી શક્તિઓ છે, જેનું સામર્થ્ય–સ્વભાવ એ અંતર્મુખ દૃષ્ટિ કરવાથી શક્તિઓની શ્રદ્ધાની શક્તિની પર્યાયમાં પ્રાપ્તિ થાય. સમજાણું કાંઈ? બહિર્મુખમાં આ શક્તિઓ ન આવે, પણ શક્તિ તો ગુણરૂપ છે. અને ગુણ છે એ ગુણીનું સ્વરૂપ છે, ગુણીનું સ્વરૂપ છે. ગુણી આત્મા એનું એ સ્વરૂપ છે. એટલે સ્વરૂપ એવો જે આત્મા સ્વરૂપવાન, ... શક્તિના સ્વરૂપવાળો આત્મા, એની દૃષ્ટિ કરતાં, લાખ વાત બીજી હો, આત્મા પરનું તો કાંઈ કરી શકતો નથી. રાગનું કરી શકે એમ માને એ તો અજ્ઞાનભાવ છે. કેમ કે એના ગુણમાં કોઈ વિકાર થવાનો ગુણ નથી. અને પુણ્ય ને પાપના વ્યવહારના ભાવ થાય, વ્યવહાર કરવો, દયા, દાન, વ્રતાદિ એ એના સ્વરૂપમાં નથી, એના દ્રવ્યમાં નથી, એના ગુણમાં નથી. ભારે આકરું કામ. સમજાણું કાંઈ?

એથી બાકી રહ્યો જે આત્મા, એમાં આવા અનંતાગુણો છે. 'સમયસાર' છે આ. એની દૃષ્ટિ આપતા શક્તિઓ તો અંતરમાં છે. શક્તિ કાંઈ રાગમાં, પરમાં અને એક સમયની પર્યાયમાં પણ નથી. સમજાય છે કાંઈ? કરવાનું હોય તો એણે આ કરવાનું છે. ધર્મને માટે હિતનું કરવું હોય તો. બાકી તો રાગ-દ્વેષ કરે છે એ કાંઈ એનું મૂળ નથી, એનો સ્વભાવ નથી. એ તો રખડવાના રસ્તા છે. સમજાણું કાંઈ?

કહે છે, એ શક્તિવાન પ્રભુ! કારણ કે એક સમયની પર્યાય પણ બહિર્તત્ત્વ છે.

રાત્રે આવી હતી એ જ વાત અત્યારે આવી. પુણ્ય-પાપના ભાવ બાહ્ય હોવાપણે છે, બહાર હોવાપણે છે. શરીર, વાણી, મન, અનંતપરમાણુ કે અનંત બીજા આત્માઓ એ બહાર હોવાપણે છે. એક સમયની પર્યાય પણ અંશ એ પણ અંતર્મુખના દ્રવ્યના સ્વભાવની અપેક્ષાએ એક સમયની પર્યાય બહિર્તત્ત્વ છે. આહાહા..! સમજાણું કાંઈ? એક સમયની પર્યાય છે એને સંવર, નિર્જરા, મોક્ષ, એને બહિરતત્ત્વ કહ્યું. આહાહા..! એનું કારણ છે. વસ્તુ આમ આમ, અંદર છે ને? વસ્તુ સ્વભાવ છે એ અંતર્મુખ છે. અંતર્મુખ અંતરતત્ત્વ હાથ આવે એવું છે. એ કાંઈ પર્યાયના લક્ષે અંતર્મુખ તત્ત્વ હાથ આવે એવું નથી. સમજાણું કાંઈ? આહાહા..! એથી એને અહીંયાં શક્તિનું વર્ણન કહી અને શક્તિવાન ઉપર દૃષ્ટિ દેવી કે જેથી શક્તિનું નિર્મળ પરિણમન થાય. એ નિર્મળ પરિણમન, શક્તિ અને દ્રવ્ય એને આખો આત્મા કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? એમાં ૨૪ શક્તિ થઈ ગઈ આપણે. ૨૫મી શક્તિ. એ ૪૦ શક્તિ છે. ૨૫મી શક્તિમાં શું કહે છે?

મુમુક્ષુ :– ૨૬ મી સાધારણ શક્તિ છે.

ઉત્તર :– સાધારણ એ ૨૫મી છે. સાધારણ-અસાધારણ એ ૨૫મી છે. ૨૬મી છે. પછીની છે. ૨૫ પછીની ૨૬મી છે. ૨૬મી શક્તિમાં છે શું? શબ્દો એવા થોડા ઝીણા છે.

**'સ્વ-પરના સમાન,...'** આત્માનો હોવાવાળો ગુણ, એ સ્વ. અને પરમાં પણ હોવાવાળો ગુણ એ પર. બેમાં સમાન છે. હોવાપણું આત્મામાં અને બીજામાં છે માટે એને સમાન કહે છે. સમજાણું કાંઈ? આત્મામાં અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ આદિ જે ગુણો છે, એ સ્વમાં પણ છે અને જડમાં પણ છે. એટલે બીજા દ્રવ્યો છે એમ એમાં સાથે સિદ્ધ કર્યા. સમજાય છે? વેદાંત આમ કહે, એક જ છે. એથી આ શક્તિનું વર્ણન એના ગુણમાં ટકી રહી છે. એ શક્તિ છે. એ **'સ્વ-પરના સમાન,...'** જેવો આત્મા છે, આત્મા વસ્તુ છે, પ્રદેશત્વ ગુણ છે એમ બીજા બધા .. કાળ સિવાય, બીજામાં પણ હોવાપણું, કાળમાં પણ હોવાપણું તો છે ને? એ અપેક્ષાએ સ્વ અને પરનું સમાન, એનો અર્થ છે આ પહેલો.

**'અસમાન...'** આત્મામાં જ્ઞાન અને આનંદ છે એ બીજા દ્રવ્યોમાં આ જ્ઞાન અને આનંદ જડમાં નથી. માટે બીજા દ્રવ્ય સાથે આ શક્તિ સમાનપણે નથી. વિશેષપણે અસમાન છે. સમજાણું કાંઈ? આહાહા..! સામાન્ય કહો કે સમાન કહો, વિશેષ કહો કે અસમાન કહો. સામાન્ય કહો કે સાધારણ કહો, વિશેષ કહો કે અસાધારણ કહો. આટલા શબ્દો વાપર્યા છે. આહાહા..! એની સત્તાનું સત્ત્વ, એની સત્તામાં આટલું વ્યાપેલું છે, રહેલું છે. એ હોવાપણું છે એ અસ્તિત્વગુણ, એવો અસ્તિત્વગુણ તો દરેક પરમાણુ અને સિદ્ધમાં અથવા કાળમાં અને ધર્માસ્તિમાં પણ છે. એ અપેક્ષાએ એને, બીજા પદાર્થોની હયાતીવાળો અસ્તિત્વ ગુણ, આ હયાતીવાળો, એમ બેને હયાતીવાળાની અપેક્ષાએ સમાન કહ્યો. એક જ તત્ત્વ હોય તો આ શક્તિ હોઈ શકે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

આ વેદાંતનું બહુ .. અત્યારે એમાં ઘણા .. કેટલાક. કેટલાક જૈનો પણ નિશ્ચયની વાતો આવી ને એટલે ત્યાં પણ નિશ્ચયની વાત કરે છે. એવી જ વેદાંતની છે. એ જરીયે નથી, ભાઈ! તને ખબર નથી. પણ વ્યવહારમાં એકલા જીવો એમાં પડ્યા છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, યાત્રા, મંદિર કરો, આ કરો, જાત્રા કરો આ ફર્યાફર કરે છે, એમાં ધર્મ નથી એમ જ્યાં માન્યું ત્યાં નિશ્ચય થઈ ગયો, વ્યવહાર થઈ ગયો. જૈનમાં તો એ વ્યવહાર છે એ ધર્મ છે એમ માને તો એ જૈન કહેવાય. આહાહા..! ...નામ સ્મરણ ભગવાનનું, ણમો અરિહંતાણ. આહાહા..! એનું સ્મરણ એ પણ રાગ છે. મહાવ્રતનો વિકલ્પ એ રાગ છે, ભગવાનની ભક્તિનો વિકલ્પ રાગ છે, જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ રાગ છે. હવે એ રાગમાં ધર્મ નથી અને રાગથી ધર્મ થતો નથી. એ વાત સાંભળીને કહે છે કે આ તો વેદાંત નિશ્ચય થઈ ગયું, જાવ. વ્યવહાર રહ્યો નહિ.

મુમુક્ષુ :– ખતવવું

ઉત્તર :– પણ વ્યવહાર આમાં ખતવવું જોઈએ. વ્યવહાર વ્યવહારમાં નથી? કોણે કહ્યું? સમજાણું કાંઈ? આહાહા..! રાગ, રાગરૂપ રાગમાં નથી? અને પરદ્રવ્યના, પરદ્રવ્યના હોવાપણામાં પરદ્રવ્યનું અસ્તિત્વ નથી? એ માટે તો આ સમાન શક્તિનું વર્ણન છે. કે તારામાં સમાન નામનો સાધારણ–સામાન્ય ગુણ છે. એટલે કે તારામાં પણ છે અને બીજામાં પણ છે. એવો ગુણ છે કે બીજાઓને અને તું બધા છે એમ સિદ્ધ કર્યું. સમજાણું કાંઈ? બીજા છે માટે અહીંયાં સત્તાનો ગુણ છે એમ નહિ. પોતાની માટે જ એવો ગુણ પોતામાં છે. પોતાની જ શક્તિનું વર્ણન છે ને? સ્વપણે છે અને પરમાં પણ અસ્તિત્વ છે. એવો જે એક ગુણ સાધારણ નામનો, સમાન નામનો, સામાન્ય નામનો એ ગુણનું આ વર્ણન છે. આ સમજ્યા વિના શું થાય?

**'અસમાન...'** અસમાન એટલે આત્મામાં આનંદ છે, જ્ઞાન છે, શાંતિ છે એવા ગુણો બીજા દ્રવ્યમાં નથી. માટે અસમાન–એના જેવો નહિ, બીજા જેવો નહિ. પોતામાં જ્ઞાન છે, આનંદ છે, શાંતિ એટલે વીતરાગતા છે. એ વીતરાગતા જે પ્રગટ કરવી છે, જે શાંતિ પ્રગટ કરવી છે એ કાંઈ બહારથી આવતી નથી. અંતરમાં એ ગુણ પડ્યો છે. વિશેષ નામનો કે અસમાન નામનો ગુણ અથવા અસાધારણ નામનો ગુણ, એનામાં એ પડેલો છે. ત્રણ શબ્દ વાપર્યા છે. સમાન કહો, સામાન્ય કહો કે સાધારણ કહો. અસમાન કહો, વિશેષ કહો કે અસાધારણ કહો. સમજાણું કાંઈ? આહાહા..!

**'સ્વ-પરના સમાન, અસમાન અને સમાનાસમાન...'** સ્વ છે એમ પર છે, સ્વમાં અસમાન વિશેષ છે એવો બીજામાં નથી. એવું બેનું એકરૂપ, એવું સમાન-અસમાન. એટલે સામાન્ય અને વિશેષ. એટલે સાધારણ અને અસાધારણ. **'એવા ત્રણ પ્રકારના ભાવોના...'** આહાહા..! **'એવા ત્રણ પ્રકારના ભાવોના ધારણસ્વરૂપ...'** એ ત્રણના પ્રકારના ભાવનું ધારણસ્વરૂપ પોતાથી **'સાધારણ...'** એ સમાનમાં આવ્યું. અસમાન-અસાધારણ. સમાન-અસમાન છે એમાં

સાધારણાસાધારણ. એ ત્રણ થઈને શક્તિ એક છે. શક્તિ ત્રણ નથી. સમજાણું કાંઈ? ભાષા આમાં.. ઓલું તો વાંચી ગયો ‘સમયસાર’. સમજાણું કાંઈ? પંદર દિ’માં વાંચી ગયો. ઓલો કહે મેં વાંચ્યું છે એમાં વ્યવહારથી નિશ્ચય થાય એમ આવે છે. લાવો કાઢી દઉં ‘સમયસાર’માં. ભાઈ! એને કાઢવું નથી, બાપુ! ‘સમયસાર’માંથી રાગ નહિ નીકળે, આત્મામાંથી રાગ નહિ નીકળે. ‘વેલજીભાઈ’! લાવો ‘સમયસાર’માંથી કાઢી દઉં... ‘સમયસાર’ વાંચ્યું છે, હોં! ઠીક, ભાઈ! શું કરે ત્યારે? તમે સિંહ છો તો હું સિંહનું બચ્ચું છું. ભાઈ! કોણ સિંહ, સિહનું બચ્ચું કોણ છે? ભગવાન! તું શું કરવા મોટું કરે છો? અરે..! ભગવાન! તું સિંહ છો, પરમાત્મા છો, ભાઈ! તને ભાન નથી એટલે તું પામર થઈને માને છે. એટલે જે ઓલો વ્યવહાર હોય તો મને લાભ થાય, એટલે કે મારા સ્વભાવમાં જે નથી, એવો બીજો ભાવ પામર હોય તો મને પરની સત્તા પ્રગટ થાય. એ તેં માની છે. આત્મામાં એમ છે નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે કે **‘સાધારણ-અસાધારણ-સાધારણાસાધારણ...’** ઓલું એક-એક લીધું અને ઓલું જુદું લીધું. એવી એક ૨૬મી શક્તિ એનામાં છે. એક ગુણ, હોં! પ્રગટ થયેલો ગુણ એક. એ એક ગુણ અનંતગુણમાં વ્યાપે છે. સમજાણું? જ્યાં અંદરમાં જ્ઞાન છે, ત્યાં જ અસ્તિત્વ છે, ત્યાં આનંદ છે. એમાં આ એક શક્તિ પણ ભેગી નાખી છે. આહાહા..! જ્ઞાન, આનંદ, અસ્તિ, પ્રમેયત્વ એવા ગુણો એક-એક છે, એવા અનંતા એમાં આ એક શક્તિ પણ અનંતમાં એક ક્ષેત્રે વ્યાપેલી છે. અને તે બધી શક્તિ પોતાના ઉપાદાનને કારણે સ્વયં સત્ છે. એમ આ એક શક્તિ એને નિમિત્તરૂપે છે. સમજાણું કાંઈ? અને આ શક્તિનું ધ્રુવ ઉપાદાન અને ક્ષણિક ઉપાદાન બે એક સમયમાં કામ કરે છે. પરને લઈને નહિ, પરની અપેક્ષા વિનાની વાત અહીંયાં છે. સમજાણું કાંઈ?

સમાન-અસમાન સમાન-અસમાન નામની શક્તિ, એ પોતે ધ્રુવરૂપે ગુણ કામ કરે છે અને ક્ષણિક પર્યાયમાં, ક્ષણિક ઉપાદાન કારણે રાગ અને વ્યવહારના નિમિત્તની અપેક્ષા છોડીને ક્ષણિક ઉપાદાનમાં વિશેષનું પરિણમવું, આનંદ, જ્ઞાનનું પરિણમવું અને અસ્તિ આદિનું પરિણમવું એ એક સમયે પોતાથી અંદર થાય છે. સમજાય છે કાંઈ? આહાહા..! આ સમજ.. આકરી વાત છે. આકરી ચાલે. આકરી નથી, તારા ઘરમાં છે એની વાત ચાલે છે. તારા ઘરમાં મૂડી–પુંજી કેટલી છે એની આ વાત ચાલે છે. આહાહા..!

અગિયાર અંગ ભણીને મરી જાય પણ આ જ્યાં સુધી હાથ ન આવે... સમજાણું કાંઈ? એ અગિયાર અંગનું જ્ઞાન પણ બહિરતત્ત્વ છે. આહાહા..! અંતરનો જ્ઞાનભાવ કે આનંદ સ્વભાવ, એનું પરિણમન થઈને જે જ્ઞાન (થાય), જ્ઞાન તેને કહીએ કે જ્ઞાન, જ્ઞાનરૂપે પરિણમે છે. સુખ એને કહીએ કે જે આનંદપણે પરિણમે. અને આત્મા એને કહીએ કે જે આત્માના અનંતાગુણો છે તે રૂપે તે પરિણમે, તો એ આત્મા કહીએ એમ કહે છે. આહાહા..! શું

કીધું એ સમજાણું? આત્મામાં આવા જે નિર્મળ અનંતગુણ છે, એ ગુણપણે તે પરિણમે તેને આત્મા, આત્માના ગુણપણે પરિણમે તો ગુણ થયું, દ્રવ્ય થયું. તે નિર્મળ અવસ્થાપણે પરિણમે તેને આત્મા કહેવામાં આવે છે. એકલો આત્મા અને દ્રવ્ય-ગુણ છે નહિ એમ કહે છે. પણ દ્રવ્ય-ગુણ છે એવી જ્યાં પ્રતીત આવી અને એનું જ્યાં જ્ઞાન થયું, ત્યારે આત્મા, આત્માપણે પર્યાયમાં પરિણમ્યો. આહાહા..! સમજાણું કાંઈ? આવો ધર્મ હશે? ઓલા તો એક કલાકમાં છકાયની દયા પાળવી, આ કરવું.

'શ્રીમદ્' કહ્યું, ભાઈ! હવે ઘણીવાર સાંભળી એવી છકાયની વાતું. આ સમકિતની વાત પહેલી છે. 'શ્રીમદ્' એવું કહ્યું છે. ૨૯ વર્ષમાં. છકાયની દયા પાળવી, પૃથ્વી અને પાણી જીવ છે, વાયુ જીવ છે, વનસ્પતિ જીવ છે અને એને ન મારવા અને એને બચાવવા. અને જેમ બને તેમ અણુવ્રત અને મહાવ્રત પાળવા. હવે એવી વાત તો કહે છે તમે મને અનંતવાર સંભળાવી. શિષ્યના મુખમાં 'શ્રીમદ્' મુક્યું છે. સવારથી આ માંડી છે તમે. આ સમકિતની વાત કરજો. સમકિત કેમ થાય એની. એય..! કોઈ દિ' પ્રશ્ન કર્યો છે ત્યાં? આ દીધે રાખે છે. આ વ્રત પાળો, અણુવ્રત પાળો, ઢીકણું કરીએ. એવું 'શ્રીમદ્'માં આવે છે. સમજાણું કાંઈ? એય..! 'મોહનભાઈ'!

મુમુક્ષુ :– પ્રશ્ન તો થાય.

ઉત્તર :– એટલે કે નીતિથી. એ જાતનો એટલે શિષ્યને કહે છે કે પણ તું હવે ત્યાં જઈને આખો દિ' સાંભળ્યા કરે છે. પૃથ્વી, અગ્નિ, એકેન્દ્રિયા, બેઇન્દ્રિયા, ત્રણેન્દ્રિયા, ચોઇન્દ્રિયા, અજીવિયા, વહોરિયા... હવે આ તો ... વાત તો તમે બહુ સાંભળી. અને તમે હવે આ સમકિતીની ગોઠવણ કરજો. એ છકાયની હિંસા અને છકાયની દયાના ભાવ વિનાનો કોણ છે? સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :– છકાયને ન મારવા એ સમકિતની ગોઠવણ થઈ ગઈ.

ઉત્તર :– થઈ ગઈ, જાઓ. છકાયના જીવો અનંત છે. એ પણ જ્ઞાનની એક પર્યાયમાં જાણવાનું સામર્થ્ય છે. એની દયા પાળવી કે એને મારવો એ તો એની પર્યાયમાં પણ નથી. દ્રવ્ય-ગુણમાં તો નથી પણ એની પર્યાયમાં પણ નથી. ગુણમાં નથી તો પર્યાયમાં ક્યાંથી આવે? આહાહા..! સમજાણું કાંઈ? છકાય જીવનું રક્ષણ કરો.. એવો મોટો .. છે ને એ લોકોને બે વચ્ચે? તેરાપંથી ને ... બેય ખોટા. છકાયના જીવની રક્ષણ ... અહીં કહે છે અમે અંતર્મુખ સ્વભાવ પ્રાપ્ત કરવા માટે પ્રવચન કહ્યા છે. ભાઈ! આ તો અંતર્મુખ સ્થિતિની વાત કરે છે. છકાયને માટે પ્રવચન આવ્યા નથી. આત્મા કેવો છે એને માટે પ્રવચન આવ્યા છે. સમજાણું કાંઈ?

બીજી રીતે કહીએ તો એ કોઈ ... પણ અંતર્મુખ થવા માટે, અંતરના ધ્યેયને પકડવા માટે અનેક પ્રવચનો કહ્યા છે. આ સિવાય પ્રવચનનું બીજું તાત્પર્ય કાઢે, એ પ્રવચનને પણ

સમજતા નથી અને ભગવાનના અભિપ્રાયને પણ સમજતા નથી. આહાહા..! સમજાણું? એમ પછી એમ કહે કે દેવે પણ પંચમહાવ્રત પાળ્યા હતા. દેવોએ પાળ્યા હતા અને શાસ્ત્રને કહેવું છે. આપણે ... શું કામ છે? પાળો ને મહાવ્રત અને અણુવ્રત.

મુમુક્ષુ :– દેવે પણ નથી કીધું અને ગુરુએ પણ નથી (કીધું.)

ઉત્તર :– કીધું નથી. શાસ્ત્રએ કહ્યું નથી. તને ખબર નથી. આહાહા..! આ શાસ્ત્ર શું કહે છે? દેવે કીધેલું કહે છે. ગુરુ કીધેલું એ .. આવે છે આ. ભાઈ! તારો આત્મા સામાન્યગુણવાળો અસ્તિત્વ, વસ્તુત્વ વગેરે. વિશેષગુણવાળો, જ્ઞાન અને આનંદવાળો એ ગુણનો ધરનાર તું આત્મા, એ અનંતાગુણમાં એ ગુણો વ્યાપી રહેલા છે. માટે દ્રવ્ય ઉપર દૃષ્ટિ આપતા, ધ્રુવ ઉપર દૃષ્ટિ આપતા, એ બધા ધ્રુવવાળા જે ગુણો છે, એનું પરિણમન પર્યાયમાં થાય એવો એ આત્મભાવવાળો આત્મા છે. એવો આત્મભાવવાળો એટલે પરિણમન કરે એ આત્મા છે. સમજાણું કાંઈ? આહાહા..! રાગપણે પરિણમે અને વ્યવહારપણે થાય એવો આત્મા જ નથી. તને ખબર નથી. વ્યવહાર આમાં ખતમ થઈ જાય છે. પણ એમાં છે જ નહિ ને શું ખતમ થાય? એ તો અણાત્મામાં જાય છે. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા '**સમાન, અસમાન અને સમાનાસમાન એવા...**' સાધારણ-અસાધારણ એ ભાવને ધરનારી જે શક્તિ આત્મામાં અનાદિઅનંત વસેલી-રહેલી છે. આહાહા..! પછી એને આ મંદિરો બનાવવા અને એમાં રોકાવું, એવો વિકલ્પ કહે છે કે એના સ્વભાવમાં નથી એમ કહે છે. એય..! અને બીજાને સમજાવવા અને એને બીજા સમજે એવો વિકલ્પ પણ તારા સ્વભાવમાં નથી સાંભળને. એય...! 'રામજીભાઈ'! વ્યવહાર તો લોપ, ખતમ નાશ થઈ જાય છે આમાં. વ્યવહારના પક્ષવાળા હોય ને જરી જરી એ નિશ્ચયાભાસી થઈ જશે એને એમ લાગે. આહાહા..! એય..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– કોને બનાવે અને કોણ બને?

મુમુક્ષુ :– આ વજુભાઈ બનાવે છે.

ઉત્તર :– કોઈ બનાવતું નથી. કોણે બનાવ્યું? કોણ બનાવે?

મુમુક્ષુ :– વજુભાઈને...

ઉત્તર :– 'વજુભાઈ'ને તો ઘણો ભાવ છે કે ઝટ કામ થઈ જાય, તો પણ અટકે છે વચમાં. થઈ રહ્યું ત્યારે. એનો અર્થ શું? એનાથી ક્યાં થાતું હતું? અંદર ખતવે છે ને? થઈ જાય છે. આમ છે, આમ છે. શું થયું? કહો, સમજાણું?

મુમુક્ષુ :– અમારાથી થતું ન હોય તો વજુભાઈને પૂછવું પડે ને.

ઉત્તર :– કોણ પૂછે? ભાષા પૂછે કે આત્મા પૂછે? એય..! ભાષા ભગવાનઆત્મામાં ક્યાં છે? એમ આત્મા પૂછે? આહાહા..! ભારે વાત ભાઈ! એય..! 'ચંદ્રકાંતભાઈ'! તમને

આ ખબર નથી? ... આવે ત્યારે જરા સમજશું. બેઠા છે. રૂપિયા-બુપિયા ઘણા છે. છોકરા ત્યાં છે. અને પિત્તળના-તાંબાના વાસણના ઢગલા પડ્યા છે. ... આહાહા..!

મુમુક્ષુ :- ઢગલા શું કામના? પોતે કરી શકતા નથી પછી બીજું કોણ કરે?

ઉત્તર :- એનું અસ્તિત્વ-સત્તા એનામાં, એની સત્તાનું પરિણમન એને લઈને છે. આત્માને લઈને છે? એ પણ સત્તાવાળા પદાર્થો છે. અનંત સત્તાવાળા અનંત પદાર્થો છે. અને એ એનું અસ્તિત્વ રાખીને અસ્તિત્વગુણનું વર્તમાન પરિણમનમાં એ પોતે પરિણમે છે. તારે અને એને કાંઈ સંબંધ છે એમ છે નહિ. આહાહા..! જુઓ! એમ કહ્યું કે, તારું અસ્તિત્વ છે, એવું જ અસ્તિત્વ ભલે બીજામાં હો. પણ તારું અસ્તિત્વ તારે લઈને પરિણમે છે. એનું અસ્તિત્વ એને લઈને પરિણમે છે. તારો જ્ઞાન, દર્શનનો ગુણ અસમાન-વિશેષ એ પણ તારે લઈને પરિણમે છે. દ્રવ્ય ઉપર દૃષ્ટિ આપતાં એ ગુણો ગુણપણે, જ્ઞાનપણે, દર્શનપણે જે આત્મા છે તેનો ભાવપણે, તેપણે પરિણમવું, એ એને ભાવે પરિણમે છે. એ પરને લઈને પરિણમે છે? પરને પરિણમાવે એમ છે નહિ. આહાહા..! ભારે આકરું, ભાઈ! આવો ધર્મ ... બીજા કહે, આ નવો કાઢ્યો. નવો પંથ છે, કહે. એય..! 'પ્રકાશદાસજી'! એ તો નવો પંથ કાઢ્યો. નથી સ્થાનકવાસી, નથી દેરાવાસી, નથી દિગંબર એ. કોઈને સાથે મેળ ખાતો નથી. અરે..! ભગવાન!

મુમુક્ષુ :- સ્વતંત્ર થાય.

ઉત્તર :- વસ્તુ છે ઇ છે આ. લોકો માનીને બેસે એટલે કંઈ એ પ્રમાણે થઈ જાય?

મુમુક્ષુ :- નામ રાખ્યું નહિ.

ઉત્તર :- નામ કોણ રાખે? કોના નામ છે? ધૂળના? નામરૂપ નાશવાન એ આત્માને ક્યાં છે? નામરૂપ આકાર એ પરિણમન આત્મામાં છે? કોના નામ અને કોના ઠામ? એ બધી વાતું છે. આહાહા..! અનામીના નામ શું? નામવાળાનું અનામપણું જુદું છે. આહાહા..! વસ્તુ કાંઈ અંદર છે? આ શરીરમાં. ... આને કાન કહેવું, આને આંખ કહેવી, આને નાક કહેવું, આને જીભ કહેવું, આ કહેવું, આ કહેવું, એ કાંઈ નામ નથી. 'ચંદ્રકાંતભાઈ' કોનું નામ છે આમાં? હોઠનું? જડનું કોને ક્યાં છે?

મુમુક્ષુ :- આખાને કહેવાય?

ઉત્તર :- આખાને પણ ક્યાં? આખું તો શરીર છે. એનું નામ શરીર છે. વળી પાછું 'ચંદ્રકાંત' નામ. એક નામ વળી પાછું બીજું નામ! શરીર છે, શરીર નામ છે. ... આવે છે ને? .. આવે છે. ... ... સમજાણું કાંઈ? આહાહા..! વાડાની તકરારમાં આ તત્ત્વ આખું રહી ગયું છે. ... ગયો ત્યાં ... મીંદડુ કાઢતા ઉંટડું પેસ્યું. કોણ સાચવે અને કોણ રાખે? આહાહા..! માર્ગ તે કાંઈ માર્ગ છે. વીતરાગના એકલા ભરણા ભર્યા છે. આહાહા..!

અરે..! હું આને ઉત્તર દઉં, હું આ .. એ .. મારે માટે માને છે. માટે હું કાંઈ તેને

સમાધાન કરાવું, એવું તમે માનો છો એમ નથી. પણ એવો વિકલ્પ પણ ક્યાં છે આત્મામાં? આહાહા..! એય..! અને એ વાણી પણ આત્મામાં ક્યાં છે? તે વાણીથી એને સમાધાન કરે. અને વાણીથી એને સમાધાન થાય એવું એના સમાધાનમાં પણ ક્યાં છે? ... 'પ્રવચનસાર'. એ વાણી બીજાને જ્ઞેય બનાવીને સમજાવે, બાપુ! એમ ન હોય. એ વાણી પોતે જડ છે અને બીજાનું દ્રવ્ય એનું અસ્તિત્વનું જ્ઞેય પણ ભિન્ન છે. એને જ્ઞેય બનાવીને આ વાણી એને સમજાવે, વ્યામોહમાં ન પડીશ. સમજાય છે? એમ માનીશ નહિ. આહાહા..! આ તે કાંઈ વાત છે! આત્મ-દરબારની વાતું અલૌકિક છે. સમજાય છે કાંઈ? લ્યો, એ ૨૬મી શક્તિ. ધ્રુવ ઉપાદાન, ક્ષણિક ઉપાદાન પોતાથી છે. સત્તાનો ગુણ અને જ્ઞાન, આનંદનો ગુણ એ પોતાના ને બધામાં .. પરિણમન પોતાને લઈને ... છે. એમાં ખરેખર તો વ્યવહારનો પણ અભાવ છે. કેમ કે ગુણનું પરિણમન તો ગુણમાં નિર્મળપણે પરિણમે. એમાં એ રાગપણે પરિણમે એવું એનામાં છે નહિ. એમાં તો એનો અભાવ છે. ત્યારે તે એક-એક ગુણ પણ .. એક સાથે પામે. તો પણ એ કોઈ રાગપણે પરિણમે એમ તો કોઈ દિ' નથી. આહાહા..! ચૈતન્ય તે ચૈતન્ય. કેવી આ વસ્તુ?

મુમુક્ષુ :— પ્રભુ! અલૌકિક વસ્તુ છે.

ઉત્તર :– અલૌકિક વસ્તુ છે. આહાહા..! લોકો કહે છે ને, આ વસ્તુ! એમ કહે છે. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા... ભાઈ! એ શરીરને ન ભાળ. એના ઉપર દૃષ્ટિ દઈને એ છે એમ ન જો. એને જાણનારો એનાથી તદ્દન જુદો છે. આહાહા..! એના આકારને ન જો. એ આકારનો, શરીરના અને જડના આકારનો જાણનાર, એ આકારની હયાતીને લઈને જાણનાર જુદો છે એમ નહિ. પોતાને લઈને જાણનાર જુદો છે. એ આકાર છે તો જાણનાર એનાથી જુદો છે એમ નહિ. એ આકારને લઈને એ જાણનારો છે. એમ નહિ. જાણનારને લઈને જાણનારો છે. સમજાણું કાંઈ? અગમ્ય ગમ્યની વાતું છે આ તો બધી. આહાહા..!

મુમુક્ષુ :-- ...

ઉત્તર :– .. એ મોક્ષ પામે કોણ? આહાહા..! 'નંદકુમારજી'! આવી વાતું છે.

વ્યવહારનો જેમાં અભાવ છે. વ્યવહાર ક્યો? શરીર, વાણી, મનનો નહિ. એ વ્યવહાર દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા ... સમજાવવું એવો જે વિકલ્પ, એ વિકલ્પથી તો આત્માનું સ્વરૂપ તદ્દન જુદું છે. વિકલ્પનું જ્ઞાન થાય એમ કહેવું એ પણ એક અપેક્ષાથી વાત છે. સમજાય છે? વિકલ્પ જે વ્યવહાર છે એ વ્યવહાર તો એનામાં નથી. પણ એ વ્યવહારનું જ્ઞાન અહીં કહેવું, એ પણ એમ નથી. એ તો જ્ઞાન સ્વપ્રકાશક પોતાનું પોતાને લઈને થયું છે. આહાહા..! આવો ભગવાનનો દરબાર એણે કોઈ દિ' સાંભળ્યો નથી. 'આનંદઘન પ્રભુ કે ઘર દ્વારે રટણ કરું ગુણધામા' એ આ રત્ન ગુણ, આ ગુણરત્ન કહ્યું. .. ભગવાન ભગવાન

પાસે રહ્યા. ભગવાનનો ભગવાન તો આ છે. એ ભગવાનનો જાણનારો આ છે. દેવનો દેવ તું છો. આહાહા..! ગુરુનો ગુરુ તું છો. ગુરુ પૂર્ણ પર્યાય અને તેનો ગુરુ તું દ્રવ્ય. આહાહા..! કહો, સમજાણું કાંઈ? એવું છે, 'કાંતિભાઈ'! એ કોડિયામાં સમાય એવું નથી આ.

વ્યવહાર જરી હોય ને, ... તો તેણે નિશ્ચય અને વ્યવહાર બે માન્યો કહેવાય. એય..! વ્યવહાર છે એને જાણ્યો કોણે? વ્યવહાર છે એને જાણ્યો કોણે? એ વ્યવહાર છે માટે જાણ્યો છે? વ્યવહાર છે માટે નિશ્ચય છે એમ તો નહિ, પણ વ્યવહાર છે માટે એનું જ્ઞાન થયું છે એમ નહિ. આહાહા..! એય..! આહાહા..! વાત તો એવી છે. સાધારણના ... અસાધારણ આવી ચીજ. માંડ પુરુષાર્થ સાધે એવી છે. દુર્ધર પુરુષાર્થ છે. સમજાણું કાંઈ? એમ ભાવમાં એને બેસી ગયું છે બહાર. હોવાપણું આવું જ છે, બીજું છે જ નહિ. એમ બેઠા વિના ભાવનું ભાસન સાચું થાય નહિ, ત્યાં સુધી એને સમ્યગ્દર્શન થાય નહિ. આહાહા..!

એક એક શક્તિ અનંત અનંત શક્તિવાળી છે, હોં! એક-એક શક્તિ પરિપૂર્ણ છે પણ અનંત શક્તિવાળી છે. અને એક-એક શક્તિની અનંતી પર્યાય છે. અને એક-એક શક્તિ આ જે સાધારણ-અસાધારણ આદિ કીધી, એમાં સમય સમયના પર્યાયના ષટ્કારકો સ્વતંત્ર પરિણમી રહ્યા છે. કર્તા, કર્મ, કરણ, સંપદાન, અપાદાન અને અધિકરણ. આહાહા..! કેટલી વિધિ લઈને પડ્યો છે ઇ! એનું પરિણમન જ્ઞાનનું સત્તાગુણનું સમાન-અસમાનનું એક સમયમાં જે પરિણમન છે, એ પરિણમનની પર્યાય તેની કર્તા, પર્યાય તેની કર્તા અને રાગ કર્તા નહિ. રાગનો કર્તા એ નહિ અને રાગની પર્યાય કર્તા નહિ. અને રાગની પર્યાય કર્તા નહિ, પર્યાય રાગની કર્તા નહિ. પર્યાય પર્યાયની કર્તા. નિર્મળ, હોં! એને પર્યાય કહેવી. પણ એ પર્યાયનું કાર્ય પર્યાય છે. પર્યાયનું કર્મ કાર્ય છે. કરણ પર્યાયનું સાધન પર્યાય. અપાદાન પોતાથી પર્યાય થઈ છે. ક્ષણિક ઉપાદાન એ વાત કરે છે. પોતાને આધારે થઈ છે. અને પોતે થઈને પોતે રાખી છે. એક સમયની પર્યાય થઈને રાખી છે. દાતાર પણ પોતે અને દેનારો પણ પોતે. આહાહા..! સમજાણું કાંઈ?

એક સમયની પર્યાયમાં એક-એક ગુણમાં આવા ષટ્ ગુણનું સ્વતંત્ર પરિણમન જાહેરાત આત્મપ્રસિદ્ધિ કરે છે. સમજાણું કાંઈ? એ બધું થઈને એક આત્મા. સાધારણ-અસાધારણ એવી શક્તિ, એ શક્તિનું પરિણમન થવું અને અનંતગુણનું સાથે નિર્મળ પરિણમન થવું એ જ્ઞેય. એ પર્યાયનું જ્ઞેય, દ્રવ્ય-ગુણનું જ્ઞેય. એ ત્રણ થઈને આત્મા કહેવામાં આવે છે. વચ્ચે દયા, દાન, વ્રત, વિકલ્પ (આવે) એ આત્મા નહિ, એ અનાત્મા છે. એને ભગવાને આત્મા કીધો નથી. આહાહા..! ભાઈ! વાતું આકરી પડે માણસને. વ્યવહારના...

બાપુ! તારો સ્વભાવ તો અંતરમાં છે. એના ઉકેલ કર્યા વિના તને આનંદનો લાભ થાય એવું નથી. એ ... વિકલ્પથી લાભ નથી, ભાઈ! નિર્વિકલ્પ ચીજ તે આત્મભાવે પરિણમે, સ્વભાવભાવે પરિણમે, વસ્તુનો જે સ્વભાવ છે તે રૂપે થાય, ત્યારે એને ધર્મ કહેવામાં આવે.

આહાહા..! કોઈ કોઈને ક્યાંય શરણ નથી. એ રોગમાં રગડાતો હોય, આખું કુટુંબ ભેગું થયું હોય. જોવે ટગ ટગ કરીને. ... હજાર .. હોય હજાર... ભાગો. એમાં આ સગાવ્હાલા ભાગે નહિ અને ઊભા રહે. પણ ભાગવાનો અર્થ આપણે આમાં કાંઈ કરી શકીએ એમ નથી. ભાગો એમ. નહિતર પછી .. આમ કરો, એને રાબ ખવરાવો, એને આ પીવડાવો, એને ઢાંકો, એને અગ્નિ આપો, ફલાણી ચીજ છે, ઢીકણી ચીજ છે. રોગ થયો તો એ કેવી રીતે કઢાવો. એ .. આવે છે સંચાનું. ધૂળેય કામ નહિ કરે સાંભળને. સંચો પણ જડ, એ કફ જડ, એ સંચો એને કાઢે એવું બનતું નથી. આહાહા..!

'ભાવનગર'માં નહિ? ... ભાવસિંહજી. એ પહેલું બની ગયું. એ ... પડ્યા, એ ડોક્ટર. મોટો ડોક્ટર એનો પોતાનો હોય ને? ... ડોક્ટર. ... ડોક્ટર સમજે ... આ તો છેલ્લી સ્થિતિ છે. મોટો દરબાર. .. વખતની વાત છે. ...એય..! મેં કંઈકને માવતર વિનાના કર્યા છે. મારા છોકરા માવતર વિનાના થઈ ગયા. મા ગઈ, હું હવે જાવ છું. આ છોકરા 'કૃષ્ણકુમાર'ને એ બધા નાના હતા એ વખતે. જુઓ! શું છે એને ખ્યાલ નથી. અહીં બધું નીકળે છે. એ જે આવ્યો છે એ શ્વાસ બંધ થવા માટે આવ્યો છે. અને કાઢવા જાય ત્યાં ફટ દઈને બીજો તૈયાર થશે ત્યાં. બાપા! એ જડની ક્રિયા! એ જડની ક્રિયા તું જાણ એ પણ વ્યવહાર કહેવાય. કરે તો શેનો? આહાહા..! સમજાણું કાંઈ?

જુઓ! આપણા ભાઈઓ હતા ને? ... ઓલા 'મુળજીભાઈ'. 'મુળજીભાઈ લાખાણી'. ... માણસ. એ કેવો રોગ આવ્યો શું કહેવાય આ તમારું? ... ભરાવદાર શરીર. લોકો કહે. બોલાવો 'લાલુભાઈ'ને. 'લાલુભાઈ'ને બાપ-દીકરા જેવો સંબંધ હતો. ભાઈ! .. રસ્તામાં રહે. ... એટલો પ્રેમ હતો ને. ઘણા વર્ષની વાત છે. તમે હતા? ના પાડે. એને કહે સાદ પાડ. ૫૦-૫૫ ... ડોક્ટર કહે આ 'લાલુભાઈ' ... છે. એય..! ઓલા કહે 'લાલુભાઈ'ને બોલાવો, ઓલા કહે ડોક્ટરે બોલાવો. છેલ્લી સ્થિતિ હતી. પહેલા તો આવું થઈ ગયું હતું. .... અરે..! 'લાલુભાઈ' કહે 'મુળજીભાઈ' એ શરીરનો ધર્મ આત્મા જાણે છે. શરીરનો ધર્મ શરીરમાં છે. આત્મા જાણે છે. સમજાણું કાંઈ? ત્યારે માળો બોલો છે કે, આત્મા શરીરના રોગને જાણે કે જ્ઞાન પોતાને જાણે? મરવા ટાણે હોં! ... રોગ છે એની સામું જો, ભાઈ! રોગ સામું જોવું છે? .. છે ને?

રોગને જાણવો કે આત્માને જાણવો? કોણ જાણતું હતું એને? એ પર્યાયને જાણે, રોગની પર્યાય તો પોતાને જાણવાની પર્યાય છે. રોગને જાણવાની પર્યાય તો એ તો જ્ઞાનની પર્યાય જ્ઞાનથી થઈ છે. એ રોગને લઈને થઈ છે? આહાહા..! એવો ભગવાનઆત્માને જોવો કે આને જોવો? એય..! 'મોહનભાઈ'! 'એક રે દિવસ એવો આવશે જાણે કોઈ નથી રે.' એક દિવસ એવો આવશે. આહાહા..! .... ઓલા રૂપિયા ભેગા કર્યા એ શરીરને સવારમાં આપ્યા હશે. બદામ, પિસ્તા એ ... હોય. કાલે કીધું ને ઓલો છોકરો મોસંબી આપી આ તો બહુ

એલા ... ભાઈનો દીકરો. મોસંબી જ્યાં આપી ત્યાં ... લઈ ગયો. એનું કરી શકે કોણ? ત્યાં સામે ઊભા ... અરે..! બાપા! ને દુઃખ બહુ. ઊંડું ઊંડુ એને થઈ જાય કે હવે ઝટ છૂટી તો. તો છૂટી ગયો ત્યાં ...? ત્યાં ખાટલો પાથરીને બેસી જશે તો .. થાય?

જ્યાં સમાધાન કરવાનું છે ત્યાં જાતો નથી અને અહીં જવા દો. સમાધાન કર આનંદમૂર્તિ છું. મારામાં દુઃખ નથી અને દુઃખનું જાણવું એ મારામાં છે નહિ. સ્વને જાણતા દુઃખનો ભાવ એમાં જણાય જાવ એ જુદી વાત છે. સમજાણું કાંઈ? આવો અંતરમાંથી નિર્ણય આવ્યા વિના એ સ્વસન્મુખ થઈ શકશે નહિ. સમજાણું કાંઈ? સ્વસન્મુખના અંતર વિના એની કોઈ ... કરશે નહિ. બહારને કારણે કોઈ .. નથી. એ .. જોયું નથી એને? એ તમારા મોટા ભાઈને એ બધા પૈસા ... કરે છે? ... લ્યો આ તો સગા ભાઈઓ છે. કોણ સગા? કોણ કોના? ... જોવે કે આ ... એ છે કોણ? સાધે કોણ?

અહીં તો કહે છે કે એ ગુણનું પરિણમન પોતાથી થતાં જેને રાગ અને પરની અપેક્ષા પણ છે નહિ. આહાહા..! એવું જ આત્માનું દ્રવ્ય અને સ્વરૂપ છે. આ રીતે સ્વરૂપને અને આત્માને ન માને અને ન જાણે, ત્યાં સુધી આત્માથી વિપરિત માન્યતા એવી છે કે તત્ત્વને જ એણે માન્યું નથી. આહાહા..! સમજાણું કાંઈ? હવે ૨૭મી શક્તિ. ઓહોહો..! ગજબ કામ કરે છે ને. હવે કહે છે. તારામાં અનંતસ્વભાવથી ધારણ થયેલો એક ભાવ એવો અનંત ધર્મત્વ શક્તિ છે. એ અનંતધર્મત્વ નામનો એક ગુણ છે. આહાહા..!

જેટલા ધર્મો છે. એ બધા ધર્મો એ વિલક્ષણ છે. વિલક્ષણ એટલે? પરસ્પર ભિન્નલક્ષણવાળા છે. જ્ઞાન છે એનું જાણવું ... દર્શન એની પ્રતીત .... વગેરે વગેરે તે ગુણનું લક્ષણ જુદું-જુદું. અનંતાગુણોનું લક્ષણ, અનંતા લક્ષણો એક-એક ગુણને લાગુ પડે છે. ભાષા જુઓ! **'વિલક્ષણ...'** એટલે ચૈતન્યથી અજીવ વિલક્ષણ. આ ચૈતન્યથી આ અજીવ વિલક્ષણ છે. એમ ચૈતન્યથી વિકાર વિલક્ષણ છે. .. અહીં તો એક ગુણથી બીજો ગુણ વિલક્ષણ છે. આહાહા..! એ 'તત્ત્વાર્થસાર'માં નાખ્યું છે. ... એમ કે આ અજીવ છે એ જીવના લક્ષણથી વિલક્ષણ છે. વિલક્ષણવાળી ચીજ વિકારમાં નિમિત્ત થાય. પોતાના લક્ષણવાળી ચીજ વિકારમાં નિમિત્ત થાય નહિ. એમ કરીને અજીવને .. સ્થાપ્યું છે. 'તત્ત્વાર્થસાર'માં છે. ... છ દ્રવ્યની સિદ્ધિ. .. તમે આવ્યા પહેલા. 'તત્ત્વાર્થસાર' .. હતું. એમાં એક વિલક્ષણ મૂક્યું હતું. સિદ્ધ કરવા અજીવને કે જીવના લક્ષણથી વિલક્ષણ એવું બીજું તત્ત્વ જો ન હોય, તો વિલક્ષણ વિના, તત્ત્વ વિના, આશ્રય વિના ... નહિ. કહો, સમજાણું કાંઈ?

એમ તો આ આત્માના ગુણના લક્ષણથી, બીજાના ગુણનું લક્ષણ પણ વિલક્ષણ છે. પણ અહીં તો આત્મામાં જેટલા ગુણો છે, એક ગુણના લક્ષણથી બીજા ગુણનું વિલક્ષણ બીજું છે. સમજાણું કાંઈ? આ આત્માનો કરિયાવર બતાવે છે. આહાહા..! કરિયાવર સમજો છો? કન્યાને ...? કરિયાવરમાં આપે. પચ્ચીસ સાડલા, દાગીના, પાંચશેર તોલા સોનું. જેના

જેના પ્રમાણમાં. એ મોટામાં મોટું હોય, નાનામાં નાનું હોય. કરિયાવર છે. અમારે કરિયાવર કહે. એ સગાવ્હાલાને બોલાવે. ... રાખે. એ વીંઝણો છે, આ ઢીકણું છે, આ આ છે. એમ અહીં ભગવાન કહે છે કે તમે .. મોક્ષમાં. સમજાય છે? આ એમાં તારા કરિયાવર જો જો આ તારી પાસે મૂડી આટલી છે. એ લઈને તારે જાવું છે. એય..! 'ચંદ્રકાંતભાઈ'! આહાહા..!

એને એના ભાવમાં એ વાત બેસવી જોઈએ. એકલી શબ્દે ન લેવી જોઈએ. એવી સ્થિતિ ગુણની હોય છે. અનંતગુણ છે કે દરેક ગુણનું લક્ષણ જુદું. આહાહા..! પ્રમત્ દ્રવ્ય તો ભલે ભિન્ન રહ્યા, આ એક દ્રવ્યથી અનંતા આત્માઓ અને અનંતા પરમાણુઓ ભલે ભિન્ન રહ્યા. વિલક્ષણ તત્ત્વો. પણ આત્મામાં જેટલા ગુણ છે એ એક-એક ગુણથી બીજું ગુણ વિલક્ષણ છે. એક ગુણનું લક્ષણ તે બીજા ગુણનું લક્ષણ છે નહિ. આહાહા..! જાણવું એનું લક્ષણ. ત્યાં .. એનું લક્ષણ ... સ્વચ્છતા, પ્રભુતા, દર્શન, જ્ઞાન, ચારિત્ર.. વગેરે દરેકગુણનું લક્ષણ .. સ્વતંત્ર છે. એથી એક ગુણનું લક્ષણ છે એ બીજા ગુણનું નથી. તે એક ગુણથી બીજાગુણોનું લક્ષણ તે વિલક્ષણ છે. હારે... હારે.. ગજબ વાત છે ને? એય..! '...ભાઈ'! એવું સાંભળ્યું નથી. એવી વાતું કરીને બેઠો હોય ડાહ્યો થઈને. પણ એણે સાંભળ્યું નથી. એ સત્યના દરબાર જુદી જાતના છે. સમજાણું કાંઈ?

આટલા બધા સત્‌ગુણો તે તે લક્ષણે લક્ષિત. પણ બીજા ગુણો તે તે લક્ષણે લક્ષિત નથી. વિલક્ષણ છે. એક દ્રવ્યમાં સાથે રહેલા અસંખ્યપ્રદેશમાં. આહાહા..! જેના પ્રદેશ એક, જેનો કાળ એક પણ દરેકના ગુણ લક્ષણો ભિન્ન. આહાહા..! નહિતર અનંતગુણ સિદ્ધ થશે નહિ. આહાહા..! 'કાંતિભાઈ'! આહાહા..! આવી વાત તો ક્યાંય... ... એકલો આત્મા એનું વિલક્ષણ જ્ઞાન. હવે એ જ્ઞાનનું લક્ષણ જાણવું. એવા અનંત-અનંતગુણો તે પણ એક છે, એક ક્ષેત્રે છે, એક કાળે છે, એક દ્રવ્યમાં છે. છતાં વિલક્ષણ. આહાહા..! આવા વિચારમાં રોકાય તો એને બીજા બધા વિકલ્પો તૂટી જાય. આહાહા..! ....

કહે છે. આ વિલક્ષણની વ્યાખ્યા થઈ. '**(-પરસ્પર ભિન્ન લક્ષણોવાળા)...**' આત્મામાં જેટલા ગુણો છે ધર્મો. અહીં ધર્મ શબ્દ વાપર્યો છે. એનો સ્વભાવ છે ને? .. માટે. એ અનંતા જે છે. એ ભિન્ન લક્ષણવાળા છે. ભાઈ! વેદાંત તો કહે કે એક આત્મા અને એ જ્ઞાન એમ બે કહે એ ઠીક નહિ. એય..! અહીં તો કહે છે કે એક આત્મામાં અનંતાગુણો તે દરેકનું લક્ષણ ભિન્ન. આહાહા..! આવી વાત તો ગળે ઉતરે એમ નથી. સમજાણું કાંઈ? પાખંડીઓને પ્રસિદ્ધ ... આકારવાળો... આ 'હિતેનભાઈ'.

મુમુક્ષુ :– આશ્ચર્ય.. છે.

ઉત્તર :– આહાહા..! ... 'મગનભાઈ'એ બીજા પાંચ ... આપ કાંઈ જૈનધર્મના ... ૨૨ વર્ષ થયા. ... એ બધા ડાહ્યા માણસો કહેવાય, દુનિયાના માને એને કહ્યું પોતાની ચતુરાઈમાં કેટલાક તો ડહાપણમાં મરી ગયા. સમજાણું કાંઈ? .... સમજાણું કાંઈ? આહાહા..!

... ભગવાનઆત્મા લોકવ્યાપક નથી. લોકવ્યાપક નથી. લોકવ્યાપક માનનારા પાખંડીઓનો પ્રસિદ્ધરૂપ ... એવો એ આત્મા નથી. પાખંડીઓએ એમ માન્યું છે. ... એક આત્મામાં આવડી તાકાત એને તું અનંતમે ભાગે નાખી દે તો ..? એક દ્રવ્યમાં અનંતાગુણો, એને તું બધાના આત્માથી એક કરી દે, તે તો ગજબ કરી નાખ્યું. એક-એક આત્મામાં અનંત વિલક્ષણવાળા ગુણો, એને તું અનંતઆત્મા અને અનંતપરમાણુ થઈ બધું વ્યાપક એક છે. મિથ્યાદૃષ્ટિએ પાખંડ કરીને સાધન મનાવ્યું છે. 'પ્રકાશદાસજી'! ભારે આ. આહાહા..!

એવા **'એવા અનંત સ્વભાવોથી ભાવિત...'** એવા અનંત સ્વભાવોથી ભાવિત... **'એવો એક ભાવ...'** પાછો. અનંતધર્મ બધાનો એક ગુણ છે ને? આહાહા..! કહો, સમજાણું કાંઈ? એને એક ભાવ છે. આ એક ગુણ છે આવો. અનંતગુણમાં વિલક્ષણવાળો આ એક ગુણ એ અનંતધર્મત્વશક્તિ છે. અનંતધર્મત્વશક્તિ. એને અહીંયાં ૨૭માં વાત કરી છે. વિશેષ કહેશે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૫૬૮ શ્લોક-૨૬૫ બુધવાર, પોષ સુદ ૧૦, તા. ૦૬-૦૧-૧૯૭૧

પરિશિષ્ટ. કહે છે કે અનાદિકાળથી જીવ પોતાના સ્વરૂપથી એને વિપરીત દૃષ્ટિ છે. એ અનાદિકાળથી છે. એનો શુદ્ધ અને આનંદ સ્વભાવ, એવો ચૈતન્ય રત્નાકર સ્વભાવ પણ અનાદિ(નો) છે અને એની ભૂલ પણ એની દશામાં અનાદિ(ની) છે. **'એ અનાદિકાળથી મિથ્યાદર્શનજ્ઞાનચારિત્ર વડે (મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર વડે) સ્વરૂપથી ચ્યુત હોવાને લીધે...'** પોતાનો સ્વભાવ આનંદ અને જ્ઞાન અને શાંતિનો સ્વભાવ છે. એનાથી અનાદિથી બહાર ક્રિયાકાંડના પુણ્ય-પાપના ભાવ, એમાં એની દૃષ્ટિ હોવાથી એ મિથ્યાદર્શનને લઈને, મિથ્યાજ્ઞાનને લઈને, મિથ્યા રાગ-દ્વેષના ચારિત્રને લઈને સ્વરૂપથી ચ્યુત હોવાને લીધે, પોતાનું નિજ આનંદ સ્વરૂપ, એનાથી ચ્યુત છે–ભ્રષ્ટ છે. **'સંસારમાં ભ્રમણ કરતા,...'** એ સંસારમાં ભ્રમણ ચોરાશીના અવતાર આવા કરતાં હવે એને ધર્મ પામવાનો અવસર દે છે. અહીં તો મુનિને મુખ્ય કરીને ઉપદેશની વાત છે. મુનિ છઠ્ઠે ગુણસ્થાને હોય છે એને આવો વ્યવહાર હોય અને એનો અભાવ કરીને દર્શન-જ્ઞાન-ચારિત્રની ત્રણની એક્તાનો અનુભવ કરે એની વાત છે. સમજાણું કાંઈ?

**'સુનિશ્ચળપણે ગ્રહણ કરેલાં...'** એટલે કે આત્મદર્શન તો છે, આત્મજ્ઞાન પણ છે પણ ચારિત્રની એકાગ્રતા સાતમે ગુણસ્થાને જોઈએ એવી નથી. સમજાણું કાંઈ? એવા **'સુનિશ્ચળપણે ગ્રહણ કરેલાં વ્યવહારસમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર...'** છઠ્ઠે ગુણસ્થાને એને આત્મદર્શન છે, જ્ઞાન છે અને ચારિત્રનો અમુક ભાગ પણ છે. એને વ્યવહારના દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચમહાવ્રતનો વિકલ્પ, નવતત્ત્વની શ્રદ્ધાનો વિકલ્પ અને પંચમહાવ્રત આદિ, એના

**'વ્યવહારદર્શનજ્ઞાનચારિત્રના પાક...'** એટલે એમાં રાગ ઘટતો જાય. વ્યવહારમાંથી રાગ ઘટતો જાય, નિશ્ચયમાં આરૂઢ થવાની તૈયારી કરે. સમજાણું કાંઈ?

**'પરંપરા વડે...'** છે ને? **'પાકના પ્રકર્ષની પરંપરા વડે...'** પરંપરા વડે. રાગ ઘટતો જાય છે ને? સ્વભાવનો આશ્રય છે એટલે રાગ ઘટતો જાય છે. શુભરાગ છે ખરો. ઓહોહો..! આ ધ્યાન અને આ વસ્તુ છે. ચૈતન્યસ્વરૂપ આનંદમૂર્તિ એનું ધ્યાન કરીને સમ્યગ્દર્શન પામે છે, સમ્યગ્જ્ઞાન પામે છે અને ચારિત્રની પૂર્ણતાની ત્રણની (દર્શન-જ્ઞાન-ચારિત્રની) એક્તા એ સાતમે ગુણસ્થાને થાય છે. એ પહેલા એને આવો વ્યવહાર છઠ્ઠે ગુણસ્થાને હોય છે. 'વજુભાઈ'! સમજાણું કાંઈ? એકલો વ્યવહાર પકડ્યો છે એમ નહિ. પણ ચારિત્રની નિર્મળતાની એકાગ્રતા જે સાતમે ગુણસ્થાને જોઈએ, એ શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર ત્રણ એક્તા થાય, એવી એક્તાનો જ્યાં અભાવ છે, ત્યાં આગળ આવા વ્યવહાર વિકલ્પો હોય છે. એમાંથી પણ શુભરાગમાં છે, તો એમાં અશુભરાગ ઘટતો જાય છે અને સ્વભાવ તરફમાં ઢળતો જાય છે. આમાં તકરારીયા બોલ છે આ. જેની દૃષ્ટિ વિપરીત છે એના તકરારીયા બોલ છે. કે જુઓ! આ પહેલો વ્યવહાર આવે છે એમાં. પંડિતજી!

**'સુનિશ્ચળપણે ગ્રહણ કરેલાં વ્યવહારસમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રનો પાકના પ્રકર્ષની પરંપરા વડે...'** એની પાછી પાકની પરંપરા વડે શબ્દ છે. કારણ કે સ્વભાવનો આશ્રય છે એટલો એ રાગ ઘટતો જાય છે. સાતમાં ગુણસ્થાનમાં ચારિત્રની જે સ્થિરતા જોઈએ, દર્શન-જ્ઞાન-ચારિત્રની ત્રણેની એક્તારૂપ જે મોક્ષમાર્ગ એ આ છઠ્ઠે ગુણસ્થાને છે નહિ. સમજાય છે કાંઈ? એની પરંપરા વડે રાગ ઘટતા.. ઘટતા.. ઘટતા.. **'સ્વરૂપમાં આરોહણ કરાવવામાં આવતા...'** ઓહોહો..! વાત તો આમ છે પણ હવે એને સમજવામાં કઈ રીતે આવે એટલે એને બેસે નહિ. પહેલો વ્યવહાર હોય.. વ્યવહાર હોય. વ્યવહારનો વિષય તો પર ઉપર છે. વ્યવહાર છે એ તો પરના આશ્રયના લક્ષે વ્યવહાર છે. એને આશ્રયે સ્વનું લક્ષ વધે? એથી પરંપરા શબ્દ વાપર્યો છે. રાગ ઘટે છે. ઘટતા ઘટતા સચ્ચિદાનંદ પ્રભુ પોતાના નિર્મળ સ્વભાવની સ્થિરતાનો આશ્રય કરતા.... **'આરોહણ કરાવવામાં આવતા...'** સ્વરૂપમાં આરોહણ થવું. સ્થિરતા, સ્થિરતા. જે વ્યવહાર સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રનો વિકલ્પ હતો, એમાંથી ખસીને... પરંપરા કીધું છે ને? શુભમાં હતો એટલે અશુભ ટળ્યું હતું પણ એ શુભથી ખસીને અંતરમાં જાય છે. એટલે **'સ્વરૂપમાં આરોહણ કરાવવામાં આવતા..'** પરંપરા વડે અને અનુક્રમે. એમ બે શબ્દ પડ્યા છે ને?

વ્યવહારનું લક્ષ જ પર છે. એ આપણે 'પંચાસ્તિકાય'માં આવે છે ને? 'પંચાસ્તિકાય'. વ્યવહાર સમ્યગ્દર્શન-જ્ઞાન છે એનો વિષય પર છે. સ્વ વિષય નથી. એવો વચ્ચે વ્યવહાર વિકલ્પ આવે છે ખરો. ચારિત્રની નિર્મળતાની શ્રદ્ધા, જ્ઞાન સાથે એક્તા જે જોઈએ એટલી નથી, એથી તેને આત્માનું દર્શન-જ્ઞાન અને ભાન અમુક અંશે સ્થિરતા હોવા છતાં આવો

ભાવ મુનિને હોય છે. મુનિની પ્રધાનતાએ કથન કર્યું છે. કારણ કે પહેલેથી શરૂ કર્યું છે ને? '**चरित्तदंसणणाणठिदो**'. ચારિત્ર, જ્ઞાન, દર્શનમાં સ્થિત છે તે સ્વસમય નામ આત્મા. એ પહેલેથી શરૂ કર્યું.

ભગવાનઆત્મા પોતાના પવિત્ર આનંદસ્વભાવમાં શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિથી ઠરે છે એને આત્મા કહેવામાં આવે છે. સ્વઆત્મા એટલે એ આત્મા છે. અને કર્મપ્રદેશમાં એટલે રાગ અને પુણ્ય-પાપના ભાવમાં ઠરે છે એને અણાત્મા કહેવામાં આવે છે. ભારે કામ, ભાઈ! અનાદિનો એને અભ્યાસ નહિ એટલે આ શું છે આ તે? કોઈકને કંઈકની સાથે મેળવે.. કોઈકને કંઈકની સાથે મેળવે. આ સર્વજ્ઞનું કહેલું આ તત્ત્વ કોઈ બીજા સાથે મેળ ખાય એવું નથી. જુઓને! પર્યાયની, રાગની મંદતા કરતો જાય છે અને પર્યાયની નિર્મળતા સ્વરૂપમાં આરૂઢ થાય ત્યારે થાય. ત્યાં પર્યાયમાં આટલો વિવેક બતાવે છે. સમજાણું કાંઈ? પર્યાય એટલે અવસ્થા, હાલત, દશા.

દ્રવ્યસ્વરૂપ ત્રિકાળી આનંદમૂર્તિ અભેદ હોવા છતાં અને એના ઉપર દૃષ્ટિ હોવા છતાં, સ્વરૂપમાં આવી સ્થિરતાની લીનતા જેટલી જોઈએ, અપ્રમતદશાની–ત્રણની એક્તારૂપ થવાની એટલી લીનતાનો અભાવ છે, એથી એને વ્યવહારના આવા વિકલ્પો, સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ-શ્રદ્ધા એવો વિકલ્પ હોય છે પણ એ વિકલ્પને ક્રમે ક્રમે ઘટાડીને અંદર આનંદ સ્વરૂપમાં જ્યારે આરૂઢ થાય છે, આ આત્માને ત્યારે.. સમજાણું કાંઈ? ભારે માર્ગ પણ, ભાઈ! મહા ભગવાન ચૈતન્ય અતીન્દ્રિય મહાપદાર્થ, એને તો આખો ગોપવી નાખ્યો. આ બધું પ્રસિદ્ધ થઈ ગયું–શરીર, વાણી, મન, પુણ્ય-પાપના, રાગ-દ્વેષ, દયા, દાનના વિકલ્પ એ પ્રસિદ્ધ થઈ ગયા. ઓલો રહી ગયો અપ્રસિદ્ધ. જે પ્રસિદ્ધ કરવા જેવો છે એ અપ્રસિદ્ધ રહી ગયો અને જેને પ્રસિદ્ધ કરવા જેવા નથી એ પ્રસિદ્ધ થઈ ગયા. આ તો આત્મખ્યાતિ ઉપર આવ્યું ને? આ ટીકાનું નામ આત્મખ્યાતિ છે. સમજાણું કાંઈ?

નિર્વિકલ્પ આનંદ સ્વરૂપ પ્રભુ! એવો એનો સ્વભાવ જ શુદ્ધ અવિકારી, એવું એનું સ્વરૂપ અનાદિનું છે. પણ ભૂલેલો (છે), પુણ્ય અને પાપના રાગને પોતાનું માની, મિથ્યા શ્રદ્ધા,જ્ઞાન,ચારિત્રથી ભૂલ્યો, સ્વરૂપથી ભ્રષ્ટ હતો તેથી સંસારમાં રખડે (છે). એને હવે રખડવાના અંતની વાત આવે છે. ત્યારે પ્રથમ તો અનુભવ સમ્યગ્દર્શનનો કરે. સમજાણું કાંઈ? ચૈતન્ય નિર્વિકલ્પ વસ્તુ, બેહદ જેના જ્ઞાનનો સ્વભાવ છે, બેહદ જેના આનંદની શક્તિ છે, બેહદ જેની સ્વચ્છતા અને નિર્મળતા ભરી છે. આહાહા..! એવી અપરિમિત શક્તિનો ભંડાર ભગવાનઆત્મા, એની નિર્વિકલ્પ દૃષ્ટિ થતાં, એને આ આત્મા છે એમ પ્રતીતમાં-અનુભવમાં આવે છે. ભારે કામ આકરું. આ માર્ગ આવો માટે બધાની સાથે મેળ કરો, આમ કરો, ફલાણું કરો. કોની સાથે મેળ કરે આમાં? આહાહા..!

જેની સાથે મેળ નહોતો એનો મેળ કર્યો એ મેળ. રાગને, પુણ્યને, વિકલ્પને પોતાના

માનીને .. હતો, એ કર્યો મેળ. શાશ્વત ચીજ તો આ છે. અવિનાશી ભગવાનઆત્મા, પોતાના અવિનાશી સ્વભાવને ભૂલી અને નાશવાન રાગાદિને પોતાના માની સ્વરૂપથી ચ્યુત થઈને પરિભ્રમણ કરતો. લ્યો, આ ભૂલથી કરતો એમ સિદ્ધ કર્યું છે. નહિતર એક અદ્વૈત આત્મા માને એને ભૂલ કબૂલ ન થઈ શકે. કારણ કે એકમાં વળી ભૂલ ક્યાંથી આવી? એ ભૂલનું ટળવું પણ પાછું ક્યાંથી આવે? આવી અવસ્થા તો માને નહિ. આહાહા..! 'મોતીલાલ' આવ્યા હતા ને? એક 'મોતીલાલ' હતા. હંસ થયા ને? પરમહંસ. સાધુ થયા એ પહેલા આપણે ત્યાં વ્યાખ્યાનમાં આવતા. પછી થયા બાવા.

મુમુક્ષુ :– અમદાવાદ આવ્યા હતા.

ઉત્તર :– 'અમદાવાદ' આવ્યા હતા. વ્યાખ્યાનમાં આવ્યા હતા. અહીં આવ્યા હતા. .. સાધુ થઈને પછી આવ્યા. પહેલા ઓળખીતા ખરા ને! 'રતીલાલ' દસાશ્રીમાળી હતા. રેલના ઉપરી. ઓળખતા હશો? ભાઈ તો ઓળખે છે. વ્યાખ્યાનમાં આવતા હતા. (સંવત) ૧૯૮૯માં, ૧૯૯૦માં, ૧૯૯૫ માં. એ પછી સાધુ થઈ ગયા. ખબર ન મળે કાંઈ. પછી અહીં આવ્યા હતા. ... પણ આત્મામાં ભૂલ છે કે નહિ? કીધું. જો ભૂલ ન હોય તો એણે કાંઈ સમજવાનું રહેતું નથી. તો તો થઈ રહ્યું. નિર્ભૂલ આનંદ છે. એને ભૂલ ન હોય તો આનંદ હોવો જોઈએ. કારણ કે આત્મા તો આનંદસ્વરૂપ છે. તો ભૂલ .. ભૂલ તો કબુલ કરવી પડશે. ભૂલ જ્યાં કબુલ કરશો, ત્યાં આત્માના અનંતગુણોમાં વર્તમાન દશામાં ભૂલનો વિકાર છે. એમ થતાં એની દશામાં એની વિકારદશા કબુલ કરવી પડશે. વિકારદશા કબુલ કરવા વિકારનું લક્ષ પર ઉપર જાય તો સામી ચીજને માનવી પડશે. અને એ ભૂલ ટળે છે, એના સ્થાનમાં પલટીને, બદલીને, નિર્ભ્રાંત શાંતિની દશા પ્રગટે છે. તેની પૂર્વ પર્યાયનો વ્યય અને નવી (પર્યાય)ની ઉત્પત્તિ અને ધ્રુવનું કાયમ રહેવું, આવું સિદ્ધ થયા વિના ભૂલ કબુલાશે નહિ. અને ભૂલ ન કબુલે તો પછી વેદાંત આદિએ કહ્યું શું? કે તમે આત્યાંતિક દુઃખથી મુક્ત થાવ. અંદર દુઃખ છે ને? આત્યાંતિક દુઃખથી મુક્ત થાવ. તો દુઃખ અંદર છે ને? દુઃખ શું છે એ? એ શું ચીજ છે? એનું કોઈ અસ્તિત્વ છે કે નહિ? આત્મા આનંદ છે એની ઊલટી દશા એનું નામ દુઃખ. આ મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન એ દુઃખ. એને ટાળતાં, સ્વરૂપમાં આરૂઢ થતાં... જુઓ!

**'સ્વરૂપમાં આરોહણ કરાવવામાં આવતા...'** આરોહણ કરાવવામાં આવતા, પુરુષાર્થથી વાત છે. આહાહા..! **'આ આત્માને, અંતર્મગ્ન જે નિશ્ચયસમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રરૂપ ભેદો...'** જ્યારે એને નિશ્ચય સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રનો અંશ તો હતો, પણ ચારિત્રની પૂર્ણતાની એક્તા **'અંતર્મગ્ન નિશ્ચયસમ્યગ્દર્શનજ્ઞાન..'** એમાં ત્રણે ભેગા છે. નિશ્ચય સમ્યગ્દર્શન એટલે આત્માના અનુભવની દૃષ્ટિ, શ્રદ્ધા. નિશ્ચયજ્ઞાન આત્મવેદન અને ચારિત્ર એટલે સ્વરૂપની સ્થિરતા. એવા ત્રણ ભેદો જેમાં અંતર્મગ્ન નામ અભેદમાં ત્રણ ભેદ છે. **'એ વડે પોતે...'** એ વડે પોતે

**'સાધક રૂપે પરિણમતું,...'** લ્યો, અહીં સાધકરૂપે લીધું છે. વ્યવહારને સાધકરૂપે પરિણમતો એમ શબ્દ લીધો નથી.

મુમુક્ષુ :– બીજા શાસ્ત્રમાં લીધો છે.

ઉત્તર :– બીજા શાસ્ત્રમાં લીધો તો એનો અર્થ વ્યવહાર છે, એ તો વ્યવહાર છે, એ છે એમ જણાવ્યું છે. સર્વથા .. છે નહિ. સાધકનો વ્યવહાર અને સાધકપણે પરિણમે છે એમ ... કીધું. એ તો ... બસ, ત્યારે નિશ્ચય સાધક. એટલે સ્વચૈતન્ય ભગવાન સ્વનો આશ્રય લેતા જે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની એક્તારૂપ ત્રણનું પરિણમન થાય, ત્યારે તે સાધકપણે પરિણમતો એમ કહેવામાં આવે છે. વ્યવહારે એના સાધકપણે પરિણમતો એમ નહોતું. હતો એને પરંપરાએ અનુક્રમે એને છોડીને સ્વરૂપમાં આરૂઢ થાય છે. એનો અર્થ એ થયો. પોતે સાધુ છે ને એટલે. મુનિ છે ને? 'અમૃતચંદ્રાચાર્ય' એટલે પોતે મુનિપણાથી વાત કરી છે. પંચમહાવ્રતાદિનો વિકલ્પ એ ભૂમિકામાં આવે છે. આત્મદર્શન અને જ્ઞાનસહિત હોવા છતાં જે જોઈએ તે પૂર્ણ સ્થિરતા નથી. એટલે દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણની એક્તારૂપ સ્થિરતા નથી ત્યાં સુધી એને આવો વ્યવહારનો વિકલ્પ હોય છે. પણ એને છોડીને. પરંપરાએ એટલે એને છોડીને... અનુક્રમે એને ક્રમ છોડીને ચૈતન્ય સ્વરૂપમાં અંદર આરૂઢ થાય છે ત્યારે એને દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણ ભેદો, અભેદમાં ત્રણ ભેદો અંતર્મગ્ન છે. આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– માર્ગ તો આ છે. કરવાનું તો આ છે. એ શું કરે? એનામાં કરે કે બીજામાં કરે? રાગ અને પુણ્ય-પાપ એ તો બીજું છે. એમાં કરવું છે એને? સમજાણું કાંઈ?

માર્ગ અપૂર્વ છે. અગમ્ય થાય એવો નથી પણ ગમ્ય થાય એવો છે. અગમ્યને ગમ્ય કરવો છે. એવો ચૈતન્ય ભગવાન જ્ઞાનનો નિર્મળ પુંજ પ્રભુ! એની સામું જોયું નહોતું. ત્યારે તો એને વ્યવહારના વિકલ્પો પણ ગણવામાં આવતા નહોતા. સમજાણું કાંઈ? એથી ઓલાને વ્યવહાર કહ્યો છે.

જ્યાં સુધી ચૈતન્ય પ્રભુ! અનંત આનંદનું ધામ, અતીન્દ્રિય આનંદનો રસકંદ જેના આનંદ આગળ, એક ક્ષણના આનંદની આગળ ઇન્દ્રના ઇન્દ્રાસનો સડેલા કૂતરા અને મીંદડાની ગંધ મારે એવા છે. સમજાય છે કાંઈ? આહાહા..! એવો ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ! સત્ શાશ્વત જ્ઞાન અને આનંદનો અતીન્દ્રિય આનંદનો સાગર છે. એટલા શબ્દો એના વાચ્યને કહેવા માટે પહોંચી શકતા નથી. એવી એ વસ્તુ છે. સમજાણું કાંઈ?

એવો જે ભગવાનઆત્મા સ્વરૂપની વૃત્તિ સ્વભાવની હોવા છતાં, સ્વસન્મુખનો અનુભવ અને દૃષ્ટિ સ્થિરતા અંશે હોવા છતાં, એને તે ભૂમિકામાં પરસન્મુખતાના વ્યવહાર-દર્શન-જ્ઞાન-ચારિત્રના વિકલ્પ એટલે શુભરાગ હોય છે. સમજાણું કાંઈ? અરે..! એના ઘરની વાતું એને ન ગોઠે. અને પરઘરથી એમાં કાંઈક લાભ થાય, એમ માને એ વાત અહીં નથી.

અહીં તો કહે છે કે, અનાદિનો જે મિથ્યાશ્રદ્ધાથી રખડતો, એને સ્વસન્મુખની દૃષ્ટિ તો થઈ છે, સ્વસન્મુખનું જ્ઞાન–વેદન પણ થયું છે પણ હજી ચારિત્રની એક્તા જે સાતમે ગુણસ્થાને જેટલી વીતરાગતા થવી જોઈએ એવી નથી એથી એને આવા વ્યવહારના, દર્શનજ્ઞાનચારિત્રના વિકલ્પો હોય છે. બસ, આ વાત છે. આ સિવાય બીજું આમાં કાંઈ છે નહિ. આહાહા..! .... માણસને. .... જે વસ્તુ પોતાની નથી એને પામવી એ કઠણ છે. કોઈ દિ' રાગ પોતાનો કરવા માગ્યો પણ કોઈ દિ' થયો છે? અ શરીરનો એક રજકણ કરવા માગ્યો તે થયો છે? આહાહા..!

જુઓને! કેટલા બિચારા જુવાન માણસ આમ ... મરીને ચાલ્યા જાય છે. આહાહા..! ... ની વાત ... ઓ..હો..! પચાસ લાખ રૂપિયા. એક દીકરો. દરબાર કહેતા કે એક જ દીકરો હતો. દરબાર કહેતા હતા. કેવો? ... એક જ દીકરો. અને ઘણું બધું વહેંચીને પૈસા ખર્ચેલા. 'અમેરિકા' ભણવા મોકલ્યો. બે-ત્રણ મહિના ... થયો તો કાંઈક થઈ ગયું. એ સાંભળ્યું તો એનો બાપ ગાંડો થઈ ગયો. કારણ કે કેટલું વેચીને પણ અંતે મોટો હોશિયાર થશે અને ડબલ વસ્તુ-પૈસા લાવશે. આહાહા..! જુઓને! આ અવતાર. એના ફળ ગતિમાં, ન્યાં શું આવશે? એ પાછો પહેલો પરણેલો. છ મહિનામાં. પણ એ ખબર ન પડી. લ્યો. દરબાર ગરાસિયા. ... નહિ? 'છોટાભાઈ'! તમારા... ગયા હતા ને અમે. રાત્રે રહ્યા હતા. ડેલો છે ત્યાં માથે. ત્યાંથી 'લીંબડી' જાવું હતું ને.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– .... એ છોકરો હતો. દરબાર હતા, ઘણા પૈસા ભેગા કરીને ભણાવ્યો, 'અમેરિકા' મોકલ્યો. છ મહિનાનું લગ્ન. અને અહીં એના બાપાએ સાંભળ્યું તો હાય.. હાય.. જમીન ગઈ, છોકરો ગયો. આહાહા..! હવે શું ગયું? ક્યાં ગયું? તું તો તારી પાસે છો એ કાંઈ જાતું નથી અને આવતું નથી. એ તો તારું નહોતું ને એ ગયું. નહોતું એ ગયું એમાં શું? દરબાર!

મુમુક્ષુ :– એવું જ્ઞાન હોય તો ને.

ઉત્તર :– જ્ઞાન છે, વાત એ છે. કે દિ' તારા હતા, બાપા! તારા હોય એ જુદા રહે? જુદા પડે? અને જુદા પડે એ તારા કેમ કહેવાય? આહાહા..! અરે..! એકલડો આત્મા અનાદિનો આવ્યો અને એકલડો જાય છે એને કોઈ સંબંધમાં છે નહિ. અને એ માથા ફોડે અને ગાંડા થાય તેથી હવે એ કાંઈ આવવાનો છે? આહાહા..! માણસને કાંઈક શરીર ઠીક હોય, જુવાની હોય અને પૈસા-બૈસાનું કાંઈક સાધન હોય ત્યાં આંખ ફરી જાય. જાણે અમે કાંઈક છીએ. અરે..! પણ તું કોણ છો? આહાહા..! તું જે છો તે આ નહિ અને આ જે છે તે તું નહિ. આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– વ્યવહાર .... એ આત્મા ક્યાં છે? અનાત્માનો એવો વિકલ્પ આવે છે. એથી કાંઈ એને સાધકપણે પરિણમે એમ લીધું નથી. વ્યવહાર સાધકપણે પરિણમે છે એમ છે એમાં? છે નહિ. નિશ્ચયપણે પરિણમે તો સાધક છે. આહાહા..! આવા આવા શ્લોકો સાંભળે પણ માળો છાતીનો કઠણ.

મુમુક્ષુ :– બીજાની વાત છે.

ઉત્તર :– .. પણ બીજો-ત્રીજો એટલે શું? સંયોગી ચીજ તો એ ક્ષણે છૂટશે, એ તો છૂટેલી છે. તારા ક્ષેત્રથી આઘી પડે ત્યારે તને એમ થાય કે એ મરી ગયો.

મુમુક્ષુ :– એ તો સૌને છૂટે છે.

ઉત્તર :– કોને ભેગી છે? કોની સાથે છે આ? શરીર આદિના રજકણો તો એને કારણે આવીને ગોઠવાણા છે. એ કાંઈ તારા નથી, તારે માટે આવ્યા નથી અને તારા થઈને રહ્યા નથી. બરાબર છે?

મુમુક્ષુ :– બરાબર જ હોય ને.

આહાહા..! કહે છે, પ્રભુ! છૂટવાનો માર્ગ તો તારી પાસે છે. એ કાંઈ બહારથી લાવવો પડતો નથી. આહાહા..! સ્વરૂપથી ચ્યુત થયેલો અનાદિથી.... આહાહા..! પાગલ થઈ ગયેલો. જે પોતાની ચીજ નથી એવા નાશવાન રાગ અને નાશવાન શરીર, એને પકડીને બેઠો, સ્વરૂપથી ચ્યુત થઈ ગયો છે. હવે એને જ્યારે સ્વરૂપની સાવધાનીની દૃષ્ટિ થઈ, અને સ્વરૂપ આ ચૈતન્ય આનંદ તે હું, એવું દૃષ્ટિ અને એવું જ્ઞાન થયું, પણ સ્વરૂપની સ્થિરતા જે ચારિત્રની એક્તા જોઈએ તે નથી, એ પહેલા એને આવા દર્શન, જ્ઞાન, ચારિત્રના વ્યવહારના શુભરાગરૂપી ભાવ હોય છે. એ શુભરાગમાં અશુભ ઘટાડતો ઘટાડતો, એ આગળ વધીને સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય છે, એમાં આરૂઢ થાય છે.

**'આ આત્માને, અંતર્મગ્ન જે નિશ્ચયસમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રરૂપ ભેદો તે-પણા વડે પોતે સાધક રૂપે પરિણમતું,...'** એ તો જ્ઞાન લેવું છે ને? પરિણમતું સમજાણું? જ્ઞાન, જ્ઞાન લેવું છે ને? જ્ઞાનમાત્ર એક વસ્તુ છે. એમ લેવું છે ને? જ્ઞાનસ્વરૂપ પ્રકાશનો પુંજ પ્રભુ! એ આત્મા એક અને જ્ઞાન પણ એક, અવિનાશી શક્તિ ગુણ. એકપણું હોવા છતાં એના બે પરિણામ પણે જ્ઞાન પરિણમે છે, થાય છે એમ સિદ્ધ કરવું છે. આહાહા..!

એ **'પોતે સાધકરૂપે પરિણમતું,...'** એમ કીધું, જુઓ! પાછો ઓલો વ્યવહાર હતો માટે નિશ્ચયપણે પરિણમ્યો એમ નથી લીધું. વિકલ્પો હતા માટે અહીં નિશ્ચયપણે પરિણમ્યો છે એમ નથી લીધું. પોતે જ આગળ વધીને સ્વરૂપમાં સ્થિરતાપણે સાધકપણે પરિણમ્યો, સ્વરૂપની દૃષ્ટિ, સ્વરૂપનું જ્ઞાન અને સ્વરૂપમાં લીનતારૂપ ચારિત્ર, એને ચારિત્ર કહે છે. આ દેહની ક્રિયા નગ્ન થઈ જાય માટે ચારિત્ર છે. પંચમહાવ્રતના વિકલ્પ ઊઠે માટે ચારિત્ર છે. એ ચારિત્ર-ફારિત્ર છે નહિ. આહાહા..!

અરે..! એના નિજઘરની વાતું એને મોંઘી થઈ પડી અને પરઘરની વાતું થઈ ગઈ સોંઘી. એવી બીજી વાતું કરે કે લોકોને આમ રસ પડે. આહાહા..! હમણા એક વાર્તા નીકળી હતી. આ હમણા ‘અમૃત...’ શું કહેવાય? ... ચોપાઈની. એ ... લોકો આમ ખુશ થઈ જાય. એમ કહે, જુઓ! એક હતો રાજા, એને હતી એક વિદ્યાવતી નામની રાણી. હશે કોઈ કથામાં આવતું હશે. એ બે જણા ધણીધણિયાણી હાથીને હોદ્દે જાતા હતા. એમાં એક ગરીબ વૃદ્ધ માણસ નીકળ્યો. તનમાં વસ્ત્ર નહિ અને પેટમાં અન્ન નહિ. ઉપર વસ્ત્ર નહિ અને પેટમાં અન્ન નહિ. એવો ધર્મ... એને .. મારે .. રાણી કહે છે આ કોણ છે આ? એને ઘરે બાયડી સારી નહિ હોય. એમ રાણી બોલી. બૈરા સારા નહિ હોય. એય..! દરબાર! દરબાર હમણા કરતાં બાયુંના પુણ્ય ... નહિતર આ બધા ગરાસિયાઓ સમજવા જેવા. વાત ... એના બહારમાં .. ન હોય. કાલે દરબાર પોતાની નાતની (વાત) કહેતા હતા.

આ રાણી બોલી કે એના ઘરે બૈરા સારા નહિ હોય, સ્ત્રી સારી નહિ હોય. ત્યારે રાજા કહે છે કે તને ઘમંડ થઈ ગયો લાગે છે. કે હું સ્ત્રી માટે આ બધું મારે ઘરે રાજ. એમ તને ઘમંડ થયો છે? રાજા કહે. બસ, હાથીના હોદ્દેથી હેઠા ઉતરી જાવ. દાગીના લુગડા બધા આપી દીધા. એ બે-ત્રણ કપડા સાદા હતા. ઘરડા ડોસા પાસે જઈ કહે, પિતાજી! મને પુત્રી તરીકે રાખો. રાખી. જોડે ગયા તો એને બૈરાં અને બે છોકરા. એ તો આને ખબર. આ તો દીકરી તરીકે. ઓલી પણ કઠણ કરકશવાળી બાઈ હતી. એમ કે ... બધું સરખું નહોતું. ઘરની બાય સારી નહોતી એમ સિદ્ધ કરવું હતું. પણ ઓલી કઠણ જરી બોલવામાં. પણ રાણીને કંઈ ઓળખ્યા વિના રહે? રાણી એટલે તેજ હોય, પુણ્ય હોય કે નહિ? મોટો રાજા હોય. પણ એ કાંઈ બહું .. નથી. સાધારણ .. પણ ગામમાં જાય તો કહે લુગડા ગમે તેવા પહેર્યા હોય. પણ ઘરે ગઈ અને જ્યાં લાકડા લેવા જતા હશે દરરોજ. એવા લાકડા લઈ આવ્યા. એમાં પહેલા ત્રણ ભાગ પાડ્યા. બે છોકરા અને ત્રણેને મુક્યા થોડા-થોડા લાકડા. સૌને દસ-દસ પૈસાનું. ઓલા એકને દોઢ પૈસા આપતા. નાના નાના છોકરાને મોકલે એટલે લોકોને એમ થાય કે આપો. જાજા પૈસા લઈ આવે પછી ખાવાનું મળ્યું અને કેટલાક પૈસા રાખ્યા. એ ત્યાંથી પૈસાની વૃદ્ધિની શરૂઆત થઈ ગઈ. ઘરે ડાહી બાઈ આવીને. છોકરો પણ ચાર કલાક ... એના પૈસા ખૂબ મળે. એમ કરતા કરતા પૈસા વધ્યા. ... રાણી કહે તમે લાકડા ઉપાડીને ન લાવશો. બે ગધેડા રાખીએ આપણે. એટલે જાજા .. આવે અને તમારે ઉપાડવું મટે. ગધેડા રાખ્યા. લાકડા વધારે આવવા માંડ્યા. ... પૈસા થઈ ગયા. કરતા-કરતા મુનિમ રાખ્યો, દુકાન ચલાવી, કરતા-કરતા .. બનાવ્યો. ઘરમાં રાણી આવી હતી ને સ્ત્રી હતી. ઓલા રાજાને સમજાવવું હતું ને પાછું. જેના ઘરમાં સ્ત્રી સારી એના ઘર સારા હોય. બાયડી સારી હોય. ત્યાં એને લઈને મળતું હશે આ? એવી વાત લડાવે કે લોકોને સારી લાગે. કરતા-કરતા એકવાર જગતશેઠને રાજા સાથે રાણીએ કીધું હતું. રાજા સાથે

થોડો મેળ કરતા આવો. એના ઘરે ...

એકવાર આપણે ત્યાં આહાર માટેનું આમંત્રણ આપો. ... એની રાણી હતી એટલે ખબર હતી કે આને ખાવામાં આ પસંદ છે. એ જ રસોઈ રાંધી. એ ખાતા એમ કહે મને પસંદ છે એ ચીજ અહીં ક્યાંથી? આ શું? શેઠ! તમારે કોઈ દીકરી છે? હા, બે દીકરા છે અને એક દીકરી છે. એ રાણી હતી એ એની દીકરી. જાવ તમે અંદર જોવા. રાણી ... ત્યાં આ તો ઓળખી ગયા. કહે આ તો મારી રાણી. કહે, રાજાસાહેબ! જુઓ આ ઘર. અમે ઘરમાં આવ્યા ત્યારથી આવો સુધારો બધો થતા થતાં રાજની સાથે મેળ કરાવી દીધો, જુઓ! જેના ઘરમાં બાયુ સારી હોય એનું બધું સુધરે. એવી બધી વાત સારી લાગે. '...ભાઈ'! પણ બાયુને સાંભળવું બહુ સારું લાગે. કહે. આહાહા..! દરબાર!

મુમુક્ષુ :– બાયુંને સારુ લાગે પણ જેનું ઘર..

ઉત્તર :– સરખુ લાગશે પણ ઘર એને લઈને ચાલતું હશે? બાયું ઘણી બિચારી ખાનદાની ઉંચી હોય પણ રોટલો પણ મળતો ન હોય. એમાં શું કરવું? આહાહા..! સમજાણું? હમણા એક છોકરાની બા આવી. સાધારણ છોકરો છે. નામબામ નથી લેતા. સાધારણ છે તો ભલે જરી કોઢવાળી છોડીને પરણાવી. પણ છોડી એવી ખાનદાનવાળી છે. એનો છોકરો બધો ભોળો અને સાધારણ છે. એટલે એને કે આ તો તારો ધણી આવો છે. એને સુધારો. એ ખાનદાન છોડી. હમણા લગન થયા. એવી બાય. એને કોઢ છે. અને ઓલો છોકરો સાધારણ એટલે લગન કરી લીધા. એ ભોળો મારો ધણી પણ એને હું સુધારવાની છું. હું એને તિરસ્કાર કરવાની નથી અને એ સિવાય મારે બીજું હોય નહિ. એટલે એવું જગતમાં હોય. પણ ગરીબ માણસ પણ હોય. એમાં શું કરે? એથી શું? રોટલા પણ સાધારણ ખાવા મળતા હોય. બાયું સારી થઈ માટે એના ઘરમાં પૈસા મળે એવું થાતું હશે? 'લાલજીભાઈ'! શું હશે? તારા બાપ કરતા તો મોટી બાનો પ્રેમ વધારે છે આમાં જો. ખબર છે તને? કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :– એવું કાંઈ નથી કે બાયુ સારી હોય તો આવું થાય અને આમ થાય. એ તો જેમ થવાનું હોય એમ થાય. એમાં કાંઈ થાય નહિ.

ઉત્તર :– ... વાતને લડાવી છે. .... લોકો રાજી થાય. પણ આમાં ધર્મ શું?

જેના ઘરમાં સજ્જન, સત્‌–જન ગુણો ભર્યા છે એનો પરિચય થાય તો એનું ઘર સુધરે. પરઘર ક્યાં એનું હતું તે સુધરે? 'મંગલદાસભાઈ'! આહાહા..! તારો આત્મા અંદર સત્‌જન-સજ્જન છે. અંદર જ્ઞાન, દર્શન, આનંદ, અનંતગુણનો સજ્જન પૂરો સમાજ તારામાં પડ્યો છે, ભાઈ! આહાહા..! ત્રણલોકનો તિલક, ત્રણલોકનો નાથ, ત્રણલોકને તો જેની એક જ્ઞાનની એક પર્યાયમાં સમાડી દે. આહાહા..! અરે..! તને એનો વિશ્વાસ નથી, ભાઈ! આવો પરમાત્મા.

સવારે આવ્યું નહોતું? કેવળજ્ઞાની. આ એ તારી બધી વાત હતી. કેવળી આવા થયા.. આવા થયા એનો અર્થ એ થયો, આત્મા એવા થઈ શકે છે. આહાહા..! દેહનું શું કામ

છે હવે? એ સ્ત્રીનું હોય કે પુરુષનું હોય. એ તો માટીના ધૂળના આકાર છે. આહાહા..!

આચાર્ય કહે છે, અહો..! જેના ઘરમાં અનંત આનંદ અને જ્ઞાન ભરેલો એવા ભાવનું જ્યાં ભાન થયું, એની પરિણતિ જ્યાં નિર્મળ થઈ, એના ઘર સુધર્યા. પરંતુ એની રાણી અને આત્મા એનો રાજા. સમજાણું કાંઈ? આહાહા..! એના ઘર સુધર્યા. બાકી બધી વાતું થોથેથોથા. લોકોને એમ થાય કે આહાહા..! કેવી બાયુના વખાણ! આ મહારાજ તો કાંઈ બાયુના વખાણ કરે છે ને. એમાં ધૂળ આવી? ધર્મ એવો જે સ્વભાવ આત્માનો, જેની સામું જોતા જેને કલ્યાણ થાય, એમાં પરિણમતા તો કલ્યાણ થયા વિના રહે નહિ. આહાહા..! સામું જોતાં પણ દૃષ્ટિ થતાં કલ્યાણની શરૂઆત થઈ.

અહીં કહે છે, એવો આત્મા પોતે સાધકરૂપે પરિણમે. જુઓ! આ પોતે આમ થાય છે કહે છે. સ્વનો આશ્રય. સમ્યગ્દર્શન, જ્ઞાન અને સ્વના આશ્રયમાં લીનતા, ચારિત્રની લીનતા. દર્શન, જ્ઞાન, ચારિત્રની એક્તા તે મોક્ષમાર્ગ છે ને? 'સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણી મોક્ષમાર્ગ' ત્યાં ત્રણે એક થયા. એ વખતે સાધકરૂપે પરિણમતું જ્ઞાન. જ્ઞાન એટલે આત્મા. એકરૂપ જ્ઞાન હોવા છતાં. આવી અંતર દૃષ્ટિ, જ્ઞાન અને રમણતાએ સાધકરૂપે જ્ઞાન પરિણમ્યું. એને રાગ અને નિમિત્તને લઈને પરિણમ્યું એમ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આ એવો નિરપેક્ષ ભગવાનઆત્મા. વ્યવહારે સાપેક્ષ બતાવ્યું કે આવો એક વ્યવહાર હતો, બસ. એ કંઈ સાધકપણું નથી, એ કંઈ આત્માની પરિણતિ શુદ્ધને મદદ કરે એવી એનામાં તાકાત નથી. એ તો બતાવ્યું. પરંપરા અનુક્રમે કરી છે.

'**તથા...**' આ સાધકની વાત ત્યાં થઈ. એ જ્ઞાનરૂપ આત્મા ભગવાન ચૈતન્યનો પ્રકાશ પૂર, એની સન્મુખતાની શ્રદ્ધા, જ્ઞાન અને લીનતા થઈ ત્યારે સાધકરૂપે જ્ઞાન પરિણમ્યું. પોતે ભગવાનઆત્મા સાધકરૂપે છે. તેને થવા માટે બીજા કોઈની મદદની જરૂર છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? બહારની વાતું એવી હોય એ લોકોને ... નાખ્યા હોય. બિચારાને એમાં રસ પડે, આમ વાત યાદ પણ રહે. આ તો યાદ રહે નહિ. ઓલી વાત યાદ રહે કે હા આ ઓલું હતું, ઢીકણું હતું. ગદ્ધામજુરી જેવી વાતું છે બધી.

મુમુક્ષુ :– ..

ઉત્તર :– દેખાય. બહુ દેખાય. આ શું કહેવાય? વિવાહમાં કહે ને કાંઈક? ઇન્વીટેશન. 'માણેકચંદભાઈ'! ક્યાં ગયા? નથી. ઇન્વીટેશન આવે છે ને? ... બહુ કહે છે. બહુ ફોટા. આહાહા..! ... બાપુ! ચૈતન્ય હીરો છે આ તો. એના એક એક પાસામાં, એક એક ગુણમાં અનંતી શક્તિ છે. એવા અનંતા પાસાથી ઘડાયેલો પ્રભુ આત્મા છે. ... ત્રણલોક હતા એ વખતે એ નહોતા? 'પંચાસ્તિકાય' ત્રણલોક છ દ્રવ્યથી રચાયેલું છે. રચાયેલું છે એટલે એમ છે એમ. આહાહા..!

ભગવાનઆત્માનું જ્ઞાન પ્રકાશનું પૂર, શ્રદ્ધા અને આનંદ આદિ શક્તિઓથી ભરેલો,

એવા આત્માને... અરે...! એવા આત્માને સ્વીકારે અને એક અંશ અને રાગ અને નિમિત્તનો સ્વીકાર છોડી દેવો એ કાંઈ ઓછો પુરુષાર્થ છે? આહાહા..! એ પુરુષાર્થની તો કિંમત ન મળે. એક જ અંશ, જે એક જ અંશ જે અનંતમાં... અનંતમાં... અનંતમાં.. અનંતમાં ભાગનો વ્યક્ત અંશ જે છે, બહુ નાનો અને પુણ્યનો રાગ, મિથ્યાદૃષ્ટિ એને સ્વીકારીને બેઠો છે. એની દૃષ્ટિ જ્યાં ગુલાટ ખાય છે, પ્રભુ! ચૈતન્ય દરિયો ભગવાન સાગર છે. અનંતગુણના સામ્રાજ્યનો ધણી છે. એવી જ્યાં અંતરદૃષ્ટિ થઈ અને સાથે જ્ઞાન પણ જ્ઞાનરૂપે પરિણમ્યું અને સ્વરૂપમાં લીનતા થઈ, ભગવાન મોક્ષની પર્યાયનો સાધક થયો. સિદ્ધપદનો સાધક થયો. આહાહા..! ઓલો સંસારપદનો સાધક હતો, આ સિદ્ધપદનો સાધક થયો. હજી એની સમજણમાં ઠેકાણા ન મળે. શું કરવું અને શું કર્યું અને શું કરાય છે? આ આખો આત્મા સ્વનો સ્વીકાર કરવો એ કાંઈ કરવું નથી? એ ક્રિયા નથી? આહાહા..!

એકલું ઘોલન, ચૈતન્યના સ્વભાવનું એકલું ઘોલન, પરલક્ષ મુકીને, એમાં જે પરિણમન થાય, કહે છે કે અહો...! જીવ સાધકપણે થયો, સિદ્ધનો સાધક થયો, સિદ્ધનો પુત્ર થયો. એને હવે પૂર્ણ સિદ્ધનો વારસો મળવાનો. આહાહા..! સમજાણું કાંઈ? બહારની વાત પણ એને એવી લાગે, ચમત્કારી લાગે. આ બધું પ્રત્યક્ષ દેખાય. ... કહેતા હતા ને ... પ્રત્યક્ષ દેખાય. અને ઓલું ગુપ્ત છે. આ બહારથી દેખાયને? બહારથી. આ તો પ્રત્યક્ષ છે. આ બહારથી દેખાય ને? એને એમ કે આ પ્રત્યક્ષ દેખાયને? આ .. મકાન છે, .. એય..! જુઓને, આ જઈ આવ્યા ને, હમણા એના દીકરા પાસે જઈ આવ્યા હતા. બાગ, બગીચા. બે કરોડ રૂપિયા લ્યો. હવે વાણિયા પાસે બે કરોડ.

મુમુક્ષુ :– એ જ પચાવી શકે ને પૈસા.

ઉત્તર :– .... દરબાર! વાત તો સાચી છે, હોં! આ 'કાનાતળાવ' છે ને? નાનું ગામ. 'કાનાતળાવ' નાનું ગામ દોઢસો ઘરનું. હમણા મંદિર કર્યું ને? ભાઈ આવ્યા હતા હમણા. વયા ગયા. લાખ-લાખની પેદાશવાળા ... એક વર્ષની લાખની પેદાશ. .... એક લાખ રૂપિયાની બાર મહિને ચોમાસાની ઓલી શું કહેવાય? ખેતી. લાખની પેદાશ. એવા બે-ત્રણ છે. એક 'વલ્લભભાઈ' છે. લાખની પેદાશ. વ્યાખ્યાનમાં આવતા. નરમ માણસ હતા. એ બધા ... જુઓ તો આમ સાદા લાગે. એક લાખની પેદાશ. ગામડું નાનું. દોઢસો ઘર. હાથીનો વરઘોડો નીકળે. બધા આમ .. કરે. હમણા દિગંબર મંદિર થયું ને. કણબીએ કર્યું. આ તમારા 'કુંડલા'થી. .. બે દિ' આવ્યા હતા. એ લોકોએ ઘરનું મંદિર કર્યું, ૫૦-૬૦ હજારનું થયું. પૈસા થોડા આવ્યા હશે. હાથી નીકળે તો લોકો આખું ગામ .., હોં! ઓહોહો..! આપણા ગામમાં આ! એની પાસે તો આટલી પેદાશ છે, દસ-પંદર લાખ રૂપિયા છે. દસ લાખ રૂપિયા છે. કો'ક બીજાને પૂછ્યું કે એની મૂડી કેટલી કહેવાય? કોઈ બીજા બે ભાઈને પૂછ્યું. ઓલો 'અરજણ', 'અરજણ' નો નાનો ભાઈ તો બહુ આવતો. તારી પાસે પૈસા કેટલા છે? કહે પેદાશ તો

લાખની છે. પણ એ પેદાશ તો એને ૬૦ હજારની હશે. આ બધું કેટલું ગણાય તારે? બે નાના ભાઈઓ છે. દસ લાખ. જમીન થઈને દસ લાખ છે. પણ એ બધા સાદા માણસ, હોં! .. એના બહુ ઓલા નહિ. અહીં તો ૨૫-૫૦ હજાર અને લાખ-બે લાખ થાય ત્યાં તો છટકી જાય. વાવડી છટકી, આવે છે ને? ઓલી વાવડી હતી ને વાવડી? વાવડી હતી તે પેલા કહે, લાવો આપણે ઘરે, બહુ દૂર છે. પછી મંડ્યા કેટલાક ખેંચવા, ઓલા ધોતીયા ... બાંધીને. લુગડા જીર્ણ થયું ને? લુગડા જીર્ણ થયા. આમ ફાટ્યું ને તો આમ ખસ્યું તો કહે વાવડી ખસી. વાવડી ખસી નથી તારું લુગડું ફાટ્યું છે. વાવડી સમજ્યાને? પાણી ભરેલી હોય ને? ત્યાં ... એને લુગડા બાંધીને ખેંચવા માંડ્યા. ખેંચવામાં જરીક ફાટ્યુંને આમ આવ્યું. એ વાવડી ખસી. વાવડી ખસી નથી તારા લુંગડા ફાટ્યા છે. પાગલ થયો છે. સમજાય છે કાંઈ?

એમ રાગ અને પુણ્યને ધર્મ માની અને આત્માને કાંઈક ધર્મ થઈ ગયો. એ આ ધૂળમાં પણ નથી, સાંભળને હવે. સમજાણું કાંઈ? કાંઈક હવે ઠેકાણે આવ્યો. આ દયા, દાન, વ્રત અને ભક્તિ કરીને ઠેકાણે આવ્યા. ઠેકાણે આવ્યા હવે. ધૂળનું ઠેકાણું તારું ક્યાં છે? .... કહો, પંડીતજી! આહાહા..! ત્રણલોકનું તિલક એક જ હોય. એક-એક આત્મા. ત્રણલોકનો નાથ. 'ત્રિભુવન તિલક' છે ને? મંદિર. 'ત્રિભુવન ચુડામણી' મંદિર છે. ત્યાં ત્રિભુવન ચુડામણી નામનું મોટું મંદિર.

મુમુક્ષુ :– ત્રિભુવન તિલક ચુડામણી

ઉત્તર :– હા, ત્રિભુવન તિલક ચુડામણી નામ છે. ત્રિભુવન તિલક ચુડામણી છે. ભાઈએ જોયું છે ને? નથી જોયું? તમારા ઓલા નહિ '...ધનજી'? નથી ગયા? દક્ષિણમાં આવ્યું. બે વાર ગયા હતા. આહાહા..! ત્રિભુવન તિલક ચુડામણી તો આત્મા છે. સિદ્ધને માથે રાખ્યા છે. ચુડામણી રત્ન એવા. રાજા-મહારાજા બધા. ... ગંધર્વો .... એવું સિદ્ધપદ તે ત્રિભુવન તિલક ચુડામણી છે. એનો આત્મા સાધક થાય છે. સમજાણું કાંઈ? એને રચવા માટે તૈયારી થાય છે. એવા મંદિરની આત્મા રચના કરે. બહારના મંદિરને કોણ રચતું હતું? એ તો એના કાળે થવું હોય એ થાય. સમજાણું કાંઈ?

હવે એ **'પરમ પ્રકર્ષની હદને પામેલા...'** હવે આગળ વધ્યો. ભગવાનઆત્મા, પરમાનંદની મૂર્તિ, પ્રભુ! એનો જ્યાં સમ્યગ્દર્શનનો ભાવ જ્યાં પ્રગટ્યો, એનું જ્ઞાન થયું અને એમાં લીનતા થઈ, એ હવે આગળ વધવા માંડ્યો. એ **'પરમ પ્રકર્ષની...'** પરમ પ્રકર્ષની **'હદને પામેલો...'** બેહદ એવી. **'પરમ પ્રકર્ષની હદને પામેલા રત્નત્રયની અતિશયતાથી પ્રવર્તેલો...'** સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર, જે વીતરાગી વિજ્ઞાનભાવ એનાથી **'પ્રવર્તેલો જે સકળ કર્મનો ક્ષય...'** લ્યો. જુઓ! આ રત્નત્રયથી... લ્યો, આને રત્ન કીધા. આહાહા..! એ રત્નથી સિદ્ધપદ મળે એને રત્ન કહીએ. રત્નથી પૈસા મળે, ધૂળ મળે એમાં ક્યાં એના હતા? પાગલ થઈ જાય,

પાગલ. એક બાઈ ગરીબ હશે અને રૂપિયો ભર્યો, તો બાર હજાર આવ્યા. સાંભળ્યું ત્યાં પાગલ થઈ ગઈ. 'જામનગર' પાસે એક બાઈ હતી, અને એક રૂપિયો ભરેલો. આ શું કહેવાય તમારે? લોટરીમાં. બાર હજાર આવ્યા. કાને પડ્યું, બાર હજાર.. બાર હજાર.. બાર હજાર.. કરતી કરતી ગાંડી થઈ ગઈ. આહાહા..! એ એને પચવતા આવડે નહિ ને.

કહે છે, અહો..! ભગવાન! અહો! પૂર્ણ અનંત ચૈતન્યરત્ન આનંદ આદિના અનંત રત્નથી ભરેલો ભગવાન, એની શ્રદ્ધા-જ્ઞાન અને ચારિત્ર એને અહીં રત્ન કીધાં કે જે રત્નના ફળમાં મોક્ષરૂપી પર્યાય થાય તો એને એ રત્ન શું કહેવું? આહાહા..! **'અતિશયથી પ્રવર્તેલો જે સકળ કર્મનો ક્ષય તેનાથી પ્રજ્વલિત (દેદીપ્યમાન) થયેલો...'** ચૈતન્યજ્યોત શક્તિમાં જે કેવળ પડ્યું હતું એ પર્યાયમાં પ્રગટ થઈ ગયું. ઝળહળ... ઝળહળ... ઝળહળ.. જ્યોતિ એવું **'પ્રજ્વલિત થયેલો જે અસ્ખલિત વિમળ સ્વભાવભાવ...'** લ્યો. જુઓ! આ એને રત્નની કેટલી ઉપમા આપવી?

જ્યાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને રત્ન કીધા, એને સિદ્ધપદની પર્યાયના કેટલા રત્ન કહેવા? અને એવી અનંતી પર્યાય એક-એક ગુણમાં પ્રગટે, એ ગુણને કેટલા રત્ન કહેવા? અને એવા અનંતગુણનો ભંડાર ભગવાન એને કેટલા રત્ન કહેવા? આહાહા..! એવો ચૈતન્ય ભગવાન પણ ગોપવીને બેઠો છે ને. પર્યાયબુદ્ધિમાં, રાગબુદ્ધિમાં એ ઢાંકીને બેઠો છે. કહે છે કે એ અંદરથી ખૂલ્યો. આહાહા..! હતી એવી શક્તિ ખીલી. ખીલીને **'કર્મનો ક્ષય તેનાથી પ્રજ્વલિત (દેદીપ્યમાન) થયેલો...'** **'અતિશયથી પ્રવર્તેલો જે સકળ કર્મનો ક્ષય...'** એમ આના વડે. એમ છે ને? પેલા કહે કર્મનો ક્ષય થાય તો આમ થાય એમ નથી. અહીં તો આના વડે કર્મનો ક્ષય થયો. આહાહા..! એ તો નિમિત્તના સંબંધની વ્યાખ્યા કરી. સમજાણું કાંઈ? પ્રતિબદ્ધ હતો, અલ્પજ્ઞાનમાં પૂર્ણનો પ્રતિબદ્ધ હતો. 'પંચાસ્તિકાય'માં આવે છે ને? અલ્પજ્ઞાનમાં પૂર્ણ જાણવાનો પ્રતિબદ્ધ હતો. પ્રતિબદ્ધતાને કારણે પૂરું ન જાણે. પૂર્ણ જાણવાનું જ્યાં પ્રગટ થયું, ભગવાન પૂર્ણાનંદની પર્યાયપણે જ્યાં પરિણમ્યો... **'(દેદીપ્યમાન) થયેલો...'** ઓહોહો..! ચકચકાટ જેમ હીરો હોય, એમ સિદ્ધપદની પર્યાયપણે આત્મા પરિણમ્યો.

**'જે અસ્ખલિત વિમળ સ્વભાવભાવ...'** કહે છે કે એક તો પાછો પડે નહિ એવો. એ સિદ્ધપર્યાય પ્રગટી એ કંઈ હવે સંસાર થાય નહિ. અસ્ખલિત–સ્ખલના ન થાય. અને વિમળ. તદ્દન નિર્મળ દશા થઈ ગઈ. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર રત્નત્રયથી એની તદ્દન નિર્મળ સિદ્ધદશા, પરમાત્મ દશા, શરીર રહિત દશા થઈ ગઈ. ... અરિહંતની તો શરીર સહિતની અવસ્થા. આ તો ... એકલો ચૈતન્ય હીરો રહી ગયો. **'સ્વભાવભાવ...'** પાછો એ **'વિમળ સ્વભાવભાવ'** એવો સ્વભાવ હતો એ સ્વભાવ **'વડે પોતે સિદ્ધ રૂપે પરિણમતું...'** લ્યો. આહાહા..! જ્ઞાનસ્વરૂપ પોતે ભગવાન **'તે–પણ સ્વભાવભાવ વડે સિદ્ધ રૂપે પરિણમતું...'** પાછું .. હતું. લીધું ખરું રત્નત્રયથી. વર્તમાનમાં સિદ્ધ ભગવાનની દશાપણે પોતે જ્ઞાનરૂપે પરિણમે છે.

**'એવું એક જ જ્ઞાનમાત્ર...'** લ્યો. મૂળ તો એમ લેવું છે ને? અને એક પાછું. **'એવું એક જ જ્ઞાનમાત્ર ઉપાય-ઉપેયભાવ સાધે છે.'** જ્ઞાનસ્વરૂપી ભગવાન એકલો એ પોતે જ જ્ઞાનરૂપે પરિણમીને ઉપાયપણે થાય છે અને એ જ જ્ઞાનરૂપે પૂર્ણ પરિણમીને ઉપેય નામ સિદ્ધરૂપે થાય છે. સમજાણું કાંઈ? એ સ્વની તાકાતથી જ સિદ્ધપણે પરિણમે છે એમ કહે છે અને સ્વની તાકાતથી જ સાધકપણે પરિણમે છે. આહાહા..! જ્ઞાન તે જ આત્મા વર્ણવ્યો છે ને આખો એમાં તો? આહાહા..! રાગાદિ કાંઈ નહિ, એમ. કહો, આ બાદશાહ થયો હવે. આહાહા..! આને પાંચ-પચ્ચીસ લાખ મળે અને કાંઈક સરખાઈ થઈ જાય તો ઓહોહો..! તો કેમ છે? બાદશાહી છે. ધૂળમાં પણ નથી. દુઃખના અંગારા સળગે છે. આહાહા..!

કહે છે, ધર્મીને પણ શુભભાવ રહી જાય છે. એ દેવમાં જાય તો એને આત્માના સુખનો અંતરાય છે. 'પંચાસ્તિકાય'માં આવે છે ને? અંતરાય છે એને. અંતરાય. આ કહે છે અમને દેવનું થોડું સુખ તો મળવા દ્યો. ધૂળમાં પણ સુખ નથી. આહાહા..! જાતમાંથી ભાત ન પડે, એને બહાર નીકળવું છે એ તો સળગે છે કહે છે. ઇન્દ્રના ઇન્દ્રાસનોમાં દેખાય કે આ સુખની પ્રતીતિ ક્યાં છે? એટલે તો વિકલ્પ છે. અંગારો છે, અંતરાય છે, વિઘ્ન છે, પ્રતિબદ્ધ છે. આહાહા..! એ બધું સ્વરૂપમાં સ્થિર થઈને જેણે છોડ્યું છે એને સિદ્ધદશા પરિણમતું જ્ઞાન, એક જ જ્ઞાન હોવા છતાં, ગુણરૂપે એક હોવા છતાં પર્યાયપણે, બેપણે તે જ્ઞાન જ પોતે પોતાથી પરિણમે એટલે થાય છે. એક જ જ્ઞાનમાત્ર. રાગ બિલકુલ સાથે નહિ, એમ કહે છે. એક જ જ્ઞાનમાત્ર કહ્યું ને? વ્યવહારનો વિકલ્પ સાથે બિલકુલ નહિ. આહાહા..!

મુમુક્ષુ :– ઇન્દ્ર તે જ્ઞાનસ્વરૂપ છે.

ઉત્તર :– હા, સમકિતી છે, જ્ઞાની છે. આ પહેલા દેવલોક તે સ્વર્ગ. એને ઇન્દ્ર અને ઇન્દ્રાણી બન્ને સમકિતી જ્ઞાની એકાવતારી છે. ત્યાંથી નીકળી મનુષ્ય થઈને મોક્ષ જશે. એની પત્ની અને પતિ બન્ને એવી લાયકાતવાળા જીવ છે. આખા વૈમાનમાં એકલા.. છતાં એ અમે નહિ.. અમે નહિ. અમે તો અમારા આનંદમાં છીએ. અમને તો ઇન્દ્ર તરીકે ઓળખાવો એ તો સંયોગથી ઓળખાવો છો. ૩૨ લાખ વિમાનના સ્વામી અમે નહિ. એનો સ્વામી થાય એ તો મિથ્યાદૃષ્ટિ હોય. આહાહા..! અમે તો સ્વદ્રવ્ય, સ્વગુણ અને નિર્મળ પર્યાય એ અમારું સ્વ અને એના અમે સ્વામી. એના સ્વામી છીએ. ... સુધર્મ નામનો દેવલોક છે અને ઇશાન નામના દેવ છે. બન્ને દેવલોકના ઇન્દ્રો એકાવતારી છે. એક ભવ કરીને મોક્ષ જનારા છે. એવી જેની આત્મદશા.. ભલે વૈભવ હો. અંતર આદર નથી, અંતર આદર નથી. આ નહિ, અમે નહિ. અમે તો આનંદમૂર્તિ છીએ. એવો આત્માનો સાક્ષાત્કાર થયેલો છે. સમજાણું કાંઈ? કહે છે **'એક જ જ્ઞાનમાત્ર ઉપાય-ઉપેયભાવ સાધે છે.'** વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૫૬૯ શ્લોક-૨૬૫ ગુરુવાર, પોષ સુદ ૧૧, તા. ૦૭-૦૧-૧૯૭૧

આ ૨૬૫ કળશ, એનો ભાવાર્થ છે. અહીં નીચે વિસ્તાર છે ને. ઉપર ટીકા છે. ભાવાર્થમાં કૌંસ કરેલો છે. **'આ આત્મા અનાદિકાળથી મિથ્યાદર્શનજ્ઞાનચારિત્રને લીધે સંસારમાં ભમે છે.'** પહેલો આ શબ્દ છે. આ આત્મા વસ્તુ છે, એ પોતે તો આનંદ અને શાંતિસ્વભાવ સ્વરૂપ જ આત્મા છે. છતાં અનાદિકાળથી પોતાના સ્વભાવને ભૂલી મિથ્યાદર્શન–ઊંધી શ્રદ્ધા. મિથ્યા એટલે જૂઠી શ્રદ્ધા. દેહાદિ હું છું, પુણ્ય-પાપના ભાવ થાય તે હું છું અથવા અલ્પજ્ઞપણું જે વિકાસમાં છે તે હું છું, એવું માનીને મિથ્યાશ્રદ્ધાથી સંસારમાં રખડે છે. અથવા મિથ્યાજ્ઞાન. જે પોતાનું જ્ઞાન જોઈએ એને ઠેકાણે રાગનું અને પરનું જ્ઞાન કરી, એકાંતિક જ્ઞાન કરીને પોતાના સ્વભાવને ભૂલી મિથ્યાજ્ઞાનથી રખડે છે. એમ મિથ્યાચારિત્ર. પુણ્ય અને પાપના ભાવ એમાં એકાગ્રતા તે રમણતા, એ મિથ્યાચારિત્ર. એને લીધે. એને **'લીધે સંસારમાં ભમે છે.'** એમ કહ્યું. કર્મને લઈને ભમે છે કે કર્મને લઈને મિથ્યાદર્શન થાય છે એમ નથી કહ્યું. પોતે પોતાને ભૂલ્યો છે. ભૂલ્યો છે. એમાં પણ આવે છે કે નહિ? પોતે ભૂલે છે. 'છ ઢાળા'માં. બીજી ઢાળમાં આવે છે.

અહો..! પોતાની જાત, અતીન્દ્રિય આનંદ અને સચેતન. સચેતન એટલે જ્ઞાનમય વસ્તુ છે. પણ એની દૃષ્ટિ ન કરતાં, જે પુણ્ય-પાપના વિકલ્પ જે અચેતન, જ્ઞાનનો અંશ નથી, એમાં જેની પ્રીતિ અને રુચિ છે, એને લઈને મિથ્યાદૃષ્ટિ છે, મિથ્યજ્ઞાની છે. અને મિથ્યારાગના આચરણમાં રોકાયેલું મિથ્યાચારિત્ર છે. એને લીધે સંસાર એટલે ચાર ગતિમાં રખડે છે. ક્યાંય એને વિશ્રાંતિ નથી.

**'તે સુનિશ્ચળપણે ગ્રહણ કરેલાં...'** પહેલા તો કહે છે કે એને આત્માનું જ્ઞાન થાય. સમ્યગ્દર્શન, દ્રવ્યદૃષ્ટિ એટલે આત્માનો અખંડ આનંદ છું. મારું સ્વરૂપ પરિપૂર્ણ અભેદ ધ્રુવ છે. એવી અંતરદૃષ્ટિ થતાં એને મિથ્યાત્વ ટળે છે. એવા સ્વરૂપનું અંતર જ્ઞાન થતાં અજ્ઞાન ટળે છે અને સ્વરૂપમાં કેટલીક સ્થિરતા દ્વારા અસ્થિરતા પણ ટળે છે. પણ અહીંયાં લીધું છે કે જ્યારે મુનિની દશા વ્યવહારમાં હોય છે, સ્વરૂપનું દૃષ્ટિ-જ્ઞાન અને ચારિત્ર અંતર અંશે હોવા છતાં, એવી રીતે વ્યવહાર દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ એવી રીતે ગ્રહણ કર્યો છે, કે પાછો પડે નહિ. એ વ્યવહારનો અભાવ થઈને નિશ્ચય થાય એવી રીતે વ્યવહારને ગ્રહણ કર્યો છે, એમ કહે છે. સમજાય છે કાંઈ?

સાચા દેવ અરિહંત સર્વજ્ઞ, ગુરુ નિર્ગ્રંથ, ધર્મ અહિંસા અને રાગરહિત, એવા અથવા શાસ્ત્ર સર્વજ્ઞના કહેલા, એની એને શ્રદ્ધા થાય છે, શ્રદ્ધાનો વિકલ્પ હોય એ વ્યવહાર છે. શાસ્ત્રનું જ્ઞાન હોય છે એ વ્યવહાર છે. અને રાગની મંદતાના આચરણના પંચમહાવ્રતના

ભાવ હોય એ પણ વ્યવહાર અને વિકલ્પ છે. પણ કહે છે કે એ રીતે ગ્રહણ કર્યું છે કે નિશ્ચયના ભાનસહિત, સમ્યગ્દર્શનના ભાનસહિત એણે લીધું છે કે જેથી એને છોડીને સ્વરૂપમાં સ્થિરતા થાય છે. એવી રીતે વ્યવહારને ગ્રહણ કર્યો છે. પાઠ એમ છે.

મુમુક્ષુ :– પાછો વ્યવહારથી વૃદ્ધિ કરીને...

ઉત્તર :– વૃદ્ધિ પણ વૃદ્ધિનો અર્થ શું? કે એને એવી રીતે વિકલ્પ છે કે એમાં રાગનો રસ ઘટતો જાય છે, એમ કહે છે. વ્યવહારની વૃદ્ધિનો રસ એટલે રાગનો રસ (ઘટતો જાય છે). એ 'વજુભાઈ'! એમ કહે છે. રાગરસ ઘટતો જાય છે. સ્વભાવનો આશ્રય છે. ... આવો રાગ વિકલ્પ છે. પણ અંદર રસ ઘટતો જાય છે એટલે વૃદ્ધિ થતી જાય છે. વ્યવહારની વૃદ્ધિ. વ્યવહાર રાગની મંદતા થતી જાય છે.

મુમુક્ષુ :– એને વ્યવહારની વૃદ્ધિ છે.

ઉત્તર :– એને વ્યવહારની વૃદ્ધિ કહેવામાં આવે છે.

**'સુનિશ્ચળપણે ગ્રહણ કરેલાં...'** આહાહા..! આ તો અલ્પ શબ્દોમાં ઘણો ભાવ ભરેલો છે ને!

મુમુક્ષુ :– એ વૃદ્ધિ એટલે રાગ ઘટતો એમ કહેવાય?

ઉત્તર :— રાગ ઘટતો જાય એ વ્યવહારની વૃદ્ધિ એમ કહેવામાં આવે છે. આહાહા..! માર્ગ હજી એને સમજમાં પણ નથી. એના ઉદ્ધારનો બીજો ઉપાય છે નહિ. અરે...! અનંતકાળથી એમ છે. અને મળ્યા તો કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર મળ્યા. અને એમાં શ્રદ્ધાની વિપરીતતાની પુષ્ટિ થઈ. સમજાણું કાંઈ? એને લઈને પરિભ્રમણ કરે છે. હવે કહે છે કે પોતાની–જીવની દયા આવી. અરે..! ચાર ગતિના દુઃખ. એક એક દુઃખ સહ્યા ન જાય એવા દુઃખ એણે અનંતવાર સહ્યા છે. કોઈ અનુકૂળતા દેખીને એમાં લીન થઈ જાય છે. પણ એ ભૂલી ગયો. કાંઈપણ બહાર અનુકૂળતા થોડી દેખીને જાણે હું કાંઈક વધ્યો છું, કાંઈક મારામાં વિશેષતા છે. એમ માનીને ત્યાં મૂંઢ, મૂંઢ થઈને રખડે છે. સમજાણું કાંઈ? આહાહા..!

તારી વિશેષતા તો અંતર સ્વરૂપમાં છે. એવી પોતાની આનંદની જાત, સચ્ચિદાનંદ પ્રભુ સર્વજ્ઞ પરમેશ્વરે, તીર્થંકરદેવે જે અનંતચતુષ્ટય પ્રગટ કર્યા, જ્ઞાન, દર્શન, આનંદ અને બળ, એવું જ એનું સ્વરૂપ છે અંદર. એવું જ એનું સ્વરૂપ છે, એ જ એનું સ્વરૂપ છે. એવી અંતરદૃષ્ટિ કરતાં સમ્યગ્દર્શન થાય છે, એ ઉપરાંત એને ચૈતન્યનું સમ્યગ્જ્ઞાન થાય છે, એ ઉપરાંત એને સ્વરૂપની કેટલીક સ્થિરતા પણ હોય છે. એવી ભૂમિકામાં આ **'સુનિશ્ચળપણે ગ્રહણ કરેલાં...'** એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? કે વ્યવહાર થયો, અહીં નિશ્ચય છે એટલે આ વ્યવહાર છે. પણ વ્યવહાર કેવો છે? કે એ વ્યવહારનો અભાવ થઈને ચારિત્રની સ્થિરતા થશે. હેઠે નહિ ઉતરે એમ કહેવા માંગે છે. શું કહે છે? આવો માર્ગ! સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા અખંડ અભેદ અનંત આનંદ અને અનંત જ્ઞાન, એવી શક્તિઓનો એ સાગર છે. ક્યાં જોવો એને? છે અંદર અને જોવા જાય બહાર. બહારમાં મળે નહિ. કહે છે, એને અંતરમાં જોયો કે, ઓહો..! આત્મા રાગથી, પુણ્યથી રહિત છે. બીજી ચીજની સાથે તો એને કાંઈ સંબંધ છે જ નહિ. એ સ્વતંત્ર ભગવાનઆત્મા છે. એવું અંતરમાં વસ્તુ સ્વરૂપ જેવું ત્રિકાળ છે, એનું જ્ઞાન થઈને જે પ્રતીત થાય અને એમાં લીનતા થાય એને અહીં નિશ્ચય કહે છે. એના પ્રસંગમાં અથવા એ ભૂમિકામાં ચારિત્રની વિશેષતા–અતિશયતા નથી, તેથી તેને આવો વ્યવહાર વચમાં હોય છે, એમ કહે છે. વ્યવહાર સમ્યગ્દર્શન, પણ એ પણ સાચા દેવ અરિહંત, નિર્ગ્રંથ ગુરુ, ભગવાને કહેલા તે શાસ્ત્ર, એની શ્રદ્ધાનો વિકલ્પ જ્ઞાનીને હોય છે. કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ એને હોતો નથી.

**'સુનિશ્ચળપણે ગ્રહણ કરેલાં...'** આહાહા..! મૂળ તો કહે છે કે વસ્તુ જેવી ગ્રહણ કરી છે એ પણ હવે પાછી ફરે એવી નથી. એમાં આવો વ્યવહાર જે વચ્ચે આવ્યો છે એ પણ હવે હેઠે ઉતરે એવો નથી, એમ કહે છે. એ અંદર સ્થિર થવા માગે છે. પણ વચમાં આવી જરી ચારિત્રની સ્થિરતા પૂર્ણ નથી એટલે સાચા દેવ, સાચા ગુરુ અને ઘટ્ટ થઈને એનો વિકલ્પ એને હોય છે. સમજાણું કાંઈ? આહાહા..!

એક જરી પ્રતિકુળતા આવે તો એને સહન થાતી નથી અને ઉંધી શ્રદ્ધામાં અનંતી પ્રતિકુળતા આવશે એની એને દરકાર નથી. આહાહા..! તંબુનો જરીકે સળ મોળો પડે તો પણ રાડ નાખે. તંબુ હોય છે ને? તંબુ. ખીલી નાખીને ખેતરમાં. ખેતરમાં ખીલી નાખીને મજબૂત કરે છે. એમાં એક ખીલ્લી નીકળી ગઈ હોય અને સળ પડ્યો હોય. સળ એટલે શું સમજાય છે? ઢીલાપણું. એને કરચલી પડી જાય ને? ખેંચેલું હોય એમાં એક જરી (કરચલી પડે). ખેતરમાં ક્યાંક એવી પોચી જમીન હોય અને એમાં ખીલ્લી મારી હોય તો ખીલ્લી ખસી જાય અને સળ પડે. અને એમાં અંદર કોઈ શેઠિયો બેઠો હોય તો કહે, આ કોણે કર્યું? આ કેમ આમ છે? છાંટા આવશે તો હમણાં પાણી આમાં પડશે. ખેંચીને તાણ્યું હોય તો પાણી ન પડે. એક સળ મોળો પડે તો ગોઠે નહિ. આહાહા..! એ તંબુનો. શરીરનો એક સળ મોળો પડે તો વળી એનું અંદર શું થાય? આ બધો તંબુ સરખો તાણ્યો છે. 'રતિભાઈ'! આ તંબુ નથી કહેતા?

મુમુક્ષુ :– સમિયાણા જેવા.

ઉત્તર :– સમિયાણા નાખે, બસ એ સમિયાણા નાખે ને? એમાં ખીલી ખસી ગઈ. એમાં સત્તાપ્રિય બેઠો હોય તો કહે, કોણે કર્યું આવું? દરબાર! એમાં ગરાસિયા-બરાસિયા હોય તો સરખાયના હોય તો ભડાકા બોલાવે. આહાહા..! ત્યાં નહોતું થયું 'કરાંચી' 'પાકિસ્તાન'માં? આ 'જૂનાગઢ'નો નવાબ છે ને? ત્યાં ગયા હતાને? એ નવાબની રાણી. એનું પાયખાનું. બેગમનું પાયખાનું. એ પાયખાના ચોખ્ખા હશે. એને પોતાનું જાવું હોય તે જાય. પછી બીજા ન જાય.

એમાં એની દાસીની એક દિકરી હશે તો ઝટ કાંઈ જંગલ લાગ્યું ને એમાં ગઈ. એમાં આને ખબર પડી. એને સળગાવી દીધી. બાળી મુકી. આવું પાયખાનું તેં બગાડ્યું? આહાહા..! માણસને એટલું પણ ગોઠતું નથી. આહાહા..! એ મરીને જવાના નરકે, હોં! અત્યારે ભલે બાદશાહી ભોગવતા હોય, કરોડોનું પાયખાનું. ઓહોહો..! એ પાયખાના પણ ઊંચા હોય આરસપહાણના કરેલા સાફસૂફ. એ પોતે જંગલ જાય તો તરત એના માણસો સાફ કરી નાખે. એમાં વળી છોડીને થયું લાવને એમાં શું? પછી પાણીને નાખીને સાફ કરી નાખ્યું. પણ કાંઈક એને ખબર પડી ગઈ. છાપામાં આવ્યું હતું. મારી નાખી. આહાહા..! કેટલી પ્રતિકુળતા! હજી તો એને શરીરમાં કાંઈ દુઃખ નથી આવ્યું. પણ એની દિશા જંગલ જવામાં કાંઈ ફેરફાર થયો ત્યાં રાડ (પાડે). અર..ર..! આવા નરકમાં જશે તો શું કરશે આ?

મુમુક્ષુ :– એની સત્તા છે ને એ સત્તાનો ઉપયોગ.

ઉત્તર :– સત્તાનો ઉપયોગ. બસ, આ સત્તાના... બાપા! અરે..! એ આત્મા છે ને. પ્રભુ! મદના માર્યા ભૂલી જાય છે. અનાદિનો ભગવાનઆત્મા પણ મદનો માર્યો, અભિમાન ક્યાં મોટપની, પૈસાની, લક્ષ્મીની, આબરૂની, શરીરની સુંદરતાની, આ બુદ્ધિની કાંઈ ઉઘાડની, એ બધા અભિમાનના મદમાં સ્વરૂપને ભૂલી ગયો છે. અને મિથ્યાશ્રદ્ધા, જ્ઞાનમાં છોડીને એણે વ્યવહાર સમ્યગ્દર્શન, જ્ઞાન ગ્રહણ કર્યું, એની વૃદ્ધિની પરંપરા. વ્યવહારની વૃદ્ધિ એટલે? રાગની મંદતા થાય એ એની વૃદ્ધિ કહેવાય. પુષ્ટિ થાય એ વિશેષ વૃદ્ધિ કહેવાય?

મુમુક્ષુ :– વૃદ્ધિ તો પુષ્ટિ થાય એને જ કહેવાયને?

ઉત્તર :– પુષ્ટ શું થાય? રાગની મંદતા થતી ગઈ એટલે શુદ્ધ વ્યવહાર વિશેષ નિર્મળ થતો ગયો, એમ. તીવ્ર જે રાગ હોય એમાંથી રાગ મંદ થયો. દેવ-ગુરુની ભક્તિ, શાસ્ત્રની ભક્તિ તે કરતાં અશુભરાગ ઘટે છે અને વ્યવહાર વધે છે.

એની પણ **'પરંપરા વડે...'** એક પછી એક રાગ ઘટતા **'અનુક્રમે સ્વરૂપનો અનુભવ જ્યારથી કરે...'** સ્વ ભગવાનઆત્મા.. એ 'દિલીપ'! શું થયું? સવારમાં કહે કે આ વાત એવી આવી તો એવું થઈ ગયું, મન થઈ ગયું કે આપણે આમાં .. તો? ઓલા સાધુની વાત આવીને? ક્યાં ગયા '..'?

મુમુક્ષુ :– ભાવનગર ગયા.

ઉત્તર :– ભાવનગર ગયા. સાધુની વાત આવીને. મને તો એવું થઈ જાય છે. આહાહા..! એ તો કહેતો હતો ઓલા મિત્રની. ... બદામ ખાવા ગયો હતો ને? આ 'ધરમચંદભાઈ'ને ત્યાં બદામનું ઝાડ છે ને? ખાવા ગયો હતો. ... આ છોકરો ગયો હતો. તે દિ' તો બાર વર્ષ ચાલતું હશે. હવે બાર પૂરું થયું. 'કમલેશ'! આ મા-બાપ છે ને? આ મા-બાપ ખાડમાં પડ્યા છે. આપણને ખાડમાં નાખવા માગે છે. 'રતિભાઈ'! આ છોકરો. આ મા-બાપ પડ્યા છે ખાડમાં, આપણને ખાડમાં નાખવા માગે છે. ચાલ.. ચાલ.. જંગલમાં.

મુમુક્ષુ :– પછી કેમ...

ઉત્તર :– આ તો એક... 'કલકત્તા' 'કલકત્તા' રહે છે. 'જયંતીલાલ જાદવજી' એની પેઢી છે ને? .. એનો દીકરો છે આ. 'જાદવજીભાઈ'. .. ખબર જ છે પણ જંગલમાં જઈને કરવું છે તો .. હવે એને મિત્ર એવો મળી ગયો પાછો. .. ચાલ જંગલમાં. આ મા-બાપ પડ્યા છે ખાડમાં, ચાલ ભણવા. ભણ્યા હવે. આવા ભણતર તો અનંતવાર ભણ્યો. કેમ યાદ રહ્યું નથી? ભણતર એને કહેવાય? એનો બાપ કહે, ચાલ 'કલકત્તા' ભણવા. ભણતર! ભણતર ભણેલા એકેય અત્યારે યાદ છે? દરબાર! વીર્યવાળો છે ને. એમ આજે પણ બોલતો હતો. સવારમાં એક સાધુની વાત આવી ને. ... માતા! એવું મન થઈ જાય છે ને કે આપણે એવા થઈ જઈએ. વાત સાચી, હોં! આહાહા..!

નાની ઉંમરમાં ઘરેથી 'મીરાબાઈ'નું નાટક જોવા જતા ને. 'મીરાબાઈ'નું નાટક. તે દિ' આ તો ઘણા વર્ષની વાત છે. સંવત્ ૧૯૬૪-૬૫. 'ભરૂચ' સાધુ આવ્યા હતા. ત્યાં જોવા ગયા હતા. 'મીરાબાઈ'નું નાટક જોવા. ચાલો વખત છે તો કીધું 'મીરાબાઈ'નું નાટક જોવા. પણ એ તો પાવર એનો, એવું બોલે. મગજ ફરી જાય. ઉંઘ આવે નહિ. અને વૈરાગ્યની એવી લાઈન ચડી જાય અંદરથી. આપણે આવા ક્યારે થઈએ? સંવત્ ૧૯૬૪-૬૫ની વાત છે. 'મીરાબાઈ'ને... આહાહા..! 'મીરા પરણી મારા પિયુજીની સાથ, બીજાના મીંઢોળ નહિ બાંધુ.' દરબાર! નાટક. પેલા કેવા? 'ડાહ્યાભાઈ ધોળશા' એની મોટી કંપની. એક રાતમાં પંદરસો રૂપિયા આવતા. એવા અઠવાડિયામાં ત્રણ નાટક પાડતા. આ તો ૧૯૬૪-૬૫ની વાત છે. દીક્ષા લીધા પહેલા છ વર્ષની વાત. બાઈ અંદરથી બોલે. 'પરણી મારા પિયુજીની સાથ, બીજાના મીંઢોળ નહિ રે બાંધું' રાણા કહે છે, હાલ હાલ હવે મારે ઓલે. ... 'પરણી મારા પિયુજીની સાથ રે, બીજાના મીંઢોળ નહિ રે બાંધું.' મારો ઈશ્વર મને અંદર જણાય છે. એ જાતની એને પ્રીતિ છે ને? એની પ્રીતિમાં મને હવે બીજો પતિ મીંઢોળ બાંધુ એમ હોય નહિ. રાણો કહે, અરે..! ગાંડી થઈ ગઈ. સમજાય છે? 'સાધુડાને સંગે રાણા હું ઘેલી થઈ. ઘેલી થઈ રે રાણા હું ઘેલી થઈ. સાધુડાના સંગે હું તો ઘેલી થઈ.' તું ગાંડી કહે તો ગાંડી પણ વાત આમ છે. મારો પારો ફાટી ગયો છે. હવે કંઈ બહારમાં મને રુચિ છે નહિ.

એમ ધર્મીને જ્યારે આત્મદર્શન થઈને જ્યારે ચારિત્રની વૈરાગ્ય દશા આવે છે... આહાહા..! પાવર અંદરથી ફાટે છે. માતા! મને હવે ક્યાંય શાંતિ દેખાતી નથી. મારી શાંતિ સાગરમાં મારો આત્મા અંદર ઉછળી રહ્યો છે, હવે એમાં જવા માગે છે. પંડિતજી! પાવર ફાટી જાય. આહાહા..! ત્યારે એમ થાતું, ત્યારે હોં! કે આપણે આવા ક્યારે થઈશું? એ વખતનો વૈરાગ્ય .. દુકાન તો ચાલતી હતી. પણ એમાં આ બધો રસ હતો ને? તો એને થઈ જાય કે, આહાહા..! આપણે આવા સાધુ! જંગલમાં.

અહીં કહે છે કે મુનિ તો થયો છે આ. આ સંસાર આદિનો ત્યાગ છે, ભોગનો ત્યાગ છે, ઉદયનો ત્યાગ છે, પણ અંદરમાં હજી શુભ વિકલ્પ છઠ્ઠે ગુણસ્થાને વર્તે છે. આહાહા..! એને પણ છોડીને અંદર સ્વરૂપમાં ઠરવું છે હવે. સમજાણું કાંઈ? પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્માએ, એ આત્મા આનંદનો મીણો ચડે એવો ભગવાન અંદર છે. અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુ છે. આહાહા..! એમાં અનુભૂતિમાં જાઉં, એવા વિકલ્પને છોડીને અનુભૂતિમાં ઠરું, એવી વારંવાર ભાવના મુનિઓની હોય છે. આવા વ્યવહાર હોય છે તો પણ એમ કહેવું છે. સમજાણું કાંઈ? એ એના સ્વરૂપનો અનુભવ જ્યારથી કરે, અંદરમાં અનુભૂતિ થાય. સમ્યગ્દર્શનની અનુભૂતિ તો હતી. આહાહા..! પણ સ્વરૂપમાં લીનતા, જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાન (એવા) ભેદ નહિ. ભાઈ! આવે છે ને 'છ ઢાળા'માં? જ્યાં વટ ભેદ નહિ. આહાહા..!

અરે...! હું જાણનાર, અને હું મને જાણું, અને જ્ઞાન વડે જાણું, એવા ભેદ પણ મારા સ્વરૂપમાં ક્યાંથી હોય? આહાહા..! એવો ભેદ છે ત્યાં સુધી આવો વ્યવહારનો વિકલ્પ ઉભો હોય છે, રાગ ઉભો હોય છે. મારી અનુભૂતિમાં હું જાણનારો છું અને જ્ઞાન વડે જાણું છું, એ જ્ઞાન વડે મને જ્ઞેય કરીને જાણું છું... આહાહા..! એવા વિકલ્પનો પણ અભાવ કરીને અનુભૂતિ... સ્વરૂપનો અનુભવ જ્યારથી કરે, અરે..! અને આનંદની મોજું માણતો હોય અંદરમાં. આહાહા..! એને સાધુ કહીએ. ચારિત્રવંતની અહીં વાત લેવી છે ને.

**'ત્યારથી જ્ઞાન સાધકરૂપે પરિણમે છે,...'** લ્યો. ત્યારથી ભગવાનઆત્મા, જ્ઞાન એટલે આત્મા, એનું ચૈતન્યસ્વરૂપ છે તે સાધકરૂપે થાય છે. સિદ્ધની દશાના સાધવારૂપે તૈયાર થઈ ગયો. આહાહા..! સમજાણું કાંઈ? અહીં તો આ છે, ભાઈ! આહાહા..! દુનિયાની જંજાળ ફંજાળ મૂક, છોડ, વિકલ્પ છોડ એમ કહે છે. આહાહા..! સાધુની ભૂમિકામાં પંચમહાવ્રતનો વિકલ્પ, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો ભાવ, કહે છે કે એ પણ હજી બંધનું કારણ વચમાં આવ્યું. એ 'પ્રવચનસાર'માં આવે છે ને આપણે? કષાયનો કણ વચમાં આવવા છતાં. ત્યાં પણ લીધું છે. 'અમૃતચંદ્રાચાર્યે' ઓળંગી જઈને. એ આવ્યું એવી વાત છે. બીજી.. આહાહા..! ત્યાં 'પ્રવચનસાર'માં લીધું છે. આ 'અમૃતચંદ્રાચાર્ય'નું છે.

અહો..! ભગવાનઆત્મા અતીન્દ્રિય નાથ, ત્રિલોકનું તિલક રત્ન એવું ચૈતન્યસ્વરૂપ એવું જેને અંતરમાં સમ્યગ્દર્શનમાં ભાન થયું, એનું જ્ઞાન થયું, એમાં લીનતાનો અંશ આવ્યો પણ વચમાં કષાયનો-વ્યવહારનો કણ ઊભો છે. આહાહા..! એ રાગનો અંશ એ કષાયનો કણ છે. આહાહા..! એને ઓળંગી જઈને, એમ આવે છે. સ્વરૂપમાં ચરણમ્–ચારિત્ર થાય છે ત્યારે તેને ક્ષોભ વિનાના પરિણામ, મોહ અને ક્ષોભ વિનાના પરિણામ શુદ્ધ ઉપયોગપણે થાય છે ત્યારે એને દર્શન-જ્ઞાન-ચારિત્રની એક્તા થાય છે.

મુમુક્ષુ :– એ સાક્ષાત્ મોક્ષમાર્ગ.

ઉત્તર :– એ સાક્ષાત્ મોક્ષનો માર્ગ છે. અરે..રે..! ક્યાં ક્યાં રખડ્યો? કેવા-કેવા દુઃખ

પામ્યા એ ભૂલી ગયો, ભૂલી ગયો. ભૂલી ગયો એટલે નહોતું એમ કેમ કહેવાય? ભાઈ! માતાના પેટમાંથી જન્મીને આવ્યો. છ મહિના-બાર મહિનામાં શું થયું છે એ ખબર છે? ભૂલી ગયો. ભૂલી ગયો એટલે નહોતું? ખબર નથી પડી માટે નહોતું એમ કોણ કહે? માતાના પેટમાંથી આવ્યો છ મહિના સુધી. ઉં.. ઉં.. કરીને બેભાનમાં. આંખો આમ થઈ ગઈ હોય. ... કોઈને ઓળખે નહિ. ત્યાં ઓળખાણ કોની? રોવે અને એમાં વળી આ બહુ રોતો હોય તો વળી એની માં થપાડી મારે. પછી ધવરાવે. આ બધું હતું કે નહિ છ મહિના? ક્યાં ગયું? વયુ ગયું? ભૂલ્યો માટે નથી? આહાહા..! એવો એવો અનંતકાળ, અનંતકાળ ભૂલી ગયો. ભૂલી ગયો માટે નહોતું એમ કોણ કહે? આહાહા..! એને કહે છે હવે ભગવાનના આત્માના સ્વરૂપને સંભાળ. આ ભૂલી જા. સ્વરૂપને ભૂલીને આ કરતો, હવે એને ભૂલીને સ્વરૂપને કરે છે.

પહેલી સમજણમાં–શ્રદ્ધામાં એ વાત લાવે છે કે ઓ..હો..! મારો પ્રભુ દેવાધિદેવ, ચૈતન્યનાથ, અનંત આનંદનો સનાથ એવો હું. એવી અંતરમાં દૃષ્ટિ થતાં એને અનુભવમાં સમ્યગ્દર્શન થાય. પછી સ્વરૂપમાં લીનતા થતાં ચારિત્ર થાય. એમાં આ થોડો ભાગ બાકી રહી જાય છે. વ્યવહાર-દર્શન-જ્ઞાન-ચારિત્રનો કષાયનો કણ રહી જાય છે, હવે એને છોડે છે. આહાહા..!

**'સ્વરૂપનો અનુભવ જ્યારથી કરે...'** આનંદનું વેદન અંદર આવે. ભલે છદ્મસ્થ છે. મુનિપણું થતાં એને અતીન્દ્રિય આનંદની ભરતી આવે. જેમ સમુદ્રમાંથી ઉછળીને કાંઠે પાણીની ભરતી આવે. આહાહા..! એવો ભગવાન ચૈતન્યસમુદ્ર, સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકર પરમેશ્વરે જોયો, જાણ્યો અને પ્રગટ કર્યો, એવા આત્માને અંદરમાં અનુભવ એટલે આત્માને અનુસરીને શાંતિને વેદે છે ત્યારે સાધકરૂપે થાય છે. ત્યારે એને સિદ્ધપદનો સાધક એવું બિરુદ આપવામાં આવે છે. સમજાણું કાંઈ? આ સરકાર-બરકાર ચુંટવા નથી વગાડતા? શું કહેવાય? ઇલકાબ. કેવા? .. આપે છે ને મોટા પૂછડા? ધૂળમાં પણ નથી ત્યાં. .. ત્યાં દુર્ગતીએ જાવું હોય તો ઘરેણે મુકાય નહી ... ને. ચાલ્યો જાય છે, જેપીવાળો મરીને નરકે જાય. આહાહા..! અમે આવા છીએ. અમે સામા મળીએ તો... પહેલા ઓલું હતું. ફાંસીએ ચડાવવાનો હોય, કોઈક મોટો માણસ નીકળે .... લાગશે પહેલા..... ફાંસી બંધ કરી દીધી. એવું સાંભળેલું. હોય છે, એમાં શું? આ તો ભગવાન જેને મળ્યા એને સંસારની ફાંસી ન હોય, કહે છે, છોડ.

મુમુક્ષુ :– ફાંસીથી છૂટ્યો.

ઉત્તર :– છૂટ્યો. ઓલાને ફાંસી ન આપી. ફાંસીની સજા થઈ હોય અને ... એવું સાંભળ્યું છે ઘણા વર્ષ પહેલા. નાની ઉંમરમાં ઘણું સાંભળેલું અને વાંચેલું, હજારો પુસ્તકો. આ સાંભળેલું. નિવૃત્તિ ઘણી હતી . ઘરની દુકાનનો ધંધો હતો. ઘણું વાંચેલું અને ઘણું સાંભળેલું.

ઘણા સાધુ-સંતોના સંગ કરેલા. બાવાના અને કબીરના સાધુના. આ ચીજ બીજી પણ.

આ ભગવાન એક એવો આત્મા તું તો શિવપુરનો સાહેબો દેવાધિદેવ એવો આત્મા છો તું છો, ભાઈ! એવા આત્માના... દુનિયા દુનિયાને સ્થાને રહી, એને ઘરે, તારા ઘરમાં એ કાંઈ છે નહિ. એવી અંતરમાં સન્મુખ થઈને ... અસત્‌થી ઉપરાંત થઈને અનુભવ કરે, એમાં ચારિત્ર સહિતનો અનુભવ કરે એની વાત છે અહીં. આહાહા..! ત્યારથી સાધક થયો. હવે મોક્ષના માંડવા રોપાણા. એ માંડવે હવે લગન થઈને સાધુ થઈ જવાના, સિદ્ધ થઈ જવાના. સમજાણું કાંઈ? અહીંથી સાધકદશામાં... ઓલામાં ચોથેથી લીધું છે. 'સમયસાર નાટક'. પણ અહીં તો સાતમેથી લીધું છે. ચારિત્રની ગ્રહણદશા છે. ઉત્કૃષ્ટ વાત લીધી છે. ત્રણની એકતા. ઓલામાં એમ લીધું, ચોથેથી બારમા સુધી સાધક છે.

એવો આત્મા જ્યારે પોતાના આનંદના ધામમાં જાય છે, એને નિજ સ્વરૂપનો અંતરમાં ચારિત્રની રમણતામાં ભેટો થાય છે. ચારિત્ર એટલે કોઈ ક્રિયાકાંડ એ ચારિત્ર નથી, કે નગ્ન બાવા થઈ જવું એ ચારિત્ર અને પંચમહાવ્રતના વિકલ્પ ઊઠે એ કાંઈ ચારિત્ર નથી. એ તો વચ્ચે દોષવાળો વિકલ્પ છે. આમાં કીધું ને. ચારિત્ર તો આનંદના ધામમાં રમણતામાં લીન થઈ જાય એને ચારિત્ર કહેવામાં આવે છે. હજી ખબરે ન મળે કે ચારિત્ર કોને કહેવા અને શું કહેવા? સમજાણું કાંઈ? કહે છે કે એ જ્યારે આવો અંતર દશામાં સ્થિર થાય છે, ત્યારથી આત્મા સાધકરૂપે થાય. ત્યારે એને મોક્ષનો અને પૂર્ણ આનંદના સાધક સાધનારો કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'કારણ કે,...'** કેમ સાધકરૂપે થયો એનું કારણ આપે છે. **'કે જ્ઞાનમાં નિશ્ચયસમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રરૂપ ભેદો અંતર્ભૂત છે.'** જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા, એની અંતર્મુખ થઈને પ્રતીત, જ્ઞાન અને રમણતા થઈ એ જ્ઞાનભાવમાં ત્રણ અંદર અભેદમાં ભેદ પડ્યા છે. હવે રાગ નહિ, વિકલ્પ નહિ. આહા..! જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા ચૈતન્યના પ્રકાશનો પૂર જ્યાં અંદરથી નીકળ્યો. શું કહેવાય આ? 'બાહુબલીજી' 'શ્રવણબેલગોલા' 'બાહુબલજી' ત્યાં ગયા ને બે વાર? ત્યાં એના ઓલા શું કહેવાય? બે .. હજાર-હજારનું શું કહેવાય તમારે? મોટા આવા બે. એની સામે સર્ચ લાઈટ 'બાહુબલી' ઉપર મૂકે છે. રાત્રે ચોખ્ખું દેખાય. રાત્રે ભક્તિ કરવા ગયા હતા, નહિ? તમે હતા? બે. એમાંથી લાઈટ નીકળે. બાહુબલી જોવે એટલે લાઈટ નીકળે. એમ આત્મામાં ચૈતન્ય પ્રકાશ એવો નીકળે કે પૂર્ણ આનંદ અને આત્માને જોવે એવો પ્રકાશ–લાઈટ નીકળે. પેલી વાત બેસે પણ આ કેવડો છે અંદર એની એને (ખબર ન મળે). એક બીડીમાં વેંચાઈ ગયો. આહા..! એક સરખી બીડી પીતો હોય ત્યાં... ગયો.

મુમુક્ષુ :– આત્માને ઘરે.

ઉત્તર :– હા, આત્માને ઘરે પાવર ચડી ગયો. ધૂળેય નથી સાંભળને હવે. આ છોકરી અને છોકરા. છોકરીઓ પોદળા લેવા નીકળે ને? છાણ. એક સારો છાણનો પોદળો મળ્યો

હોય, શું કહેવાય એમાં ઓલું? ટોપલો ભરાય એવો, ટોપલી ભરાય એવો, સુંડલો ભરાય એવો. આહાહા..! અરે..! ત્રણલોકનો નાથ ચક્રવર્તીની ઋદ્ધિ પણ છોડે ત્યારે આમ બળખો છોડે એમ ફડાક દઈને છોડી દે. છન્નુ હજાર સ્ત્રી જંટિયા તાણતી હોય. સમજાય છે? હે રાણીઓ! તમારે માટે હું રહ્યો હતો એમ ન માનો. મારામાં આસક્તિનો રાગ ભાગ હતો તે હું રહ્યો હતો. એ રાગ હવે મરી ગયો છે. ... સમજાણું?

'શાંતિનાથ' ભગવાને ... 'શાંતિનાથ' ભગવાન. છન્નુ હજાર સ્ત્રી. જ્યારે ભગવાનને વૈરાગ્ય થાય છે, દીક્ષા લેવા તૈયાર થાય છે ત્યારે છન્નુ હજાર રાણી પોકાર કરે છે. જંટીયા તાણે. તમે આવા આમંત્રણને લઈને હું આવી આસક્તિને પામ્યો હતો એમ નહોતું. મારી નબળાઈને લઈને મને આસક્તિ હતી એટલે હું રોકાયો હતો. એ આસક્તિ મરી ગઈ. એ મરેલાને જીવતી કોઈ કરી શકે નહિ. બસ થાઓ. સમજાણું કાંઈ? આહાહા..! છન્નુ-છન્નુ હજાર સ્ત્રીને એ બળખો છોડે એમ છૂટે. અહીં જ્યાં એક ટોપલો ભરાય એટલું છાણ મળે તો ખુશી થઈ જાય. આ તે ક્યાં છે?

મુમુક્ષુ :– છાણના .. છાણમાં જ ...

ઉત્તર :– સારું ખેતર પાક્યું હોય તો ખુશી (થાય). સવારમાં જોવામાં નીકળે ને? ખેતર સોંસરવો. ૨૦૦ વીઘાનું સરખું ખેતર હોય, લોથા પાક્યા હોય તો ખુશી ખુશી થતો જાય. મરીને તારે ત્યાં જાવું છે પાછું. યાદ રાખજે. જુવારના દાણામાં એકેન્દ્રિય થઈને. આવી મમતાવાળા બીજે જાય ક્યાં? આહાહા..!

કહે છે કે ભગવાનઆત્મા પોતાની ઋદ્ધિની સમૃદ્ધિની સંપદામાં જ્યાં અંદર ગયો, તેના '**જ્ઞાનમાં નિશ્ચયસમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રરૂપ ભેદો અંતર્ભૂત છે.**' ત્રણ ભેદ અંદરમાં છે એમ કહે છે. સમ્યક્નિશ્ચય અનુભવ, જ્ઞાન અને લીનતા અંતર્ભૂત છે. '**નિશ્ચયસમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રની શરૂઆતથી માંડીને,...**' લ્યો, અહીંયાં તો ચોખ્ખો શબ્દ છે. સાધક આને કહીએ. ઓલો કહે નિશ્ચય તો તેરમે થાય, ઓલો કહે આમ થાય. નિશ્ચય સમ્યગ્દર્શન ભગવાનઆત્માનો અંદર નિશ્ચય–નિર્ણય આવ્યો, કે શુદ્ધ ચૈતન્ય આનંદ, એનું જ્ઞાન અને લીનતા, એની '**શરૂઆતથી માંડીને સ્વરૂપ-અનુભવની વૃદ્ધિ કરતાં...**' સ્વરૂપની સ્થિરતાની વૃદ્ધિ કરતાં.. કરતાં.. કરતાં... કરતાં.. આનંદમાં વધતા.. વધતા.. વધતા... '**જ્યાં સુધી નિશ્ચયસમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રની પૂર્ણતા ન થાય,...**' જ્યાં સુધી ચારિત્રની, રમણતાની પૂર્ણતા ન થાય, '**ત્યાં સુધી જ્ઞાનનું સાધકરૂપે પરિણમન છે.**' ત્યાં સુધી આત્માની સાધકરૂપે દશા છે. ત્યાં સુધી એને સિદ્ધદશા છે નહિ. સમજાણું કાંઈ?

'**નિશ્ચયસમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રની પૂર્ણતા ન થાય, ત્યાં સુધી જ્ઞાન...**' એટલે ભગવાનઆત્મા, ચૈતન્યમૂર્તિના પ્રકાશના નૂરનું પૂર, એને સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રની પૂર્ણતા ન થાય. દર્શન ભલે પૂર્ણ હો. સમજાણું? એ ચારિત્ર આદિ પૂર્ણતા ન થાય, '**ત્યાં સુધી જ્ઞાનનું સાધકરૂપે**

**પરિણમન છે.**' એ પર્યાય અવસ્થા સાધકરૂપે એની છે. '**જ્યારે નિશ્ચયમસમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રની પૂર્ણતાથી...**' પૂર્ણ જ્યાં થયું, '**નિશ્ચયસમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રની પૂર્ણતાથી સમસ્ત કર્મનો નાશ થાય અર્થાત્ સાક્ષાત મોક્ષ થાય...**' લ્યો. એકલો ભગવાન પૂર્ણાનંદથી પ્રાપ્ત થઈ, મુક્તિ થઈ જાય. આનું નામ મુક્તિ છે.

'**ત્યારે જ્ઞાન સિદ્ધરૂપે પરિણમે...**' લ્યો. જ્ઞાન એટલે આત્મા પોતે સિદ્ધ દશારૂપે, અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય, અનંતસ્વચ્છતા આદિ અનંતગુણોની પૂર્ણ, પૂર્ણ પવિત્રતાની પૂર્ણ દશારૂપે થાય, એને સિદ્ધ અને પરમાત્મા કહેવાય છે. શરીરરહિત પરમાત્મા કહેવાય છે. સવારમાં અરિહંત શરીરસહિતની વ્યાખ્યા હતી. પણ આ તો તદ્દન શરીરરહિત થઈને સિદ્ધ થાય. ણમો સિદ્ધાણંમાં આવે. અરિહંતની વ્યાખ્યા ણમો અરિહંતાણંમાં આવતી. એને પુણ્ય આવા હોય ને આવા હોય ને મોટા...

'**કારણ કે તેનો અસ્ખલિત નિર્મળ સ્વભાવભાવ પ્રગટ દેદીપ્યમાન થયો છે.**' સોળ કળાએ જેમ ચંદ્ર ખીલે અથવા ચોસઠ પહોરી પીપરની તીખાશ બહાર પ્રગટ થાય, એમ ભગવાન પૂર્ણ જે શક્તિ આનંદ આદિ હતી, એ પૂર્ણ થઈને પ્રગટ (થાય છે). '**અસ્ખલિત નિર્મળ સ્વભાવ...**' એ દશા પ્રગટ થઈ એ થઈ. અસ્ખલિત એટલે ખળે નહિ. નિર્મળ પૂર્ણ સ્વભાવભાવ પ્રગટ દેદીપ્યમાન થાય. જે સ્વભાવ હતો એ પ્રગટ થઈ જાય છે.

'**આ રીતે સાધકરૂપે અને સિદ્ધ રૂપે–બન્ને રૂપે પરિણમતું એક જ જ્ઞાન આત્મવસ્તુને ઉપાય-ઉપેયપણું સાધે છે.**' ભાષા જુઓ! જ્ઞાનસ્વરૂપી ભગવાનઆત્મા, પોતે જ અંદર સાધકરૂપે થાય છે અને સિદ્ધરૂપે થાય છે. એમાં વ્યવહારના વિકલ્પની એને જરૂર નથી એમ કહે છે. સમજાણું કાંઈ? '**આ રીતે સાધક અને સિદ્ધરૂપે બન્ને રૂપે પરિણમતું એક જ જ્ઞાન...**' ભાષા કેવી છે! '**(આત્મવસ્તુને ઉપાય-ઉપેયપણું સાધે છે.)**' આત્મા વસ્તુને ઉપાય એટલે કારણ, ઉપેય એટલે કાર્ય. ઉપાય એટલે સાધક, ઉપેય એટલે સિદ્ધ. એ આત્મા જ પોતે બન્ને પરિણામને સાધે છે. કહો, સમજાણું આમાં? '**આ રીતે બન્નેમાં (ઉપાયમાં તેમજ ઉપેયમાં–) જ્ઞાનમાત્રનું અનન્યપણું છે...**' શું કહે છે? ચૈતન્યસ્વરૂપ જ આખો ભગવાન જ એ પોતે છે. સાધકરૂપે પણ એ જ્ઞાનપણે થાય છે અને પૂર્ણરૂપ જ્ઞાનનું '**અનન્યપણું છે અર્થાત્ અન્યપણું નથી;...**' જ્ઞાનમાત્રનું એકમેકપણું છે. એમાં ભેદપણું કાંઈ છે નહિ. ભારે ભાષા! શું કહે છે? '**આ રીતે બન્નેમાં (–ઉપાયમાં તેમ જ ઉપેયમાં–) જ્ઞાનમાત્રનું અનન્યપણું છે...**' હવે ઓલો વાંચે એ સમજ્યા વિના શું વાંચે? પાના ફેરવે તો હાથ આવે નહિ.

આ આત્મા ચૈતન્ય પ્રકાશનો પુંજ સૂર્ય છે. એ ચૈતન્યસૂર્ય અંતરના સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાન અને ચારિત્રપણે થાય, એ પણ પોતે જ્ઞાનરૂપે થઈને રહે છે, એમાં અન્યપણું જણાશે નહિ. આહાહા...! સમજાણું કાંઈ? વચમાં વ્યવહાર-બ્યવહાર નથી એમ કહે છે. સાધકપણું એને કહીએ. આહાહા...!

**'માટે સદાય અસ્ખલિત એક વસ્તુનું..'** વસ્તુ ભગવાનઆત્મા અનંતજ્ઞાનની બેહદતા, અનંતઆનંદની બેહદતા, એવી આત્માની શ્રદ્ધા અને શક્તિ પણ બેહદ જેની શક્તિ છે. જેને આખો આત્મા પ્રતીતમાં લે છે, એવી શ્રદ્ધાની શક્તિ પ્રગટ થતાં **'(–જ્ઞાનમાત્ર આત્મવસ્તુનું–) નિષ્કંપ ગ્રહણ કરવાથી,...'** આ રીતે અસ્થિર ન થાય એ રીતે નિષ્કંપ ગ્રહણ કરવું, અનુભવમાં લીન થવું. **'મુમુક્ષોને...'** મુમુક્ષુ એટલે આત્માના મોક્ષના કામીને, **'કે જેમને અનાદિ સંસારથી ભૂમિકાની પ્રાપ્તિ ન થઈ હોય...'** મુક્તિની પ્રાપ્તિ અનાદિથી થઈ નથી. **'તેમને પણ,...'** ન થઈ હોય એને પણ થાય એમ કહે છે. સમજાણું કાંઈ? મુમુક્ષુઓને જેને આવી ધગશ જાગી છે, શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિની રમણતાની જેને ભાવના થઈ છે, એ જીવને અનાદિ સંસાર, નિગોદથી માંડી નવમી ગ્રૈવેયકે અનંતવાર જૈનનો દિગંબર સાધુ થઈને ગયો, પણ આત્માના સમ્યગ્દર્શન, જ્ઞાનના ભાન વિના.

મુમુક્ષુ :– નિષ્કંપ ગ્રહણ ન કર્યું.

ઉત્તર :– હા, નિષ્કંપ ગ્રહણ ન કર્યું. આહાહા..! સ્થિર બિંબ પ્રભુ આખો પડ્યો છે. વજ્રની મૂર્તિ જેવો ચૈતન્ય આત્મા, એમાં નિષ્કંપ થઈને શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રથી પડ્યો, એ જીવને અનાદિ સંસારમાં રખડવાની ભૂમિકામાં આ પ્રાપ્તિ નહિ થઈ હોય. **'તેમને પણ, તત્ક્ષણ જ ભૂમિકાની પ્રાપ્તિ થાય છે;...'** તત્ક્ષણ સિદ્ધપદ પ્રાપ્ત થાય છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :– સિદ્ધપદ. સિદ્ધ જ આખું થાય છે એમ કહે છે. સંસાર નહિ. સમજાણું કાંઈ? સિદ્ધપદની પ્રાપ્તિ થાય છે. અથવા એ સાધકપણામાં જે આનંદ આવ્યો ને એની પ્રાપ્તિ થાય છે. આહાહા..! એ સિદ્ધ જ છે. એ તત્ક્ષણ આનંદની, જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

**'પછી તેમાં જ નિત્ય મસ્તી કરતા...'** લ્યો, આ મસ્તી કરતાં આવ્યું. આ વ્યાયામ કરે છે ને મોટા મગદળ ઉપાડીને? આ મગદળ ઉપાડ્યો મોટો. આનંદનો ધામ ભગવાન એમાં મસ્તી કરતા. આ ધર્મીની મસ્તી આનંદના ધામમાં હોય છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? **'નિત્ય મસ્તી કરતા...'** એમ કહે છે પાછું. અતીન્દ્રિય આનંદના સ્વભાવમાં લીન થતાં-થતાં મસ્તી કરતાં, સ્વરૂપનો અનુભવ કરતાં **'મુમુક્ષુઓ–કે જેઓ પોતાથી જ, ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તતા અનેક અંતની (અનેક ધર્મની) મૂર્તિઓ છે તેઓ–સાધકભાવથી ઉત્પન્ન થતી પરમ પ્રકર્ષની કોટિરૂપ સિદ્ધભાવનું ભાજન થાય છે.'** આહાહા..! ટીકા છે, હોં! આ તો. સંસ્કૃત ટીકા છે.

ક્રમરૂપ એટલે ક્ષણે ક્ષણે નવી નવી અવસ્થાઓ થાય, પર્યાય છે એ અવસ્થાએ ક્રમરૂપ છે. અને અક્રમરૂપ ગુણ છે. યુગપદ્. અંદર ગુણો છે તે એકસાથે છે. જ્ઞાન, દર્શન, આનંદ આદિ શક્તિઓ, એની અવસ્થા થાય એ ક્રમે ક્રમે થાય. એ ક્રમ અને અક્રમ પ્રવર્તતા અનેક અંત-ધર્મની મુર્તિઓ છે. આહાહા..! ... શબ્દો એમાં સ્થાપે છે. કેટલી ! **'અનેક અંતની...'**

એટલે જ્ઞાન-દર્શન-આનંદ આદિ ધર્મો જે આત્મામાં છે. **'તેઓ—સાધકભાવથી ઉત્પન્ન થતી...'** લ્યો. સિદ્ધ છે એ સાધકભાવથી ઉત્પન્ન સિદ્ધ થાય છે, એમ કહે છે. **'પરમ પ્રકર્ષની કોટિરૂપ...'** ઉત્કૃષ્ટ શક્તિની વિશેષતાથી. **'કોટી = અંતિમતા; ઉત્કૃષ્ટતા; ઊંચામાં ઊંચું બિંદુ; હદ.'** **'સિદ્ધિભાવનું ભાજન થાય છે'** સિદ્ધિભાવનું ભાજન એટલે સિદ્ધિપદને પામે છે. સમજાણું કાંઈ? એ ભાજન થયું એટલે એમાં સિદ્ધપદ રહ્યું. આહાહા..! છેલ્લા શ્લોકો છે ને? સાર.. સાર.. સાર.

**'સિદ્ધિભાવનું ભાજન થાય છે.'** એની પર્યાયમાં સિદ્ધપદ રહે એવી લાયકાત થઈ જાય છે એમ કહે છે. **'પરંતુ જેમાં અનેક અંત અર્થાત્ ધર્મ ગર્ભિત છે એવા એક જ્ઞાનમાત્ર ભાવરૂપ આ ભૂમિને જેઓ પ્રાપ્ત કરતા નથી,...'** લ્યો. આહાહા..! જ્ઞાનસ્વભાવ, જે જ્ઞાનસ્વભાવ છે એને પકડતા નથી અને રાગ ને પુણ્યના વિકલ્પને પકડીને બેઠો છે એને સાધકપણું થતું નથી અને એને સિદ્ધપણું થતું નથી, એમ કહે છે. અસ્તિ-નાસ્તિ કરે છે. **'આ ભૂમિને જેઓ પ્રાપ્ત કરતા નથી,...'** જ્ઞાનમાત્ર ભાવરૂપ, ભાષા જુઓ! એકલો આત્મા ચૈતન્ય-પ્રકાશ એવો જ્ઞાનમાત્ર સ્વભાવ, એને જે પકડતો નથી, એવા ભાવને અંતર્મુખ પ્રાપ્ત કરતો નથી, **'તેઓ સદા અજ્ઞાની વર્તતા થકા,...'** લ્યો. ભલે સાધુ હોય, ત્યાગી હોય. જ્ઞાનસ્વરૂપ ભગવાન ચૈતન્ય. જ્ઞાન સ્વભાવભાવની હયાતીવાળો પદાર્થ, જાણક સ્વભાવની મોજૂદગીવાળો આત્મા, એને જ્ઞાનભાવથી પકડતો નથી. સ્વસંવેદન જ્ઞાન, જ્ઞાનને પ્રત્યક્ષપણે વેદતો નથી. સમજાણું?

**'સદા અજ્ઞાની વર્તતા થકા,...'** જુઓ! પેલામાં નિત્ય મસ્તી કરતા હતા ને? આ **'સદા અજ્ઞાની વર્તતા થકા,...'** આહાહા..! જ્ઞાનભાવરૂપ આત્મા, જ્ઞાન સ્વભાવરૂપ આત્મા, આનંદ સ્વભાવરૂપ આત્મા, એને જે પ્રાપ્ત કરતા નથી. એવી દશાને પ્રાપ્ત થતો નથી. **'આ ભૂમિને જેઓ પ્રાપ્ત કરતા નથી, તેઓ સદા અજ્ઞાની વર્તતા થકા,...'** લ્યો. ભલે સાધુ હો. સમજાણું કાંઈ? **'સદા અજ્ઞાની વર્તતા થકા, જ્ઞાનમાત્ર ભાવનું સ્વરૂપથી અભવન...'** આત્માના આનંદ અને જ્ઞાનભાવના સ્વરૂપનું અભવન–નહિ થવું. **'અને પરરૂપથી ભવન...'** રાગની, પુણ્યની ક્રિયાથી ભવન પોતાને દેખે એ. આહાહા..! સમજાણું કાંઈ? જ્ઞાનરૂપી ભવનનું નહિ થવું, સ્વરૂપની સ્થિરતા અને શ્રદ્ધા, જ્ઞાને નહિ થવું અને અભવન–પરરૂપથી અભવન. સ્વથી અભવન એટલે પરરૂપથી ભવન. પછી ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પણ એ પરરૂપ વિકાર છે.

**'પરરૂપથી ભવન દેખતા (–શ્રદ્ધતા) થકા,...'** રાગથી, પુણ્યથી થવું. પોતાને જાણે પુણ્યરૂપ થયો, હું રાગરૂપે થયો. એમ દેખતા એટલે શ્રદ્ધતા થકા. રાગરૂપ થયો એમ શ્રદ્ધતા થકા, દેખતા થકા જ્ઞાનરૂપ થયો એવું તો એને છે નહિ. સમજાણું કાંઈ? **'ભવન દેખતા (–શ્રદ્ધા) થકા, જાણતા થકા...'** લ્યો. એટલે? રાગરૂપે થાય તે એ જ દેખે છે, એ જ હું છું. ચાહે તો શુભરાગ હો કે અશુભરાગ હો. એ રાગ તે પરરૂપ છે. એને **'દેખતા થકા, જાણતા**

**થકા અને આચરતા થકા,...**' એટલે રાગના વિકલ્પનું આચરણ કરતો થકો. એ ત્રણ આવી ગયા. '**મિથ્યાદૃષ્ટિ, મિથ્યાજ્ઞાની અને મિથ્યાચારિત્રથી વર્તતા થકા,...**' સ્વરૂપ જ્ઞાનમાત્ર ચૈતન્ય ભગવાન છે, એને છોડીને રાગનો જે શુભ વિકલ્પ છે, એને પકડીને એને શ્રદ્ધા માનતો, એની શ્રદ્ધા કરતો, એમાં એનું જ્ઞાન કરતો અને એમાં ઠરતો મિથ્યાદૃષ્ટિ છે. ચાહે તો પંચમહાવ્રત પાળતો હોય, અઠ્યાવીસ મૂળગુણ દિગંબર મુનિના (પાળતો હોય), એને શ્રદ્ધે, એને જાણે, એને રાગને આચરે છે. ભગવાન રાગરહિત છે એને શ્રદ્ધતો, જાણતો અને આચરતો નથી. ઓહોહો..! સમજાણું કાંઈ? એ વિધિની રીતની ખબર ન મળે કે માર્ગને પામવાની અને ત્યાં પહોંચવાની કઈ વિધિ છે? આહાહા..!

કહે છે કે પોતે જ્ઞાનસ્વભાવ આત્મા છે, એને પકડીને શ્રદ્ધા, જ્ઞાન કરીને ઠરે છે, એ તો સાધક થઈને સિદ્ધ થાય છે. એવો જ્ઞાનસ્વભાવ આત્મા, જેના હોવાપણામાં એકલું જ્ઞાતા-દૃષ્ટાપણું છે એવા જ્ઞાતા-દૃષ્ટાપણે નહિ થઈને અને રાગના વિકલ્પ થઈને, એને શ્રદ્ધે છે, એને જાણે અને એમાં આચરે છે, એ મિથ્યાદૃષ્ટિ, મિથ્યાજ્ઞાની, મિથ્યાચારિત્રી છે. આહાહા..! સમજાણું કાંઈ? અહીં તો ભગવાનની ભક્તિના રાગમાં એકલો રટે છે, એને શ્રદ્ધે છે, એને જાણે અને એને આચરે એ પણ મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. આહાહા..! ચૈતન્ય સ્વભાવ અનાદિઅનંત ધ્રુવ સ્વભાવ, એને નહિ પકડતા, એ રૂપે નહિ થતાં, અનાદિ અજ્ઞાની રાગને પકડતો, શ્રદ્ધતો, રાગને જોતો, રાગને જાણતો અને રાગનું આચરણ કરતો એ મિથ્યાદૃષ્ટિ છે, એ મિથ્યાજ્ઞાની છે.

'**મિથ્યાચારિત્રી વર્તતા થકા, ઉપાય-ઉપેયભાવથી અત્યંત ભ્રષ્ટ વર્તતા થકા...**' સાધકપણાથી અને સિદ્ધપણાથી બન્નેથી ભ્રષ્ટ વર્તે છે. આહાહા..! ઉપાય એટલે સાધક અને ઉપેય એટલે સાધ્ય. '**અત્યંત ભ્રષ્ટ વર્તતા થકા...**' જોયું? '**સંસારમાં પરિભ્રમણ જ કરે છે.**' સંસારમાં પરિભ્રમણ જ કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? બે વાત લીધી. સંસાર છુટવાની અને સંસાર પરિભ્રમણની. એ બન્ને પરિણામનો કર્તા એ જીવ છે. સ્વરૂપના પરિણામ જ્ઞાનના કરે, શ્રદ્ધે અને ઠરે તો સાધકરૂપે થઈને અંદરમાં મસ્તી કરતા કરતા કેવળજ્ઞાન સિદ્ધપદને પામે. ભાવનો સ્વભાવ ચૈતન્ય ગુણ વસ્તુ અનાદિઅનંત ચૈતન્ય સ્વભાવ, અવિનાશી ગુણ, એને પર્યાયમાં નહિ પકડતા, એ રૂપે ન થતાં, રાગરૂપે, વિકલ્પરૂપે થઈને (પરિણમે છે). એ કષાય છે. રાગ દાહ આગ. રાગ આગ દાહ. એમાં જલે છે. એ ... છે. શુભભાવ તે જ્વલન છે, કષાય છે એમ કીધું. એવા જ્વલનમાં સ્વરૂપથી, શાંતિથી ભ્રષ્ટ વર્તતા થકા, જોયું! અહીં તો કર્મથી થાય અને એના અભાવથી થાય છે એ વાત અહીં ... પોતે પોતાના સ્વરૂપને નહિ શ્રદ્ધતો, રાગને શ્રદ્ધતો, રાગને જાણતો અને રાગને આચરતો '**મિથ્યાદૃષ્ટિ, મિથ્યાજ્ઞાની અને મિથ્યાચારિત્રી વર્તતા થકા,...**' પોતે વર્તતો થકો એમ છે. પરને કાંઈ વર્તાવ્યું છે એમ છે નહિ. મોટી તકરાર અત્યારે વાંધા. '**અત્યંત ભ્રષ્ટ વર્તતા થકા સંસારમાં પરિભ્રમણ**

**જ કરે છે.**' લ્યો. '**एव**' છે ને? '**विभ्रमन्त्येव**' એમ સંસ્કૃતમાં શબ્દ છે. પરિભ્રમણ જ કરે છે. એ જ્ઞાન સ્વભાવભાવ, જ્ઞાતા સ્વભાવભાવ, દૃષ્ટા સ્વભાવભાવ, આનંદ સ્વભાવભાવ એને અંતર નહિ પકડતા, એ રૂપે નહિ થતાં, એને નહિ શ્રદ્ધતા, નહિ જાણતા, નહિ શ્રદ્ધતા, રાગની ક્રિયાના પરિણામમાં એને શ્રદ્ધતા, જાણતા અને આચરતા મિથ્યાદૃષ્ટિ, મિથ્યાજ્ઞાની, મિથ્યાચારિત્રી થઈ અંતર ભ્રષ્ટ થઈ સંસારમાં જ રખડે છે. કહો, સમજાણું કાંઈ?

વ્યવહારથી એને શ્રદ્ધા ... આવે છે વ્યવહારથી, જુઓ! 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય'માં નથી આવતું? નિશ્ચય અને વ્યવહાર બે મુક્તિના માર્ગ છે. બેથી મુક્ત થાય છે. આ તો આરોપ કરીને કથન કર્યું છે. અહીં તો એક જ વાત છે. સારમાં સાર કળશ ચડાવ્યો છે. મંદિર ઉપર જેમ કળશ ચડાવે, એમ ચડાવ્યો છે. ભગવાન! તારા સ્વભાવભાવને પકડ, એને પકડતા શ્રદ્ધા કર, એનું જ્ઞાન કર, એમાં લીનતા કર, એમાં ઠર. એ સમ્યગ્દૃષ્ટિ, જ્ઞાન, ને ચારિત્રવંત થતાં સાધકરૂપે થઈને સિદ્ધનું ભાજન કરે છે. એટલે એ સિદ્ધ થશે. એ સિદ્ધ થશે જ. જેમ અહીં પરિભ્રમણ જ કરે છે. તેમ સિદ્ધ થશે જ. એમ છે જુઓ! સમજાણું? સિદ્ધિભાવનું ભાજન થાય છે. એમ ત્યાં કીધું ને? હવે તને ઠીક પડે એમ કર એમ કહે છે.

મુમુક્ષુ :– જ્યાં રુચે ત્યાં જા.

ઉત્તર :– જ્યાં રુચે ત્યાં જા. એ આવે છે ને? આહાહા..! પણ જેને વસ્તુની ખબર જ ન મળે. દ્રવ્ય એટલે શું? ગુણ એટલે શું? આ પર્યાય બદલે છે પરલક્ષે અને સ્વલક્ષે એ શું? ઓઘે ઓઘે આંધળા થઈને રખડે છે.

## શ્લોક–૨૬૬

(वसन्ततिलका)

ये ज्ञानमात्रनिजभावमयीमकम्पां
भूमि श्रयन्ति कथमप्यपनीतमोहाः।
ते साधकत्वमधिगम्य भवन्ति सिद्धा
मूढास्त्वमूमनुपलभ्य परिभ्रमन्ति।।२६६।।

**હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–**

**શ્લોકાર્થ :– [ ये ] જે પુરુષો, [ कथम् अपि अपनीत-मोहाः ] કોઈ પણ પ્રકારે જેમનો મહો દૂર થયો છે એવા થયા થકા, [ ज्ञानमात्र-निज-भावमयीम् अकम्पां भूमि ] જ્ઞાનમાત્ર નિજભાવમય અકંપ ભૂમિકાનો (અર્થાત્ જ્ઞાનમાત્ર જે પોતાનો ભાવ તે-મય નિશ્ચળ ભૂમિકાનો)**

**[ श्रयन्ति ] આશ્રય કરે છે, [ ते साधकत्वम् अधिगम्य सिद्धाः भवन्ति ] તેઓ સાધકપણાને પામીને સિદ્ધ થાય છે; [ तु ] પરંતુ [ मूढाः ] જેઓ મૂઢ (-મોહી, અજ્ઞાની, મિથ્યાદૃષ્ટિ) છે, તેઓ [ अमूम् अनुपलभ्य ] આ ભૂમિકાને નહિ પામીને [ परिभ्रमन्ति ] સંસારમાં પરિભ્રમણ કરે છે.**

**ભાવાર્થ :– જે ભવ્ય પુરુષો, ગુરુના ઉપદેશથી અથવા સ્વયમેવ કાળલબ્ધિને પામી મિથ્યાત્વથી રહિત થઈને, જ્ઞાનમાત્ર એવા પોતાના સ્વરૂપને પામે છે, તેનો આશ્રય કરે છે, તેઓ સાધક થયા થકા સિદ્ધ થાય છે; પરંતુ જેઓ જ્ઞાનમાત્ર એવા પોતાને પામતા નથી, તેઓ સંસારમાં રખડે છે. ૨૬૬.**

---

'**હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–**' લ્યો. ૨૬૬. એ ટીકા હતી.

**ये ज्ञानमात्रनिजभावमयीमकम्पां**
**भूमि श्रयन्ति कथमप्यपनीतमोहाः।**
**ते साधकत्वमधिगम्य भवन्ति सिद्धा**
**मूढास्त्वमूमनुपलभ्य परिभ्रमन्ति।।२६६।।**

લ્યો. આ ત્રીજી ટીકાનો સાર હવે પાછો. એક કળશ લીધો. સમજાણું? એ હવે આવશે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૫૭૦ શ્લોક-૨૬૬ શુક્રવાર, પોષ સુદ ૧૨, તા. ૦૮-૦૧-૧૯૭૧

---

'સમયસાર' ૨૬૬ કળશ. કાલે પાંચ મિનિટ ચાલી ગયું હતું ને? સવારમાં પોણો કલાક યાદ રહી ગયું. ૨૬૬.

**ये ज्ञानमात्रनिजभावमयीमकम्पां**
**भूमि श्रयन्ति कथमप्यपनीतमोहाः।**
**ते साधकत्वमधिगम्य भवन्ति सिद्धा**
**मूढास्त्वमूमनुपलभ्य परिभ्रमन्ति।।२६६।।**

શ્લોકમાં સંસારમાં રખડે છે એ કેમ મટે એ બેની વાત છે. આ અંદર આત્મા જે વસ્તુ છે, આ દેહના રજકણથી જુદી ચીજ છે. આ તો માટી ધૂળ છે.

મુમુક્ષુ :– કે દિ'?

ઉત્તર :– અત્યારે. વળી કે દિ' શું આ રાખ નથી ખબર પડતી એને? પાકે ત્યારે નથી કહેતા કે મારી માટી પાકણી છે. એમ કહે છે કે નહિ? મારી માટી પાકણી છે. મારો

આત્મા પાકણી છે એમ કહે છે? આ તો માટી છે, જડ છે, ધૂળ છે. જગતની ધૂળ છે. એ રાખ થઈને મહાણમાં ઊડી જાય છે. આ આત્મા ક્યાં છે? આ આત્મા દેહના રજકણોથી અને પુણ્ય-પાપના વિકલ્પો જે લાગણી થાય એનાથી જુદી ચીજ છે. અનાદિથી અજ્ઞાની, જે પોતાનો આનંદ અને જ્ઞાનાનંદ સ્વભાવ છે, એને અંતરમાં પોતાનો ન માનતા, પુણ્ય અને પાપના જે શુભ અશુભ રાગ, વિકલ્પો થાય અને શરીર મારા માની, મિથ્યા ભ્રમણા કરીને ચાર ગતિના દુઃખમાં રડવડે છે. બરાબર હશે? 'સુમનભાઈ'! આ બધા દુઃખી હશે?

મુમુક્ષુ :– એને પોતાનું પૂછો ને.

ઉત્તર :– એને તો બધા વિચાર હશે. ડાહ્યો માણસ છે ને. એને આઠ હજારનો પગાર મહિને છે તે દુઃખી છે. દુઃખના ડાળિયા છે. પર ઉપર લક્ષ જાય છે એ આકુળતા છે ને? ચિદાનંદ સ્વરૂપ આત્મા, સચ્ચિદાનંદ સ્વરૂપ, સત્ એટલે શાશ્વત, ચિદ્ એટલે જ્ઞાન અને આનંદ જેનો ત્રિકાળી સ્વભાવ આત્માનો છે, એ એની વસ્તુ છે.

'શ્રીમદ્'માં એક આવે છે. હમણા સંભારતા હતા, હાથ ન આવ્યું એ. ઓલો શ્લોક આવે છે. 'ઓધવજી અબ .. સાધન શું કરે' હાથ ન આવ્યું. 'ભૂલ પડે તો પડે ભજનમાં ભંગ જો.' એટલું તો યાદ આવ્યું હતું પણ હાથ ન આવ્યું. 'ઓધવજી અબ .. સાધન શું કરે?'

ભગવાનઆત્મા આ દેહના રજકણોના પરમાણુ ભિન્ન જડ છે. અહીં આવો. અહીં જગ્યા છે. ત્યાં જગ્યા હશે. પંડિત આવ્યા. સંસ્કૃતના પ્રોફેસર. પાંચ મિનિટ મોડું થયું. કહો, સમજાય છે કાંઈ? અરે...! પોતાની નિજ ચીજ શું છે? અને એ ચીજમાં શું સ્વભાવ અને શક્તિ અને સામર્થ્ય છે? એના ભાન વિના અનાદિની મૂર્ખાઈથી આ શરીર મારું, પૈસા મારા, ધૂળ મારી, મકાન મારા, બાયડી મારી, જે એના નથી. એ જુદા પડી જાય એ એના નથી. જુદા પડે એ એના નહિ. અને એના હોય એ જુદા પડે નહિ. એની એને ખબર નથી.

આ આત્મા... અહીં કહે છે કે, અહીં તો પહેલી સવળી વાત લીધી છે. પછી ઓલી લેશે. ખરેખર તો પ્રભુ આત્મા, પોતાના સ્વરૂપને ભૂલી અને પુણ્ય-પાપના વિકલ્પો ઉઠે એને માને. એનાથી માંડીને આ શરીર, વાણી, મન, બાયડી, છોકરા, કુટુંબ, રાગ. જે બધી પર ચીજ છે પર, પર પોતાથી રહેલી છે. પર ચીજ પોતાથી રહેલી છે, આત્માથી રહેલી નથી. આ શરીર છે એ શરીર જડપણે થઈને રહ્યું છે. એ આત્માપણે થઈને આ શરીર રહ્યું નથી. કારણ કે આત્માપણે થઈને રહે તો આત્મા તો અરૂપી છે તો અરૂપી થઈ જાય. એમ છે નહિ. કદીપણ વિચાર (કર્યા નથી). આ દુનિયાના કાળા-ધોળા રંગ અને બહારમાં પ્રીતિ કરી કરીને મરી ગયો. ચોરાશીના અવતારમાં ઘોદા ખાઈને અનંતવાર મરી ગયો. અનંતવાર કરોડોપતિ થયો, અનંતવાર રાંકો થયો, અનંતવાર નરકમાં ગયો, અનંતવાર કીડા, કાગડા, કૂતરાના ભવ કર્યા. સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા અંદર સચ્ચિદાનંદ પ્રભુ! સત્ એટલે શાશ્વત અવિનાશી અને જ્ઞાન અને આનંદનો ધરનાર એવી ચીજ એની પોતાના ઘરમાં પડી છે પણ એના અવિનાશીના તત્ત્વની એને ખબર નથી. નાશવાન જે આ શરીર, વાણી, મન, ધૂળ, ખબર છે કે મરતા એકપણ સાથે આવતું નથી. બધા ડૉક્ટરો પણ મોઢા ફાડીને ઊભા રહે. ડૉક્ટર પણ પોતે મરી જાય છે ને. 'ભાવનગર'નો ઓલો ડૉક્ટર હતો ને? 'હેમંતકુમાર' વૈદ્ય-વૈદ્ય. એ ઓપરેશન કરતા હતાં ત્યાં (કહ્યું), મને કાંઈક થાય છે. ઉડી ગયા ત્યાં ને ત્યાં. શરીર તો જડ છે. એની મુદત લઈને આવ્યું છે. એ મુદતમાં એક સમય વધશે નહિ. ફડાક દઈને જશે. આ તો જડ, માટી, ધૂળ છે.

પોતે ચૈતન્ય અંદર જ્ઞાનનો ધરનાર, આને જાણનારો–ઘટને જાણનારો ઘટથી જુદો છે. ઘટમય જાણનારો છે નહિ. ઘડો-ઘડો. ઘડાને જાણનારો ઘડામય નથી. એ ઘડાને જાણનારો જ્ઞાનમય છે, ઘડાથી જુદો છે. એમ ઘટ આ શરીર. આને ઘટ કહે છે ને? ઘટમાં વસવું છોડી દે હવે, ભગવાન! આ ચોરાશીના અવતાર કરીને ઠટડ નીકળી ગયો તારો. ક્યાંય સુખી નથી. રાગ, દ્વેષ અને આકુળતામાં દુઃખનો કીડો છે. એ આ ઘટનો જાણનારો એ ઘટમય નથી. ઘટમય નથી એટલે તે મય નથી. આ તદ્દન જુદી ચીજ છે. આત્મા એ ઘટ–દેહના રજકણે રજકણથી જુદી ચીજ છે. એ તો જુદી પણ અંદરમાં પુણ્ય-પાપના ભાવ થાય આ રળવાના, ભોગના, વિષયના, વાસનાના એ પાપના ભાવ છે એ પણ સ્વરૂપથી ભિન્ન ચીજ છે. અને આ દયા, દાન, વ્રત, ભક્તિ, ભજન અને ભક્તિ કહે છે ને? એ પણ રાગ છે, વિકલ્પ છે, એ આત્માનો સ્વભાવ નથી. આહાહા..! ધર્મિષ્ઠ ધર્મિષ્ઠ કહે છે ને? બાપા! ધર્મિષ્ઠ કોને કહેવા એની વાત બહુ મોંઘી છે. ધર્મિષ્ઠ થાય તો એની દશા તો અંદર બીજી ફરી જાય. સમજાણું કાંઈ?

ભગવાન અનાદિઅનંત વસ્તુ છે. છે તેની ઉત્પત્તિ નહિ, છે તેનો નાશ નહિ, છે તેની શક્તિથી ખાલી નહિ. એનામાં તો અનંતશક્તિ પડી છે. અનંતજ્ઞાન, અનંતઆનંદ. કોઈ દિ' જોવા, શ્રદ્ધવા, માનવા નવરો ક્યાં થયો છે? દુનિયાના અજ્ઞાનના અને મોહના પાટા બાંધ્યા છે. એમ ને એમ પાટા બાંધીને આંધળે આંધળો થઈને ચાલે છે. પંડિતજી! આ બધા કરોડપતિ ડાહ્યા-બાહ્યા કહેવાય છે ને? હોંશિયાર કહેવાય કે નહિ બધા? ... બધા. ભિખારા છે. આત્માની અંતરની લક્ષ્મી અનંતઆનંદ અને જ્ઞાન ને આનંદના સ્વભાવને છોડી, બહારમાં જાવાં નાખે કે આ હોય.. આ હોય.. ધૂળ હોય. એવી જેને ઇચ્છા થઈ એ બધાને ભગવાન કહે છે કે એ રાંકા, ભિખારી છે. 'સુમનભાઈ'! સાચી વાત હશે? એય..! પંડિતજી! આહાહા..!

અરે...! તારો સ્વભાવ શું? તું કોણ છો? ક્યાં છો? કેવડો છો? ક્યાંથી છો? ખબર ન મળે કાંઈ. જગતની બધી માંડી. દુનિયાની, શરીરની, બાયડીની, કુટુંબની બધું ધૂળધમાહા. રાગ, એક રજકણ પણ સાથે આવે એવો નથી. એને પોતાનું (માન્યું), જે આત્મામાં નથી

તેને પોતાનું માન્યું અને પોતાનું છે તેને એ ભૂલી ગયો. એ અજ્ઞાનને લઈને, મિથ્યાભ્રમને લઈને ચોરાશીના અવતાર અનંત.. અનંત... અનંત... અનેકવાર અનંતવાર કર્યા છે. અનાદિનો છે ને એ ક્યાં નવો છે? હવે એને જ્યારે ધર્મ કરવો હોય તો ધર્મ કેમ થાય? એ વાત ચાલે છે. સમજાણું કાંઈ? એ ધર્મ કોઈ દયા પાળવી, દાન કરવા, વ્રત કરવા, તપ કરવા એ ધર્મ-બર્મ નથી. સમજાણું કાંઈ? એ ધર્મની વાત કરે છે, જુઓ!

**'જે પુરુષો,...'** જે કોઈ આત્માઓ. પુરુષ શબ્દે આત્મા. **'कथम् अपि अपनीत-मोहाः'** **'કોઈપણ પ્રકારે જેમનો મોહ દૂર થયો છે...'** અહો..! ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનું ધામ રસકંદ છે. ચિદાનંદ–ચિદ્ એટલે જ્ઞાન અને આનંદનું એનું રૂપ છે. એવું ભાન કરી, અને જેણે પુણ્ય અને પાપના વિકલ્પો મારા એવો જે મોહ, એને જેણે ટાળ્યો છે એને ધર્મ થાય છે. આહાહા..! 'નવનીતભાઈ'! આહાહા..! દુનિયાને આંધળે આંધળા. બતાવનારા પણ આંધળા અને ચાલનારા પણ આંધળા. થઈ ગયા ધર્મ અને મરી ગયા, જઈને જાય ચોરાશીના અવતારમાં.

કહે છે કે, એકવાર સાંભળ ભાઈ! **'કોઈપણ પ્રકારે...'** સત્ સમાગમ વડે તને તારા સ્વરૂપનું અંદર આનંદનું ભાન થાય. હું તો અતીન્દ્રિય આનંદનો રસકંદ, સક્કરકંદ જેમ છે, એમ હું અતીન્દ્રિય આનંદનો અને જ્ઞાનનો કંદ છું. આહાહા..! એવું અંતરમાં ભાન થતાં અનાદિનું એ જ્ઞાન અને ભાન થયું નથી, એવું ભાન થતાં એને **'अपनीत-मोहाः'** **'મોહ દૂર થયો છે.'** શરીર-વાણી મારા, પુણ્ય-પાપ વિકલ્પ મારા, એ મારા કર્તવ્ય છે એવો જે મિથ્યાત્વભાવ, ભ્રમભાવ એનો ભગવાનઆત્મા પોતાના નિજ સ્વભાવની સંભાળમાં જાય છે ત્યારે એ મોહ એનો દૂર થાય છે. એ સિવાય મોહ દૂર થતો નથી. કહો, સમજાણું કાંઈ? ભાઈ!

પાંચ-પચ્ચીસ લાખ દાનમાં આપ્યા અને કોઈ ધર્મ થઈ જાય. દુનિયા તો એને મોઢા આગળ કરીને ફાંસીએ ચડાવી દે. સમજાણું કાંઈ? ધર્મધુરંધર બિરૂદ આપી દ્યે, લ્યો! જો પાંચ લાખમાંથી બે લાખ આપી દે તો ધર્મધુરંધરનું બિરૂદ આપી દે. ઓલો ખુશી થઈ જાય અને ઓલો પણ ખુશ થઈ જાય, બન્ને ખુશી થઈ જાય. એ.. 'સુમનભાઈ'! ધૂળેય તારા નથી. પાંચ લાખ તારા કે દિ' હતા? એ તો જડ, માટી, ધૂળ છે. તારી પાસે નજીકમાં આવી ગયા એટલે તારા થઈ ગયા? આ શરીર નજીક આવ્યું એ કાંઈ એનું છે? આ તો માટી છે. અજીવ થઈને રહેલી ચીજ છે આ તો. એમ લક્ષ્મી પણ અજીવ જડ થઈને રહેલો પદાર્થ છે. એ જડ પદાર્થ તારો છે તો તેં દીધો અને લીધો? સમજાય છે કાંઈ? ઝીણી વાત છે, બાપુ! એ ધર્મ એક સેકન્ડ થાય, તો એના જન્મમરણ ગળી જાય, ટળી જાય એવો ધર્મ કહેવાય છે. આ પૂજા કરી નાખી, ભગવાનની ભક્તિ કરી નાખી, વ્રત પાળ્યા, અગિયારસના આ કર્યા, ચોવિહાર કર્યા, કંદમૂળ ન ખાધા અને ધર્મ થઈ જાય એમ નથી. સમજાણું કાંઈ?

કહે છે કે ધર્મ તો કોઈપણ પ્રકારે–આત્માના અનંતા પુરુષાર્થ દ્વારા... અહો..! એની જે મતિ અનાદિથી શુભ અને અશુભ વિકલ્પ એટલે રાગમાં હતી, એ મતિને ત્યાંથી ખસેડી અને શુદ્ધ ચિદાનંદઘન, આનંદકંદ અચળ અનુપમ અનંત આનંદનો ધામ ભગવાનઆત્મા સ્વસ્વરૂપે છે, એમાં જેણે દૃષ્ટિને લગાવી એ કોઈપણ રીતે એટલે કોઈપણ પુરુષાર્થે. સમજાણું કાંઈ? દુનિયાથી બીજી જાત છે, ભાઈ! દુનિયા ચાલે છે બીજે રસ્તે અને માર્ગ કાંઈ બીજો છે. અનંતકાળમાં, અનંતઅવતારમાં જે કર્યું, એનું એ કરે ત્યાં સુધી નવું કાંઈ છે નહિ. એવા દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા પણ અનંતવાર કરી છે. અને પાપના હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના, કમાવું, ભમાવું એવા પાપના પરિણામ પણ અનંતવાર કર્યા છે. એ અનંતવાર કરીને ચાર ગતિમાં અનંતવાર રખડ્યો છે.

ધર્મની ચીજ તો કહે છે, **'कथम् अपि अपनीत-मोहाः'** એટલે? આત્માના સ્વભાવની શુદ્ધતા, ધ્રુવતા, નિત્યતા, એની સાવધાની કરતાં પરની સાવધાનીનો જે મિથ્યાત્વભાવ હતો એનો એને નાશ થાય છે. સમજાય છે કાંઈ? એ ક્રિયા અંતરની છે, બહારની ક્રિયા નથી. ભગવાનઆત્મા સચ્ચિદાનંદ પ્રભુ! શુદ્ધ ચૈતન્યઘન આનંદનો રસકંદ, ચિદ્‌ઘન છે. એના ઉપર સાવધાનીની દૃષ્ટિ પડતા, અપૂર્વ પુરુષાર્થ અનંતકાળમાં નહિ થયેલ, અનંતકાળમાં નહિ કરેલ એવા પુરુષાર્થથી આત્માના સ્વભાવને પકડતા **'अपनीत-मोहाः'** એ શરીર મારું અને પુણ્ય-પાપના ભાવ, વિકલ્પ થાય એ મારા એવો જે મિથ્યાત્વભાવ, પરમાં સાવધાનીનો ભાવ, સ્વસ્વરૂપના સાવધાનીના ભાવમાં પરની સાવધાનીનો મિથ્યાભાવ નાશ થાય છે. સમજાય છે કાંઈ? આ ધર્મ છે, બાપુ! ધર્મ તો દુનિયા માને એમ નથી. આ અનંત જિંદગી ચાલી ગઈ એવા અનંતાભવ કર્યા છે. બાયડી-છોકરા છોડીને સાધુ થયો પણ બુદ્ધિ વિનાના બાવા થાય. ભવસાગરમાં બૂડી મરે. સમજાણું કાંઈ?

આત્મા અંદર જ્ઞાનની મૂર્તિ છે. કહેશે હમણા, જુઓ! જ્ઞાનમય નિજભાવ. વસ્તુ ભગવાનઆત્મા સ્વરૂપ ચૈતન્યમય છે. એનું સ્વરૂપ ચૈતન્યના આનંદમય છે. આહાહા..! સવારે ઓલા ત્રણ છોકરાઓ આવે છે ને? એ ત્રણનું નામ એવું છે, ભાઈ! 'શશીભાઈ' (શશી)ભાઈના ત્રણ છોકરા આવે છે. મોટાનું નામ ચેતન છે, વચલાનું નામ સ્વરૂપ છે અને નાનાનું નામ આનંદ છે. એ તો અમે આમ જંગલ ગયા હતા તો ત્રણે સાથે આવ્યા હતા. અત્યારે નથી આવ્યા. નિશાળે ગયા. ચેતન સ્વરૂપ આનંદ. મેં કીધું ઠીક, ભાઈ! આ ધર્મના નામ રાખ્યા. આ 'ખારા' છે. 'ખારા' છે ને? 'શશીભાઈ'. નામ તો બહુ સારું છે. ચૈતન્ય સ્વરૂપ આનંદ. ભાઈ કહે આ નામ ભારે છે આ. આત્મા તો ચૈતન્યસ્વરૂપઆનંદ છે. તને ખબર નથી, બાપુ! આહાહા..! તારામાં તો આનંદનો, સુખનો સાગર ભર્યો છે. અરે..! પણ ક્યાં જોવે? કોઈ દિ' જોવાની દરકાર નથી, કોઈ દિ' માનવાની દરકાર કરી નથી. એ ચીજ શું છે પહેલો વિશ્વાસ લાવવાની દરકાર કરી નથી. આવો આત્મા પહેલો વિશ્વાસમાં આવે પછી

સ્વરૂપ સન્મુખ થાય. સમજાણું કાંઈ? જેનો વિશ્વાસ છે, એમાં જરૂરિયાત માનીને એમાં વીર્યને ફેરવે છે. આખો દિ' આ રળવું, ખાવું, ભોગ, વિષય, આબરૂ, ધૂળધમાહા. અજ્ઞાનની મૂંઢતામાં મુંઝાઈને એવી રીતે અનંતવાર મરી ગયો. દુઃખી છે ઇ.

મુમુક્ષુ :– પણ તે દિ' દુનિયા ક્યાં આગળ વધી હતી?

ઉત્તર :– કોણ વધ્યો હતો? દુનિયા ક્યાં વધી હતી? પાછળ છે બધી. દુનિયાને ભાન કે દિ' હતું. દુનિયા કોને કહેવી અને હું કોણ છું અને કહેવું કોને એનું ભાન નથી. આહાહા..!

પ્રભુ આત્મા અંદરમાં વસ્તુ છે, અસ્તિ છે, હયાતી છે, મોજૂદગી છે અને એમાં અનંત-અનંત જેનો જ્ઞાન, આનંદ સ્વભાવ છે, એ તો અનંત અપરિમિત સ્વભાવથી ભરેલો આત્મા છે. ત્રણકાળ, ત્રણલોકને એક સમયમાં જાણે તો પણ એનું જ્ઞાન ખૂટે નહિ, નીકળ્યા જ કરે એવી ખાણ છે મોટી. પણ ભાન ક્યાં છે? આ પાંચ-પચાસ લાખ, કરોડ-બે કરોડ બહારથી મળ્યા એટલે એમ થઈ જાય કે આપણે મોટા ધનાઢ્ય થઈ ગયા. ધૂળેય નથી, ભિખારી છો સાંભળને. આ જોવે.. આ જોવે... આ જોવે... કાંઈ ન જોવે. મારો આત્મા આનંદનો ધામ છે. હું એક સુખસાગરથી ભરેલો ચૈતન્ય છું. મારી શાંતિ, મારું સમાધાન, મારા સ્વભાવમાં મારામાં છે. આહાહા..! સમજાણું કાંઈ?

આ 'કૃષ્ણકુમાર' એક ફેરી અહીં વ્યાખ્યાનમાં આવ્યા હતા. આ દરબાર આવ્યા હતા ને? એ અને 'નિર્મળ' બે આવ્યા હતા. (સંવત) ૧૯૯૭ની સાલમાં. આ મંદિર થતું હતું. બન્ને આવ્યા હતા. કહ્યું હતું એને. અહીં બે વાર આવ્યા હતા. એકવાર ત્યારે આવ્યા અને એકવાર (સંવત) ૨૦૦૯ માં વ્યાખ્યાન સાંભળવા આવ્યા હતા. કીધું, દરબાર! આ થોડું માગે એ નાનો માગણ અને જાજું માગે એ મોટો માગણ. મહિને પાંચ હજાર જોતા હોય એ નાનો માગણ, લાખ જોતા હોય એ મોટો માગણ. માગે એ માગણ અને ન માગે એ બાદશાહ. આત્મા આનંદનું ધામ છે. મારે પરવસ્તુ જોઈતી નથી.

મુમુક્ષુ :– દરબારે હા પાડી હતી?

ઉત્તર :– હા પાડી હતી. દરબાર કહે, સાચી વાત, મહારાજ! આ કરોડના તાલુકા ધૂળધમાહા છે. એમાં કાંઈ નથી. રાંક થઈને મરી ગયા. આહાહા..! હાલો... જાવ. રખડવા ચોરાશીના અવતારમાં. આહાહા..! બાપુ! તને ખબર નથી.

તારું નિજ નિધાન અંતરમાં આનંદ અને જ્ઞાનથી ભરેલો સ્વભાવ છે. વસ્તુનું સ્વરૂપ જ જ્ઞાન અને આનંદ છે. એવી અંતરદૃષ્ટિ કરતાં અનંતકાળમાં જેણે એ દૃષ્ટિ કરી નથી, સાધુ થયો, બાવો થયો પછી બાયડી–છોકરા છોડ્યા પણ મિથ્યાત્વભાવને છોડ્યો નહિ. હું કાંઈક બાવો છું, હું સાધું, હું ક્રિયા કરું છું, હું દયા પાળું છું અને ભક્તિ કરું છે એ બધા અભિમાન મિથ્યાત્વના છે. 'દેવજીભાઈ'! મારી નાખ્યા.

**'કોઈપણ પ્રકારે...'** એનો અર્થ પછી છેલ્લે નાખ્યો છે. આહાહા..! પુરુષાર્થ. ચૈતન્યમાં

તો પુરુષાર્થ એટલે વીર્ય તો અનંત પડ્યું છે. એવા અનંતવીર્યમાંથી પુરુષાર્થની વર્તમાન દશા દ્વારા ભગવાનઆત્મા પૂર્ણ સ્વરૂપ ઇદં ચિદાનંદ છે એમાં દૃષ્ટિ આપતાં, એમાં સાવધાન થઈને દૃષ્ટિ મૂકતાં એને સમ્યગ્દર્શન એટલે ધર્મની દશા પહેલી પ્રગટે છે. ત્યારે એને પરમાં સાવધાનીનો મોહ નાશ થાય છે. પછી આત્માનું ભાન થતાં રાગાદિ હોય પણ એની સાવધાની હોતી નથી. આહાહા..! ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ?

હજી તો મગજમાં પેસવું કઠણ પડે. હજી આખી વાત શું છે એને ખ્યાલમાં આવવી કઠણ પડે. કાને સાંભળવા મળી નહિ એમાં ક્યારે વિચારે? એમ ને એમ આંધળો થઈને અનંતકાળ રખડ્યા કરે છે. અનંતવાર રાંક થયો, અનંતવાર રાજા થયો, અનંતવાર નરકનો કીડો થયો. કીડીઓ અને કાગડાના અવતાર અનંતા કર્યાં. આદિ વિનાનો આત્મા રહ્યો ક્યાં? અવતારમાં. અવતાર વિના એને આત્માનો મોક્ષ થયો નથી. મોક્ષ થયો હોય તો ફરીને અવતાર ન લે. ચણ્યો શેકાઈ ગયા પછી ઊગે નહિ. અનાદિકાળથી રખડે છે, ભાઈ! એને ખબર નથી. આમ અનંત-અનંતકાળ જુઓ. ભૂતકાળ જોવે તો એને ક્યાંય કોઈ ભવ વિનાનો જીવ નહિ મળે. આ પહેલા.. આ પહેલા... આ પહેલા.. આ પહેલા... આ પહેલા... ભવ... ભવ... ભવ... ભવ... ભવ... ભવ.. ભવ... ભવ... આદિ વિનાના ભવ એણે કર્યાં છે. આહાહા..!

પરમાં સાવધાનીના ભાવથી એવા ભવમાં ભ્રમણ કરતો. પરમાં સાવધાની એટલે મિથ્યાત્વ. ટૂંકી વ્યાખ્યા. પરમાં સાવધાની એટલે મિથ્યા વિપરીત દૃષ્ટિ, મિથ્યા ભ્રમ. એ પરમાં સાવધાનીના ભાવે, સ્વની સાવધાનીને ચૂકેલો. 'ધીરૂભાઈ'! બહુ ટૂંકું છે આ તો. ટૂંકી વ્યાખ્યા. એક મ્યાનમાં બે તલવાર ન બેસે. એમ જેને પુણ્ય અને પાપ અને પુણ્ય-પાપના ફળ, એમાં જેને રુચિ અને પ્રેમ છે એને એનો આત્મા આનંદકંદ છે એનો એને પ્રેમ નથી. સમજાય છે કાંઈ? અને જેને સચ્ચિદાનંદ પ્રભુ! અહો..! જે છું તે હું છું. મારા સ્વભાવમાં પૂર્ણ શાંતિ, પૂર્ણ આનંદ, પૂર્ણ જ્ઞાન, પૂર્ણ વીર્યથી ભરેલો સ્વભાવવાળો હું છું. અરે..! એને ક્યાંથી વિશ્વાસ આવે? ક્યાંથી એને બેસે? કોઈ દિ' એણે તે તરફ ગતિ કરવાની રુચિ પણ કરી નથી. આહાહા..!

કહે છે, આચાર્યએ બહુ ટૂંકામાં વાત સમાડી છે. **'કોઈ પણ પ્રકારે...'** **'कथमअपि'** છે ને? **'જેમનો...'** એટલે આત્માનો **'મોહ દૂર થયો છે...'** અરે..! હું તો આત્મા છું. અનાદિઅનંત મારી ચીજ છે. મારી કોઈ ઉત્પત્તિ નથી, મારો કોઈ ભવિષ્યમાં નાશ થાય એવો હું નથી. હું તો છું, છું અને છું. એવા અવિનાશીના અંતરના આનંદ અને જ્ઞાનના ભાવને પકડતા, એનું નામ સમ્યગ્દર્શન અને એનું નામ ધર્મ. બાકી બધા થોથા એકડા વિનાના મીંડા. સમજાણું કાંઈ?

**'એવા થયા થકા,...'** હવે શું કહે છે? **'ज्ञानमात्र-निज-भावमयीम् अकम्पां भूमि'** **'જ્ઞાનમાત્ર નિજભાવમય...'** કહે છે કે, પોતાનો ભાવ શું છે? ભાવવાન આત્મા. સાકર ભાવવાન અને

ગળપણ, મીઠાશ અને ધોળાશ એ એનો ભાવ. એમ આત્મા ભાવવાન. એનો ભાવ શું છે? જાણવું... જાણવું... જાણવું... જાણવું... પ્રજ્ઞાબ્રહ્મ. જ્ઞાતા સ્વભાવ ત્રિકાળ છે, દૃષ્ટા સ્વભાવ ત્રિકાળ છે, આનંદ સ્વભાવ એનો ત્રિકાળ છે. એવા **'જ્ઞાનમાત્ર નિજભાવમય...'** આહાહા..! અહીં પર્યાય લેવી છે ને પાછી, પર્યાય લેવી છે. જીવ તો ત્રિકાળ જ્ઞાન છે પણ એને પકડતા પર્યાયમાં–હાલતમાં જ્ઞાનમય દશા થઈ. અરે..રે..! ભારે વાત! જે અનાદિના પુણ્ય અને પાપ, રાગ-દ્વેષની દશા છે, એ ઝેરના પીણા અને ઝેરના સ્વાદ છે. સમજાણું કાંઈ? એ દુઃખી, દુઃખી ને દુઃખી. એ દુઃખના ડુંગરે પડ્યા છે. આહાહા..! આ વાત બેસે?

મુમુક્ષુ :– ... સુખી હતા તો અહીંયાં આવ્યા શું કરવા?

ઉત્તર :– પણ એના છોકરાને બેસે છે કે નહિ?

મુમુક્ષુ :– બેસશે. આજ નહિ તો કાલ બેસશે. બેસાડ્યા વગર છૂટકો છે?

ઉત્તર :– ઓલા પાસે બે કરોડ અને ઓલા પાસે ત્રણ કરોડ. બે છોકરા પાસે પાંચ કરોડ છે. આને બે છોકરા પાસે પાંચ કરોડ રૂપિયા છે. એ કરોડમાંથી સુખી હશે કે નહિ?

મુમુક્ષુ :– કરોડ હું કરોડ.. છું.

ઉત્તર :– ધૂળ ભાંગી જશે, હવે સાંભળને. તારા કરોડ એ તો જડ છે, માટી ધૂળ છે. બહેનનું પૂછતા હતા. 'તારાબહેન' નહિ? ... સવારમાં જઈને કીધું હતું ને? .. ભાઈ! બધું છે પણ નક્કી કરવા નવરાશ કે દિ' છે? પૂછ્યું હતું કે નહિ? છે કે ગયા? ઠીક. સમજાણું?

મુમુક્ષુ :– મોટર આવી હતી.

ઉત્તર :– મોટર તેડવા આવી હતી. આવી જ હોય ને. આહાહા..! ધૂળમાં પણ નથી એ તો દુઃખી છે. તમારો છોકરો, હોં! ભાઈ! દુઃખી છે? તમે જઈ આવ્યા ને? પોણા બે મહિના રહી આવ્યા કે નહિ? 'સ્વિટ્ઝરલેન્ડ' જઈ આવ્યા.

મુમુક્ષુ :– એ વાતે તો સુખી છે.

ઉત્તર :– ધૂળેય સુખો નથી. એને કોટ પહેરવો પડ્યો હતો. આ પાટલુન પહેરવું પડ્યું. 'સ્વિટ્ઝરલેન્ડ'માં આવા લુગડે ન જવાય.

મુમુક્ષુ :– ... સ્વિટ્ઝરલેન્ડમાં એક દિ' શરીરને દુઃખ નહોતું થયું. સાહેબ! અહીં તો રોજ દુઃખ.

ઉત્તર :– દુઃખ કહેવું કોને? દુઃખની વ્યાખ્યા શું? રાગ અને દ્વેષના ભાવ થાય તે દુઃખ છે. કહો, હવે દુઃખની વ્યાખ્યા શું? દુઃખ કહેવું કોને એનું ભાન ન મળે. રાગ અને દ્વેષ. આ ઠીક છે, મને આ ઠીક પડ્યો, પૈસા ઠીક પડ્યા, બાયડી ઠીક પડી, છોકરો ઠીક બોલે. એ બધો રાગ છે એમાં એકલી દુઃખની, આકુળતાની ગંધ છે. ભાન વિનાના સનેપાત્યા. સનેપાતનો રોગ હોય, દાંત કાઢે. સુખી હશે? આઠ જણા ઝાલે તો રહે નહિ. અને ખડખડખડ

દાંત કાઢે. ... આહાહા..!

મુમુક્ષુ :– એ તો દર્દ થાય તો. સાજાને એવું કાંઈ ન હોય.

ઉત્તર :– આ બધાને દર્દ જ પડ્યા છે. આ રાગ મારા, પુણ્ય મારા, શરીર મારા, મિથ્યાત્વનો મોટો ભ્રાંતિનો રોગ પડ્યો છે. સનેપાત વળગ્યો છે, 'ધીરૂભાઈ'! અહીં ક્યાં માખણ છે તે અહીં ચોપડવું છે. વાત આ છે. સમજાણું કાંઈ?

'શ્રીમદે' નથી લખ્યું? 'શ્રીમદ્'માં આવે છે ને? 'આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્ગુરુ વૈદ સુજાણ. ગુરુ આજ્ઞા સમ પથ્ય નહિ ઔષધ વિચાર ધ્યાન.' 'આત્મભ્રાંતિ સમ રોગ નહિ.' ભગવાન આનંદ અને જ્ઞાનનું ધામ, એને ભૂલીને રાગ ને પુણ્ય, પાપના ફળ મારા. એવી જે ભ્રાંતિ એના જેવો આત્માને કોઈ સનેપાતનો રોગ નથી. સમજાણું કાંઈ? આહાહા..! વાત પિત્ત અને કફ વકરે, ત્યારે એને સનેપાત થાય. એમ અહીં એ મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્રનો અનાદિનો સનેપાત (થયો છે). દયા, દાન, વ્રત, ભક્તિ આદિ કામ, ક્રોધના પરિણામ એ મારા, એનું જ્ઞાન એ મારું, એવું જ્ઞાન એટલો હું, એમાં રહેવું એ ચારિત્ર. એ મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્રનો સનેપાત વકર્યો છે એને. સમજાણું કાંઈ? પછી દાંત કાઢે. અમે ખુશી છીએ, બાદશાહી છીએ. સુમનભાઈ! આ તમને તો બધા બહુ બોલાવે જ્યાં-ત્યાં ખુરશી નાખીને. શીખંડ-પૂરી અને ઢીકણું, ફીકણું. .. નાખે અને આ કરાવે. પતરવેલીયા ને બાગબગીચામાં ચારે કોર મોટી ખુરશી નાખી હોય અને બેઠા હોય. પાર્ટી આપે. બધી દુઃખની પાર્ટી છે. જગતથી ભારે ઉંધુ, ભાઈ આ. જગત ઉંધે કાંધ પડ્યું છે, એનાથી આ ઉંધું છે. ઉંધાથી ઉંધું છે. શશીભાઈ! આહાહા..!

કહે છે, અરે..! તારી ભૂમિકા કોણ છે? બાપુ! તારી જગ્યા કોણ? તારો ભાવ કોણ? જો આ તારો ભાવ પુણ્ય અને પાપ, શરીર, ફળ એ નહિ, એમ કહે છે. તારો ભાવ તો જ્ઞાનમાત્ર નિજભાવ. આહાહા..! જાણવાનો સ્વભાવ, અવિનાશી સ્વભાવ જાણવો, એવો જે ત્રિકાળ નિજભાવ, એને પકડીને જે જ્ઞાનની નિર્મળદશા થાય, એ **'निज-भावमयीम् अकम्पां'** ભૂમિકા, એ તારી દશા અને એ તારું સ્વરૂપ છે. આહાહા..!

ફરીને. આ કાંઈ ઝટ દઈને ગળે ઉતરે એવું નથી. ગળે બીજા ઘણા લાકડા ખોસ્યા છે ને, (માટે) ઉતરવું કઠણ પડે. સમજાણું કાંઈ? કહે છે કે, ભગવાનઆત્મા **'જ્ઞાનમાત્ર...'** જુઓ! ભાષા શું છે? જ્ઞાનમાત્ર હું ચૈતન્યબિંબ છું. એવી અંતરદૃષ્ટિ કરતાં, જેની વર્તમાન દશામાં, જ્ઞાનમાત્ર દશા, પુણ્ય-પાપના વિકલ્પની રુચિ છૂટી અને સ્વભાવની દૃષ્ટિ થતાં, જ્ઞાન પ્રજ્ઞાબ્રહ્મ સ્વરૂપ ભગવાન! એ જ્ઞાનમાત્ર નિજભાવ. નિર્મળ વીતરાગી પર્યાય નિજભાવમય અકંપ ભૂમિ. આહાહા..! એ સ્થિર ભૂમિ દશામાં જામી, એમ કહે છે. રાગ-દ્વેષ, પુણ્ય-પાપ તો કંપ... કંપ.. કંપ કંપવાળા છે એ બધા. આ અકંપ ભૂમિ છે. પ્રભુ આત્મા જ્ઞાનમય દશાને એકાગ્ર થતાં જે પ્રગટ કરી, સ્વસન્મુખ થઈ, સ્વભાવ સન્મુખ થઈ, જ્ઞાનમય, દર્શનમય,

આનંદમય, શાંતિમય દશા થઈ, એને અહીંયા જ્ઞાનમય દિશા કહેવામાં આવે છે. અને તે નિજભાવમય. એ પોતાની નિર્મળ પર્યાય પોતામાં અભેદ થઈ. આહાહા..! અરે..! એ તો અભેદ શું? આમાં ભાષા ગ્રીક-લેટીન જેવું લાગે. કોઈ દિ' અભ્યાસ કર્યો નહિ.

કહે છે, અકંપ ભૂમિ. વસ્તુ આત્મા આનંદ છે, જ્ઞાન છે એમ સ્વસન્મુખ થઈને, જે જ્ઞાનની નિર્મળતા, એકાગ્રતા થઈને જે પ્રગટી એ અકંપ ભૂમિ છે. અકંપ એટલે ધર્મભૂમિ છે. અરે..રે..! ભારે આવી ધર્મની વ્યાખ્યા! પેલું તો બધું ચારેકોર હો..હા.. હો..હા.. થાય. જરીક દયા પાળે, કોઈ વ્રત પાળે, કોઈ દાન આપો ત્યાં ધર્મ-ધર્મ. ધૂળમાં પણ નથી. ધર્મ તો એને કહીએ કે જેમાં જન્મ-મરણ ગળીને આત્માની આનંદ દશા આવે એને ધર્મ કહીએ. ધર્મ તે કાંઈ સાધારણ ચીજ છે? અનંતકાળમાં એણે એક સેકન્ડમાત્ર પણ ધર્મભૂમિકાને પ્રગટ કરી નથી. સમજાણું કાંઈ? આહા..!

**'(અર્થાત્ જ્ઞાનમાત્ર જે પોતાનો ભાવ તે મય નિશ્ચળ ભૂમિકાનો) આશ્રય કરે છે,...'** એટલે જ્ઞાનસ્વરૂપ છે એનો આશ્રય અને સ્થિરતા પ્રગટ કરે છે એ અકંપભૂમિ. એનું સ્વરૂપ તો જ્ઞાન જાણવું-દેખવું છે. પુણ્ય-પાપના વિકલ્પો જે વૃત્તિઓ ઊઠે છે એ તો દુઃખદાયક છે. અને એમાં સાવધાની થવી એ તો મિથ્યાત્વભાવ છે. સ્વભાવમાં એકાગ્ર થતાં **'અકંપ ભૂમિકાનો આશ્રય કરે છે, તેઓ સાધકપણાને પામીને સિદ્ધ થાય છે;...'** ઓલામાં આવ્યું હતુંને પહેલું? શું આવ્યું હતું એમાં? નહોતું આવ્યું?

મુમુક્ષુ :– ભૂમિકાની પ્રાપ્તિ નહોતી થઈ તેને થાય છે.

ઉત્તર :– હા બસ એ. ભૂમિકાની પ્રાપ્તિ નહોતી થઈ તેને થાય છે. તત્ક્ષણ ભૂમિકાની પ્રાપ્તિ થાય છે. છે એ? આહાહા..!

ધ્રુવ વસ્તુ નિત્ય અવિનાશી ભગવાન, જ્ઞાન અને આનંદનું ધામ એનો સ્વભાવ ત્રિકાળ, એનો આશ્રય લઈને એકાગ્ર થતાં નિજ જ્ઞાનમય દશા, વીતરાગમય દશા, શુદ્ધ દશા, શુદ્ધ ઉપયોગની દશા, એમ કહે છે અહીં તો. પુણ્ય-પાપના ભાવ એ તો અશુદ્ધ છે, મેલા છે, દુઃખ છે. જેણે આવા શુદ્ધભાવની ભૂમિકા પ્રગટ કરી છે. આહાહા..! શુદ્ધભાવ અને શુભ શું? **'તેઓ સાધકપણાને પામીને...'** એ પોતાના આનંદપણાના, મુક્તિપણાની કારણરૂપ દશા પામીને. મુક્તિ એટલે પૂર્ણ આનંદની પ્રાપ્તિ. મુક્તિ એટલે સિદ્ધિ એટલે પૂર્ણ દુઃખનો અભાવ અને પૂર્ણ આનંદ જેવો છે એવા આનંદની પ્રાપ્તિ એનું નામ મુક્તિ. એવી મુક્તિનું સાધકપણું પામતા, સ્વસ્વરૂપની દૃષ્ટિ થઈને એકાગ્ર થતાં અકંપ દશા પ્રગટ થઈ, એ સિદ્ધ થાય છે. આ મિથ્યાદર્શનમાં રાગ-દ્વેષને પામી અને સંસારી થઈને રખડે છે. સમજાણું કાંઈ? વાત પકડવી કઠણ પડે.

**'साधकत्वम् अधिगम्य'** સાધકપણાનો અનુભવ કરી. હું શુદ્ધ આનંદ છું એવા આનંદનો અનુભવ કરી. **'सिद्धाः भवन्ति'** એ આનંદના અનુભવ કરતા કરતા પૂર્ણાનંદને પામીને પરમાત્મા

થાય છે. સિદ્ધ એટલે સંસાર દશાનો નાશ થઈ અને અશરીરી સિદ્ધદશા એને પ્રગટ થાય છે. આમાં દેવપદ કે દિ' મળશે? આ શેઠાઈના પદ કહેવાય. આ સ્વર્ગના સુખ. ધૂળમાં પણ સ્વર્ગના સુખ નથી. ત્યાં બધા અંગારા છે. કષાયનો રાગ વિકલ્પ ઊઠે, આ ઇન્દ્રાણી સારી છે, આ પુણ્યના ફળ સારા છે. દુઃખના કીડા છે. સમજાય છે કાંઈ? આહાહા..! નિજાધીન વસ્તુને ભૂલીને પરમાં સુખ માને એ મોટો મૂઢ જીવ છે. આહાહા..! પોતાના આનંદ સ્વભાવને સચ્ચિદાનંદ, પ્રભુ શાશ્વત આનંદ પોતામાં છે એને ભૂલી, ક્યાંય પણ આનંદની અધિકાઈ અને સુખ લાગે, ઠીક લાગે, પુણ્યભાવમાં, પાપભાવમાં, ફળમાં, સામગ્રીમાં, સાધનમાં સુખ લાગે એ મૂઢ છે કહે છે. આત્માની હિંસા કરી રહ્યો છે. આત્માના આનંદમય જીવનનો નિષેધ કરી અને આ રાગમય જીવન સારું છે એમ આત્માની હિંસા કરી રહ્યો છે. સમજાણું કાંઈ?

**'સાધકપણાને પામીને સિદ્ધ થાય છે; પરંતુ જેઓ મૂઢ છે,...'** જુઓ! હવે આવ્યું. **'(મોહી, અજ્ઞાની, મિથ્યાદૃષ્ટિ) છે,...'** આહાહા..! ભગવાનઆત્મા જ્ઞાનાનંદ સહજાનંદની મૂર્તિ પ્રભુ આત્મા પોતે આત્મા છે. એમાં સહજ આનંદ છે, સ્વભાવિક આનંદ છે. આ તો કલ્પના છે કે આમાં સુખ છે. ધૂળમાં પણ સુખ નથી. પૈસામાં નથી, આબરૂમાં નથી, શરીરમાં નથી. કેટલું સુખ હશે?

મુમુક્ષુ :– જરાય નહિ.

ઉત્તર :– જરાય નહિ?

મુમુક્ષુ :– આપની પાસે તો એમ જ કહેવાય ને.

ઉત્તર :– પણ આ તો ન્યાયથી કહેવાય ને. મગજમાં બેસવું જોઈએ ને પહેલું. અહીં કે ત્યાં શું છે એ સત્ય હોવું જોઈએ ને? સત્ય હોવું જોઈએ ને? આહાહા..! એ બિચારા બહારમાં સુખ માનનારા મરતા મોઢા ફાડી... આહાહા..! ચાલ્યા જાય છે. નરક અને નિગોદ, ઢોરના અવતાર થઈને રખડે છે. દુઃખી છે એ એને ખબર નથી. આહાહા..! સમજાણું? મૂઢ જીવ છે **'તેઓ આ ભૂમિકાને નહિ પામીને...'** જુઓ! એ ચૈતન્ય જ્ઞાનમય આનંદમય વસ્તુ છે એને પર્યાયમાં–અવસ્થામાં નહિ પ્રાપ્ત કરીને રાગને, દ્વેષને, પુણ્ય-પાપને પ્રાપ્ત કરીને સંસારમાં ભમે છે. ચાહે તો સાધુ થયો હોય તો પણ રખડે છે. એને સ્વરૂપનું સાધન શું છે એની ખબર નથી. સાધે ઇતિ સાધુ. સાધક છે ને?

ભગવાન જ્ઞાનસ્વરૂપ છે. અતીન્દ્રિય આનંદની સત્તા હોવાવાળો પદાર્થ છે, અનાદિઅનંત છે. એવા સ્વભાવને સાધકપણે પરિણમીને આનંદની દશા પ્રાપ્ત કરે છે તે સાધક છે–તે ધર્મને સાધનારો છે. બાકી બાવા થયા, લુગડા ફેરવ્યા, બાયડી-છોકરા છોડ્યા અને થઈ ગયા સાધુ. એ સાધુ-ફાધુ છે નહિ. સમજાણું કાંઈ? કહે છે, એવા મૂઢ જીવો, એ વ્રતને, તપને, દયા અને દાનના વિકલ્પમાં પોતાપણું માનનારા અને એ ધર્મ છે એમ માનનારા મૂઢજીવો

આ ભૂમિકાને નહિ પામીને, આત્મભૂમિકા શુદ્ધ ચૈતન્યને નહિ પામીને, આત્માની દશાને નહિ પામીને **'સંસારમાં પરિભ્રમણ કરે છે.'** છે? **'परिभ्रमन्ति'** એના અવતારના આરા નથી. કેટલા અનંતા અવતાર કર્યા અને પરને પોતાનું માનશે અને સ્વરૂપને ભૂલશે ત્યાં સુધી કેટલા અવતાર થશે એનો આરો નથી. આહાહા..!

મરતા શ્વાસ પણ લેવાય નહિ, હોં! પૈસા હોય એની પાસે તો ત્યાં પૈસા શું કરે? ડોક્ટર આવ્યા હોય તો દ્યો પાંચ હજાર રૂપિયા. ... ચડાવો એક ઇંજેક્શન. આપી શકતા નથી તો આ લોહીનું ગ્લુકોઝ ચડાવો. અહીં બંધ છે તો અહીં કાણું પાડીને નાખો. અરે..રે..! ગાંડે ગાંડા બધા ભેગા થયા હોય ને. એય..! 'ધીરૂભાઈ'! ... લેવાતો હોય. ડબલ ન્યુમોનિયા હોય. બધા ભેગા થયા હોય. હવે ક્યારે મરશે? મરશે એટલે સ્થિતિ પૂરી ક્યારે થાય. એમ. હવે જુઓ, બે ઘડી જુઓ. બહુ ઘોદા મારવા રહેવા દો. એમ કહે. કોઈ ડાહ્યા માણસ હોય એ આવીને કહે, હમણા જુઓ. જુઓ એટલે શું કે હમણા કલાક-બે કલાકે પતી જશે. અહીંથી ઉપડી જશે બિચારો. આહાહા..! પંડિતજી! આહાહા..!

બાપુ! તારું સ્વરૂપ ભગવાન આ શરીરના રજકણ માટીથી તદ્દન જુદું છે. તારી પ્રભુતા તો તારા સ્વભાવમાં છે. એ પુણ્ય-પાપના ભાવ અને એના ફળમાં તારી પ્રભુતા માન, તું મૂઢ છો. આહાહા..! સમજાણું કાંઈ? આ બે-પાંચ કરોડ રૂપિયા હોય અને મોટા બગીચા કર્યા હોય, ખુરશીમાં બેઠા હોય અને પતરવેલીયામાં શીખંડ-પૂરી ચડાવે અને એકબીજા-એકબીજા વખાણ કરતા હોય અને દાંત કાઢે. હોય તો બધા ગાંડા. 'સુમનભાઈ'! પાગલ છે. પાગલ છે? પાગલ જેવા?

મુમુક્ષુ :– પાગલ જ.

ઉત્તર :– મેં એક ફેરી કહ્યું, ભાઈ! આવા હોય એ પાગલ જેવા છે. આ કોઈક મગજવાળો ઊભો થયો. બાર વર્ષ થયા, તેરમું બેઠું. કહ્યું પાગલ જેવા છે. કહે નહિ. પાગલ જેવા નહિ. જેવા નહિ. પાગલ જ છે. 'સુમનભાઈ'! પહેલા એકવાર કહ્યું હતું નહિ? .. પાગલ છે પાગલ. જેવા શું? જેવા તો ઉપમા આપી કહેવાય. પોતે પાગલ છે એમાં ઊપમા કોની દેવી?

મુમુક્ષુ :– કોઈક પાગલ છે એની સાથે મેળવ્યું.

ઉત્તર :- મેળવ્યું. આહાહા..! વાત તો એમ છે. પાગલ જ છે. આહાહા..! પ્રભુ! પણ પાંચ-પાંચ હજાર અને દસ-દસ હજારના પગાર લાવતો હોય તો પણ? એ પણ પાગલ કહેવાતા હશે? અરે..! લાખ લાવતો હોય કે દસ લાખ લાવતો હોય તો શું થયું? શું ધૂળ થયું? એ કોણ લાવે છે? એ તો તારા પૂર્વના પુણ્યના રજકણ પડ્યા હોય, એ બળે ત્યારે દેખાય આમ. એમાં તારે શું છે? એ તો પુણ્યની નોટ લઈને આવેલો, એ અંદરથી બળી જાય છે ત્યારે એને દેખાય કે આને બે કરોડ મળ્યા, ધૂળ કરોડ મળ્યા. ભગવાન તો કહે કે ઓલા બળ્યા ત્યારે આમાં બહાર દેખાય છે અને તું કહે મને મળ્યા. મળ્યા તો એને કહીએ

જેની .. ભાઈ! આહાહા..! અનંત આનંદનું ધામ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ! એમાંથી એકાગ્ર થઈને શાંતિ અને જ્ઞાન કાઢે, આ એને મળ્યું. બાકી બધાને બળ્યું. સમજાણું કાંઈ? આહાહા..! 'દેવજીભાઈ'! ઓણ (આ વર્ષે) તો ત્યાં વરસાદ બહુ હશે. પટેલિયાને ખાધ બહુ હોય. બહુ પેદાશ.

મુમુક્ષુ :– ચાર વર્ષનું પાકેલું એક વર્ષમાં થાય તો થાય તો ખરું ને.

ઉત્તર :– આમ તો એ બાર મહિને લાખ લાખની પેદાશવાળા છે. કેવી .. 'કાનાતળાવ'. ઓણ તો બહુ હશે.

મુમુક્ષુ :– છે.

ઉત્તર :– છે. વરસાદ બહુ આવ્યો ને? શું આવ્યું? ધૂળ આવી, ધૂળ. અરે..! ભગવાન! તારો અમૃત લુંટાય છે, પ્રભુ! આહાહા..! એ અમૃતનો સાગર દરિયો અંદરમાં ડોલાઈ જાય છે. આહાહા..! તને ખબર નથી. બેખબરો થઈને ફરે. બેખબરો એટલે બે ખબરું હશે? ખબર વિનાનો. અરે..! ભગવાન! તારી નિજ નિધાનની પુંજીમાં અનંત આનંદ અને શાંતિ છે. પ્રભુ! તું બહાર ક્યાં ગોતવા જાય છે? બહારમાં ગોતવા જાય એટલું અંદરનું ખોવાઈ જાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'अमूम् अनुपलभ्य' 'આ ભૂમિકાને નહિ પામીને સંસારમાં પરિભ્રમણ કરે છે.'** આનંદનું ધામ જેમાં અતીન્દ્રિય આનંદના સ્વાદ છે, એવા અતીન્દ્રિય આનંદના સ્વાદને સ્વસન્મુખ થઈને નહિ પામીને, પરસન્મુખ થઈને રાગ-દ્વેષના ગુંગાના સ્વાદ લઈને ચાર ગતિમાં રખડે છે. સમજાણું કાંઈ? આહાહા..! પણ આમાં આવું દુઃખ દેખાતું નથી. પણ શેનું દેખાય? સનેપાતિયાને દાંત આવે છે તો એને ક્યાં દુઃખ દેખાય છે? શું એ સુખી છે? કાઢે છે તો દાંત. 'લીંબડા'ની વાત છે. ઘણા વર્ષ થયા. 'લીંબડા'માં... આ 'લીંબડા' નથી? આ રસ્તામાં આવે છે. ૩૨ વર્ષનો જુવાન હતો. એને સનેપાત થયેલો બરાબર. દાંત કાઢે ને કપડા કાઢે ને.. સવાર નહિ કાઢે, લોકો કહે. ઓલા કહે બળ છે ને આટલું? દાંત કાઢે છે ને?

મુમુક્ષુ :– આ આથમી જવાનું.

ઉત્તર :– આહાહા..! મરી ગયો સવાર પહેલા. ૩૨ વર્ષનો યુવાન. આ 'લીંબડા' છે ને? અમે બહાર દુકાનમાં ઉતરેલા. ઓ..હો..! પોકાણ પોકાણ માંડે. શેની પોકાણ માંડી છે? જોનારાને શેનો રોગ છે? જોનારને ક્યાં રહેવું છે અહીં? સાંભળને. 'મરનારાને શીદ રોવો તમે, રોનારા નથી રહેનાર રે' તું ક્યાં રહે એવો છો? તારું સ્વરૂપ તો અવિનાશી છે અને આ શરીર તો છૂટી જશે. ફટ દઈને ચાલ્યું જશે. અજ્ઞાનભાવ સેવીને જિંદગી ગાળી છે, ચાલ્યો જાઈશ ચોરાશીના થોરના કાંટાના અવતારમાં. પત્તો નહિ ખાઈ ક્યાંય. વંટોળિયાનું ઊડતું તણખલું ક્યાં જઈને પડશે? વંટોળિયામાં તણખલા ઊડે ને તણખલા? એમ અજ્ઞાનભાવ ભાન વિનાના મૂઢ જીવો દેહ છોડીને ક્યાં જશે? આહાહા..! કોઈ દિ' એણે વિચાર કર્યો

નથી. અહીં આચાર્ય કહે છે, એક કડીમાં બન્ને નાખ્યું છે. ઓ..હો.!

**'ભાવાર્થ :– જે ભવ્ય પુરુષો,..'** લ્યો. સંબોધન ભવ્યથી કર્યું. જે કોઈ આત્માર્થી જીવ, વિષય અને રાગાર્થીપણું જેણે છોડ્યું છે, રાગ અને પુણ્યના વિકાર ભાવનું અર્થીપણું જેણે છોડ્યું છે, જેણે આત્માનું અર્થીપણું પ્રગટ કર્યું છે. આહાહા..! એવો જે ભગવાનઆત્મા, **'ગુરુના ઉપદેશથી...'** લ્યો. એમ કહ્યું કે, ગુરુના ઉપદેશથી એટલે ગુરુએ એને એવો ઉપદેશ આપ્યો છે. સમજાણું કાંઈ? ભાઈ! તારું સ્વરૂપ તો એ પુણ્ય-પાપના રાગથી ભિન્ન છે, ભગવાન! એને અંદરમાં ઓળખ ને શ્રદ્ધ તું. સમજાણું કાંઈ? ગુરુનો ઉપદેશ મળ્યો તો પણ આવો મળ્યો છે એમ કહે છે.

**'અથવા સ્વયમેવ કાળલબ્ધિ...'** પુરુષાર્થની એવી યોગ્યતા જાગી. આહાહા..! સમજાણું કાંઈ? સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણ પ્રકાશ ચૈતન્યના નૂરનું પૂર એવો ભગવાનઆત્મા અંતરમાં જઈ અને જેણે પુરુષાર્થ દ્વારા ગુરુગમે એ સાંભળ્યું અને કાં એની મેળાએ પુરુષાર્થ દ્વારા પામ્યો. સમજાણું કાંઈ? **'कथम् अपि'** કહ્યું હતું ને? બે પ્રકાર પાડ્યા. એ આ રીતે. શાસ્ત્ર ભાષા. એમ ગુરુ ઉપદેશથી એટલે પોતાથી અંદર પામ્યો. ઓહોહો..! 'પ્યાલો મને પાયો રે ગુરુએ મારે પ્રેમે કરી. પહેલે પ્યાલે રાગના અને મિથ્યાત્વના ભવ ટળ્યા અને આનંદનું પૂર જામ્યું. બીજા પ્યાલે ચારિત્રની દશા પ્રગટી અને શુક્લધ્યાન ને કેવળ થયું' એવો પ્યાલો ગુરુએ પાયો કહે છે.

મુમુક્ષુ :– ભગત બોલે છે.

ઉત્તર :– ભગત બોલે છે ને? સમજાણું કાંઈ? આહાહા..!

ચૈતન્ય પરમેશ્વર અંદર પૂરો પડ્યો પણ રાંકો થઈને ફરે શું થાય? ચક્રવર્તીની રાણી થઈને, ચક્રવર્તી થઈને માગે. ચક્રવર્તીએ વાઘરણને રાખી હોય, પણ ઓલી ટેવ પડી ગઈ હોય ને? ઓલાને દાતણ દઈને રોટલી લેવી. સાંજે વાઘરણ દેવા આવે ને? પહેલા અમે આપતા હવે તો હોય છે ને. આ તો ૬૦-૭૦ વર્ષ પહેલાની વાત છે. બે રોટલી આપે, અડધી રોટલી આપે અને સાત-આઠ-દસ દાંતણ નાખી જાય. ચક્રવર્તીએ વાઘરણને રાણી કરી હોય. એ વાઘરણની ટેવ મટે? ગોખલામાં જઈ રોટલી મૂકે, દાંતણ હાથમાં રાખે. એ મા-બાપ! દાંતણ લ્યો. દાતણ મૂકીને રોટલી લે. ત્યાં છેવટે ઘરના ગોખલામાં રોટલી મૂકીને, દાંતણ મૂકીને પછી લે. આ એણે એવું અનાદિથી કર્યું છે, હોં! આ તો દાખલો છે. આહાહા..! ભાઈ! શું કર્યું છે પણ એણે?

ભગવાન આનંદનો ધામ પ્રભુ છોને નાથ! તારામાં આનંદની પૂર્ણતા પડી છે, હોં! એ ગુરુગમે અને કાં પુરુષાર્થની જાગૃતિ સીધી. જુઓ! **'મિથ્યાત્વ રહિત થઈને,..'** જુઓ! મિથ્યાત્વ એટલે ભ્રમણા. પરમાં સુખ છે, પુણ્યમાં સુખ છે, પાપમાં સુખ છે, પૈસામાં સુખ છે, સ્ત્રીમાં સુખ છે, સ્ત્રીના શરીર તો હાડકા, માંસ, લોહી અને ચામડા છે. ધૂળ છે. તો પણ એમાં

સુખ છે. ધૂળમાં–આ માંસમાં સુખ છે. આહાહા..! એ ચામડાના મંથન. એ ચામડાના મંથનનું સુખ છે. મૂંઢ તે કેટલો મૂંઢ પણ કાંઈ? એના મૂંઢની દશા છે કાંઈ? સમજાણું કાંઈ?

કહે છે, પ્રભુ! એ મોટો મિથ્યાત્વભાવ છે, હોં! જૂઠો ભાવ છે તારો, ભાઈ! શરીરના મંથનમાં, શરીરના રગડમાં તને ઠીક લાગે, માંસ અને હાડકા, ચામડા. પ્રભુ! મિથ્યા ભ્રમ છે તને. તારામાં આનંદ છે એ તું ભૂલી ગયો છો. આહાહા..! સમજાણું કાંઈ? એ **'મિથ્યાત્વથી રહિત થઈને,..'** પડદો છોડી દીધો. નહિ, મારું સુખ મારામાં છે. મારો સ્વભાવ સુખમય આનંદમય છે. મારો આનંદ ક્યાંય ન હોય. મારા સિવાય મારો આનંદ ન હોય અને હું આનંદથી ખાલી ન હોઉં. આહાહા..! એવી દૃષ્ટિ થતાં એને મિથ્યાત્વનો નાશ થાય છે. ભ્રમણાનો ભંગ પડે છે.

**'જ્ઞાનમાત્ર એવા પોતાના સ્વરૂપને પામે છે,...'** લ્યો. શું કહ્યું? ઓલા પુણ્ય અને પાપ અને શરીર એનું સ્વરૂપ નથી. જ્ઞાન, જાણવું ચિદ્‌બ્રહ્મ, જ્ઞાનાનંદ પ્રભુ! એવા જ્ઞાન સ્વરૂપને અંતરથી પામે છે તેને ધર્મ કહેવાય છે. બાકી બધા એકડા વિનાના રણમાં પોક મૂકવા જેવી વાતું છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..! માણસને આકરું લાગે. કોઈ દિ' સાંભળ્યું નથી. સાંભળ્યું ન હોય એટલે કહે, આવો ધર્મ, ભાઈ! ધર્મ તો એવો હોય, બાપા! અનંતકાળથી કર્યો નથી, સાંભળ્યો નથી કે ધર્મ કેવો હોય? એક સમયના ધર્મે જન્મ-મરણ બળે અને આત્માના આનંદના સ્વાદનું વેદન આવે. એને ધર્મ કહીએ. દુઃખનો સ્વાદ છે, એને છોડીને આનંદનો સ્વાદ આવે એને ધર્મ કહીએ. 'લાલજીભાઈ'! પૈસાવાળા બધા દુઃખી હશે?

મુમુક્ષુ :– દુઃખી જ છે. દુઃખના દરિયા છે.

ઉત્તર :– એમ? તારો બાપ દુઃખી ક્યાં છે?

મુમુક્ષુ :– હા એ પણ દુઃખી જ છે. સમ્યગ્દર્શન વિનાના બધા દુઃખી જ છે.

ઉત્તર :– તારો બાપ તો હુંડીનો વેપારી છે. ...

મુમુક્ષુ :– જરાય નહીં ને.

ઉત્તર :– બસ. રાગદ્વેષ તો કરે ને?

મુમુક્ષુ :– રાગ દ્વેષ કરે.

ઉત્તર :– બસ ત્યારે રાગદ્વેષ કરે અને દુઃખી થાય.

મુમુક્ષુ :– હા અને સંસારમાં રખડે.

ઉત્તર :– રખડે. આહાહા..!

**'જ્ઞાનમાત્ર એવા પોતાના સ્વરૂપને પામે છે,...'** વસ્તુ તો આ છે. સમજાણું કાંઈ? **'તેનો આશ્રય કરે છે,...'** હવે પછી સ્વરૂપને પામે છે અને તેનો આશ્રય કરે છે. એની એ વસ્તુમાં વારંવાર લીન થાય છે. **'તેઓ સાધક થયા થકા...'** આત્માના આનંદના સાધનારા થયા થકા.. આહાહા..! અતીન્દ્રિય આનંદની વીણા વગાડતા થકા. અતીન્દ્રિય આનંદનો સાગર ભગવાન

છે એમાં એકાગ્ર થઈને શુદ્ધતા વધારતા થકા **'સિદ્ધ થાય છે;...'** પરમાત્મા થઈ જાય છે. સોળ કળાએ ચંદ્ર ખીલે એમ આત્મા પૂર્ણ દશાને પ્રાપ્ત થાય છે. એને પછી સંસાર પરિભ્રમણ હોય નહિ. રીત આ છે. એ સિવાય બીજી રીત માને તો એ ભ્રમણામાં પડ્યા છે. સમજાણું કાંઈ?

**'પરંતુ જેઓ જ્ઞાનમાત્ર એવા પોતાને પામતા નથી,..'** આહાહા..! શું કહે છે? જાણવું... જાણવું.. જાણવું... એવો મારો નિજ સ્વભાવ, એવા નિજસ્વભાવને જે અંતરમાં પામતા નથી. આહાહા..! ભાષા જુઓ! ટૂંકામાં કહ્યું છે. જ્ઞાનમાત્ર એવો નિજભાવ. જાણવું, જ્ઞાતા દૃષ્ટાપણાનો જે ભાવ, એ નિજ ભાવ, એનું ભાન થવું એ નિજ ભાવ, એને જે પામતા નથી, પોતાને. **'જ્ઞાનમાત્ર એવા પોતાને...'** એમ કહે છે ભાષા. શું કીધું ઇ? ભાષા સાદી છે પણ ભાવ બહુ ઊંચા છે એના. **'જ્ઞાનમાત્ર એવા પોતાને...'** પોતે તો જ્ઞાન જાણવા-દેખવામાત્ર સ્વભાવ છે. એનો એ પુણ્ય-પાપનો વિકલ્પ અને શરીર-ફરીર એનું કોઈ સ્વરૂપ છે નહિ.

**'જ્ઞાનમાત્ર એવા પોતાને...'** ભાવને **'પામતા નથી,...'** અજ્ઞાની. **'તેઓ સંસારમાં રખડે છે.'** એને લઈને ચાર ગતિમાં રખડે છે. બહુ સરસ વાત હતી. અવળીસવળી બન્ને હતી. આહાહા..! વસ્તુ તો આ છે. મોંઘું લાગે, સોંઘુ લાગે પણ માર્ગ આ છે. 'સુમનભાઈ'! બીજો માર્ગ નહિ હોય? બુદ્ધિવાળાને બીજો કોઈ માર્ગ નહિ હોય?

મુમુક્ષુ :– આ હોય તો જ બુદ્ધિ કહેવાય ને?

ઉત્તર :– હવે આઠ-આઠ હજારના પગાર લાવે અને બુદ્ધિ નહિ? ... એ તો પૂર્વના પુણ્યને લઈને આવે છે. શું બુદ્ધાથી આવે છે? બુદ્ધિવાળા તો ઘણા હોય છે. બુદ્ધિના બારદાન હોય ને મહિને પાંચ-પાંચ લાખ પેદા કરે. બુદ્ધિના બારદાન. બારદાન સમજાણું?

મુમુક્ષુ :– બુદ્ધિના ખોખા.

ઉત્તર :– ખોખા. બુદ્ધિના ખાં હોય તો મહિને બે હજાર પેદા કરવા મુશ્કેલ પડે છે. પરસેવા ઉતરતા હોય છે. એ ક્યાં એની છે. એ તો પૂર્વના પુણ્યને લઈને આવે છે. આ તો પુરુષાર્થથી આત્મધર્મ થાય છે, જે અનંતકાળથી કર્યો નથી. અને ઉંધાઈ પણ પુરુષાર્થથી થાય છે એમ કહે છે. રાગ દ્વેષ મારા, પુણ્યપાપ મારા એ માન્યતા તો ઉંધાઈથી પોતાના પુરુષાર્થથી થાય છે. ન્યાં કાંઈ કર્મ-ફર્મ આવતું નથી. ધર્મ પણ પોતાના સ્વરૂપની સાવધાની કરવી એ પુરુષાર્થથી થાય છે. એ કાંઈ કર્મમાં માંડ્યું અને થાય, એમ છે નહિ.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

# શ્લોક-૨૬૭

(वसन्ततिलका)

स्याद्वादकौशलसुनिश्चलसंयमाभ्यां
यो भावयत्यहरहः स्वमिहोपयुक्तः।
ज्ञानक्रियानयपरस्परतीव्रमैत्री-
पात्रीकृतः श्रयति भूमिमिमां स एकः।।२६७।।

આ ભૂમિકાનો આશ્રય કરનાર જીવ કેવો હોય તે હવે કહે છે :–

શ્લોકાર્થ :– [ यः ] જે પુરુષ [ स्याद्वाद-कौशल-सुनिश्चल-संयमाभ्यां ] સ્યાદ્‌વાદમાં પ્રવીણતા તથા (રાગાદિક અશુદ્ધ પરિણતિના ત્યાગરૂપ) સુનિશ્ચળ સંયમ-એ બન્ને વડે [ इह उपयुक्तः ] પોતામાં ઉપયુક્ત રહેતો થકો (અર્થાત્ પોતાના જ્ઞાનસ્વરૂપ આત્મામાં ઉપયોગને જોડતો થકો) [ अहः अहः स्वम् भावयति ] પ્રતિદિન પોતાને ભાવ છે (-નિરંતર પોતાના આત્માની ભાવના કરે છે), [ सः एकः ] તે જ એક (પુરુષ), [ ज्ञान-क्रिया-नय-परस्पर-तीव्र-मैत्री-पात्रीकृतः ] જ્ઞાનનય અને ક્રિયાનયની પરસ્પર તીવ્ર મૈત્રીના પાત્રરૂપ થયેલો, [ इमाम् भूमिम् श्रयति ] આ (જ્ઞાનમાત્ર નિજભાવમય) ભૂમિકાનો આશ્રય કરે છે.

ભાવાર્થ :– જે જ્ઞાનનયને જ ગ્રહીને ક્રિયાનયને છોડે છે, તે પ્રમાદી અને સ્વચ્છંદી પુરુષને આ ભૂમિકાની પ્રાપ્તિ થઈ નથી. જે ક્રિયાનયને જ ગ્રહીને જ્ઞાનનયને જાણતો નથી, તે (વ્રત-સમિતિ-ગુપ્તિરૂપ) શુભ કર્મથી સંતુષ્ટ પુરુષને પણ આ નિષ્કર્મ ભૂમિકાની પ્રાપ્તિ થઈ નથી. જે પુરુષ અનેકાંતમય આત્માને જાણે છે (-અનુભવે છે) તથા સુનિશ્ચળ સંયમમાં વર્તે છે (-રાગાદિક અશુદ્ધ પરિણતિનો ત્યાગ કરે છે), એ રીતે જેણે જ્ઞાનનય અને ક્રિયાનયની પરસ્પર તીવ્ર મૈત્રી સાધી છે, તે જ પુરુષ આ જ્ઞાનમાત્ર નિજભાવમયી ભૂમિકાનો આશ્રય કરનાર છે.

જ્ઞાનનય અને ક્રિયાનયના ગ્રહણ-ત્યાગનું સ્વરૂપ અને ફળ 'પંચાસ્તિકાયસંગ્રહ' શાસ્ત્રના અંતમાં કહ્યું છે, ત્યાંથી જાણવું. ૨૬૭.

## પ્રવચન નં. ૫૭૧ શ્લોક-૨૬૭ શનિવાર, પોષ સુદ ૧૩, તા. ૦૯-૦૧-૧૯૭૧

स्याद्वादकौशलसुनिश्चलसंयमाभ्यां
यो भावयत्यहरहः स्वमिहोपयुक्तः।
ज्ञानक्रियानयपरस्परतीव्रमैत्री-
पात्रीकृतः श्रयति भूमिमिमां स एकः।।२६७।।

'**જે પુરુષ स्याद्वाद-कौशल-सुनिश्चल-संयमाभ्यां**' '**સ્યાદ્‌વાદમાં પ્રવીણતા...**' આત્મા નિત્ય છે, અનિત્ય છે, એક છે, અનેક છે વગેરે સ્વરૂપનો જાણનાર પ્રવીણ હોય છે. એ પહેલું સમ્યગ્દર્શન કહ્યું. વસ્તુ નિત્ય હોવા છતાં એની વર્તમાન પર્યાય–અવસ્થા પલટે છે. એ પર્યાયની ક્ષણિકતા અને નિત્યતા બન્ને સ્યાદ્‌વાદથી સિદ્ધ થાય. એકાંત કોઈ નિત્ય જ કહે અને એકાંત અનિત્ય કહે તો એ સાબિત થાય નહિ. ત્રિકાળી જ્ઞાયકભાવ પોતાની વસ્તુ છે સ્યાદવાદથી સિદ્ધ થાય છે. સમજાણું કાંઈ? નિત્ય છે. દ્રવ્યાર્થિક દૃષ્ટિએ નિત્ય છે. ત્રિકાળ દ્રવ્યની દૃષ્ટિએ આત્મા નિત્ય છે. વર્તમાન બદલવાની અપેક્ષાની પર્યાયદૃષ્ટિએ અનિત્ય છે. બન્ને વસ્તુનું સ્વરૂપ છે.

'**જે પુરુષ સ્યાદ્વાદમાં પ્રવીણ..**' દ્રવ્યે શુદ્ધ છે અને પર્યાયે ક્ષણિક અવસ્થામાં પલટો છે. '**તથા (રાગાદિક અશુદ્ધ પરિણતિના ત્યાગરૂપ)..**' સંયમ લીધો. વસ્તુ આનંદ અને જ્ઞાનથી તત્ત્વરૂપ (છે) એનું જ્ઞાન થતાં, સમ્યગ્દર્શન થતાં એ સ્યાદ્વાદમાં પ્રવીણ થયો કહેવાય. ડાહ્યો થયો. મારી શુદ્ધ અવસ્થા–પર્યાય એમાં નથી, પર્યાયમાં દ્રવ્ય નથી. પરની વાત અહીં છે જ નહિ. પર તો સ્વતંત્ર કામ કરે છે. વસ્તુ પોતે જેને આત્માનું હિત કરવું છે, એને ત્રિકાળી શુદ્ધ જ્ઞાયક ધ્રુવ, એના સ્વરૂપમાં નિપુણ થઈ, એક સમયની પર્યાય એમાં નથી. પર્યાય પર્યાયમાં છે, વસ્તુમાં નથી. એવા સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શનમાં નિપુણ થયેલો. અશુદ્ધ રાગાદિ પરિણતિનો ત્યાગ. એટલે અશુદ્ધ વિકારી પરિણામ એનું એમાં અભાવરૂપ પરિણમન છે.

શુદ્ધ સ્વભાવ નિત્ય છે એવી દૃષ્ટિ થયેથી, શુદ્ધનું પરિણમન છે અને રાગાદિનું અશુદ્ધ પરિણમન નથી, એનું નામ સંયમ. સમજાય છે કાંઈ? કોઈ કહે કે અમને શુદ્ધ પરિણમન દ્રવ્ય શુદ્ધિ છે પણ અશુદ્ધ પરિણામ ટળ્યા નથી તો એ વાત સાચી નથી. વસ્તુ શુદ્ધ ચૈતન્યઘન છે, એનું જ્ઞાન અને દૃષ્ટિ થતાં, અસ્તિપણે તો શુદ્ધ છે એનું પરિણમન શુદ્ધ થાય, પણ તે જ ક્ષણે અશુદ્ધતાનો ત્યાગ ન હોય તો શુદ્ધતાનું એને ભાન નથી. પંડિતજી! આહાહા..! સમજાણું કાંઈ? ભાઈ! આ માર્ગ તો એવો અલૌકિક છે. જન્મમરણના અંતની વાત છે. કદી મોક્ષદશા થઈ નથી. એ ભાવના કારણરૂપ ચૈતન્યનો ગંજ પ્રભુ આત્મા, અનંત આનંદ અને જ્ઞાનના સ્વભાવવાળું તત્ત્વ, એને પકડવાથી, એમાં એકાગ્ર થવાથી શુદ્ધતાનો ધારાવાહી

પ્રવાહ પરિણમે છે અને શુદ્ધતાના પરિણમનની સાથે અશુદ્ધતાનું પરિણમન એમાં થતું નથી. સમજાણું કાંઈ આમાં? શું આમાં સમજવું હવે? 'દેવજીભાઈ'! આવો માર્ગ છે.

ચૈતન્ય આનંદ અને જ્ઞાનના સ્વભાવવાળું ધ્રુવતત્ત્વ, એની અંતર સન્મુખ દૃષ્ટિ થતાં, એની શુદ્ધતાની પરિણતિ નિર્મળ થાય છે અને તે જ કાળે તેને અશુદ્ધતાના રાગરૂપ પરિણમન નથી. ધારા શુદ્ધની છે, અશુદ્ધતા નથી. જેટલું શુદ્ધ પરિણમન છે, તેટલું જ અશુદ્ધ પરિણમન એમાં ભેગું નથી, એમ કહે છે. આહાહા..! ત્યારે એને શુદ્ધ પરિણમન થઈ અને રાગાદિ રહિતનું પરિણમન થાય તેને સંયમ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? આ કાંઈ બહારથી પ્રગટ થયેલી ચીજ નથી. વસ્તુ અંતર્મુખ છે, અંતર વસ્તુ છે. કહે છે, એ ચૈતન્ય ભગવાનઆત્મા અંતર્મુખમાં પરિણમતાં, એને બહિર્મુખની અશુદ્ધ પરિણતિ ત્યાં હોતી નથી. સમજાણું કાંઈ? અહીં તો એમ કહ્યું, સ્યાદ્વાદની નિપુણતા, અશુદ્ધ રાગનો ત્યાગ. સ્યાદ્‌વાદની નિપુણતા એટલે શુદ્ધ છું એવું ભાન અને અશુદ્ધતાનો અભાવ એનું નામ સંયમ. મહાવ્રતાદિના વિકલ્પો છે એનો અભાવ એ સંયમ, એમ કહે છે.

**'(રાગાદિ અશુદ્ધ પરિણતિના ત્યાગરૂપ) સુનિશ્ચળ સંયમ—'** જેવી વસ્તુ છે એવી જ્યાં દૃઢતા, જ્ઞાન અને પ્રતીત થઈ, એવો જ એનો આશ્રય લઈને અશુદ્ધતા પરિણતિનો ત્યાગ થઈ, સુનિશ્ચળ થયું. સ્થિર... સ્થિર... સ્થિર... સ્વરૂપમાં સ્થિર, એવી જે ચારિત્ર નામ સંયમદશા. લ્યો, આ સંયમ ચારિત્ર. માણસ કહે છે કે આવું અંદરથી પચવું મુશ્કેલ પડે. પણ માર્ગ તો આ છે બીજું કરવું શું? સત્યની રીત અને સત્યનો પ્રકાર જ આ છે. એને બીજો મોળો પાડીને અસત્ કરવું છે? અસત્ તો અનાદિથી કરી રહ્યો છે. સમાજને માટે કાંઈ હળવું જોઈએ. અરે..! ભગવાન! એનું સ્વરૂપ છે એનાથી હળવું એટલે વિપરીત, ઉલટું કરવું એ એનું સ્વરૂપ છે? તો એને કહે એવું બતાવો કે રાગની મંદતા ક્રિયા થાય અને એના દ્વારા હળવે-હળવે સત્યને પામે. અરે..! કોઈ દિ' પામે નહિ, ભાઈ! આહાહા..!

સત્ સ્વરૂપ જ ભગવાનઆત્માનું શુદ્ધ અને પવિત્ર છે. એવું જ સત્‌નું સત્‌પણું છે. એ સત્યપણાનો આશ્રય લઈને, એનો અર્થ થયો કે એટલો અસત્‌પણાનો આશ્રય છૂટી ગયો એટલી અશુદ્ધતા પણ ટળી ગઈ. આહાહા..! શુદ્ધનો અનુભવ થતાં અશુદ્ધનો અનુભવ ન હોય એમ કહે છે. સમજાણું કાંઈ? એકલો અશુદ્ધનો અનુભવ છે એ તો મિથ્યાત્વભાવ છે. આહાહા..! શુભભાવનું વેદન ભલે હો. એકાંતે એ અશુદ્ધભાવનું વેદન છે એ તો મિથ્યાત્વભાવ છે. કેમ કે વસ્તુ અશુદ્ધ નથી. આહાહા..!

પોતાના શરણમાં જતાં. માથે કહ્યું હતું ને? જ્ઞાનમાત્ર એવા પોતાને પામતાં અને પામતાં નથી. એમ બે લઈ લેવું એમાં. આહાહા..! ચૈતન્યનો માર્ગ પ્રભુ! દુઃખથી મુક્ત થવાનો, સુખની પ્રાપ્તિનો અપૂર્વ ઉપાય છે, અપૂર્વ માર્ગ છે. એને પહેલા શ્રદ્ધાના પક્ષમાં, એને લક્ષમાં લેવું પડશે. એ કાંઈ વાતે કે બોલવાથી કે જાણપણું બહાર કરવાથી કાંઈ પ્રાપ્ત થાય એવી ચીજ

નથી. સમજાણું કાંઈ? શું થાય? જે ચીજ છે એવું જ સત્ય હોય અને એવા સત્યના શરણ લે તો સત્ય પ્રગટે. રાગના મંદતાના શરણ લે તો એ તો અશુદ્ધતા છે અને અશુદ્ધતાના શરણે તો અશુદ્ધતા જ પ્રગટ થાય. અને માને કે મને ધર્મ થાય તો એ તો મિથ્યાત્વ થાય છે. ભારે આકરું કામ, 'દેવજીભાઈ'! કૃષિકાર છે. 'કાનાતળાવ'ના કણબી (છે).

મુમુક્ષુ :– આત્મા છે ને.

ઉત્તર :– આત્મા છે ને, આત્મા કે દિ' કણબી હતો? કણબીનો અર્થ એ છે કે કણ રાખીને બી ભોગવે એનું નામ કણબી. આત્માના આનંદની જાતને રાખી અને આનંદને ભોગવે. પંડિતજી! એવું 'બનારસીદાસ'માં છે, હોં! શાસ્ત્રમાં તો ઘણી વાતો પડી છે. એવી 'બનારસીદાસે' વ્યાખ્યા કરી છે.

મુમુક્ષુ :– નિજ આતમભોગી.

ઉત્તર :– 'કણ રાખી બીજ ભોગવે.' કણ.. કણ. તત્ત્વનું કણ રાખી અને આનંદને ભોગવે. દૃષ્ટિમાં આખો દ્રવ્ય સ્વભાવ રાખી અને પર્યાયમાં આનંદને ભોગવે, એને કણબી કહીએ. આમાં ક્યાં ત્યાં, વાણિયો પણ આવું કરે એ કણબી. ધર્મનો વેપારી એ કણબી. આહાહા..! જેની ખેતીમાં આનંદ પાકે, અઢળક આનંદ પાકે. આહાહા..! પરથી તદ્દન ઉદાસ ચીજ છે. રાગથી પણ ઉદાસ. છેલ્લું તો એ કહ્યું ને? આહાહા..!

એવો સ્યાદ્વાદ એટલે અપેક્ષિત તત્ત્વ નિર્મળ છે અને એમાં મલિનતા નથી, એવું જે સ્યાદ્વાદનું જ્ઞાન, એ તો જ્ઞાન અને શ્રદ્ધા થઈ. પછી શુદ્ધતાનું પરિણમન થતાં, અશુદ્ધતાનો ત્યાગ વર્તે એટલે અશુદ્ધતાનું પરિણમન નથી એનું નામ અશુદ્ધતાનો ત્યાગ છે. આહાહા..! જુઓ! **'અશુદ્ધ પરિણતિના ત્યાગરૂપ...'** ત્યાગરૂપ. ત્યાગ કરવો નથી. એ શુદ્ધતાના સ્વભાવ સન્મુખ, સ્વભાવનો સાગર ભગવાનઆત્મા, એની સામું જોતાં, એમાં એકાકાર થતાં શુદ્ધતાના પરિણમનમાં અશુદ્ધતાનો ત્યાગ થઈ જાય છે. અશુદ્ધતાની ઉત્પત્તિ નથી અને અશુદ્ધતાનું પરિણમન થતું નથી. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

ભગવાન તીર્થંકરદેવ પરમેશ્વર એમ કહે છે, કે આ આત્મા છે એમાં બે ભાગ છે. એક નિત્યનો ભાગ અને એક અનિત્યનો ભાગ. નિત્ય ધ્રુવ છે અને એ નિત્ય ધ્રુવમાં અનંત આનંદ આદિ શક્તિઓ છે અને એની અવસ્થા, હાલત, દશા બદલે છે. એ બેનું વાસ્તવિક જ્ઞાન કરી. સર્વજ્ઞ સિવાય આવી વાત બીજે ક્યાંય હોતી નથી. સમજાણું કાંઈ? 'રતિભાઈ'! આહાહા..! માર્ગ એવો છે.

સચ્ચિદાનંદ સિદ્ધ સ્વરૂપ આત્માનું છે. સત્.. સત્... સત્... સત્... સત્. સત્નું સત્યપણું એ શુદ્ધ અને આનંદ છે. એવા આનંદના ભાનવાળો, આનંદરૂપે પરિણમતા, થતાં એ દયા, દાન, વિકલ્પના રાગરૂપે ન થાય એનું નામ સમ્યગ્જ્ઞાન સહિતનો સંયમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભારે ... વાત હજી પકડવી મુશ્કેલ પડે. એમાં બેસે ક્યાંથી? અનંતકાળથી

રખડે છે, અનંતકાળથી. પોતાની જાતમાં અનંત આનંદ અને અનંત શાંતિ.. શાંતિ.. શાંતિ... શાંતિ.. પડી છે. એવી શાંતિ ઉપર દૃષ્ટિ પડતાં, કહે છે કે એ સમ્યગ્દર્શન પર્યાય પ્રગટ થાય છે અને સમ્યગ્જ્ઞાન થાય છે કે હું ત્રિકાળી શુદ્ધ છું. એક સમયની પર્યાયમાં શુદ્ધતા-અશુદ્ધતા થોડી હો, તો એ મારામાં નથી. આહાહા..! સમજાણું કાંઈ?

એવું અંતરમાં સમ્યક્ સર્વજ્ઞ પરમેશ્વરે, તીર્થંકરદેવે જે આત્મા કહ્યો તેવો આત્મા અંદર શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન થાય, જેમાં અનંતી શક્તિઓ છે. આહાહા..! ભગવાનઆત્મા એકરૂપે વસ્તુ, એની શક્તિ એટલે ગુણો એટલે સ્વભાવો એમાં અનંત છે. આહાહા..! એ સત્પ્રભુ આત્મા, એનું સત્ત્વ અનંત શક્તિવાળું છે. એના સ્વભાવમાં બેહદ અપરિમિત આનંદ અને જ્ઞાન આદિ અનંત શક્તિઓ છે. એની અંતરદૃષ્ટિ અનુભવ થતાં, જે શુદ્ધતા દશામાં પ્રગટ થાય તે ધર્મ. અને એ શુદ્ધતા પરિણમતા અશુદ્ધતાનું પરિણમન અટકી જાય છે. એટલે કે અધર્મનું પરિણમન ત્યાં થતું નથી. સમજાણું કાંઈ?

**'(રાગાદિક અશુદ્ધ પરિણતિના ત્યાગરૂપ) સુનિશ્ચળ સંયમ–'** એને સંયમ કહીએ. બહારથી લુગડા ફેરવ્યા અને નાગો થઈને ફરે કે બાયડી-છોકરા ન હોય માટે સંયમી છે એમ નથી, ભાઈ! અંતર ભગવાનઆત્મા પરમાનંદનું ધામ, એને અવલંબીને જે શુદ્ધતા અંદર પ્રગટે અને અશુદ્ધતાનો એમાં અભાવ થાય, એનું નામ સંયમ અને એનું નામ સમ્યગ્દર્શન સહિતનું ચારિત્ર છે. સમજાણું કાંઈ? આહાહા..! ચારિત્ર એટલે ચરવું. ભગવાન આનંદધામ છે. ભગવાન કયો? આ ભગવાન. ભગવાન થઈ ગયા એ તો એના થયા એમાં આને શું છે? સમજાણું કાંઈ? આહાહા..!

ભગ નામ આનંદ અને જ્ઞાનની લક્ષ્મીનું જેનું રૂપ છે એવો ભગવાનઆત્મા. આહાહા..! અંતરમાં પોતાના સ્વરૂપનું અપેક્ષિત જ્ઞાનથી ભાન કરે છે, અશુદ્ધતા નથી, શુદ્ધતા છે વગેરે એને પછી ઠરતાં, સ્વરૂપમાં અંદર આનંદમાં ઠરતાં, અતીન્દ્રિય આનંદના સ્વાદમાં ઠરતાં એને દુઃખનું, અશુદ્ધતાનું પરિણમન ટળે છે. એને અહીંયાં ચારિત્ર અને સંયમ કહેવામાં આવે છે. વસ્તુ એવી આકરી છે. જગત અનાદિથી ચોરાશીના અવતારમાં રખડી રહ્યું છે. જૈનનો સાધુ પણ અનંતવાર થયો પણ મિથ્યાદૃષ્ટિ રાગને ધર્મ માન્યો અને ક્રિયાને ધર્મ માન્યો. ભગવાન અંદર આનંદકંદ છે અને રાગથી ભિન્ન છે એના ભાનનો સ્પર્શ કર્યો નહિ, અનુભવ કર્યો નહિ. સમજાણું કાંઈ?

કહે છે, ભગવાન! હે આત્મા! તારી ખાણમાં તો આનંદ અને શુદ્ધતા પડી છે ને, પ્રભુ! એ તારી પ્રભુતાના સામર્થ્યને અંદર સંભાળ. અંતર્મુખ જો, અંતર્મુખ જા. જ્યાં આખું નિધાન પડ્યું છે. આહાહા..! શું કરવું આમાં? સુઝ પડે નહિ માણસને. અનાદિ અજ્ઞાનથી રખડી રહ્યો છે ને? કહે છે કે અંદરના સ્વરૂપમાં જતાં શાંતિની, આનંદની, વીતરાગી પરિણતિ એટલે દશા થાય, એમાં રાગના અભાવરૂપે પરિણમે એનું નામ સમ્યગ્દર્શન અને ચારિત્ર

છે અને એ મોક્ષનો માર્ગ છે. બાકી બધી જગતમાં રખડવાની જગતની વાતું છે. આહાહા..!

**'પોતામાં ઉપયુક્ત રહેતો થકો...'** જુઓ! **'(પોતાના જ્ઞાનસ્વરૂપ આત્મામાં ઉપયોગને જોડતો થકો)...'** રાગ અને પુણ્યની ક્રિયામાં વર્તમાન જ્ઞાનનો વેપાર જે છે, એ અધર્મ છે. એ જ્ઞાનનો વેપાર અંદર જે જ્ઞાનની વ્યક્ત પ્રગટ દશા છે, ઉઘાડ એને અંતરમાં જોડતો. આહાહા..! **'પોતામાં ઉપયુક્ત રહેતો...'** જુઓ! **'इह उपयुक्तः'** આત્મામાં. શુદ્ધ ચૈતન્યના સ્વરૂપને જાણતો, અંતરમાં ઉપયુક્તપણે રહેતો **'(જ્ઞાનસ્વરૂપ આત્મામાં જોડતો થકો) अहः अहः स्वम् भावयति'** **'अहः अहः'** એટલે **'પ્રતિદિન પોતાને ભાવે છે.'** આહાહા..! નિરંતર ધર્મીની દૃષ્ટિ વીતરાગ પરમાત્માના ઘરમાં જ્યારે આવ્યો ત્યારે એના અંતર સ્વરૂપ તરફની નિરંતર જ્ઞાનીની દૃષ્ટિ હોય છે. સમજાણું કાંઈ? ભારે આકરું કામ! **'अहः अहः'** એટલે દિન દિન પ્રતિદિન પોતાને ભાવે છે. **'(–નિરંતર પોતાના આત્માની ભાવના કરે છે),...'** શુદ્ધ અને આનંદસ્વરૂપ મારું, એમાં એકાગ્રતા દિન દિન **'પ્રતિદિન કરે છે.'** અથવા સદાય ધર્મીની દૃષ્ટિ તો અખંડ આનંદકંદ એવો પ્રભુ આત્મા, એના ઉપર નિરંતર એની દ્રવ્યદૃષ્ટિ રહે છે. જ્ઞાનીની, ધર્મીની દૃષ્ટિ વ્યવહારના વિકલ્પ ઉપર હોતી નથી. એનું જ્ઞાન કરે પણ દૃષ્ટિ ત્યાં હોતી નથી. સમજાય છે કાંઈ? આહાહા..! મેરુપર્વત જાણે ઉપાડવો હોય એવું લાગે. કેમ, 'દેવજીભાઈ'!

મુમુક્ષુ :– એના ઘરની વાત છે.

ઉત્તર :– ... અમારે ત્યાં મોદી આવ્યા હતા એકવાર. કોઈ દિ' સાંભળ્યું ન હોય. ત્યાં કહેતા ઓલામાં છે. ધૂળમાં પણ નથી ક્યાંય કીધું. કો'કના પુસ્તક વાંચે ને?

સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ ત્રિલોકનાથ કેવળજ્ઞાનીએ કહ્યું એ કથન બીજે ક્યાંય ત્રણકાળમાં હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? તળાવના કાંઠાના અને મધ્યના પાણી ઉપર સરખા લાગે, પણ એનું માપ કરતાં કાંઠાના પાણી કરતાં મધ્યના પાણી ઊંડા બહુ હોય છે. ઉપર દેખતાં સરખા લાગે. અંદરમાં માપ કરતા ઊંડાઈ બહુ લાગે. એમ વીતરાગ અને અજ્ઞાનીઓ કહે એમાં ઉપરની વાત કેટલીક સરખી લાગે. શુભભાવની ક્રિયા, આ ક્રિયા, તે ક્રિયા, આ કરવું. 'દેવજીભાઈ'! આહાહા..! અંદરમાં માપ કરવા જાય સર્વજ્ઞે કહેલો આત્મા, અને એક એક આત્મામાં અનંતા-અનંતા ગુણો, એક-એક ગુણનું અનંત સામર્થ્ય અને એક-એક ગુણની એક સમયની અવસ્થા. આહાહા..! 'હિંમતભાઈ'! આહા..! ભાઈ! તેં તારું કર્યું નથી, હોં! એણે મનને મનાવ્યું છે. આહાહા..! આ પણ કાંઈ કર્યું નથી, હોં! .. ત્યાં આપણે દુકાને બેઠા હતા, જુઓ! અત્યારે અહીં સાંભળીએ છીએ. દેરાસરે પૂજા કરીએ, ભક્તિ કરીએ, આ વ્રત કાંઈક પાળીએ, શરીરથી બ્રહ્મચર્ય પાળીએ. બીજા કરતા તો કાંઈક કરીએ છીએ ને.

મુમુક્ષુ :– આગળ તો છે જ ને?

ઉત્તર :– ધૂળમાં પણ આગળ નથી. સમજાણું કાંઈ? એ તો બધી વિકલ્પ અને રાગની

લાગણી છે. આહાહા..! એ તો બહિર્મુખની વૃત્તિઓનું ઉત્થાન રાગ છે. આત્મા નહિ, આત્માનો ધર્મ નહિ.

મુમુક્ષુ :– એમ કરતા કરતા થાય.

ઉત્તર :– ઝેર કરતાં, લસણ ખાતા-ખાતા કસ્તુરીનો ઓડકાર આવે. 'સુમનભાઈ'! એમ હશે? નહિ આવતો હોય? લસણના ઢોકળા ખાય સરખા. તેલમાં નાખી, ઘીમાં નાખી અહીં સુધી ખાય. ઓ...ઉ... ઓડકાર આવ્યો કસ્તુરીનો ધૂળમાં પણ નહિ આવ્યો હોય, સાંભળને.

મુમુક્ષુ :– પણ ગરીબ માણસને લસણનો ઓડકાર પણ કસ્તુરીનો ઓડકાર કહેવાય.

ઉત્તર :– એ તો બીજી રીતે. પૈસાવાળાને કસ્તુરી મળે અને ગરીબને ન મળે ત્યારે એને લસણને કસ્તુરી કહેવાય એમ. એ તો હમણા કાંઈક હતું ને. બીજી કાંઈક હતી દવા. અબરખની વાત હતી. પૈસાવાળાને અબરખ અને બીજાને કાંઈક બીજી ચીજ. કોઈક વૈદ્ય કહેતા હતા. આપણે સાંભળ્યું હોય. એવી જ વસ્તુ કામ કરે. અબરખ કરે છે .. એવું જ કામ કાંઈક ચીજ કીધી, સાધારણ. એ તો પૈસાવાળાને અબરખ બતાવાય. ગરીબ માણસને કહે એનું કાંઈક ચીજ ભૂલી જાય. કો'ક વાત કરે છે. યાદ નથી. 'હરિભાઈ' આવ્યા હતા એ કહેતા હતા. વૈદ્ય, વૈદ્ય છે ને? આહાહા..! અરે..! એમાં ધૂળમાં પણ નથી, સાંભળને. તારા કસ્તુરામાં શું છે અને લસણમાં શું છે? 'સુમનભાઈ'!

ભગવાનઆત્મા અંદર જ્ઞાનાનંદનો સાગર પ્રભુ! એમાં પ્રવેશ કરવા માટે અનંતો પુરુષાર્થ જોઈએ. અનંતકાળમાં કોઈ સેકન્ડ માત્ર પણ એ વાતને એણે રુચિ અને કામ લીધું નથી. સમજાણું કાંઈ? બરાબર હશે આ?

મુમુક્ષુ :– બરાબર જ છે એમાં શંકા કેવી? શંકા વગરની વાત છે.

ઉત્તર :– વાહ! એય..! 'સુમનભાઈ'! બાર વર્ષનો છોકરો છે આ.

મુમુક્ષુ :– છોકરો ક્યાં મોટો આત્મા છે.

ઉત્તર :– શંકા વગરની વાત છે. એય..! '...ભાઈ'! તમારે આવો છોકરો પાક્યો છે. સારી વાત છે? કહો, સમજાણું કાંઈ? એમ ધડાકાબંધ બોલે છે વીર્યથી. એં...એં.. આમ વાણિયા વેવલાની જેમ નથી કાંઈ. આમ હોવું જોઈએ, આમ હશે હવે હાલને મારા વેવલા. એય..! 'સુમનભાઈ'! આમ છે.

ભગવાનઆત્મા વિકલ્પનો રાગ, દયા, દાન, વ્રતના વિકલ્પ વિનાની ચીજ છે. એવી ચીજના અંતરમાં જ્ઞાન અને ભાન વિના એને ત્રણકાળમાં ક્યાંય ધર્મનો એકપણ અંશ પ્રગટ થતો નથી. સમજાય છે કાંઈ? મોટા વિદ્વાન અને જાણપણાના માથા ફરેલા હોય. જ્ઞાન અને ક્રિયા બન્ને રણમાં પોક મૂકવા જેવી હોય. વસ્તુ ભગવાનઆત્મા સર્વજ્ઞ પરમાત્મા થયા જે સર્વજ્ઞ વીતરાગ એ ક્યાંથી લાવ્યા એ? સર્વજ્ઞપણું અને વીતરાગપણું આવ્યું ક્યાંથી? એ ચીજ કાંઈ બહારથી આવે છે? સર્વજ્ઞ અને વીતરાગ તો એનો સ્વભાવ છે.

રાત્રે જરી કહ્યું હતું. તમે હતા ને? 'વજુભાઈ' નહોતા. ત્રણ બોલ કહ્યા હતા. જુઓ! ભાઈ! ન્યાયથી સમજો પહેલું કે ભગવાન અરિહંત તીર્થંકરો સર્વજ્ઞ અને વીતરાગ થયા. એક સમયમાં ત્રણકાળનું જ્ઞાન, અને વીતરાગ, એ તો દશા છે. એ દશા અનાદિકાળની અજ્ઞાનમાં નહોતી. હવે થઈ એ આવી ક્યાંથી? વસ્તુ આત્મામાં સર્વજ્ઞ અને વીતરાગભાવ પડ્યો છે. એ વીતરાગ વિજ્ઞાનઘન જ આત્મા છે. ખબર ન મળે. આ સંસારી ને બાયડી ને છોકરા ને પૈસાવાળો. વસ્તુ વીતરાગ વિજ્ઞાનઘન છે. શીવકાર અને શીવરૂપ આવે છે ને? એ ઉપરથી વાત કાઢી. વીતરાગ વિજ્ઞાન.

વીતરાગ વિજ્ઞાનના ત્રણ પ્રકાર રાત્રે પાડ્યા હતા, કહ્યા હતા. એક તો આત્મા પોતે પોતાનો ત્રિકાળી સ્વભાવ વીતરાગ વિજ્ઞાન છે. રાગ વિનાનો નિર્મળ એવો જ્ઞાનનો કંદ પ્રભુ વીતરાગ વિજ્ઞાનનો ઘન જ આત્મા છે. એનો આશ્રય લઈને, પહેલું આ સમ્યગ્દર્શન ને અશુદ્ધતાના ત્યાગરૂપ પરિણમન, એ પણ વીતરાગી વિજ્ઞાનની જ દશા છે. પણ એ વીતરાગી વિજ્ઞાનદશા અપૂર્ણ છે. એને અહીંયાં મોક્ષમાર્ગ અને સાધક કહીએ. અને એ વીતરાગ વિજ્ઞાન જેવો પૂર્ણ છે એવી દશામાં પૂર્ણ પ્રગટ થઈ જાય, એને અરિહંત અને સિદ્ધ કહીએ. સમજાણું કાંઈ? એને એની ખબર ન મળે. ણમો અરિહંતાણ કીધા કરે. સવારથી સાંજ સુધી ગોખ્યા કરે. ણમો સિદ્ધાણં. અરિહંત કોને કહેવા અને સિદ્ધ કોને કહેવા? અને એ દશા થઈ છે એ આવી ક્યાંથી? સમજાણું કાંઈ? ત્રણ વીતરાગ વિજ્ઞાન થયા. રાત્રે તો નથી આવતા, નહિ?

ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ સર્વજ્ઞ વીતરાગ, વીતરાગ વિજ્ઞાનપણાની પર્યાયે પરિણમ્યા. એ પરિણમનની પૂર્ણ પર્યાય એનું નામ પરમાત્મા, એનું નામ અરિહંત અને એનું નામ સિદ્ધ. એ દશા પહેલી નહોતી. સંસારમાં એ પણ રખડતા હતા. નહોતી એટલે જે અજ્ઞાન હતું એનો નાશ કરીને પ્રગટ કરી. તો એ પ્રગટ કરી ક્યાંથી આવી? વસ્તુમાં વીતરાગ વિજ્ઞાનઘન શક્તિ છે એમાંથી આવે છે. અને એ આવવા પહેલા, પૂર્ણ વીતરાગ વિજ્ઞાન થવા પહેલા, વીતરાગ વિજ્ઞાનઘન જે આત્મા છે, એનો આશ્રય લઈને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વીતરાગ વિજ્ઞાનની દશા, સાધકપણાની થાય તે મોક્ષમાર્ગ છે. વીતરાગ વિજ્ઞાન આત્મા, વીતરાગ વિજ્ઞાન પૂર્ણ દશા સિદ્ધ, વીતરાગ વિજ્ઞાનની પરિણતિ તે મોક્ષનો માર્ગ. સમજાણું કાંઈ? અરે..! ભારે વાત, ભાઈ! આવી વાત તે જૈન માર્ગમાં હશે? જૈનમાં તો એવું, ભાઈ! આ જાત્રા કરવી, કંદમૂળ ન ખાવા. એય..! 'રતિભાઈ'! લીલોતરી ન ખાવી, છ પરબી પાળવી, બ્રહ્મચર્ય છ પરબી પાળવું, એકેન્દ્રિયને ન મારવા, તસુતરી કરણેન ..... અપ્પાણં વોસરામી–આત્માને વોસરાવવો. ક્યો આત્મા અને શું વોસરાવવું? કાંઈ ખબર વિના? સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે આત્મા આનંદનો ધામ ભગવાન છે, ભાઈ! તને ખબર નથી. એ આનંદ અતીન્દ્રિયપણે પ્રગટ થાય એ ક્યાંથી આવે? અંદરમાં છે એમાંથી આવે. કૂવામાં છે એ અવેડામાં આવે છે. આહાહા..! એવો જે ભગવાનઆત્મા.. કહે છે, પોતાના ઉપયોગ

વીતરાગ વિજ્ઞાનનો ઘન અનાદિ અનંત છે. એવું જે શુદ્ધ તત્ત્વ ભગવાન જ્ઞાયકભાવ, એમાં ઉપયોગ મૂકતાં સ્થિર થઈને રહે છે એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે. સમજાણું કાંઈ? વીતરાગ ભગવાને આમ કહ્યું છે.

**'પ્રતિદિન પોતાને...'** નિરંતર ધ્રુવ ધ્રુવને ધ્યેયમાં લઈને... શ્રદ્ધા, જ્ઞાનનું ધ્યેય તો ત્રિકાળી દ્રવ્ય ઉપર જ હોય છે અને એમાં વિશેષ એકાગ્ર થતાં એને સંયમ, ચારિત્ર, અરાગી, વીતરાગી દશા પ્રગટ થાય, એને સંયમ અને ચારિત્ર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..! તે એક જ પુરુષ. **'તે જ એક (પુરુષ),...'** એમ કહે છે. તે જ એક પુરુષ એટલે? જેને આવો આત્મા પરમ આનંદનું ધામ, પ્રભુ! સર્વજ્ઞ પરમેશ્વરે કેવળીએ કહ્યો એવો આત્મા, એવો આત્મા અન્યમતિમાં કોઈ ઠેકાણે ભગવાને કહ્યો એવો હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? એવા સર્વજ્ઞ પ્રભુએ...

એક ફેરી કહ્યું હતું, નહિ? 'પ્રભુ તુમ જાણગ રીતી સૌ જગ દેખતા પ્રભુ! તુમ જાણગ રીતી સૌ જગ દેખતા હો લાલ.' ભગવાન મહાવિદેહમાં બિરાજે છે. સીમંધર ભગવાન આદિ વીસ વિહરમાન પરમાત્મા તીર્થંકર કેવળી, એની સ્તુતિ કરતાં (કહે છે), 'પ્રભુ તુમ જાણગ રીતી સૌ જગ દેખતા...' હે નાથ! આપ કેવળજ્ઞાનપણે ત્રણકાળ અને ત્રણલોકને જુઓ છો. 'નિજ સત્તાએ શુદ્ધ સૌને પેખતા હો લાલ.' હે પ્રભુ! આપે કેવળજ્ઞાનમાં ત્રણકાળ, ત્રણલોક જોયા, એમાં અમારા આત્માને તમે એવો જુઓ છો, અમારી સત્તા હોવાપણે શુદ્ધ છે. આહાહા..! પુણ્ય અને પાપના વિકલ્પ એ આત્મા નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

'નિજ સત્તાએ શુદ્ધ...' ભગવાન પવિત્ર આનંદકંદ આત્મા, તેને આપ આત્મા તરીકે જુઓ છો. સમજાય છે કાંઈ? આહાહા..! એવા આત્માની અંતર દૃષ્ટિ કરતાં, જેવો ભગવાન દેખે છે એવો પોતે પોતાના જ્ઞાનના ઉપયોગમાં અંતરમાં દેખે અને શ્રદ્ધા કરીને ઠરે ત્યારે એને ધર્મ થાય અને ત્યારે એણે આત્માને જાણ્યો અને મોક્ષનો માર્ગ થયો એમ કહેવાય છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'જ્ઞાનનય અને ક્રિયાનયની પરસ્પર તીવ્ર મૈત્રીના પાત્રરૂપ થયેલો,...'** આહાહા..! શું કહે છે? **'જ્ઞાનનય અને ક્રિયાનયની પરસ્પર તીવ્ર મૈત્રીના પાત્રરૂપ થયેલો,..'** આહાહા..! ભગવાનઆત્મા શુદ્ધ ચિદ્‌ઘન જ્ઞાનનો ઘન, એનું જ્ઞાન અનુભવમાં કર્યું, ત્યારે તેને જ્ઞાનનય કહેવામાં આવે છે. **'અને ક્રિયાનય...'** એટલે કે રાગના પરિણામ શુભાશુભરાગ છે તેનો અભાવ, એ ક્રિયાનય. '...ભાઈ'! જુઓ! આ કણબી છે. સરસ વાત છે ને? ખેડુ-ખેડુ 'કાનાતળાવ' ના છે. ત્યાં ૬૦ હજારનું મંદિર બનાવ્યું છે. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, વસ્તુ ભગવાનઆત્મા આ રજકણે રજકણ આ તો માટી-ધૂળ છે. આ તો અજીવતત્ત્વપણે અજીવ રહ્યા છે. આ અજીવને થઈને રહ્યા છે. એ કાંઈ જીવને થઈને રહ્યા છે? અજીવ થઈને રહેલા તે જીવ થઈને કોઈ દિ' રહે નહિ. આહાહા..! અને પુણ્ય અને

પાપના ભાવ જે થાય, એ આસ્રવતત્ત્વ થઈને રહેલા, એ આત્મતત્ત્વ થઈને કોઈ દિ' રહી શકે નહિ. સમજાણું કાંઈ? આત્મતત્ત્વ તરીકે રહેલું જે સ્વરૂપ, એ તો જ્ઞાન અને આનંદનું ધામ, પ્રભુ! એનું જ્ઞાન કરીને, શ્રદ્ધા કરી એનું નામ જ્ઞાનનય. અને ક્રિયાનય–પુણ્ય અને પાપના વિકલ્પથી રહિત, સ્વરૂપની સ્થિરતાની રમણતા તેને ક્રિયાનય કહેવામાં આવે છે.

સમજાણું કાંઈ? કાંઈ સમજાણું એમ કહેવાય છે ને? બધું ક્યાં સમજાય? સમજાય તો ન્યાલ થઈ જાય. આ તો હજી શું કહેવાય એની ગંધ આવે છે કે નહિ? એમ. આહાહા..! અનંતકાળનો રઝળેલો, એના માર્ગની રીત શું છે? એને કોઈ દિ' ખ્યાલમાં આવી નથી. સાધુ થયો, અગિયાર અંગ ભણ્યો, શાસ્ત્ર ભણ્યો, હજારો-લાખો માણસને જાણે આમ રીઝવ્યા. એમાં ધૂળેય નથી કાંઈ, સાંભળને. બહારમાં શું હતું?

ચૈતન્ય પ્રભુ! પોતાના પવિત્ર સ્વરૂપનું જ્ઞાન શ્રદ્ધા, એનું નામ જ્ઞાનનો નય અને એમાં રાગના અભાવની સ્થિરતા તે ક્રિયાનય. બેની તીવ્ર મૈત્રી. બેની મૈત્રી થઈ. સ્વરૂપ ભગવાનઆત્મા એના સ્વરૂપનું ભાન, અંદર અનુભવ અને રાગના અભાવની સ્થિરતા, બેની થઈ મૈત્રી. એ મૈત્રીના પાત્રરૂપ થયેલો. પાછી ભાષા ઇ છે. બેની એક્તાનો પાત્રરૂપ થયેલો. એની દશામાં જ્ઞાન અને આનંદનું પરિણમન છે. અશુદ્ધતાના પરિણમન રહિત થયેલો. **'इमाम् भूमिम् श्रयति આ (જ્ઞાનમાત્ર નિજભાવમય) ભૂમિકાનો આશ્રય કરે છે.'** આશ્રય તો જ્ઞાન ત્રિકાળનો છે. પણ એ પરિણતિનો આશ્રય કરે છે. રાગનો આશ્રય નહિ કરતાં પરિણતિનો (આશ્રય) કરે છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? શું આ તે પરિણતિ શું? આશ્રય કરે. ગ્રીક-લેટિન જેવું લાગે. સાંભળ્યું ન હોય એને તો એવું ગ્રીક-લેટિન જેવું લાગે. અરે..! ભગવાન! તારો માર્ગ જ આવો છે, ભાઈ! તને ખબર નથી. એને ખબર નથી એટલે બીજી રીતે કરવા જાય તો પ્રાપ્ત થાય?

**'જ્ઞાનનય અને ક્રિયાનયની પરસ્પર...'** જોયું! એકલી રાગની મંદતા કરે અને જ્ઞાન સાચું ન હોય તો પણ સંયમ ન હોય અને એકલું જ્ઞાન કરે અને સ્વરૂપની સ્થિરતા ન કરે તો સંયમ ન હોય. સમજાણું કાંઈ? **'તીવ્ર મૈત્રીના પાત્રરૂપ થયેલો, इमाम् भूमिम् श्रयति આ (જ્ઞાનમાત્ર નિજભાવ)...'** ભગવાન ચૈતન્ય બ્રહ્મ, પરમાત્મા પોતાનું જે સ્વરૂપ કહે છે, એ તો જ્ઞાનમય ચૈતન્ય પ્રકાશના નૂરનું પૂર છે. ચૈતન્યપ્રકાશના નૂરનું પૂર એવો ભગવાનઆત્મા, એનો જે આશ્રય કરે છે એ અલ્પકાળમાં મુક્તિને પામે છે. છેલ્લી ગાથાઓ છે ને? કહો, 'હિંમતભાઈ'! આહાહા..!

**'ભાવાર્થ :– જે જ્ઞાનનયને જ ગ્રહીને ક્રિયાનયને છોડે છે,...'** એટલે શું કહે છે? જે યથાર્થ સમ્યગ્જ્ઞાન કરતો નથી અને બાહ્ય જ્ઞાનનું જાણપણું કરીને ક્રિયાનયને છોડે, રાગની મંદતાને છોડે છે **'તે પ્રમાદી અને સ્વચ્છંદી પુરુષને આ ભૂમિકાની પ્રાપ્તિ થઈ નથી.'** જેને આત્મા આનંદ પ્રભુ (છે) એવું જેને સમ્યગ્દર્શન થયું નથી, એવો અજ્ઞાની પ્રમાદી શુભભાવને

પણ છોડે છે એ તો પ્રમાદી, સ્વચ્છંદી પુરુષ છે. એને **'આ ભૂમિકાની પ્રાપ્તિ થઈ નથી.'** એને સમ્યગ્દર્શન-જ્ઞાન એવી નિર્મળ જ્ઞાનદશા, ધર્મની દશાની ભૂમિ એને પ્રાપ્ત થઈ નથી.

**'જે ક્રિયાનયને જ ગ્રહીને જ્ઞાનનયને જાણતો નથી, તે (વ્રત-સમિતિ-ગુપ્તિરૂપ) શુભકર્મ...'** કરે છે. એ વ્રત પાળે, દયા, દાન, વ્રત, અહિંસા, સત્ય, સંયમ બહારની ક્રિયા એ બધા શુભભાવ છે, એ ધર્મ નથી. આહાહા..! જે કાંઈ આત્માના સ્વરૂપની શુદ્ધતાનું ભાન નથી, આનંદનો અનુભવ નથી, એને જાણતો નથી અને **'(વ્રત-સમિતિ-ગુપ્તિરૂપ) શુભકર્મથી સંતુષ્ટ..'** છે. અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય પાળ્યા એટલે અમારે ધર્મ થઈ ગયો. ધૂળેય નથી. સાંભળને હવે. એવું તો અભવિ પણ કરે છે. સમજાણું કાંઈ? એ તો પુણ્યકર્મ છે, ધર્મકર્મ નથી, ધર્મનું કાર્ય નથી. આહાહા..! માણસ રાડ નાખી જાય છે ને?

મુમુક્ષુ :– આમાં રાડ નાખી જાય

ઉત્તર :– આમાં રાડ નાખે.

મુમુક્ષુ :– મૈત્રી કીધી છે.

ઉત્તર :– મૈત્રી કોની કહી? વ્યવહારે મૈત્રી કીધી. નિશ્ચયે તો એના અભાવની મૈત્રી કીધી. છતાં વ્યવહારે કહેવાય. એ ત્યારે સમ્યગ્દર્શન-જ્ઞાન અનુભવ થયો હોય, કે રાગનું કર્તવ્ય મારું નથી. એવું ભાન થયું હોય ત્યાં આવા વ્રત-નિયમનો વિકલ્પ હોય તો એને શુભ અને વ્યવહાર કહીને નિમિત્ત કહેવામાં આવે છે. વ્યવહારથી મૈત્રી છે એમ કહેવામાં આવે છે. પંડિતજી! અરે..રે..! વ્રત પાળવા, સમિતિ, જોઈને ચાલવું, નિર્દોષ આહાર-પાણી લેવા એ બધા શુભકર્મ છે. એ તો પુણ્યભાવ છે, એ તો વિકલ્પ છે, રાગ છે, વૃત્તિનું ઉત્થાન છે. એ ચૈતન્ય નહિ. આહાહા..! એમાં સંતુષ્ટ થાય છે. આપણે કાંઈક કરીએ છીએ. ધર્મ કરીએ છીએ.

એવા **'શુભકર્મથી સંતુષ્ટ પુરુષને પણ આ નિષ્કર્મ ભૂમિકાની પ્રાપ્તિ થઈ નથી.'** એણે પણ આત્મા રાગની ક્રિયા વિનાનો છે, એવું જેનું આનંદનું ધામ સ્વરૂપ છે એને એ પ્રાપ્ત થયો નથી. એ પણ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! સમજાણું કાંઈ? બન્નેને મિથ્યાદૃષ્ટિ ઠરાવ્યા. એક તો આત્માને જાણપણું માત્ર ઉઘાડ જાણી, પણ અંદર સ્વરૂપનો અનુભવ કરતો નથી અને શુભભાવને છોડે અને અશુભભાવમાં સ્વચ્છંદી થાય એ પણ મિથ્યાદૃષ્ટિ છે. અને એક શુભભાવમાં સંતોષ માને છે. વ્રત, નિયમ, તપ, અપવાસ, ઓળી, એકાસણા એ બધા વિકલ્પો. ઓળી અને ઉપધાન. એ તો બધા વિકલ્પ રાગની ક્રિયા છે, ધર્મ નહિ. ધર્મની ક્રિયા તો અંદરમાં રાગ રહિત ઠરે એ ક્રિયા છે. સમજાણું કાંઈ? વ્રત, અહિંસા સત્ય, દત્ત, બ્રહ્મચર્ય પાળે એ તો શુભભાવ છે. બ્રહ્માનંદ આત્મા બ્રહ્માનંદ સ્વરૂપ છે એમાં રમે તે બ્રહ્મચર્ય છે. એવા બ્રહ્મચર્યની તો ખબર નથી. આ બહારના શરીરે બ્રહ્મચર્ય પાળ્યું તો થઈ ગયા બ્રહ્મચારી. એમાં સંતોષ માને છે એ પણ મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. પંડિતજી! બરાબર

છે? સમાજને ભારે આકરું પડે પણ, હોં!

મુમુક્ષુ :– સમાજ માટે જ આ છે.

ઉત્તર :– આ તો સમાજ માટે છે. કોને માટે કહ્યું છે આ? સમાજને માટે આ પંચમ આરાના મુનિ પંચમઆરાના જીવને કહે છે. જીવસમાસ, બધા જીવને કહે છે, હે ભાઈ! તારો ભગવાનઆત્મા પૂર્ણાનંદ અને જ્ઞાનથી ભરેલા તત્ત્વને અનુભવમાં ન લે અને એકલા વ્રત, નિયમની ક્રિયામાં તું જોડાઈ ગયો, (તું) મિથ્યાદૃષ્ટિ છો. અને જાણપણાના ઉઘાડને નામે, અંતરના અનુભવની દૃષ્ટિ ન કરે અને અશુભભાવને સેવે એ પણ સ્વચ્છંદી મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'આ નિષ્કર્મ ભૂમિકાની પ્રાપ્તિ થઈ નથી.'** જુઓ! શું કહે છે? એ વ્રત અને અપવાસ, તપ એ તો વિકલ્પ વૃત્તિની લાગણી, રાગ લાગણી છે. એ તો પુણ્યબંધના કારણ છે. એ કાંઈ સંવર-નિર્જરા ધર્મ છે નહિ. આવા જીવને નિષ્કર્મ. **'તે પુરુષને પણ...'** એમ કહ્યું ને? ઓલો ઉપર જ્ઞાનનયવાળો લીધો છે ને એટલે. નિષ્કર્મ અવસ્થા. એ તો કહે નિષ્કર્મ અવસ્થા તો આગળ છે. પણ અહીં પહેલા સાંભળ તો ખરો. સમ્યગ્દર્શન થતાં આત્મા નિષ્કર્મ દશાને પ્રાપ્ત થાય છે. ભલે ગૃહસ્થાશ્રમમાં હો. ભરત ચક્રવર્તીને ૯૬ હજાર સ્ત્રી હતી. ૯૬ કરોડ પાયદળ હતા. ભગવાનના પુત્ર. ઋષભદેવ પ્રભુના પુત્ર લ્યો. પણ ઘરમાં વૈરાગી, ઉદાસ. મારી દશા આનંદ અને રાગ વિનાની તે મારી દશા છે. રાગ એ હું નહિ, સ્ત્રી હું નહિ. રાગ એ હું નહિ. અને રાગમાં હું નહિ. રાગમાં અને રાગમાં હું નથી. આહાહા..!

નિષ્કર્મ દશા. એટલે પુણ્ય-પાપના વિકલ્પની વૃત્તિઓ રાગ છે, એનાથી આત્માની દશા અને ભૂમિકા. નિષ્કર્મ રાગ વિનાની દશા, એને એ પ્રાપ્ત કરતા નથી. રાગની ક્રિયામાં રહેનારા પ્રાપ્ત કરતા નથી અને જાણપણાના નામે શુભરાગને છોડીને અશુભમાં વર્તે છે, એ પણ આવી ભૂમિકાને પ્રાપ્ત કરી શકતા નથી. **'જે પુરુષ અનેકાંતમય આત્માને જાણે છે...'** જુઓ! અનેકાંતમય. અનેક અંત એટલે ગુણ જેમાં છે. શુદ્ધ જ્ઞાન, દર્શન, આનંદ એમાં છે. અશુદ્ધતાના પુણ્ય પાપના પરિણામ એનામાં નથી. અરે..! ભારે વાતું, ભાઈ! પુણ્ય પાપ તો દસમે ગુણસ્થાને રાગ છૂટે. અરે..! ભગવાન! સાંભળને ભાઈ! રાગ વિનાનો આત્મા એના અનુભવ થયા વિના તો સમ્યગ્દર્શન નથી. પછી રાગ હો તો એટલી ચારિત્રની ખામી છે, એટલું. સમજાણું કાંઈ? પેલું નથી આવતું? સંયમની ચટાચટી આવે છે ને? 'લેશ ન સંયમ' 'છ ઢાળા'માં. 'સુરનાથ જજે હૈં' એ આમાં આવે છે.

મુમુક્ષુ :– ..

ઉત્તર :– હા, એ આમાં આવે છે. મૂળ તો 'સમયસાર નાટક' છે એમાં જ આવે છે. અહીં છે, જુઓ! 'ચરિત મોહવશ લેશ ન સંયમ, પૈ સુરનાથ જજે હૈં.' જેને આત્મા પુણ્ય પાપના વિકલ્પની લાગણી વિનાનો અનુભવમાં સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું, કહે છે કે એને

કદાચિત્ સંયમ ન હોય, સ્થિરતા આવી ન હોય તોપણ 'સુરનાથ જજે હૈં' આમાં મોટા અક્ષરથી લખ્યું છે, હોં! ઓલામાં એમ લખ્યું છે, 'સમયસાર નાટક'. ઇન્દ્રો પણ એને પૂજે. ત્યારે ઓલા કહે એ ખોટું છે. પણ સમજને, બહુમાન આપે છે એમ કહે છે. એ વળી એમાંથી કાઢે. ઇન્દ્રો ક્ષાયિક સમકિતી હતા અને એ સમકિતીને પૂજે? સાંભળને. બહુમાન આપે છે કે ઓ..હો..! ધન્ય અવતાર! સમ્યગ્દર્શન એટલે આત્માની દૃષ્ટિનો અનુભવ, રાગ વિનાની દશાનો અનુભવ. આહાહા..! સાધર્મી છો.

**'અનેકાંતમય આત્માને જાણે છે (–અનુભવે છે) તથા સુનિશ્ચળ સંયમમાં વર્તે છે...'** જુઓ! રાગ, પુણ્ય-પાપની અશુદ્ધ પરિણતિનો ત્યાગ કરે છે. એ કથન છે. ત્યાગ હોય છે. સ્વરૂપમાં રમતા એને અશુદ્ધ પરિણામની ઉત્પત્તિ થતી નથી. એને અહીંયાં સંયમ અને ચારિત્ર કહેવામાં આવે છે. એ ચારિત્ર આત્માની વીતરાગી પર્યાય ચારિત્ર છે. સમજાણું કાંઈ? **'એ રીતે જેણે જ્ઞાનનય અને ક્રિયાનયની પરસ્પર તીવ્ર મૈત્રી સાધી છે,...'** જેણે જ્ઞાન અને ક્રિયા એટલે રાગના અભાવની પરસ્પર તીવ્ર મૈત્રી સાધી છે. આહાહા..! એમ કે સંયમ સાથે પ્રગટ થયું છે. મોક્ષના માર્ગમાં દર્શન-જ્ઞાન તો થયું, સાથે સંયમ થયું તો મૈત્રી થઈ ગઈ. અલ્પ કાળમાં એને મુક્તિ થશે, અરિહંત થઈને સિદ્ધ થશે. આ એની રીત છે. આ તો ભાઈ આકરું બહુ લાગે, એક જણો કહેતો હતો. પહેલા તો એ જ કહેતા, 'રામજીભાઈ' કહેતા ત્યાં, (સંવત) ૧૯૮૬ની સાલમાં. 'રામજી હંસરાજ કામાણી'. 'અમરેલી'નું ૧૯૮૬નું ચોમાસુ હતું ને? ત્યારે તો દસ લાખ હતા. ત્યારે પૈસા બહુ નહોતા. હવે બે-અઢી કરોડ થઈ ગયા. .. એ તો આંકડા ગણે. ધૂળ ત્યાં ક્યાં એના બાપના છે. પૈસા તો જડ છે. કેમ બરાબર હશે, 'સુમનભાઈ'? આહાહા..! જડ તો અજીવ છે, માટી છે, ધૂળ છે. આ શરીર માટી છે ને. જ્યારે પાકણી થાય ત્યારે લોકો નથી કહેતા કે મારી માટી પાકણી છે. માટી છે આ તો. આ માટી છે, આ આત્મા છે? માટી-ધૂળ છે.

મુમુક્ષુ :– એ તો ઠીક પડે ત્યારે માટી કહે, ઠીક પડે ત્યારે જીવ કહે.

ઉત્તર :– ગાંડા-પાગલને શું છે? પાગલ તો ઘડીકમાં બાયડીને સ્ત્રી કહે, બાયડીને માં કહે. લુગડા સરખા પહેરીને. પાગલને શું ભાન છે? આહાહા..!

પરમેશ્વર તો કહે છે, જેને પરદ્રવ્ય મારા છે અને પરદ્રવ્યમાં હું છું, અને પરદ્રવ્યની ક્રિયાને હું કરી શકું, સુધારી શકું એ મિથ્યાદૃષ્ટિ છે. એ જૈનને માનતો નથી. જૈન પરમેશ્વરને માનતો નથી. કેમ કે જૈન પરમેશ્વરે તો એમ કહ્યું છે કે દરેક પદાર્થ પોતાની ક્રિયા કરવામાં સમર્થ છે. કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યનું કરે એ ત્રણકાળમાં બનતું નથી. ભગવાને એમ કહ્યું અને માને બીજું. ભગવાનને માનતો નથી અને આત્માને પણ માનતો નથી. સમજાણું કાંઈ?

**'તે જ પુરુષ આ જ્ઞાનમાત્ર નિજભાવમયી ભૂમિકાનો આશ્રય કરનાર છે.'** આહાહા..! એક કડીમાં ઘણું ગોઠવ્યું. આહાહા..! એની પર્યાય બદલે છે. ધર્મીની નિર્મળ દશા બદલતી

બદલતી પૂર્ણતાને પ્રાપ્ત થાય છે. પર્યાય શું એનું ભાન ન મળે, ગુણ શું એનું ભાન ન મળે. આહાહા..! જે દ્રવ્ય, ગુણ અને પર્યાય એ તો જૈનદર્શનના હજી પહેલા એકડા.

આજે કોઈક આવ્યું હતું એણે પૂછ્યું હતું કે આ વર્ષ કોને થાય? ક્યાં ગયા, નથી આવ્યા? 'ખુશાલભાઈ'ના કોઈક આવ્યા હતા, દીકરાના દીકરા. કોઠારી. છોકરા આવ્યા હતા. મેં કીધું આ વર્ષ શરીરને હોય કે આત્માને? તો કહે આત્માને. આ વર્ષ એ શરીર અને આત્મા. એને તો એમ લાગતું હતું હેં મહારાજ! તમને ૮૧ વર્ષ થયા? એને આમ લાગતું હતું. કુણું શરીર લાગે અને ૮૧ વર્ષ! ભાઈ! ૮૧ શું આ ૮૨મું વર્ષ હમણા વૈશાખ સુદ બીજે બેસશે. ૮૦ + ૨. કોને થાય કીધું આ? આત્માને કે શરીરને? પહેલા તો આત્માને કીધું. એય..! 'નટુભાઈ'! આહાહા..!

એ જ્ઞાનમાત્ર નિજભાવ. ભગવાનઆત્મા આનંદનો નાથ અને જ્ઞાનસ્વરૂપ જે પરમેશ્વરે કહ્યું, એવી દશાને પ્રાપ્ત થઈ, આશ્રય કરીને મુક્તિ પામે છે. એ સિવાય મુક્તિનો બીજો કોઈ માર્ગ છે નહિ. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૫૭૨ શ્લોક-૨૬૮-૨૬૯ રવિવાર, પોષ સુદ ૧૪, તા. ૧૦-૦૧-૭૧

---

૨૬૭ શ્લોક ઉપર આવ્યું. ઉપોદ્‌ઘાત. જે પુરુષ. રાત્રે કહ્યું હતું ને જ્ઞાનનય અને ક્રિયાનય? એટલે શું? આત્માના સ્વભાવમાં તો એકલું અમૃત અને જ્ઞાન જ ભર્યું છે. એવી અંતર જ્ઞાનદૃષ્ટિ કરવાથી અથવા દ્રવ્ય અને પર્યાય જેવું છે એવું તેને જાણવાથી સ્યાદ્વાદનો જ્ઞાનનય થાય અને એમાં ઠરવાથી પુણ્ય-પાપના અશુદ્ધ રાગાદિના પરિણમનનો અભાવ થાય. એવો જ્ઞાનનય અને ક્રિયાનય. સમજાણું કાંઈ? વસ્તુ છે એ અનંત જ્ઞાન-દર્શન-આનંદની ખાણ છે એ તો. એવી ચીજનું જ્ઞાન કરવાથી એને જ્ઞાનનય કહેવામાં આવે છે અને રાગાદિની પરિણતિનો અભાવ કરવાથી એને સંયમની ક્રિયા થાય છે. લ્યો, આ માર્ગ બહુ ટૂંકામાં (કહ્યો). સમજાણું કાંઈ?

**'જ્ઞાનનય અને ક્રિયાનયના ગ્રહણ-ત્યાગનું...'** જ્ઞાનનયનું ગ્રહણ અને ક્રિયા એટલે રાગનો ત્યાગ. એનું **'સ્વરૂપ અને ફળ 'પંચાસ્તિકાયસંગ્રહ' શાસ્ત્રના અંતમાં કહ્યું છે, ત્યાંથી જાણવું.'** વિશેષ જાણવું હોય તો ત્યાંથી જાણવું એમ કહે છે. **'આમ જે પુરુષ આ ભૂમિકાનો આશ્રય કરે છે,...'** ઝીણી વાત, સૂક્ષ્મ તો છે ને, ભાઈ! આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે. એવો એનો સ્વભાવ અપાર અપાર અપરિમિત સ્વભાવ છે અને તેનો આનંદ અતીન્દ્રિયરસ સ્વભાવ છે. એના અંતરમાં એકાગ્ર થવાથી જે સમ્યગ્દર્શન–ધર્મ થાય અને રાગાદિનો અભાવ થવાથી એને ચારિત્ર થાય. આહાહા..! આ વાત છે. એવી નિર્મળ દશાનો જે આશ્રય કરે છે. આશ્રય કરેનો અર્થ પરિણમે છે. સમજાણું કાંઈ? આમ જે આત્મા આ ભૂમિકાનો આશ્રય કરે છે.

ભગવાન ચૈતન્ય ધ્રુવ અવિનાશી સ્વભાવ, એનો આશ્રય કરે છે એ વાત એક બાજુ, પણ અંતરમાં નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પરિણતિ કરે છે એ આશ્રય કરે છે. સમજાણું કાંઈ? એવા આત્માને ધર્મ થાય છે. અરે..! અને એને અનંત ચતુષ્ટયમય આત્માની પર્યાય પ્રગટ થાય છે. એને કેવળજ્ઞાન, કેવળદર્શન પૂર્ણ સ્વભાવની, આવા ચૈતન્ય ભગવાનઆત્માના પૂર્ણ સ્વભાવ ત્રિકાળી, એનો આશ્રય કરીને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થયું, એનો આશ્રય કરતા-કરતા એટલે પરિણમન કરતા કરતા, એને મોક્ષનો અનંત ચતુષ્ટયવાળો પર્યાય પ્રગટ થાય છે. આહાહા..! બહુ ટૂંકું.

શરીરની ક્રિયા આદિ તો જડ છે. આ તો જડ છે. અંદરમાં દયા, દાન, વ્રતના પરિણામ થાય એ પુણ્ય છે. એના રહિત આત્માનો ત્રિકાળી સ્વભાવ સત્ પિંડ આખો છે. એવા ચૈતન્ય સત્ પિંડનો આશ્રય કરવાથી જે દશા પ્રગટ થાય એને અહીંયાં મોક્ષના માર્ગની ભૂમિકા કહે છે. સમજાણું કાંઈ? એને જ અનંતચતુષ્ટયમય, એને અનંતજ્ઞાન, અનંતઆનંદ, અનંતવીર્ય, અનંતશ્રદ્ધા અથવા દર્શન, એવી પર્યાય અનંતચતુષ્ટય, જે એની શક્તિમાં સ્વભાવમાં હતી, એ આ સ્વના અનુભવની પર્યાય દ્વારા શક્તિમાંથી વ્યક્તતા પ્રગટ થઈ. કહો, સમજાય છે કાંઈ?

ભગવાન ભગવાનનું સ્મરણ કરવાથી ને જાત્રા, ભક્તિ અને વ્રત કરવાથી આની પ્રાપ્તિ થતી નથી એમ કહે છે. એ તો શુભ વિકલ્પ પુણ્યબંધનું કારણ (છે). આ તો અબંધ સ્વભાવી ભગવાનઆત્મા, એના અબંધ પરિણામ પ્રગટ કરે તે એની ભૂમિકા ગણાય. અબંધ ભગવાનઆત્મા બંધ રહિત જ એનું ચૈતન્ય સ્વરૂપ છે. એવો અબંધ સ્વભાવી ભગવાનઆત્મા નિજ–પોતાનું એની સન્મુખ થઈને નિમિત્ત, રાગ અને અલ્પજ્ઞ પર્યાયથી વિમુખ થઈને, સ્વભાવનું પરિણમન અવસ્થાનું પ્રગટપણું, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની દશા, એ ભૂમિકાનો આશ્રય કરે એટલે ભૂમિકા આ રીતે પરિણમે છે. એ ક્રમે ક્રમે આગળ વધીને કેવળજ્ઞાનને, અનંત આનંદને પ્રાપ્ત થાય છે. સાધક અને સાધ્ય બે વાત અંદર આવી ગઈ. આહાહા..! એવી વાત છે.

**'તે જ...'** એમ શબ્દ છે ને? અહીં જુઓને! મુખ્ય છે. **'અનંત ચતુષ્ટયમય આત્માને પામે છે—એવા અર્થનું કાર્ય કહે છે :–'** આ સુપ્રભાતમાં ઘણીવાર કહેતા એ શ્લોક છે. વર્ષબેસતાનો આ કળશ સુપ્રભાત છે. એનું નામ સુપ્રભાત.

# શ્લોક–૨૬૮

(वसन्ततिलका)

चित्पिण्डचण्डिमविलासिविकासहासः
शुद्धप्रकाशभरनिर्भरसुप्रभातः
आनन्दसुस्थितसदास्खलितैकरूप-
स्तस्यैव चायमुदयत्यचलार्चिरात्मा।।२६८।।

આમ જે પુરુષ આ ભૂમિકાનો આશ્રય કરે છે, તે જ અનંત ચતુષ્ટયમય આત્માને પામે છે-એવા અર્થનું કાવ્ય હવે કહે છે :–

શ્લોકાર્થ :– [ तस्य एव ] (પૂર્વોક્ત રીતે જે પુરુષ આ ભૂમિકાનો આશ્રય કરે છે) તેને જ, [ चित्-पिण्ड-चण्डिम-विलासि-विकास-हासः ] ચૈતન્યપિંડનો નિરર્ગળ વિલસતો જે વિકાસ તે-રૂપ જેનું ખીલવું છે (અર્થાત્ ચૈતન્યપુંજનો જે અત્યંત વિકાસ થવો તે જ જેનું ખીલી નીકળવું છે), [ शुद्ध-प्रकाश-भर-निर्भर-सुप्रभातः ] શુદ્ધ પ્રકાશની અતિશયતાને લીધે જે સુપ્રભાત સમાન છે, [ आनन्द-सुस्थित-सदा-अस्खलित-एक-रूपः ] આનંદમાં સુસ્થિત એવું જેનું સદા અસ્ખલિત એક રૂપ છે [ च ] અને [ अचल-अर्चिः ] અચળ જેની જ્યોત છે એવો [ अयम् आत्मा उदयति ] આ આત્મા ઉદય પામે છે.

ભાવાર્થ :– અહીં ‘चित्पिण्ड’ ઇત્યાદિ વિશેષણથી અનંતદર્શનનું પ્રગટ થવું બતાવ્યું છે, ‘शुद्धप्रकाश’ ઇત્યાદિ વિશેષણથી અનંત જ્ઞાનનું પ્રગટ થવું બતાવ્યું છે, ‘आनन्दसुस्थित’ ઇત્યાદિ વિશેષણથી અનંત સુખનું પ્રગટ થવું બતાવ્યું છે અને ‘अचलार्चि’ વિશેષણથી અનંત વીર્યનું પ્રગટ થવું બતાવ્યું છે. પૂર્વોક્ત ભૂમિનો આશ્રય કરવાથી જ આવા આત્માનો ઉદય થાય છે. ૨૬૮.

## શ્લોક-૨૬૬ ઉપર પ્રવચન

चित्पिण्डचण्डिमविलासिविकासहासः
शुद्धप्रकाशभरनिर्भरसुप्रभातः
आनन्दसुस्थितसदास्खलितैकरूप-
स्तस्यैव चायमुदयत्यचलार्चिरात्मा।।२६८।।

ચાર, ચાર ભાગ કરે છે. અરે..! આત્મા પોતે કોણ છે? વસ્તુ જે આત્મા છે, આત્મા આ પદાર્થ નિજવસ્તુ છે, એમાં તો શરીર, વાણી અને કર્મ પણ નથી અને પુણ્ય-પાપના શુભઅશુભ વિકલ્પ ભાવ પણ નથી અને એમાં વર્તમાનની અલ્પજ્ઞ પર્યાય વ્યક્ત દેખાય છે એ એમાં નથી. આહાહા..! એવો પરિપૂર્ણ પરમાત્મા પોતાનું નિજ સ્વરૂપ છે. એનો જ્યાં આશ્રય કરે છે, એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થતાં, એને એના ફળરૂપે કેવળજ્ઞાન અને કેવળઆનંદ પ્રગટ થાય છે.

**'तस्य एव (પૂર્વોક્ત રીતે જે પુરુષ આ ભૂમિકાનો આશ્રય કરે છે)...'** ભૂમિકાનો આશ્રય કરે છે એટલે પરિણમે છે. ભાષા શું કરે? વસ્તુ જે આત્મા પોતાના અનંત-અનંત (જ્ઞાનાનંદ) જેના અસંખ્ય પ્રદેશની ગુફામાં, અસંખ્ય પ્રદેશની ગુફામાં અનંત-અનંત આનંદ અને જ્ઞાન ભરેલું છે. સમજાય છે કાંઈ? એનું જેને જ્ઞાન થઈને જેને રાગનો અભાવ થઈ અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની દશા પ્રગટ કરી છે, **'તેને જ,...'** તેને જ મોક્ષ થાય છે એમ કહેવું છે. મોઢા આગળ મૂક્યું હતું ને એટલે. **'तस्य एव'** ઉપર લખ્યું છે ને? એને જ છે. આવાને જ કેવળજ્ઞાન અને સિદ્ધપદ પ્રાપ્ત થાય છે. સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! આવો ધર્મ! મગજમાં પકડાવો કઠણ માણસને. આહાહા..! ભગવાન! તારો ધર્મ તો એવો છે. આહાહા..! ચૈતન્ય મહારત્નાકર પ્રભુ પોતે છે. એની ખાણમાં તો અનંત... અનંત... અનંત... અનંત... અનંત જ્ઞાન અને આનંદ નીકળ્યા જ કરે તોપણ એ ખાણ ખૂટે એવી નથી. સમજાણું કાંઈ? એવો મહા અચિંત્ય જ્ઞાનાનંદનો ભંડાર, પ્રભુ! એનું જેને જ્ઞાન અને સ્થિરતા પ્રગટી છે **'તેને જ,...'** એવા જીવને જ કેવળજ્ઞાન થાય છે, એમ કહે છે. એનું અહીં કેવળદર્શન કહેશે. સમજાણું કાંઈ?

**'चित्-पिण्ड-चण्डिम-विलासि-विकास-हासः ચૈતન્યપિંડનો નિરર્ગળ વિલસતો જે વિકાસ તે-રૂપ જેનું ખીલવું છે...'** આ પર્યાયની વાત છો, હોં! ચૈતન્યપિંડ ભગવાનઆત્મા તો છે પણ એમાંથી નિરર્ગળ વિલસતો વિકાસ. આહાહા..! અંદરથી ચૈતન્યનો રસ નીકળે, કહે છે. અરે..રે..! ભારે આકરી વાત! ચૈતન્યપિંડનો નિરર્ગળ, જેને કોઈ અટકાયત નથી, જેનો આગળિયો નથી. નિરર્ગળ એટલે કોઈ એને રોકનાર નથી. એવો ભગવાનઆત્મા પોતાના અંતર્મુખના દર્શન-જ્ઞાન-ચારિત્રમાં પરિણમતા એને નિરર્ગળ એવું કેવળદર્શન પ્રગટ થાય છે. સમજાણું કાંઈ?

**'ચૈતન્યપિંડનો નિરર્ગળ વિલસતો...'** પર્યાયમાં વિલાસ (થયો). અનંતદર્શન જે એનો સ્વભાવ શક્તિરૂપે હતો, એ અંતરના અનુભવની ક્રિયા દ્વારા, એ અનુભવની ક્રિયા દ્વારા, એ અનુભવની ભૂમિકાની પરિણતિ દ્વારા **'નિરર્ગળ વિલસતો વિકાસ...'** એક સમયની પર્યાયમાં અનંતદર્શનનો વિકાસ પ્રગટ થાય છે. આહાહા..!

એને આ આત્મા કેવો છે એની મોટપ કોઈ દિ' ભાસી નથી. સમજાણું કાંઈ? આ

દુનિયાની ધૂળ ને પૈસા ને આબરૂ ને કીર્તિ, એની મોટપમાં આત્માને મારી નાખ્યો છે એણે. પંડિતજી! મારી નાખ્યો એટલે? આવડા અનંત મહાસ્વભાવવાળું તત્ત્વ, એનો એણે આદર કર્યો નથી, અનાદર કર્યો છે. આહાહા..! અનાદર કરી અને અંદર પાપના પુણ્યના વિકલ્પો કરી, એની અધિકતા આ ઠીક છે.. આ ઠીક છે... આ ઠીક છે... એની અધિકતામાં ચૈતન્યના મહાસ્વભાવનો વિકાસ અને વિલાસ પ્રગટ થવો જોઈએ એને એણે હણી નાખ્યો છે, પર્યાયમાં, હોં! વસ્તુ તો છે ઇ છે. આહાહા..!

ચૈતન્યના અસંખ્ય પ્રદેશ છે, એના અનંત આનંદ અને જ્ઞાનનો પ્રવાહ જેના સ્વભાવમાં પડ્યો છે, એની અધિકતા જ્ઞાનમાં લઈ, અને રાગ ને નિમિત્ત ને એક સમયની અવસ્થાની અધિકતા રુચિમાંય છોડીને... આહાહા..! દૃષ્ટિ ફેરે દોલત નજરમાં આવે, કહે છે. જેની દૃષ્ટિ જ હજી બાહ્ય આ શરીર ને વાણી ને આ પુણ્ય ને પાપ એવા વિકલ્પો કરવામાં રોકાણો છે ને, એને આવી દૃષ્ટિ એની દોલત એને આ દૃષ્ટિમાં નજરે આવતી નથી.

કહે છે, કે **'ચૈતન્યપિંડનો નિરર્ગળ...'** એટલે વિઘ્ન વિનાનો **'વિલસતો જે વિકાસ...'** કમળ, ગુલાબની કળી જેમ હોય, એ જ્યારે ખીલે છે. લાખ પાંખડીનું કમળ હોય, એ ખીલે. એ શક્તિમાં હતું એમાંથી ખીલ્યું. એમ ભગવાનઆત્મા, પર્યાય–અવસ્થામાં સંકોચરૂપ જેની દૃષ્ટિ હતી. એથી તેનો વિલાસનો વિકાસ પ્રગટ નહોતો થતો. ભારે વાત, ભાઈ! આવો તે ધર્મ કઈ જાતનો? આવો વીતરાગનો ધર્મ હશે આ? આ તો બધું બહારમાં ધમાલ કરે.. આ કરું.. આ કરું... આ કરું. ભાઈ! આ પરનું કરો એ તો મરવા જેવું છે. પરનું કરવું એમાં જીવનું મરવું છે. કેમ કે જેના અંતર સ્વભાવમાં અનંત જ્ઞાન-જ્ઞાતાપણું પડ્યું છે, એ તે જાણવાનું કરે કે એ તે પરનું, રાગનું ને પરનું કરે? આહાહા..! ભારે કામ આકરું, ભાઈ! પંડિતજી! આ બધા સંસ્કૃતના પ્રોફેસરો સંસ્કૃત શીખવે. આહાહા..!

ભગવાન! તારામાં વિકલ્પ, જે વૃત્તિ ઊઠે છે એ વસ્તુ નથી, હવે એને લઈને તને લાભ થાય એવું બને કઈ રીતે? અહીં તો બેહદ ભગવાનઆત્મા, સિંહ જેમ ગુફામાંથી નીકળીને ત્રાડ મારે અને હરણિયા ભાગે, એમ ભગવાન અનંત જ્ઞાન અને આનંદની ખાણની ગુફા અંદર છે. એવા આત્મા ઉપર એકાગ્ર થતાં, દૃષ્ટિ આપતાં, રાગ અને અજ્ઞાનપણું તો ક્યાંય ભાગીને નાશ થઈ જાય છે, એમ કહે છે. સમજાણું કાંઈ? આવું કરવું એમાં નથી આવતું? આ કરવું નથી આવતું? આ હો? જ્યાં ચીજ પડી છે ત્યાં દૃષ્ટિ કરવી એ કરવાનું નહિ? સાચી ક્રિયા તો એ છે. શું થાય? આહાહા..!

અનાદિકાળનો રખડેલો, રઝળેલો જીવ, એને રઝળવાની વાતું રુચે છે. પણ ભગવાન અંતર સ્વરૂપ, નિર્વિકલ્પ શાંતરસનું તત્ત્વ છે ઇ. એવા સ્વભાવની દૃષ્ટિ અને જ્ઞાન અને લીનતા થતાં, કેવળદર્શન જેને પ્રગટ થાય છે.

**'તે-રૂપ જેનું ખીલવું છે...'** એમ ભાષા છે ને? એનો અર્થ, કે જેમ કમળની કળી ખીલે

છે એ પોતાથી અંદરથી ખીલે છે. એમ ભગવાનઆત્મા, શુદ્ધ આનંદ સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો એ આત્મા, હોં! લોકો આત્મા આત્મા કરે છે એ નહિ. ઘણા કહે છે, આત્માનું ધ્યાન કરો, આમ યોગ કરો, આ ઢીકણું કરો. ધૂળેય નથી સાંભળને. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરે જે આત્મા કહ્યો, એ આત્માને જાણ્યા વિના જે કાંઈ યોગ ને ફોગ બધું કરે એ બધા એકડા વિનાના મીંડા છે. સમજાણું કાંઈ? ધ્યાન કરો. શેનું ધ્યાન કરે? ભગવાન! કઈ ચીજ છે? કેવડી છે? કેમ છે? શું છે? એનું જેને જ્ઞાન નથી, એના ધ્યાન એટલે એકાગ્રતા ક્યાંથી થાય? સમજાણું કાંઈ?

કહે છે, બહુ જ શ્લોક સુપ્રભાત છે. કહે છે કે જે અનાદિનું અંધારું હતું, આત્માના અંતર સ્વરૂપના ભાન અને જ્ઞાન ને સ્થિરતા દ્વારા અનંતદર્શન પ્રગટ કર્યું. અનંતદર્શન એટલે શું, ભાઈ? એ ભાષા ભલે હોય. પણ એટલે શું? અનંતદર્શન લોકાલોકને ભેદ વિના એક સમયમાં પૂર્ણ દેખે. એ તે પર્યાયની કેવડી તાકાત અને કેવડી પર્યાય હશે? સમજાય છે કાંઈ? પરમેશ્વર તીર્થંકરો, કેવળીઓએ જે આનંદ દર્શન પ્રગટ કર્યું, કહે છે કે આવા ઉપાયથી કર્યું હતું. સમજાય છે કાંઈ?

કેવળદર્શન એટલે? એક સમયની દર્શનની દશા, જેમાં સમય એક અને જણાય ત્રણકાળ. આહાહા..! સમય એક અને જણાય પોતે ત્રિકાળીદ્રવ્ય છે તે. અને પોતે અને પરના ભેદ વિનાનો દર્શનનો ઉપયોગ એક સમયમાં અનંતો વિકાસ પ્રગટ થાય છે. આવું એને પ્રતીતમાં આવતું નથી, એને વિશ્વાસ નથી આવતો. રાંકો થઈને ફરે છે ને. કાંઈક પાપ કરે તો એને મજા પડે. હોંશ અને હરખ આવે. જ્યાં લૂંટાય છે ત્યાં એને હરખ આવે છે. 'જયંતિભાઈ'! આહાહા..! ભાઈ! તું લૂંટાણો છો, ભાઈ! તને ખબર નથી. એ તારી નિજ મૂડી અને નિજ પુંજી શું છે? કેવડી, કેટલી છે? કેમ પ્રગટ થાય છે એની તને ખબર નથી. જગતના જીવો ધર્મને નામે પણ લૂંટાણા છે. સમજાણું કાંઈ? આહાહા..! અને કાં તો એ દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ અને જાત્રા. એ ભાવ આવ્યો અને થઈ ગયો ધર્મ. ભગવાન! એ તો રાગ છે, પ્રભુ! એ તો પુણ્યબંધનું કારણ છે. એ મોક્ષનું કારણ નથી અને એ ધર્મરૂપ પરિણમન નથી. આહાહા..! શું છે? ક્યાં જાવું અને ક્યાંથી પાછું ફરવું? અને ક્યાં જાવું? કેમ જાવું? ક્યાં જાવું? કેમ જાવું? મહાપ્રભુ અંદર આનંદકંદ છે માટે ત્યાં જાવું. ક્યાંથી ખસવું? સંયોગ અને રાગ અને અલ્પજ્ઞ પર્યાયમાં માલ નથી ત્યાંથી ખસવું એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? ક્યાંથી પાછું ફરવું અને કોની સામું ક્યાં કેમ જોવું? એની ખબર ન મળે. સમજાણું કાંઈ? પછી ભગવાનની માળા જપતા-જપતા મરી ગયા તો લોકો કહે, આહાહા..! ભાઈ! ભારે સમાધિમરણ થયું, હોં! માળા ગણતા હતા ને દેહ ઊડી ગયો. સમાધિમરણ થાય, ભગવાનની મૂર્તિ–પ્રતિમા પાસે બેસે અને આમ મરે તો. થાતું હશે?

મુમુક્ષુ :– પોતે ભગવાન છે એની અંદર જેને અનુભવ હોય એને સમાધિમરણ કહેવાય.

ભગવાન તો પોતે જ છે.

ઉત્તર :– એમ? કહો, સમજાણું કાંઈ? એ ભગવાન સામે જોવાથી તો શુભરાગ અને પુણ્ય થાય. અને ભગવાન એમ કહે છે કે તું મને જોવો છોડીને તને જો. તારામાં ક્યાં ઓછપ અને કચાશ છે કે મારી પાસે માંગવા આવ્યો? આહાહા..! હોય છે, શુભભાવ હોય છે, ભક્તિ આદિ હોય છે પણ એની મર્યાદા પુણ્ય જેટલી છે. એની મર્યાદા ધર્મ નહિ અને એના ફળ તરીકે કેવળ થાય એ એનું ફળ નહિ. 'જયંતિભાઈ'! ભારે કામ. સવારે પ્રવજ્યાની વ્યાખ્યા કરી. આહાહા..!

ત્રિલોકનાથ તીર્થંકરો બાર સભામાં ઇન્દ્રોના જ્યાં જનમતા આસન ટળે, એવા ઇન્દ્રોની સભામાં હાજરી. એવી સભામાં ભગવાન ત્રિલોકનાથની વાણીમાં આવ્યું, કે ભગવાન! તું ભગવાન છો, હોં! મારા જેવડો અને જેવો તું છો. મારી વર્તમાન દશામાં પૂર્ણતા છે, તારા સ્વભાવમાં પૂર્ણતા છે.

કહે છે, આહાહા..! જુઓને એ પ્રવાહ ખીલે છે. સર્વદર્શી થયો ઇ. સર્વદર્શી એટલે? ચિત્તપિંડનો આગળિયા એટલે વિઘન વિનાનો વિકાસ પ્રગટ થયો. એ વિકાસ હવે પાછો ફરે નહિ. એ વિકાસ એમ ને એમ અનંતદર્શન રહે એનું નામ સુપ્રભાત અને એનું નામ જીવનો દિ' વળ્યો એમ કહેવામાં આવે છે. એનો દિ' વળ્યો હવે. અહીં દુનિયામાં જરી ગરીબાઈ હોય અને પાંચ-પચાસ લાખ મળે કે ધૂળ લાખ મળે ત્યાં.. અત્યારે એનો દિ' વળ્યો છે એમ કહે છે. અંધારા થયા તો કહે દિ' વળ્યો કહે છે. મૂર્ખાઈના તે કાંઈ ગામ જુદા હશે?

મુમુક્ષુ :– લૌકિક રીતે તો ...

ઉત્તર :– લૌકિક એટલે? મૂર્ખાઓની વાણી એ લૌકિક. એય..! પંડિતજી! અહીં તો એ છે, ભાઈ! લોક મૂકે પોક, એક જણ કહેતું હતું. સમજાણું કાંઈ? લોકને શું ભાન છે? આહાહા..!

ઓહો..! પ્રભુ! તું કોણ છો? ક્યાં છો? કેવી શક્તિવાળો છો? જુઓ! ત્યાં સર્વદર્શી પહેલી શક્તિ લીધી છે ને? શક્તિમાં. ભાઈ! પહેલી સર્વદર્શી લીધી છે એટલે અહીં ચિત્ પિંડ ... કળશ ટીકાકારે બીજો અર્થ કર્યો છે. અહીંયાં તો ચૈતન્ય ભગવાનનો પિંડ પ્રભુ પોતે છે, એમાંથી ચૈતન્યપિંડની પર્યાય નિરર્ગળ, વિઘ્ન વિનાની વિકાસનો વિલાસ. એના અનંત આનંદનો વિલાસનો વિકાસ પ્રગટ્યો, સુપ્રભાત થઈ ગયો. ચૈતન્યના તેજ પ્રગટ્યા એ પ્રગટ્યા હવે એને અંધારું થાય નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એને દિવાળી કહી. દિવાળી આવે ત્યારે કરે ને દિવાળી-દિવાળી. પણ કયાં દિ-વાળ્યો? ક્યાંથી તેં? તારો સમયનો પર્યાય અંતરમાં વાળ ત્યારે દિવાળી થાય. અને એનાથી કેવળદર્શન થાય ત્યારે મહાદિવાળી થઈ. આહાહા..! ઝળહળ દીવો અસંખ્ય પ્રદેશે શક્તિની ખાણમાંથી દર્શનનો ઉપયોગ પૂર્ણ

એક સમયે પ્રગટ થયો. એવો આત્મા જેના એક સમયના દર્શનમાં ત્રણકાળ, ત્રણલોક જણાય એવી જેની એક સમયની દશાનું સામર્થ્ય એવું એવું તો અનંત સામર્થ્ય એક ગુણમાં પડ્યું છે અને એવા અનંતાગુણનો સામર્થ્ય એવો ભગવાનઆત્મા છે. આહાહા..! રાંકો કરીને રખડાવ્યો એને. સમજાય છે કાંઈ? રાંક થઈને રખડે છે. બાદશાહ થઈને મોક્ષ લેવો જોઈએ. આચાર્યની ભાષા તો જુઓ! ઓહોહો..! આચાર્ય અંદરથી કહે છે... આહાહા..! કો'ક આવવાનું છે ને કહે છે. તમારો ઓલો .. આવ્યો હતો. ... સારું, મેં કીધું વ્યાખ્યાન તો સાંભળશે.

શું કહે છે આ? ચૈતન્યપિંડનો જે અત્યંત વિકાસ. આહાહા..! '**(અત્યંત વિકાસ થવો તે જ જેનું ખીલી નીકળવું છે),...**' આહાહા..! અરે..! એ ભાવને સાંભળીને એ ભાવનો ભરોંસો કરે તો ન્યાલ થઈ જાય એવું છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ... એ ન્યાલથી. ત્યાં ધૂળેય ન્યાલ નથી. ગઈ, એની વહુ ગઈ? 'મુંબઈ' ગયા. ધૂળેય નથી ત્યાં એના બે કરોડ રૂપિયામાં દુઃખ છે. સખ છે? સખ હોય તો એનો બાપ અહીં આવીને બેસે ને. આહાહા..! જગતને મારી નાખ્યા. જ્યાં બે કરોડ, પાંચ કરોડ પૈસા દેખે તો જાણે કે શું થઈ ગયું? સોજા ચડ્યા છે. શું થઈ ગયું શું? સાંભળને હવે.

મુમુક્ષુ :– પણ પૈસા ન હોય તો કોઈ ભાવ ન પૂછે.

ઉત્તર :– કોણ પૂછતું હતું? એ તો પૈસા હોય એના જેને રુચિવાળા-પૈસાવાળા એ એને ભાવ પૂછે. જેને પૈસાની રુચિ છે એ એનો ભાવ પૂછે.

મુમુક્ષુ :– ઇચ્છે તો છે ને?

ઉત્તર :– પણ એ તો ગાંડે ગાંડાને ન ઇચ્છે તો કોણ ઇચ્છે? સારો ગાંડો હોય એ ઇસ્પિતાલમાં બહુ હુશિયાર કહેવાય. આ ગાંડાની ઇસ્પિતાલ છે ને? ગાંડાની ઇસ્પિતાલ.

મુમુક્ષુ :– ગાંડા તો પૂછે, આ તો ગાંડા પણ ન પૂછે.

ઉત્તર :– શું પૂછે? એમાં એની કિંમત શું? ગાંડાની કિંમત શું? ગાંડા અભિનંદન આપે એનું ફળ કેટલું? આહાહા..! ઓ..હો..! ભગવાન! અનાદિથી ભીંત ભૂલ્યો છે. જ્યાંથી નીકળવું જોઈએ એને ઠેકાણે, બારણે નીકળવાને ઠેકાણે ભીંત સાથે માથુ પછાડ્યું. એમ ભગવાનઆત્મા એ રાગ અને પરની ક્રિયામાંથી નીકળી શકે નહિ, (એ) આત્માને મુક્તિ ન થાય. એ બધા અંધારા છે. આહાહા..! ચૈતન્યનો પ્રકાશ ભગવાનઆત્મા (છે) પણ અનાદિથી પામર તરીકે માન્યો એને પ્રભુ તરીકે કેમ બેસે? સમજાણું કાંઈ?

કહે છે કે, પ્રભુ! એ પ્રભુતાની પ્રતીત અને જ્ઞાનની રમણતામાં કેવળદર્શનની પ્રભુતા તેને પ્રગટ થાય છે. આ વસ્તુ છે, ભાઈ! આ તો વસ્તુનો સ્વભાવ છે. કોઈ કહે કે વળી આ ભગવાનનો ધર્મ છે, તીર્થંકરનો ધર્મ છે. તીર્થંકરનો કે દિ'? તીર્થંકરનો ધર્મ તો એની પાસે રહ્યો. વસ્તુનો જ આવો સ્વભાવ છે. ભગવાને કીધો છે એ વસ્તુનો સ્વભાવ છે. એ

વસ્તુનું સ્વરૂપ છે એ એનો ધર્મ છે. સમજાણું કાંઈ? આ જૈનધર્મ કહેવાય, આ ફલાણો ધર્મ. પણ બીજો ધર્મ જ ક્યાં છે? ભગવાનઆત્મા આનંદનો નાથ, સચ્ચિદાનંદ પ્રભુ, એની અંતરમાં દૃષ્ટિ દેતા સ્વભાવની કરેલી દૃષ્ટિ, જ્ઞાન, રમણતા એનું નામ જૈનધર્મ. એ તો વસ્તુનો સ્વભાવ છે. એમાં જૈનધર્મ પક્ષ અને સંપ્રદાય ક્યાં છે? સમજાણું કાંઈ? આહાહા..! એક બોલ થયો. બીજો બોલ.

'**शुद्ध-प्रकाश-भर-निर्भर-सुप्रभातः**' વળી કેવળજ્ઞાન પ્રગટે છે કહે છે. મૂળ કેવળજ્ઞાન લેવું છે અહીં. કેવળદર્શન પ્રગટે છે. આત્માના પરમપદાર્થ, પરમસ્વભાવના અંતર અનુભવથી-અનુભવથી એને અનંતદર્શન પ્રગટે છે, એમ અનંતપ્રકાશ કેવળજ્ઞાનનો સુપ્રભાત પ્રગટ થાય છે. જે પ્રગટ્યો એ પ્રગટ્યો એ સાદિ અનંતકાળ સુપ્રભાત રહે છે. આ સૂર્ય સવારે ઊગે અને સાંજે આથમે. આ સુપ્રભાત ઊગ્યો એ કોઈ દિ' આથમે નહિ. આહાહા..! ... આવે છે ને એ? કર્યું હતું? નહોતું કર્યું? કર્યું હશે સામાયિકમાં. .... પૈસાના અર્થ આવડતા હશે, આ કેટલા પૈસા છે ને...

મુમુક્ષુ :– .. માને છે.

ઉત્તર :– .. માને એટલે આ તો એને પણ ખબર હોય ને કે આટલું આમ થાય, ઢીકણું આમ છે. આટલા વાસણની આમ કિંમત હોય અને આટલી આની કિંમત હોય. આહાહા..!

કહે છે, '**शुद्ध प्रकाश...**' ચાર જ્ઞાન હતા ત્યાં સુધી પૂર્ણ શુદ્ધ પ્રકાશ નહોતો. પણ આત્માના આનંદના સ્વરૂપના અંતરના અનુભવથી, અંતરના અનુભવથી, અંતરાત્મા પરમાત્મ સ્વરૂપ છે, એના અનુભવથી એને '**શુદ્ધ પ્રકાશની અતિશયતાને લીધે...**' '**भर-निर्भर**'. જોયું? '**શુદ્ધ પ્રકાશની અતિશયતાને લીધે...**' ભરેલો નિર્ભર વિશેષપણે. '**सुप्रभातः** ' આહાહા..! આ ભૂમિકાનો આશ્રય કરનારને કેવળજ્ઞાન થાય છે. બાકી ક્રિયાકાંડ અને આ કરે ને એનાથી કેવળજ્ઞાન થશે અને સિદ્ધપદ થશે એ વસ્તુમાં કાંઈ માલ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

'**शुद्ध-प्रकाश-भर-निर्भर-सुप्रभातः**' કેવળજ્ઞાન થયું એ તો સુપ્રભાત છે. એ એનું વર્ષ બેઠું. આ બધા વર્ષ બેસે અને પાછા આથમી જાય, મરી જાય. કોઈ વર્ષમાં રહ્યો એ બીજા વર્ષમાં બેઠા પહેલા કોઈ વખતે મરશે તો ખરો કે નહિ? દેહ તો નાશવાન, માટી, જડ, ધૂળ છે. આ તો જાગ્યો એ જાગ્યો, કહે છે. જેને આત્મા અખંડ અપ્રતિહત્ વસ્તુ જે છે એ કોઈથી નાશ ન થાય. આહાહા..! અનંત અનંત રાગ અને વિકારને મિથ્યાત્વ કરે તો પણ એ વસ્તુનો નાશ થતો નથી. એવી વસ્તુની જ્યાં દૃષ્ટિ અને ધર્મનો અનુભવ કર્યો એને સુપ્રભાત કેવળજ્ઞાન પ્રગટ થાય છે. સ્વભાવ ખીલી ગયો, કહે છે.

જુઓ! હવે એક સમયમાં દર્શન અભેદથી બધું દેખે, ત્યારે કેવળ એક સમયમાં ભેદથી બધું જાણે. પર્યાય એક સમયમાં બે અને એક સમયની પર્યાયમાં ભેદ વિના પૂર્ણ દેખે,

એક સમયમાં ભેદ જાણીને ભેદી.. ભેદી.. ભેદીને ભૂતકાળની પોતાની પર્યાય, ભવિષ્યની પર્યાય, ગુણભેદ બધું કેવળજ્ઞાન થતાં વસ્તુની અખંડ દૃષ્ટિને લઈને, અખંડ કેવળજ્ઞાન જેને પ્રગટ થાય છે. કહો, સમજાણું કાંઈ ? **'સુપ્રભાત સમાન છે,...'** એ કેવળજ્ઞાન કહ્યું.

**'आनन्द-सुस्थित-सदा-अस्खलित-एक-रूपः'** વળી કહે છે, અનંતદર્શન પ્રગટ થાય, અનંતજ્ઞાન થાય. કોને? જે આત્માના આનંદનો અનુભવ કરે એને. અનુ એટલે આત્મા પૂર્ણાનંદ પ્રભુ, એને અનુસરીને જેની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા દશા પ્રગટ થઈ, એ ભૂમિકાવાળાને અનંતદર્શન થાય, અનંતજ્ઞાન થાય, આનંદ પૂર્ણ થાય. આહાહા..! આ આનંદ આનું નામ કહેવાય. ઘણા કહે, કેમ છે? આનંદ છે. શેનો આનંદ? ધૂળનો? લાડવા-બાડવા ખાઈને બેઠો હોય, કાંઈક ઠીક હોય પાંચ-દસ હજાર, પચાસ હજાર પેદા કર્યા હોય, બાયડી જરી અનુકૂળ હોય, છોકરા ઠીક હોય, મકાન-હજીરા બે લાખના બનાવ્યા હોય. હીંડોળે હીંચકે. કેમ ભાઈ? મજા છે? હા, મજા છે. ભાઈ! શું કહે એ? દુઃખી છે એમ કહે?

મુમુક્ષુ :– લહેર છે.

ઉત્તર :– ધૂળેય લહેર નથી. તને ભાન નથી. લહેર ક્યાંથી આવે અને લહેર કોને કહેવી?

મુમુક્ષુ :– એ તો પવનની લહેર છે.

ઉત્તર :– એમ કે આ છોકરા-બોકરા સરખું હોય, બધા ભેગા થઈને બેઠા હોય અને બાપુજી-બાપુજી કરતા હોય. ચાર છોકરા બેઠા હોય. એકકોર ન્યાલચંદ, એકકોર પૂનમચંદ, એકકોર જયંતી, એકકોર અમૃતલાલ. બે જણા પાંચ કરોડવાળા અને બે વળી પાંચ-દસ લાખવાળા. એમાં ભાગ થતો હોય. કરોડોમાં ભાગ નથી, નહિ? ધૂળેય નથી. ભાગ એ કરોડમાં હોય તો પણ કાંઈ નથી અને લાખમાં હોય તો પણ કાંઈ નથી. આહાહા..! એ લાખેણો ભગવાનઆત્મા, જેની કિંમતું કરોડે કેમ થાય? જેનું મૂલ્ય આંકે એના મૂલ્ય જાય. અમૂલ્ય ચીજ પ્રભુ ચૈતન્ય છે, ભાઈ! એને ખબર નથી. કેવળજ્ઞાનની એક સમયની પર્યાય પણ ત્રિકાળી દ્રવ્યની આગળ અનંતમે ભાગે દશા છે. સમજાણું કાંઈ?

**'आनन्द-सुस्थित'** એવું જેનું અસ્ખલિત એકરૂપ છે. શું કહ્યું સમજાણું? કહે છે, આવો... આવો... બે મિનિટ સાંભળે તો ખરા. ત્યાં જાવું એકકોર રહ્યું. ૨૦ મિનિટ છે.

મુમુક્ષુ :– અહીં તો વ્યાખ્યાન સાંભળે.

ઉત્તર :– એ જ માટે આવ્યા હોય મૂળ તો. સોની .. આપવું હોય તો આપે. નહિતર લાગવાનું શું હતું? શું કહે છે?

આનંદ સ્વરૂપ ભગવાનઆત્મા તું પોતે છો. તારા સ્વરૂપમાં અનંતઆનંદ પડ્યો છે. કેવો આનંદ? આ ઇન્દ્રના સુખ છે એ તો ઝેરના સુખ છે. ભાઈ! તને ખબર નથી. આત્માના અંદરમાં અતીન્દ્રિય આનંદથી ભરેલો ભગવાન પૂર્ણ છે. એવા આનંદનો જેણે અનુભવ કર્યો,

અનુભવ કર્યો એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર પ્રગટ થયું. એ અનુભવના ફળ તરીકે એને પરમ આનંદ જેનું સુસ્થિત. આનંદ પ્રગટ્યો એ પ્રગટ્યો. સુસ્થિત. આ તો જગતના સુખ કલ્પિત, એ આવે અને જાય. ઘડીકમાં સગવડતા થાય અને ઘડીકમાં અગવડતા મળે. હોળી સળગે અંદરથી. કેમ હશે? 'શીવલાલભાઈ'! ઓલું સુખ-બુખ નથી? તમારે તો ઠીક સુખ. બહાર દીકરા-દીકરી નહિ. એને તો કાંઈક ઉપાધિ હોય કે નહિ? છોકરાવાળાને ઉપાધિ હોય. ધૂળેય નથી. ઉપાધિ બહારમાં ક્યાં હતી? અંદરમાં ભ્રાંતિ અને રાગ-દ્વેષ જેવી ઉપાધિ કોઈ છે નહિ અને નિરૂપાધિ ભગવાનઆત્માની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ સિવાય કોઈ નિરૂપાધિ નથી. સમજાણું કાંઈ? આહાહા..!

**'આનંદમાં સુસ્થિત એવું જેનું સદા અસ્ખલિત એક રૂપ છે...'** સદા અસ્ખલિત. આત્મામાં નિરંતર આનંદ પ્રગટ થાય, એ આત્માના અંતર અનુભવ દ્વારા આનંદ પ્રગટ થાય એ નિરંતર રહે. આહાહા..! **'સદા અસ્ખલિત...'** સ્ખલના ન થાય એમ. એ આનંદ પાછો પડે નહિ. એકરૂપ જેનું. પાછી ભાષા એમ વાપરી છે ને? એક આનંદની દશા જેની પૂર્ણ પરમાત્મા થાય તે થાય. પણ એ સિદ્ધ થાય કઈ રીતે? એ તો વાત પહેલી કીધી. ભગવાનઆત્માના સન્મુખની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા. નિર્વિકલ્પ દશા વીતરાગ દ્વારા, વીતરાગી પર્યાય દ્વારા, અનુભવ પર્યાય દ્વારા આનંદ પ્રગટ થાય. કહો, સમજાણું કાંઈ? એને કિંમત ભણવાની આ ચીજ છે. ભારે આકરું લાગે. આ તો નિશ્ચય-નિશ્ચય. પણ આમાં કાંઈ વ્યવહાર ખરો કે નહિ?

મુમુક્ષુ :– એ પોતે જ... એટલે વ્યવહાર કરે

ઉત્તર :– એ પર્યાય પોતે જ વ્યવહાર છે, સાંભળને હવે. મોક્ષમાર્ગ જ વ્યવહાર છે. આહાહા..! ત્રિકાળી વસ્તુની આગળ એક સમયની પર્યાય એટલે? કેવળજ્ઞાન એ પર્યાય છે. આહાહા..! વસ્તુ પોતે ત્રિકાળ છે. એ ત્રિકાળી ચીજને જ્ઞાયકભાવથી ભરેલો, સદા શબ્દ પડ્યો છે ને? જુઓને. **'સદા અસ્ખલિત એકરૂપ...'** નિરંતર એમ કહેવું છે. આનંદભાવ પ્રગટે છે પણ એ નિરંતર કાળ રહે છે. સમજાણું કાંઈ? આવી ધર્મકથા આવી કેવી! એ તો ભાઈ! ધર્મકથા ભગવાનના નામની આવી હશે? એ તો એમ કહે, કંદમૂળ ન ખાવું, રાત્રે ચોવિહાર કરવો, બાર મહિનામાં એક-બે જાત્રા કરવી, ભગવાનનું સ્મરણ કરવું, અનુપૂર્વી ગણવી, એય..! માળા ફેરવવી. ભગવાન.. ભગવાન... ભગવાન... એ તો બધી સ્થૂળ રાગની, વિકલ્પની ક્રિયાની વાતું છે. એ ધાર્મિક ક્રિયા નથી. આહાહા..! ભારે કામ આકરા.

બાપુ! ધાર્મિક (ક્રિયા) તો ધર્મ આત્માનો સ્વભાવ, વસ્તુ ધર્મી, એનો સ્વભાવ, એમાં એકાગ્ર થઈને જે વીતરાગી પર્યાય થાય તે ધર્મ છે. વસ્તુનો સ્વભાવ તે ધર્મ, અને સ્વભાવનું પ્રગટ થવું તે. ધર્મ ત્રિકાળ છે પણ પ્રગટ થવું તે સાદી સાદી સાધક ધર્મ છે. આહાહા..! સાધક તો .. સમજાણું કાંઈ? આ તો માણસને યાદ પણ રહે નહિ. શું સાંભળવા ગયા હતા? શું આવ્યું હતું .. તમે શું સાંભળ્યું? એ કાંઈક કહેતા હતા. અરે..! ભાઈ! તેં તારા

ઘરની ધર્મની વાતું કોઈ દિ' સાંભળી નથી. આહાહા..! ચૈતન્યના જ્ઞાનરસના સ્વભાવમાં આનંદરસ પડ્યો છે. એ અતીન્દ્રિય આનંદના રસનો અનુભવ થતાં એ અનુભવ થોડા આનંદનો છે. એનાથી પૂર્ણ આનંદ... સુસ્થિત એવું સદા અસ્ખલિત એકરૂપ આનંદ પ્રગટે છે. સમજાણું કાંઈ?

**'અને અચળ જેની જ્યોત છે...'** વસ્તુ ભગવાનઆત્મા, પરમેશ્વર સચ્ચિદાનંદ પ્રભુ પોતે જ છે. આહાહા..! કેમ બેસે? ભગવાન કહેતા એને પરસેવા ઉતરી જાય, અરર..! પામરને પ્રભુ! આ તારી દશામાં પામરતા છો, વસ્તુમાં પામરતા નથી. વસ્તુમાં પામરતા હોય તો પામરતા ટળીને પ્રભુતા આવશે ક્યાંથી? સમજાણું કાંઈ? કહે છે, અનંતદર્શન પ્રગટ થાય છે. આત્માના સ્વભાવમાં અનુભવથી અનંતદર્શન, અનંતજ્ઞાન, અનંતઆનંદ (પ્રગટ થાય છે).

હવે **'अचल-अर्चिः અચળ જેની જ્યોત છે...'** વીર્ય. એ અનંતબળ પ્રગટ્યું. **'अचल-अर्चिः'** માં એ કહ્યું. વીર્ય છે. અનંતબળ અનંતબળ. ચૈતન્યનું અનંતબળ, હોં! કે જેણે અનંતવીર્યથી અનંતાગુણની નિર્મળ દશાને રચી, એવું અનંતવીર્ય જેને પ્રગટ્યું. આ મોક્ષ પ્રગટ્યો એમ કહ્યું. મોક્ષનો માર્ગ પહેલો કયો? આત્માનો અનુભવ કરવો એ મોક્ષનો માર્ગ છે.

**'અચળ જેની જ્યોત છે એવો આ આત્મા ઉદય પામે છે.'** ભાષા જુઓ! કે આત્મા ઉદય પામે છે. વસ્તુમાં જે સ્વભાવ હતો એની પર્યાયમાં ઉદય પામે છે. અનંત ચતુષ્ટય જેની દશામાં પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? આત્મા ઉદય પામે છે. કાંઈ આત્મા પ્રગટ થાતો હશે? આત્મા પ્રગટતો હશે? અહીં તો કીધું, જુઓ! **'આત્મા ઉદય પામે છે.'** એ પર્યાય પ્રગટી એ આત્મા પ્રગટ્યો. ઓલો રાગ પ્રગટતો હતો એ તો વિકાર હતો એમ કહે છે. સમજાણું કાંઈ? **'अयम् आत्मा उदयति'** આહાહા..! જેના મિથ્યાત્વના, રાગ દ્વેષના, અજ્ઞાનના ઝેર નીકળી ગયા છે, ઉંધી માન્યતા રાગથી ધર્મ થાય, પુણ્યથી ધર્મ થાય, દેહની ક્રિયાથી ધર્મ થાય, એવા ઝેરના પ્યાલા મિથ્યાત્વના જેના નાશ થઈ ગયા છે, અને જેણે અમૃતના આનંદના પ્યાલા પીધા છે. સમજાણું કાંઈ? એકનો વ્યય અને એકનો ઉદય. એને કહે છે આખો આત્મા ઉદય થાય છે, એમ કહે છે. સમજાણું કાંઈ? આ તો છેલ્લા કળશો છે તો એકદમ સાર.. સાર.. સાર છે. એકલું માખણ છે. વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવ, એનું કહેલું એકલું માખણ છે.

**'ભાવાર્થ :– અહીં 'चित्पिण्ड' ઇત્યાદિ વિશેષણથી અનંતદર્શનનું પ્રગટ થવું બતાવ્યું છે,'** લ્યોને. એના વિશેષણ મૂક્યાને? **'चित्-पिण्ड-चण्डिम-विलासि-विकास-हासः'** એ બધા ચિત્તપિંડ દર્શનના વિશેષણ હતા. અનંતદર્શન જેની દશામાં પ્રગટ થાય, એના કારણો વીતરાગી પર્યાય અનંતદશા હોય છે. એ પણ અનંતજ્ઞાન દર્શનની પર્યાયમાં પણ અનંતપણું આદિ હોય છે. એના ફળ તરીકે કેવળજ્ઞાન કેવળદર્શન પ્રગટ થાય છે.

**''शुद्धप्रकाश' ઇત્યાદિ વિશેષણથી'** છે ને? **'शुद्ध-प्रकाश-भर-निर्भर-सुप्रभातः'** એ બધા

વિશેષ કેવળજ્ઞાનના છે. **'અનંતજ્ઞાનનું પ્રગટ થવું બતાવ્યું છે,..'** અનંતજ્ઞાન ઝળહળ જ્યોતિ ભગવાન, સોળ કળાએ જેમ ચંદ્ર ખીલે, એમ ભગવાનઆત્મા અંતર સ્વરૂપના અનુભવની ધાર્મિક ક્રિયા દ્વારા એ સોળ કળાએ ખીલે એમ જેનું જ્ઞાનનું પ્રગટપણુ થયું છે.

**'आनन्दसुस्थित' ઇત્યાદિ વિશેષણથી'** એને ઘણા વિશેષ આપ્યા છે. **'आनन्द-सुस्थित-सदा-अस्खलित-एक-रूपः'** એ બધા એના વિશેષણ છે ને? **'અનંતસુખનું પ્રગટ થવું બતાવ્યું છે અને अचलार्चि વિશેષણથી...'** લ્યો. ત્યાં એક લીધું, ઇત્યાદિ ન આવ્યું. **'अचलार्चि'** એક જ શબ્દ છે ને? એટલે. ઓલામાં વિશેષ ઘણા શબ્દો હતા. **'अचलार्चि વિશેષણથી અનંત વીર્યનું પ્રગટ થવું બતાવ્યું છે.'** એ આત્માને પ્રગટ થાય છે. અંતરના સ્વભાવના અનુભવ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના અનુભવ દ્વારા આવું જેને અનંતવીર્ય દશામાં પ્રગટ થયું છે. અનંત દર્શન જ્ઞાન. 'સાદિ અનંત-અનંત સમાધિ સુખમાં, અનંત દર્શન જ્ઞાન સહિત' એવો આત્મા પોતાની પર્યાયથી નિર્મળદશાથી પ્રગટ થાય છે, એમ કહે છે. કહો, સમજાણું કાંઈ?

**'પૂર્વોક્ત ભૂમિનો આશ્રય કરવાથી જ આવા આત્માનો ઉદય થાય છે.'** ખુલાસો કર્યો. આહાહા..! **'પૂર્વોક્ત ભૂમિ...'** એટલે આત્મા જ્ઞાન અને શુદ્ધ આનંદમૂર્તિ પ્રભુ! એનો આશ્રય કરવાથી અને એની નિર્મળ પરિણતિની ભૂમિનો આશ્રય કરવાથી એક 'જ' લીધો છે, જુઓ! પાછું એમાં વ્યવહાર નથી. એ અનેકાંત સિદ્ધ કર્યું, આત્મા શુદ્ધ પવિત્રનો પિંડ પ્રભુ છે. કેમ કે જે પવિત્રતા પ્રગટ કરવા માગે છે એ પવિત્રતાથી ભરેલો હોય. ભરેલો ન હોય તો લાવે ક્યાંથી? એવા શુદ્ધ ભગવાનઆત્માની પવિત્રતાની પ્રતીત, જ્ઞાન અને રમણતાનો જેણે આશ્રય કર્યો, એવા જ જીવ... **'આશ્રય કરવાથી જ...'** ભાઈ! જ ન હોય. વ્યવહારથી પણ થાય એમ કાંઈક કહો ને. એય..! ન થાય એમ આવી ગયું, પંડિતજી! ભારે આકરું લાગે છે આ. વ્યવહારનો લોપ, વ્યવહારનો લોપ થાય છે. વ્યવહારનો અભાવ થાય ત્યારે જ નિશ્ચય થાય છે. વ્યવહાર તો રાગ છે. દયા, દાન, વ્રત એ બધી રાગની ક્રિયાઓ છે. એનો અભાવ કરી અને સ્વભાવની દૃષ્ટિ કરે અને ઠરે ત્યારે તેને કલ્યાણ થાય છે.

**'પૂર્વોક્ત ભૂમિનો આશ્રય કરવાથી જ...'** એમ લીધું છે. **'આવા આત્માનો...'** આવા આત્માનો એટલે? અનંતદર્શન, અનંતજ્ઞાન, અનંતવીર્ય અને અનંતઆનંદ, એવી પર્યાયની પ્રગટતા એને થાય છે. કહો, સમજાણું કાંઈ? એ શ્લોક પૂરો થયો. **'એવો જ આત્મસ્વભાવ અમને પ્રગટ હો...'** આચાર્ય મહારાજ 'અમૃતચંદ્રાચાર્ય' સંત, આ ભાવ અમને પ્રગટ હો. અમારે બીજું કાંઈ જોઈતું નથી. પુણ્ય પણ જોઈતું નથી, સ્વર્ગ પણ જોઈતું નથી, માન પણ જોઈતું નથી. અમારું માન અમારામાં છે. આહાહા..!

## શ્લોક–૨૬૯

(वसन्ततिलका)

स्याद्वाददीपितलसन्महसि प्रकाशे
शुद्धस्वभावमहिमन्युदिते मयीति।
किं बन्धमोक्षपथपातिभिरन्यभावै-
र्नित्योदयः परमयं स्फुरतु स्वभावः।।२६९।।

એવો જ આત્મસ્વભાવ અમને પ્રગટ હો એમ હવે કહે છે :–

શ્લોકાર્થ :– [ स्याद्वाद-दीपित-लसत्-महसि ] સ્યાદ્વાદ વડે પ્રદીપ્ત કરવામાં આવેલું લસલસતું (-ઝગઝગાટ કરતું) જેનું તેજ છે અને [ शुद्ध-स्वभाव-महिमनि ] જેમાં શુદ્ધસ્વભાવરૂપ મહિમા છે એવો [ प्रकाशे उदिते मयि इति ] આ પ્રકાશ (જ્ઞાનપ્રકાશ) જ્યાં મારામાં ઉદય પામ્યો છે, ત્યાં [ बन्ध-मोक्ष-पथ-पातिभिः अन्य-भावैः किम् ] બંધ-મોક્ષના માર્ગમાં પડનારા અન્ય ભાવોથી મારે શું પ્રયોજન છે ? [ नित्य-उदयः परम् अयं स्वभावः स्फुरतु ] નિત્ય જેનો ઉદય રહે છે એવો કેવળ આ (અનંત ચતુષ્ટયરૂપ) સ્વભાવ જ મને સ્ફુરાયમાન હો.

ભાવાર્થ :– સ્યાદ્વાદથી યથાર્થ આત્મજ્ઞાન થયા પછી એનું ફળ પૂર્ણ આત્માનું પ્રગટ થવું તે છે. માટે મોક્ષનો ઇચ્છક પુરુષ એ જ પ્રાર્થના કરે છે કે-મારો પૂર્ણ સ્વભાવ આત્મા મને પ્રગટ થાઓ; બંધમોક્ષમાર્ગમાં પડતા અન્ય ભાવોનું મારે શું કામ છે ? ૨૬૯.

---

स्याद्वाददीपितलसन्महसि प्रकाशे
शुद्धस्वभावमहिमन्युदिते मयीति।
किं बन्धमोक्षपथपातिभिरन्यभावै-
र्नित्योदयः परमयं स्फुरतु स्वभावः।।२६९।।

'स्याद्वाद-दीपित-लसत्-महसि' 'સ્યાદ્વાદ વડે પ્રદીપ્ત કરવામાં આવેલું...' એટલે ભગવાને જે આત્મા અનેકાંત ધર્મવાળો, અનંત ધર્મવાળો કહ્યો. અનંત સ્વભાવવાળો, હોં! ધર્મ એટલે સ્વભાવ. ફલાણાનો ધર્મ અને આનો ધર્મ એમ નહિ અહીં. વીતરાગે આત્મામાં જે જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંતા ધર્મો કહ્યા, એને અનેકાંતપણે જાણતો ધર્મ, ધર્મપણે છે. ધર્મ અધર્મપણે નથી. વિકાર, વિકારપણે છે અને અવિકારપણે નથી. આત્મા ત્રિકાળ

નિત્ય છે, પર્યાય અનિત્ય છે. એવું સ્યાદ્‌વાદ વસ્તુનું સ્વરૂપ છે. દ્રવ્ય અને પર્યાયના સ્વરૂપને પ્રગટ કરતાં **'લસલસતું જેનું તેજ છે...'** આહાહા..! લ્યો. 'લસલસતું' શબ્દ આપણે આવે છે. શીરો કરે ત્યારે લસલસતો શીરો કરે છે. ઘીનો હોય ને આમ સરખો? લસલસતો કહે. કીંધુ નહોતું? એક શેરો ... ઓલા તમારે ... નહોતા? ગયા હતા. 'ચંપકભાઈ' બહાર ગયા હતા. 'અમેરિકા'. પછી એક દવાઓ હતી એવી બે-ચાર. એણે પૈસા આપ્યા હતા. તો પાયખાનામાંથી વિષ્ટાનો ટોપલો લઈ આવ્યા. વિષ્ટાનો ટોપલો લઈ આવીને એક દવા જ્યાં નાખી, ગંધ મટી ગઈ. બીજી દવા નાખી ત્યાં સુગંધ થઈ, ત્રીજી દવા નાખી ત્યાં લસલસતો શીરો થયો. ભાઈ કહેતા હતા. એ કહેતા. લ્યો ખાવ. અરે..રે..! આને પણ. .. એને ખાવો કઈ રીતે? પૈસા લઈ લે તારા. સમજાણું ? એવી ઔષધિ હોય છે કે વિષ્ટામાંથી તરત શીરો બની જાય. આ તો અમૃતમાંથી આત્મા અમૃત બને છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના મંત્ર અંતરમાં પડતા ભગવાન પોતે લસલસતો શીરો જેમ હોય એમ પ્રગટ થાય છે એમ કહે છે. આહાહા..! છે?

લસલસતું-લસલસતું ... પાઠમાં છે ને? **'लसत्'** જેનું તેજ છે. **'लसत्-महसि'** આહાહા..! **'(–ઝગઝગાટ કરતું) જેનું તેજ છે...'** આ રૂપી તેજ હશે? પહેલા આટલો ધોળો દેખાય, .. દેખાય પછી પાછો ધોળો દેખાય એમ હશે કે નહિ? આહાહા..! ભાન ન મળે. ધોળો-રાતો તો રંગ છે. આત્માને રંગ કેવો? એ તો રંગ, વર્ણ, ગંધ, વિનાની ચીજ અંતર ઝગઝગાટ ચૈતન્યના અરૂપી તેજથી ભગવાને કહેલો આત્મા એણે જાણવા, માનવા ને અનુભવમાં આવ્યો, એનું તેજ આવું પ્રગટ થાય છે. એને શુદ્ધ સ્વભાવની દશા પ્રગટ થાય તેને ધર્મ કહેવામાં આવે છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૫૭૩ શ્લોક-૨૬૯,૨૭૦ સોમવાર, પોષ સુદ ૧૫, તા. ૧૧-૦૧-૭૧

---

પરિશિષ્ટ છે, ૨૬૯મો કળશ છે. એવો જ આત્મસ્વભાવ અમને પ્રગટ હો. એમ ભાવના આચાર્ય મહારાજ (કરે છે). પૂર્વે કહ્યું કે અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતબળ જેને પ્રગટ્યું છે, એના ફળરૂપે, સાધકના ફળરૂપે એ પ્રગટ્યું તો એવું સ્વરૂપ અમને પ્રગટ હોય એમ ભાવના કરે છે.

**स्याद्वाददीपितलसन्महसि प्रकाशे**
**शुद्धस्वभावमहिमन्युदिते मयीति।**
**किं बन्धमोक्षपथपातिभिरन्यभावै-**
**र्नित्योदयः परमयं स्फुरतु स्वभावः।।२६९।।**

**'स्याद्वाद-दीपित-लसत्-महसि'** સ્યાદ્‌વાદ એટલે? આત્મા ત્રિકાળ દ્રવ્ય સ્વભાવે ધ્રુવ છે અને પર્યાયે અનિત્ય ક્ષણિક અવસ્થા છે. એ એના અસ્તિત્વમાં બે ભાવો છે. પરની સાથે કાંઈ સંબંધ નથી. નિત્ય ધ્રુવ સ્વભાવ, કાયમ રહેનારો સ્વભાવ અને એક ક્ષણિક અવસ્થા એવું જે સ્યાદ્‌વાદ, દ્રવ્ય અને પર્યાયનું સ્વરૂપ, એવું ભાન થઈને **'પ્રદીપ્ત કરવામાં આવેલું...'** આત્માને જાગૃત કરવામાં આવ્યો. આત્મા જ્ઞાન, આનંદ, ધ્રુવ છે. સમયની પર્યાય ક્ષણિક પણ, પર્યાય ધ્રુવમાં વાળતા, ધ્રુવમાંથી તેજ **'પ્રદીપ્ત કરવામાં આવેલું લસલસતું જેનું તેજ છે...'** બહુ ઝીણું. ચૈતન્યના પ્રકાશનું પૂર આત્મા, એમાં વર્તમાન અવસ્થા ક્ષણિક, એને અંતરમાં વાળતા ચૈતન્યના તેજની શક્તિનો પ્રદીપ્ત ભાવ પર્યાયમાં પ્રગટ થાય છે.

મુમુક્ષુ :– કયા દેશની ભાષા?

ઉત્તર :– આત્મદેશની ભાષા. આહાહા..! શું થાય? નિજ દેશ ભગવાનઆત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ ધ્રુવ સ્વભાવ નિત્ય રહેનાર. બન્ને શબ્દ કહેશે. નિત્ય અને **'परमयं स्वभावः'**. ભગવાનઆત્મા કાળે નિત્ય છે, સ્વભાવે શુદ્ધ છે, ધ્રુવ (છે). એવો જે સ્વભાવ, એને વર્તમાન અવસ્થામાં પર્યાય દ્વારા અંતરમાં વાળતાં જે ચૈતન્યનું તેજ જ્ઞાનમૂર્તિ છે એ આનંદ સહિત જેનું તેજ દશામાં પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? બધું ભણીને, વાંચીને, કરીને આ કરવાનું છે, કહે છે.

આત્મા આનંદ અને જ્ઞાનનો ધ્રુવ સ્વભાવ (છે) પણ એ ધ્રુવને પકડનાર એ તો વર્તમાન દશા હાલત પર્યાય છે. બેને એણે નક્કી કબુલાત કરવી પડશે. અને બેની જ્યાં કબુલાત થઈ, તો એ પર્યાય ત્રિકાળ ધ્રુવમાં વળે. એમાં પુણ્ય-પાપના વિકલ્પની જરૂર નથી. વર્ણ, રંગ, ગંધ, શરીરાદિ બધા નિમિત્તો એમાં છે નહિ. એ પોતાનો જે કાયમ રહેનારો ધ્રુવ સ્વભાવ એનામાં વર્તમાન અવસ્થાને વિશ્વાસથી અંતર વાળતાં ચૈતન્યના સ્વભાવમાં ભરેલો જ્ઞાન, આનંદ તેજ, એ પર્યાયમાં–હાલતમાં પ્રગટ થાય છે. કહો, સમજાય છે કાંઈ? બહુ ટૂંકી ભાષા અને બહુ ટૂંકું સાધન. આહાહા..!

અરે..! ચૈતન્યના પાતાળ કૂવા જેને ફાટ્યા કહેવાય. આહા..! પાતાળીયા પાણી નીકળે છે ને? ગમે તેટલા ... પણ એ પાણી ખૂટે નહિ. ..... બોટાદ પાસે, ગંદડાનો કૂવો. ગંદડાનો એક કૂવો છે. અઢાર-અઢાર કોશ વહે, હોં! પાણી ખૂટે નહિ એટલું પાણી. અંદરમાંથી તળીયેથી આવેલું. એમ આત્માના તળમાં એટલે સ્વભાવમાં, એના દળમાં એટલે ભાવમાં અનંતજ્ઞાન અને આનંદ આદિ એનો સ્વભાવ છે. અને વર્તમાન એક સમયની અવસ્થાવાળો જેનો ભાવ છે. એ અવસ્થાને અને ત્રિકાળને જ્યાં કબૂલ કરે છે, ત્યારે એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય છે. કારણ કે દ્રવ્યને કબૂલ કરવું, પર્યાયને કબૂલ કરવી એ તો ઠીક, હવે દ્રવ્યને ધ્રુવને કબૂલ કરવું છે. એક સમયની દશા વસ્તુના ત્રિકાળી સ્વભાવ ઉપર, ધ્રુવ ઉપર જતાં **'પ્રદીપ્ત કરવામાં આવેલું...'** જુઓ! પર્યાયમાં પ્રદીપ્ત પ્રગટ કરવામાં આવેલું. શક્તિમાં હતું. સમ્યગ્દર્શન-

જ્ઞાન-ચારિત્રની પર્યાયનું તેજ જેણે પ્રગટ કર્યું, એમ કહે છે. કેટલા પુસ્તકો વાંચ્યા, હવે એને સંકેલીને એટલામાં મૂકી દેવું પડે.

આવો જે ચૈતન્યસ્વભાવ, જેનું ઝગઝગાટ લસલસતું તેજ છે. રૂપી હશે એ? અરૂપીને તેજ હોય? ... અરૂપી ચૈતન્ય તેજ જેના છે. જેની આગળ રૂપી તેજ જેને જણાય જાય છે. આ .. તેજ એ ચૈતન્ય તેજ નિર્ણય કરે છે. એવું ચૈતન્યનું તેજ અંદર છે. એ કહે છે અંદર સ્યાદ્‌વાદ નામ વસ્તુ અને પર્યાયનું ભાન થતાં, દ્રવ્યનું જ્યાં નક્કી કરવા જાય છે ત્યાં પર્યાય એમાં વળે છે, એટલે અંદર દેદીપ્યમાન જ્ઞાન અને આનંદની પર્યાયનું લસલસાટ **'(-ઝગઝગાટ કરતું) જેનું તેજ છે...'** આહાહા..! **'અને शुद्ध-स्वभाव-महिमनि'** હવે એને કહે છે. પણ એ ચીજ શું? કે **'જેમાં શુદ્ધસ્વભાવરૂપ મહિમા છે...'** પવિત્ર સ્વરૂપ જેનું, આનંદસ્વરૂપ, એવો સ્વભાવ અંતર્મુખ થતાં જેનો શુદ્ધ સ્વભાવ જેની મહિમા છે. એ મહિમા છે. આહાહા..!

મુમુક્ષુ :– પુણ્યની મહિમા ક્યાં ગઈ?

ઉત્તર :– પુણ્ય-ફુણ્યની મહિમા ધૂળમાં ગઈ. એ ક્યાં હતી? આહાહા..! પુણ્ય ધૂળ લઈને પાછા મરીને જાય, નરકના કીડા થાય. મોટા રાજા-મહારાજા. આહાહા..! એક પડદો પડ્યો એટલે ખલાસ. અહીં મોટા ચક્રવર્તી રાજા દેખાતા હોય. બ્રહ્મદત્ત જેવા લ્યોને. આંખ મીંચીને જાય હેઠે. લોઢાના ગોળા જેમ પાણીમાં મૂકો અને હેઠે પડે, એમ એ ચૈતન્ય અજ્ઞાનના ભાવથી ભારે થયેલો, સ્વભાવને ભૂલેલો, પુણ્યના ભાવના ફળમાં ભોગવટામાં પડેલો, પાપના ભાવના સોજા કરી, પૃથ્વીને તળે નીચે જાય છે. ... એટલે શું? વિકારભાવ. આહાહા..!

જેણે આત્માના તેજને પ્રગટ કર્યું છે, એ પુણ્ય, એ પવિત્રતા. જેનો શુદ્ધ સ્વભાવ મહિમા છે. પુણ્યની મહિમા નથી, પુણ્યના ફળની મહિમા નથી. એક સમયની પર્યાયમાં મહિમા પણ ત્રિકાળીનો મહિમા કર્યો, એનાથી પર્યાય પ્રગટ થઈ જે એનો શુદ્ધ સ્વભાવ એનો મહિમા છે. શુભાશુભ પરિણામનો મહિમા છે નહિ. કામ ભારે મોંઘું, કામ ભારે ફળવાળું. આહાહા..! દુનિયા, દુનિયાની પડે તું તારું કર એમ કહે છે. તારો ભાવ સ્વભાવ અંદર પાતાળમાં ભરેલો છે. આત્માના તળમાં બધું ભર્યું છે. સમજાણું કાંઈ? એની સામું જોતાં, જોનાર દશા છે. જોવે છે, ધ્યેય કરે છે ધ્રુવને. એવા સ્યાદ્‌વાદથી જેણે જ્ઞાનના તેજને પ્રગટ કર્યું છે. જે આનંદ સહિત જ્ઞાનના તેજ પ્રગટ્યા છે અને જેનો શુદ્ધ સ્વભાવ મહિમા છે. મોહરહિત કરવું છે ને? લ્યો આનું નામ ધર્મ. ભારે!

એવો **'उदिते मयि इति'** **'આ પ્રકાશ (જ્ઞાનપ્રકાશ) જ્યાં મારામાં ઉદય પામ્યો છે,...'** શબ્દ તો આમ છે. **'प्रकाशे उदिते मयि इति'** **'ઉદય પામ્યો છે, ત્યાં...'** એમ આવો પ્રકાશ ઉદયમય, મારામાં ઉદય પામ્યો છે ત્યાં. આહાહા..! સમજાણું કાંઈ? ચૈતન્યને અંદરમાંથી ઢંઢોળ્યો. આનંદના ધામને અંતરમાંથી જાગૃત કર્યો. કહે છે કે આ પ્રકાશ મારામાં ઉદય પામ્યો છે. અહો..! અમે જ્ઞાનના તેજ અને આનંદના તેજના સ્વરૂપી છીએ. અમે વિકલ્પ

અને રાગાદિ નથી. આવું જ્યાં સમ્યગ્દર્શન, જ્ઞાનમાં પોતાનો આત્મા ઉદય પામ્યો, પ્રગટ થયો, એ પર્યાય છે.

**'જ્યાં મારામાં ઉદય પામ્યો છે, ત્યાં बन्ध-मोक्ष-पथ-पातिभिः अन्य-भावैः किम्'** અરે..! આમ બંધ થાય, આમ મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ ને કષાય એવા વિકલ્પથી અમારે શું કામ? અને મોક્ષના પંથમાં સમ્યગ્દર્શન આ કહેવાય, જ્ઞાન આ કહેવાય, ચારિત્ર આ કહેવાય, એવા વિકલ્પના મોક્ષપંથના પક્ષવાળો વિકલ્પ એનાથી અમારે શું કામ છે? કહો, સમજાણું કાંઈ? આહાહા..! ક્યાં સુધી લાવ્યા? જોયું! પુણ્ય પાપથી તો શું કામ છે? સંયોગથી તો શું કામ છે? પણ બંધપથ અને મોક્ષપથ એમાં આવતા ભેદો-વિકલ્પો એનું શું કામ છે? બંધ પણ એક પર્યાય છે અને મોક્ષના માર્ગની પણ એક પર્યાય છે. એ પર્યાય ઉપરના લક્ષે વિકલ્પો થાય કે આ સમ્યગ્દર્શન છે, આ સમ્યગ્જ્ઞાન છે અને સમ્યક્ચારિત્ર છે. એવા પંથમાં આવતા વિકલ્પો, એનું અમારે શું કામ છે? આહાહા..! કહો, સમજાણું કાંઈ?

**'बन्ध-मोक्ष-पथ-पातिभिः अन्य-भावैः किम्' 'અન્યભાવોથી મારે શું પ્રયોજન છે?'** આહાહા..! આત્મા અંદરમાં રમતે ચડ્યો, આત્માના સ્વરૂપનું ભાન થઈ અને અંતરમાં રમતે ચડ્યો. ચારિત્ર સહિતની વાત છે ને આ? કહે છે કે અમારો ભગવાનઆત્મા, અમારા અંતરમાંથી જ્યાં સ્વભાવનો સાગર ઉછળ્યો છે, હવે અમારે બંધ અને મોક્ષમાં પડતા ભેદોનું શું કામ? અમે તો અભેદ ચિદાનંદ આત્મા છીએ ત્યાં અમારી દૃષ્ટિ પડી છે. જુઓ! આવ્યું કે નહિ આમાં? ધ્રુવનું આવતું નથી. .. આવે છે કે નહિ આમાં? એય..! 'વજુભાઈ'! આહાહા..! અહીં તો પર્યાયમાં બંધ અને મોક્ષ એવા ભેદો અને મોક્ષમાં પણ દર્શન-જ્ઞાન અને ચારિત્ર, એવા ભેદો, એના ભેદના વિકલ્પો, શું કામ છે? અમે તો ચૈતન્ય અભેદ આનંદઘન છીએ. એમાં અમારો આત્મા અભેદથી પ્રગટ થયો છે. અરે...! બંધ અને મોક્ષના પંથ. આહાહા..! મોક્ષનો પક્ષ. બંધ તો ઠીક. એમાં **'पातिभिः'** પડનારા, આવનારા. આ સમ્યગ્દર્શન કહેવાય, આ સમ્યગ્જ્ઞાન કહેવાય, આ સમ્યક્ચારિત્ર–સ્થિરતા કહેવાય, એવા ભેદના વિકલ્પથી અમારે શું કામ? આહાહા..! જુઓ! પંચમકાળના આચાર્ય, મુનિ. આ પંમચકાળના છે. આ તો હજી નવસો-હજાર વર્ષ પહેલા થયા છે. આહાહા..!

ભગવાન અંદર આનંદના જ્ઞાનના સ્વભાવથી ભરેલો, મારો મહિમા તો શુદ્ધ સ્વભાવથી છે. આહાહા..! મારો મહિમા કોઈ કર્મ ઘટ્યા અને વધ્યા, પુણ્ય પાપના ભાવ થયા અને વધ્યા-ઘટ્યા એનાથી મારું શું કામ? મારે બંધ અને મોક્ષની પર્યાયના ભેદોનું શું કામ? એમ કહે છે. સમજાણું કાંઈ? જે કરવું છે, જે ધ્યેયને પકડવું એમાં તો કોઈ બંધ મોક્ષની પર્યાય અને ભેદ છે નહિ, એમ કહે છે. આહાહા..! 'સુમનભાઈ'! આવો માર્ગ છે. જે કર્યા વિના ક્યાંય ધૂળમાં પણ સુખ નથી.

મુમુક્ષુ :– ખાત્રીબંધ વાત છે.

ઉત્તર :– ખાત્રીબંધ હશે કે કેવી હશે? આહાહા..!

અંતરના ઉમળકાની ખાત્રી થઈ છે એની વાત છે. એય...! જોયું! બહારમાં કેવું થાય છે. કેટલું સંભાળવું પડે છે પણ એને? સવારે ઉઠે, બે ગોળી આની લેવી અને બે ગોળી આની લેવી. અરે..રે..! આ તો ... એ પણ સરખું રહે નહિ. આહાહા..! ગોળી શેની? અહીં તો અભેદની ગોળી જ્યાં લીધી, અખંડાનંદ પ્રભુ અભેદ છે એ દૃષ્ટિ કરીને ઠર્યો, બધું થઈ ગયું હવે અમારે કાંઈ કરવું નથી. ભગવાનઆત્મા અંદર સચ્ચિદાનંદ ધ્રુવ, સમજાણું કાંઈ? શું કળશો મૂક્યા છે! ઓહોહો..!

**'बन्ध-मोक्ष-पथ-पातिभिः अन्य-भावैः किम्'** અમારે એવા ભેદોથી એટલે એવા વિકલ્પથી શું પ્રયોજન છે? અમારું પ્રયોજન તો અભેદ સ્વભાવના આશ્રયે પ્રગટ થાય છે. **'નિત્ય જેનો ઉદય રહે છે...'** ધ્રુવ ત્રિકાળી સ્વભાવ જે છે એ તો નિત્ય ઉદય જ છે. **'नित्य-उदयः'** જુઓ! કાયમ રહેનારો છે અને વસ્તુ તો અંદર નિત્ય પ્રગટ જ છે.

મુમુક્ષુ :– નિત્ય આવ્યું હતું ને ધ્રુવ પણ સાથે હતું.

ઉત્તર :– નિત્ય અને ધ્રુવ બન્ને આવ્યું. કાયમ રહેનારો એ સ્વભાવ છે. ભૂતાર્થ.

મુમુક્ષુ :– ૧૧મી ગાથા.

ઉત્તર :– ૧૧મી ગાથા. કહો, સમજાણું કાંઈ? ૧૧મી ગાથામાં એ હતો. **'भूदत्थमस्सिदो खलु'** આહાહા..! આવી વસ્તુ! કહો, સમજાણું કાંઈ? ઓઘે પણ અંદર મહિમા તો કરે. આહાહા..! આવી ચીજ! મૂકને હવે પડતી બીજી વાત. આ પ્રભુ આવો આત્મા છે, એની મહિમા કરીને ઠર, એ જ કરવાનું છે, બાકી કાંઈ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? બાકી બધા દુઃખના પંથે વળવાનું છે. અરે..! મારો તો નિત્ય ઉદય છે. ભગવાન નિત્ય. આ સૂર્ય સવારમાં ઊગે, બપોરે વળી માથે આવે, સાંજે વળી નમી જાય. અહીં નમે નહિ, કહે છે. એમ ને એમ ત્રિકાળ સ્વભાવ. જ્ઞાયક સ્વભાવભાવ, ધ્રુવ સ્વભાવભાવ, ભૂતાર્થ સ્વભાવભાવ નિત્ય પ્રગટ જ છે.

**'अयं स्वभावः'** તે કેવો? **'परम् अयं स्वभावः स्फुरतु' 'નિત્ય જેનો ઉદય રહે છે એવો કેવળ આ (અનંત ચતુષ્ટયરૂપ) સ્વભાવ જ મને સ્ફુરાયમાન હો.'** આ તો પર્યાય પ્રગટ થઈ એને હવે કહે છે. એવો ઉદય એવો **'કેવળ આ (અનંત ચતુષ્ટયરૂપ) સ્વભાવ જ મને સ્ફુરાયમાન હો.'** અહીં પૂર્ણ વાત કીધીને ઓલી પૂર્ણ? એ અમને પ્રગટ હો. આહાહા..! જે પ્રગટ્યું એ પ્રગટ્યું. કાયમ એવું રહેવાનું. એમ આ તો એક ભવમાં કેટલા .. થાય? પૈસાવાળા ને આબરૂવાળાને કેટલા .. થાય? ઘડીકમાં મોળા પડી જાય, ઘડીકમાં ઓલા થઈ જાય. પૈસા આવે તો? પૈસા આવે તો લાકડી હાથમાંથી વઈ જાય. પૈસા જાય તો હાથમાં લાકડી લેવી પડે. કડ ભાંગી જાય, કડ. નરમ પડી જાય. આહાહા..!

મુમુક્ષુ :– સત્તા..

ઉત્તર :– ધૂળનો પણ નથી. અજ્ઞાની મફતનો માને છે. આહાહા..! પ્રભુ! તારા સ્વભાવની મહિમા આગળ કોની મહિમા કરીએ? આહાહા..! એવી વસ્તુ તારી પોતાની છે, કહે છે. નિજ નિધાનને જોતાં, જે અંતર ઠરતા જે આવી નિત્ય દશા પ્રગટ થાય, જેનો નિત્ય ઉદય રહે એટલે કેવળજ્ઞાન થયું એ થયું. અનંત આનંદ થયો એ થયો.

**'એવો કેવળ આ (અનંત ચતુષ્ટયરૂપ) સ્વભાવ જ મને સ્ફુરાયમાન હો.'** બસ, પર્યાયમાં પ્રગટ થાઓ. ... સાધક સ્વભાવ તો છે માટે આ થાવ. એમ લ્યો, આ માગણી. કોની પાસે? આત્મા પાસે. અમારો આત્મા નિત્ય ડોલાયમાન આનંદથી ભરેલો છે. એનું પરિણમન તો છે અમને છે, પણ હવે એવી દશા પ્રગટ થાવ કે જે દશા નિત્ય રહો. સમજાણું કાંઈ? આવો સ્વભાવ, આવો માર્ગ એને હજી પહેલો સમજવો જોઈએ, જાણવો જોઈએ, શ્રદ્ધવો જોઈએ, હજી ઠરવું જોઈએ. આ કરવાનું (છે). આ મૂકીને એકલા બહારના ઝઘડા છે, ભાઈ! ... એવી તકરાર ચાલે છે. ઓલો કહે કે ઝઘડો મારે કરવો જ છે. કારણ કે ઓલાએ સામે આમ કર્યું તો અમારે પણ આમ કરવું છે. ભાઈ! અત્યારે રહેવા દો. કહે, નહિ. ઓલો બચાવ કરનાર ખૂબ લખાણમાં એ જ ચાલે. જે બાજું વળ્યું એ વળ્યું. આહાહા..! અરે..! જ્ઞાનનો રથ ચલાવને. જ્ઞાનરથ એટલે ઓલા પૈસા-બૈસા બચે તો પછી ... પાઠશાળા બનાવવી. આહાહા..! બાપુ! આ તો પૈસાની જરૂર ન મળે. જેમાં વિકલ્પની મદદની જરૂર ન મળે. શરીર નિરોગી-સરોગી હોય એની પરવાહ ન મળે. સરોગી-નિરોગીની પરવાહ ન મળે. એવો આત્મા અંદર સચ્ચિદાનંદ પ્રભુ જાગતી જ્યોત ઉદય પડ્યો જ છે કહે છે, નિત્ય ઉદય જ છે. એને પર્યાયમાં ઉદય નિત્ય કર. આ વિના બધું સમજવા જેવું છે. સમજવું, સમજાવવું એ બધા વિકલ્પ પડતા મૂકને. આ કર.

મુમુક્ષુ :– પ્રભાવના થાય.

ઉત્તર :– શેની પ્રભવાના? સ્વભાવની આંહીં (અંદર) થાતી હશે કે બહાર થતી હશે? એય...! 'ચેતનજી'! શું હશે આ? પ્રભાવના બહારમાં થાય ને? શું થાય? આહાહા..! તું તારો આનંદ સાગર પ્રભુ છો એમાં જા, બધી પ્રભાવના થઈ ગઈ. બહારમાં દુનિયા માને, ન માને, સમજે એની યોગ્યતા હશે તો સમજશે. એમ કહે છે અહીં. જુઓને! અહીં બંધ-મોક્ષના પડનારા વિકલ્પથી અમારે શું કામ છે? એમ કહે છે. આહાહા..! આવો સમય આવ્યો તારો, ભાઈ! આહાહા..! ભવના અભાવના ટાણા મળ્યા. હવે લક્ષ્મી ચાંદલો કરવા આવી છે. માથું સરખું રાખ. માથું એટલે ધ્રુવને સરખો રાખ દૃષ્ટિમાં હવે બરાબર. 'વજુભાઈ'!

**'એવો કેવળ આ (અનંતચતુષ્ટયરૂપ) સ્વભાવ જ મને...'** કેવળ એટલે એકલો આ. બીજો અપૂર્ણતા નહિ, સ્વર્ગ નહિ. છેલ્લી ગાથાઓ છે ને? અહીં તો આચાર્ય છે એટલે સ્વર્ગમાં જવાના. પાંચમાઆરાના સાધુ છે. સમજાણું? એટલે પૂર્ણ થશે નહિ. પણ અમારે તો આ જોઈએ, બાકી કાંઈ જોઈતું નથી. વચ્ચે ધર્મશાળા તરીકે સ્વર્ગ આવો પણ એ ચીજ

અમારી નહિ. આહાહા..! જુઓ! આ છેલ્લા કળશો પોકારતા જાય છે, હોં! આચાર્ય પોતે પોકાર કરે છે. ૧૭૧ શ્લોકમાં કહ્યું ને? સ્વર્ગના જે સુખો મોક્ષના અંતરાય કરનારા છે. આહાહા..! ઓલો એક જણો કહે કે, મહારાજ! તમે આવું કહો પણ અમને સ્વર્ગના સુખ તો એકવાર ભોગવવા દો. પુણ્ય કરશે તો સ્વર્ગ ભોગવશે. 'બોટાદ'ના ઓલા હતા ને? સલોદ... ઓલા નાગલપર.. એનો દીકરો હતો. એનો બાપ પણ ... ઓલો હતો ને ... એનો બાપ હતો. ... એ એકવાર ત્યાં આવ્યો હતો. એ આ છોકરો કહેતો હતો. ત્યાં એકવાર આવ્યો હતો કે તમે આ ધર્મ-ધર્મને આવું કહો છો. પણ પુણ્ય તો કરવા દો, પુણ્યથી પહેલા સ્વર્ગમાં જશે સુખ તો ભોગવશે બિચારો. પછી જાશે મોક્ષ. એને હજી સ્વર્ગના સુખ ભોગવવા છે. આહાહા..! જેલ છે, અંગારા છે. આહાહા..! લખ્યું છે ને. 'પંચાસ્તિકાય'માં બે શબ્દ ત્યાં છે, હોં! ૧૭૧માં. એ અંગારા અને અંતરાય, અંગારા અને અંતરાય. આહાહા..!

**'એવા સ્વર્ગલોકને કે જે સાક્ષાત મોક્ષને અંતરાયભૂત છે. અને સંપ્રાપ્ત કરીને સુચિરકાળપર્યંત...'** ઘણો કાળ સુધી, રાગરૂપી અંગારાથી શેકાતો થકો. દેવમાં રાગરૂપી અંગારાથી શેકાય, તમારા પૈસાવાળાની શું વાતું કરવી? એ તો હડહડતા અંગારાથી શેકાય છે, એમ કહે છે.

મુમુક્ષુ :– મોજ માને છે.

ઉત્તર :– ધૂળેય મોજ નથી ન્યાં. લાત મારીને મોઢું લાલ કરે. થપાટ મારીને લાલ કરે. મોઢું લાલ કરે. લોહી ઓલું થઈ ગયું હોય ને તો એ થપાટ મારીને લાલ રાખે. પણ એ ક્યાં રહે છે? કહે છે કે નહિ? તમાચો મારીને. એનો અર્થ કે મોઢું ફીક્કું હોય ને તો ગાલે ચોપડીને આવે. શું કહેવાય એને? પાવડર. મૂળ તો શરીરની નરમાશ અને કુણાશ નથી એટલે કૃત્રિમ કરીને પણ રાખે. થોડું ફિકાશ જેવું હોય તો તમાચો મારે એટલે ઓલું લોહી બહાર આવે. અરે..! લોહી નથી. એમ આ જગતના સુખો તમાચા મારીને સુખી છીએ એમ માનનારા છે. પાપના અંગારામાં શેકાય છે. આહાહા..! એમ હશે? આ તમને તો બધા પૈસાવાળા બહુ કહે છે. કેટલો પગાર? આઠ હજારનો પગાર, લ્યો. એ વાતું કરે છે. એના બાપને પણ ખબર નહિ હોય કેટલો પગાર હશે. વાતું કો'ક કરે. મારી પાસે ક્યાં ન્યાં... કે આઠ હજારનો, દસ હજારનો પગારમાં લઈ ગયા હતા. ... ફલાણું કર્યું. ઓલાને ગલગલિયા થઈ ગયા. આહાહા..! એક વર્ષના લાખ રૂપિયાનો પગાર! મહિનાના આઠ હજાર. શું છે પણ એ લાખમાં? લાખમાં રાખ છે. આહાહા..!

એ શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિમાં આનંદનો પગાર જ્યાં ચડે છે, એની કાંઈ કિંમત જ નથી એવી વાત છે કહે છે. એ અહીં કહે છે કે અમને તો... આહાહા..! અરે..! આત્મા સ્વર્ગમાં જાશે. કારણ કે પૂર્ણપદ પ્રાપ્ત થયું નથી. અત્યારે આ કાળ એવો થશે. પણ અહીં તો માગે છે એ જુઓને. એ .... કહ્યું? અહીં એ કહે છે. છેલ્લી વસ્તુની સ્થિતિ કહે છે.

ઓહોહો..! અરે..! મોક્ષપંથની અંદર આવો એક વિકલ્પ રહી જાય છે. આથી એને પુણ્યબંધ થઈને સ્વર્ગમાં ભવ થશે. એ અંગારામાં શેકાવાનો છે. આ કહે છે, ઇન્દ્રના સુખો છે. ધૂળેય નથી, સાંભળને. સુખ તે આત્મામાં હોય કે સુખ બહાર હોય? બહુ રૂપાળી ઇન્દ્રાણી હોય ને? અને આ શું કહેવાય? ધાનના ઢોકળા ખાતા ન હોય. ધાન-બાન ન હોય. આ તો ધાન ખાય એટલે સારું લાગે અને બે દિ' ન ખાય તો ઉં.. ઉં... જાય. ઓલા તો ધાન વિના રૂપાળા શરીર. આહાહા..! ધૂળેય નથી બધા અંગારે સળગ્યા છે, સાંભળને! આચાર્ય પોકાર કરતા જાય છે, હોં!

કહે છે, અમને કેવળ આ એક હો. અમને સ્વર્ગના ભવ અને સ્વર્ગ અમારે જોતું નથી. સમજાણું કાંઈ? બાપુ! ધર્મના રસ્તા આકરા, જુદા છે. એ દુનિયા કાંઈ માની બેસે એવો ધર્મ નથી. ધર્મીજીવને તો આત્માના આનંદ આગળ ક્યાંય ચેન પડે નહિ. ભલે રાગમાં પડ્યો હોય. સમજાણું કાંઈ? આત્માનો આનંદ છે એવું ભાસ્યું છે ને? એવું શ્રદ્ધા, જ્ઞાનમાં ભાસ્યું છે ને? સ્વાદમાં. ક્યાંય ચેન પડે નહિ એને. ક્યાંય ચેન પડે નહિ. વિષયની વાસના, માનનો વિકલ્પ ઝેર જેવો, કાળા નાગ જેવો લાગે. કાપી નાખો.. કાપી નાખો.. આહાહા..! ઓલો છોકરો નથી? 'પાલિતાણા'. બાર વર્ષનો બિચારો છોકરો ભગવાનની પૂજા કરીને બેઠો હતો. બે બાજુ બે બહેનો બેઠી હતી. સર્પ આવ્યો, કાળો નાગ પાછળથી આવ્યો. કોણીએ ડંખ્યો. હમણા મહિનો થયો. આમ ઊંચું કર્યું તો પાછળથી નાગ આવ્યો. વડમાંથી ક્યાંકથી નીકળ્યો. કાપી નાખો અહીંથી. કોણ કાપે? નીચે ઉતાર્યો ત્યાં થઈ રહ્યું. લીલું શરીર થઈ ગયું, ઝેર ચડી ગયું અને મરી ગયો. હમણા 'પાલિતાણા'માં બન્યું. ભગવાનની પૂજા-ભક્તિ કરી. શું કરે? આહાહા..!

મુમુક્ષુ :– ભગવાને પણ સામું ન જોયું?

ઉત્તર :– ભગવાન કોણ ભગવાન? ભગવાન ક્યાં? ભગવાન તો અહીં છે. તારો ભગવાન તો તું છો. તારો ભગવાન એ ભગવાન નથી કાંઈ. આહાહા..! અને પૂજા-ભક્તિનો ભાવ હોય એ તો એક શુભ વિકલ્પ છે. તે પાછી કર્તાબુદ્ધિ હોય, મિથ્યાત્વભાવ બધું ભેગુ પડ્યું હોય. એમાં શું ક્યાં કયે ત્રાજવે એનું પુણ્ય તોળાય? લોકો એમ કહે કે આહાહા..! પૂજા કરી, અને છોકરો કેવો ભાગ્યશાળી, અહીં બેઠો ને ફટ્ ઊડી ગયો. વળી જાત્રા કરીને, ઉપર બેસી જાત્રા કરીને આવ્યો. અરે..! ધૂળેય જાત્રા નથી. જાત્રા તો આત્મા આનંદ સ્વરૂપમાં આરૂઢ થાય એ જાત્રા છે. એ તારું તીર્થ અહીં છે. બહાર તીર્થ નથી. એ તો શુભ વિકલ્પ આવે. અશુભથી બચવા માટે એમ શાસ્ત્રમાં આવે. અશુભ વંચનાર્થે, એમ આવે છે ને? શુભમાં અશુભ નથી તે વખતે. એ જાતના ચારિત્રનો (વિકલ્પ આવે).

ભગવાન અહીં તો પોકાર કરે છે, અમને તો નિત્ય ઉદય રહે **'એવો કેવળ આ (અનંતચતુષ્ટયરૂપ) સ્વભાવ જ મને સ્ફુરાયમાન હો.'** જે શક્તિમાં છે, સ્વભાવમાં છે એ

બહાર પ્રગટ થઈ જાવ. બસ. પડદો છૂટીને બહાર પ્રગટ થાવ. અમારે બીજું કાંઈ જોઈતું નથી. કહો, પંડિતજી! આહાહા..! આવું પછી સંભાળ.. દેહ છોડતા હશે તો સંભાળ નહિ દેતા હોય બીજાને? ભાઈ! મારી પાછળ તમે આ કરજો. આચાર્યપદ રાખજો.

મુમુક્ષુ :– ભલામણ તો કરે.

ઉત્તર :– અહીં તો કહે એ વિકલ્પ અમારે જોઈતો નથી. સમજાણું કાંઈ? આહાહા..! કોને કરવી ભલામણ? ભલામણ કરનારો અંદર પોતે છે. ભાઈ! હવે જાવ છું. ..... કહે છે, એવા વિકલ્પથી અમારે શું કામ છે? સમજાણું કાંઈ? અમે જ્યાં છીએ ત્યાં ઠરીએ અને પૂર્ણ પ્રગટ થાઓ, એ સિવાય અમારે શું પ્રયોજન?

**'ભાવાર્થ :– સ્યાદ્‌વાદથી યથાર્થ આત્મજ્ઞાન થયા પછી...'** જુઓ! જેવું આત્માનું સ્વરૂપ સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવે કહ્યું એવું સ્વરૂપ. યથાર્થ ..... દ્રવ્યે નિત્ય, પર્યાયે અનિત્ય. ગુણો શાશ્વત છે એમ જે રીતે છે એ રીતે અહીં આત્મજ્ઞાન થયું. આત્મજ્ઞાન થયું, હોં! શાસ્ત્રજ્ઞાન એમ નહિ. **'સ્યાદ્‌વાદથી યથાર્થ આત્મજ્ઞાન થયા પછી એનું ફળ પૂર્ણ આત્માનું પ્રગટ થવું તે છે.'** એને સ્વર્ગ-બર્ગ મળે એ ફળ એનું નથી કાંઈ. આહાહા..! **'એનું ફળ પૂર્ણ આત્માનું પ્રગટ થવું તે છે.'** પણ એ પૂર્ણ આત્માનું પ્રગટ થવું અને અપૂર્ણ આત્માનું પ્રગટ થવું એ બે વળી શું? આત્મા દ્રવ્ય જે ત્રિકાળ છે, એનો મોક્ષમાર્ગ એ રીતે પ્રગટ થાય, એ આત્માનું અપૂર્ણ પ્રગટ થવું છે. અને કેવલ્ય દશા આદિ થાય એ આત્માનું પૂર્ણ આત્માનું પ્રગટ થવું છે. આત્મા પ્રગટતો હશે? આ તો .. એનું ફળ..

**'આત્મજ્ઞાન થયા પછી એનું ફળ પૂર્ણ આત્માનું પ્રગટ થવું તે છે. માટે મોક્ષનો ઇચ્છુક પુરુષ...'** 'કામ એક આત્માર્થનું...' આવે છે ને? 'બીજો નહિ મન રોગ..' રોગ-રોગ, મનનો બીજો રોગ નહિ. અહીંથી કાંઈક મળશે, અહીંથી સ્વર્ગમાં જાઈશું, આમ છે. આહાહા..! કહે છે, **'મોક્ષનો ઇચ્છુક પુરુષ...'** એકલો પૂર્ણ પવિત્રતા. એની જેને ઇચ્છા (છે). છતાં એ ઇચ્છાથી કાંઈ આવતું નથી. પણ ઇચ્છા વિકલ્પ આવે છે. **'એ જ પ્રાર્થના કરે છે કે– મારો પૂર્ણ સ્વભાવ આત્મા મને પ્રગટ થાઓ;...'** લ્યો ઠીક. મારો પૂર્ણ સ્વભાવ આત્મા મને પ્રગટ થાવ. જેવો પૂર્ણ સ્વભાવ વસ્તુમાં છે, અનંત જ્ઞાન-દર્શન-આનંદ પૂર્ણ સ્વરૂપ છે, એવો અમને વર્તમાન દશામાં પ્રગટ થાઓ. જેવો છે એવો થાઓ. છે તેવો થાવ. છે તેવું થવું છે. નથી તેવું થવું એમ છે નહિ. સમજાણું કાંઈ? માર્ગ તો આકરો ભાઈ આ. આ સમજવો કઠણ પડે. અહીં તો સામાયિક કરવી, પોષા કરવા. 'શાંતિભાઈ'! સામાયિક કરવી, પોષા કરવા, પડિકમણા કરવા, જાત્રા કરવી, પર્યુષણના આઠ દિવસના અપવાસ કરવા. એ બધું આમાં ક્યાંય આવ્યું નહિ. એ તો વિકલ્પ છે. આહાહા..! જેને તો લોકો સંવર ને ધર્મ માને છે.

ચૈતન્ય ચમત્કાર વસ્તુ સૃષ્ટિના લક્ષમાં નથી. 'શ્રીમદ્' કહે છે ને? 'ગુપ્ત ચૈતન્ય ચમત્કાર

વસ્તુ સૃષ્ટિના લક્ષમાં નથી.' ભગવાનઆત્મા અંદરમાં દ્રવ્ય સ્વભાવે ગુપ્ત ચમત્કાર અંદર પડ્યો છે. આહાહા..! જેની પર્યાયમાં એકાગ્ર થતાં, પર્યાયથી એકાગ્રતા થતાં જેનો ચમત્કાર બહાર આવે, એવો ગુપ્ત ચમત્કાર પ્રભુ આત્મા છે. એવો ચમત્કાર દુનિયામાં બીજી કોઈ ચીજ છે નહિ. આહાહા..! બેસે કેમ પણ? જેને બીડી વિના ચાલે નહિ, તમાકુ વિના ચાલે નહિ. એક ચપટી તમાકુ આવે ત્યાં વૈકુંઠ દેખે અંદર. આહાહા..! ઉપરથી તૃપ્તિ થઈ ગઈ. અરે..! આવા પામરને આવી પ્રભુતા કેમ બેસે? જે વિષય આદિના ભાવમાં રંગાણો, એને વિષય વિનાની ચીજનો રંગ કેમ લાગે? આહાહા..! સમજાણું કાંઈ? નાના-મોટા અનેક પ્રકારના પાંચ ઇન્દ્રિયોના વિષયો જે અનિત્ય ક્ષણિક છે, એમાં જ્યાં રંગ લાગ્યો, રંગ લાગ્યો, એને આ ચૈતન્યના વિકાર વિનાના સ્વભાવનો રંગ કેમ લાગે? અને જેને આ રંગ લાગ્યો એને બીજો રંગ કેમ લાગે હવે? આહાહા..! સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, **'મારો પૂર્ણસ્વભાવ આત્મા મને પ્રગટ થાઓ; બંધમોક્ષમાર્ગમાં પડતા અન્ય ભાવોનું મારે શું કામ છે?'** આહાહા..! શાસ્ત્ર રચવું, આ લોકો સમજે એવા વિકલ્પનું અમારે શું કામ છે? કહે છે. જુઓ તો ખરા. ... છે ને અંદર. સમજાણું કાંઈ? એ વાત ૨૬૯ માં કરી.

હવે નયની અનેકતાના વિકલ્પોને તોડવાની વાત કરે છે. આ બંધ અને મોક્ષના ભેદના વિકલ્પોની સાથે અમારે શું કામ છે? અમે તો અભેદસ્વરૂપ ચૈતન્ય છીએ. એનો આશ્રય લઈને અમને તો પૂર્ણ દશા પ્રગટ થાવ એ સિવાય બીજું અમારે છે નહિ.

હવે ૨૭૦ શ્લોક.

## શ્લોક-૨૭૦

(वसन्ततिलका)

**चित्रात्मशक्तिसमुदायमयोऽयमात्मा**
**सद्यः प्रणश्यति नयेक्षणखण्डयमानः।**
**तस्मादखण्डमनिराकृतखण्डमेक-**
**मेकान्तशान्तमचलं चिदहं महोऽस्मि।।२७०।।**

**'જોકે નયો વડે આત્મા સધાય છે તોપણ જો નયો પર જ દૃષ્ટિ રહે તો નયોમાં તો પરસ્પર વિરોધ પણ છે, માટે હું નયોને અવિરોધ કરીને અર્થાત્ નયોનો વિરોધ મટાડીને આત્માને અનુભવું છું' - એવા અર્થનું કાવ્ય હવે કહે છે :–**

**શ્લોકાર્થ :– [ चित्र-आत्मशक्ति-समुदायमयः अयम् आत्मा ] અનેક પ્રકારની નિજ શક્તિઓના સમુદાયમય આ આત્મા [ नय-ईक्षण-खण्डयमानः ] નયોની દૃષ્ટિથી ખંડખંડરૂપ કરવામાં આવતા [ सद्यः ] તત્કાળ [ प्रणश्यति ] નાશ પામે છે; [ तस्मात् ] માટે હું એમ અનુભવું છું કે - [ अनिराकृत-खण्डम् अखण्डम् ] જેમાંથી ખંડોને *નિરાકૃત કરવામાં આવ્યા નથી છતાં જે અખંડ છે, [ एकम् ] એક છે [ एकान्त-शान्तम् ] એકાંત શાંત છે (અર્થાત્ જેમાં કર્મના ઉદયનો લેશ પણ નથી એવા અત્યંત શાંત ભાવમય છે) અને [ अचलम् ] અચળ છે (અર્થાત્ કર્મના ઉદયથી ચળાવ્યું ચળતું નથી) એવું [ चिद् महः अहम् अस्मि ] ચૈતન્યમાત્ર તેજ હું છું.**

**ભાવાર્થ :– આત્મામાં અનેક શક્તિઓ છે અને એક એક શક્તિનો ગ્રાહક એક એક નય છે; માટે જો નયોની એકાંત દૃષ્ટિથી જોવામાં આવે તો આત્માના ખંડ ખંડ થઈને તેનો નાશ થઈ જાય. આમ હોવાથી સ્યાદ્વાદી, નયોનો વિરોધ મટાડીને ચૈતન્યમાત્ર વસ્તુને અનેકશક્તિસમૂહરૂપ, સામાન્યવિશેષસ્વરૂપ, સર્વશક્તિમય એકજ્ઞાનમાત્ર અનુભવે છે. એવું જ વસ્તુનું સ્વરૂપ છે, એમાં વિરોધ નથી. ૨૭૦.**

---

**‘જોકે નયો વડે આત્મા સધાય છે...’** શું કહે છે? આત્મામાં અનંતાગુણો છે, તો એક-એક નયથી, એક-એક ગુણ સિદ્ધ થઈ શકે છે. જ્ઞાનનયથી જ્ઞાન, શ્રદ્ધાનયથી શ્રદ્ધા એમ વગેરે. એક-એક ગુણ એક-એક નયથી સિદ્ધ થઈ શકે છે. નયો વડે આત્મા સધાય છે તો પણ જો નયો ઉપર જ દૃષ્ટિ રહે તો નયોમાં તો પરસ્પર વિરોધ પણ છે. નિત્ય છે, અનિત્ય છે, એક છે, અનેક છે. એ તો વિરોધ પણ છે. સમજાણું? અને એ અનેક વિરોધી શક્તિઓ છે, એવી શક્તિઓ ન જાણે, ન કહે તો વાદવિવાદ ઊભો થાય. નિત્ય છે, તો નિત્યને જાણે શી રીતે? તો અનિત્ય પણ છે. અનિત્ય છે તો ક્ષણિક છે. તો કોને જાણે? ત્રિકાળ નિત્યને. એમ એક-એક નયને જાણતા, બીજો નય તો જણાવા યોગ્ય છે પણ એ જણાતા જો બીજો નય ન કહે તો વાદ અને વિવાદ ઉત્પન્ન થાય. હવે એ વાદવિવાદ ઉત્પન્ન ન થાય માટે અનેક નયોથી વસ્તુને સિદ્ધ થાય, છતાં એ નય ઉપરના ભેદ ઉપર દૃષ્ટિ રહે તો પણ અભેદનો અનુભવ થાય નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

નયો ઉપર દૃષ્ટિ એટલે છે તો ખરું એમ કહે છે. આત્મા નયો વડે સધાય એમ કીધું ને? અંદર છે તો ખરા. અંદર અનંતગુણોના નયથી એ સિદ્ધ થાય છે. એકાંતે એકલું નય-નય કહે તો વાદ ઉત્પન્ન થાય. આત્મા શુદ્ધ છે? હા. પર્યાય અશુદ્ધ છે? કહે ના. પર્યાય

---

* નિરાકૃત = બહિષ્કૃત; દૂર; રદબાતલ; નાકબૂલ.

અશુદ્ધ છે. આમ વિરોધ આવ્યું. અને પર્યાય અશુદ્ધ જો ન કહે, તો શુદ્ધ છે તો વર્તમાન પવિત્ર શુદ્ધ છે પર્યાયમાં? એ વાદ ઊભો થાય છે. સમજાણું કાંઈ?

**'જોકે નયો વડે આત્મા સધાય છે...'** એમ સિદ્ધ કરવું છે. પરસ્પર વિરોધ નયો હોવા છતાં, તેથી તો વસ્તુ એક-એક વિકલ્પથી સાબિત થાય, **'તોપણ જો નયો પર જ દૃષ્ટિ રહે તો નયોમાં તો પરસ્પર વિરોધ પણ છે,...'** એક નયે નિત્ય કહે, બીજી નયે અનિત્ય કહે. એક કહે એક છે, બીજી કહે અનેક છે, એમ કહે. સમજાણું? તો પરસ્પર તો વિરોધ છે. **'માટે હું નયોને અવિરોધ કરીને અર્થાત્ નયોના વિરોધ મટાડીને...'** એટલે છે એ રીતે જ્ઞાન કરીને **'વિરોધ મટાડીને આત્માને અનુભવું છું...'** એવા નયના ભેદના વિકલ્પનું મારે કામ નથી. આહાહા..! ક્યાં સુધી ગયા! કહો, સમજાણું કાંઈ?

ક્રિયાનય, જ્ઞાનનય પહેલી સ્થાપી હતી. પછી ત્યાં કહ્યું હતું તત્ત્વ પ્રગટ થાય. પછી બંધ મોક્ષમાં પડનારા વિકલ્પોથી શું કામ છે? હવે નયોના... છે ખરું એમ કહે છે, હોં! એ સ્વરૂપ .. નય વિના વસ્તુને સિદ્ધ કરવી સાબિત નહિ થાય. છે છતાં એ નયોના ભેદ ઉપર લક્ષ રહે એ તો વિકલ્પ છે. આહાહા..! આ વિકલ્પથી પણ વસ્તુ સાબિત થતી નથી. નય દ્વારા સાબિત કરી કે આમ છે. નય દ્વારા, વિકલ્પ દ્વારા. છતાં એ વિકલ્પથી વસ્તુ સિદ્ધ થતી નથી. આહાહા..! સમજાણું કાંઈ? ક્યાં લઈ ગયા, જુઓ! આહાહા..! હજી તો અહીં તો માણસ બહારથી અટક્યા. પંચમહાવ્રતથી આમ થાય, દયા, દાન, વ્રતથી આમ થાય, તપથી આમ થાય, જાત્રાથી આમ થાય. અહીં તો કહે છે, એ વિકલ્પ તો ક્યાંય એને ઘરે ગયા. વસ્તુમાં અનંતધર્મ છે. એ અનંતધર્મને એક એક નયથી એક એક ધર્મ સાબિત ન થાય, તો તો વસ્તુમાં પરસ્પર ધર્મ છે એ સિદ્ધ નહિ થઈ શકે. સમજાણું કાંઈ? અને પરસ્પર વિરોધ હોવા છતાં તેના વિકલ્પનો નાશ કરીને અવિરોધ ન કરે તો આત્માનો અનુભવ ન થાય. સમજાણું કાંઈ?

**'એવા અર્થનું કાવ્ય હવે કહે છે :–'** લ્યો. ૪૭ શક્તિઓ છે ને? એ અહીંયાં ટીકામાં એ નાખ્યું છે. આમાં કળશટીકા. પરમ અધ્યાત્મ તરંગિણી. એમાં નાખી. આ બધી ૪૭માં છે.

**चित्रात्मशक्तिसमुदायमयोऽयमात्मा**
**सद्यः प्रणश्यति नयेक्षणखण्डयमानः।**
**तस्मादखण्डमनिराकृतखण्डमेक-**
**मेकान्तशान्तमचलं चिदहं महोऽस्मि।।२७०।।**

ઓહોહો..! આ 'અમૃતચંદ્રાચાર્ય' ભરતક્ષેત્રમાં ચાલતા સૂર્ય, ચંદ્ર, સિદ્ધ, આહાહા..! લોકોએ એની પણ ઓળખાણ ન કરી. સંપ્રદાયે. આહાહા..! શું સત્ય છે એની સામે .. તુલના તો કર. અમે આ સંપ્રદાયના, આ સંપ્રદાયના વાત કરે માટે ખોટી. એમ શું કરવા

કરે છે? એ શું કહે છે? એની તુલના તો કર. એવો તું છો એવું એ કહે છે. સમજાણું કાંઈ? છે એવું કહે, ભાઈ! તને ખબર નથી. બીજા જે કહે છે એ તું છો એવું નથી કહેતા. બીજી રીતે વિકલ્પથી કહે છે. સમજાણું કાંઈ?

આ તો એકલડા.. શું કીધું? 'એકાંતે વસવું રે એક જ વાતને. .. જ્યોતિ ...' આત્માની જ્યોતિ, હોં! 'સમીપ રહે પણ મનુષ્યનો સંગ જો. એકાંતે વસવું રે એક જ આસને. એકાંતે વસવું રે એક જ...' નિર્વિકલ્પ આસન. 'ભંગ પડે તો પડે ભજનમાં ભંગ જો. ઓધવજી અબ આ તે સાધન શું કરે?' અરે..! અમે નબળી પર્યાય, એમાં આવું સાધન શી રીતે કરવું? કે એ રીતે થઈ શકે છે. એકાંત આત્મામાં જઈને, એક આસન લગાડીને આત્માનું સાધન થઈ શકે. નબળો નથી. સમજાણું કાંઈ?

**'चित्र-आत्मशक्ति-समुदायमयः अयम् आत्मा'** અભેદ ખરો ને શક્તિવાળો? **'चित्र'** નામ **'અનેક પ્રકારની...'** આત્મશક્તિ એટલે **'નિજ શક્તિઓના...'** આત્મશક્તિ એટલે નિજશક્તિ. આહાહા..! ભગવાનઆત્મા... ૪૭ શક્તિ વંચાઈ ગઈ આપણે. જીવત્વશક્તિ, ચિતિ, દશિ, જ્ઞાન, સુખ, વીર્ય, પ્રભુત્વ, વિભુત્વ, સર્વદર્શી, સર્વજ્ઞ, સ્વચ્છત્વ, પ્રકાશ, અસંકુચિતવિકાસત્વ, અકાર્યકારણત્વ, પરિણમ્ય પરિણામકત્વ, ત્યાગઉપાદાનશૂન્યત્વ, અગુરુલઘુત્વ, ઉત્પાદવ્યયધ્રુવત્વ, પરિણામ, અમૂર્તત્વ, અકર્તૃત્વ, અભોક્તૃત્વ, નિષ્ક્રિયત્વ, નિયતપ્રદેશત્વ, સ્વધર્મવ્યાપકત્વ, સાધારણાસાધારણધર્મત્વ, અનંત-ધર્મત્વ, વિરુદ્ધધર્મત્વ, તત્ત્વ, અતત્ત્વ, એકત્વ, અનેકત્વ, ભાવ, અભાવ, ભાવાભાવ, અભાવભાવ, ભાવભાવ, અભાવાભાવ, ભાવ, ક્રિયા, કર્મ, કર્તૃ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ, સ્વસ્વામિસંબંધ આદિ ૪૭ શક્તિઓ કીધી. કહો, સમજાણું કાંઈ? આહાહા..! એવી અનંત શક્તિઓ. વિરુદ્ધધર્મશક્તિ એમાં આવી હતી. અનંતધર્મશક્તિ-વિરુદ્ધધર્મશક્તિ. એ શક્તિ છે. તત્ અને અતત્. વિરૂદ્ધધર્મશક્તિ છે. એ રીતે સિદ્ધ ન કરે તો સાબિત નહિ થાય. કેમ કે એ વિરુદ્ધ શક્તિના એવા ભેદરૂપ ખંડખંડ ઉપર રહે, તો અખંડનું સાધન નહિ થાય. 'વજુભાઈ'! આહાહા..! સમજાણું કાંઈ?

આ તો જેણે સંસારનું દુઃખ મટાડવું હોય એની વાત છે. ઓ..હો..! સંસારથી, ચાર ગતિના દુઃખથી, દુઃખથી કંટાળ્યો હોય. ચાર ગતિના દુઃખ, હોં! સ્વર્ગના પણ દુઃખ. આહાહા..! ચાર ગતિ દુઃખસે ડર્યો આવે છે ને? 'યોગસાર'માં. 'ચાર ગતિ દુઃખથી ડરી' લ્યો એમાં શું બાકી રહ્યા? સ્વર્ગના સુખ લીધા? 'યોગસાર'માં આવે છે કે નહિ? 'યોગસાર'. 'મોહનભાઈ'! ક્યાં 'યોગસાર'? આપણે સ્વાધ્યાય નથી કરતા? એમાં આવે છે. એ પુસ્તક છે ને. 'ચાર ગતિ દુઃખથી ડરી' એમ કહ્યું છે ત્યાં. ત્યાં એમ નથી કહ્યું કે નરક અને ઢોરના દુઃખથી ડરી. ચાર ગતિમાં મનુષ્ય આવી ગયા કે નહિ? પૈસાવાળા-અબજોપતિ? 'ચાર ગતિ દુઃખથી ડરી.' એમ આવે છે. પછી શું આવે છે એ ભૂલી ગયા.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ... ચાર ગતિના દુઃખ છે. આહાહા..! આચાર્યોની શૈલી કેવી છે, જુઓ! દિગંબર સંતોની કથનીમાં કેટલું ઊંડુ ભર્યું છે. ચાર ગતિના દુઃખ. મોટા ચક્રવર્તી એ પણ દુઃખી, રાજા તો દુઃખી, દેવ તે પણ દુઃખી, સર્વાર્થસિદ્ધનો દેવ (એ પણ દુઃખી). આહાહા..! કેવી શૈલી છે જુઓ તો ખરા! ચાર ગતિ દુઃખથી ડરી. આત્માનો આનંદ જેને પ્રગટ કરવો હોય એને માટે છે, ભાઈ! સમજાણું કાંઈ? વાદવિવાદ કરીને એકબીજાને હરાવવા અને આ કરવા એ વાતું આમાં નથી. એવા વિકલ્પથી અમારે શું કામ? એમ કીધું ને? આહાહા..! વસ્તુએ એવો તું છો, ભગવાન! તારું સ્વરૂપ જ એવું છે. આહાહા..! આમ ના પાડ તો પણ એવું છે અને હા પાડ તો પણ એવું જ છે. આહાહા..! અનંત આનંદ અને અનંત જ્ઞાન, શાંતિનો સાગર ભરેલો છો તું. આહાહા..! એવી વસ્તુમાં અનંતી શક્તિઓ છે.

**'અનેક પ્રકારની...'** **'ચિત્ર'**ની વ્યાખ્યા કરી. આત્મશક્તિ એટલે **'નિજ શક્તિઓના સમુદાયમય...'** અભેદ લેવું છે ને પાછું? એ **'નિજ શક્તિઓના સમુદાયમય આ આત્મા...'** સમુદાયમય. સમુદાઈ, સમુદાય એમ થયું ને? સમુદાઈ આત્મા, સમુદાય આ બધું. આહાહા..! **'સમુદાયમય આ આત્મા...'** અનંત અનંત જેટલી શક્તિઓ છે એથી પણ અનંત. આ ૪૭ માં કેટલી કહેવાય? ૪૭ કર્મની પ્રકૃતિ છે ને? ઘાતિની? એટલે બધું ૪૭ જ આવ્યું. ૪૭ નય, ૪૭ શક્તિ, ૪૭ ઉપાદાનના દોહા, ૪૭ પ્રકૃતિ. ચાર ઘાતિકર્મની પ્રકૃતિ ૪૭ છે. ભગવાનઆત્મા એ ૪૭ પ્રકૃતિ રહિત, અનંતશક્તિ સહિત.

આ આત્મા **'नय-ईक्षण-खण्डयमानः'** **'નયોની દૃષ્ટિથી ખંડખંડરૂપ કરવામાં આવે'** છે કહે છે. કહો, છે? એક-એક ધર્મને એક-એક નયે લક્ષમાં લેતા તો ખંડ થાય છે, કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? હવે આટલું પણ નડે છે. હવે એને આ બહારના મહાવ્રત અને પૂજા, ભક્તિથી ધર્મ થાય. અરે..! ક્યાં ગયો તું ક્યાં? સલવાણો છે ને સલવાણો? **'नय-ईक्षण-'** નયની **'ईक्षण'** એટલે જોવું. એક-એક ધર્મને નયથી એક-એકને જોતાં ખંડખંડ કરવામાં આવે છે. **'તત્કાળ નાશ પામે છે;...'** જુઓ! આહાહા..! અખંડ અભેદ વસ્તુ ભગવાન એક-એક ધર્મને જોતાં ભેદ પાડતાં અભેદનો નાશ થાય છે. સમજાણું કાંઈ? આહાહા..! ક્યાં લઈ ગયા? સમજાય છે? વિશેષ વાત કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૫૭૪ શ્લોક-૨૭૦,૨૭૧ મંગળવાર, પોષ વદ ૧, તા. ૧૨-૦૧-૭૧

આ 'સમયસાર' પરિશિષ્ટ ૨૭૦ શ્લોક છે. **'चित्र-आत्मशक्ति-समुदायमयः अयम् आत्मा'** બહુ સાર સાર છેલ્લા કળશો છે. જેને આત્માનો અનુભવ કરવો હોય તે કેમ કરે? જે અનંતકાળથી આત્મા અનંતગુણ સંપન્ન હોવા છતાં તેને અનુભવમાં, શ્રદ્ધામાં પ્રાપ્તિ થઈ નથી. તેની પ્રાપ્તિ કેમ થાય? એ વાત છે છેલ્લી. આત્મા એક સ્વતંત્ર વસ્તુ છે. બીજા અનંત આત્માઓ જુદા (છે). એમાં **'चित्र'** આત્મશક્તિ. **'चित्र'** એટલે અનેક પ્રકારના શક્તિ એટલે આત્મિક ગુણ છે. આત્મવસ્તુ એક હોવા છતાં અનેક પ્રકારના નિજ ગુણોના સમુદાયમય આત્મા છે. ગુણો અનંત છે, વસ્તુ એક છે પણ ગુણ અનંત છે.

એવો જે **'સમુદાયમય આ આત્મા नय-ईक्षण-खण्डयमानः'** એક-એક ધર્મને અથવા ગુણને, એક-એક નયે જોતાં, એ વસ્તુ આખી અખંડ હોવા છતાં, ખંડ ખંડ થઈ જાય છે એટલે કે વસ્તુની પ્રાપ્તિ થતી નથી. એક-એક ધર્મને જોતાં.. જુઓને! બહારની તો ક્યાંય વાત રહી ગઈ. આત્મા એક અનંતગુણનો સમુદાય, અનંતશક્તિનો પિંડ (છે). એમાં એક-એક શક્તિને જોતાં આત્મા ખોવાઈ જાય છે. કળશમાં એમ છે, ખોવાઈ જાય છે. .. એટલે કે એક સમયમાં અનંતશક્તિનું એકરૂપ એવો ભગવાનઆત્મા, એને રાગથી જોવો એ તો નહિ, પરથી જોવો એ તો નહિ પણ અનંતગુણોનો સમુદાય એક એવી અનંત શક્તિ છે. એક-એક ગુણને જોતાં અખંડ વસ્તુ પ્રાપ્ત થતી નથી. એટલે કે એક-એક ગુણને જોતાં અખંડ અભેદ તે ખોવાઈ જાય છે. એટલે કે ખંડ ખંડ કરવામાં આવતા નાશ પામે છે. અખંડપણું દ્રવ્યનું વ્યાપ્યું નથી. સમજાય છે કાંઈ? અરે..રે..! આવો ધર્મ કઈ જાતનો? ..... સમજાણું કાંઈ? આહાહા..!

વસ્તુ એક છે પણ અનંતગુણનો એ સમુદાય છે. એક જ ગુણમય નથી. અનંતગુણનું એકરૂપ છે એનું. હવે કહે છે કે એ અનંતગુણમાં નયોની દૃષ્ટિથી, એક-એક ગુણને લક્ષમાં લેતાં, એક-એક નયથી એક-એક ધર્મને દૃષ્ટિમાં લેતાં અખંડ વસ્તુ પ્રાપ્ત થતી નથી. સમજાણું કાંઈ? અરે..!

મુમુક્ષુ :– ખંડ ખંડમાં અખંડ ક્યાંથી પ્રાપ્ત થાય?

ઉત્તર :– છોકરો નીકળ્યો છે ને એક. વીર્યવાળો છે ને. જવાબ તો કેવો આપે છે. થાય ત્યારે ખરું. અત્યારે તો શરૂઆત એવી કરી છે. નિર્વિકલ્પતા પછી થાય પણ એને વાત પહેલી બેસવી જોઈએ ને? આહાહા..!

કહે છે, હો, અનંતગુણો એક વસ્તુમાં હો. ચિત્રશક્તિ–અનેકશક્તિ. ચિત્ર એટલે અનેક પ્રકારની, ચિત્ર એટલે અનંત. અનંત પ્રકારની શક્તિઓ આત્મામાં **'नय-ईक्षण'**. એક જ્ઞાનમાં

એક અંશે એક ધર્મને જોતાં, એક ધર્મ ઉપર લક્ષ આપતાં, એક ગુણ ઉપર લક્ષ આપતાં, **'તત્કાળ નાશ પામે છે;...'** એક ક્ષણે એને અખંડપણું દૃષ્ટિમાં આવતું નથી. એટલે નથી આવતું એટલે અખંડપણાના સત્ત્વનો શ્રદ્ધામાં નાશ થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? ભાષા સમજમાં આવે છે? બરાબર.

ઓહો..! કહે છે કે બીજી વાત તું છોડી દે. ... એ નથી તારામાં. અહીં તો તારું જે જ્ઞેય છે, જાણવા લાયક જે જ્ઞેય એક વસ્તુ અખંડ અભેદ પદાર્થ છે, એને જાણવામાં, એનામાં રહેલા અનંત અનંત શક્તિરૂપ ગુણ, એના એક-એક ગુણને જોવા જતાં, એ ખંડખંડ થઈને એટલે એકરૂપ દૃષ્ટિમાં આવતું નથી. વિકલ્પ થઈને આત્મા આવો છે એમ મનાય જાય, તો આત્માની શ્રદ્ધાનો નાશ થાય છે. બહુ ઝીણું છે.

**'તત્કાળ सद्यः प्रणश्यति '** એમ છે ને? એનો અર્થ, કે ભગવાનઆત્મા વસ્તુ જે છે, એકરૂપ, અનંતગુણનું એકરૂપ છે. એકરૂપને દૃષ્ટિમાં ન લેતાં, અભેદને દૃષ્ટિમાં ન લેતાં, એના ભેદને જ્યાં દૃષ્ટિમાં લેવા જાય છે, તે અભેદ શ્રદ્ધામાં આવતો નથી. નથી આવતો એટલે નાશ પામે છે એમ (કહ્યું). '...ભાઈ'! આવું ઝીણું છે. ભારે ઝીણું! રાગથી ધર્મ થાય નહિ, પુણ્યથી, વ્રતથી થાય એ પણ ધર્મ નહિ. આમાં નહિ. આ તો એનામાં છે એની વાત ચાલે છે.

પુણ્ય-પાપના વિકલ્પો, શરીર, કર્મ એના અસ્તિત્વમાં, આત્માના અસ્તિત્વમાં જ નથી. એનું અસ્તિત્વ બીજું જુદું રહે છે. આ તો જેના અસ્તિત્વમાં સંખ્યાએ અનંતશક્તિઓ પડી છે તે બરાબર છે. નથી એમ નહિ. પણ અનંતને એક-એક શક્તિનું લક્ષ કરતા, આખી વસ્તુ જે અભેદ છે, એની શ્રદ્ધા થતી નથી એથી એ તત્ત્વની શ્રદ્ધામાં એનો નાશ થાય છે. સમજાય છે કાંઈ? લ્યો, અહીં તો હવે કીધું ને કે દેવની ભક્તિથી, ગુરુની ભક્તિથી નિર્જરા થાય. બહુ આકરો માર્ગ છે. છે તો બહુ સરળ પણ એની અંદરમાં એને બેસવો જોઈએ. એ એવો બેસવો જોઈએ કે નિઃસંદેહ આમ છે. એમ નિર્વિકલ્પપણે પ્રતીત થઈ ગયું. બીજા હો, રાગાદિ હો. ... આખી દુનિયા ... પણ તારા તત્ત્વની અંદર વિકાર, શરીર, કર્મ તો નથી પણ કહે છે કે અનંતગુણ તો છે. પણ અનંતગુણ હોવા છતાં અનંતગુણને એક-એકને લક્ષમાં અનંત ભેદ પાડતા વિકલ્પ ઉત્પન્ન થાય છે. એમાં અનેકરૂપ દૃષ્ટિમાં અભેદની દૃષ્ટિ થતી નથી. તેથી અભેદ તત્ત્વનો તેમાં એક-એક ગુણના લક્ષે અભાવ થાય છે. પંડિતજી! આહાહા..! ભારે વાત, ભાઈ! આવો માર્ગ! કહો, સમજાણું આમાં?

હવે આ તો બહારમાં ... આ વ્રત કરીએ, તપ કરીએ, આ કરીએ એનાથી હળવે-હળવે થશે. વ્યવહાર કરીએ ... ભાઈ! એમાં નથી એનાથી કેમ થશે? એ આત્માએ અજ્ઞાનપણે કરેલા બાળવ્રત, બાળતપ એ બધા વિકલ્પો સ્વરૂપમાં તો નથી. નથી એનું સાધન વિકલ્પ કેમ થશે? અહીં તો (ગુણો) એના છે. ભગવાનઆત્મા એકરૂપ વસ્તુ છે અને એમાં અનંતગુણો

તો છે, નથી એમ નહિ. વ્યવહાર નિમિત્ત તો નથી, આ તો એમાં છે. આહાહા..! છતાં એ અનંતપણે છે એને અનંતપણાનું લક્ષ કરતાં, એકરૂપ તત્ત્વની દૃષ્ટિ થતી નથી તેથી વસ્તુનો શ્રદ્ધામાં એને નાશ થાય છે. ભાષા કેવી લીધી? સદ્ય નાશ પામતી. એક-એક ગુણને લક્ષમાં લેતા, એક-એક નયથી એક-એક ધર્મને જોતાં, તત્કાળ એટલે તે જ ક્ષણે અભેદ દૃષ્ટિમાં આવતો નથી. તેથી અભેદનો તે કાળે નાશ થાય છે. ભાઈ! આહાહા..! સમજાણું કાંઈ? આચાર્યની કથની તો ગજબ વાત છે. વળી આમ થાય કે પછી થાશે એમ નહિ.

ભગવાનઆત્મા એકરૂપ સ્વરૂપ છે. સમુદાય સ્વરૂપ તો એક છે ને? એમાં ગુણો ભલે અનંત છે. આનંદ, જ્ઞાન, શાંતિ, સ્વચ્છતા, જીવત્વશક્તિ વગેરે. એમાં એવી રીતની શૈલી છે. અસ્તિ, નાસ્તિ, ધ્રુવ અને અધ્રુવ એવી. એવી શૈલી લીધી. એ કળશ ટીકામાં છ .... લીધા છે. અસ્તિ, નાસ્તિ. ....

અહીં તો મૂળ પાઠમાં લીધું છે. ... એ જ શક્તિઓનું સ્વરૂપ છે. એમાં પછી બધું આવી જાય છે. આવો આત્મા સર્વજ્ઞ પરમાત્મા, એના પંથમાં એણે જોયેલો અને એના માર્ગમાં આવો આત્મા હોય છે. એવા આત્માને પણ અનંતગુણના ભેદે જોતાં... આહાહા..! અભેદનો... ભેદથી જોતાં, એક ગુણથી જોતાં અભેદનો તે જ ક્ષણે નાશ થાય છે. એટલે શું? અભેદનું અસ્તિપણું તે ક્ષણે તેને પ્રતીતમાં આવતું નથી. આહાહા..! 'શાંતિભાઈ'! આવો ધર્મ છે ભારે, ભાઈ! સાધારણ માણસને તો એવું લાગે કે આ શું? પણ વસ્તુસ્થિતિ જ એવી છે ત્યાં શું (થાય)? આહાહા..!

મુમુક્ષુ :– ... સાધારણ માણસને..

ઉત્તર :– સાધારણ માણસને પકડાય નહિ. એવી ભાષા હવે બહુ નથી. પહેલી શરૂઆતમાં હળવે.. હળવે... એમાં..

મુમુક્ષુ :– એ તો અમે લોકો સમજતા થયા.

ઉત્તર :– પણ પહેલું સ્પષ્ટ, એટલું બધું તો સ્પષ્ટ ન આવે. વસ્તુ આ રહી. પણ સ્પષ્ટ થોડી ભાષામાં...

કહે છે, તારા શ્રદ્ધાનો દોર અભેદ દ્રવ્ય ઉપર હોવો જોઈએ. એને ઠેકાણે એમાં અનંતગુણો છે, છે ભલે પણ અનંતને અનંતપણે ભિન્ન-ભિન્ન ભાસતા, એને એકપણાનો તે ક્ષણે શ્રદ્ધામાં નાશ થાય અને ભેદરૂપ જ છું એવો ભાસ થાય છે. સમજાણું કાંઈ? ભારે આકરું, ભાઈ!

**'तस्मात् માટે હું એમ અનુભવું છું...'** જુઓ! આચાર્ય પોતે એમ કહીને પોતાની વાત જગતને જાહેર કરે છે. ભાઈ! **'એમ અનુભવું છું કે –अनिराकृत-खण्डम् अखण्डम् '** ખંડોને બાદ તો નથી કર્યા તેં. નથી એમ નહિ. એમાં ગુણો અનંત નથી એમ નહિ. છે ખરા. હોવા છતાં ખંડ કરવામાં આવ્યા નથી, બાદ કરવામાં નથી આવ્યા. અનંત નથી એમ નથી કહ્યું. એમ હોવા છતાં **'જે અખંડ છે.'** વસ્તુ તો અખંડ એકરૂપ છે. એ એટલું ... આ

તો ખંડખંડ નથી પણ અખંડ વસ્તુ છે. આહાહા..! અનંતગુણોને બાતલ કર્યા વિના. છે ને? ઘણા શબ્દ નીચે છે. **'બહિષ્કૃત..'** કર્યા વિના. બહિષ્કૃત કર્યા નથી. અનંતગુણ નથી એમ નહિ. **'દૂર;...'** કર્યા એમ નહિ. અનંતને દૂર રાખવા અને એકને આમ રાખવા એમ નહિ. **'રદબાતલ;...'** લ્યો. રદબાતલ કર્યા નથી. રદ કરીને બાતલ કર્યા નથી. નથી એમ નહિ. રદ કરે છે ને?

મુમુક્ષુ :– અરજી રદ કરો

ઉત્તર :– અરજી રદ કરી નાખો. એ નોકર-બોકરનો એવો આકરો શબ્દ શું વાપરે છે? ડિસમીસ કરે. એ પેલા બીજો એક હતો ને. .. ગયો હતો ને વધારે રહ્યા હતા ને. એમ આ અનંતગુણને ડિસમિસ નથી કર્યા. સમજાણું કાંઈ? આત્મામાં અનંતગુણ છે એને ડિસમિસ નથી કર્યા, છે તો ખરા. એય..! આ તમારી ભાષા છે, અંગ્રેજી. આહાહા..!

**'છતાં જે અખંડ છે, अनिराकृत-खण्डम् अखण्डम्'** એવા અનંતગુણનો પિંડ પ્રભુ એને અનંતનો તિરસ્કાર, નકાર, બાતલ કર્યા નથી. છતાં વસ્તુ તો અખંડ છે. એકરૂપ અભેદ દૃષ્ટિ ચૈતન્ય ભગવાન, એના ઉપર દૃષ્ટિ આપતાં જ આત્મા અખંડને સાધે ત્યારે આત્મા સાધ્યો કહેવાય છે. સમજાણું કાંઈ? આહાહા..! જુઓ! આ સ્યાદ્વાદ, આ સ્યાદ્વાદ. અનંત છે છતાં એકરૂપમાં નથી. એકરૂપ છે છતાં અનંત એમાં ગુણો છે. સર્વજ્ઞ સિવાય આવું સ્વરૂપ હોય નહિ. અનંત.. અનંત.. અનંતગુણો. હજી તો ઓલો એકને બે કહે ત્યાં રાડ નાખે. આત્મા જ્ઞાન? આત્મા જ્ઞાન. આત્મા અને જ્ઞાન બે થઈ ગયા. દ્વૈત થઈ ગયું. આત્મા અનુભવ કરે? બે થઈ ગયા. આત્મા અને અનુભવ. ઓલા રાડ પાડે. નહિ, બે હોય નહિ. અરે..! ભાઈ! અનુભવ તો ઠીક પણ આ તો અનંતગુણો છે એ યથાર્થપણે છે. વાસ્તવિકપણે અંદર દ્વૈત એટલે અનંતગુણો છે. પણ ભેદ ઉપર દૃષ્ટિ આપતાં વિકલ્પ ઊઠે છે તેથી નિર્વિકલ્પ અખંડની દૃષ્ટિ થતી નથી. નથી માટે તેને ખંડ ખંડ હોવા છતાં અખંડ કહ્યો છે. આહાહા..! ભાઈ! સારમાં સાર છેલ્લા શ્લોક છે. એકલા માખણ તારવ્યા છે.

વળી **'અખંડ છે, એક છે,...'** ઓલા અનંત સંખ્યાએ છે ને? ખંડખંડ નથી માટે અખંડ છે અને અનંત છે છતાં સંખ્યાએ પોતે વસ્તુ તો એક છે. ગુણ અનંત છે. છતાં વસ્તુ તરીકે એક છે. અખંડ છે, એક છે. આહાહા..! **'एकान्त-शान्तम्'** સર્વથા પૂર્ણ શાંત છે. **'एकान्त-शान्तम्'** જોયું! અનેકાંત કરો ને. ઘડીક શાંત છે અને અશાંત છે. પ્રભુ તો અખંડ એક **'એકાંત શાંત..'** એકાંત શાંત. અથવા સર્વથા શાંત. કથંચિત્ શાંત અને કથંચિત અશાંત નહિ. સર્વથા શાંત પૂર્ણ શાંત. ભગવાન અકષાય સ્વભાવ, અખંડ વસ્તુ તરીકે દૃષ્ટિ આપવામાં દૃષ્ટિનો વિષય અખંડ છે. દૃષ્ટિના વિષયમાં અંદર એકપણું આવે છે. અને તે પૂર્ણ શાંત સ્વરૂપ, પૂર્ણ શાંત સ્વરૂપ છે. એકાંત શાંતનો અર્થ એક જ શાંત સ્વભાવ જ એનો પૂર્ણ છે. એમાં વિકલ્પ ને .. એમ નથી. અનેકાંત કરો. આ ભગવાનઆત્મામાં શાંતિ છે. ...

પૂર્ણ શાંત, એકાંત શાંત, સર્વથા શાંત, એકરૂપ શાંત. આહાહા..!

જુઓ! આ આત્મા. જુઓ! આ આત્મા. આવા આત્માને જોવો એનું નામ સમ્યગ્દર્શન એમ કહે છે. એ દુનિયા તો બધી લાખ વાત કરે. માર્ગ આ છે. બધાએ ગપ માર્યા છે. સર્વજ્ઞ સિવાય કલ્પનાએ કલ્પનાએ જોડી દીધું કે આવું આમ છે. આહાહા..! પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્માએ દિવ્યધ્વનિમાં બહુ ટૂંકામાં કહ્યું, એને આચાર્યોએ ટૂંકા શબ્દોમાં આ વાત કરી છે.

**'એકાંત શાંત છે...'** એક અંત શાંત એમ. એક જ શાંતરૂપ ધર્મ છે. એકલો શાંતરૂપ, એમાં કષાયનો કણ નથી. **'(અર્થાત્ જેમાં કર્મના ઉદયનો લેશ પણ નથી એવા શાંત ભાવમય છે)'** એકાંત શાંત છે. અહીં તો એકાંત શાંત જ સ્વરૂપ છે. ત્રિકાળ એકાંત શાંતસ્વરૂપ છે. અખંડ છે, એક છે, શાંત છે. શાંતરસનું પૂર્ણ રૂપ છે.

**'અને अचलम्'** ત્રિકાળ ચળે નહિ એવી ચીજ છે. **'(અર્થાત્ કર્મના ઉદયથી ચળાવ્યું ચળતું નથી)'** એટલે કે હવે ચળે નહિ. ચળે નહિ પણ ત્રિકાળ અચળ છે. ત્રિકાળ પોતાના ધ્રુવ સ્વભાવથી ચળ્યો નથી. આહાહા..! ધ્રુવ સ્વરૂપ નિત્યાનંદ પ્રભુ ત્રિકાળ અચળ છે. અચળ શબ્દ પહેલા આવી ગયો. ધ્રુવ, અચલ ને અનુપમ ગતિ. ગતિ નાખી, પર્યાય નાખી. સમજાણું કાંઈ? **'એવું चिद् महः अहम् अस्मि ચૈતન્યમાત્ર તે જ હું છું.'** એવું ચિદ્દમાત્ર. **'चिद्'** એટલે જ્ઞાન, ચૈતન્ય. **'महः'** એટલે તેજ, **'अहम्'** એટલે હું. **'अस्मि'** એટલે છું. કહો, આમાં તો કાંઈ બાયડી-છોકરા આવ્યા નહિ. આમાં અંદર કાંઈ આવ્યું નહિ. પૈસા હું છું. એ તો એમાં નથી. એ તો વાત થઈ ગઈ. આ તો એમાં છે.. છે.. છે છતાં એકરૂપમાં એ નથી. આહાહા..! સમજાણું કાંઈ? એવી આત્માની દૃષ્ટિ થતાં તેને સમ્યગ્દર્શન, આત્માનો અનુભવ આ રીતે થાય છે. એ સિવાય બીજી કોઈ એની રીત ને ઉપાય નથી. 'જયંતિભાઈ'! આહાહા..!

**'चिद् महः अहम् अस्मि'** હું તો આવો અનંત અનંત શક્તિ--ગુણરૂપ હોવા છતાં બાતલ કર્યા વિના છતાં એક અખંડ છું. શાંત... શાંત.. શાંત.. જેમાં વિકલ્પનો ભેદનો મેલ નથી. સમજાણું? આહાહા..! ભારે, લોકોને આકરું પડે. પણ અભ્યાસ નહિ ને અભ્યાસ નહિ. વાસ્તવિક અસ્તિ તત્ત્વ પ્રભુ! 'જિન તે જિનવર અને જિનવર તે જિન.' બેમાં કાંઈ ફેર નથી. એવો હું છું. એનું નામ આત્મા માન્યો, અનુભવ્યો, જાણ્યો, કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

**'ભાવાર્થ :– આત્મામાં અનેક શક્તિઓ છે...'** આત્મામાં અનેક શક્તિ છે. **'અને એક એક શક્તિનો ગ્રાહક એક એક નય છે;...'** એ ન્યાયે તો એક ધર્મને નય કીધી છે. ... ધર્મ એ નય છે. ધર્મને નય કીધી છે. ભેદ પડ્યો ને? 'સ્વામીકાર્તિક'માં આમાંય 'બનારસીદાસ'માં પણ નાખ્યું છે. જ્ઞાનનય, ધર્મનય, શબ્દનય. ત્રણ. અંશ છે ને એટલે ધર્મને નય કીધું. સમજાણું કાંઈ? આમાં છે. ક્યાંક કીધું છે. કર્તા-કર્મ હશે? કર્તા-કર્મનો હશે? પાઠમાં

નથી. સ્વામીકાર્તિકેયનો શ્લોક મુક્યો છે. ક્યાંક છે. છે. સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષામાં છે. અવાજ આવે છે, નહિ? હશે ક્યાંક. વાત તો કરી હતી. સ્વામીકાર્તિકેયમાં છે. આ બાજુ છે. ભાષા મૂકી નય. આ નય તો કર્તાકર્મમાં આવી ગયું. ૧૪૩ હશે? ૧૪૩માં આવે છે નયો. સ્વામીકાર્તિકનો શ્લોક છે.

**'આત્મામાં અનેક શક્તિઓ છે અને એક એક શક્તિનો ગ્રાહક (જાણનાર) એક એક નય છે;...'** એક જ્ઞાનનો એક અંશ છે. **'માટે જો નયોની એકાંત દૃષ્ટિથી જોવામાં આવે...'** નયને એક જ દૃષ્ટિએ એક-એક જ્ઞાનમાં, એક-એક અંશથી એક-એક ધર્મને જોવામાં **'આવે તો આત્માના ખંડ ખંડ થઈને તેનો નાશ થઈ જાય.'** થઈ જાય એનો અર્થ? અખંડપણું દૃષ્ટિમાં આવે નહિ. સમજાણું કાંઈ? **'આત્માના ખંડ ખંડ થઈને...'** આત્મા ખંડ ખંડ થાતો હશે. ન છેદન્તિ, ન ભેદન્તિ આવે છે ને? કઈ અપેક્ષાએ વાત છે? ખંડ ખંડ એટલે એક-એક ગુણને લક્ષમાં લેતા, ખંડ ખંડરૂપે તને ભાસશે, અખંડપણે ભાસશે નહિ. એમ એનો અર્થ છે. ભાષા પકડે પણ એનો ભાવ શું છે એને જાણવો જોઈએ ને.

**'આત્માના ખંડ ખંડ થઈને તેનો નાશ થઈ જાય.'** એટલે આત્માનો નાશ થઈ જાય છે. એકકોર આત્મા અવિનાશી, અનાદિઅનંત (છે એમ કહે). 'વજુભાઈ'! શું છે? એનો અર્થ કે પોતાની અસ્તિમાં સત્તાનું હોવાપણું એકરૂપે ભાસ્યું નહિ અને ખંડખંડે ભાસ્યું તો શ્રદ્ધામાં અખંડપણાની નાસ્તિ થઈ, એમ કહે છે. સમજાણું કાંઈ? ૧૪૩માં છે. ક્યાંક છે ખરું. ... સ્વામીકાર્તિકમાં છે.

**'આમ હોવાથી સ્યાદ્વાદી,...'** જુઓ! અપેક્ષાએ સમજમાં આવે. **'નયોનો વિરોધ મટાડીને...'** લ્યો. એટલે કે છે. એક એક ગુણ છે. એવું ન હોય તો તો વસ્તુ સ્વરૂપ સિદ્ધ થાય નહિ. પણ વિરોધ મટાડીને. નિત્ય છે, અનિત્ય છે, એક છે, અનેક છે. **'ચૈતન્યમાત્ર વસ્તુને અનેકશક્તિસમૂહરૂપ,...'** લ્યો. ચૈતન્યમાત્ર એકલો આત્મા **'અનેકશક્તિસમૂહરૂપ,...'** ભલે હો. એક છે. અનેકશક્તિસમૂહ એકરૂપ છે. **'સામાન્યવિશેષસ્વરૂપ,...'** બે લીધું, જુઓ! સામાન્ય દ્રવ્ય અને પર્યાયસ્વરૂપ. **'સર્વશક્તિમય એકજ્ઞાનમાત્ર અનુભવે છે.'** સમજાણું? સામાન્ય એટલે એકરૂપે અને વિશેષ એટલે ગુણના ભેદરૂપે હોવા છતાં **'સર્વશક્તિમય એક જ્ઞાન માત્ર અનુભવે છે.'** એ તો જ્ઞાન ચૈતન્યમાત્ર એકલો છું. એવી દૃષ્ટિ કરીને અનુભવવું એનું નામ આત્માને સ્વીકાર્યો, માન્યો, ઓળખ્યો, અનુભવ્યો છે. **'એવું જ વસ્તુનું સ્વરૂપ છે, એમાં વિરોધ નથી.'** વસ્તુનો સ્વભાવ જ આવો છે.

**न द्रव्येण खण्डयामि, न क्षेत्रेण खण्डयामि, न कालेन खण्डयामि, न भावेन खण्डयामि; सुविशुद्ध एको ज्ञानमात्रो भावोऽस्मि।**

**હવે, જ્ઞાની અખંડ આત્માનો આવો અનુભવ કરે છે એમ આચાર્યદેવ ગદ્યમાં કહે છે :–**

**(જ્ઞાની શુદ્ધનયનું આલંબન લઈ એમ અનુભવે છે કે -) હું મને અર્થાત્ મારા શુદ્ધાત્મસ્વરૂપને નથી દ્રવ્યથી ખંડતો (-ખંડિત કરતો), નથી ક્ષેત્રથી ખંડતો, નથી કાળથી ખંડતો, નથી ભાવથી ખંડતો; સુવિશુદ્ધ એક જ્ઞાનમાત્ર ભાવ છું.**

**ભાવાર્થ :– શુદ્ધનયથી જોવામાં આવે તો શુદ્ધ ચૈતન્યમાત્ર ભાવમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી કાંઈ પણ ભેદ દેખાતો નથી. માટે જ્ઞાની અભેદજ્ઞાનસ્વરૂપ અનુભવમાં ભેદ કરતો નથી.**

---

**'હવે, જ્ઞાની અખંડ આત્માનો આવો અનુભવ કરે છે એમ આચાર્યદેવ ગદ્યમાં કહે છે :–' 'न द्रव्येण खण्डयामि, न क्षेत्रेण खण्डयामि, न कालेन खण्डयामि, न भावेन खण्डयामि; सुविशुद्ध एको ज्ञानमात्रो भावोऽस्मि।'**

'**(જ્ઞાની...)**' એટલે ધર્માત્મા, '**શુદ્ધનયનું આલંબન લઈ એમ અનુભવે છે કે–)**' સમજાવે તો એમ ને. શુદ્ધનયનું આલંબન એટલે મૂળ તો ત્રિકાળ અભેદ છે એ શુદ્ધનય. '**હું મને...**' ધર્માત્મા પોતાના એકરૂપ સ્વભાવને એમ અનુભવે છે કે '**હું મને અર્થાત્ મારા શુદ્ધાત્મ સ્વરૂપને નથી દ્રવ્યથી ખંડતો...**' દ્રવ્ય જુદું, ક્ષેત્ર જુદું, કાળ જુદો, ભાવ જુદો એમ છે નહિ. છે, અંદર છે. આવ્યું ને? શેમાં આવ્યું? સ્યાદ્વાદમાં આવ્યું, સ્યાદ્વાદમાં આવ્યું. ... જે શબ્દથી કથન કર્યું એ શબ્દનય. અને એને જાણનારા જ્ઞાન એ ત્રણે નય છે. સ્યાદ્વાદનો પાઠ છે. મૂળ ગાથા છે. ... સ્વામીકાર્તિકેય. ..... એ નયથી. ત્રણને નય કીધી છે. પંડિતજી! ધર્મને પણ નય કીધી. એક છે ને એક એટલે. સ્વામી 'કાર્તિકેયાનુપ્રેક્ષા'માં શ્લોક છે. એક જ્ઞાનના અંશને નય કીધી. અને શબ્દનય બોલે છે ને એને પણ એક ઔપચારિક નય કીધી.

કહે છે, શુદ્ધનય એટલે એકરૂપ વસ્તુને જોતાં '**દ્રવ્યથી ખંડતો નથી...**' એટલે કે દ્રવ્ય તે દ્રવ્યમાં વળી ક્ષેત્ર જુદું, કાળ જુદો, ભાવ જુદો એમ ખંડતો નથી. દ્રવ્યમાં બધું એકરૂપ આવી જાય છે. દ્રવ્યે નથી જુદો પાડતો, ક્ષેત્રથી ખંડતો નથી. વળી એનું ક્ષેત્ર જુદું, દ્રવ્ય જુદું એમ નહિ. એનું એ દ્રવ્ય ને એનું એ ક્ષેત્ર ને એનો એ કાળ અને એનો એ ભાવ. સમજાણું કાંઈ?

'**નથી ક્ષેત્રથી ખંડતો, નથી કાળથી ખંડતો,...**' એક સમયની અવસ્થા .. ત્રિકાળ સમયનું સ્વરૂપ, એ વળી જુદું અને દ્રવ્ય જુદું, ક્ષેત્ર જુદું એમ છે નહિ. '**નથી ભાવથી ખંડતો;...**' વળી એના ગુણો જુદા અને દ્રવ્ય જુદું એવું કાંઈ છે નહિ. કોઈપણ એક બોલથી લ્યો તો

ચારે એમાં આવી જાય છે. દાખલો આપ્યો હતો ને કેરીનો? કેરીનો દાખલો આપ્યો હતો. 'બનારસીદાસ' ૨૭૦. કેરીનો નહિ? ચાર. આત્મ દ્રવ્ય, ક્ષેત્ર, ભાવથી અખંડિત છે. દ્રવ્યથી એકરૂપ છે. ક્ષેત્ર પણ એનું એ છે. કાળ પણ એનો એ છે અને ભાવ પણ એનો એ છે. **'જૈસે પાકુ આમ્ર ફળ પાકે ચાર અંશ રસ જાળી ગોઠલી છીલક જગ માનીએ.'** રસ, જાળી, ગોટલી અને ફોતરું. **'એવું તો ન બને ઐસે બને જૈસે આમ નથી. રૂપ, રસ, ગંધ, અખંડ પ્રમાણિએ.'** પણ કેરીનું રૂપ, ગંધ, રસ અને સ્પર્શ, જે જોવે એક ચીજ હોય તો એ બધું ભેગું જ છે. સમજાણું?

**'આમ કે ફલમેં રસ જુદો, જાળી જુદી, ગોઠલી જુદી, છીલકા જુદા.'** એ ચાર અંશ છે. **'વૈસે પદાર્થમેં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ ચાર અંશ હૈ ઐસા નહિ.'** સમજાણું કાંઈ? કેરીમાં એક મીઠો રસ છે, એક જાળી. જાળી હોય ને? જાળીવાળી કેરી. ગોટલી અને છીલકું. એમ ચાર અંશ છે એમ નથી. એ તો ચાર ભાગ પડી ગયા. **'વૈસે પદાર્થમેં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ ચાર અંશ ઐસા નહિ. ઇસ પ્રકાર હૈ. જૈસે આમ કા ફલ હૈ ઔર ઉસસે સ્પર્શ, રસ, ગંધ, વર્ણ સે અભિન્ન હૈ.'** રંગથી જુઓ તો આખી કેરી, સ્પર્શથી જુઓ તો આખી કેરી, રસથી જુઓ તો આખી કેરી, ગંધથી જુઓ તો આખી કેરી. સમજાણું કાંઈ? એમ જીવમાં દ્રવ્યથી જુઓ તો અખંડ વસ્તુ, ક્ષેત્રથી જુઓ તો અખંડ વસ્તુ, કાળથી જુઓ તો અખંડ વસ્તુ. કાળ એટલે ત્રિકાળ, હોં! ભાવથી જુઓ તો ત્રિકાળ વસ્તુ એક જ છે. સમજાણું કાંઈ? પણ એનો દ્રવ્યનો ભાગ જુદો, ક્ષેત્રનો જુદો, કાળનો જુદો, ભાવનો જુદો એવા ચાર ભાગ છે નહિ.

**'નથી ભાવથી ખંડતો;...'** એટલે કે ભાવ જુદી ચીજ છે. અનંતગુણનો ભાવ. પણ અનંતગુણભાવ ભાવ જુઓ તો એ દ્રવ્ય છે, ભેદ નહિ. ભાવ જુઓ તો દ્રવ્ય છે, દ્રવ્ય જુઓ તો ક્ષેત્ર, કાળ અને ભાવ છે. ક્ષેત્રે જુઓ દ્રવ્ય, કાળ અને ભાવ છે, કાળ જુઓ તો દ્રવ્ય, ક્ષેત્ર, અને ભાવ છે. સમજાય છે કાંઈ? કેરીનો દાખલો આપ્યો. કેરી જુઓ તો એ છે. રંગથી જુઓ તો આખી કેરી, રસથી જુઓ તો આખી કેરી, ગંધથી જુઓ તો આખી કેરી, સ્પર્શથી જુઓ તો પણ આખી કેરી. પણ એની ગોટલી, જાળી, રસ અને છાલ. છાલ-છાલ–છિલકા. એમ ચાર કટકે કેરી નથી. ચાર ભાગ એમ કેરી ન હોય. એમ આત્મામાં એક દ્રવ્ય કાંઈક જુદું, ક્ષેત્ર જુદું, કાળ જુદો અને ભાવ જુદો એમ નથી. દ્રવ્યથી જુઓ તો પણ એ. અનંતગુણનો પિંડ. ક્ષેત્રથી જુઓ તો અખંડ પ્રદેશ. એક દ્રવ્ય, એક ક્ષેત્ર, કાળથી જુઓ તો ત્રિકાળ, એક કાળ. ભાવથી જુઓ તો એકલો ભાવ. એકલો ભાવ. સમજાણું કાંઈ? ભારે! કેરીનો દાખલો આપીને ભારે કરી છે.

હું તો **'સુવિશુદ્ધ એક જ્ઞાનમાત્ર ભાવ છું.'** લ્યો. સુવિશુદ્ધ એક જ્ઞાનમાત્ર ભાવ છું. સુવિશુદ્ધ. સુવિશુદ્ધનો છેલ્લો છે ને આ પાછળનો ગુણ? **'એક જ્ઞાનમાત્ર ભાવ છું.'** એક જ્ઞાનમાત્ર ભાવ છું. એ જ્ઞાનમાત્ર ભાવમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ચારે ભેગા આવી ગયા.

ચાર કાંઈ જુદા છે નહિ. જુઓ! આ અભેદ-અભેદ. આહાહા..! **'શુદ્ધનયથી જોવામાં આવે તો...'** એટલે એકરૂપ દ્રવ્યથી અભેદથી જોવામાં **'આવે તો શુદ્ધ ચૈતન્યમાત્ર ભાવમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી કાંઈ પણ ભેદ દેખાતો નથી.'** દેખાતો નથી, છે નહિ. સમજાણું કાંઈ? ભારે આવો ધર્મ! ધર્મની આ રીત હશે? આવી? જેણે ધર્મીને એમ કહ્યું ને જ્ઞાનીને, આમ પોતાને જોવે છે.

દ્રવ્ય–ગુણ પર્યાયનો પિંડ તે દ્રવ્ય. એક અસંખ્ય પ્રદેશ ક્ષેત્ર તે અખંડ તે જ ત્રિકાળ અને તે જ ભાવસ્વરૂપ. સમજાણું કાંઈ? ધર્મીજીવ એક વસ્તુના ચાર ભાગને ભેદ પાડીને જોતો નથી. એમ કહ્યું. એક વસ્તુ બધી (આખી) દ્રવ્ય કહો તો એ, ક્ષેત્ર કહો તો એ, કાળ કહો તો એ, ભાવ કહો તો એ. વસ્તુ તરીકે એ દ્રવ્ય છે, ક્ષેત્ર તરીકે એ જ દ્રવ્ય-ગુણ-પર્યાયનું ક્ષેત્ર જે અખંડ એકરૂપ એ ક્ષેત્ર છે, એક જ રૂપ છે. કાળ કહો તો ત્રિકાળ એ જ વસ્તુ છે. ભાવ કહો તો એકલા ભાવરૂપ એ જ વસ્તુ છે. સમજાણું કાંઈ? જુઓ! આ આત્મા આવો છે. પોતાની દૃષ્ટિનો વિષય બીજો કોણ કરે એવું છે? એય..! શું કહ્યું?

મુમુક્ષુ :– પોતાની દૃષ્ટિનો વિષય બીજો કોણ કરે.

ઉત્તર :– એની આંખનો વિષય બીજી આંખ આપીને કેમ કરે? સમજાણું કાંઈ? અસંખ્ય પ્રદેશ કહો તો એ, દ્રવ્ય કહો તો એ, કાળ કહો તો એ. કાળ એટલે એક સમયની અવસ્થા નહિ, હોં! ત્રિકાળ. ભાવ કહો તો એ. ભાવમાં વળી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ જુદા ક્યાં રહી ગયા? દ્રવ્યમાં ક્ષેત્ર-કાળ-ભાવ જુદા ક્યાં રહી ગયા? ક્ષેત્રના દ્રવ્ય-કાળ-ભાવ ક્યાં રહી ગયા? કાળના દ્રવ્ય-ક્ષેત્ર-ભાવ જુદા ક્યાં રહી ગયા? ભાવમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ જુદા ક્યાં રહી ગયા? છેલ્લા આ બધા કળશો છે એ બધા ઊંચા છે.

સારામાં સારો માલ લાવજો એમ કહે. સારામાં સારો, ઊંચામાં ઊંચો માલ. કિંમતમાં વાંધો નહિ, એમ કહે. કિંમતમાં વાંધો નથી કિંમત ગમે તેટલી હોય પણ સારામાં સારો (માલ) આપજો. મખમલ હોય કે બીજું હોય, સારામાં સારો માલ સુંવાળો. સારામાં સારો માલ આપજો. 'ભરૂચ'નો એક પારસી હતો. એક જ ભાવ. છોકરો આવે, વકીલ આવે કે બેરિસ્ટર આવે. એક જ ભાવ. ઓછું અધિક બોલે તો કહે અહીં નહિ, બાપા! જે ભાવ છે, લખ્યો છે એ પ્રમાણે તમારે લેવું હોય તો લઈ જાવ. આ ઓછું કે અધિક, ફલાણું એ શબ્દ નહિ. દુકાને કહેતા. ઘણા વર્ષ પહેલા હતી. હવે અત્યારે શું હોય ... ટોપી જોઈતી હતી એક ... મખમલની ટોપીઓ. એના વખારમાં લઈ ગયા. કિંમતમાં ઊંચી હતી. ઓછીવત્તો ભાવ એવી દુકાન છે નહિ. અહીં ભગવાન કહે છે, અમારો એક જ માલ છે. આહાહા..! આઠ વર્ષનો છોકરો હોય તો પણ એ, પંડિત હોય તો પણ એ, દેવ હોય તો પણ એ અને રાંક હોય તો પણ એ, નારકી હોય તો પણ એ જ. સમજાણું કાંઈ?

**'શુદ્ધનયથી જોવામાં આવે તો શુદ્ધ ચૈતન્યમાત્ર ભાવમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી કાંઈ**

**પણ ભેદ દેખાતો નથી. માટે જ્ઞાની અભેદજ્ઞાનસ્વરૂપ અનુભવમાં ભેદ કરતો નથી.'** લ્યો. અંતર દૃષ્ટિ કરવામાં ભેદ હોતો નથી. અંતર દૃષ્ટિ કરવામાં એકલો અભેદ જ દૃષ્ટિનો વિષય હોય છે.

## શ્લોક-૨૭૧

(शालिनी)

योऽयं भावो ज्ञानमात्रोऽहमस्मि
ज्ञेयो ज्ञेयज्ञानमात्रः स नैव।
ज्ञेयो ज्ञेयज्ञानकल्लोलवल्गन्
ज्ञानज्ञेयज्ञातृमद्वस्तुमात्रः ।।२७१।।

**જ્ઞાનમાત્ર ભાવ પોતે જ જ્ઞાન છે, પોતે જ પોતાનું જ્ઞેય છે અને પોતે જ પોતાનો જ્ઞાતા છે-એવા અર્થનું કાવ્ય હવે કહે છે :–**

**શ્લોકાર્થ :– [ यः अयं ज्ञानमात्रः भावः अहम् अस्मि सः ज्ञेय-ज्ञानमात्रः एव न ज्ञेयः ] જે આ જ્ઞાનમાત્ર ભાવ હું છું તે જ્ઞેયોના જ્ઞાનમાત્ર જ ન જાણવો; [ ज्ञेय-ज्ञान-कल्लोल-वल्गन् ] (પરંતુ) જ્ઞેયોના આકારે થતા જ્ઞાનના કલ્લોલોરૂપે પરિણમતો તે, [ ज्ञान-ज्ञेय-ज्ञातृमत्-वस्तुमात्रः ज्ञेयः ] જ્ઞાન-જ્ઞેય-જ્ઞાતામય વસ્તુમાત્ર જાણવો (અર્થાત્ પોતે જ જ્ઞાન, પોતે જ જ્ઞેય અને પોતે જ જ્ઞાતા-એમ જ્ઞાન-જ્ઞેય-જ્ઞાતારૂપ ત્રણે ભાવો સહિત વસ્તુમાત્ર જાણવો).**

**ભાવાર્થ :– જ્ઞાનમાત્ર ભાવ જાણનક્રિયારૂપ હોવાથી જ્ઞાનસ્વરૂપ છે. વળી તે પોતે જ નીચે પ્રમાણે જ્ઞેયરૂપ છે. બાહ્ય જ્ઞેયો જ્ઞાનથી જુદા છે, જ્ઞાનમાં પેસતાં નથી; જ્ઞેયોના આકારની ઝળક જ્ઞાનમાં આવતાં જ્ઞાન જ્ઞેયાકારરૂપ દેખાય છે પરંતુ એ જ્ઞાનના જ કલ્લોલો (તરંગો) છે. તે જ્ઞાનકલ્લોલો જ જ્ઞાન વડે જણાય છે. આ રીતે પોતે જ પોતાથી જણાવાયોગ્ય હોવાથી જ્ઞાનમાત્ર ભાવ જ જ્ઞેયરૂપ છે. વળી પોતે જ પોતાનો જાણનાર હોવાથી જ્ઞાનમાત્ર ભાવ જ જ્ઞાતા છે. આ પ્રમાણે જ્ઞાનમાત્ર ભાવ જ્ઞાન, જ્ઞેય અને જ્ઞાતા-એ ત્રણે ભાવોયુક્ત સામાન્યવિશેષસ્વરૂપ વસ્તુ છે. 'આવો જ્ઞાનમાત્ર ભાવ હું છું' એમ અનુભવ કરનાર પુરુષ અનુભવે છે. ૨૭૧.**

---

હવે **'જ્ઞાનમાત્ર ભાવ પોતે જ જ્ઞાન છે,...'** હવે વળી જ્ઞાન જુદું, જ્ઞેય જુદું અને જ્ઞાતા જુદો. આહાહા..! ત્રણને કાઢી નાખે છે હવે. સમજાણું કાંઈ? જાણનારો હું, જણાય એવા છ દ્રવ્ય. જાણે જ્ઞાન, એમ ભાગ નથી, કહે છે. આહાહા..! સમજાય છે?

**'જ્ઞાનમાત્ર ભાવ પોતે જ જ્ઞાન છે, પોતે જ પોતાનું જ્ઞેય છે...'** આહાહા..! છ દ્રવ્યને જાણવાની જે પર્યાય જ્ઞાન, એ પર્યાય અને દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણે થઈને જ્ઞેય પોતે જ છે. જ્ઞાન પણ પોતે જ છે અને જ્ઞાતા પણ પોતે જ છે. સમજાણું કાંઈ? આહાહા..! ક્યાં સમાડ્યું, જુઓને છેલ્લે. ૨૭૧.

**योऽयं भावो ज्ञानमात्रोऽहमस्मि**
**ज्ञेयो ज्ञेयज्ञानमात्रः स नैव।**
**ज्ञेयो ज्ञेयज्ञानकल्लोलवल्गन्**
**ज्ञानज्ञेयज्ञातृमद्वस्तुमात्रः ।।२७१।।**

ઓહોહો..! આવી વાત પણ બીજે ક્યાંય છે નહિ એવી વાત છે. આહાહા..! વીતરાગના માર્ગને વીતરાગી સંતોએ વીતરાગના ચારિત્રમાં આ વાત વર્ણવી છે. **'यः अयं ज्ञानमात्रः भावः अहम् अस्मि सः ज्ञेय-ज्ञानमात्रः एव न ज्ञेयः'** શું કહે છે? **'જે આ જ્ઞાનમાત્ર ભાવ હું છું તે જ્ઞેયોના જ્ઞાનમાત્ર ન જાણવો;...'** જ્ઞેયો જગતના છે એનું જ્ઞાન એમ ન માનવું. **'આ જ્ઞાનમાત્ર ભાવ હું છું તે જ્ઞેયોના જ્ઞાનમાત્ર...'** છ દ્રવ્યનું જાણવું એટલો હું નથી. આહાહા..! છ દ્રવ્યની જાણવાની જ્ઞાનની પર્યાય અને દ્રવ્ય-ગુણ ત્રણે થઈને હું જ્ઞેય છું. આહાહા..! સમજાણું કાંઈ?

**'જ્ઞેયોના આકારે થતા જ્ઞાનના કલ્લોલોરૂપે પરિણમતો તે,...'** શું કહે છે? જુઓ! ઓ..હો..! જગતના જેટલા જ્ઞેયો છે, છ દ્રવ્યો, અનંતા સિદ્ધો, અનંતા નિગોદ આદિ, તેનું જ્ઞાન પોતાનું પોતાપણે પરિણમે છે, એ પોતે જ્ઞાનની પર્યાયમાં છ દ્રવ્યનું જ્ઞાન આવી જાય છે. એ જ્ઞેય મારી પર્યાય, મારું દ્રવ્ય, હું એ જ્ઞેય છું. પેલા છ દ્રવ્ય જ્ઞેય છે એમ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? પણ **'જ્ઞાનના કલ્લોલરૂપે પરિણમતો...'** જ્ઞાનની અવસ્થા છ દ્રવ્યને જાણવાપણે પોતાની પર્યાય પરિણમે છે. એ પોતાનું દ્રવ્ય, ગુણની અંદરની પર્યાય એ પણ પોતાની પર્યાય જ્ઞેય છે, ઓલા જ્ઞેય નહિ. આહાહા..! મારામાં બધું સમાઈ ગયું છે. જ્ઞેય પણ હું, જ્ઞાન પણ હું, જ્ઞાતા તો હું. આહાહા..! હું એક જ છું. છ દ્રવ્યનું જ્ઞાન એટલી પર્યાય જેટલો હું નહિ એમ કહે છે. એટલો જ્ઞેય હું નહિ. હું તો છ દ્રવ્યોની પર્યાયપણે પરિણમતું જ્ઞાન, એ પરિણમતું જ્ઞાન એ જ્ઞેય. અને એવા અનંતી પર્યાયનો પિંડ ગુણ,... એ ત્રણે થઈને હું જ્ઞેય છું. આહાહા..!

**'આ જ્ઞાનમાત્ર ભાવ હું છું તે જ્ઞેયોના જ્ઞાનમાત્ર જ ન જાણવો;...'** ઓહોહો..! **'ज्ञेय-ज्ञान-कल्लोल-वल्गन् જ્ઞેયોના આકારે...'** આકાર એ વ્યવહારથી કહ્યું. એ સંબંધીનું પોતાનું પરિણમન, એના **'જ્ઞાનના કલ્લોલ..'** જ્ઞાનની કળારૂપે, પર્યાયરૂપે પરિણમવું એ મારો પર્યાયનો જ ધર્મ છે. એ જ્ઞેયને લઈને નહિ, એ જ્ઞેય એમ નહિ. એ જ્ઞેયને લઈને નહિ, એ જ્ઞેય નહિ. મારી જ્ઞાનની પર્યાય જ એવડી. જ્ઞાનની પર્યાયપણે છ દ્રવ્યનું જેવું સ્વરૂપ છે તે પણે

પર્યાય પરિણમે તે પર્યાય મારું જ્ઞેય છે. સમજાણું કાંઈ? આ સમજાય એવું છે, હોં! ન સમજાય એવું નથી. ભાષા તો બહુ સાદી છે. ..

જ્ઞાન હું, જ્ઞાતા હું અને જ્ઞેય આ લોકાલોક, એમ છે નહિ. એ વ્યવહાર થઈ ગયો. યથાર્થમાં એ છ દ્રવ્ય સંબંધીની જે જ્ઞાનની અવસ્થાનું પરિણમન, એ પરિણમન તે ખરેખર તો મારું જ્ઞેય છે. એકલું પરિણમન એકલું જ્ઞેય નહિ. દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણે થઈને હું જ્ઞેય છું. આ થઈને હું જ્ઞેય છું એમ નહિ. છ દ્રવ્ય છે એ જ્ઞેય થઈને હું જ્ઞેય છું એમ નહિ. કહો, સમજાય છે કે નહિ?

મારા અસ્તિત્વમાં... ચૈતન્યમાત્ર હું છું એમ કહેવું છે ને? હું ચૈતન્યમાત્ર છું. જ્ઞાનમાત્ર પોતે જ જ્ઞાન. પોતે જ પોતાનું જ્ઞેય અને પોતે જ પોતાનો જ્ઞાતા. આહાહા..! ઘણી ધીરજ જોઈએ. કહે છે કે તારો આત્મા એક સમયની પર્યાયમાં જ્ઞાનની પર્યાય પરિણમે છે, એમાં છ દ્રવ્ય સંબંધીની પર્યાયમાં જ્ઞેયનો આકાર આવી ગયો. આકાર હજી વિશેષ છે. આમાં જ્ઞાન આવી ગયું. એ પોતે જ્ઞેય છે. એકલો પર્યાય જ્ઞેય નહિ. ગુણ-દ્રવ્ય ત્રણ થઈને હું જ્ઞેય છું. આ છ થઈને હું જ્ઞેય છું એમ નહિ. પંડિતજી! ભારે ઝીણી વાતું છે! વસ્તુ એવી છે.

જગતમાં હું જ છું. બીજી ચીજો છે કે નહિ એની સાથે મારે કાંઈ સંબંધ છે નહિ, એમ કહે છે. આત્મા વસ્તુ છે, જ્ઞાનસ્વભાવી અનંતગુણવાળું તત્ત્વ, એને અનંતગુણના ભેદવાળું તો કાઢી નાખ્યું, હવે કહે છે કે પણ પરજ્ઞેય અને હું જ્ઞાન અને જ્ઞાતા હું, એ ત્રણ ભેદ પણ એમાં નથી. એવો વ્યવહાર પણ નથી. પણ આ તો જ્ઞાતા હું, જ્ઞાન હું અને જ્ઞેય હું એવા ત્રણ ભેદો નથી. હું ત્રણે એક જ છું. સમજાણું કાંઈ?

'**ज्ञान-ज्ञेय-ज्ञातृमत्-वस्तुमात्रः ज्ञेयः**' છે? '**જ્ઞાન-જ્ઞેય-..**' દ્રવ્ય, ગુણ, પર્યાય. જ્ઞાનગુણ, જ્ઞાતાદ્રવ્ય '**વસ્તુમાત્ર જાણવો (અર્થાત્ પોતે જ જ્ઞાન, પોતે જ જ્ઞેય અને પોતે જ જ્ઞાતા– એમ જ્ઞાન-જ્ઞેય-જ્ઞાતારૂપ ત્રણે ભાવો સહિત વસ્તુમાત્ર જાણવો).**' છતાં એ ત્રણ ભેદે સમજાવે છે. પણ હવે આ જ્ઞાતા, આ જ્ઞાન અને હું જ્ઞેય એ ત્રણે ભેદ જેમાં નથી, એમ કહે છે. પરજ્ઞેય તો નથી... આહાહા..! સમજાણું કાંઈ? ભારે માર્ગ આવો, ભાઈ! ઓલું તો તસૂતરી કરણેન..... કાઉસગ્ગ કરે, થઈ ગયો ધર્મ જાવ. 'ચંદુભાઈ'! તસૂતરી કરો, ઇચ્છામી પડિકમણું કરો, જાવ સામાયિક થઈ ગઈ. એ સામાયિક એ ધર્મ છે. જાવ. આહાહા..! ભાઈ! તારામાં તારું અસ્તિત્વ હોવાપણે તું છો એની તને ખબર નથી. આહાહા..!

ત્રણકાળ, ત્રણલોકના જેટલા દ્રવ્યો છે, ગુણોની પર્યાયો, એ બધાને તારી જ્ઞાનની એક સમયની પર્યાય જાણે છે, એ જ તારું જ્ઞેય છે, આ જ્ઞેય નહિ. આહાહા..! એક સમયની પર્યાય જ્ઞેય નહિ. એ બધું દ્રવ્ય-ગુણ-પર્યાય જ્ઞેય, એનું આખું જ્ઞાન તે જ્ઞાન, આખો જ્ઞાતા તે આત્મા. ત્રણ થઈને વસ્તુ તો એકની એક છે. ઝીણો શ્લોક બહુ સરસ છે. વસ્તુના મર્મનું એકલું માખણ છે. ઓહોહો..! કહે છે, આત્મા પોતાના દ્રવ્ય ઉપર દૃષ્ટિ આપતાં

એ પોતે જ જ્ઞાતા, પોતે જ્ઞાન, પોતે જ્ઞેય. પણ છ દ્રવ્ય જ્ઞેય અને હું જ્ઞાન અને જ્ઞાતા, એવો કાંઈ સંબંધ પર સાથે જ્ઞેયજ્ઞાયકનો સંબંધ એ પણ છે નહિ. આહાહા..! કહો, સમજાણું કાંઈ? એનો ભાવાર્થ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૫૭૫ શ્લોક-૨૭૧, બુધવાર, પોષ વદ ૨, તા. ૧૩-૦૧-૧૯૭૧

૨૭૧ કળશ, એનો ભાવાર્થ છે. છે? શું આ કહે છે? અહીં તો પરજ્ઞેયને ઉડાવે છે. આત્મા '**જ્ઞાનમાત્ર ભાવ જાણનક્રિયારૂપ હોવાથી...**' એ તો જાણવાની ક્રિયા પોતામાં થાય છે. જગતના જે જ્ઞેયો છે, એ સંબંધીનું પોતાનું જ્ઞાન પોતામાં પરિણમે છે. એટલે જ્ઞાનસ્વરૂપ જ છે. એ જ્ઞેયસ્વરૂપ નથી. જ્ઞાનની પર્યાયમાં છ દ્રવ્ય જણાય છે, એ છ દ્રવ્ય જણાતા નથી. ખરેખર છ દ્રવ્ય સંબંધીનું પોતાનું જે જ્ઞાન, એમાં એ જ્ઞાનમાં છ દ્રવ્યો પોતામાં પોતાને કારણે જણાય એ તો આવી ગયું. એ ખરેખર એનું જ્ઞેય છે. પોતાના જ્ઞાનનું એ જ્ઞેય છે. જ્ઞાનનું આ જ્ઞેય છે એ વ્યવહાર છે. સમજાણું કાંઈ? ન સમજાણું? પંડિતજી! સમજાણું કે નહિ?

મુમુક્ષુ :– પરજ્ઞાનમાં જાણવામાં આવી જાય છે માટે તે જ્ઞેય?

ઉત્તર :– એ જ્ઞેય નથી, એ જ્ઞેય નથી. એ નથી. એ જ્ઞેય જ નથી. એ જ્ઞેય સંબંધી પોતાની જ્ઞાનની પર્યાય જાણવારૂપે પરિણમે છે એ પોતે પોતાની પર્યાયમાં અસ્તિત્વ એ જ્ઞાનની પર્યાયનું છે, એ એનું જ્ઞેય છે. ઓલું જ્ઞેય નહિ. સમજાય છે કાંઈ?

'**જ્ઞાનમાત્ર ભાવ...**' એ તો જાણન સ્વભાવ છે આત્મા તો. કહે છે કે એ છ દ્રવ્યને પણ જાણવાપણે જાણનક્રિયા પોતાની પોતામાં પોતાની પર્યાયમાં થાય છે. એ ખરેખર તો પોતાનું જ્ઞેય છે. સમજાય છે કાંઈ? એકદમ અંતર પોતે જ છ દ્રવ્યને જાણવાની જ્ઞાનની જે પર્યાય, એ તો પોતાની છે. એમાં છ દ્રવ્યનું જ્ઞાન, એ છ દ્રવ્યનું કહેવું એ તો વ્યવહાર છે. એ તો જ્ઞાન જ પોતાનું છે.

મુમુક્ષુ :– જ્ઞાન જ્ઞાનને કારણે છે?

ઉત્તર :– પોતાના જ્ઞાનના કલ્લોલો છે. વાંચીને આવ્યા હશે. આવો શબ્દ કલ્લોલ છે ને? આહાહા..!

મુમુક્ષુ :– ચોથી લીટી.

ઉત્તર :– હા ચોથી. કહે છે... કહો, સમજાય છે કે નહિ?

મુમુક્ષુ :– હા, જી! પોતે જ જ્ઞેય અને પરસંબંધીનું જે જ્ઞાન છે એ તો વ્યવહાર છે.

ઉત્તર :– વ્યવહાર છે. 'સુમનભાઈ' કહે માળો આવો છોકરો, આવું લક્ષ! મોટા પ્રોફેસર છે અને પ્રોફેસરની ઓફિસ. ઓફિસ જ કહેવાય ને? ઓફિસ કહેવાય? કોણ જાણે શું તમારી

ભાષા હશે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– પણ એ મોટો ... એ ઓફિસું છે, ... કોનો કહે છે ઓફિસર.

આ આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે. તો જ્ઞાનમાં પરિણમન થાય એ તો પોતાના અસ્તિત્વમાં પોતાથી પોતાનું એ જ્ઞેય છે. એનું જ્ઞાન નથી. એ જ્ઞેય અને આ જ્ઞાન એમ નથી. સમજાણું કાંઈ? જાણન ક્રિયારૂપ ભાવ એ તો જ્ઞાનસ્વરૂપ છે. એ કાંઈ પરજ્ઞેય સ્વરૂપ નથી. **'વળી તે પોતે જ નીચે પ્રમાણે જ્ઞેયરૂપ છે.'** હવે જુઓ ખુલાસો કરે છે. કેમ કે **'બાહ્ય જ્ઞેયો જ્ઞાનથી જુદાં છે,...'** રાગાદિ કે છ દ્રવ્યો, એ પોતાના જ્ઞાન, દ્રવ્ય, જ્ઞાનગુણ અને જ્ઞાનની પર્યાય, એનાથી છ દ્રવ્યો એ તો જ્ઞેય છે એ તો જુદા છે. એ જુદાનું અહીં જ્ઞાન એમ હોય નહિ. પોતાનું જ્ઞાન છે એ. પંડિતજી!

મુમુક્ષુ :– સૂક્ષ્મ વાત છે.

ઉત્તર :– સૂક્ષ્મ વાત છે. લ્યો. પંડિતજી આવા સંસ્કૃતના પ્રોફેસર.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ... આહાહા..! વિષય એવો છે. પોતાના અસ્તિત્વમાં પોતે જ્ઞાનમાત્ર સ્વભાવ છે. હવે જ્ઞાનમાત્ર જે જ્ઞાનની પરિણતિપણે પરિણમે એ તો પોતાની ક્રિયા છે. એ જ્ઞેયપણે પરિણમે છે? જ્ઞેય તો જુદા છે. સમજાણું કાંઈ?

**'બાહ્ય જ્ઞેયો જ્ઞાનથી જુદાં છે, જ્ઞાનમાં પેસતા નથી;...'** રાગનું જ્ઞાન થયું, એમાં કાંઈ રાગ જ્ઞાનની પર્યાયમાં પેસતો-આવતો નથી. લોકાલોકનું જ્ઞાન થયું. એમાં લોકાલોક કાંઈ જ્ઞાનની પર્યાયમાં આવતા નથી. એ તો પોતાના જ્ઞાનનું પરિણમનનું અસ્તિત્વ છે, એવડો એનો સ્વભાવ છે, એ તો સ્વજ્ઞેય છે. આહાહા..! આવો વીતરાગનો માર્ગ. વસ્તુનો સ્વભાવ જ એવો .. છે. વીતરાગે કહ્યું છે એ તો જેમ છે એમ કહ્યું છે ને? આહાહા..!

કહે છે કે તારા જ્ઞાનમાં.. આત્મા તો જ્ઞાનસ્વરૂપ છો. તારો ભાવ, જ્ઞાનભાવી આત્મા, જ્ઞાનભાવી આત્મા, જ્ઞ-સ્વભાવી આત્મા (છે), તો એ જ્ઞાનમાં પરિણમન જાણનક્રિયા થાય, એ તો પોતાની ક્રિયા છે, એ કાંઈ જ્ઞેય જણાય છે એની એ ક્રિયા નથી. તેમ જ્ઞેય જણાય છે એમાં એમ પણ નથી. એ તો જ્ઞેય સંબંધીનું પોતાનું જાણનક્રિયારૂપ પરિણમન થયું, એ જ ખરેખર તો પોતાનું જ્ઞેય અને પોતે જ્ઞાન અને પોતે જ્ઞાતા છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'જ્ઞાનમાં પેસતા નથી; જ્ઞેયોના આકારની ઝળક...'** સમજાવવું છે ને? આકાર એ ક્યાં આકારમાં આવે છે. પણ જેવા જ્ઞેયો છે, એ સંબંધીનું પોતાનું જ્ઞાન પોતાને કારણે પરિણમે છે. એ જ્ઞેયને કારણે નહિ. એને ઓલા જ્ઞેય સંબંધીનું પોતાનું જ્ઞાન છે ને? એથી એને જ્ઞેયોના આકારની ઝળક જ્ઞાનમાં આવે એમ કહેવામાં આવ્યું છે. ભારે ઝીણું, ભાઈ! આ તો દયા, વ્રત અને ભક્તિના પરિણામથી ધર્મ થાય ત્યાં અટક્યા છે. આ તો ઘણું સૂક્ષ્મ

છે. છેલ્લા કળશો છે ને.

ભગવાન તું ચૈતન્યભાવવાળો છો ને? કે જ્ઞેયભાવવાળો છો? આત્મા ચૈતન્યભાવવાળો છે ને? કે જ્ઞેયસ્વભાવવાળો છે? આહા..! તો જ્ઞાનસ્વભાવવાળો એ જ્ઞાનરૂપે પરિણમે, એ જ્ઞેયરૂપે કેમ પરિણમે? એ જ્ઞેયરૂપે કેમ થાય? આહાહા..! સમજાણું કાંઈ? હા, એના જ્ઞાનના ભાવમાં, પરિણમનમાં એ જ્ઞેયો જેવા છે તે જ પ્રકારનું જ્ઞાન પોતાને કારણે જ્ઞાનભાવી આત્મા હોવાથી જ્ઞાનનું પરિણમન જ્ઞાનરૂપે થાય. સમજાણું કાંઈ?

શરીરમાં રોગ આવ્યો અને જ્ઞાનમાં જણાય, એમ નથી. અહીં તો (એમ) કહે છે. એ રોગ અને શરીરની અવસ્થા પરજ્ઞેય તરીકે છે. એ જ્ઞાન જે વસ્તુ આત્મા છે, એની અસ્તિત્વની પર્યાયમાં એ જ્ઞેય આવતા નથી. એ રોગ અને જીર્ણ શરીર દેખાય એ જ્ઞાનની પર્યાયમાં આવતા નથી. જ્ઞાનની પર્યાય તે સંબંધીને જાણવાનું પોતાનું જ્ઞાન, પોતા સંબંધી જાણવાનું જ્ઞાન તે સંબંધી જણાય. એવું સ્વપરપ્રકાશક જ્ઞાનભાવે જાણનક્રિયારૂપે જ્ઞાન પરિણમે છે, એ કાંઈ જ્ઞેયરૂપે પરિણમે છે અને જ્ઞેય અહીંયાં આવી જાય છે, જ્ઞેયમાં જ્ઞાન જાય છે કે જ્ઞાનમાં જ્ઞેય આવે છે, એમ નથી. કહો, 'વજુભાઈ'! કેટલું ભેદજ્ઞાન કરાવ્યું આ. આહાહા..!

તારો ભાવ, સ્વભાવ જ્ઞાન આત્મા છે, એ તો જ્ઞાનસ્વરૂપ છે. હવે જ્ઞાનસ્વરૂપ અને જગત લોકાલોક જ્ઞેય, રાગાદિ બધું, એ સંબંધીની ઝળક એટલે કે જેવું એ છે, તેવું અહીંયાં જ્ઞાન પોતાને કારણે, પોતાના સ્વભાવને કારણે જાણનક્રિયારૂપ થાય, એ ખરેખર તો પોતાનું જ્ઞેય છે. ઓલા જ્ઞેય એના છે નહિ. આહાહા..! વીતરાગ માર્ગ સૂક્ષ્મ છે. લોકોને સાંભળવા મળ્યો નથી. બહારમાં અથડાયને મરીને જિંદગી જાય. આહાહા..! કેટલો ધીરો થા.

તારા જ્ઞાનમાં પર જણાય એમ નહિ. પરને જાણે એમ નહિ એમ કહે છે. પરને કરે તો નહિ, પરથી આમાં થાય તો નહિ, પણ પર જણાય એમ પણ નહિ. અને પર જ્ઞાનની પર્યાયમાં આવે એમ નહિ. વસ્તુ દ્રવ્ય જ્ઞાયકભાવ, એ પોતે જ્ઞાનની પર્યાયપણે જાણનક્રિયારૂપે, સ્વભાવની ક્રિયારૂપે તે થાય, તો એ તો પોતાની ક્રિયા છે, સ્વપરપ્રકાશકની ક્રિયા છે. એમાં એ જણાય એમ કહેવું એ તો વ્યવહાર છે. એ જણાતું નથી. પોતાની જાણનક્રિયા જ જણાય છે. 'સુમનભાઈ'! આ તો લોજિકથી આવે છે. સમજાણું કાંઈ? આહાહા..! આવો માર્ગ ભારે, ભાઈ!

અરે..! ભગવાન તું એવડો છો. તું એવડો છો અને એમ જ છો. બીજી રીતે માન તો તારા સ્વરૂપનો ઘાત થાય છે. આહાહા..! તારું સ્વરૂપ એવડું છે. એમ સર્વજ્ઞ પરમેશ્વર કહે છે કે મારા જ્ઞાનની પર્યાયમાં લોકાલોક જણાય એમ નથી. મારી જ્ઞાનની પર્યાયને હું જાણું છું. આહાહા..! લોકાલોકને જાણવું કહેવું એ અસદ્ભૂત વ્યવહાર ઉપચાર છે, જૂઠો વ્યવહાર છે. આ સાચો વ્યવહાર છે. એટલે કે જેટલા જ્ઞેયો લોકાલોકમાં છે, તેને પોતાના

જાણવાના ભાવવાળું તત્ત્વ હોવાથી તેને અને પોતાને જાણવાની ક્રિયારૂપે, પોતામાં પોતાને કારણે એવું અસ્તિત્વ પરિણમે છે. એ ખરેખર તો જ્ઞાનનું જ્ઞેય છે. જ્ઞાનનું પરજ્ઞેય છે એ તો વ્યવહાર છે. એમ છે નહિ. આહાહા..! 'મગનભાઈ'! આવી વાત છે. શું થાય?

કહે છે, **'બાહ્યજ્ઞેયો જ્ઞાનથી જુદાં છે,...'** હવે જ્ઞાન પરિણમ્યું તો છે. તો એ જ્ઞાનમાં એ જ્ઞેય તો આવતા નથી. ત્યારે શું થયું? કહે છે, જ્ઞાન પરિણમ્યું તો છે. છ દ્રવ્ય અને લોકાલોક છે એ પ્રમાણે પોતાનો જ્ઞાન પર્યાય થયો તો છે. પણ થયો છે તો શેમાં થયો છે? પોતામાં. અને પોતાથી થયો છે. એ જ્ઞેયો છે માટે થયો છે એમ નથી. સમજાણું કાંઈ?

**'જ્ઞેયોના આકાર...'** એટલે વિશેષતાઓ. જેટલા પરજ્ઞેયો છે એના દ્રવ્ય-ગુણ-પર્યાય, એ બધા વિશેષો, એનું જ્ઞાનમાં **'ઝળક...'** એટલે એ સંબંધીનું જ્ઞાન પોતામાં પરિણમે છે. એ **'જ્ઞાન જ્ઞેયાકારરૂપ દેખાય છે...'** એ જ્ઞેયાકાર દેખાય છે. **'પરંતુ એ જ્ઞાનના જ કલ્લોલો (તરંગો) છે.'** જ્ઞાનની પર્યાયનો એવો સ્વભાવ છે. સમજાણું કાંઈ? નદીના પ્રવાહમાં રાત્રીના ભાગમાં... 'પરમાત્મ પ્રકાશ'માં દૃષ્ટાંત આપ્યું છે. નદીનું પાણી સ્વચ્છ સ્વચ્છ આમ નિર્મળ પ્રવાહ (છે). આવો.. આવો.. કોઈ દિ' વ્યાખ્યાન સાંભળ્યું છે? કોઈ દિ' અહીંનું વ્યાખ્યાન સાંભળ્યું છે? પહેલી જ વાર? સાંભળો.

આ આત્મા જે છે, વસ્તુ છે અસ્તિ-સત્તા (છે) તો એ જ્ઞાનભાવવાળો આત્મા છે. જ્ઞાન સ્વભાવવાળો, જાણનસ્વભાવ. જેમ સાકર છે તો મીઠાશ અને સફેદ સ્વભાવવાળી સાકર છે. એમ આ ભગવાનઆત્મા વસ્તુ છે તો એનો જ્ઞાનભાવ, જ્ઞાનસ્વભાવ, જ્ઞાનસ્વરૂપે એ છે. એ જ્ઞાનસ્વરૂપમાં.. બહુ ઝીણી વાત છે આજની. ભાવાર્થ છે, ભાઈ! ૨૭૧ કળશનો ભાવાર્થ. છે ને? પહેલેથી લઈએ.

**'જ્ઞાનમાત્ર ભાવ...'** આ તો કાંઈ અજાણ્યાને એની મેળાએ સૂઝે એવું નથી. જ્ઞાનમાત્ર ભાવ. આ વસ્તુ અંદર છે ને? જગતના જ્ઞેયો જે, જગતના જણાવાલાયક પદાર્થ છે, એનો આ જાણનાર છે, એમ કહેવું એ પણ વ્યવહાર છે, કહે છે. વ્યવહાર એટલે કે વાસ્તવિક્તા નથી. આ આત્મા જ્ઞાનભાવ જાણનક્રિયારૂપ જ્ઞાનસ્વરૂપ. એ તો એમાં જાણવાની ક્રિયા (થાય છે). કેમ કે એનો સ્વભાવ જ્ઞાનગુણ શક્તિ સત્ત્વ છે. આત્મા તત્ત્વ છે એનું જ્ઞાન સત્ત્વ છે. સત્ત્વ એટલે ભાવ છે. એ ભાવનું વર્તમાન પરિણમન જાણવારૂપે થાય. આત્મા વસ્તુ છે એનો જ્ઞાનગુણ સ્વભાવ છે. જ્ઞ-સ્વભાવી ભગવાન. આત્મા, હોં! આત્માને ભગવાન કહીએ છીએ. એ જાણન સ્વભાવનું વર્તમાન થવું, જાણવારૂપે થવું થાય. જાણનક્રિયારૂપ જ્ઞાનસ્વરૂપ છે. બહુ ઝીણું છે.

**'વળી તે પોતે જ નીચે પ્રમાણે જ્ઞેયરૂપ છે.'** શું કહે છે? પોતે જ પોતાના જ્ઞાનથી પોતે પોતાને જાણે એવો એનો સ્વભાવ છે. ચૈતન્યદર્પણ છે, આ ચૈતન્યદર્પણ વસ્તુ છે. એ પોતે પોતાના જ્ઞેયને કરીને પોતે પોતાને જાણે છે. જુઓ! **'પોતે નીચે પ્રમાણે જ્ઞેયરૂપ**

**છે.'** એટલે? જ્ઞાન પણ પોતાનો ભાવ, અને જણાવાયોગ્ય પર્યાય અને દ્રવ્ય-ગુણ એ પણ જ્ઞેય પોતામાં પોતાની. આહાહા..! તત્ત્વ વસ્તુ એવી છે. **'બાહ્ય જ્ઞેયો જ્ઞાનથી જુદા છે,...'** ભગવાનઆત્મા જ્ઞાનભાવી વસ્તુ, જ્ઞાનસ્વભાવી વસ્તુ, એમાં શરીર, વાણી, મન અરે..! રાગ-દ્વેષ વિકલ્પ અને આ જગત, એ બધું જ્ઞાનસ્વરૂપી ભગવાનઆત્માથી, એના અસ્તિત્વથી આ અસ્તિત્વ તદ્દન જુદાં છે. એ **'બાહ્યજ્ઞેયો જ્ઞાનથી જુદાં છે,...'** જ્ઞાનભાવ સ્વભાવ છે, એનાથી આ જ્ઞેયો શરીર, વાણી, મન, પુણ્ય-પાપના વિકલ્પ રાગભાવ એ બધા જ્ઞાનસ્વભાવમાં આવતા નથી. એ જ્ઞેયો બધા જ્ઞાનસ્વભાવથી અલગ રહે છે.

ઘટનો જાણનાર ઘટરૂપે થતો નથી. તેમ ઘટનો જાણનાર ઘટને જાણે છે એમ નથી. એ ઘટ સંબંધીનું જ્ઞાન અને પોતા સંબંધીનું જ્ઞાન એવા જ્ઞાનરૂપે થતાં એ પોતે જ્ઞેય છે. જ્ઞાનનું પોતે જ્ઞેય છે અને જ્ઞાન પોતાનો ગુણ છે. ભારે ભાઈ! આવું તત્ત્વ. આહાહા..! કોઈ દિ' એને અભ્યાસ જ ન મળે. જગતના અભ્યાસ કરી કરીને (રખડી રહ્યો છે). સુમનભાઈને ઓળખો છો ને? રામજીભાઈના. એણે મોટો ત્યાં મોટો અભ્યાસ કર્યો છે. 'અમેરિકા'માં. એનો દીકરો છે. પગાર સારો મહિનાના આઠ-આઠ હજાર. લોકોને પ્યાલા ફાટી જાય ને. ધૂળેય નથી, કહે છે. સાંભળને હવે. આટલી ઉંમરમાં, ૪૫-૪૬ વર્ષની ઉંમર અને આવો પગાર, આઠ હજાર. બાર મહિને લાખ રૂપિયા. ઓ..હો..! શું છે પણ? એ તો જડ છે, પર છે. એ વસ્તુ છે જે પૈસા, લક્ષ્મી, આબરૂ એ તો પરવસ્તુ જ્ઞેય છે, પરવસ્તુ છે.

એ સંબંધીનું જ્ઞાન પોતાનું અને પોતા સંબંધીનું જ્ઞાન પોતાનું તે રૂપે આત્મા જ્ઞાનની પર્યાયની ક્રિયારૂપે થાય છે. એ જણાય છે એની ક્રિયારૂપે જ્ઞાન થતું નથી. કેમ કે જ્ઞાનની દશાથી એ ચીજો ભિન્ન છે. એ ભિન્ન ચીજરૂપે જ્ઞાન થતું નથી અને ભિન્ન ચીજ જ્ઞાનની દશામાં આવતી નથી. લોજિકથી તો વાત ચાલે છે પણ આ બધો વિષય જ ન મળે. .... જગતથી આખી વાત જ જુદી. આહાહા..!

સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ એક સમયમાં ત્રણકાળનું જ્ઞાન એ આ લોજિકથી અને ન્યાયથી તો વાત કરે છે, કે તારું અસ્તિત્વ છે કે નહિ? છે કે નહિ? છે તો શું છે? તું છો કોણ? જ્ઞાનભાવ છો. એ જ્ઞાનસ્વભાવી જાણન... જાણન.. જાણન... જાણન... જાણન... જાણન એનો સ્વભાવ છે. જાણવું એવો સ્વભાવ એમાં આ પર જે વસ્તુ છે, એ જાણવાના સ્વભાવના અસ્તિત્વમાં આવતી નથી અને એનું જાણવું અહીં થાય છે એ એનું જાણવું નથી પણ જાણવાની પોતાની દશા છે એને એ જાણે છે. ન્યાયથી–લોજિક તો આવે છે, પણ પકડવું તો એને પડે કે નહિ? કોઈ આ પકડાવી દે એવું છે? પંડિતજી! લ્યો, આ તો સંસ્કૃતના મોટા પ્રોફેસર છે. 'જયપુર'. કહો, સમજાણું આમાં? આહાહા..!

**'જ્ઞાનમાં પેસતાં નથી; જ્ઞેયોના આકારની ઝળક...'** જેમ દર્પણ છે દર્પણ, એમાં સામે કેરી, કોલસા, લાકડા, સોનું, વીંછી (દેખાય), એ તો અરીસાથી જુદી ચીજ છે ને? અરીસાથી

જુદી ચીજ છે ને? એ અરીસામાં ઝળક દેખાય છે, ત્યાં કેરીને, કોલસા છે? અગ્નિ અને પાણી ત્યાં છે? અગ્નિ અને પાણી હોય એ અરીસામાં દેખાય. એ અગ્નિ અને પાણીનું અસ્તિત્વ અહીં છે? અરીસાની સ્વચ્છતાની અવસ્થાનું અસ્તિત્વ છે એ. કારણ કે જો અગ્નિ અને પાણી અરીસામાં હોય તો હાથ અડાડ્યે ઊનું થવું જોઈએ. અગ્નિ ઊની એટલે અહીં ઊનું થવું જોઈએ, પણ એમ તો છે નહિ. એ અરીસાની સ્વચ્છતાના સ્વરૂપમાં પોતાપણે પોતે અરીસો સ્વચ્છપણે પરિણમ્યો છે. એમાં અગ્નિ અને પાણી સંબંધીની સ્વચ્છતાનું પરિણમન પોતાને કારણે થયું છે. એ ચીજને કારણે નહિ. આ જરી દૃષ્ટાંત હોય તો માંડ પકડાય એવું છે. આ તો મોં માથા વિનાની વાતું. કહો, સમજાણું?

એ અરીસામાં અગ્નિને... અરીસો સ્વચ્છ (છે). આ અગ્નિ અને પાણી છે. બરફ ને અગ્નિ છે. અગ્નિ આમ આમ થાય છે, બરફ ઓગળતો જાય છે. એમાં એ દેખાય. ન્યાં બરફ અને અગ્નિ છે? બરફ અને અગ્નિનું અસ્તિત્વ હોવાપણું તો એમાં છે. અરીસામાં નથી. અરીસામાં તો એની પોતાના અસ્તિત્વની જે સ્વચ્છ દશા થઈ, એ એનામાં છે. એ અગ્નિ અને પાણી સંબંધીની સ્વચ્છતા એ અરીસાની પોતાની અરીસારૂપે ક્રિયા, પરિણમન (થયું એ) જડની પર્યાય છે, એની નહિ. સમજાણું કાંઈ?

એમ આ ચૈતન્ય અરીસો. ભગવાનઆત્મા દેહ-દેવળથી ભિન્ન જ્ઞાનની મૂર્તિ. એ કહે છે કે, **'જ્ઞેયોના આકારની ઝળક જ્ઞાનમાં આવતાં જ્ઞાન જ્ઞેયાકારરૂપ દેખાય છે....'** જ્ઞાનમાં જે સામા જ્ઞેયો છે, તે જ પ્રકારની વિશેષતારૂપે પોતાની જ્ઞાનની દશા થતાં જાણે કે પરજ્ઞેય રૂપે થયું એમ એને દેખાય છે. અગ્નિની જ્વાળા આમ થાય એટલે બરફ ઓગળે એટલે ત્યાં જાણે હોય છે? એ તો અરીસાની સ્વચ્છતાનું રૂપ છે. એમ ચૈતન્ય અરીસો ભગવાનઆત્મા, એનામાં રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, શરીર, વાણી, મન આ જડ પરવસ્તુ, એ જ્ઞેયો સંબંધીનું પોતાનું જ્ઞાન, એમાં થતાં જાણે જ્ઞેયને આકારે થયું એમ લાગે છે. પણ એ જ્ઞેય આકારનું નથી, જ્ઞાન આકારનું સ્વરૂપ છે. આવું તત્ત્વ જાણ્યા વિના એને સમ્યગ્જ્ઞાન થાય નહિ અને કોઈ દિ' ધર્મ થાય નહિ. પૂજા, ભક્તિ અને વ્રત કરી કરીને મરી જાય, સુકાઈ જાય. સમજાણું કાંઈ? શેઠ! આ બધા અપવાસ કરે, પૂજા, ભક્તિ, જાત્રા દોડો-દોડો. મરી જાય છે પણ તું કોણ છો એને જાણ્યા વિના ન્યાં ક્યાં તું હતો? સમજાણું કાંઈ?

કહે છે કે, **'પરંતુ એ જ્ઞાનના જ કલ્લોલો (તરંગો) છે.'** જેમ અરીસાની સ્વચ્છતા જ એ અગ્નિ અને પાણીના રૂપને જાણે, સ્વચ્છપણે થતો અરીસો, એ અરીસાની દશા છે. એમ આ જ્ઞાનની વર્તમાન દશા પરને જાણવાની (થાય એ) જ્ઞાનની કલ્લોલ છે. એ જ્ઞેયની કલ્લોલ નહિ, જ્ઞેયના તરંગ નહિ, જ્ઞેયની દશા નહિ. આહાહા..! સમજાણું કાંઈ? ભારે ભાઈ માર્ગ ધર્મનો આવો! એણે કોઈ દિ' સામું જ ક્યાં જોયું છે કે હું કોણ છું? મારામાં શું છે અને મારું સત્ત્વ, સત્, હું એક સત્ છું. છે. છે તો આદિ-અંત વિનાની ચીજ છે. છે

એની શરૂઆત ન હોય, છે એની ઉત્પત્તિ ન હોય, છે એનો નાશ ન હોય. તો છે તો એ વસ્તુ શું છે? જેનો સ્વભાવ, સ્વ-ભાવ. ... પોતાનો ભાવ. એ તો જ્ઞાન જાણવું. .... એ જાણવાની ક્રિયા થતાં, વર્તમાન જાણનક્રિયા થતાં એ પરવસ્તુ જે જ્ઞેય છે એની જાણનક્રિયા નથી. જ્ઞેયો છે એ અહીં આવતા નથી. આ પોતે જ્ઞેયપણે પરિણમતો નથી, થતો નથી.પોતાના જ્ઞાનની અવસ્થારૂપે થાય છે તે પોતાનું જ્ઞેય અને પોતાનું જ્ઞાન છે.

તમારે ત્યાં ભણવામાં ન આવ્યું હોય. એમ. એમાં આ કાંઈ આવ્યું હોય? 'વજુભાઈ'! અત્યારે ધર્મના નામમાં આવતું નથી. ધર્મના નામે કાં તો સાધુ થઈને મુંડાવ. સાધુ થઈ જાવ, ભક્તિ કરો, પૂજા કરો, તપસ્યા કરો, અપવાસ કરો. એકલી ધમાલ. તું કોણ છો એ જાણ્યા વિના બધા થોથા છે તારા. સમજાણું કાંઈ? ધર્મ કરનારો કોણ અને કેમ છે? એના અસ્તિત્વના મહાત્મ્ય વિના એની ધર્મની ક્રિયા કોઈ દિ' થઈ શકે નહિ. સમજાણું કાંઈ? શું કીધું એ?

જેમ અરીસામાં અગ્નિ ને પાણી જેવું દેખાય છે એ તો અરીસાની દશા છે, અરીસાના અસ્તિત્વની દશા છે. એ કાંઈ બીજી ચીજ સામે છે એની દશા નથી. એમ આ જ્ઞાનસ્વરૂપી ભગવાન, એમાં જ્ઞેયો જે જણાય એમ કહેવું, એ તો કહે છે કે જ્ઞાનની પર્યાયના તરંગ છે, એ જ્ઞેયોના તરંગ નથી. સમજાણું કાંઈ? આવું ઝીણું છે આ. બહારમાં ગાડા હાંક્યા બિચારાને રોકીને રહ્યા. તત્ત્વની ખબર ન મળે આ વસ્તુ શું? હું કોણ છું? કેમ છું? મારી ક્રિયા શું હોય? આ જડની ક્રિયા તો એની નહિ, કારણ કે હોવાપણે એનું અસ્તિત્વ ભિન્ન છે. પણ પુણ્ય-પાપના વિકલ્પનું અસ્તિત્વ પણ ભિન્ન છે. એ પણ આત્માની ક્રિયા નથી. આત્માથી તો એ શુભ-અશુભરાગ, દેહાદિની ક્રિયા એના અસ્તિત્વમાં છે, એ અસ્તિત્વ સંબંધીનું પોતાના જ્ઞાનના અસ્તિત્વનું પરિણમન થતાં, પોતે તે તરંગરૂપે પરિણમે છે એ પોતાની અવસ્થા છે. પરને જાણે છે એમ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આવો વસ્તુનો સ્વભાવ છે. સ્વ એટલે એવો પોતાનો ભાવ છે. એવા સ્વભાવની ખબર ન મળે અને એને ધર્મ થઈ જાય. એ મરી જાય તો પણ થાય નહિ. સુકાઈ જાય ને! સમજાણું કાંઈ?

ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ! સત્ શાશ્વત છે. છે સત્. ચિદાનંદ–ચિદ અને આનંદ. જ્ઞાન અને આનંદ એનું રૂપ છે. આહાહા..! આનંદરૂપ શું ક્યાંથી લાવવું? ભાઈ! પુણ્ય-પાપના શુભ-અશુભ ભાવ થાય છે કે નહિ? એ તો મેલું અસ્તિત્વ છે, એ વિકારી અસ્તિત્વ છે. તારું સ્વરૂપ તો એને જાણવામાં, એને જાણવામાં રોકાય એવું પણ તારું સ્વરૂપ નથી. કરવામાં રોકાય એ તો એનું સ્વરૂપ છે જ નહિ. આહાહા..! ભારે કામ! કેમ લાગે છે? 'કાંતિભાઈ'! આહાહા..! આવું ત્યાં તમારે પ્લેનમાં આવતું હશે? અહીં ... 'કાંતિભાઈ'ને માસિક પંદરસોનો પગાર હતો. છોડી દીધી. નોકરી છોડી દીધી. નોકરી કરવી જ નથી હવે. મફતનો હેરાન થઈને મરી ગયો. 'મુંબઈ' પ્લેનમાં હતી, નહિ? પંદરસોનો પગાર. નાની ઉંમર છે, બાળ

બ્રહ્મચારી છે. છોડી દીધી. પંદરસોનો પગાર. સરકારી નોકરી. પાછી છોડ્યા પછી ચાર મહિનાના છ હજાર રૂપિયા આવ્યા. સરકારીની.... એ તો બધું ધૂળધાણી છે.

મુમુક્ષુ :– એમાં કાંઈ લાભ નથી.

ઉત્તર :– નહિ? આ તમારે 'સુમનભાઈ'ને આમ હશે?

મુમુક્ષુ :– એ વળી કે દિ' મારો હતો.

ઉત્તર :– પણ તમે એટલું બધું પહેલા ક્યાં કરતા હતા? આ દસ-દસ હજાર રૂપિયાની પેદાશ કરે.

મુમુક્ષુ :– એનાથી વધારે કમાય છે.

ઉત્તર :– કારણ કે તમારા હતા અને દસ હજાર હતા ને પાંચસો દેતા. હવે એ વખતે દર મહિને હજાર પેદા કરતા..

મુમુક્ષુ :– પણ એ એટલું કામ કરે છે એને તો એક કલાકના એટલા કમાતા હતા.

ઉત્તર :– સાચી વાત છે. આહાહા..! અત્યારે પૈસાની કિંમત ઘટી ગઈ છે. અત્યારના પચ્ચીસ લાખ અને પહેલાના એક લાખ. બધા માલના ભાવ વધ્યા અને પૈસાના ઘટ્યા. અરે..! જગતના ભાવ પણ એ એના, એ આત્માના નહિ. 'ચંદુભાઈ'! રાત્રે એક વાર પૂછ્યું હતું કે સોનાનો ભાવ શું છે? તો બધા ગડબડ કરવા માંડ્યા. કોઈક કહે, .. આનો, કોઈ કહે સોનાનો ... એ સોનાનો બસો ભાવ એ તમને પૂછવું હતું? અહીં વેપાર કરવો છે અમારે? સોનું એક ચીજ છે, જડ પદાર્થ છે. એનો ભાવ એટલે એમાં રહેલી શક્તિ. રંગ, ગંધ, રસ, સ્પર્શ, શક્તિ એ એનો ભાવ છે. આ તમે કલ્પ્યો પચ્ચીસનું તોલું અને બસ્સોનું તોલું એ તો તમારો કલ્પેલો ભાવ છે. એનો ભાવ ક્યાં છે એ? સમજાણું કાંઈ? સોનુ પદાર્થ છે, વસ્તુ છે, એ ભાવવાન છે. તો એનો ભાવ શું? રંગ, ગંધ, રસ, સ્પર્શ, ચીકાશ આદિ એનો ભાવ છે કે જે ભાવ ભાવવાનથી જુદો હોય નહિ.

એમ આત્માનો ભાવ શું? આવ્યું ને માથે? જુઓ! **'જ્ઞાનમાત્ર ભાવ...'** પહેલી લીટીમાં આવ્યું. આત્માનો ભાવ શું? કે જ્ઞાન એનો ભાવ છે. આહાહા..! એ જ્ઞાનસ્વભાવ પોતે જે પરને જાણવા તરીકે પરિણમે છે, એ પરિણમન એટલે એ આત્માની દશા છે. પરની નહિ, જ્ઞેયની નહિ, પરિણમનમાં જ્ઞાન થવાના કલ્લોલ જ્ઞેયને કારણે ઉઠ્યા છે એમ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આવું વસ્તુનું સ્વરૂપ છે એ દૃષ્ટિમાં નહિ લે ત્યાં સુધી એને પાપનો–મિથ્યાત્વનો ભાવ ટળશે નહિ અને ધર્મ થશે નહિ.

મુમુક્ષુ :– ધર્મ ન થાય તો કાંઈ નહિ સુખ તો થાય.

ઉત્તર :– ધૂળમાં સુખ છે? ક્યાં સુખ હતું? બહાર લટકે છે? સચ્ચિદાનંદ સ્વરૂપ તો પોતે છે. સુખ અને જ્ઞાનના સ્વભાવથી ભરેલા ભાવવાળો તો પોતે છે. આનંદસ્વરૂપ સચ્ચિદાનંદ છે. સત્ ચિદ્ આનંદ. પોતાનો ભાવ ચિદ્ અને જ્ઞાન અને આનંદ પોતાનો ભાવ છે. એ

ભાવ પોતામાં છે, પરને લઈને છે નહિ. પૈસાને લઈને, બાયડીને લઈને, આબરૂને લઈને, આ ધૂળ અને શરીર સારા રૂપાળાને લઈને જીવને સુખ છે. મૂઢ જીવે અજ્ઞાનપણે પાખંડ બુદ્ધિમાં માનેલું છે, પાપદૃષ્ટિમાં એ માનેલું છે.

મુમુક્ષુ :– મિથ્યાત્વના મોટા પાપની દૃષ્ટિ છે.

ઉત્તર :– એમ? ઓળખો છો ને? બાર વર્ષનો છે. ઝપટમાં આવ્યો છે. સમજાણું કાંઈ?

કહે છે... આહાહા..! અહીં તો જુઓ! અહીં તો જ્ઞાનની વાત ચાલે છે ને? એમ આત્મા પોતાનો ભાવ તો આનંદ છે. એ જ્યારે આનંદરૂપે થાય છે એ તો દશા પોતાની છે. એ કાંઈ બાયડી, સ્ત્રી, કુટુંબ એને લઈને અહીં આનંદ આવ્યો છે એમ નથી. તેમ એ ચીજોનું અહીં અડવું નથી અને આ ચીજ ત્યાં અડતી નથી. એકબીજામાં અભાવ છે. આ આંગળીમાં આ આંગળીનો અભાવ છે. આ આંગળી આ આંગળીપણે છે. આ આંગળી આ આંગળીપણે નથી. એમ બે અસ્તિ અને નાસ્તિ ન હોય તો એનું હોવાપણું ટકી શકે નહિ. સમજાય છે કાંઈ?

એમ ભગવાનઆત્મા જ્ઞાન અને આનંદના સ્વભાવવાળું અસ્તિ તત્ત્વ, હયાતીવાળું તત્ત્વ છે. એ રાગ અને પુણ્ય અને પરના પદાર્થથી અભાવ સ્વભાવે સ્વરૂપ છે. આહાહા..! ભારે આકરું કામ, ભાઈ! આવી ધર્મની ક્રિયા હશે! કદી સાંભળી ન હોય. દયા પાળવી, વ્રત પાળવા, ચોવિહાર કરવો, કંદમૂળ ન ખાવા. એય..! એને તો એ પણ ન હોય. એ તો જુવાન છે ને? ... કર્યા છે ને? ડૉક્ટરને ખબર છે. આહાહા..!

ત્યાં અમારે 'પાલેજ'માં સાધુ આવતા ને. નાની ઉંમર એટલે સાંભળવા જઈએ. ધર્મમાં સ્થાનકવાસી ખરા ને. અમારા પિતાજીનો ધર્મ એ. એમાં ઓલા રાત્રે ગાય. 'ભુદરજી તમને ભૂલ્યો રે ભટકું છું ભવમાં.' પણ એમાં તત્ત્વ શું? એવું ગાય. રાજી રાજી થાય. નાની ઉંમર હતી. ૧૭-૧૮ વર્ષની ઉંમર હતી. 'ઓધવજી તમને ભૂલ્યો રે ભટકું છું ભવમાં. કૂતરાના ભવમાં મેં વીણી ખાધા કટકા, ભૂખના વેઠ્યા ભડકા રે..' આવું સાંભળ્યું હતું. એય..! ડૉક્ટર. ત્યાં ભૂખના વેઠ્યા ભડકા. મહારાજ છે એ તો સારી વાત કહેતા. પણ એમાં ધર્મ શું આવ્યો? સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાન! અહીં તો આત્માને ભગવાન કહે છે, હોં! ભગ + વાન છે એ. ભગ એટલે જ્ઞાન અને આનંદરૂપી લક્ષ્મી એનું વાન એટલે એનું સ્વરૂપ છે. ભગ્ + વાન. ભગ એટલે જ્ઞાન અને આનંદની લક્ષ્મી. એવી લક્ષ્મીવાળો ભગવાનઆત્મા છે. કહે છે, એને જ્ઞાનમાં આ શરીર જણાણું? ના. શરીરની હયાતી શરીરમાં છે. એ જ્ઞાનતત્ત્વની હયાતીમાં શરીરની હયાતી નથી. ત્યારે જ્ઞાનતત્ત્વ એવો જે ભાવ, એ જ્યારે શરીરને જાણવાપણે પરિણમ્યો એમ કહેવું એ એમ નથી. એ તો પોતાના જ્ઞાનભાવવાળું તત્ત્વ છે. જાણવારૂપે અને આનંદરૂપે થાય, એ એની દશા અને એ એનું જ્ઞેય અને એ એને જાણનારો. આહાહા..! સમજાણું

કાંઈ?

મુમુક્ષુ :– આ તો ઘરમાંને ઘરમાં છે પણ...

ઉત્તર :— ઘરમાં જ હોય ને પરમાં ક્યાં હતું? લોકો નથી કહેતા 'ઘરના છોકરા ઘંટી ચાટે અને પાડોશીને આટો.' જગતમાં આ બધું એવું થઈ ગયું છે. પોતે કોણ એની ખબર ન મળે અને બીજા બધાની માંડી. ... જમીન અને માટી. પણ તું ભરેલો કોણ છો? તું કોણ છો? તારે શું કરવું? અને શું કરી રહ્યો છો? એની ખબરું ન મળે. બેભાન-પાગલ.

એક ફેરી કહ્યું હતું, ભાઈ! આ બધા આત્મા પોતાનો સ્વભાવ છે એને ભૂલીને આ પરનો કર્તા માને છે એ પાગલ જેવા છે. ત્યારે આ કહે, જેવા નહિ, ઉપમા નહિ. પાગલ જ છે. પાગલ જેવા કીધાને? જેવા એ તો ઉપમા થઈ. કે આના જેવા. પણ આના જેવા એટલે બીજો. પાગલ જ છે. આહાહા..! આવા ગાંડા જ હશે બધા? 'સુમનભાઈ'! ઓ..હો..! બાપુ તો મોટા બેરિસ્ટર હતા. બેરિસ્ટર સામે આવ્યો હોય તો જરી વિચાર કરવો પડે. જુઓ હમણા કહેતા. ઓલા 'મંગળભાઈ' કહેતા. 'મંગળ' વકીલ છે ને? 'મંગળભાઈ' વકીલ નહોતા આવ્યા? એ કહેતા હતા, 'રામજીભાઈ' જ્યાં સામે કોર્ટમાં આવે, જજને પણ વિચાર કરવો પડે. 'રામજીભાઈ' છે. એ શું દલીલ કરશે? 'મંગળભાઈ' કહેતા હતા. ત્યાં 'અમદાવાદ' ગયા હતા ને અમે. એ કહેતા હતા. એ અહીં બે દિ' રહી ગયા. એ બિચારા કાંઈ ભાન ન મળે. વકીલ થઈને બેઠાને ઓલા પૂર્વના પુણ્યને લઈને ગાડું જરી ચાલતું હોય. બસ્સો-પાંચસો, હજાર પેદા કરતા હોય અને રોટલા ખાતા હોય. અરે..! એય...! ભગવાન તારી લક્ષ્મીનો, આનંદનો, જ્ઞાનનો ભંડાર તો તારી પાસે પ્રભુ છે. તને તારા નિધાનની ખબર નથી. પરના નિધાન જોવા ગયો પણ તારું નિધાન શું છે એની તને ખબર નથી.

કહે છે, **'તે જ્ઞાનકલ્લોલો જ જ્ઞાન વડે જણાય છે.'** આહાહા..! કારણ કે જે ચીજ પર શરીર, વાણી, મન આ બધા પર છે એ આમાં પોતાના હોવાપણામાં તો આવતા નથી. આવા પોતાના હોવાપણામાં તો જાણવાની ક્રિયા–જાણનક્રિયા (થાય છે). દયાના ભાવ થયા, એની જાણવાની ક્રિયા એ આત્મામાં છે. દયાના પરિણામ આત્મામાં આવતા નથી. સમજાણું કાંઈ? અરે..! આવો તે કેવો ધર્મ હશે! વિધવાને આપો લુવા, ભૂખ્યાને આહાર આપવો, તરસ્યાને પાણી દેવા, નાગાને લુગડા દેવા, માંદાની સેવા કરવી. ધૂળેય નથી કરતો, સાંભળને હવે. એ મને કહે ડાક્ટરને એ ડોક્ટર દાંત કાઢે. ડોક્ટર પણ પોતે મરી જાય ને. 'ભાવનગર'માં તમારે નહોતા? 'હેમંતકુમાર'. અહીં બે-ત્રણ વાર આવ્યા હતા. એ પણ બિચારા હોસ્પિટલમાં ઓપરેશન કરતા કરતા ઉડી ગયા. એકવાર દાંત માટે બોલાવ્યા હતા. આવ્યા હતા. અને બીજા એક સર્જન હતા. ... ગયા હતા ને. તેનો દિકરો મરી ગયો હતો તે દિ' ગયા હતા. તરત જ ખબર પડી ગઈ કે મહારાજ આવે છે. એટલે પછી આવ્યા હતા. કે શું છે આમાં? કાંઈ લાગતું નથી કીધું. તમારી ભાષામાં શું કહેવાય? સિરીયસ નહિ. આ ઉપચાર કરીએ

છીએ એની શું ભાષા? ટ્રીટમેન્ટ.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હતા ત્યાં? દવાખાને. આ 'હીરાભાઈ'નો દીકરો હતો. બહુ જુવાન માંદો. 'ચુનીભાઈ'નો દીકરો. બિચારો વીસ વર્ષનો જુવાન હતો. એ ઓલો ફટપટીયું છે ને એમાંથી ઉડીને ઓલું થઈ ગયું. પછી ડોક્ટર આવ્યા. ડોક્ટરે કહ્યું, મારા ઘરે પગલા કરો. ત્યાં 'કલોલ'માં બંગલો છે ને. નરમ માણસ છે, અહીં આવી ગયા છે. પણ ડોક્ટર કોના? એના શરીરમાં થાય તો કાંઈ કરી શકે છે? એં.... એં... થઈ જાય છે, લ્યો. આ ડોક્ટર, નહિ? 'જામનગર'ના ડોક્ટર. શું કહેવાય? 'પ્રાણજીવન' ડોક્ટર. અઢી હજારનો પગાર. ડોક્ટર છે ને? જ્યારે એને કાંઈક કરડ્યું તો મોઢું આમ ફાટી ગયું હતું. હું નહિ કરી શકું... હું નહિ કરી શકું.. બીજા તમે કરો. કારણ કે એને દેખાવ જ ઉડી ગયો કે આમાં કાંઈ થાતું નથી લાગતું. 'પ્રાણજીવન' ડૉક્ટર. સોલેરીયમ છે ને.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ તો બધા ઘણા છે. (સંવત) ૧૯૭૭માં 'ભાવનગર'માં એક ડૉક્ટર હતો ને? કેવો? .. કીધું ભાઈ મને કાંઈ વિચાર નથી લાગતો. ... ૧૯૭૭ની સાલની વાત છે. એ તો પરમાણુ જડની અવસ્થા છે, ભાઈ! એ કરવાનું તારાથી ન થાય, ભાઈ! અરે..! એનું જ્ઞાન પણ તારું નહિ. એ સંબંધીનું જ્ઞાન થાય, તારું તારા અસ્તિત્વમાં જાણવાનું થાય એ ક્રિયા તારી છે. આહાહા..! એ જડની ક્રિયા તારી નહિ, તારાથી થઈ નથી. પણ એ વખતે રાગ થયો એ ક્રિયા તારી નહિ, તારાથી થઈ નથી પણ રાગનું જ્ઞાન થયું એ રાગથી થયું નથી. તારાથી થયું છે. આહાહા..! 'શશીભાઈ'! આટલું બધું ... ને જાવું છે ક્યાં? મોટા મેરુ ઉપાડવા જાય. ભાઈ! તારા ઘરની ચીજ જ આવી છે. તને તારા સત્યની ખબર નથી.

કહે છે **'તે જ્ઞાનકલ્લોલો જ જ્ઞાન વડે જણાય છે. આ રીતે પોતે જ પોતાથી જણાવાયોગ્ય હોવાથી જ્ઞાનમાત્ર ભાવ જ જ્ઞેયરૂપ છે.'** સરવાળો લઈ લીધો. **'આ રીતે...'** જે રીત કીધી તે રીતે. જે જણાવા યોગ્ય પદાર્થ તે પરમાં રહ્યા, જાણનારો જાણવામાં રહ્યો, એ જાણનાર પોતે જ્ઞાનરૂપે થાય, એને પોતે જાણે છે, એ જણાવાયોગ્ય ચીજ આત્માને છે. પર જણાવાયોગ્ય છે એ બધો વ્યવહાર છે. આહાહા..! **'જણાવાયોગ્ય હોવાથી જ્ઞાનમાત્ર ભાવ જ જ્ઞેયરૂપ છે.'** લ્યો ઠીક. જ્ઞાનમાત્ર ભાવ જ જ્ઞેયરૂપ છે. આખું જ્ઞેય છે. પરિણમનથી વાત કરવી છે. બાકી તો આત્મા વસ્તુ, એનો જ્ઞાનભાવ અને એનું પરિણમન એટલે વર્તમાન દશા-અવસ્થા એ જ જ્ઞેય છે. આહાહા..! આ જ્ઞેય અને જ્ઞાન ને શું માંડી છે? એ માંડી છે તારા ઘરમાં શું થાય છે એની. સમજાણું કાંઈ? આહાહા..!

**'જ્ઞાનમાત્ર ભાવ જ જ્ઞેયરૂપ છે.'** આ પાના-ફાનામાં એની મેળાએ બધું સમજાય એવું નથી, હોં! ડોક્ટર! એકવાર 'ગોંડલ'માં નહોતું થયું આપણે વ્યાખ્યાનમાં? જોષી. દિવાન હતા.

વ્યાખ્યાનમાં આવે. ઓ..હો..! આમાં બધું લખ્યું હશે? છે એમાં પણ તમને કાંતતા નહિ આવડે. પુસ્તક લઈ જજો. પુસ્તક લઈ ગયા હતા. 'કેશવલાલ' પ્રોફેસર છે ને? 'ગોંડલ'ના છે. પ્રોફેસર. 'કેશવલાલભાઈ'! આ મહારાજ વાંચે એ પુસ્તક આપજો અને લઈ આવજો આપણે ઘરે. 'ભગવતી સૂત્ર' હતું. સમ્યક્‌નો અધિકાર ચાલતો હતો. (સંવત) ૧૯૮૮ની સાલની વાત છે. ૧૯૮૮. (પુસ્તક) લઈ ગયા. મહારાજ! આમાં કાંઈ સમજાતું નથી. તમે બોલો છો ને...

મુમુક્ષુ :– હતા એ સાધારણ.

ઉત્તર :– દરબારની કૃપા. બાકી બુદ્ધિ એવી નહોતી. ... વ્યાખ્યાનમાં આવે. સમજ્યા વિનાના હોય ઘણાય તો. આહાહા..!

કહે છે, પોતે જ્ઞાનભાવવાળો આત્મા, એ જ્ઞાનરૂપે થાય તે તેનું જ્ઞેય એટલે જણાવાયોગ્ય ચીજ છે. પર ચીજ જણાવાયોગ્ય છે. કરવાયોગ્ય તો નથી, એની ક્રિયા નથી, રાગની ક્રિયા એની નથી, શરીરની ક્રિયા એની નથી. એનું અસ્તિત્વ જુદું. પણ એ અસ્તિત્વનું અહીં જ્ઞાન થાય, એ અસ્તિત્વને લઈને જ્ઞાન થાય એમ નહિ. પોતાના જ્ઞાનના અસ્તિત્વને લઈને એનું જ્ઞાન થાય છે. અરે..! ભાઈ! આવું તે હશે! વીતરાગનો માર્ગ આવો હશે! કોઈ દિ' સાંભળ્યું હતું? 'કલકત્તે' બલકત્તે સાંભળ્યું નહોતું?

**'વળી પોતે જ પોતાનો જાણનાર હોવાથી જ્ઞાનમાત્ર ભાવ જ જ્ઞાતા છે.'** લ્યો. જાણનાર પોતે પોતાને જાણે, જણાય પણ એ જાણવાની ક્રિયા પોતાનું જ્ઞેય અને જ્ઞાતા જાણનારો અને જ્ઞાન જાણે અને જ્ઞેય પોતે. ત્રણે એક જ ચીજ છે. જાણનારો જ્ઞાતા આત્મા, એનો જ્ઞાનભાવ એ જ્ઞાન અને એનું પરિણમન થવું, અવસ્થા થવી. પરના વિષયને જાણવા સંબંધી પોતાની દશા થવી, એ પોતે જ્ઞેય, પોતે જ્ઞાન અને પોતે જ્ઞાતા. પરની સાથે કાંઈ સંબંધ છે નહિ. આહાહા..! આવું હશે આ?

મુમુક્ષુ :– છે જ ને. પછી એમાં શંકા કેવી? શંકા વગરની વાત છે.

ઉત્તર :– એમ? આહાહા..! કહો, સમજાય છે કે નહિ આમાં? એ સમજ્યા છો એમાં નહિ, આમાં સમજાય છે કે નહિ? એમ કહે છે. આહાહા..! અરે..! કોઈ દિ' આત્મા શું છે? શું ગુણ છે? શું દશા છે? શું થાય છે? એના કોઈ દિ' પત્તા લીધા નહિ. એમ ને એમ અનાદિથી ઉંધે કાંધ થઈને રખડે છે. મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન, રાગ-દ્વેષના આચરણ. ચોરાશીના અવતારના ઘોદા ખાઈને અનંતવાર મરી ગયો. સમજાણું કાંઈ?

આ ભગવાનઆત્મા પરમેશ્વર સર્વજ્ઞદેવ ત્રિલોકનાથે કહ્યો એ લોજિક-યુક્તિથી સિદ્ધ થઈ શકે છે. કહે છે, **'પોતે જ પોતાનો જાણનાર હોવાથી જ્ઞાનમાત્ર ભાવ જ જ્ઞાતા છે.'** લ્યો. એ જ્ઞાનમાત્ર ભાવ જ જાણનારો છે એમ કહે છે. જણાય તે પણ પોતાની દશા, જાણનારો પણ પોતે અને જ્ઞાન પણ પોતાનું. એ ત્રણે એકરૂપ છે. પોતાના હોવાપણામાં જાણનારો

પોતે, જ્ઞાન વડે જાણે એમ કહેવું એ પણ નહિ. એ તો જ્ઞાન પોતે સ્વરૂપ જ છે. અને જ્ઞાનની પરિણતિને જાણે એ પણ પોતાનું જ્ઞેય છે એમ ભેદ પાડવો એમ નહિ. એ પોતે જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય એકરૂપે વસ્તુ છે. એવી અંતરમાં દૃષ્ટિ થવી તેને સમ્યગ્દર્શન અને ધર્મની શરૂઆત કહેવામાં આવે છે. બાકી બધા થોથે થોથા છે. સમજાય છે કાંઈ? બધા સાધુ થઈને મૂંડીને મરી જાય. મુંડાવીને માથા ફોડે. ઉના પાણી પીવે... એ બધા રણમાં પોક મૂકવા જેવી વાત છે. એમાં કાંઈ આત્માનો ધર્મ છે નહિ. સમજાણું કાંઈ? કાંઈ સમજાણું એમ કહેવાય છે ને? બધું ક્યાં સમજાય છે? બધું સમજાય તો તો ન્યાલ થઈ જાય એને. પણ શું કહેવા માગે છે? કઈ અપેક્ષાથી, ક્યા પ્રકારનું એવું કાંઈ લક્ષ થાય છે? એનું નામ કાંઈ સમજાય છે. એ ... મધ્યમાં. વાક્યનો વિસામો હોય છે ને? અમુક બોલ્યા પછી કોઈને એમ કહે કે તમને સમજાય છે? એ વાક્યનો વિસામો છે. સમજાણું કાંઈ? જુઓ! સમજાણું કાંઈ આવ્યું. આહાહા..!

**'આ પ્રમાણે જ્ઞાનમાત્ર ભાવ જ્ઞાન, જ્ઞેય અને જ્ઞાતા–એ ત્રણે ભાવોયુક્ત સામાન્યવિશેષસ્વરૂપ વસ્તુ છે.'** અહીં સામાન્ય અને વિશેષ બે ભેગી લઈ લીધી. ભાઈ! જ્ઞાનપ્રધાન છે ને? પ્રમાણજ્ઞાન. વસ્તુ ત્રિકાળી સત્, એની શક્તિ ત્રિકાળી સત્ અને એની દશા થતાં વર્તમાન હાલત-દશા થાય એ ત્રણે થઈને આત્મા કહેવામાં આવે છે. એ આત્મામાં પુણ્ય અને પાપ ન આવે, એમાં શરીર-વાણીની ક્રિયા ન આવે અને પુણ્ય-પાપ અને શરીરની ક્રિયાનું જ્ઞાન પણ એને લઈને ન આવે. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

એવી **'એ ત્રણે ભાવોયુક્ત...'** જુઓ! ત્રણેને ભાવ કહી દીધા પાછા. જ્ઞાતા જાણનારો, જ્ઞાન જાણે અને જણાય પોતાનું જ્ઞેય. આહાહા..! આવું તત્ત્વ. એવો ભગવાનઆત્મા ત્રણ ભાવસહિત, ત્રણ ભાવ યુક્ત. ક્યા ત્રણ? જાણનારો આત્મા, જણાય તે જ્ઞાન અને જણાય તે જ્ઞેય. જાણનારો આત્મા, જાણે તે જ્ઞાન, જણાય તે જ્ઞેય. પોતે ને પોતે. આહાહા..! એમ જ્યારે અંતરમાં દૃષ્ટિ મૂકે ત્યારે તેને જ્ઞાતા-જ્ઞાન અને જ્ઞેયના ત્રણ ભેદ પોતાના છે એ પણ રહેતા નથી. સમજાણું કાંઈ? પરના તો રહેતા નથી પણ પોતાના ત્રણ પ્રકાર પણ રહેતા નથી.

ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યઘન, એની દૃષ્ટિ થતાં પોતાના હોવાપણાના પ્રતીતમાં એને જ્ઞાન અને આનંદની દશા પ્રગટ થાય. એને ધર્મ અને ધર્મની શરૂઆત કહેવામાં આવે છે. **'આવો જ્ઞાનમાત્ર ભાવ હું છું...'** જુઓ! આવો કીધો એવો. જ્ઞાતા પણ હું, જ્ઞાન પણ હું અને જણાવ પણ હું. **'આવો જ્ઞાનમાત્ર ભાવ હું છું એમ અનુભવ કરનાર પુરુષ અનુભવે છે.'** આત્માને આનંદના જ્ઞાનના સ્વભાવને અનુભવે છે એ આ રીતે અનુભવે છે અને એ અનુભવ થવો એ ધર્મ છે. સમજાણું કાંઈ? બહુ સરસ વાત હતી. કળશનો ભાવાર્થ ભર્યો છે. જુઓને! પંડિતે ભર્યો છે. આહાહા..!

**'એમ અનુભવ કરનાર પુરુષ...'** પુરુષ એટલે આત્મા. વળી સ્ત્રીનો આત્મા જુદો એમ નહિ. આત્મા એટલે? આત્મા તો આત્મા જ છે. શરીર જુદું. હાડકાને ફેરે કાંઈ આત્મા સ્ત્રી થઈ જતી નથી. પુરુષના આકારે કાંઈ આત્મા થયો નથી. આ તો જડ છે. ચૈતન્ય જ્ઞાનભાવવાળો આત્મા, શરીરના આકાર-ઇન્દ્રિય પુરુષના કે નપુંસકના એ આકારે થયો નથી. અજ્ઞાનીએ જડના આકારમાં આવીને માન્યું છે કે હું પુરુષ છું અને સ્ત્રી છું. સમજાણું કાંઈ? સોનાની લગડી, એને ગમે તેવા ચામડાના, કપડાના નવા, તાજા ટુકડા ઉપર વીંટાળે, તો સોનાની લગડી વીંટાળેલા વસ્ત્ર જેવી થઈ જાય? એમ ભગવાન ચિદાનંદ સચ્ચિદાનંદ પ્રભુ આત્મા છે. એ આ ચામડાને .. છે. પુરુષના, સ્ત્રી, નપુંસકના, ઢોરના, દેવના. એ વીંટાળરૂપે થતો નથી, થયો નથી, થશે નહિ. અરે..રે..! ભારે વાત! પંડિતજી!

એમ આત્માનો અનુભવ કરનાર. અનુ એટલે અનુસરીને. આવો આત્મા એને અનુસરીને ભવવું. અનાદિથી તો પુણ્ય-પાપ અને રાગ-દ્વેષને અનુસરીને વિકારરૂપે થાય છે એ દુઃખ અને રખડવાનો સંસાર છે. આવો **'અનુભવ કરનાર પુરુષ...'** આવો અનુભવે છે કે જાણનાર પણ હું, જ્ઞાનપણ હું અને જ્ઞેય એટલે જણાવાયોગ્ય ચીજ પણ હું જ છું. એમ ત્રણના અભેદની દૃષ્ટિ થતાં, એને અનુભવ નામ આનંદનો સ્વાદ આવે, અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે, એને સમકિત અને એને ધર્મ કહેવામાં આવે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક–૨૭૨

(પૃથ્વી)

**क्वचिल्लसति मेचकं क्वचिन्मेचकामेचकं**
**क्वचित्पुनरमेचकं सहजमेव तत्त्वं मम।**
**तथापि न विमोहयत्यमलमेधसां तन्मनः**
**परस्परसुसंहतप्रकटशक्तिचक्रं स्फुरत्।।२७२।।**

**આત્મા મેચક, અમેચક ઇત્યાદિ અનેક પ્રકારે દેખાય છે તોપણ યથાર્થ જ્ઞાની નિર્મળ જ્ઞાનને ભૂલતો નથી-એવા અર્થનું કાવ્ય હવે કહે છે :–**

**શ્લોકાર્થ :– (જ્ઞાની કહે છે :) [ मम तत्त्वं सहजम् एव ] મારા તત્ત્વનો એવો સ્વભાવ જ છે કે [ क्वचित् मेचकं लसति ] કોઈ વાર તો તે (આત્મતત્ત્વ) મેચક (-અનેકાકાર, અશુદ્ધ) દેખાય છે, [ क्वचित् मेचक-अमेचकं ] કોઈ વાર મેચક-અમેચક (બન્નેરૂપ) દેખાય છે [ पुनः क्वचित् अमेचकं ] અને વળી કોઈ વાર અમેચક (-એકાકાર, શુદ્ધ) દેખાય**

છે; [ तथापि ] તોપણ [ परस्पर-सुसंहत-प्रकट-शक्ति-चक्रं स्फुरत् तत् ] પરસ્પર સુસંહત (-સુમિલિત, સુગ્રથિત, સારી રીતે ગૂંથાયેલી) પ્રગટ શક્તિઓના સમૂહરૂપે સ્ફુરાયમાન તે આત્મતત્ત્વ [ अलम-मेधसां मनः ] નિર્મળ બુદ્ધિવાળાઓના મનને [ न विमोहयति ] વિમોહિત કરતું નથી (-ભ્રમિત કરતું નથી, મૂંઝવતું નથી).

ભાવાર્થ :– આત્મતત્ત્વ અનેક શક્તિઓવાળું હોવાથી કોઈ અવસ્થામાં કર્મના ઉદયના નિમિત્તથી અનેકાકાર અનુભવાય છે, કોઈ અવસ્થામાં શુદ્ધ એકાકાર અનુભવાય છે અને કોઈ અવસ્થામાં શુદ્ધાશુદ્ધ અનુભવાય છે; તોપણ યથાર્થ જ્ઞાની સ્યાદ્વાદના બળથી ભ્રમિત થતો નથી, જેવું છે તેવું જ માને છે, જ્ઞાનમાત્રથી ચ્યુત થતો નથી. ૨૭૨.

---

## પ્રવચન નં. ૫૭૬ શ્લોક-૨૭૨,૨૭૩ ગુરુવાર, પોષ વદ ૩, તા. ૧૪-૦૧-૧૯૭૧

---

'સમયસાર' પરિશિષ્ટ. **'આત્મા મેચક, અમેચક ઇત્યાદિ અનેક પ્રકારે દેખાય છે...'** મેચક એટલે અનેક પ્રકાર, અમેચક એટલે એક પ્રકાર. એમ અનેક પ્રકાર. **'તોપણ યથાર્થ જ્ઞાની નિર્મળ જ્ઞાનને ભૂલતો નથી–'** એ વસ્તુના સ્વરૂપમાં એને ...

क्वचिल्लसति मेचकं क्वचिन्मेचकामेचकं
क्वचित्पुनरमेचकं सहजमेव तत्त्वं मम।
तथापि न विमोहयत्यमलमेधसां तन्मनः
परस्परसुसंहतप्रकटशक्तिचक्रं स्फुरत्।।२७२।।

ધર્મી એમ માને છે કે **'मम तत्त्वं सहजम् एव મારા તત્ત્વનો એવો સ્વભાવ જ છે क्वचित् मेचकं लसति કોઈ વાર તો તે (આત્મતત્ત્વ) મેચક (-અનેકાકાર, ભેદ અશુદ્ધ) દેખાય છે,...'** એવા તત્ત્વનો સ્વભાવ છે એમ કહે છે. **'मम तत्त्वं सहजम् एव'** પર્યાયમાં જોવે તો અનેક પ્રકારે દેખાય છે. અશુદ્ધ પણ દેખાય છે અને ભેદરૂપ છે. અનેકાકાર, મેચક અને ભેદ. એવું પણ એના સ્વ પર્યાયનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? **'કોઈવાર તો તે (આત્મતત્તવ) મેચક (-અનેકાકાર, અશુદ્ધ) દેખાય છે, કોઈવાર મેચક-અમેચક દેખાય છે...'** વસ્તુની દૃષ્ટિએ શુદ્ધ છે અને પર્યાયમાં અનેક પ્રકારના ભેદ અને અશુદ્ધતા પણ (દેખાય છે). એક સમયે બન્ને દેખાય છે. અહીં દૃષ્ટિનો વિષય નથી, અહીં તો જ્ઞાનનો વિષય છે. પ્રમાણનો છે. સમજાણું કાંઈ? આવું તત્ત્વ જ છે.

**'मम तत्त्वं सहजम् एव'** સહજ જ એવું છે. પરની સાથે કાંઈ સંબંધ વિના. **'मम तत्त्वं'** કીધું છે. પરને લઈને થાય એમ નથી કીધું. આહાહા...! **'मम तत्त्वं सहजम् एव મારા તત્ત્વનો એવો સ્વભાવ જ છે...'** સમ્યગ્જ્ઞાની એમ જાણે છે. **'કોઈવાર તો તે (આત્મતત્ત્વ) મેચક (–અનેકાકાર, અશુદ્ધ)...'** પર્યાયમાં લક્ષ આપતાં મલિનતા અને અનેક ભેદે પણ દેખાય

છે. એ વસ્તુની પર્યાયનો સ્વભાવ છે. એય..! પંડિતજી! આહાહા..! આમાં પરને લઈને છે એમ નથી કહ્યું. એ તો **'મારા તત્ત્વનો सहजम् एव એવો સ્વભાવ જ છે'** સમજાણું કાંઈ? પર પરમાં રહી ગયું. પર આત્મામાં આવતું નથી. હવે આત્મા જે દ્રવ્ય, ગુણ અને પર્યાય છે, એમાં એને પર્યાયમાં જોતાં.. અહીંયાં સાધક છે ને? આ ક્યાં સિદ્ધ થયા છે? અનેકરૂપે, ભેદરૂપે કે અશુદ્ધરૂપે મલિન દેખાય છે. સમજાણું કાંઈ?

**'કોઈ વાર મેચક-અમેચક (બન્નેરૂપ) દેખાય છે...'** દ્રવ્ય આમ જોઈએ તો શુદ્ધ છે એ પણ જણાય છે અને પર્યાયમાં અનેક પ્રકારે મલિનતા અથવા ભેદ છે, એ પણ એક સમયમાં બન્ને ભેદ છે. સમજાણું કાંઈ? પહેલો મેચક તો એની પર્યાયદષ્ટિએ જોતાં એમાં અશુદ્ધતા અનેક પ્રકારની દેખાય છે. પ્રમાણદષ્ટિએ જોતાં દ્રવ્યનું એકપણું અને અમેચકપણું એટલે એકપણું. એની પર્યાયમાં અનેકપણું એમ એકસાથે પણ છે. વસ્તુ વસ્તુ એવી છે, વસ્તુ એવી છે. પરની સાથે ક્યાં? પર તો પરમાં પરિણમે છે. એની સાથે કાંઈ સંબંધ છે નહિ.

આત્મા તત્ત્વ એવું છે એનો દ્રવ્ય અને પર્યાયનો સ્વભાવ એ પોતાને લઈને સ્વભાવિક એવી વસ્તુ છે એમ કહે છે. અહીં ત્રિકાળ દ્રવ્ય શુદ્ધ છે એટલું નથી લેવું. સમજાણું કાંઈ? કારણ કે પ્રમાણનો વિષય... અનેકરૂપ, ભેદરૂપ, અશુદ્ધરૂપ, મલિનરૂપ પણ પર્યાયમાં છે એવો જ એનો પર્યાયનો સ્વભાવ છે, સાધક છે ત્યાં સુધી. આમ જોવે તો મેચક-અમેચક બન્ને છે. અમેચક એટલે એકરૂપ, અભેદરૂપ, શુદ્ધરૂપ. ત્રિકાળ વસ્તુ જોતા અમેચક છે, અભેદ છે, એકરૂપ છે, શુદ્ધ છે, પવિત્ર છે. એમ બન્ને એકસાથે પણ દેખાય છે. કહો, સમજાણું?

**'पुनः क्वचित् अमेचकं એ વળી કોઈવાર...'** એકલો અનુભવમાં શુદ્ધ જ દેખાય છે. કહો, બરાબર છે? પંડિતજી! આહાહા..! એ ચીજની વસ્તુસ્થિતિ જ એવી છે એમ કહે છે. આચાર્ય પોતે કહે છે, જુઓને! **'मम तत्त्वं सहजम् एव'** પહેલો શબ્દ એ છે ને? આમાં પહેલો અર્થ છે ને? શબ્દાર્થમાં પહેલું જ છે. **'मम तत्त्वं सहजम् एव'** આહાહા..! આવી વાત સર્વજ્ઞ સિવાય (ક્યાંય છે નહિ). આ તો વસ્તુનું સ્વરૂપ જ આવું છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? કોઈવાર તો એક, અનેક, એકાકાર, અભેદ, શુદ્ધ, એકરૂપ દેખાય છે. **'તોપણ तथापि'** આમ હોવા છતાં પણ. આ તો સારમાં સાર છેલ્લા કળશ છે.

**'परस्पर-सुसंहत-प्रकट-शक्ति-चक्रं स्फुरत् तत् પરસ્પર...'** એક, અનેક, શુદ્ધ, અશુદ્ધ, ભેદ, અભેદ એ **'(–સુમિલિત,...)'** બેના મેળવાળું છે. **'સુગ્રથિત, સારી રીતે ગૂંથાયેલી...'** બરાબર છે. સારી રીતે ગૂંથાયેલું છે. **'પ્રગટ શક્તિઓના સમૂહરૂપે સ્ફુરાયમાન...'** જે શક્તિઓ છે એની પર્યાયમાં અનેકપણું છે. શક્તિપણે એક છે. એવો જેનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? વાસ્તવિક તત્ત્વ છે એમ એનું જ્ઞાન સમજવું જોઈએને? જેવો એનો સ્વભાવ છે એમ થવું જોઈએને? સમજાણું?

**'(–સુમિલિત, સુગ્રથિત, સારી રીતે ગૂંથાયેલી)...'** અનેકપણું અને વસ્તુ એકપણું, વસ્તુએ અભેદપણું અને પર્યાયમાં અનેકાકારપણું ... એવી રીતે વસ્તુ ગૂંથાયેલી છે. એવી જ વસ્તુ મેળવાળી છે કહે છે. એને મેળવાળી કહીએ. મેળવાળી સમજો છો? મેળ? જ્ઞાન ... એવી વસ્તુ છે, એમ કહે છે. એવો એનો સુમેળ છે. ભારે, ભાઈ! **'પ્રગટ શક્તિઓના સમૂહરૂપે સ્ફુરાયમાન તે આત્મતત્ત્વ..'** છે એમ. અવસ્થામાં પણ અને દ્રવ્યમાં પણ એવી જ રીતે પ્રગટ છે. દ્રવ્યે એકરૂપ, અભેદરૂપ, શુદ્ધરૂપ. પર્યાયે અનેકરૂપ, ભેદરૂપ, અશુદ્ધરૂપ. એવી જ રીતે સ્ફુરાયમાન છે. વસ્તુ જ એ રીતે છે. સમજાણું કાંઈ? આવી વસ્તુ છે માટે અશુદ્ધપણું એ સાધક છે, એમ સિદ્ધ નથી કરવું. અહીં તો આવું હોય છે. અને આ દ્રવ્યે એક છે, આમાં અનેક છે. બસ, આવું વસ્તુનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? આવો જ આત્માનો સહજ, પોતાથી... જુઓને! અશુદ્ધ **'सहजम् मम तत्त्वं'** મારાથી એમ કીધું ને?

મુમુક્ષુ :– પોતાની જાતને...

ઉત્તર :– પરની સાથે શું સંબંધ છે? આહા..! અહીં તો પોતાના દ્રવ્ય અને પર્યાયના પ્રમાણના જ્ઞાનના વિષયની વાત છે. આહાહા..!

એવું હોવા છતાં. **'अलम-मेधसां मनः નિર્મળ બુદ્ધિવાળાઓના મનને વિમોહિત કરતું નથી (-ભ્રમિત કરતું નથી, મૂંઝવતું નથી).'** આ શું? અરે..! વસ્તુએ એકરૂપ શુદ્ધ અને અવસ્થામાં અનેકરૂપ અશુદ્ધ? આ બે વિરોધ શો? કહે છે, વસ્તુની સ્થિતિ જ એવી છે. ધર્મી એમાં વિરોધ જાણતો નથી. એનો મેળ જાણે છે. સમજાય છે કાંઈ? આરે..! ભારે! આહા..! **'अलम-मेधसां मनः'** અમલ એટલે નિર્મળ જેની બુદ્ધિ. **'मेधसां'** એટલે બુદ્ધિ. જેનું મન. **'નિર્મળ બુદ્ધિવાળાઓના મનને વિમોહિત કરતું નથી (–ભ્રમિત કરતું નથી, મૂંઝવતું નથી).'** આ શું? ઓહો..! એમાં તો અભેદ અનુભવમાં શુદ્ધ અને એક દેખાય, પર્યાયમાં અશુદ્ધતા ભૂમિકા પ્રમાણે વિષયની વાસના, રાગાદિ દેખાય. આ શું? એવો સ્વભાવ છે. સાધક છે ત્યાં સુધી એવી એની વસ્તુની મર્યાદા છે. સમજાણું કાંઈ? આહાહા..! એક કોર શાંત આનંદમય દેખાય, એક કોર રૌદ્રધ્યાનના પરિણામવાળો દેખાય. સમજાણું કાંઈ? હો, એ તો વસ્તુની મર્યાદા જ એવી છે. વસ્તુ શુદ્ધ છે અને શુદ્ધનું ભાન થયું, માટે એની દશામાં અશુદ્ધતા ન જ હોય, અનેકતા ન જ હોય એમ નથી. સમજાણું કાંઈ? એ જ્ઞાનીના મનને મૂંઝવતું નથી એમ કહે છે. આ શું? સમજાય છે કાંઈ? મેચકનો અર્થ મેલું કહ્યું છે. અનેકરૂપ થાય છે એનું લક્ષ કરતાં વિકલ્પ ઉઠે છે એ મેલું છે એમ કહે છે. એ મેલું પણ એ પર્યાયનો એ જાતનો સ્વતઃ સ્વભાવ છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

**'નિર્મળ બુદ્ધિવાળાઓના મનને વિમોહિત કરતું નથી (–ભ્રમિત કરતું નથી, મૂંઝવતું નથી).'** આહાહા..! અરે..! આ મલિન પરિણામ! મારા નિર્મળ સ્વભાવની દૃષ્ટિ ક્યાં ગઈ? એમ મૂંઝાતો નથી. 'દાસ'! અરે..! આ મલિન પરિણામ! પાછું નિર્મળ ક્યાં રહ્યું? મલિન

પરિણામ અને વળી પાછો આખો નિર્મળ! એમ જ છે. આહાહા..! પર્યાયમાં મલિનતા, અશુદ્ધતા, અનેકતા, ભેદતા ભાસતા છતાં વસ્તુ તો વસ્તુ શુદ્ધ દ્રવ્ય એક જ રૂપ છે. સમજાણું કાંઈ? ભાષા જુઓને! **'मम तत्त्वं सहजम् एव'** અશુદ્ધતા પણ સહજ ભાવે છે. પર્યાયનો, દ્રવ્યના પર્યાયનો એવો સ્વભાવ છે. અનેકરૂપે થવું, અશુદ્ધપણે રહેવું અને ભેદપણે થવું એ જ વસ્તુનો પર્યાયમાં સ્વભાવ છે. આહાહા..! ભારે! આ વસ્તુ સર્વજ્ઞ સિવાય દ્રવ્ય-પર્યાય આવી ચીજ બીજે ન હોય. સમજાણું કાંઈ?

**'ભાવાર્થ :–'** કાલ તો વળી ભાવાર્થ સારો હતો અને વળી પાછા મહેમાન હતા. એટલે પછી આને ઝટ જાવું છે ને. 'દિલીપ'ને જાવું છે એટલે સારા સારા શ્લોકો છે. એ તો આવી ગયું છે. કો'ક, કો'ક તો સમજે. સમજાણું કાંઈ? .... ઓલાના વખાણ કર્યા ..વાળાના. .. આત્માનું .... કાંઈ માલ ન મળે. ગપ્પા મારે. આમાં લખ્યું હતું, બહુ આવા હતા. દિગંબર-શ્વેતાંબરમાં સમન્વય કરનારા હતા. એય..! 'ચેતનજી'! મેં આને પૂછયું હતું, કેટલાક પંડિત લોકો આમ કહે છે. કેમ છે? સાહેબ! એ છોડીને અહીં આવે તો. એય..! 'રામજીભાઈ'! તમારો ચિરંજીવી એવું બોલે છે. એનો ભાવ અને આના ભાવમાં મેળ ખાય એવું બિલકુલ નથી. એય..! 'સુમનભાઈ'! એના ચિરંજીવી. આહાહા..! બીજાને એમ હશે કે મેળ ખાય. એક ... સમજાણું? ક્યાંય મેળ ખાય નહિ. બે છે એટલો સમન્વય છે. છે એટલો. બે સરખા છે એમ કોઈ રીતે મેળ ખાય એવું નથી. આહાહા..! મોટો ફેર, બાપુ! આખો તત્ત્વનો ફેર છે, ભાઈ! અને લોકોને એ સારું લાગે છે. બધામાં આમ સમન્વય કરે ને, કહે આ વિશાળ દૃષ્ટિવાળા છે. ઊંધી દૃષ્ટિ છે, ભાઈ! માર્ગ આવો નથી. તો શું છે? ઓલા કહે કર્મને લઈને વિકાર થાય અને પોતાથી થાય બે માને એ યથાર્થ છે. હવે આમ આવ્યું. અહીં કહે છે કે એ વાત જ અહીં નથી. અર્થાત્ બે(થી) પતિ-પત્નિથી પુત્ર થાય, એકલાથી ન થાય.

મુમુક્ષુ :– એ તો શરીરની વાત છે.

ઉત્તર :– એ તો પ્રમાણનું જ્ઞાન કરાવવાની વાત છે. આ તો નિશ્ચયનું તત્ત્વ આવું છે એ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? વિકાર કોઈ એકલા કર્મથી કહે છે, કેટલાક જીવથી કહે છે, એમ કહે છે.

અહીં આચાર્ય શું કહે છે? મારો ભગવાન વસ્તુએ તો નિર્મળ આનંદ અને શુદ્ધ છું. એકરૂપ અભેદ છું પણ અવસ્થામાં અનેકતા, વિવિધતા, મલિનતા, અશુદ્ધતા, ભેદતા છે. મારા તત્ત્વનો એવો સ્વભાવ છે. આમાં કાંઈ પરની અપેક્ષાએ વાત જ નથી. એય..! 'વજુભાઈ! શું કહ્યું જુઓને! **'मम तत्त्वं सहजम् एव'** આહાહા..! આચાર્યોની શૈલી પણ કંઈ ગજબ વાત છે. એ એને કઈ રીતે આમ પ્રસિદ્ધ કરે છે. બધો ગોટો ઉખેળી નાખે છે. આહાહા..! તારામાં તું મલિનપણે તારી પર્યાયનો સ્વભાવ જ એવો છે. આહાહા..! પરને લઈને મલિનતા છે, એવું છે જ નહિ. એકલો આત્માથી મલિનતા દેખે એ એકાંતિક છે. અરે..! ભગવાન!

આની સાથે મેળ ખાય એવું નથી તો આની સાથે મેળ ક્યાંથી ખાય? સમજાણું કાંઈ? વસ્તુસ્થિતિ આવી એનું કરવું શું? વસ્તુનો પોકાર જ આવો છે. પોતે વસ્તુ એમ બડબડ કરીને બોલે છે. વસ્તુ વસ્તુએ શુદ્ધ છું. એ મારા તત્ત્વનો સ્વભાવિક ભાવ છે. પર્યાયમાં અનેકપણું, અશુદ્ધપણું એ પણ મારો સ્વભાવિક પર્યાયમાં ભાવ છે. અહીં તો બન્ને ઠેકાણે લેવું છે ને? કહો, પંડિતજી! જ્ઞાનાવરણીયને લઈને જ્ઞાન રોકાય, દર્શનમોહથી મિથ્યાત્વ થાય, ચારિત્રમોહને લઈને રાગ થાય. અહીં ના પાડે છે, જુઓ! આવું 'ગોમ્મટસાર'માં આમ છે. ભાઈ! એ તો બધું કથન કઈ રીતે છે (એ બતાવ્યું છે). નિમિત્તના વ્યવહારના કથન. વસ્તુની મર્યાદા પોતામાં જોવે. સાધક થયેલો જોવે છે, હોં! આ સાધકની વાત છે. સમજાય છે?

વસ્તુ સ્વરૂપ ચૈતન્યમૂર્તિ ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યદળ એકરૂપ વસ્તુ છે. એવું ભાન થવા છતાં પર્યાયમાં અનેકપણું અને વિવિધતા અને અશુદ્ધતા છે એ પણ મારા તત્ત્વનો સહજ સ્વભાવ છે. આહાહા..! સહજ કીધું ને? પંડિતજી! અશુદ્ધતા, અનેકતા, ભેદતા... આહાહા..! ગજબ વાત છે. એવી કથનીની રીત! દિગંબર સંતોની વાત કેવળીઓના પેટ એટલે દ્રવ્યનો સ્વભાવ ખોલીને મૂક્યો છે. એમાં ક્યાંય ઓછું, અધિક કે વિપરીત થઈ જાય તો દૃષ્ટિ વિપરીત છે. સમજાણું કાંઈ? આહાહા..! હવે આનો મેળ ક્યાં કરવો? ઓલા કહે કે નહિ, કર્મને લઈને રખડે છે.

મુમુક્ષુ :– નોટીસ આવી.

ઉત્તર :– 'રામજીભાઈ' હતા. આ અમારે પંડિતજી હતા ... એવા .. અરે..! ભગવાન! ભાઈ! તને ખબર નથી. અરે..! તને ખબર નથી એમ કહેવું. અરરર..! જાણનાર ચૈતન્યના દ્રવ્યને જાણે, એની અધિકતાને જાણે એવો એ પુરુષ છે. આહાહા..!

કહે છે, કે તારો ઉદયભાવ પણ સહજ મારા તત્ત્વનો એ સ્વભાવ છે. અને ત્રિકાળી પારિણામિક શુદ્ધભાવ એ પણ મારા તત્ત્વનો જ સ્વભાવ છે. આહાહા..! બેને નાખ્યા તત્ત્વના સ્વભાવમાં. સમજાણું કાંઈ? આવું હોવા છતાં સાધકજીવને ધર્મદૃષ્ટિમાં ભ્રમણા આવતી નથી કે આ શું પણ? આહાહા..! એક બાજુ જુએ તો ભગવાન શુદ્ધ આનંદનો ધામ પ્રભુ છે. એક બાજુ જુએ તો રૌદ્રધ્યાન ને વિષય કષાયના પરિણામ પણ દેખાય છે. આહાહા..! હો, બન્ને જાણવા લાયક છે. સમજાય છે કાંઈ? ત્રિકાળ વસ્તુ શુદ્ધ છે તે આદરણીય છે. અવસ્થામાં અશુદ્ધતા અને અનેકતા તે જાણવા લાયક છે કે મારું જ્ઞેય જ એવું છે. સમજાણું કાંઈ?

**'ભાવાર્થ :– આત્મતત્ત્વ અનેક શક્તિઓવાળું હોવાથી કોઈ અવસ્થામાં કર્મના ઉદયના નિમિત્તથી...'** એ તો પછી એમાં નાખ્યું. **'અનેકાકાર અનુભવાય છે,...'** એ તો નિમિત્ત છે. એનો અર્થ કે અનેકપણું, અશુદ્ધપણું પોતાના સ્વભાવને લક્ષે થતું નથી, એટલું. પર આશ્રય છે માટે પરને લઈને થયું છે એમ નથી. સમજાણું? એક ચર્ચા આવી છે ને કે જ્ઞાનની

હીણી દશા પોતાની યોગ્યતાને કારણે છે. નહિ, જ્ઞાનાવરણીય કર્મને કારણે ... એમ નથી. મોટા મોટા કાશીના ભણનારાએ પણ ગોથા ખાધા છે. ગજ ગોથા ખાધા છે. ગજ સમજો છો? હાથી. 'ગજ ગોથા ખાય ત્યાં ગાડરનાં શા ગજા?' ગાડર સમજ્યા? ભેડિયા. ભાષા પણ લોકોએ એવી ગોઠવી છે ને. 'ગજ ગોથા ખાય ત્યાં ગાડરના શા ગજા?' બધા ગ-ગા આવ્યા. લોકો તો ભાષા ગોઠવી મારે છે. ગજ ગોથા ખાય. ગોથા એટલે ગલોટિયા ખાય. પાણીમાં આમ-આમ ઉંધા. હાથી પણ જ્યારે આમ આમ થાય ત્યારે ભેડિયાનું શું કહેવું? ગાડરના શા ગજા? એમ મોટા કાશીના ભણેલા પણ ગોથા ખાય, તો અભણ માણસને મૂંઝવણ થાય એમાં શું નવાઈ? સમજાણું કાંઈ?

**'અનેકાકાર અનુભવાય છે,...'** જોયું. **'કોઈ અવસ્થામાં શુદ્ધ એકાકાર અનુભવાય છે અને કોઈ અવસ્થામાં શુદ્ધાશુદ્ધ અનુભવાય છે;...'** ઓલામાં બીજો બોલ લીધો હતો એ આની અંદર છેલ્લો લીધો. સમજાણું? શુદ્ધાશુદ્ધ ત્રીજો લીધો, ઓલામાં બીજો હતો. ઓલામાં ત્રીજામાં હતો. શું કહ્યું સમજાણું આમાં? ઓલામાં પહેલું નાખ્યું હતું ને? કે **'क्वचित् मेचकं लसति क्वचित् मेचक-अमेचकं'** અને ક્વચિત અમેચક. એટલે વસ્તુની સ્થિતિમાં શુદ્ધ અને અશુદ્ધતા બન્ને ભાસે છે. કોઈવાર એકલી અશુદ્ધતા ભાસે છે પર્યાયમાં, કોઈવાર એકલી શુદ્ધતા ભાસે છે. **'તોપણ યથાર્થ જ્ઞાની સ્યાદ્વાદના બળથી...'** અપેક્ષિત જ્ઞાનને જાણતો **'ભ્રમિત થતો નથી, જેવું છે તેવું જ માને છે, જ્ઞાનમાત્રથી ચ્યુત થતો નથી.'** સમ્યગ્જ્ઞાનમાં સંદેહ પડતો નથી. કે આ મેં માન્યું ને આ શું? આ શું? વેદાંતવાળાને પર્યાય કેવી અને અશુદ્ધતા કેવી? કે આ શું? એ આવશે.

## શ્લોક-૨૭૩

(पृथ्वी)

**इतो गतमनेकतां दधदितः सदाप्येकता-**
**मितः क्षणविभङ्गुरं ध्रुवमितः सदैवोदयात्।**
**इतः परमविस्तृतं धृतमितः प्रदेशैर्निजै-**
**रहो सहजमात्मनस्तदिदमद्भुतं वैभवम्।।२७३।।**

**આત્માનો અનેકાંતસ્વરૂપ (-અનેક ધર્મસ્વરૂપ) વૈભવ અદ્ભુત (આશ્ચર્યકારક) છે - એવા અર્થનું કાવ્ય હવે કહે છે :–**

**શ્લોકાર્થ :– [ अहो आत्मनः तद् इदम् सहजम् अद्भुतं वैभवम् ] અહો ! આત્માનો**

તે આ સહજ અદ્‌ભુત વૈભવ છે કે - [ इतः अनेकतां गतम् ] એક તરફથી જોતાં તે અનેકતાને પામેલો છે અને [ इतः सदा अपि एकताम् दधत् ] એક તરફથી જોતાં સદાય એકતાને ધારણ કરે છે, [ इतः क्षण-विभङ्गुरम् ] એક તરફથી જોતાં ક્ષણભંગુર છે અને [ इतः सदा एव उदयात् ध्रुवम् ] એક તરફથી જોતાં સદાય તેનો ઉદય હોવાથી ધ્રુવ છે, [ इतः परम-विस्तृतम् ] એક તરફથી જોતાં પરમ વિસ્તૃત છે અને [ इतः निजैः प्रदेशैः धृतम् ] એક તરફથી જોતાં પોતાના પ્રદેશોથી જ ધારણ કરી રખાયેલો છે.

ભાવાર્થ :– પર્યાયદૃષ્ટિથી જોતાં આત્મા અનેકરૂપ દેખાય છે અને દ્રવ્યદૃષ્ટિથી જોતાં એકરૂપ દેખાય છે; ક્રમભાવી પર્યાયદૃષ્ટિથી જોતાં ક્ષણભંગુર દેખાય છે અને સહભાવી ગુણદૃષ્ટિથી જોતાં ધ્રુવ દેખાય છે; જ્ઞાનની અપેક્ષાવાળી સર્વગત દૃષ્ટિથી જોતાં પરમ વિસ્તારને પામેલો દેખાય છે અને પ્રદેશોની અપેક્ષાવાળી દૃષ્ટિથી જોતાં પોતાના પ્રદેશોમાં જ વ્યાપેલો દેખાય છે. આવો દ્રવ્યપર્યાયાત્મક અનંતધર્મવાળો વસ્તુનો સ્વભાવ છે. તે (સ્વભાવ) અજ્ઞાનીઓના જ્ઞાનમાં આશ્ચર્ય ઉપજાવે છે કે આ તો અસંભવિત જેવી વાત છે ! જ્ઞાનીઓને જોકે વસ્તુસ્વભાવમાં આશ્ચર્ય નથી તોપણ તેમને પૂર્વે કદી નહોતો થયો એવો અદ્‌ભુત પરમ આનંદ થાય છે, અને તેથી આશ્ચર્ય પણ થાય છે. ૨૭૩.

## શ્લોક-૨૭૩ ઉપર પ્રવચન

**'આત્માનો અનેકાંતસ્વરૂપ (–અનેક ધર્મસ્વરૂપ) વૈભવ અદ્‌ભુત (આશ્ચર્યકારક) છે– એવા અર્થનું કાવ્ય હવે કહે છે :–'** ૨૭૩.

इतो गतमनेकतां दधदितः सदाप्येकता-
मितः क्षणविभङ्गुरं ध्रुवमितः सदैवोदयात्।
इतः परमविस्तृतं धृतमितः प्रदेशैर्निजै-
रहो सहजमात्मनस्तदिदमद्भुतं वैभवम्।।२७३।।

આ બધો વૈભવ. '**अहो आत्मनः तद् इदम् सहजम् अद्भुतं वैभवम्**' પહેલું પદ નાખ્યું એમાં. '**અહો! આત્માનો તે આ સહજ અદ્‌ભુત વૈભવ છે...**' સ્વભાવિક અદ્‌ભુત છે. '**તે એક તરફથી જોતાં તે અનેકતાને પામેલો છે...**' પર્યાયથી અનેકપણે દેખાય છે અને છે. પર્યાયથી અનેકપણે દેખાય છે અને છે. એ પણ એનો એક અદભુત વૈભવ છે એમ કહે છે. લ્યો. ઓલામાં તો બે અદ્‌ભુતમાં લીધા હતા. અદ્‌ભુત દર્શન અને જ્ઞાન. આત્માને એક સમયની બે પર્યાય, એક પર્યાય બધું લોકાલોકને અભેદથી દેખે, અને એક પર્યાય ભિન્ન... ભિન્ન... ભિન્ન... કરીને એક સમયની જ્ઞાનપર્યાય ભેદથી દેખે. આહાહા..! દર્શનનો પર્યાય

આખું સત્ પૂર્ણ. આ જીવ અને અજીવ એમ પણ નહિ ત્યાં. આ છે એમ પણ નહિ. આત્માના દર્શનની પર્યાય.. દર્શન ઉપયોગ, હોં! બધું અભેદ છે એમ દેખે. અને જ્ઞાનની પર્યાય એક-એક પર્યાયમાં અનંતી ભિન્નતા, ભેદતા, ગુણભેદ, પર્યાયભેદ, દ્રવ્યભેદ, જીવભેદ, અજીવભેદ વગેરે બધાને ભિન્ન-ભિન્ન કરીને એક સમયની પર્યાય જાણે. એ જ સમયની દર્શનની પર્યાય ભિન્ન વિના દેખે, આ એનો અદ્‌ભુત રસ છે. અહીં એનામાં અદ્‌ભુત વૈભવ કહેવો છે. સમજાણું કાંઈ? ભારે ભાઈ!

**'અનેકતાને પામેલો છે इतः सदा अपि एकताम् दधत् એક તરફથી જોતાં સદાય એકતાને ધારણ કરે છે,..'** દ્રવ્યદૃષ્ટિથી. વસ્તુથી જોવે તો એકરૂપ છે. પર્યાયથી જુઓ તો અનેકરૂપ છે. બન્ને એનો અદ્‌ભુત સહજ વૈભવ છે. લ્યો, આ પૈસાનો વૈભવ ને બધું કહે છે ને બહાર? ધૂળનો વૈભવ એ ક્યાં હતો? અહીં કહે પરમાણુના વૈભવમાં એ ક્યાંથી આવ્યું? એય..! આ આત્માનો આ વૈભવ છે. આ સંચા, આ નોકરી, માણસો, બીડીયું ને મોટરો એ આત્માનો વૈભવ હશે? શેઠ!

અહીં તો આત્માનો વૈભવ એને કહીએ કે અનેક જોવાની દૃષ્ટિથી જોઈએ તો પર્યાયમાં અનેક દેખાય છે. અનંતગુણની અનંતી પર્યાય છે. અનંતી. આહાહા..! એક કોર અનંત પર્યાય દેખાય અને એક કોર **'सदा अपि एकताम् दधत्'** આમ વસ્તુ જોતાં એકરૂપ છે. દ્રવ્યથી જોતા, વસ્તુથી જોતાં એકરૂપ છે. જુઓ! આ એકરૂપને દ્રવ્યમાં નાખ્યું, અનેકરૂપને પર્યાયમાં નાખ્યું. સમજાણું કાંઈ?

**'સદાય એકતાને ધારણ કરે છે,...'** એમ છે ને? **'एकताम् दधत्'** ધારી રાખે છે. આહાહા..! **'इतः सदा एव उदयात् ध्रुवम् એક તરફથી જોતાં સદાય તેનો ઉદય હોવાથી ધ્રુવ છે,...' 'इतः क्षण-विभङ्गुरम्'** એ લીધું પાછું. **'એક તરફથી જોતાં ક્ષણભંગુર છે...'** ત્રીજો બોલ. એટલે? ક્રમે ક્રમે થતી દશાની દૃષ્ટિએ જોઈએ, ક્રમે ક્રમે થતી દશાની દૃષ્ટિએ જોઈએ તો ક્ષણભંગુર દેખાય છે. ક્ષણભંગુર આત્મા. અરે..! ક્ષણભંગુર આત્મા હોય? નિત્ય હોય છે. નહિ. આવું મારે સાંભળવું નથી. એક બાવો આવ્યો હતો એ કહે, અનિત્ય આત્મા? ભાગ. ... સાંભળવા આવ્યા હતા ત્યારે જૈનના સાધુ અધ્યાત્મની વાત બહુ ઊંચી કરે છે. એ વેદાંત નથી આ તો વસ્તુનું સ્વરૂપ છે આવું. આ જૈનનું સ્વરૂપ, જૈન એટલે વસ્તુનું આવું સ્વરૂપ છે.

**'એક તરફથી જોતાં ક્ષણભંગુર છે...'** ક્ષણે ક્ષણે નાશવાળી ચીજ દેખાય છે. પોતે પોતામાં, હોં! પરને લઈને નહિ, પરમાં નહિ. એની વાત નથી. શરીર ક્ષણભંગુર છે, પૈસા ક્ષણભંગુર છે એ વાત અહીં નથી. વસ્તુની અવસ્થા એક સમયમાં રહે છે અને બીજે ક્ષણે નાશ થાય છે. એવી ક્રમવર્તી દશાથી જુઓ તો એ ક્ષણભંગુર દશા છે. આહાહા..! પહેલી વાત હતી એ પર્યાયદૃષ્ટિથી જુઓ તો અનેકપણે દેખાય છે એટલું. અને આ ક્રમસર પર્યાય થાય

છે એટલે નાશ થઈને ઉત્પન્ન થાય... નાશ થઈને ઉત્પન્ન થાય. એ દૃષ્ટિથી જોઈએ તો તે પર્યાયમાં ક્ષણભંગુરતા છે. આત્મામાં છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'अहो आत्मनः तद् इदम् सहजम् अद्भुतं वैभवम्'** એને તો પોતાનો સ્વભાવિક વૈભવ કહ્યો છે. પર્યાયનો નાશ થાય.. અર.ર...! આવો આત્મા ન હોય. અવિનાશી આત્મામાં વળી આ શું? પર્યાયથી નાશવાન છે, વસ્તુથી અવિનાશી છે. એ એનો વૈભવ છે. અનિત્ય ન હોય તો કાર્ય તો અનિત્યમાં થાય છે. આ દ્રવ્ય ધ્રુવ છે, આ શુદ્ધ છે એવું કાર્ય તો પર્યાયમાં થાય છે. પહેલું પર્યાયમાં સાચું માન્યું નહોતું અને એને ફેરવીને માન્યું એ તો પર્યાયમાં માન્યું છે. સમજાણું કાંઈ? અનિત્ય નિત્યનો નિર્ણય કરે છે. નિત્ય કાંઈ અનિત્યનો નિર્ણય કરતો નથી. નિત્ય તો નિત્ય છે. સમજાણું કાંઈ? ઓહોહો..! અરે..! એક એક શ્લોકમાં કેટલું ભરી દીધું છે! શાંતિથી પોતાના આત્મા માટે જરી સ્વાધ્યાય કરે તો જુએ તો આવી ચીજ બીજે છે નહિ. વસ્તુ આવી જ હોય. સમજાય છે કાંઈ?

**'એક તરફથી જોતાં ક્ષણભંગુર...'** પહેલી કીધી હતી એક તરફથી જોતાં અનેકતા. અને એક તરફથી જોતા એક. બસ એટલું. અહીં જુઓ તો એક તરફથી જોતાં ક્ષણે ક્ષણે નાશવાન. ઓલું અનેકપણું હતું એ સાધારણ પર્યાયદૃષ્ટિથી. હવે આ પર્યાય ક્રમસર પર્યાય થાય છે, ક્રમસર પર્યાય થાય છે એ અપેક્ષાએ તેને ક્ષણભંગુરની અપેક્ષાએ પર્યાય ક્રમથી (થાય છે) એને ક્ષણભંગુર કહેવામાં આવે છે. એ આત્માની પર્યાય ક્ષણભંગુર છે. સમજાણું કાંઈ? આવા નિજ આત્મા તરફના વિચાર, મનન, મંથન કરે તો એનો શુભભાવ પણ જુદી જાતનો હોય. આ બહારમાં અટક્યા ને બહારમાં... આહાહા..! આવી ચીજ છે.

**'અને इतः सदा एव उदयात् ध्रुवम्'** સદા અને ધ્રુવ બે સાથે નાખ્યું. **'એક તરફથી જોતાં સદાય...'** એટલે ત્રણે કાળે ઉદય હોવાથી. એ છે ઇ છે. ત્રણે કાળે ધ્રુવ છે... ધ્રુવ છે... ધ્રુવ છે... ધ્રુવ. ક્ષણે ક્ષણે નાશ થવું એ ધ્રુવમાં નથી. ધ્રુવ. સમજાણું કાંઈ? **'सदा एव उदयात् ध्रुवम्'** ત્રિકાળ એકરૂપ રહેનાર, એકરૂપ રહેનાર એની સામે ક્ષણભંગુર છે ને? સમજાણું કાંઈ? લ્યો, આત્માનો વૈભવ બતાવે છે આ. આહાહા..! આ પૈસાને લઈને અનેક છે એમ નહિ એમ કહે છે. પર્યાયમાં અનેકપણું છે માટે અનેક છે. પૈસા અને શરીર નાશવાન છે માટે નાશવાન છે એમ નહિ. એની પર્યાય નાશવાન છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'એક તરફથી જોતાં સદાય તેનો...'** એક પ્રકાર જ રહે છે. ઉદય તો એક પ્રકારે જ રહે છે. ઓલું બદલતું છે, આ બદલતું નથી. એવો એનો સ્વભાવ. અહીં તો પ્રમાણજ્ઞાનનો વિષય છે ને? એનું પોતાનું અસ્તિત્વ કેટલામાં છે એનું જ્ઞાન (કરાવે) છે. આહાહા..! ભલે ક્ષણભંગુર હો પણ છે તો તારો વૈભવ. પર્યાય પર્યાયક્ષણે નાશ થાય, પણ છે તો તારો વૈભવ, તારામાં તારે લઈને, પરને લઈને નહિ. હમણા એક જણો એમ કહેતો હતો. ... જાય તે પર્યાય. પરથી થાય એને પર્યાય કહીએ. જો .. નહિ માનો તો આચાર્યની વાત

સિદ્ધ નહિ થાય. એક જણ એમ કહેતો હતો. પરમાનંદી હતો ને એક? શું થાય? મૂળ ચીજને શોધવા માટે તો અનેક પ્રકારના પુરુષાર્થની ગતિ ઉગ્ર જોઈએ ત્યાં. સમજાણું?

ભગવાનઆત્મા.. કહે છે કે એક તરફથી જો તો ત્રિકાળ ધ્રુવ એકરૂપ છે. છે.. છે... છે... છે... છે... છે... એક બાજુ છે છે એમ નહિ. છે અને નાશ... છે અને નાશ.. છે એનો નાશ... પર્યાયે ક્ષણભંગુર, ધ્રુવે સદા એકરૂપ સદશ. આવી ... ક્ષણે-ક્ષણે થઈ જાય.. થઈ જાય.. થઈ જાય... સૃષ્ટિ-નાશ... સૃષ્ટિ-નાશ... જન્મ અને મરણ... જન્મ અને મરણ... પર્યાયમાં ઉત્પત્તિ જન્મ, ... મરણ. લ્યો, જન્મ અને મરણ પર્યાયમાં. પરને લઈને જન્મ-મરણ નહિ એમ કહે છે. જન્મવું એટલે ઉપજવું, સૃષ્ટિ થવી. સૃષ્ટિ–ઉત્પત્તિ થવી, મરણ એટલે નાશ થવું, એ પર્યાયનો નાશ થવો. ભંગુર એટલે નાશ. ક્ષણભંગુર એક સમયની પર્યાયનો નાશ થવો. જુઓ! જન્મ-મરણ તો પર્યાયની.... આહાહા..! એવું તત્ત્વનું સહજ વૈભવ સ્વરૂપ છે. એને જ્ઞાનમાં બરાબર દૃષ્ટિપૂર્વક લેવું જોઈએ.

**'इतः परम-विस्तृतम्'** હવે ક્ષેત્ર લીધું. પર્યાય દ્રવ્યમાં અનેકતા અને ક્ષણભંગુરતા વર્ણવી, એકતા અને ધ્રુવતા વર્ણવી. હવે ક્ષેત્રથી વર્ણવે છે. ઓહોહો..! **'इतः' 'એક તરફથી જોતાં પરમ વિસ્તૃત છે...'** લોકાલોકને એક સમયમાં જાણે એટલો વ્યાપક દેખાય. સમજાણું કાંઈ? એક સાથે જાણે ત્રણકાળ, ત્રણલોક સર્વગત. ત્રણકાળ, ત્રણલોકને એક સમયમાં વ્યાપી જાય છે. એટલે એનું જ્ઞાન સર્વગત થઈ જાય છે–સર્વને જાણી જાય છે એટલો વિશાળ છે. અત્યારે પણ, હોં! અહીં તો અત્યારે સાધકની વાત છે. સાધક જીવમાં પણ જ્ઞાનની એક સમયની પર્યાય લોકાલોકને જેટલા છ દ્રવ્યો, અનંતા સિદ્ધો બધાને જાણે. એક કોર એમ જાણે. એટલો ક્ષેત્રથી વિસ્તાર છે. આ અપેક્ષાએ, જાણવાની અપેક્ષાએ ક્ષેત્રથી વિસ્તાર. સદા ક્ષેત્રને જાણે છે ને?

**'અને इतः निजैः प्रदेशैः धृतम् એક તરફથી જોતાં પોતાના પ્રદેશોથી જ ધારણ કરી રખાયેલો છે.'** પરવસ્તુને એમાં ધારણ કરેલી નથી. આહાહા..! સમજાણું કાંઈ? પર્યાયમાં લોકાલોકનું જ્ઞાન ધાર્યું છે ને? ધારી રાખ્યું હતું ને? એ અપેક્ષાએ વિસ્તૃત કીધો. અને દ્રવ્યની અપેક્ષાએ જુઓ તો પોતાના ક્ષેત્રને તો, ક્ષેત્રને ધારી રાખ્યું છે, પરને ધાર્યું નથી. પર્યાયમાં પરનું જે જ્ઞાન વ્યાપક છે એ અપેક્ષાએ સર્વગત એને કહેવામાં આવે છે. વ્યાપવા તરીકે નહિ, પેસવા તરીકે નહિ, પણ જાણવા તરીકે. લોકાલોકને જાણે તેટલા ક્ષેત્રમાં, પોતાના પ્રદેશમાં વ્યાપેલો છે. **'એક તરફથી જોતાં પોતાના પ્રદેશ...'**માં જ છે એ. સ્વક્ષેત્રમાં છે, પરક્ષેત્રમાં છે નહિ. પરક્ષેત્રના જ્ઞાનમાં પણ નથી એમ કહે છે. પોતાના ક્ષેત્રમાં છે. લ્યો. .... લ્યો અહીં બે આવી ગયા આજે. કહો, સમજાણું કાંઈ? અહીં તો જ્ઞાનનું ઝીણું હતું ને પહેલેથી? ... પહેલા આવ્યા હતા ને એ પણ બોલ્યા હતા. ... જાણનારો પણ પોતે.. બાપુ! એમ કહે છે. આહાહા..! જાણનારો પણ પોતે, જે જાણે એ જ્ઞાન પણ પોતે, જે જણાય જ્ઞેય એ પણ

પોતે. આહાહા..! એ શ્લોક બહુ ઉંચો હતો. બે દિ' ચાલ્યો. આ એક દિ'માં બે કળશ ચાલી ગયા. એ તો આવવાનું (હોય તે) આવેને? સમજાણું કાંઈ?

**'એક તરફથી જોતાં પોતાના પ્રદેશોથી જ...'** ઓલાને જાણે પર પ્રદેશને પર્યાયમાં ધાર્યા હોય. એ ધાર્યાનો અર્થ કે લોકાલોકના ક્ષેત્રને જાણવાનું જ્ઞાન પોતે વ્યાપક થઈ જાય છે ને? એ પર્યાયનું. વસ્તુથી જોતાં સ્વક્ષેત્રમાં છે. આત્મા સ્વક્ષેત્ર અસંખ્ય પ્રદેશમાં છે. જુઓ! આવી વાત બીજે હોય નહિ. પર્યાયના બે ભાગ લીધા. અનેક અને ક્ષણભંગુર. અને આ ક્ષેત્રના બે ભાગ લીધા. આ રીતે પાછા. સર્વને જાણે એ અપેક્ષાએ અને પાછા પોતાના નિજ પ્રદેશમાં જ અનાદિથી છે. આહાહા..! એવો એનો અદ્‌ભુત વૈભવ છે. કહો, સમજાણું કાંઈ? ઓલા કહે, શું એનો વૈભવ? ... ગયો હતો ત્યાં. આવ્યો હશે કે ... શું એનો વૈભવ છે કહે. એમ કહેતો હતો. ... ત્યાં 'સ્વીટ્ઝરલેન્ડ'. અરે..! કાંઈ વળ્યો નહિ. બિચારો ગરીબ માણસ... આહાહા..! ... બાગ, બગીચા, બંગલા અને મોટા હજીરા. આ વૈભવ તારો છે, ભાઈ! આહાહા..! અને તે પણ કેવો? પૂર્વાપર વિરુદ્ધ જેવું લાગે છતાં અવિરુદ્ધ. પર્યાયમાં અનેકપણું દેખાય, વસ્તુ તરીકે એક. પર્યાય ક્રમે ક્ષણભંગુર થતી દેખાય, વસ્તુ તરીકે એકરૂપ. એકરૂપ. આ તો અનેકરૂપ નાશવાન થઈ. લોકાલોકને જાણવાની એક સમયની પર્યાય વ્યાપી જાય. જાણે લોકોલોકને પોતાના પ્રદેશમાં–જ્ઞાનમાં ધાર્યો હોય. આમ જોવે તો પોતે અસંખ્યપ્રદેશમાં જ છે.

આવું આત્મતત્ત્વ જ. જ્યાં સુધી આત્મા તત્ત્વ જાણ્યું નથી. પણ આવો આત્મા, હોં! આત્મા ભાષા તો ઘણા કરે છે. હવે તો ઘણા કરે છે. આ બધું ચાલ્યું ને. આત્મા ઉપર વાતું કરે છે. ભાઈ! આત્મા શબ્દ આવ્યો એટલે... વસ્તુ સર્વજ્ઞ પરમેશ્વર. આ વસ્તુ આવી જોઈ છે એ રીતે એની દૃષ્ટિમાં આવે ત્યારે આત્મા આત્મા કહેવાય. એમ આત્મા આત્મા શું થયું? આહાહા..! સમજાણું? ... વસ્તુ તરીકે કાયમ રહી અને અવસ્થા તરીકે બદલે છે. ક્રમે ક્રમે બદલે, એક સાથે અનેકતા હોય અને એક સાથે લોકાલોકને ધારે અને એક જ સ્વક્ષેત્રમાં રહેલું દેખાય. લ્યો, આવો આત્મા છે, આવો એનો વૈભવ છે.

**'ભાવાર્થ :–...'** બેમાં ફેર પાડ્યો છે ને? **'પર્યાયદૃષ્ટિથી જોતાં આત્મા અનેકરૂપ દેખાય છે...'** એ બીજી પર્યાયદૃષ્ટિ જોઈ છે તે જુદી. ક્રમભાવી પર્યાય બીજામાં લેશે. પહેલામાં એકલી પર્યાય. અનેક ગુણની અનંતી અવસ્થા, બસ. અનંત અવસ્થાથી જુઓ તો અનેકરૂપ દેખાય, અનંતરૂપ દેખાય. અનંત એટલે અનેકરૂપ દેખાય. અનંતરૂપ દેખાય છે. આહાહા..! **'અને દ્રવ્યદૃષ્ટિથી જોતાં એકરૂપ દેખાય છે;...'** વસ્તુથી જુઓ તો એકરૂપ છે. ત્રિકાળ દ્રવ્ય. દ્રવ્યદૃષ્ટિથી કીધું છે ને? દૃષ્ટિનો વિષય દ્રવ્ય છે તો દ્રવ્યદૃષ્ટિથી જુઓ તો એકરૂપ ત્રિકાળ છે અને અનેકતા છે નહિ. તો એક પણ એ અને અનેક પણ એ. એ સમજણનો પિંડ છે. એના સમજવાના બધા પ્રકાર એમાં સમાય જાય છે. આવા એના ભાવ છે એ બધું

સમજણમાં એને આવી જાય છે. ત્યારે આત્મા જાણ્યો કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભગવાન... ભગવાન કરો. ભગવાનની ધૂન લગાવો. એ ધૂન લગાવે એમાં આવ્યું? એ તો વિકલ્પ છે હોં, પણ એની સામે એક બીજો નિર્વિકલ્પ શુદ્ધ છે એ દૃષ્ટિમાં છે કે નહિ? છે એટલી વાત છે. અશુદ્ધતા છે માટે શુદ્ધતા પ્રગટશે એમ અહીં વાત નથી. આ તો બેનું હોવાપણું એનામાં છે. બસ. વ્યવહાર છે એમ કોણે ના પાડી? સમજાણું કાંઈ? પેલા કહે, વ્યવહાર માનતા નથી. પણ વ્યવહાર છે એમ કોણે ના પાડી? પણ વ્યવહારથી નિશ્ચય થાય છે એ વાત નથી. સમજાણું કાંઈ? વ્યવહાર નથી તો પર્યાય નથી. પર્યાય પોતે વ્યવહાર છે. એય..! ક્યાં ગયા તમારા? 'શશીભાઈ' નથી આવ્યા? આવ્યા છે. આહાહા..! પર્યાય તે વ્યવહાર છે કહે છે. 'શશીભાઈ'! કહ્યું હતું ને એણે? પર્યાય તે વ્યવહાર છે. ભારે! દ્રવ્ય એ નિશ્ચય છે. બે થઈને પ્રમાણનો વિષય છે. આત્મા છે ને. ત્યાં ક્યાં આત્માને ઘર ચલાવવું પડે છે. ... પણ જ્યારથી .. લાગે ત્યારે જાગે. આહાહા..!

**'પર્યાયદૃષ્ટિથી જોતાં આત્મા અનેકરૂપ દેખાય છે...'** પર્યાયો અનેક છે ને? **'દ્રવ્યદૃષ્ટિથી જોતાં એકરૂપ દેખાય છે;...'** બીજી રીતે હવે વાત. ક્ષણભંગુર કીધીને? **'ક્રમભાવી પર્યાયદૃષ્ટિથી જોતાં ક્ષણભંગુર દેખાય છે...'** એ અનેક નહિ પણ ક્ષણભંગુર. ક્ષણે-ક્ષણે નાશ થાય એવો એનો સ્વભાવ છે. કહો, સમજાણું કાંઈ? **'ક્રમભાવી પર્યાયદૃષ્ટિથી...'** પાછું ઓલા પર્યાયદૃષ્ટિથી લીધું. હવે આ બીજું શું...? બીજી જાતની. ક્રમે થતી અવસ્થાની દૃષ્ટિએ જોઈએ, એક સાથે અવસ્થાદૃષ્ટિથી જોઈએ તો પર્યાયદૃષ્ટિ અનેક છે. ક્રમે ક્રમે થતી અવસ્થાદૃષ્ટિથી જોઈએ તો ક્ષણભંગુર છે. આહાહા..! અરે..! શરીર ને વાણી ક્ષણભંગુર તો ક્યાંય રહી ગયા. સમજાણું? એ બધું નાશવાન છે. બાયડી, છોકરા, સંયોગો સંધ્યાના રંગ જેવા છે ભાઈ! ઘડીકમાં કાળા અંધારા થઈ જશે. એમાં ... એ નહિ, અહીં કહે છે. અહીં તો પર્યાય નાશવાન છે. આહાહા..! એક સમયપણે અસ્તિપણે ઉત્પન્ન થઈ, રહી અને ગઈ. પંડિતજી! કેટલું છે! જુઓને, કેટલું છે! સત્‌ને સિદ્ધ કરવું હોય તો એમાં કોઈનો આશરો કે .. લેવો પડે નહિ. સત્ય તો સત્ય જ છે એટલે એમાં સીધું સત્ય જ ચાલ્યું આવે. ખોટું ઉથાપન કરવું હોય તો અનેક ગડબડી કરવી પડે. આહાહા..! વસ્તુ જ આમ છે ને, ભાઈ! સમજાણું?

**'સહભાવી..'** ભાષા કેવી લીધી? ઓલામાં દ્રવ્ય અને પર્યાય લીધી હતી. આમાં પર્યાય અને ગુણ લીધા. સમજાણું કાંઈ? ક્રમભાવી અને અક્રમભાવી એમ લીધું આમાં. શું લીધું સમજાણું કાંઈ? પહેલામાં પર્યાય એટલે અનેકપણું, બસ. દ્રવ્ય એટલે એકપણું. બીજામાં પર્યાય ખરી પણ ક્રમ ક્રમે થતી પર્યાયથી જુઓ તો ક્ષણભંગુર છે. પણ સહભાવી ગુણદૃષ્ટિથી જોતાં.. જુઓ! ઓલામાં દ્રવ્ય નાખ્યું હતું. અહીં ગુણ નાખ્યા. આહાહા..! અક્રમ નાખવું છે ને? ક્રમ અને અક્રમ. તો અક્રમ ગુણ છે. જાજા કહેવા છે ને? દ્રવ્ય તો છે. પણ ગુણ અનંતા છે તે સહભાવી એકસાથે છે. પર્યાય એકસાથે ન હોય. એક સમયની એક જ પર્યાય હોય.

સમજાણું કાંઈ? ઝીણું તો છે, ભાઈ! માર્ગ તો એવો ઝીણો છે. અને પરમ સત્ય જ આવું છે. આકરું લાગે, ન લાગે પણ હવે આ રીતે જાણવું જોઈશે.

સંસારના દાવાનળથી છૂટવું હોય તો એણે આત્માનો આવો સ્વભાવ એ બરાબર અંતર અનુભવમાં નિર્ણય લેવો પડશે. વ્હાલામાં વ્હાલો દીકરો મરે તો બાપ ગાંડો થઈ જાય. અહીં ગરાસિયાનો દીકરો હતો. ગાંડો થઈ ગયો. ... એકનો એક છોકરો. .... ભણીને અહીં પરણ્યો. છ મહિનાના પરણેતર. શોક લાગ્યો ઊડી ગયો. એ તો એક સમયની પર્યાય જીવનો અંતર જે હતો એ બદલવાનો જ હતો. આ ભવનો પર્યાય હતો એ બીજા ભવનો પર્યાય બીજા સમયે થવાનો હતો. પર્યાય, હોં! શરીર તો ... આહાહા..! .. કરી છે, હોં! અને બીજે સમયે પાધરો બીજો ભવ. એ મમતામાં દેહ છૂટ્યા હોય, આમ બહારલક્ષી દૃષ્ટિ હોય, હજી તો વધશું, હજી તો આમ કરશું, પછી આમ કરશું. આહાહા..! પરણ્યા છીએ તો છોકરા થશે, પછી આ પગાર વધશે. આવી મમતામાં દેહ છૂટે, પર્યાય બદલી ગઈ એકદમ. આહાહા..! અહીં મનુષ્યની પર્યાય, એ બીજે સમયે એ પર્યાયનો નાશ થઈને બીજી ગતિની પર્યાય. આવો ક્ષણભંગુર એની પર્યાયનો સ્વભાવ છે.

**'સહભાવી ગુણદૃષ્ટિથી જોતાં ધ્રુવ દેખાય છે;...'** સહભાવી એટલે બધા ગુણો એકસાથે એમ. પર્યાય બધી એક સાથે ન હોય. અનંતગુણની પર્યાય એક સાથે હોય પણ એક ગુણની એક પર્યાય, એક ગુણની બીજી પર્યાય એકસાથે ન હોય. **'જ્ઞાનની અપેક્ષાવાળી સર્વગત દૃષ્ટિથી જોતાં પર વિસ્તારને પામેલો દેખાય છે.'** જ્ઞાનની અપેક્ષાએ જુઓ તો સર્વગત બધું દેખે. લોકાલોક જાણે જ્ઞાનની પર્યાયમાં આવી ગયું હોય. આહાહા..! અલોકના અંત નહિ એને જ્ઞાનમાં એનું ભાન થઈ ગયું. લોકાલોકનો વિસ્તાર જ્ઞાનની પર્યાય જાણી જાય. એટલો વિસ્તૃત આત્મા છે. એવો જ એનો અદ્‌ભુત વૈભવ છે.

**'પ્રદેશોની અપેક્ષાવાળી દૃષ્ટિથી જોતાં પોતાના પ્રદેશોમાં જ વ્યાપેલો દેખાય છે.'** અસંખ્ય પ્રદેશમાં જ છે. એ કાંઈ બીજાના પ્રદેશમાં બીજાની પર્યાય થઈને રહી નથી. સમજાણું કાંઈ? જુઓ! આ બધો સરવાળો લીધો. **'દ્રવ્યપર્યાયાત્મક...'** લ્યો ઠીક. દ્રવ્ય એટલે વસ્તુ અને પર્યાય એટલે અવસ્થા. એવું આત્મક એટલે સ્વરૂપ. અનંત ધર્મવાળો વસ્તુનો સ્વભાવ છે. સમજાણું? અમારે 'મૂળચંદજી' 'ધર્માસ્તિકાય'માં કહેતા, અરૂપી અને ગતિ બે ગુણ હોય. દ્રવ્યમાં અનંત-અનંતગુણ કેવા? લાવો બીજો-ત્રીજો... દ્રવ્યને અનંતગુણ હોય. સમજાણું કાંઈ? બેરિસ્ટર કહેવાતા. ધર્માસ્તિકાયમાં બે ગુણ. એક ગતિ અને એક અરૂપી. એય..! ...ભાઈ!

મુમુક્ષુ :– અસ્તિત્વ ગુણ નહિ?

ઉત્તર :– એને અસ્તિત્વનું ક્યાં ભાન હતું?

અહીં તો **'અનંતધર્મવાળો વસ્તુનો સ્વભાવ છે. તે (સ્વભાવ) અજ્ઞાનીઓના જ્ઞાનમાં આશ્ચર્ય ઉપજાવે છે...'** જ્ઞાની અને અજ્ઞાની બેની વાત કરશે. અજ્ઞાનીઓના જ્ઞાનમાં...

આહાહા..! આ શું કહે છે? એની એ વસ્તુ અનેક, એની એ વસ્તુ એક, એની એ વસ્તુ ક્ષણભંગુર, એની એ વસ્તુ ધ્રુવ, એની એ વસ્તુ સર્વવ્યાપક, એની એ વસ્તુ સ્વક્ષેત્રમાં રહે. શું કહે છે આ? સમજ્યા વિના કેટલાક શંકરાચાર્ય બધાએ જૈનને નાસ્તિક ઠરાવ્યાને? જૈનનું તો ઠેકાણું નથી. અરે..! ભાઈ! તને ખબર નથી. વેદાંત દૃષ્ટિવાળા અદ્વૈતને માનનારા જૈનને નાસ્તિક ઠરાવે છે. કાંઈ ઠેકાણું નથી. એ વસ્તુનું સ્વરૂપ એવું છે એ એનું ઠેકાણું છે.

**'જ્ઞાનમાં આશ્ચર્ય ઉપજાવે...'** અજ્ઞાનીને, હોં! અરે..! **'આ તો અસંભવિત જેવી વાત છે!'** આ તો આવું સંભવે નહિ, અમને કાંઈ બેસતું નથી. અને **'જ્ઞાનીઓને જોકે વસ્તુ સ્વભાવમાં આશ્ચર્ય નથી...'** વસ્તુનો સ્વભાવ જ એવો છે. **'તોપણ તેમને પૂર્વે કદી નહોતો થયો એવો અદ્‌ભુત પરમ આનંદ થાય છે,...'** લ્યો. આહાહા..! ઓલાને એકલું આશ્ચર્ય થાય છે. જ્ઞાનીને.. આહાહા..! આ તે કાંઈ વસ્તુ! ધ્રુવ તરીકે એક, નાશવાન નહિ, પર્યાય તરીકે નાશવાન, પર્યાય અનેક, દ્રવ્યે એક, વિસ્તાર જુઓ તો લોકાલોકને જોડી દે, એક કોર અસંખ્ય પ્રદેશમાં સમાયો છે. એવું જ્ઞાનીને આશ્ચર્ય નથી થતું.

**'તોપણ તેમને પૂર્વે કદી નહોતો થયો એવો અદ્‌ભુત પરમ આનંદ થાય છે,..'** લ્યો. આહાહા..! આવા સ્વભાવમાં જોવા, ઠરવા જાય છે તો ઓ..હો..! અદ્‌ભુત અનંત આનંદ.. **'અને તેથી આશ્ચર્ય પણ થાય છે.'** એ આનંદને લઈને આશ્ચર્ય થાય છે એમ કહે છે. ઓલાને આવું હોય? એમ આશ્ચર્ય થાય છે. આહાહા..! ક્યાંથી આનંદ આવ્યો આ, જુઓને! કાંઈ પર્યાયના ગંધમાં પણ નહોતો. સમજાણું? એકલું દુઃખ અને આકુળતા હતી. આ ક્યાંથી કઈ ખાણમાંથી આવ્યું આ? ધ્રુવની ખાણમાંથી આનંદ આવ્યો. સમજાણું કાંઈ? તેથી આનંદ પણ થાય છે અને આશ્ચર્ય પણ થાય છે. બે તરફથી આવ્યું.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક–૨૭૪

(पृथ्वी)

कषायकलिरेकतः स्खलति शान्तिरस्त्येकतो
भवोपहतिरेकतः स्पृशति मुक्तिरप्येकतः।
जगत्त्रितयमेकतः स्फुरति चिच्चकास्त्येकतः
स्वभावमहिमात्मनो विजयतेऽद्भुतादद्भुतः।।२७४।।

શ્લોકાર્થ :– [ एकतः कषाय-कलिः स्खलति ] એક તરફથી જોતાં કષાયોનો ક્લેશ દેખાય છે અને [ एकतः शान्तिः अस्ति ] એક તરફથી જોતાં શાન્તિ (કષાયોના અભાવરૂપ શાંત ભાવ) છે; [ एकतः भव-उपहतिः ] એક તરફથી જોતાં ભવની (–સંસાર સંબંધી) પીડા દેખાય છે અને [ एकतः मुक्तिः अपि स्पृशति ] એક તરફથી જોતાં (સંસારના અભાવરૂપ) મુક્તિ પણ સ્પર્શે છે; [ एकतः त्रितयम् जगत् स्फुरति ] એક તરફથી જોતાં ત્રણ લોક સ્ફુરાયમાન છે (-પ્રકાશે છે, દેખાય છે) અને [ एकतः चित् चकास्ति ] એક તરફથી જોતાં કેવળ એક ચૈતન્ય જ શોભે છે. [ आत्मनः अद्भुतात् अद्भुतः स्वभाव-महिमा विजयते ] (આવો) આત્માનો અદ્ભુતથી પણ અદ્ભુત સ્વભાવમહિમા જયવંત વર્તે છે (–કોઈથી બાધિત થતો નથી).

ભાવાર્થ :– અહીં પણ ૨૭૩મા કાવ્યના ભાવાર્થ પ્રમાણે જાણવું. આત્માનો અનેકાંતમય સ્વભાવ સાંભળીને અન્યવાદીને ભારે આશ્ચર્ય થાય છે. તેને આ વાતમાં વિરુદ્ધતા ભાસે છે. તે આવા અનેકાંતમય સ્વભાવની વાતને પોતાના ચિત્તમાં સમાવી–જીરવી શકતો નથી. જો કદાચિત્ તેને શ્રદ્ધા થાય તોપણ પ્રથમ અવસ્થામાં તેને બહુ અદ્ભુતતા લાગે છે કે 'અહો આ જિનવચનો મહા ઉપકારી છે, વસ્તુના યથાર્થ સ્વરૂપને જણાવનારાં છે; મેં અનાદિ કાળ આવા યથાર્થ સ્વરૂપના જ્ઞાન વિના ખોયો!'—આમ આશ્ચર્યપૂર્વક શ્રદ્ધાન કરે છે. ૨૭૪.

---

## પ્રવચન નં. ૫૭૭ શ્લોક–૨૭૪, ૨૭૫, ૨૭૬ શુક્રવાર, પોષ વદ ૪, તા. ૧૫-૦૧-૧૯૭૧

---

कषायकलिरेकतः स्खलति शान्तिरस्त्येकतो
भवपहतिरेकतः स्पृशति मुक्तिरप्येकतः।
जगत्त्रितयमेकतः स्फुरति चिच्चकास्त्येकतः
स्वभावमहिमात्मनो विजयतेऽद्भुताद्भुतः।।२७४।।

શ્લોકાર્થ :– **'एकतः कषाय-कलिः स्खलति'** આત્મા વસ્તુ છે, એનું દ્રવ્ય અને પર્યાયનું વાસ્તવિક સ્વરૂપ સાધકપણામાં કેમ ભાસે છે એની વાત છે. સમજાણું કાંઈ? **'એક તરફથી જોતાં કષાયોનો ક્લેશ દેખાય છે...'** પર્યાયમાં રાગાદિ કષાય છે ને? ન હોય તો તો સિદ્ધ થઈ જાય. પર્યાયમાં જોતાં કષાયની આકુળતા દેખાય છે. **'एकतः शान्तिः अस्ति'** **'शान्तिः अस्ति'** **'એક તરફથી જોતાં શાંતિ (કષાયોના અભાવરૂપ શાંત ભાવ)'** વસ્તુનો સ્વભાવ અકષાય સ્વભાવ એટલે પર્યાયમાં શાંતિ દેખાય છે. એ જ વખતે. બે છે ને? સાધક છે ને? જુઓ! આ દ્રવ્ય-પર્યાયનું સ્વરૂપ. ભગવાનઆત્મા અંતર્મુખ જોતાં તો તદ્દન શાંત અકષાય સ્વભાવ છે એટલે

કે નિર્દોષ અરાગી વીતરાગી સ્વભાવ છે. પર્યાયમાં જોતાં રાગભાવ, કષાયની કલુશતા (દેખાય છે). **'कषाय-कलिः स्खलति'** કષાયનો ક્લેશ **'स्खलति'** દેખાય છે. આહા..! સમજાણું કાંઈ?

**'एकतः भव-उपहतिः' 'એક તરફથી જોતાં ભવની..'** સમીપ જાણે ગતિ આદિમાં છું એવી **'પીડા...' 'उपहतिः'** હણાય છે. મુક્તિમાં કંઈ હણાવાનું નથી. અહીંયા રાગથી હણાય છે. એવો ભવ દેખાય છે. ગતિ આદિ દેખાય છે. પર્યાયમાં ગતિ આદિ છે. સમજાણું કાંઈ? **'एकतः भव-उपहतिः'** ભવનું સમીપપણું, રાગમાં મનુષ્ય ગતિ આદિ હોય એમ દેખાય છે.

**'एकतः मुक्तिः अपि स्पृशति'** આમ જુઓ તો તદ્દન ભવના અભાવવાળો સ્વભાવ એવો મુક્ત છે એમ પણ દેખાય છે. જુઓ! આ જૈનદર્શનનું તત્ત્વ. જૈન નહિ, વસ્તુનું તત્ત્વ આવું છે. આહાહા..! આવું એનું સ્વરૂપ અનેકાંતમય, શાંતિથી વિચારે તો ખબર પડે. આ શરીરના દેખાવ ઉપરથી જુઓ તો આ ચામડું દેખાય, સુંવાળું દેખાય, ચામડાનો અંદરનો ભાગ દેખાય તો બીજો દેખાય. ખરું કે નહિ? ઉપરનું લપેટ દેખાય સરખું અને ચામડાનો અંદરનો ભાગ જુઓ તો બીજો દેખાય. આહા..! એમ અંદરના ચામડા વિનાનો એકલો હાડકાનો ભાગ દેખો તો તદ્દન ... એમાં ભરેલો મેદ દેખો તો જાણે અંદર ગારો ભર્યો હોય. એવું આ શરીર (છે). એનાથી ભગવાનઆત્મા (જુદો છે). એ શરીરની સ્થિતિ ચાર પ્રકાર. હાડકાં, ચામડાનો બહાર અને અંદરનો ભાગ અને હાડકા ને મજ્જા, ચરબી ચાર ભાગ છે ને? શેઠ! આહાહા..! ચારને જુદા પાડીને મોટા તપેલા ભરીને નાખ્યા હોય તો હાય. હાય.. આવું શરીર છે? ઊલટી થાય. આહાહા..! આ ચામડીનો લપેટનો ભાગ દેખો તો બીજો અને અંદરનો ભાગ દેખો તો બીજો. પાછળનો છે કે નહિ? એમ હાડકાનો ભાગ જુદો અને હાડકાનો મેદ છે એ જુદી જાત. એમ આ ભગવાનઆત્મામાં પર્યાયમાં જુઓ તો જાણે ભવ છે, સ્વભાવથી જુઓ તો મુક્તિ છે. સમજાણું કાંઈ? મુક્ત એવ. આવે છે ને? ભાઈ! કળશમાં. આહાહા..!

વસ્તુ છે, વસ્તુ. જોકે એ પર્યાયનું લક્ષ છોડી દે તો એની વસ્તુ છે એ તો મુક્ત જ છે. એની પર્યાયમાં મુક્તિ ભાસે, હોં! મુક્ત છે એ જુદી વાત છે. અહીં તો **'मुक्तिः स्पृशति'** એમ છે ને? વસ્તુ મુક્ત છે એ જુદું, પણ એને આમ જોતાં મુક્તપણું અકષાય પરિણામ મુક્ત છે એમ ભાસે આહાહા..! સમજાણું કાંઈ? આવો આત્માનો સ્વભાવ છે, અદ્ભુતા અદ્ભુત છે. ઓલામાં અદ્ભુત નાખ્યું'તું આમાં અદ્ભુતા અદ્ભુત. જુઓ! આ છેલ્લા શ્લોક આવા આવે છે.

મુમુક્ષુ :– આપની કૃપા છે.

ઉત્તર :– છોકરો પણ ભાગ્યશાળી છે. એને વાત બહુ બેઠી.

મુમુક્ષુ :– ભાગ્યશાળી કરતા પણ પુરુષાર્થશાળી છે.

ઉત્તર :– એ ભાગ્યશાળીના ... આટલી ઉંમરમાં ઘણું ગોખેલું ચોખ્ખું બોલે છે, હોં! આત્મા છે એને ઉંમર ક્યાં છે? આહાહા..! અરે..! દેહની સ્થિતિ પૂરી થઈ જશે, દેહની

સ્થિતિ મરણને સમીપ થઈ જશે. એ વખતે કોઈ એને શરણ અને સાથ, બહારના આબરૂ, કીર્તિ ક્યાંય અડે એવું છે?

કહે છે કે તું તને જો તો આમ ભાસે તને તારું, બીજાનું નહિ. ધર્મની દૃષ્ટિ થતાં વસ્તુ અખંડ અભેદ ચૈતન્યજ્યોત એવી દૃષ્ટિ થતાં પર્યાયમાં રાગ પણ દેખાય, ભવ પણ દેખાય, બન્ને ભેગું દેખાય અને આ બાજુ જુઓ તો શાંતિ દેખાય અને મુક્તિ દેખાય. આહાહા..! સમજાય છે કાંઈ? શરીરને અને એને કાંઈ સંબંધ નથી. ચામડા હાડકાને કાંઈ સંબંધ નથી. એનાપણે રહીને થઈને રહ્યા પણ પોતાપણે થઈને રહ્યા તો આ બે ભાગ છે, કહે છે. એ તો એનાપણે હાડકા, શરીર ચામડું બહારનું અને અંદરનું એ તો એનાપણે એના થઈને એનામાં રહ્યા છે. તારામાં તું છે એ વાત અહીં કરે છે. શેઠ! આહાહા..! કહો, સમજાય છે કે નહિ? 'મકનભાઈ'! 'મકનભાઈ' ને ક્યાં નિવૃત્તિ ... આહાહા..! પેલા .. ભાઈ ગુજરી ગયા. નાની ઉંમરમાં હાર્ટ ફેઈલ.

અરે..! કોઈ કોઈનું ક્યાં છે પણ? મરણની પથારીએ છેલ્લી સ્થિતિ જુઓ અને પછી ચિતા સળગતો જુઓ એને. શરીરનો એ 'મોહનભાઈ'! અને આ ચાર પ્રકાર આ જુઓ. બહાર ચામડું ને અંદર હાડકા ને શું છે આ? એને જોવું છોડી દે, કહે છે. તારા હોવાપણાના અસ્તિત્વમાં શું શું છે? અહીં ... એક બાજુ (ક્લેશ) દેખાય, બીજી બાજુ મુક્તિ દેખાય. એક બાજુ ગતિ દેખાય, અહીં ગતિ વિનાનો સ્વભાવ દેખાય. ક્યારે? અત્યારે. આ સાધકની દશાની વાત છે ને? મુક્તિ થાય એની અત્યારે વાત નથી. આહાહા..! એક તરફથી જુઓ તો ભવ, ગતિ દેખાય, કહે છે. એક તરફથી જુઓ તો બાયડી, છોકરા ને હજીરા દેખાય એ વાત તો અહીં છે નહિ. એના અસ્તિત્વમાં નથી. સમકિતીના અસ્તિત્વમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? અજ્ઞાનીના અસ્તિત્વમાં અજ્ઞાન, મિથ્યાત્વ આદિ છે પણ આ વસ્તુના અસ્તિત્વમાં ભાસ્યું નથી કે એની વાત અહીંયા નથી.

વસ્તુ તરીકે ભગવાન ચૈતન્યદળ, જ્ઞાનસ્વભાવરૂપ ત્રિકાળ અને અવસ્થામાં ભવ. કહે છે કે એવો એનો કોઈ વૈભવ છે. એવી અદ્‌ભુત એની દશા છે. અજ્ઞાનીઓને તો બેસવું અસંભવિત લાગે છે. આ તે કેમ હોય? સમજાણું કાંઈ? એક બાજુ મુક્તિ પણ સ્પર્શે છે. પણ છે ને? **'एकतः भव-उपहतिः'** આમ જુઓ તો **'उपहतिः'** એટલે ભવ છે. ... અને એક બાજુ મુક્તિ પણ સ્પર્શે છે. એ પીડાના કાળમાં, ભવના કાળમાં મુક્તિ સ્પર્શે છે. આહાહા..! જુઓ! આ ભગવાનઆત્માનો સ્વભાવ. ધર્મીને આ રીતે ભાસે ત્યારે ધર્મ કહેવાય. આહાહા..! સમજાણું કાંઈ?

**'एकतः त्रियतम् जगत् स्फुरति' 'એક તરફથી જોતાં ત્રણલોક સ્ફુરાયમાન છે (–પ્રકાશે છે, દેખાય છે)'** ત્રણકાળ ત્રણલોક જાણે જણાય છે. એની જ્ઞાનની પર્યાય જોતાં એમાં જણાય છે. **'एकतः चित् चकास्ति' 'એક તરફથી જોતાં કેવળ એક ચૈતન્ય જ શોભે**

**છે.**' એક જ ચૈતન્યમાત્ર, ચૈતન્યમાત્ર, ચૈતન્યમાત્ર, ચૈતન્યમાત્ર, જ્ઞાનમાત્ર શોભે છે. '**चकास्ति**' આહાહા..! સમજાય છે કાંઈ? એની પર્યાયમાં ને દ્રવ્યમાં છે એ એના અસ્તિત્વમાં જણાય છે, એમ કહે છે. બાકી બીજું તો કાંઈ છે નહિ. જુઓ! અહીંયા ભવ, કર્મ દેખાય છે એમ નથી લીધું, ભાઈ! ફક્ત ગતિ દેખાય છે. એની પર્યાયમાં ગતિપણું છે એ દેખાય છે. પંડિતજી! કારણ કે એના પોતાના પર્યાયમાં છે. બીજાની અવસ્થા અને બીજું અસ્તિત્વ હોય એનું અહીંયા શું કામ છે? શું કીધું ઇ? કર્મવાળો દેખાય છે એમ નથી કીધું. અહીં તો ભવની ગતિ દેખાય છે ખરી. આમ જુઓ તો મુક્તિ સ્પર્શે છે. બસ, પર્યાય અને દ્રવ્યનું અસ્તિત્વ આવું છે. આમ જ્ઞાનમાં જ્યારે લે ત્યારે એને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે. 'રતિભાઈ'! આહાહા..! એક બાજુ જુઓ તો શરીર દેખાય છે, એક બાજુ જુઓ તો આત્મા દેખાય છે, એમ નથી લીધું. એનું અહીં કામ નથી. એના અસ્તિત્વમાં એ રહ્યું છે, અહીં શું? સમજાણું કાંઈ? શું હશે આ બધું? એક બાજુથી જુઓ તો સંચા દેખાય, એમ નથી કીધું.

મુમુક્ષુ :– એક બાજુ સંચા દેખાય, એક બાજુ રૂપિયા દેખાય.

ઉત્તર :– એક બાજુ એનો રળવાનો ભાવ દેખાય, એમ કહે છે. એનું અહીં કામ જ નથી. આહાહા..!

અહીં તો ભગવાનઆત્મા પૂર્ણ સ્વભાવ વસ્તુ, એવું ભાન થવા છતાં પ્રમાણજ્ઞાનમાં વર્તમાન ભવ છે એ ભાસે, આમ ભવ વિનાની ચીજ ભાસે. એથી એને અંદરમાં નક્કી થઈ જાય કે આ ભવનો ભાવ હવે અલ્પકાળ રહેશે. લાંબો કાળ રહેશે નહિ. સમજાણું કાંઈ? એક કોર ત્રણકાળ જણાય, આખું જગત જણાય, એક કોર ચૈતન્યમાત્ર જણાય. એકલો જ્ઞાનમાત્ર આત્મા. એકલું જ્ઞાન. જ્ઞેયભેદે જ્ઞાનમાં ભેદ માલૂમ પડવું એ અનંતાનુબંધી આવ્યું છે ને? ૧૪ની ગાથાના કળશમાં દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ એ પોતાના માનવા એ સંકલ્પ મિથ્યાત્વ છે. જ્ઞેયભેદે જ્ઞાનમાં ભેદ માલૂમ પડવા. એકરૂપ જ્ઞાન છે એમાં ભેદ માલૂમ પડવા(થી) જ્ઞાન ખંડ ખંડ થઈ ગયું? જ્ઞાન ખંડ ખંડ થતું જ નથી. સમજાણું? એ જ્ઞેયભેદે જ્ઞાન ... એ જાણે હું ખંડ થઈ ગયો. એ અનંતાનુબંધીનો વિકલ્પ છે. અહીં કહે છે, જ્ઞાનમાં ત્રણકાળ, જગત દેખાય છે, એ ખંડ નથી થયો. અનેકપણું ભાસે છે. આમ જુઓ તો જ્ઞાન એકરૂપ ભાસે છે. બસ! એટલી વાત છે અહીં. પેલી વાત અહીં નથી.

મુમુક્ષુ :– અજ્ઞાનીની વાત નથી. સાધકની છે.

ઉત્તર :– અજ્ઞાનીની વાત નથી. સમજાણું કાંઈ? માર્ગ વીતરાગનો ભારે, ભાઈ! એમાં આ કળશો તો ... ... પણ આવી ગયું છે, સાર સાર આવી ગયું છે. અદ્ભુત અદ્ભુત. કહો, સમજાણું કાંઈ?

એક જોતાં, કેવળ એક ચૈતન્ય. '**एकतः चित् चकास्ति**' એકલું જ્ઞાન જ છે, જગતનું અનંતપણું નહિ, પણ એક જ્ઞાન, બસ. એવો એનો ચૈતન્યનો વૈભવ (છે). સમ્યગ્દષ્ટિના

જ્ઞાનમાં આવું આત્માનું તત્ત્વ ભાસે છે. આહાહા..! ધર્મી, ધર્મી કહે, ધર્મ કરીએ છીએ, બાપુ! સાંભળ ભાઈ! ધર્મ કરે એને આવો આત્મા ભાસે. સમજાય છે કાંઈ? અમે દયા પાળીએ છીએ, અમે આ પાળ્યું હતું માટે ધર્મી, એમ એને ન ભાસે. એને તો વર્તમાનમાં રાગાદિ હોય તે દુઃખસ્વરૂપ ભાસે છે, સ્વભાવ જોતાં શાંતિ ભાસે છે. આ વાત છે. આહા..! એક કોર ભવ ભાસે છે, એકકોર મુક્તિ ભાસે છે. એકકોર ત્રણલોકનું જ્ઞાન જાણે થયું એમ ભાસે છે, અહીં એક ચિત્‌ચમત્કાર એકલું જ્ઞાન છે એમ ભાસે છે. એક ફીટીને બે થયો નથી. એવું જ્ઞાનસ્વરૂપ છે, ભગવાનઆત્માનું. આહા..!

મોટું કુટુંબ હોય, પચીસ વર્ષનો જુવાન હોય, બે વર્ષનું પરણેતર હોય.. આ છ-છ મહિનાના પરણેતરમાં હમણા બે ગુજરી ગયા ને? હમણા છ-છ મહિનાના પરણેતર. ખરેખર તો ... ભેગા હોય ને આમ જોવે તો જાણે... આપણા 'ભગવાનજીભાઈ' નહિ? ભાઈ! એના ભાઈ મોટા ભાઈ, એની દીકરીનો દીકરો મરી ગયો. સાડી ત્રેવીસ વર્ષનો. પચાસ લાખ રૂપિયા અને ત્રેવીસ વર્ષની ઉંમર, છ મહિનાનું પરણેતર. .... અહીં તો બીજું કહેવું છે... શું કરે? શું થાય? બાપુ! કોણ છે કારણ? ક્યાં છે તું? શેમાં છો તું? અરે..! કોઈ મારું નથી. .. તારું તો તારામાં છે. છ મહિનાના લગન .. આહાહા...! પેલો ગરાસિયો, ... સાડી ત્રેવીસ વર્ષની ઉંમર. છ મહિનાના લગન. એકનો એક દીકરો. પૈસા ખર્ચ્યા અમેરિકામાં એક સેકંડ. અરે..! પણ આ શું છે આ? ઇ તારામાં થાતું નથી. એ તો બધો દેહનો સંયોગ ને વિયોગ દેહના અસ્તિત્વમાં થાય છે. તારામાં તો રાગ.. અહીં તો જાણનાર લેવો છે ને? જે જાણતો નથી એને રાગ છું કે આ છું, એ કાંઈ જણાતું નથી. પંડિતજી! એને જાણતો થયો છે, જે જાણતો થયો છે, જાણનાર છે એ જાણતો થયો છે. એ જાણનારના જ્ઞાનમાં આમ બે પ્રકાર ભાસે. ઓહો..! ત્રણકાળ જાણે આખું જગત અહીં જણાય. આમ જુઓ તો ચૈતન્યચમત્કાર એકરૂપ જ જ્ઞાન રહ્યું છે. ઓહો..!

**'आत्मनः अद्भुतात् अद्भुतः स्वभाव-महिमा विजयते'** આવો આત્માનો અદ્‌ભુતથી પણ અદ્‌ભુત.. પંડિતજી! .... **'(કોઈથી બાધિત થતો નથી).'** ભવ પણ પોતાને કારણે છે, કોઈથી બાધિત થયો નથી. સમજાણું? કષાયની કલુષિતતા પણ તે સમયની સાધકને બાધકપણે પોતાને કારણે છે, કોઈથી બાધિત થયો નથી. આ બધું થઈને લેવું છે ને? અદ્‌ભુતાત્ અદ્‌ભુત વૈભવ. ... જીવતત્ત્વ કહ્યું છે ને? 'તત્ત્વાર્થ સૂત્ર'. જીવતત્ત્વ છે. એ પણ પ્રમાણજ્ઞાન કરાવ્યું છે. ... ભાઈ! તું આત્મા છો ને પ્રભુ! તારું હોવાપણું તારામાં છે વસ્તુએ, અને પર્યાયે હોવાપણું પણ, એક ક્ષણિકપણું તારામાં છે. ક્ષણિકપણે પરિણમવું અને રાગાદિ એ પણ તારામાં છે. બીજાપણું તારામાં નથી, બીજામાં તું નથી. તારા અસ્તિત્વમાં અસ્તિત્વ છે. સમજાણું કાંઈ? આહા..!

એ મરણની છેલ્લી ઘડી હોય, હેં 'સુમનભાઈ'! આમ સુનમુન થઈ જાય. હાય.. હાય.

... રોવે. જોયું છે ને. અમારે ઘરમાં જ્યારે મોટાભાઈ ગુજરી ગયા ત્યારે. (સંવત) ૧૯૫૭ ની વાત છે. આઠ વર્ષનું પરણેતર, એકનો એક છોકરો. ઘરમાં રળાઉ એક જાગ્યો. 'મુંબઈ'માં પાણી પી ગયો. અઠ્યાવીસ વર્ષની ઉંમર. ૧૯૫૭ની સાલમાં દેહ છૂટ્યો. એક કોર બૈરાં રોવે, એક કોર બા રોવે, એક કોર અમારા પિતાશ્રી આવવાના હતા તો વાટ જુએ. પરદેશમાંથી આજ આવશે એમ. આહાહા..! .... સાંજે ગુજરી ગયા એટલે આખી રાત મડદું રાખવું પડ્યું. .... શું કહેવાય? કોશ. માથે કોશ રાખે. મડદું ઊંચું ન થાય. આહા..! ભગવાન! અરે..! જેણે આવી કંપારીમાં મોટા કર્યા, સંભાળ્યા એ કાંઈ રહ્યું નહિ તારું. તારી સંભાળથી કાંઈ ન રહ્યું. શેનું રહે? એ ક્યાં તારા અસ્તિત્વમાં હતું? તારી સંભાળ તારા સ્વભાવની અને તારું જ્ઞાન તારી દશાનું. આહાહા..!

**ભાવાર્થ :– 'અહીં પણ ૨૭૩ માં કાવ્યના ભાવાર્થ પ્રમાણે જાણવું. આત્માનો અનેકાંતમય સ્વભાવ સાંભળીને...'** અનેકાંત એટલે બન્ને ધર્મ. દ્રવ્યધર્મ, પર્યાયધર્મ. અનેક અંત એટલે ઘણા અંત એટલે ધર્મ. એવો **'સ્વભાવ સાંભળીને અન્યવાદીને ભારે આશ્ચર્ય થાય છે.'** આવા ગાંડા તે જૈનો, એમ બીજાને લાગે, હોં! સમજાણું? **'અનેકાંતમય સ્વભાવ સાંભળીને અન્યવાદીને ભારે આશ્ચર્ય થાય છે. તેને આ વાતમાં વિરુદ્ધતા ભાસે છે.'** એને વિરોધ ભાસે છે. આહા..! આ શું પાગલ જેવી વાતું કરે છે? આ 'શંકરાચાર્ય' જેવાને વેદાંતવાળાને જૈન ગાંડપણ જેવું લાગે. આહાહા..! ભાઈ! જેમ છે એમ છે, હોં! આહા..! ધર્મ સમજ્યો નહોતો અને સમજ્યો ત્યાં શું ફેર પડી ગયો? જુઓને! એ પર્યાયમાં ફેર પડ્યો, અવસ્થામાં ફેર પડ્યો, વસ્તુ તો વસ્તુ જ છે. પર્યાય ન માન તો આ વસ્તુને સમજ્યો અને નહોતો સમજ્યો એ સાબિત ક્યાં થાય છે? સમજાણું કાંઈ? કહે છે, એ અજ્ઞાનીને તો વિરૂદ્ધતા ભાસે છે.

**'તે આવા અનેકાંતમય સ્વભાવને વાતને પોતાના ચિત્તમાં સમાવી–જીરવી શકતો નથી.'** પાગલ જેવી તમારી વાતું છે. **'જો કદાચિત્ તેને શ્રદ્ધા થાય તોપણ પ્રથમ અવસ્થામાં તેને બહુ અદ્ભુતતા લાગે છે...'** આહા..! આવું સ્વરૂપ! **'અહો! આ જિનવચનો મહા ઉપકારી છે,...'** શ્રદ્ધા થાય. આહા..! આવો સ્વભાવ! આવો માર્ગ તો વીતરાગના વચનમાં છે, બીજે ક્યાંય છે નહિ. આહા..! વીતરાગ પરમાત્મા સર્વજ્ઞ તીર્થંકરદેવ, એની વાણીમાં આવું સ્વરૂપ છે. મિથ્યાદૃષ્ટિને તો .. આહાહા..! આવી વાત ગજબ વાત છે! સાંભળી નહોતી. **'અહો! જિનવચનો મહા ઉપકારી છે...'** જેણે આવા સ્વભાવની સ્થિતિ છે તે વર્ણવી અને અમને સમજવામાં આવી. **'વસ્તુના યથાર્થ સ્વરૂપને જણાવનારા છે;...'** જેવી વસ્તુ છે તેવા યથાર્થ સ્વરૂપને જણાવનારા છે. કલ્પિત નથી કે આમ હોય ને આમ હોય.

**'વસ્તુના યથાર્થ સ્વરૂપને જણાવનારા છે. અરે..! મેં અનાદિ કાળ આવા યથાર્થ સ્વરૂપના ભાન વિના ખોયો!'** એમ કહે છે. **'આશ્ચર્યપૂર્વક શ્રદ્ધાન કરે છે.'** એવા આશ્ચર્યપૂર્વક શ્રદ્ધાન કરે છે. આહાહા..! વસ્તુની મર્યાદાનું સ્વરૂપ જેવું જિનવચને કહ્યું એવું બીજે ક્યાંય છે નહિ.

આ વાડાવાળા ઊંડા વિચારતા નથી. નહિતર તો એને લાગે.. વાહ..! સમજાણું? પણ પોતાના સંપ્રદાયના પક્ષની ... વધારવામાં મથ્યા.

મુમુક્ષુ :–

ઉત્તર :– ... પણ ન્યાયથી જો તો ખરો કે .... જેવી વસ્તુ હોય એવી કહે તો શાસ્ત્ર, ન હોય એવી કહે તો શાસ્ત્ર કોને કહેવા? પર્યાય, દ્રવ્ય એનું અસ્તિત્વ, પલટતું અસ્તિત્વ, એકરૂપ રહેતું અસ્તિત્વ, એવો એનો સ્વભાવ એને કહે છે કે જ્યાં એકલી દયા પાળવાનો વિકલ્પ એમ જોવે તો જાણે રાગ દેખાય. એને પાળી શકું છું, એ અહીં વાત નથી. એટલી વાત છે. અને તે પણ કોને દેખાય ઇ? કે જેણે રાગ વિનાનો અકષાય સ્વભાવ જાણ્યો એને. આવો સ્વભાવ! આ વસ્તુ! સમજાણું કાંઈ?

**'વસ્તુના યથાર્થ સ્વરૂપને જણાવનારાં છે; મેં અનાદિ કાળ આવા યથાર્થ સ્વરૂપના જ્ઞાન વિના ખોયો.–આમ આશ્ચર્યપૂર્વક શ્રદ્ધાન કરે છે.'**

## શ્લોક–૨૭૫

(मालिनी)

जयति सहजतेजःपुञ्जमज्जत्त्रिलोकी-
स्खलदखिलविकल्पोऽप्येक एव स्वरूपः।
स्वरसविसरपूर्णाच्छिन्नतत्त्वोपलम्भः
प्रसभनियमितार्चिश्चिच्चमत्कार एषः।।२७५।।

**હવે ટીકાકાર આચાર્યદેવ અંતમંગળને અર્થે આ ચિત્ચમત્કારને જ સર્વોત્કૃષ્ટ કહે છે :–**

**શ્લોકાર્થ :– [ सहज-तेज-पुञ्ज-मज्जत्-त्रिलोकी-स्खलत्-अखिल-विकल्पः अपि एकः एव स्वरूपः ] સહજ (-પોતાના સ્વભાવરૂપ) તેજઃપુંજમાં ત્રણ લોકના પદાર્થો મગ્ન થતા હોવાથી જેમાં અનેક ભેદો થતા દેખાય છે તોપણ જેનું એક જ સ્વરૂપ છે (અર્થાત્ કેવળજ્ઞાનમાં સર્વ પદાર્થો ઝળકતા હોવાથી જે અનેક જ્ઞેયાકારરૂપ દેખાય છે તોપણ ચૈતન્યરૂપ જ્ઞાનાકારની દૃષ્ટિમાં જે એકસ્વરૂપ જ છે), [ स्व-रस-विसर-पूर्ण-अच्छिन्न-तत्त्व-उपलम्भः ] જેમાં નિજ રસના ફેલાવથી પૂર્ણ અછિન્ન તત્ત્વ-ઉપલબ્ધિ છે (અર્થાત્ પ્રતિપક્ષી કર્મનો અભાવ થયો હોવાથી જેમાં સ્વરૂપ-અનુભવનનો અભાવ થતો નથી) અને [ प्रसभ-नियमित-अर्चिः ] અત્યંત નિયમિત જેની જ્યોત છે (અર્થાત્ અનંત વીર્યથી જે નિષ્કંપ રહે છે) [ एषः चित्-चमत्कारः जयति ] એવો આ (પ્રત્યક્ષ અનુભવગોચર) ચૈતન્યચમત્કાર જયવંત વર્તે છે (-કોઈથી બાધિત ન કરી શકાય એમ સર્વોત્કૃષ્ટપણે વર્તે છે).**

**(અહીં 'ચૈતન્યચમત્કાર જયવંત વર્તે છે' એમ કહેવામાં જે ચૈતન્યચમત્કારનું સર્વોત્કૃષ્ટપણે વર્તવું બતાવ્યું, તે જ મંગળ છે.) ૨૭૫.**

## શ્લોક-૨૭૫ ઉપર પ્રવચન

**'હવે ટીકાકાર આચાર્યદેવ અંતમંગળને અર્થે આ ચિત્ચમત્કારને જ સર્વોત્કૃષ્ટ કહે છે** :–' ૨૭૫.

**जयति सहजतेजःपुञ्जमज्जत्त्रिलोकी-**
**स्खलदखिलविकल्पोऽप्येक एव स्वरूपः।**
**स्वरसविसरपूर्णाच्छिन्नतत्त्वोपलम्भः**
**प्रसभनियमितार्चिश्चिच्चमत्कार एषः।।२७५।।**

આ ચમત્કાર છે. આહાહા...! પોતાનું ક્ષેત્ર છોડે નહિ અને ત્રણકાળ ... ક્ષેત્રને જાણે, એવી ચિત્ચમત્કાર વસ્તુ છે. સમજાણું કાંઈ? આ આત્માની વાત મુકી દઈને બીજી વાતું (કરે). દયા પાળવી ને વ્રત પાળવા ને ભક્તિ કરવી ને પૂજા કરવી ને મંદિર કરવા, એમાં ધર્મ. એય...! 'સુમનભાઈ'! એ શુભભાવ ત્યારે હોય છે પણ વસ્તુનું સ્વરૂપ એ નથી. સમજાણું કાંઈ? પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગની વાણીમાં કેવળજ્ઞાનમાં આવ્યું એવું સ્વપરપ્રકાશક શક્તિનું વર્ણન આવ્યું છે.

અહો...! **'सहज-तेज-पुञ्ज-मज्जत्-त्रिलोकी-स्खलत्-अखिल-विकल्पः अपि एकः एव स्वरूपः' 'સહજ (–પોતાના સ્વભાવરૂપ) તેજઃપુંજમાં...'** જ્ઞાનના તેજના પુંજમાં **'ત્રણ લોકના પદાર્થો મગ્ન થતા હોવાથી...'** ત્રણ લોકના પદાર્થ જણાતા હોવાથી. ત્રણ લોકના પદાર્થ ક્યાં અંદર મગ્ન થઈ જાય છે? પણ ત્રણ લોકના પદાર્થનું જ્ઞાન અહીં થયું એટલે જાણે ત્રણ લોકના પદાર્થ અહીં જ્ઞાનમાં આવી ગયા. 'પ્રવચનસાર'માં આવ્યું છે ને? છ બોલ. ઓહોહો...! 'અમૃતચંદ્રાચાર્ય' સૂર્ય, ભરતનો સૂર્ય, અધ્યાત્મ સૂર્ય. જેવું સ્વરૂપ છે એવું ભાવે છે. જો ભાઈ! આવો આત્મા હોય, આવો આત્મા હોય.

**'તેજઃપુંજમાં...'** એ તો સહજ તેજઃપુંજ છે. જ્ઞાન સ્વભાવભાવની અસ્તિમાં એનું સહજ ચૈતન્યનું તેજ છે. ત્રણ લોકના પદાર્થ જણાય જાય છે એમ કહે છે. **'જેમાં અનેક ભેદો થતા દેખાય છે...'** જાણે ત્રણ કાળ જણાય ગયા એટલે જાણે અનેક ભેદો લાગે છે **'તોપણ જેનું એક જ સ્વરૂપ છે (અર્થાત્ કેવળજ્ઞાનમાં સર્વ પદાર્થો ઝળકતા હોવાથી...)'** ઝળકતા સમજાવવું છે ને? **'અનેક જ્ઞેયાકારરૂપ દેખાય છે...'** જાણે કે લોકાલોક જ્ઞેય હોય અને એના આકારે જ્ઞાન થયું હોય એમ જણાય. એ જ્ઞાનાકારરૂપે, જ્ઞેયના આકારરૂપે જ્ઞાનનો પોતાનો

આકાર છે. સમજાણું કાંઈ?

**'(અનેક જ્ઞેયાકારરૂપ દેખાય છે તોપણ ચૈતન્યરૂપ જ્ઞાનાકારની દૃષ્ટિમાં જે એકસ્વરૂપ જ છે).'** અનંત જાણતાં જ્ઞાનસ્વરૂપના કાંઈ બે સમય નથી થયા ત્યાં. એક સમયમાં બધું જણાય જાય છે. એકરૂપ જ જ્ઞાન છે. આહાહા..! અનેકને જાણતું છતાં જ્ઞાન એકરૂપ છે. **'(ચૈતન્યરૂપ જ્ઞાનાકારની દૃષ્ટિમાં...)'** જ્ઞેયો લોકાલોક છે એની જાણવાની પર્યાયમાં પોતાની પર્યાય છે, પોતાનું અસ્તિત્વ છે. આવી ગયું છે ને? જ્ઞેયો જેમાં પ્રવેશ કરતાં નથી પણ જ્ઞેય સંબંધીનું જ્ઞાન પોતામાં અસ્તિપણે પરિણમે છે. એ જ્ઞાનપણે જુઓ તો અનંતને જાણે છે એમ લાગે, આમ જ્ઞાનાકારની દૃષ્ટિમાં એકરૂપ જ્ઞાન થયું છે. અનેક અને એક. સમજાણું? **'मज्जत्-त्रिलोकी'**.

**'स्व-रस-विसर-पूर्ण-अच्छिन्न-तत्त्व-उपलम्भः' 'જેમાં નિજ રસના ફેલાવથી...'** પોતાના જ્ઞાનનો ફેલાવ, વિસ્તાર શક્તિમાંથી પર્યાયમાં વિકાસરૂપ જ્ઞાન પરિણમ્યું. **'पूर्ण-अच्छिन्न-तत्त्व-उपलम्भः'** હવે એને કોઈ છિન્ન કરે એમ છે નહિ. જુઓ! આ સ્વરૂપના અનુભવનો અભાવ થતો નથી. જે અનુભવ થયો એ થયો, એમ કહે છે. હવે એનો અભાવ ન થાય. આવે છે ને? ઉપયોગનું હરણ થતું નથી. અલિંગગ્રહણનો નવમો બોલ છે. તત્ત્વનો ઉપયોગ જે છે એનું કોઈ હરણ કરી શકે એવું જગતમાં કોઈ છે નહિ. આહાહા..! ઉપયોગનું હરણ એટલે નાશ, નાશ. ઉપયોગ છે એણે જ્ઞાનને પકડ્યો છે એને ઉપયોગ કહીએ ને? એ ઉપયોગનું હરણ–નાશ કોઈ દિ' ન થાય. દ્રવ્ય સાથે જેણે સંધિ કરી છે, તો એ દ્રવ્યનો નાશ થાય તો ઉપયોગનો નાશ થાય. આહાહા..! જુઓ! પોતાનો ભાવ પણ અપ્રતિહત છે એમ બતાવે છે. સમજાણું કાંઈ? વાત કરે છે, કેવળજ્ઞાનની અથવા એકલા આત્માના સ્વભાવજ્ઞાનની. જ્ઞાનમાં પણ કેવળ એકલું જ્ઞાન જ છે. ઘણું જણાવા છતાં, અનેકપણું જાણતા છતાં એકરૂપ મટીને બે રૂપ નથી થયું. જ્ઞાન ચૈતન્ય ચમત્કાર એકરૂપે જ છે.

**'નિજ રસના ફેલાવથી..'** કળી જેમ ખીલે. **'पूर्ण-अच्छिन्न-तत्त्व-उपलम्भः' '(પ્રતિપક્ષી કર્મનો અભાવ થયો હોવાથી જેમાં સ્વરૂપ-અનુભવનો અભાવ થતો નથી).'** એ તો વાત કરી, પણ વસ્તુસ્થિતિ જ એવી છે. ભગવાન શક્તિરૂપે પૂર્ણ, સ્વભાવરૂપે પૂર્ણ, એવી જ્યાં દશામાં પૂર્ણતા થઈ ગઈ પછી પૂર્ણમાં શું થાય? પૂર્ણનું અપૂર્ણ થાય? આહા..! પૂર્ણ થયું એ સાધ્ય થયું એ સાધક થાય હવે? તો પૂર્ણ થયું એ વિપરીત થાય? આહા..! પૂર્ણને સાધકપણે થવું એ પણ રહેતું નથી અને વિપરીત તો હોઈ શકે નહિ, એમ કહે છે. સાધકથી સિદ્ધપદ થયું પણ સિદ્ધપદથી હવે સાધક થાય એમ બને નહિ તો વિપરીત થાય એ તો પ્રશ્ન છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

**'નિજ રસના ફેલાવથી...'** નિજ સ્વભાવના વિસ્તારથી. એ તો પોતાનો રસ–શક્તિ હતો. એના રસના વિસ્તારથી પૂર્ણ અછિન્ન. પૂર્ણ અને અછિન્ન–છેદાય નહિ એવું. એવી તત્ત્વ

ઉપલબ્ધિ થઈ. આહાહા..! પ્રાપ્તિ થઈ એની વાત છે ને? તત્ત્વ તો તત્ત્વ છે, પર્યાયમાં પ્રાપ્તિ થઈ. બહુ ધીરો માર્ગ, શાંતિથી.. આ વસ્તુ તો દુર્ધર પુરુષાર્થથી પ્રાપ્ત થાય એવી ચીજ છે. સમજાણું કાંઈ? એ અનાયાસે પ્રાપ્ત થઈ જાય એવી વસ્તુ નથી આ.

**'प्रसभ-नियमित-अर्चिः'** અનુભવનો અભાવ ન થાય અને અચળ **'અત્યંત નિયમિત જેની જ્યોત છે (અર્થાત્ અનંત વીર્યથી જે નિષ્કંપ રહે છે).'** **'अर्चिः'** આવ્યું ખરું ને એમાં? નિયમિત જેની, નિશ્ચય જેની જ્યોત એકરૂપ રહે છે, એમ કહેવું છે. પેલામાં ત્રૂટક નથી થતું એમ કહ્યું. અછિન્ન ઉપલબ્ધિ થઈ, તૂટે નહિ એવી ઉપલબ્ધિ થઈ. અહીં કહે છે કે એની જ્યોત નિયમિત ચાલે છે. જ્ઞાનધારા જે પૂર્ણ થઈ, નિયમિત, નિયમિત, નિયમિત–નિશ્ચય. નિષ્કંપ રહે છે. નિયમિત જેની જ્યોત છે એટલે અકંપ જેની દશા છે.

**'एषः चित्-चमत्कारः जयति'** **'એવો આ (પ્રત્યક્ષ અનુભવગોચર)...'** ભગવાન. એમ કહે છે. **'एषः'** કીધું ને? **'एषः'**–આ. જેના અનુભવ માટે વિકલ્પની જરૂર નહિ, નિમિત્તની જરૂર નહિ. એવો ભગવાન પ્રત્યક્ષ અનુભવગમ્ય. એવો આ પ્રત્યક્ષ અનુભવગમ્ય **'ચૈતન્યચમત્કાર જયવંત વર્તે છે (–કોઈથી બાધિત ન કરી શકાય એમ સર્વોત્કૃષ્ટપણે વર્તે છે).'** ચૈતન્યચમત્કાર જેનો. મહા માંગલિકનું માંગલિક કર્યું. છેલ્લા કળશો છે ને! આવો ભગવાનઆત્મા, પરની દયા ને હિંસાની તો અહીં વાત પણ નથી. પર સંબંધીમાં પોતાની નબળાઈને લઈને જે રાગાદિ થાય એ પોતાના અસ્તિત્વમાં છે એમ જાણ. સાધકની વાત છે ને? પણ સાધકથી આ થયું પછી તો કાંઈ રહ્યું નહિ. આહાહા..! પૂર્ણ થઈ ગયું. પૂર્ણ સ્વરૂપ, પૂર્ણ સ્વરૂપ, કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ, અનંત બળ. અર્ચિ છેલ્લે છે. નિષ્કંપમાં અનંત વીર્ય નાખ્યું. ... જ્ઞાન નાખ્યું.

**'એવો આ (પ્રત્યક્ષ અનુભવગોચર) ચૈતન્યચમત્કાર..'** આહાહા..! કહે છે, ચૈતન્યના ચમત્કાર આગળ જગતમાં બીજો ચમત્કાર છે નહિ. જેના એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જણાય અને પાછું જ્ઞાન એકરૂપ રહે. આવો ચૈતન્યચમત્કાર, તારે બીજો ક્યો ચમત્કાર જોઈએ છે? આને આ લબ્ધિ પ્રગટી છે ને આને આ લબ્ધિ પ્રગટી છે માટે મોટો. ધૂળેય નથી, સાંભળને! આહા..! અહીં તો બાર અંગના જ્ઞાનને વિકલ્પ તરીકે કહ્યું છે. એનો ચમત્કાર જે છે એ તો પૂર્ણ પ્રાપ્તિ.

મુમુક્ષુ :–

ઉત્તર :– ત્યાં તો ક્યાં છે? હેઠે પણ નથી. પણ આ તો પૂર્ણ થયું એમાં પાછું ઓછાપણું નથી અને અછિન્ન છે. પૂર્ણ છે અને છેદાય એવું નથી. એવો ચિત્ ચમત્કાર **'जयति'** જય હો.. જય હો...! કોઈથી બાધિત ન કરી શકાય એવો છે.

**'(અહીં 'ચૈતન્યચમત્કાર જયવંત વર્તે છે' એમ કહેવામાં જે ચૈતન્યચમત્કારનું સર્વોત્કૃષ્ટપણે વર્તવું બતાવ્યું, તે જ મંગળ છે.)'** તે જ માંગલિક છે. પવિત્રતાની પ્રાપ્તિ અને

અપવિત્રતાનો નાશ, એ જ માંગલિક છે. અને આત્મા પોતાના સ્વરૂપની અંતર દૃષ્ટિ કરીને પર્યાયને જાણે, દ્રવ્યને જાણે. જાણતા જાણતા આગળ વધી ગયો. રાગ ગયો અને પૂર્ણ વીતરાગતા થઈ. અલ્પજ્ઞ ગયું અને સર્વજ્ઞતા થઈ. એ એમ ને એમ રહેશે. 'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં.' એને અહીંયા સાધ્યપદ, સર્વજ્ઞપદ, સિદ્ધપદ કહેવામાં આવે છે. એ સિદ્ધપદ જયવંત વર્તો. આહાહા..!

પતિની પાછળ પત્ની મરવા જાય, સતી થવા જાય, .... આહા..! ... પતિની સાથે બળે. ... વિકલ્પ ન હોય કે મને દુઃખ થશે કે નહિ થાય. એટલો જગતનો રાગ છે ત્યાં એને પીડા છે કે નથી એનો ખ્યાલ નથી. એમ આ આત્મા આનંદના ઝરણાથી હોમ કરીને કેવળજ્ઞાનમાં પડે છે. આહાહા..! એ અનુભૂતિ એની રાણી છે. એનો એ આત્મા રાજા છે. આહાહા..! જયવંત વર્તો, તારા ચૈતન્યના ચમત્કાર. આહા..! 'અમૃતચંદ્રાચાર્ય' (કહે છે).

## શ્લોક–૨૭૬

(मालिनी)

अविचलितचिदात्मन्यात्मनात्मानमात्म-<br>
न्यनवरतनिमग्नं धारयद् ध्वस्तमोहम्।<br>
उदितममृतचन्द्रज्योतिरेतत्समन्ता-<br>
ज्ज्वलतु विमलपूर्णं निःसपत्नस्वभावम्।।२७६।।

**હવેના કાવ્યમાં ટીકાકાર આચાર્યદેવ પૂર્વોક્ત આત્માને આશીર્વાદ આપે છે અને સાથે સાથે પોતાનું નામ પણ પ્રગટ કરે છે :–**

**શ્લોકાર્થ :– [ अविचलित-चिदात्मनि आत्मनि आत्मानम् आत्मना अनवरत-निमग्नं धारयत् ] જે અચળ-ચેતનાસ્વરૂપ આત્મામાં આત્માને પોતાથી જ અનવરતપણે (-નિરંતર) નિમગ્ન રાખે છે (અર્થાત્ પ્રાપ્ત કરેલા સ્વભાવને કદી છોડતી નથી), [ ध्वस्त-मोहम् ] જેણે મોહનો (અજ્ઞાન-અંધકારનો) નાશ કર્યો છે, [ निःसपत्नस्वभावम् ] જેનો સ્વભાવ નિઃસપત્ન (અર્થાત્ પ્રતિપક્ષી કર્મો વિનાનો) છે, [ विमल-पूर्णं ] જે નિર્મળ છે અને જે પૂર્ણ છે એવી [ एतत् उदितम् अमृतचन्द्र-ज्योतिः ] આ ઉદય પામેલી અમૃતચંદ્રજ્યોતિ (-અમૃતમય ચંદ્રમા સમાન જ્યોતિ, જ્ઞાન, આત્મા) [ समन्तात् ज्वलतु ] સર્વ તરફથી જાજ્વલ્યમાન રહો.**

**ભાવાર્થ :–** જેનું મરણ નથી તથા જેનાથી અન્યનું મરણ નથી તે અમૃત છે; વળી જે અત્યંત સ્વાદિષ્ટ (-મીઠું) હોય તેને લોકો રૂઢિથી અમૃત કહે છે. અહીં જ્ઞાનને-આત્માને-

**અમૃતચંદ્રજ્યોતિ (અર્થાત્ અમૃતમય ચંદ્રમા સમાન જ્યોતિ) કહેલ છે, તે લુપ્તોપમા અલંકારથી કહ્યું જાણવું; કારણ કે 'अमृतचन्द्रवत् ज्योतिः'નો સમાસ કરતાં 'वत्'નો લોપ થઈ 'अमृतचन्द्रज्योतिः' થાય છે.**

**('वत्' શબ્દ ન મૂકતાં અમૃતચંદ્રરૂપ જ્યોતિ એવો અર્થ કરીએ તો ભેદરૂપક અલંકાર થાય છે. 'અમૃતચંદ્રજ્યોતિ' એવું જ આત્માનું નામ કહીએ તો અભેદરૂપક અલંકાર થાય છે.)**

**આત્માને અમૃતમય ચંદ્રમા સમાન કહ્યો હોવા છતાં, અહીં કહેલાં વિશેષણો વડે આત્માને ચંદ્રમા સાથે વ્યતિરેક પણ છે; કારણ કે - 'ध्वस्तमोह' વિશેષણ અજ્ઞાન-અંધકારનું દૂર થવું જણાવે છે, 'विमलपूर्ण' વિશેષણ લાંછનરહિતપણું તથા પૂર્ણપણું બતાવે છે, 'निःसपत्नस्वभाव' વિશેષણ રાહુબિંબથી તથા વાદળા આદિથી આચ્છાદિત ન થવાનું જણાવે છે, 'समंतात् ज्वलतु' કહ્યું છે તે સર્વ ક્ષેત્ર તથા સર્વ કાળે પ્રકાશ કરવાનું જણાવે છે; ચંદ્રમા આવો નથી.**

**આ કાવ્યમાં ટીકાકાર આચાર્યદેવે 'અમૃતચંદ્ર' એવું પોતાનું નામ પણ જણાવ્યું છે. સમાસ પલટીને અર્થ કરતાં 'અમૃતચંદ્ર'ના અને 'અમૃતચંદ્રજ્યોતિ'ના અનેક અર્થો થાય છે તે યથાસંભવ જાણવા. ૨૭૬.**

---

## શ્લોક-૨૭૬ ઉપર પ્રવચન

---

**'હવેના કાવ્યમાં ટીકાકાર આચાર્યદેવ પૂર્વોક્ત આત્માને આશીર્વાદ આપે છે...'** આત્માને આશીર્વાદ આપે છે. **'અને સાથે સાથે પોતાનું નામ પણ પ્રગટ કરે છે :–'** 'અમૃતચંદ્રાચાર્ય' છે ને?

**अविचलितचिदात्मन्यात्मनात्मानमात्म-**
**न्यनवरतनिमग्नं धारयद् ध्वस्तमोहम्।**
**उदितममृतचन्द्रज्योतिरेतत्समन्ता-**
**ज्ज्वलतु विमलपूर्णं निःसपत्नस्वभावम्।।२७६।।**

આહાહા..! અમૃતના રેલા ચાલ્યા છે. અમૃતચંદ્ર. અમૃતચંદ્ર આત્મા. કોઈ દિ' મરે નહિ ચંદ્ર. એમ ચૈતન્યનો પ્રકાશ કોઈ દિ' હલકો થાય નહિ. એવી અમૃતચંદ્ર જ્યોતિ ચૈતન્ય ભગવાન. જુઓ! આ નામ પણ આવી ગયું હવે, ભાઈ! **'अविचलित-चिदात्मनि आत्मनि आत्मानम् आत्मना अनवरत-निमग्नं धारयत्'** ભગવાન **'જે અચળ–ચેતનસ્વરૂપ આત્મામાં...'** કેવો છે આત્મા? **'અચળ ચેતનાસ્વરૂપ...'** છે. **'अविचलित-चिदात्मनि'**. અવિચલિત ચેતનાસ્વરૂપ એવા આત્મામાં **'આત્માને પોતાથી જ અનવરતપણે...'** વિકલ્પથી ને રાગથી ને નિમિત્તથી

નહિ, એમ કહે છે.

**'અચળ–ચેતનાસ્વરૂપ આત્મામાં...'** એવો ભગવાન પોતાના સ્વભાવમાં, પોતાના સ્વભાવને એટલે આત્માને, પોતાથી જ એટલે પોતાના સ્વભાવથી જ **'અનવરતપણે (–નિરંતર) નિમગ્ન રાખે છે (અર્થાત્ પ્રાપ્ત કરેલા સ્વભાવને કદી છોડતી નથી),...'** એની પરિણતિ, જ્યોતિ. ચૈતન્યજ્યોતિ પ્રાપ્ત કરેલી કોઈ દિ' ઓલવાતી નથી. દીવા ઝળહળ મોટી જ્યોતિ કરે પણ પાછા તેલ ખૂટે અને ખલાસ થાય, તેલ ખૂટે અને ખલાસ થઈ જાય. એમ આ ખૂટે એવો નથી. જેને તેલની અને વાટની જરૂર નથી. એવો ચૈતન્ય-દીવો પ્રકાશનું પૂર, નૂર એ આત્માને નિમગ્ન રાખે છે. પોતે પોતાની પરિણતિ, ચૈતન્યજ્યોતિ પોતામાં નિમગ્ન રાખે છે, એમ કહે છે. જ્યોતિ કીધી છે ને? અમૃતમયી ચંદ્રમા સમાન જ્યોતિ.

**'અચળ–ચેતનાસ્વરૂપ આત્મામાં...'** આત્મા કેવળ અચળ ચેતનાસ્વરૂપ એવો. રાગવાળો કે વિકલ્પવાળો એમ નહિ. **'આત્માને પોતાથી જ અનવરતપણે...'** પોતાના શુદ્ધ સ્વભાવથી અનાકુળ જ્ઞાન અને આનંદના નિજ સ્વભાવથી નિમગ્ન રાખે છે, પોતામાં મગ્ન. નિ-મગ્ન. ડૂબી ગયું, જ્ઞાનપર્યાય એમાં એકાકાર થઈ ગઈ. **'(અર્થાત્ પ્રાપ્ત કરેલા સ્વભાવને કદી છોડતી નથી),...'** એ જ્યોતિની વાટને તેલનો... શું કહેવાય? કોડિયો, એની જરૂર નથી. એવો અચળ દીવો. શરીરની માટીના રજકણથી જુદો. પોતાના તેજથી અંતરમાં નિમગ્ન થતી જ્યોતિ પોતાથી શોભી રહી છે. આહાહા..! આચાર્યને વસ્તુના મૂળની દશાને વર્ણન કરતાં શબ્દો મળતાં નથી એને કહેવામાં. આહાહા..! શબ્દો ત્યાં પહોંચતા તો નથી પણ કહેવામાં શબ્દો કેટલા મુકવા એને માટે... આહાહા...! કેટલો ક્ષયોપશમ છે એમનો! મુનિ છે, ભાવલિંગી સંત છે, જંગલમાં બિરાજે છે. 'જંગલ વસાવ્યું રે જોગીએ..'. આત્મામાં મસ્ત થયા જોગી.

કહે છે, શું કહીએ અમે? એ અમૃત–ન મરે એવી ચંદ્રના પ્રકાશની જ્યોતિ પોતે પોતામાં મગ્ન થઈને રહેલી છે. જુઓ! આ મુનિપણું અને જુઓ! આ ચૈતન્યના ચમત્કારની દશા! **'ध्वस्त-मोहम्' 'જેણે મોહનો (અજ્ઞાન અંધકારનો) નાશ કર્યો છે,...'** અજ્ઞાનપણું તો છે નહિ. પોતાની જ્યોતિમાં નિમગ્ન છે. આહાહા..! **'निःसपत्नस्वभावम्' 'જેનો સ્વભાવ નિઃસપત્ન (અર્થાત્ પ્રતિપક્ષી કર્મો વિનાનો) છે,...'** કોઈ વિરોધી સામે રહ્યું નથી. નિમિત્તરૂપે વિરોધી રહ્યું નથી, વિકાર પણ વિરોધી રહ્યો નથી. **'निःसपत्नस्वभावम्' 'જેનો સ્વભાવ નિઃસપત્ન (અર્થાત્ પ્રતિપક્ષી કર્મો વિનાનો) છે,...'**

**'विमल-पूर्ण' 'જે નિર્મળ છે અને જે પૂર્ણ છે...'** આહાહા..! નિર્મળ છે અને નિર્મળ છે ને પાછું પૂર્ણ છે. નિર્મળ તો નીચે શ્રુતજ્ઞાનની દશામાં પણ હોય છે, આ તો પૂર્ણ નિર્મળ છે. **'એવી...' 'एतत् उदितम् अमृतचन्द्र-ज्योतिः' 'एतत्' 'આ ઉદય પામેલી...'** પ્રગટ થયેલી **'અમૃતચંદ્રજ્યોતિ (–અમૃતમય ચંદ્રમા સમાન જ્યોતિ,...)'** અમૃતમય ચંદ્રમા સમાન જ્યોતિ **'(જ્ઞાન, આત્મા)...' 'समन्तात् ज्वलतु' 'સર્વ તરફથી જાજ્વલ્યમાન રહો.'** ચારે બાજુથી

જાજ્વલ્યમાન રહો. ક્ષેત્રથી, કાળથી, ભાવથી. ભવના અભાવથી. આવું માંગલિક સ્વરૂપ કીધું.

મુમુક્ષુ :– આત્મા આત્માને ભાવે છે. અપૂર્વ ભાવ છે.

ઉત્તર :– છે એવો કીધો છે. આવો તું છો, ભાઈ! તને આથી ઉણો, ઓછો બેસે તો તને આત્માની ખબર નથી. 'પ્રવચનસાર'માં (કહ્યું), દિવ્યજ્ઞાન ન હોય તો તેને આત્મા–જ્ઞાન કેમ કહીએ? કેવળજ્ઞાન. કેવળજ્ઞાન ન હોય તો એને આત્મા–જ્ઞાન કેમ કહીએ? આહાહા..! જુઓને! પૂર્ણ જ્ઞાન ન હોય તો એને દિવ્યજ્ઞાન કેમ કહેવાય? અરે..! પરમાત્મા બિરાજે છે એનું પૂર્ણ જ્ઞાન આવું પ્રગટ્યું છે. સાધ્ય થઈને આવા સિદ્ધ થઈ ગયા. એ સિદ્ધ જ છે, મોક્ષ જ છે, ભાવમોક્ષ જ છે. .... આવી અમૃતમય ચંદ્રમા સમાન જ્યોતિ સર્વ તરફથી જાજ્વલ્યમાન રહો. માંગલિક કર્યું, ભાવ માંગલિક. આપણે આ સોળમી વાર પૂરું થાય છે. સોળ કળાએ પૂરું થાય છે.

**ભાવાર્થ :– 'જેનું મરણ નથી...'** અમૃત છે ને? અ-મૃત. ભગવાનઆત્માનું દ્રવ્યે, ગુણે અને પર્યાયે ક્યાંય મરણ નથી, વ્યય નથી. **'જેનાથી અન્યનું મરણ નથી...'** પોતાનું મરણ નથી અને જેનાથી અન્યનું મરણ નથી એને અમૃત (કહીએ), તે અમૃત છે. આહાહા..! **'વળી જે અત્યંત સ્વાદિષ્ટ (-મીઠું) હોય તેને લોકો રૂઢિથી અમૃત કહે છે.'** બહુ સ્વાદિષ્ટ હોય ને? પપૈયું સારું હોય તો અમૃત જેવો કહે છે, નથી કહેતા? પહેલામાં તો અમૃત જ કહે. અમૃત કહો એને. .... મહાજનમાં. પોપૈયાને અમૃત કહે. કેરી કોઈ હાફુસ ઊંચી હોય એને અમૃત કહે. ઊંચી હોય, જમાદાર ને ફલાણી ને ફલાણી... અમૃત છે. એ પર્યાય પણ મરી જાય છે. આ અમૃત તો ચૈતન્ય સ્વરૂપ, જેનું પોતાનું પણ ઘટવું નથી, હણવું નથી, વ્યય નથી, અન્યને મરણ કરતું નથી એને અમૃત કહેવામાં આવે છે.

**'અહીં જ્ઞાનને–આત્માને–અમૃતચંદ્રજ્યોતિ (અર્થાત્ અમૃતમય ચંદ્રમા સમાન જ્યોતિ) કહેલ છે, તે લુપ્તોપમા અલંકારથી કહ્યું જાણવું; કારણ કે 'अमृतचन्द्रवत् ज्योतिः'નો સમાસ કરતાં 'वत्'નો લોપ થઈ 'अमृतचन्द्रज्योतिः' થાય છે.'** .... ઉપમા નહિ. .. સમાન ... આહા..! **('वत्' શબ્દ ન મૂકતાં અમૃતચંદ્રરૂપ જ્યોતિ એવો અર્થ કરીએ તો ભેદરૂપક અલંકાર થાય છે. 'અમૃતચંદ્રજ્યોતિ' એવું જ આત્માનું નામ કહીએ તો અભેદરૂપક અલંકાર થાય છે.)** અભેદનો અલંકાર. ભગવાન એવો જ છે. ઉપમાવાચક છે એ તો ભેદવાચક છે. આવો અમૃતચંદ્રાચાર્ય જ્યોતિ ભગવાનઆત્મા જાજ્વલ્યમાન જ્યોતિ પ્રગટ થઈ, હવે એને કોઈ ઓછી કરે એવી તાકાત નથી. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૫૭૮ શ્લોક–૨૭૬, ૨૭૭, ૨૭૮, શનિવાર, પોષ વદ ૫, તા. ૧૬-૦૧-૧૯૭૧

કીધું ને? આત્મા ચંદ્રમા સમાન છે. શાંત છે, શીતળ છે, નિર્મળ છે, વિમળ છે. પણ કહે છે, **'અહીં કહેલાં વિશેષણો વડે આત્માને ચંદ્રમા સાથે વ્યતિરેક પણ છે;...'** આત્મા તો આનંદસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય છે. એને ચંદ્રમાના વિશેષણ સાથે ... પણ બેમાં ભેદ પણ છે. **'ध्वस्तमोह' 'વિશેષણ અજ્ઞાન-અંધકારનું દૂર થવું જણાવે છે,...'** ચૈતન્મયૂર્તિ આત્મા પોતાના નિજ સ્વરૂપના ભાનમાં મોહનો નાશ કરનાર છે. **'विमलपूर्ण' 'વિશેષણ લાંછન-રહિતપણું...'** છે. એને ચંદ્રને તો લાંછન છે. આને લાંછન નથી. શુદ્ધ જ્ઞાનસ્વરૂપ ચંદ્ર શીતળ સ્વરૂપ, એવું ભાન થઈને પ્રગટ દશા થઈ એને લાંછન હોતું નથી. **'તથા પૂર્ણપણું બતાવે છે.'** ચંદ્રમા એકરૂપ નથી રહેતો, ચંદ્રમા તો બીજ, ત્રીજ, ચોથ આદિ થાય. આ તો એકરૂપ જ્યાં પ્રગટ થયો, શુદ્ધ ચૈતન્યઘન આનંદધામ એકરૂપ રહે છે.

**'निःसपत्नस्वभाव' 'વિશેષણ રાહુબિંબથી તથા વાદળાં આદિથી આચ્છાદિત ન થવાનું જણાવે છે.'** ચંદ્ર તો રાહુથી પણ ઢંકાય છે, વાદળાથી પણ ઢંકાય છે. આત્માના પોતાના સ્વરૂપનું સાધન કરી અને પૂર્ણ થાય એને કોઈ ઢાંકી શકતું નથી, એને વાદળા પણ આડા આવતા નથી. **'समंतात् ज्वलतु' 'સર્વ ક્ષેત્રે તથા સર્વ કાળે પ્રકાશ કરવાનું જણાવે છે;...'** ચંદ્રમા તો અમુક ક્ષેત્રમાં જ પ્રકાશ કરે. આત્મા અંતર એનો સ્વભાવ શાંતિ અને સર્વજ્ઞ સ્વભાવ છે, એવું જ અંતર ધ્યાન કરીને સાધકપણે થઈને સાધ્ય, પૂર્ણ જ્ઞાન અને શાંતિ પ્રગટ કરી, એ સર્વ ક્ષેત્ર અને સર્વ કાળે પ્રકાશે છે. ચંદ્ર સર્વ ક્ષેત્ર અને સર્વ કાળને પ્રકાશતો નથી. આવા વિશેષણોથી બેમાં ફેર પણ છે.

**'આ કાવ્યમાં ટીકાકાર આચાર્યદેવે 'અમૃતચંદ્ર' એવું પોતાનું નામ પણ જણાવ્યું છે. સમાસ પલટીને અર્થ કરતાં 'અમૃતચંદ્ર'ના અને 'અમૃતચંદ્રજ્યોતિ'ના અનેક અર્થો થાય છે તે યથાસંભવ જાણવા.'**

**'હવે શ્રીમાન અમૃતચંદ્ર આચાર્યદેવ બે કાવ્યો કહીને આ સમયસાર શાસ્ત્રની આત્મખ્યાતિ નામની ટીકા પૂર્ણ કરે છે.'** શું કહે છે? બહુ ટુંકામાં આખો શ્લોક લીધો.

**'અજ્ઞાનદશામાં આત્મા સ્વરૂપને ભૂલીને રાગદ્વેષમાં વર્તતો હતો,...'** અનાદિનો આત્મા પોતાના જ્ઞાન ને આનંદને ભૂલીને પુણ્ય ને પાપના વિકલ્પ એટલે રાગ ને દ્વેષમાં વર્તતો હતો. એ દુઃખદશા, એ અજ્ઞાનદશા (હતી). રાગ-દ્વેષમાં વર્તતો હતો, શરીર ને વાણી ને મનમાં વર્તતો હતો એમ નહિ. શરીરમાં વર્તતો હતો એમ નહિ. પોતે ભૂલીને પોતાના વિપરીત મિથ્યાત્વ અને રાગ-દ્વેષમાં વર્તતો હતો, બસ આટલું. અનાદિથી અજ્ઞાનમાં પોતાના આનંદ

ને જ્ઞાતા સ્વભાવને ભૂલી મોહ ને રાગ-દ્વેષમાં વર્તતો હતો. ... વર્તતો નથી એમ કહે છે. આહાહા..! શરીરમાં વર્તતો નથી. શરીર તો જડ છે, એની અવસ્થામાં ક્યાં (વર્તે)?

**'પરદ્રવ્યની ક્રિયાનો કર્તા થતો હતો,...'** એ રાગાદિ ક્રિયા મારી છે એમ માનતો હતો. ક્રિયાના ફળનો ભોક્તા થતો હતો. એ વિકારી ભાવનું ફળ દુ:ખ, એનો ભોક્તા એ અનાદિનો હતો. **'ઇત્યાદિ ભાવો કરતો હતો.'** પોતે કરતો હતો, જુઓ! એમાં બીજાના સંબંધની કાંઈ વાત નથી કરી. **'પરંતુ હવે જ્ઞાનદશામાં તે ભાવો કાંઈ જ નથી...'** સૂતરની આંટમાં ગાંઠ પડી એ ગાંઠ ખોલી એટલે પછી કાંઈ નથી, છે એમ છે. એમ આત્મા પોતાની જાતને ભૂલી વિજાત જે પુણ્ય ને પાપ ને રાગ ને દ્વેષમાં વર્તતો હતો અને એ ક્રિયાનો કર્તા થતો હતો અને એ ક્રિયાના ફળરૂપ હરખ-શોકના દુ:ખના ભાવને ભોગવતો હતો એ સંસાર દશા છે. આ સંસાર દશામાં અનાદિનો આમ કરતો હતો. હવે જ્ઞાનદશા (થઈ), અરે..! હું તો આત્મા ચૈતન્યસ્વરૂપ આનંદ છું. મારા હોવાપણામાં રાગ-દ્વેષ ને શરીર આદિ છે નહિ. એવો પોતાનો અકષાય શાંત સ્વભાવ ત્રિકાળ એમાં ભાન થતાં એ હવે કાંઈ નથી, કહે છે. રાગ-દ્વેષમાં વર્તવું નથી, રાગની ક્રિયા નથી અને રાગના ભોગવવાનું ફળ પણ નથી. **'એમ અનુભવાય છે.–આવા અર્થનું કાવ્ય પ્રથમ કહે છે :–'** ૨૭૭. આખા સમયસારનો એક કળશમાં સાર (કહે છે). એવી કોઈ શૈલી (છે).

## શ્લોક–૨૭૭

(शार्दूलविक्रीडित)

यस्माद् द्वैतमभूत्पुरा स्वपरयोर्भूतं यतोऽत्रान्तरं
रागद्वेषपरिग्रहे सति यतो जातं क्रियाकारकैः।
भुञ्जाना च यतोऽनुभूतिरखिलं खिन्ना क्रियायाः फलं
तद्विज्ञानघनौघमग्नमधुना किञ्चिन्न किञ्चित्किल।।२७७।।

**હવે શ્રીમાન અમૃતચંદ્ર આચાર્યદેવ બે કાવ્યો કહીને આ સમયસારશાસ્ત્રની આત્મખ્યાતિ નામની ટીકા પૂર્ણ કરે છે.**

**'અજ્ઞાનદશામાં આત્મા સ્વરૂપને ભૂલીને રાગદ્વેષમાં વર્તતો હતો, પરદ્રવ્યની ક્રિયાનો કર્તા થતો હતો, ક્રિયાના ફળનો ભોક્તા થતો હતો, - ઇત્યાદિ ભાવો કરતો હતો; પરંતુ હવે જ્ઞાનદશામાં તે ભાવો કાંઈ જ નથી એમ અનુભવાય છે.' - આવા અર્થનું કાવ્ય પ્રથમ કહે છે :–**

શ્લોકાર્થ :– [ यस्मात् ] જેનાથી (અર્થાત્ જે પરસંયોગરૂપ બંધપર્યાયજનિત અજ્ઞાનથી) [ पुरा ] પ્રથમ [ स्व-परयोः द्वैतम् अभूत् ] પોતાનું અને પરનું દ્વૈત થયું (અર્થાત્ પોતાના અને પરના ભેળસેળપણારૂપ ભાવ થયો), [ यतः अत्र अन्तरं भूतं ] દ્વૈતપણું થતાં જેનાથી સ્વરૂપમાં અંતર પડ્યું (અર્થાત્ બંધપર્યાય જ પોતારૂપ જણાયો, [ यतः राग-द्वेष-परिग्रहे सति ] સ્વરૂપમાં અંતર પડતાં જેનાથી રાગદ્વેષનું ગ્રહણ થયું, [ क्रिया-कारकैः जातं ] રાગદ્વેષનું ગ્રહણ થતાં જેનાથી ક્રિયાના કારકો ઉત્પન્ન થયા (અર્થાત્ ક્રિયાનો અને કર્તા-કર્મ આદિ કારકોનો ભેદ પડ્યો), [ यतः च अनुभूतिः क्रियायाः अखिलं फलं भुञ्जाना खिन्ना ] કારકો ઉત્પન્ન થતાં જેનાથી અનુભૂતિ ક્રિયાના સમસ્ત ફળને ભોગવતી થકી ખિન્ન થઈ (-ખેદ પામી), [ तत् विज्ञान-घन-ओघ-मग्नम् ] તે અજ્ઞાન હવે વિજ્ઞાનઘનના ઓઘમાં મગ્ન થયું (અર્થાત્ જ્ઞાનરૂપે પરિણમ્યું) [ अधुना किल किञ्चित् न किञ्चित् ] તેથી હવે તે બધું ખરેખર કાંઈ જ નથી.

ભાવાર્થ :– પરસંયોગથી જ્ઞાન જ અજ્ઞાનરૂપે પરિણમ્યું હતું, અજ્ઞાન કાંઈ જુદી વસ્તુ નહોતી; માટે હવે જ્યાં તે જ્ઞાનરૂપે પરિણમ્યું ત્યાં તે (અજ્ઞાન) કાંઈ જ ન રહ્યું, અજ્ઞાનના નિમિત્તે રાગ, દ્વેષ, ક્રિયાનું કર્તાપણું, ક્રિયાના ફળનું (-સુખદુઃખનું) ભોક્તાપણું ઇત્યાદિ ભાવો થતા હતા તે પણ વિલય પામ્યા; એક જ્ઞાન જ રહી ગયું. માટે હવે આત્મા સ્વ-પરના ત્રણકાળવર્તી ભાવોને જ્ઞાતા-દૃષ્ટા થઈને જાણ્યા-દેખ્યા જ કરો. ૨૭૭.

## શ્લોક-૨૭૭ ઉપર પ્રવચન

यस्माद्द्वैतमभूत्पुरा स्वरयोर्भूतं यतोऽत्रान्तरं
रागद्वेषपरिग्रहे सति यतो जातं क्रियाकारकैः।
भुञ्जाना च यतोऽनुभूतिरखिलं खिन्ना क्रियायाः फलं
तद्विज्ञानघनौघमग्नमधुना किञ्चन्न किञ्चित्किल।।२७७।।

**'यस्मात्' 'જેનાથી (અર્થાત્ જે પરસંયોગરૂપ બંધપર્યાયજનિત અજ્ઞાનથી)...'** અનાદિનો પોતાના સ્વરૂપની ખબર નહિ, એટલે હું રાગ-દ્વેષ ને પુણ્ય-પાપને કરું અને એ ક્રિયા મારી ને એ ક્રિયાનું ફળ ભોગવું. આ સંસારદશા, અધર્મદશા અનાદિની (ચાલે છે). એ પ્રથમ તો **'પોતાનું અને પરનું દ્વૈત થયું...'** એટલે ભેળસેળ થયું એમ કહે છે. વસ્તુ તો સચ્ચિદાનંદ જ્ઞાન સિદ્ધસ્વરૂપ છે, એને અનાદિથી ભૂલીને અજ્ઞાની પુણ્ય ને પાપના ભાવમાં વર્તી કર્તા થતો, ભોક્તા થતો વર્તી રહ્યો હતો. એટલે કે પોતાનો સ્વભાવ જાણે રાગ-દ્વેષમય છે એમ ભેળસેળ કરી નાખ્યું. ભેળસેળ સમજો છો? ભેળવી નાખ્યું. સમજાણું કાંઈ?

આત્મા વસ્તુ છે એ તો જ્ઞાન અને આનંદના સ્વભાવથી ભરેલો પદાર્થ છે. એમાં દેહાદિ, વાણી આદિ આ તો એમાં છે નહિ, આ તો પરવસ્તુ જડ છે. જડના હોવામાં આત્મા નથી અને આત્માના હોવામાં જડ નથી. તો થયું શું? પોતાના આનંદ અને જ્ઞાન સ્વભાવની જાતને ભૂલી અજ્ઞાન એવા રાગ-દ્વેષભાવમાં વર્ત્યો એ દ્વૈતપણું થઈ ગયું. એક હતો તે તેણે બે માન્યું. બે બગડ્યો. આહાહા..! સમજાણું કાંઈ? પર્યાયબુદ્ધિની વ્યાખ્યા કરે છે. વસ્તુની બુદ્ધિ નહોતી. એક સમયની દશા ઉપર જેનું હૃદય હતું, જેની દૃષ્ટિ એક સમયની દશામાં અને રાગ-દ્વેષમાં દૃષ્ટિ હતી. એ રાગ-દ્વેષમાં વર્તતો એકના બે કર્યા. સ્વભાવમાં નથી એની સાથે જોડાઈ ગયો. સમજાય છે કાંઈ? બહુ ટૂંકુ અને સંસાર ને સંસારનો અભાવ બન્ને બતાવે છે. આહાહા..! જ્યાં હોય ત્યાં અભિમાન. શરીરના, વાણીના, મનના, પરના મેં કર્યા, મેં કર્યા એવા ભાવનો કર્તા થાય પણ પરનો કર્તા તો થઈ શકતો નથી.

મુમુક્ષુ :– પરનો કર્તા હું છું એમ માને છે.

ઉત્તર :– એ માને છે. માને છે એનો તો કર્તા થયો, પણ પરનો કર્તા થાય છે? એ તો માન્યતાનો કર્તા થાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ... દિગંબર ક્યાં છે?

ઉત્તર :– એ વળી બધા એક કોર રહ્યા. આહાહા...! અરે.રે...! આવા જન્મ મરણ ટાળવાના ભાવનો ભવ છે, ભાઈ! આવો ભવ તે કે દિ' મળે? એને આ ભગવાનઆત્મા, શુદ્ધ ચિદ્‌ઘન આનંદકંદ એનું સ્વરૂપ છે. અતીન્દ્રિય આનંદનો સ્વામી અને ધણી એ છે. પણ અનાદિથી ભૂલી એ પુણ્ય અને પાપનો સ્વામી અને ધણી થઈ, એનો કર્તા થઈ અને એના સુખ-દુ:ખના વિકારી ભાવને ભોગવ્યા. સુખ-દુ:ખના વિકારીને, હોં! પૈસા-બૈસાને ભોગવ્યા એ કાંઈ છે જ નહિ. આહાહા..!

મુમુક્ષુ :– ... એમ જ કહેવાયને.

ઉત્તર :– ત્યારે શું કહેવાય? સંચાનું ન કહેવાય. ત્યાં 'ત્રંબકભાઈ'! આ શેઠ બેઠા મોઢા આગળ. અહીં ના પાડો છો, ન્યાં તો અમે કરીએ છીએ એમ માનીએ, એમ કહે છે. માને છે ને? કરી શકે છે? આહાહા...! પોતાનું અને પરનું ભેળસેળપણું કર્યું. એટલે? એક ચિદાનંદ પ્રભુ, પુણ્ય-પાપના રાગ અને શરીર ને કર્મથી રહિત જ આત્માનું સ્વરૂપ છે. એવા સ્વરૂપની દૃષ્ટિ, દ્રવ્યદૃષ્ટિ વસ્તુની દૃષ્ટિ નહિ હોવાથી એની વર્તમાન પર્યાયબુદ્ધિમાં રાગ અને દ્વેષમાં વર્તતો એકનો બે થયો. બગડ્યો. એકડે એક ને બગડે બે. આહા..! આ બહુ ટૂંકામાં વાત નાખી છે.

એક સ્વરૂપ ચૈતન્યઘન છે, અવિનાશી સ્વભાવનો સ્વામી છે. અવિનાશી સ્વભાવ તે તેનું સ્વરૂપ અને રૂપ છે. જ્ઞાનાનંદ સ્વભાવ અવિનાશી છે તેને ભૂલી નાશવાન પુણ્ય અને પાપના ભાવમાં, મેં આનું કર્યું ને મેં આનું દીધું ને મેં આનું ખાધું ને મેં આનું પીધું... એવા

વિકારી ભાવ કર્યા, દ્વૈત થઈ ગયો, એકલો ન રહ્યો. લપ ઉપાધિ વિકારને પોતામાં વળગાડ્યો. કહો, પેલા વિકારના ભાવ એક કરીને દ્વૈત થયો. કર્મને લઈને, શરીરને લઈને, ઢીકણાને લઈને બે જણા છે એમ નહિ. શું કીધું? એને લઈને બેપણું થયું એમ નહિ. એને તો વિકારના પરિણામ જે એનામાં નથી, એના પરિણામ સહિત થયો એટલે દ્વૈત થઈ ગયો. આહાહા..! સમજાણું કાંઈ? એવો ભેળસેળ ભાવ થયો.

'**यतः अत्र अन्तरं भूतं**' '**દ્વૈતપણું થતાં જેનાથી સ્વરૂપમાં અંતર પડ્યું..**' બેપણું થતાં સ્વરૂપ આનંદ અને જ્ઞાન છે, એ રહ્યું નહિ, એમાં આંતરો પડી ગયો, વિઘન થઈ ગયું. આહાહા..! બહુ વાત... ધર્મ ઝીણી વાત છે, ભાઈ! આહાહા..! ભગવાન શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ વસ્તુને ન જાણતાં, ન જોતાં, ન માનતાં, ન અનુભવતાં એક સમયની દશા ઉપર દૃષ્ટિ હોવાથી વિકારના પુણ્ય-પાપના ભાવ, વિકારમાં ભેળસેળ–આ હું છું એમ માન્યું. એ હું છું માન્યું એટલે આત્માનું અંતર પડી ગયું. રાગ ને પુણ્ય હું છું એમ માનીને સ્વરૂપમાં વિઘન થઈ ગયું. આહાહા..! બરાબર છે? આહા..! '**यतः अत्र अन्तरं भूतं**' આંતરો પડી ગયો. સ્વરૂપમાં આડી ભીંત નાખી. રાગ ને પુણ્ય હું, એમ માની અને સ્વરૂપમાં એણે વિઘન કર્યું. સ્વરૂપમાં જવાના, પ્રવેશ કરવાની એણે આડ મારી. સમજાણું કાંઈ? બહુ સાદી ભાષામાં ઘણું ઊંડું તત્ત્વ છે. છેલ્લો કળશ 'અમૃતચંદ્રાચાર્ય'નો... આહાહા..! આખા 'સમયસાર'નો નિચોડ. પહેલું મુક્યું હતું 'નમઃ સમયસારાય'. આ ૨૭૭ માં પૂરું કરે છે. ૨૭૮ માં તો શબ્દની શક્તિથી સમયસાર થયું એમ કહે છે.

'**(અર્થાત્ બંધપર્યાયમાં જ પોતારૂપ જણાયો)...**' એટલે શું? અબંધ સ્વરૂપ ભગવાન ચૈતન્ય દ્રવ્ય છે એને ન જાણતાં પુણ્ય ને પાપને જાણતાં બંધપર્યાયરૂપ–રાગનો બંધ છે તે પર્યાયરૂપ આત્મા જણાયો. બંધના રાગના પર્યાય વિનાનો છે એ દૃષ્ટિ અનાદિની નથી તેથી બંધપર્યાયરૂપ જણાણો. રાગરૂપ છું, પુણ્યરૂપ છું, પાપરૂપ છું. એકરૂપમાં બીજો વિકારીભાવ, એમાં દ્વૈતમાં પ્રવર્તતા બંધપર્યાયમાં વર્ત્યો. પંડિતજી! છે સાદી (ભાષા). આહાહા...!

'**यतः राग-द्वेष-परिग्रहे सति**' '**સ્વરૂપમાં અંતર પડતાં...**' ભગવાન આનંદનું ધામ શાંતસ્વરૂપ, એવી દૃષ્ટિને નહિ કરતાં પુણ્ય-પાપના ભાવમાં અટવાયો, સ્વરૂપમાં પડ્યા આંતરા, સ્વરૂપનો પડ્યો દૃષ્ટિમાં વિરહ. સમજાણું કાંઈ? '**જેનાથી રાગદ્વેષનું ગ્રહણ થયું,...**' રાગ-દ્વેષને પકડ્યો. કારણ કે બંધપર્યાયને પોતાની માની, રાગને પોતાનો માન્યો, સ્વરૂપમાં અંતર પડ્યું એટલે રાગ-દ્વેષને ગ્રહ્યો. અહીં વસ્તુને ગ્રહવી જોઈએ એને ઠેકાણે રાગ-દ્વેષને ગ્રહ્યો. સમજાણું કાંઈ? એકલા રાગ-દ્વેષને જાણવામાં રોકાઈ ગયો. આહાહા...! સમજાણું? '**परिग्रहे**' રાગ-દ્વેષનો પરિગ્રહ થયો, પકડ્યો, એમ. શુદ્ધ ચૈતન્યવસ્તુ અનાકુળ શાંત ને આનંદરસનો કંદ આત્મા છે, એને ભૂલીને બંધપર્યાય એટલે રાગપર્યાય, વિકારી પર્યાયને પોતાની માની. એ રૂપે જણાણો. આમ ન જણાણો એટલે આ રૂપે જણાણો.

**'क्रिया-कारकै-जातं'** એટલે **'રાગ-દ્વેષનું ગ્રહણ થતાં જેનાથી ક્રિયાનાં કારકો ઉત્પન્ન થયાં...'** ક્રિયા એટલે રાગ-દ્વેષ પલટે, તેના કારકો રાગ-દ્વેષનો કર્તા, રાગ-દ્વેષનું સાધન, રાગ-દ્વેષનું કરણ, રાગ-દ્વેષનું સંપ્રદાન, મારાથી રાગ-દ્વેષ થયો, મારા આધારે થયો, એવા પુણ્ય-પાપના ભાવની ક્રિયા, જે પલટે છે વિકાર, એના ષટ્કારકો એણે ઉભા કર્યા. આહાહા..! ક્રિયા એટલે રાગ-દ્વેષનો પલટો તો થાય છે એટલે એ ક્રિયામાં જોડાણથી એનો કર્તા પુણ્ય, દયા, દાનનો કર્તા, એ મારું કાર્ય, મારા સાધનથી થયું, મારાથી થયું, મારા આધારે થયું અને મેં રાખ્યું. રાગને રાખ્યો ને રાગને કર્યો. રાગને રાખ્યો. પૈસાને રાખ્યા એમ નહિ, શેઠ! પૈસા મેં રાખ્યા ને પૈસાને કર્યા, એમ નહિ. ક્રિયા અંદર જે રાગ-દ્વેષની પલટી એની ક્રિયાનો કર્તા થતાં રાગને રાખ્યો, વિકારને એણે સંભાળીને રાખ્યો. આહાહા..! સંતોએ સહજ વાત કરી નાખી છે, હોં! બહુ સહેલી. ઓહોહો..! સાદી, સાદી અને સહેલી.

કહે છે, એણે રાગ-દ્વેષ **'जातं'**, **'क्रिया-कारकै-जातं'** રાગ-દ્વેષના, પુણ્ય-પાપના પરિણામ, એને પોતાપણે જણાણાં તો એનો એ કર્તા, કર્મ અને ક્રિયા કર્તા એનો થયો. જે પણે જણાણો તે ક્રિયાનો કર્તા પોતે થયો. સમજાણું કાંઈ? **'(અર્થાત્ ક્રિયાનો અને કર્તા-કર્મ આદિ કારકોનો ભેદ પડ્યો)'** **'कारकै-जातं'** એ ભેદ પડ્યો એટલે આત્માથી ખસીને રાગનો કર્તા થયો.

**'यतः च अनुभूतिः क्रियायाः अखिलं फलं भुञ्जाना खिन्ना'** અરે..! પુણ્ય અને પાપના ભાવ વિકારી રાગ, એના **'કારકો ઉત્પન્ન થતાં જેનાથી અનુભૂતિ ક્રિયાના સમસ્ત ફળને...'** એ અનુભવ, એ રાગની ક્રિયાના ફળને દુઃખને **'ભોગવતી થકી ખિન્ન થઈ.'** ખેદ, ખેદ, ખેદ દશામાં. આહાહા..! સમજાણું કાંઈ? **'अनुभूतिः क्रियायाः अखिलं फलं भुञ्जाना खिन्ना'** આખું ફળ એનું જ ભોગવ્યું, એમ કહે છે. પુણ્ય અને પાપ, રાગ અને દ્વેષ, વિભાવિક વિકાર એના ફળને, અનુભૂતિએ એનો અનુભવ કર્યો. ખેદખિન્ન થઈ. અનુભૂતિ પર્યાયમાં ખેદખિન્ન–દુઃખી છે. આહાહા..! ખિન્ન થઈ.

**'तत् विज्ञान-घन-ओघ-मग्नम्'** દૃષ્ટિ ફરી. અરે..! હું તો પુણ્ય-પાપ વિકલ્પ નહિ. હું તો જ્ઞાતા-દૃષ્ટા આનંદકંદ શુદ્ધ ચૈતન્યદ્રવ્ય (છું). એમ જ્યાં સમ્યગ્જ્ઞાન થયું, એટલે પેલી ભૂલ ગઈ અને ભૂલ સમાઈ ગઈ અંદરમાં. સમજાણું કાંઈ? **'विज्ञान-घन-ओघ-मग्नम्'** વિજ્ઞાનઘનમાં ઓઘમાં અજ્ઞાન મગ્ન થઈ ગયું. એટલે પરિણમી ગયું, ગાંઠ નીકળી ગઈ. અજ્ઞાન હતું એ સમ્યગ્જ્ઞાનરૂપે પરિણમી ગયું. આમ અજ્ઞાનનો નાશ થતાં એકલો જ્ઞાન, ચૈતન્યપ્રભુ (રહી ગયો). સમ્યગ્દર્શનમાં ધર્મની પહેલી શરૂઆતમાં વસ્તુ દ્રવ્ય ચૈતન્ય પદાર્થ આનંદ ને જ્ઞાનનો ઘન છે એમ ભાન થતાં અજ્ઞાન રહ્યું નહિ. કહો, સમજાણું કાંઈ? **'જ્ઞાનરૂપે પરિણમ્યું.'**

**'अधुना किल किञ्चित् न किञ्चित्'** **'તેથી હવે તે બધું ખરેખર કાંઈ જ નથી.'** એ તો સ્વપ્ન હતું. આહાહા..! પુણ્ય અને પાપ, રાગ અને દ્વેષ એ વિકલ્પોમાં વર્તતો એની ક્રિયાના દુઃખને ભોગવતો (હતો). વસ્તુના સ્વરૂપની દૃષ્ટિ થતાં, અરે...! આ હું નહિ. મારા

હોવાપણામાં તો આનંદ અને જ્ઞાન છે. એમ ભાન થતાં હવે કાંઈ નથી. એ રાગમાં વર્તવું પણ નથી, રાગના કર્તા, ક્રિયાના કારકો પણ નથી, આ રાગનું ભોગવવું દુઃખ પણ નથી. સમજાણું કાંઈ? સામે પુસ્તક છે, ક્યા શબ્દનો ક્યો અર્થ થાય છે. આહા..! આ તો ધર્મની વાતું બાપા! બહુ મોંઘી છે. અલૌકિક વાત છે, ભાઈ!

**'अधुना किल किञ्चित् न किञ्चित्' 'તેથી હવે તે બધું ખરેખર કાંઈ જ નથી.'** હું તો આત્મા જ્ઞાન ને આનંદ છું. એવા ભાનમાં રહી રાગમાં પ્રવર્તવું પણ નથી, એમ કહે છે. રાગના કર્તાના ક્રિયાના કારકો પણ નથી અને રાગના ફળરૂપે અનુભૂતિ દુઃખી હતી એ પણ નથી. કહો, પંડિતજી! આવો શ્લોક છે. આહાહા..! **'अधुना किल'** બધુંય **'किञ्चित्'** કાંઈ નથી. **'किञ्चित् न किञ्चित्'** એમ. કાંઈ પણ નથી, **'ખરેખર કાંઈ જ નથી.'** આહા..! ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ? બહુ ટૂંકું કહ્યું, સમયસારનું. આહાહા...! પ્રભુ આત્મા એના હોવાપણે તો એ આનંદ ને જ્ઞાનની મૂર્તિ છે. એવા હોવાપણાના સ્વભાવની દૃષ્ટિ નહિ હોવાથી, એનું હોવાપણું એણે પુણ્ય-પાપના રાગ-દ્વેષના પુણ્યભાવમાં માન્યું. માન્યું એ જણાણું. આ માને તો આ જણાય, આ માને તો આ જણાય. જણાયા એવા કર્તા, ક્રિયા, ષટ્કારકો રાગના લાગુ પડ્યા. રાગના લાગુ પડતાં દુઃખને ભોગવ્યું, અનુભૂતિ પર્યાય દુઃખને અનુભવે છે. આ સંસાર (છે). કહો, સમજાય છે કાંઈ? આહાહા..!

આઠ આઠ વર્ષના રાજકુમારો આમ સમ્યગ્દર્શન પામે, ફરી જાય અંદરમાંથી. બહારથી દેખાય કે આ શરીર ને આ બાયડી ને છોકરા (છે). .... સમ્યક્ થતાં વ્યવહારથી મુક્ત આત્મા છે. પરથી તો મુક્ત છે જ. પણ પુણ્ય-પાપના વિકલ્પ જે ઉઠે છે એનાથી પણ વિરક્ત, સમકિતી વિરક્ત એટલે એનાથી વિરક્ત છે. આહાહા..! સમજાણું કાંઈ? એટલે એને રાગ-દ્વેષમાં વર્તવું, રાગ-દ્વેષનું કરવું કે રાગ-દ્વેષનું અનુભવવું, આત્મદૃષ્ટિ થતાં રહેતું નથી, એમ કહે છે. આહાહા..! ભારે ભાઈ ધર્મની વાત આવી. અધર્મ પણ બતાવ્યો અને ધર્મ પણ બતાવ્યો, બન્ને વાત કરી.

**ભાવાર્થ :– 'પરસંયોગથી જ્ઞાન જ અજ્ઞાનરૂપે પરિણમ્યું હતું,...'** સંયોગના લક્ષે ચૈતન્યને ભૂલી અને જ્ઞાન જ રાગ-દ્વેષ ને વિકારપણે થતું હતું. **'અજ્ઞાન કાંઈ જુદી વસ્તુ નહોતી;...'** દોરડીમાં જેમ ગાંઠ પડી હોય, એ ગાંઠ કોઈ જુદી ચીજ નથી. ગાંઠ વળ ખાધેલું પડ્યું છે. એમ આત્મા પોતાના આનંદ સ્વભાવને ભૂલી રાગના વળમાં ગયો એ અજ્ઞાનરૂપે થયો. આહાહા..! વળાંક એનો રાગમાં ગયો. અજ્ઞાન કાંઈ જુદી ચીજ નથી. **'માટે હવે જ્યાં તે જ્ઞાનરૂપે પરિણમ્યું...'** વસ્તુ છું, હું તો આત્મા (છું). આત્મા છે એ તો આનંદ અને જ્ઞાનનો કંદ છે. એમ જ્યાં ધર્મબુદ્ધિ, સમ્યક્‌બુદ્ધિ, સમ્યગ્દૃષ્ટિ બુદ્ધિ, સ્વરૂપમાં એકાકારની દશા જ્યાં પ્રગટી ત્યાં અજ્ઞાન કાંઈ ન રહ્યું.

**'અજ્ઞાનના નિમિત્તે રાગ, દ્વેષ, ક્રિયાનું કર્તાપણું,...'** જુઓ! અજ્ઞાનના કારણે. એ પુણ્ય

ને પાપના રાગ-દ્વેષ ભાવ. એની પરિણતિનું કર્તાપણું. એ **'ક્રિયાના ફળનું (–સુખદુઃખનું) ભોક્તાપણું ઇત્યાદિ ભાવો થતા હતા તે પણ વિલય પામ્યા;...'** આહાહા..! આવા શ્લોક તો સંતોની વાણી (જ કહી શકે). ઘા માર્યા છે આમ. એ વાણી, આવી ક્યાંય વાણી નથી. આહાહા..! દિગંબર સંતો કેવળજ્ઞાનના કેડાયતો છે. ભાઈ! પ્રભુ! તું ભુલ્યો છો તારે કારણે, હોં! એમ કહ્યું ને? કે કર્મને કારણે ભૂલ્યો છે એમ કહ્યું? તો પેલા કહે, અરે..! ત્રિલોકનાથ કહે છે કે કર્મને લઈને રખડ્યો. તમે કહો છો કે ના ના. (સંવત) ૨૦૦૬ની સાલમાં પાલીતાણામાં 'રામવિજય'ની સાથે મોટી ચર્ચા (થઈ હતી).

મુમુક્ષુ :– અનંત તીર્થંકરોએ...

ઉત્તર :– અનંત તીર્થંકરોએ (કહ્યું છે). તે દિ' તમે ક્યાં હતા? ... એ વાત સાચી. ઉપકારી છે, એમ કહ્યું. પરમ ઉપકારી તીર્થંકરદેવે એમ કહ્યું છે કે કર્મને લઈને રખડે છે. તમે કહો છો કે પોતાની ભૂલને લઈને રખડે છે. શેઠ! આ બધા વાંધા અજ્ઞાનીના. ઇ 'રામવિજય' કહે છે. કર્મનો વાંક ... કર્મને .. દે છે. જડને દ્યો, ભાઈ! એને ઉપદેશ ક્યાં (દેવાનો છે)? સાંભળનાર ભૂલ્યો હોય એને ઉપદેશ હોય કે જડ ભૂલ્યો છે? જડમાં પણ શું ભૂલ પડે? ભણે એ ભૂલે. એમ નથી કહેતા? જાણે એ ભૂલે, ન જાણે એ ભૂલે? જાણનાર આમ ન જાણે ને આમ જાણે એ ભૂલ્યો. આહાહા..! ભાઈ! તને ખબર નથી. અજ્ઞાન તેં કર્યું તેથી તેં રાગમાં પ્રવૃત્તિ કરી છે. આહાહા...! સ્વરૂપનું ભાન મળે કે હું આત્મા છું. માટે અજ્ઞાનને લઈને રાગમાં પ્રવૃત્તિ કરી છે. અને એના કર્તા, ક્રિયાના કારકો તને બધા ઊંધા લાગુ પડ્યા છે અને એના ફળ તરીકે દુઃખ અને સુખ, સુખ એટલે આ કલ્પનાનું, હોં! એ સુખ-દુઃખની કલ્પનાનો તું ભોક્તા થયો. દુઃખનો. પેલો માને છે કે હમણા મને પૈસા થયા, હમણા સરખાઈ છે. ધૂળેય નથી ત્યાં.

મુમુક્ષુ :– વિપરીત માન્યતા છે.

ઉત્તર :– માન્યતા છે.

**'એક જ્ઞાન જ રહી ગયું.'** ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપ (રહી ગયો). કેટલો ખુલાસો કર્યો! **'विज्ञान-घन-ओघ-मग्नम्'** એનું બહુ ટૂંકું કરી નાખ્યું. આવું જે હતું અને જ્યાં વિજ્ઞાનઘન આત્મા છે એમ જ્યાં ભાન થયું ત્યાં અજ્ઞાન સમાઈ ગયું. અજ્ઞાનનું બડબડીયું જેમ પાણીમાં બડબડીયું બોલે એ ફૂટ્યું, સમાઈ ગયું. આહાહા...! એમ ભગવાનઆત્મા, સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરે જ્ઞાનમૂર્તિ આનંદનું ધામ છે, વિજ્ઞાનનો ઘન છે એમ અંદરમાં ભાન થતાં અજ્ઞાન વિલય થઈ ગયું. કર્મનો નાશ થતાં અજ્ઞાન વિલય થઈ ગયું એમ નથી કહ્યું ત્યાં.

મુમુક્ષુ :– શાસ્ત્રમાંથી કહ્યું.

ઉત્તર :– એ તો શાસ્ત્રએ વ્યવહારની વાતું કહી હોય. અરે..! ભગવાન! બાપુ! જ્યારે

તું થાક ત્યારે આ બધું તારે કબુલ કરવું પડશે. સમજાણું કાંઈ? વાદવિવાદે રસ્તા નહિ નીકળે. પંડિતજી! વાદવિવાદ કરો, આમ કરો. આહાહા..! આ તો ગુફામાં જેમ સિંહ રાડ પાડીને ત્રાડ પાડતો નીકળે, હરણિયા-ફરણિયા ભાગ્યા. એમ કહે છે, હું વિજ્ઞાનઘન ચૈતન્ય છું. મારો સ્વભાવ રાગ અને પુણ્ય એ નહિ. મારું સ્વરૂપ અને સ્વ-રૂપ અને સ્વ-ભાવ એ જ્ઞાન ને આનંદનું ધામ એ મારું સ્વરૂપ છે. એમ વિજ્ઞાનઘનની દૃષ્ટિ થતાં બધું વિલય પામી ગયું.

'**માટે હવે આત્મા સ્વ-પરના ત્રણકાળવર્તી ભાવોને જ્ઞાતા-દૃષ્ટા થઈને જાણ્યા-દેખ્યા જ કરો.**' લ્યો. ઠીક. હવે આત્મા જ્ઞાન જ રહી ગયું. એકલો જ્ઞાનસ્વરૂપ હતો, ભાન થતાં જ્ઞાન રહ્યું. હતું તે રહ્યું. હતું તે પામ્યો. નહોતું તે છૂટી ગયું. આહાહા...! સમજાણું? શ્વેતાંબરના હજારો શાસ્ત્રો વાંચી વાંચીને ઠડ નીકળે પણ આ એક કળશમાં કીધું એવું ક્યાંય નથી, લ્યો! આહાહા..! એને એમ છે, જ્ઞાનાવરણીયથી આ થાય, દર્શનાવરણીયથી આ થાય. હવે સાંભળને, ભગવાન! એ તો તારા વિકાર વખતે નિમિત્ત કોણ હતું એમ સિદ્ધ કર્યું. પણ વિકાર કરનારો તો તું છો, સ્વરૂપને ભૂલનારો તું, ભૂલ તેં કરી છે અને ભૂલને તારે ભાંગવી છે. ભગવાન સ્વરૂપ આત્મા થઈને ભૂલ ભાંગનારો પણ તું છો. ભૂલ ભાંગનાર કોઈ છે નહિ. આહા..!

'**જ્ઞાતા-દૃષ્ટા થઈને જાણ્યા દેખ્યા જ કરો.**' આહાહા..! જગતનો એકલો જાણનાર રહી ગયો. જગતરૂપ માન્યું હતું. જગત એટલે રાગાદિ જગત છે ને બધું? એ માન્યું હતું એ છૂટ્યું, એકલું જ્ઞાન રહી ગયું. આહાહા...! કહો, સમજાણું કાંઈ? છ કારકો કહ્યા, જુઓ! ક્રિયા કારકમાં લીધી. વિકારી પરિણતિને તે જાણનારો રહી ગયો, જાણનારો થઈ ગયો. જાણનારો થઈ ગયો એટલે એને જાણનારો રહ્યો. એટલે વિકારી પરિણામના કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ તેં ઉભા કર્યા. ગુલાંટ ખાય છે આત્મા. દ્રવ્યદૃષ્ટિ થાય છે. જેના જ્ઞાન અને આનંદના સ્થળનું તળિયું નથી. એવો વિજ્ઞાનઘન જેનો સ્વભાવ છે, જેને જ્ઞાનઘનમાં પરિમિતતા નથી. અપરિમિત અનંત અનંત અનંત જ્ઞાનઘન છે. એવી વસ્તુની દૃષ્ટિ થતાં અજ્ઞાન વિલય થઈ ગયું. કારકો રહ્યા નહિ. ઉપાધિના વિકારનો અનુભવ પણ રહ્યો નહિ. એક નિરુપાધિ આત્માના જ્ઞાનનો અનુભવ રહી ગયો. આહાહા..! આનું નામ ધર્મ. આહાહા..! આખો દિ' શાંતિયજ્ઞ ને આ કરો ને આ કરો, સિદ્ધચક્રનું ફલાણું ને પૂજા ને.. આ શાંતિયજ્ઞ છે, બાપુ! જો તો ખરો. પેલો કળશ મુક્યો છે, હોં! આત્માનંદી ... 'દ્રવ્ય સંગ્રહ' (ગાથા–૩૫માં) અશુચિ ભાવના છે. બાર ભાવનામાંથી અશુચિ ભાવના. એમાં કળશ મુક્યો છે. પેલું કાલે નહોતું કહ્યું? બપોરે વળી હાથમાં (આવ્યું હતું). બાર ભાવના છે ને? બાર ભાવનાનો અર્થ છે ક્યાંક. કેટલામો છે? ૯૮ પાને છે, લ્યો. એમાં બતાવ્યું હતું. અશુચિ ભાવના છે.

**आत्मा नदी संयमतोयपूर्णा सत्यावहा शीलतटा दयोर्मिः।**
**तत्राभिषेकं कुरु पाण्डुपुत्र न वारिणा शुद्धयति चान्तरात्मा।।**

**'(સંયમરૂપી જળથી ભરેલી, સત્યરૂપી પ્રવાહવાળી, શીલરૂપી કિનારાવાળી અને દયારૂપી તરંગોથી ભરેલી જે આત્મનદી છે, તેમાં હે પાંડુપુત્ર!'** હે યુધિષ્ઠિર! નારાયણ કહે છે. શ્રી કૃષ્ણ નારાયણ યુધિષ્ઠિરને કહે છે. સમજાણું? **'नारायणेन युधिष्ठिरं प्रति विशुद्धात्मनदीस्नानमेव परमशुचित्वकारणं, न च लौकिकगंगादितीर्थेस्नानादिकम्।'** સંસ્કૃત છે. નારાયણ શ્રીકૃષ્ણે યુધિષ્ઠિરને કહ્યું, હે યુધિષ્ઠિર! આવી સંયમરૂપી જળથી ભરેલી, સત્યને ધારણને કરવાવાળી અને શીલરૂપી તટ–બે કાંઠા, દયારૂપી તરંગોને ધારનારી, આત્મારૂપી નદીમાં એ પાંડુપુત્ર સ્નાન કર. **'અંતરાત્મા જળથી શુદ્ધ થતો નથી.'** અશુચિભાવના છે ને? અશુચિભાવના. અંદર ઉપર એનું સંસ્કૃત છે. **'तोय' 'तोय'** એટલે પાણી.

**आत्मा नदी संयमतोयपूर्णा सत्यावहा शीलतटा दयोर्मिः।**
**तत्राभिषेकं कुरु पाण्डुपुत्र न वारिणा शुद्धयति चान्तरात्मा।।**

પાણીથી આત્મા શુદ્ધ થતો નથી. એ વખતે હાથ નહોતું આવ્યું. એને હાથ આવવું હોય ત્યારે આવે ને. કહો, સમજાણું કાંઈ? ૨૭૭ કળશ થયો.

## શ્લોક–૨૭૮

(उपजाति)

स्वशक्तिसंसूचितवस्तुतत्त्वै-
र्व्याख्या कृतेयं समयस्य शब्दैः।
स्वरूपगुप्तस्य न किञ्चिदस्ति
कर्तव्यमेवामृतचन्द्रसूरेः।।२७८।।

**'પૂર્વોક્ત રીતે જ્ઞાનદશામાં પરની ક્રિયા પોતાની નહિ ભાસતી હોવાથી, આ સમયસારની વ્યાખ્યા કરવાની ક્રિયા પણ મારી નથી, શબ્દોની છે' - એવા અર્થનું સમયસારની વ્યાખ્યા કરવાના અભિમાનરૂપ કષાયના ત્યાગને સૂચવનારું કાવ્ય હવે કહે છે :–**

**શ્લોકાર્થ :– [ स्व-शक्ति-संसूचित-वस्तु-तत्त्वैः शब्दैः ] પોતાની શક્તિથી જેમણે વસ્તુનું તત્ત્વ (-યથાર્થ સ્વરૂપ) સારી રીતે કહ્યું છે એવા શબ્દોએ [ इयं समयस्य व्याख्या ] આ સમયની વ્યાખ્યા (-આત્મવસ્તુનું વ્યાખ્યાન અથવા સમયપ્રાભૃતશાસ્ત્રની ટીકા) [ कृता ] કરી છે; [ स्वरूप-गुप्तस्य अमृतचन्द्रसूरेः ] સ્વરૂપગુપ્ત (-અમૂર્તિક જ્ઞાનમાત્ર સ્વરૂપમાં ગુપ્ત) અમૃતચંદ્રસૂરિનું [ किञ्चित् एव कर्तव्यम् न अस्ति ] (તેમાં) કાંઈ જ કર્તવ્ય નથી.**

**ભાવાર્થ :– શબ્દો છે તે તો પુદ્‌ગલ છે. તેઓ પુરુષના નિમિત્તથી વર્ણ-પદ-વાક્યરૂપે પરિણમે છે; તેથી તેમનામાં વસ્તુના સ્વરૂપને કહેવાની શક્તિ સ્વયમેવ છે, કારણ કે શબ્દનો અને અર્થનો વાચ્યવાચક સંબંધ છે. આ રીતે દ્રવ્યશ્રુતની રચના શબ્દોએ કરી છે એ વાત જ યથાર્થ છે. આત્મા તો અમૂર્તિક છે, જ્ઞાનસ્વરૂપ છે. તેથી તે મૂર્તિક પુદ્‌ગલની રચના કેમ કરી શકે ? માટે જ આચાર્યદેવે કહ્યું છે કે 'આ સમયપ્રાભૃતની ટીકા શબ્દોએ કરી છે, હું તો સ્વરૂપમાં લીન છું, મારું કર્તવ્ય તેમાં (-ટીકા કરવામાં) કાંઈ જ નથી.' આ કથન આચાર્યદેવની નિર્માનતા પણ બતાવે છે. હવે જો નિમિત્તનૈમિત્તિક વ્યવહારથી કહીએ તો એમ પણ કહેવાય છે જ કે અમુક કાર્ય અમુક પુરુષે કર્યું. આ ન્યાયે આ આત્મખ્યાતિ નામની ટીકા પણ અમૃતચંદ્રાચાર્યકૃત છે જ. તેથી તેને વાંચનારા તથા સાંભળનારાઓએ તેમનો ઉપકાર માનવો પણ યુક્ત છે; કારણ કે તેને વાંચવા તથા સાંભળવાથી પારમાર્થિક આત્માનું સ્વરૂપ જણાય છે, તેનું શ્રદ્ધાન તથા આચરણ થાય છે, મિથ્યા જ્ઞાન, શ્રદ્ધાન તથા આચરણ દૂર થાય છે અને પરંપરાએ મોક્ષની પ્રાપ્તિ થાય છે. મુમુક્ષુઓએ આનો નિરંતર અભ્યાસ કરવાયોગ્ય છે. ૨૭૮.**

---

## શ્લોક-૨૭૮ ઉપર પ્રવચન

---

**'પૂર્વોક્ત રીતે જ્ઞાનદશામાં પરની ક્રિયા પોતાની નહિ ભાસતી હોવાથી,...'** હવે જરી ખુલાસો કરે છે. જ્ઞાન આત્માનું ભાન થયું, હવે શબ્દાદિની ક્રિયા કંઈ આત્માની નથી. શબ્દ કંઈ આત્માએ રચ્યા નથી. શાસ્ત્રની રચના આત્માએ કરી નથી. શેઠ! શબ્દની રચના આત્માએ કરી નથી. તો વળી તમારી બીડી ને તમાકુની (રચના કરે)? એય..! આ તો મોઢા આગળ હોય એનું નામ દેવાય ને! કહો. આને પાટા. શું કહેવાય એને? મોટર પાર્ટસ. આહાહા...! કહે છે કે આ શબ્દની રચના જે સમયસાર શાસ્ત્રની થઈ એ મારાથી નથી થઈ. હું તો નિમિત્ત છું. નિમિત્તનો અર્થ મારાથી થઈ નથી. આહાહા..! પોતાથી થઈ હોય તો નિમિત્ત ક્યાંથી કહેવાય? એ **'ક્રિયા પોતાની નહિ ભાસતી હોવાથી, આ સમયસારની વ્યાખ્યા કરવાની ક્રિયા પણ મારી નથી, શબ્દોની છે.'** એ શબ્દોમાંથી સમયસાર બની ગયું છે. આત્મામાંથી ને આત્માના જ્ઞાનમાંથી સમયસારની વાણી બને નહિ. આહાહા..! આ વાણી નીકળે છે એ રચના શબ્દની છે, આત્માની નહિ. આહાહા..! આવી વસ્તુની સ્થિતિ. એને આ દુનિયાના કામ કેટલા ઝડપથી કરવા. મોટા બાંધકામ ને આ કામ ને આ કામ. નામા લખવા, 'જયંતિભાઈ'!

મુમુક્ષુ :–

ઉત્તર :– ઉંધું કામ નહિ. અહીં તો થઈ શકતા નથી, એમ કહે છે. ઉંધા કામ નહિ, ઉંધા કામ તો ઉંધું કર્યું એમ થાય. સમજાણું કાંઈ? એમ નહિ. ઉંધા કામ જ નથી. ઉંધા

કામ તો એના રાગ-દ્વેષના ઉંધા કામ છે. એ કામ તો એના છે જ નહિ. આહા..! **'ક્રિયા પણ મારી નથી, શબ્દોની છે.–એવા અર્થનું, સમયસારની વ્યાખ્યા કરવાના અભિમાનરૂપ કષાયના ત્યાગને સૂચવવાનું કાવ્ય કહે છે :–'**

**स्वशक्तिसंसूचितवस्तुतत्त्वै-**
**र्व्याख्या कृतेयं समवस्य शब्दैः।**
**स्वरूपगुप्तस्य न किञ्चिदस्ति**
**कर्तव्यमेवामृतचन्द्रसूरेः।।२७८।।**

આહાહા..! સમયસાર શબ્દથી રચાણું છે, અમારાથી નહિ. **'स्व-शक्ति-संसूचित-वस्तु-तत्त्वै' 'પોતાની શક્તિથી જેમણે વસ્તુનું તત્ત્વ (–યથાર્થ સ્વરૂપ) સારી રીતે કહ્યું છે...'** એવા શબ્દોએ. લ્યો, શબ્દોએ સારી રીતે વસ્તુનું સ્વરૂપ કહ્યું છે, મેં નહિ. આહાહા..! શબ્દોમાં સ્વ પરને કહેવાની શક્તિ છે, કહેવાની શક્તિ છે. આત્મામાં સ્વ પર જાણવાની શક્તિ છે. આહાહા..! શબ્દની રચના શબ્દે કરી. આહાહા..! કહો, 'ચીમનભાઈ'! એને ઠેકાણે આ તો આખો દિ' જાણે આમ .... ફૂલ્યો. હું કરું, હું કરું છું, હું કરું છું. ધૂળનું. મરી ગયો એમાં કરી કરીને માન્યતામાં. મુર્ખાઈના તો કંઈ ગામ જુદા હોય? આહાહા..! અરે..!

કહે છે, **'પોતાની શક્તિથી જેમણે વસ્તુનું તત્ત્વ...'** દેખો! જેવી વસ્તુ છે તેવું તેનું સ્વરૂપ શબ્દે પોતાની શક્તિથી કર્યું છે. આહાહા..! તમને એમ લાગે કે આચાર્ય આવી વસ્તુની વ્યવસ્થા આવી અલૌકિક કરે છે, એમ છે નહિ. આહાહા...! હું શબ્દને અડ્યો પણ નથી, શબ્દ મને અડતા નથી. શબ્દમાં વસ્તુના સ્વરૂપને કહેવાની તાકાતથી શબ્દે તે રચના થઈ છે. આહાહા..! પંડિતજી!

મુમુક્ષુ :– બોધ પાહુડમાં એમ આવ્યું છે.

ઉત્તર :– એ તો બધામાં એમ છે. શબ્દવિકાર, એ તો શબ્દનો વિકાર છે. પુદ્ગલ છે એ તો. 'પ્રવચનસાર' ૩૪-૩૫(માં) આવ્યું. ઉપાધિકારક. સૂત્ર એ ઉપાધિ છે. સૂત્ર પુદ્ગલ પર્યાય છે. એ કાઢી નાખો તો એ તો જ્ઞાન જ આત્મા છે, સૂત્ર ઉપાધિ એમાં છે જ નહિ. 'પ્રવચનસાર'. આહાહા..! આમ અનંત તત્ત્વો ભિન્ન ભિન્ન જ્યાં છે ત્યાં કહે છે કે શબ્દમાં પોતાની શક્તિ, પાછી પોતાની શક્તિ, શબ્દની શક્તિ, શબ્દની શક્તિથી જેમણે એટલે શબ્દે વસ્તુનું સ્વરૂપ બહુ લખાયેલું હોય અને બહુ સ્પષ્ટ થયું હોય તો પણ એ પર્યાય જડથી થયેલી છે, મારાથી નહિ, એમ કહે છે. આહાહા..! તે પ્રકારનું જ્ઞાન કામ કરે ત્યારે શબ્દો નીકળે ને? શબ્દોમાં તો જડનો ભાવ છે, આત્માનો ભાવ એમાં જરીયે નથી. શેઠ! તમારે પેલામાં ઘણા વાંધા છે. જિનવાણીમાં વીતરાગના ભાવ ભર્યા છે, માટે પૂજ્ય છે, મૂર્તિ પૂજ્ય નથી, એમ તમારા પેલા કહે છે. અમૃત ને શું કહેવાય? અમૃતલાલ ને ચંચળ ને...

મુમુક્ષુ :– શરીરમાં અશાતા છે.

ઉત્તર :– એમ? અચ્છા. એ ખબર નથી. શબ્દ પૂજ્ય કેમ છે? કે એમાં ભગવાનના ભાવ ભર્યા છે. મૂર્તિમાં ક્યાં ભગવાનના ભાવ છે? અરે..! ન્યાં પણ નથી અને અહીં પણ નથી. સાંભળ!

મુમુક્ષુ :–

ઉત્તર :– પણ એ ક્યાં વાણી નીકળી? કેવળજ્ઞાને ત્રણકાળ ત્રણલોકને જાણ્યા ઇ. કહે છે કે વસ્તુના સ્વરૂપને (કહેવાની) પરમાણુમાં એવી તાકાત છે, સ્વયં તાકાત છે. પોતાની શક્તિથી. ભગવાન નિમિત્ત હતા માટે વચનનું પરિણમન થયું, એમ નથી. આહાહા..! તું ત્યાં ક્યાં છો કે શબ્દમાં ગરી જઈને શબ્દને પરિણમાવ? એ તો જડની ભાષા છે. આહાહા..! એ.. 'કાંતિભાઈ'! પ્લેન-બ્લેનને નાખ્યા. પહેલા ગયા હતા. આહા..!

**'स्व-शक्ति'** પરમાણુમાં, શબ્દમાં સ્વ-શક્તિથી **'संसूचित'** એટલે કે સારી રીતે કહ્યું. શું? **'वस्तु-तत्त्वै'**. વસ્તુનું સ્વરૂપ. તમને એમ લાગતું હોય કે ઓહોહો..! શું વ્યાખ્યા! એ તો જ્ઞાન આવું હોય એ જ આવી વ્યાખ્યા કરી શકે. એમ જો તને લાગતું હોય તો કહે છે, તને મોહ–ભ્રમ છે. આહાહા..! ગજબ વાત છે ને! શબ્દમાં જડમાં સ્વ ને પરને વસ્તુના સ્વરૂપને કહેવાની તાકાત છે. મારે લઈને નહિ, જ્ઞાનને લઈને નહિ. જ્ઞાનનો ઘણો ક્ષયોપશમ છે માટે વાણીની આવી પર્યાય થઈ, એમ નહિ. આહાહા...! અને એ વાણીના જડના ભાવ છે, આત્માના ભાવ નહિ. આહાહા...! કેટલી સ્પષ્ટ વાત છે! સમજાણું કાંઈ?

**'इयं समयस्य व्याख्या'** **'આ સમયની વ્યાખ્યા (–આત્મવસ્તુનું વ્યાખ્યાન અથવા સમયપ્રાભૃતશાસ્ત્રની ટીકા)...'** 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકા છે ને? તે શબ્દે કરી છે. આહાહા..! જ્યાં વિકલ્પ પણ જેનામાં નથી, વિકલ્પનો કર્તા આત્મા નથી ત્યાં વળી વાણીનો કર્તા ક્યાંથી હોય? આહા..! **'स्व-शक्ति-संसूचित'** સં એટલે સારી રીતે કહેલું એમ. સારી રીતે એટલે જેવું વસ્તુનું સ્વરૂપ છે એવું જ કહ્યું. પણ એ તો શબ્દની શક્તિથી કહેલું છે. આહાહા..! એ વાંધા લ્યે છે, લ્યો! આપણે આત્મા ન હોય તો એ વાણી નીકળે? ભીંતમાંથી કેમ નથી નીકળતી? આ કપાટમાંથી કેમ નથી નીકળતી? આ બધા પુસ્તક પડ્યા એમાં, જુઓ! 'ચીમનભાઈ'!

આચાર્ય કહે છે, **'स्व-शक्ति-संसूचित'**. શબ્દોમાં તેનામાં શક્તિને લઈને તેણે બરાબર કહ્યું વસ્તુનું સ્વરૂપ. આહાહા..! કહો, 'વજુભાઈ'! કેટલા પથરા ઉપાડ્યા હશે? એણે દસ દસ લાખના મોટા મકાન કર્યા છે. વીતરાગી સંતો જેવું છે એવું કહે છે. કોઈ એમ કહે કે, એ તો પોતે નિરભિમાની છે માટે કહ્યું છે, કર્યું છે તો એણે. આહા..! બાપુ! આવું જડ અને ચૈતન્યનું પૃથક્પણું. એ પૃથક્ આત્મા પૃથક્ શબ્દની વાણીને કેમ રચે? કેમ કરે? સમજાણું કાંઈ? આ સમયસારની ટીકા શબ્દમાં શક્તિ હતી અને તેથી સમ્યક્ પ્રકારે સૂચિતપણું,

વસ્તુના સ્વરૂપનું એણે સૂચન કર્યું છે, મેં સૂચન કર્યું છે એમ નહિ.

**'स्वरूप-गुप्तस्य-अमृतचन्द्रसूरेः' 'સ્વરૂપગુપ્ત..'** કહે છે કે હું તો શરીરની પર્યાયથી ભિન્ન મારી દશા મારામાં છે. શબ્દને અડી પણ નથી, હું તો મારામાં છું. હું તો મારા જ્ઞાન સ્વભાવમાં છું. એ વાણીની પર્યાયને અડ્યો પણ નથી. એ વાણીની પર્યાય એના પરમાણુમાં થઈ એ મને અડીને થઈ છે એમ પણ નથી. આહાહા..! એ તો કોણ એમાં નિમિત્ત હતું એ જ્ઞાન કરાવવા ભાષા એમ બોલાય કે આ 'કુંદકુંદાચાર્યે' કર્યું, 'અમૃતચંદ્રાચાર્યે' કર્યું. એ બનવા કાળે નિમિત્ત કોણ હતું એનું જ્ઞાન કરવા માટે (કહ્યું). બાકી રચાણું છે તો શબ્દની શક્તિથી તે કાળે. આહાહા..! સમયસાર.. સમયસાર!

**'स्वरूप-गुप्तस्य'** એટલે હું તો અમૂર્તિક ચીજ છું, વાણી તો મૂર્ત છે. હું ચૈતન્ય છું, એ જડ છે. હું જીવ છું, એ અજીવ છે. હું અરૂપી છું, એ રૂપી છે, હું અમૂર્ત છું, એ મૂર્ત છે. **'(–અમૂર્તિક જ્ઞાનમાત્ર સ્વરૂપમાં ગુપ્ત)...'** છું. પોતે કહે છે, હું તો ત્યાં છું, હું કાંઈ વાણીમાં આવ્યો નથી. આહા..! આટલું બધું સ્પષ્ટ કર્યું ને સમયસાર! ટીકા આવી સ્પષ્ટ જો ન હોય તો (ન સમજાત), મૂળ ગાથાનો ભાવાર્થ ખોલીને મુક્યો. મેં નહિ, હોં! આહાહા..! એ તો વાણીમાં શક્તિ હતી એણે વસ્તુના પોતાના ભાવને, જડનો એનો ભાવ છે અને પરના ભાવને, પરના આનંદ ને કેવળજ્ઞાન આવું, વગેરે (એને કહ્યું). આત્મા નિર્વિકલ્પ સ્વરૂપ છે, શુદ્ધ આનંદકંદ છે, એવા તત્ત્વના સ્વરૂપને અને જડ વાણી પોતે હું જડ છું, મારામાં જાણવાનું કાંઈ નથી, એવું પણ સ્વરૂપ શબ્દે પોતે પોતાની શક્તિથી સૂચવ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ? અહીં તો જ્યાં હોય ત્યાં હું કરું, હું કરું.

**'અમૃતચંદ્રસૂરિનું...' 'किञ्चित् एव कर्तव्यम् न अस्ति'** થોડું ઘણું કાંઈક કહો, થોડું કહો. પચીસ ટકા આના રાખો અને પોણોસો ટકા ભાષાના રાખો. ઓગણપચાસ રાખો. શેઠ કહેતા, એકાવન દોકડા પુરુષાર્થના રાખો, ઓગણ પચાસ દોકડા કર્મના ઉદયના રાખો. કર્મનું કાંઈક રાખો ખરા. મેં કીધું, હરામ છે કાંઈ રાખવું હોય તો. વિકાર થાય એમાં એકાવન દોકડા પુરુષાર્થના રાખો, ઓગણ પચાસ દોકડા કર્મના રાખો. 'દામોદર' શેઠ હતા. ગૃહસ્થ. એક્કે દોકડો કર્મનો નહિ, સોએ સો દોકડા વિકારના પોતાના. કર્મના ઉદયના સોએ દોકડા એનામાં.

અહીં કહે છે, **'कर्तव्यम् न अस्ति'** કાંઈ મારું નથી. **'न अस्ति'** એટલે નથી. એ વાણીની રચનામાં મારું કાંઈ કર્તવ્ય નથી, હોં! આ સમયસારની ટીકામાં. આહાહા..! જુઓ! વસ્તુની સ્થિતિ આવી છે. સમજાણું કાંઈ? અહીં તો એક-બે પુસ્તક બનાવે ને લખે ત્યાં બસ, અમે લખ્યું, અમે આ કર્યું છે, જુઓ! 'ચેતનજી'! આહાહા..! અમે લખ્યું છે, તમે અમારી કિંમત કરો. તારી કિંમત થઈ ગઈ. જડનો કર્તા થયો, તારી કિંમત થઈ ગઈ. આહાહા..! 'ચીમનભાઈ'! શું છે આ? જુઓને! વાત તો જુઓ! આવું સમયસાર. ભાદરવા વદ એકમથી

ચાલે છે. (સંવત) ૧૯૨૪ ની સાલથી. આ હવે પૂરું થશે. કાલે બપોરે પૂરું થાશે.

મુમુક્ષુ :–

ઉત્તર :– એ બધા ન સમજે એનું કાંઈ નહિ. અહીં તો આવું છે. સમજે ન સમજે એની યોગ્યતા. થોડું છે. કાલે રવિવાર છે, બપોરે પૂરું થશે. સમયસાર નાટક શરૂ થશે. બન્ને એક દિ'એ ભેગું થશે. કાલે રવિવાર છે ને? અહીં પૂરું થવા આવ્યું છે. 'નવનીતભાઈ'ની હાજરીમાં. આ છે ને? .... ... આહાહા..! આ થઈ રહ્યું. બે શ્લોક થઈ ગયા. ખલાસ. કુદરતે છે.

**ભાવાર્થ :– 'શબ્દો છે તે તો પુદ્ગલ છે.'** કે આત્મા છે? **'તેઓ પુરુષના નિમિત્તથી વર્ણ-પદ-વાક્યરૂપે પરિણમે છે;....'** એનો અર્થ શું થયો? એનાથી થાય છે. આ તો નિમિત્ત છે. નિમિત્તનો અર્થ જ આવું છે. નિમિત્તથી થતું નથી, એને નિમિત્ત કહેવાય. આહાહા..! આવી વાત સહેલી છે. વર્ણ, પદ. જેમ આત્મા શુદ્ધ છે, એ આખું પદ થયું. અને વાક્યરૂપે આખો. આત્મા આનંદસ્વરૂપે છે, એ વાક્યરૂપે શબ્દો પરિણમે છે. **'તેથી તેમનામાં વસ્તુના સ્વરૂપને કહેવાની શક્તિ સ્વયમેવ છે.'** સ્વયમેવ છે. પોતામાં કહ્યું હતું ને હમણા? **'કારણ કે શબ્દનો અને અર્થનો વાચકવાચ્ય સંબંધ છે.'** શબ્દ વાચક છે, વસ્તુ વાચ્ય છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. પણ વાચક શબ્દ વાચ્યને લઈને નીકળ્યો છે કે કહેનાર હોંશિયાર છે માટે નીકળ્યો છે, દિવ્યધ્વનિ કેવળીને નીકળે માટે કેવળજ્ઞાનના અંશની કાંઈ પણ એમાં અસર છે, એમ છે નહિ.

મુમુક્ષુ :–

ઉત્તર :– ... વાણી પોતે ..... વાણીને કહે છે ને? વાણી વાચક છે અને વાચ્ય છે અને વાણી.... બન્ને છે. હું જડ છું એમ કહે છે કે નહિ? આહાહા..! કહે છે, **'આ રીતે દ્રવ્યશ્રુતની રચના શબ્દોએ કરી છે એ વાત જ યથાર્થ છે.'** એ વાત યથાર્થ છે. એ વાત જ યથાર્થ છે. **'આત્મા તો અમૂર્તિક છે, જ્ઞાનસ્વરૂપ છે, તેથી તે મૂર્તિક પુદ્ગલની રચના કેમ કરી શકે? માટે જ આચાર્યદેવે કહ્યું છે કે 'આ સમસપ્રાભૃતની ટીકા શબ્દોએ કરી છે, હું તો સ્વરૂપમાં લીન છું,...'** એટલે હું તો મારામાં છું. **'મારું કર્તવ્ય તેમાં (–ટીકા કરવામાં) કાંઈ જ નથી' આ કથન આચાર્યદેવની નિર્માનતા પણ બતાવે છે.'**

**'હવે જો નિમિત્ત-નૈમિત્તિક વ્યવહારથી કહીએ તો એમ પણ કહેવાય છે જ કે અમુક કાર્ય અમુક પુરુષે કર્યું.'** એ તો નિમિત્ત કોણ હતું એ જણાવવા. કાર્ય એનાથી થયું એમ નહિ. **'આ ન્યાયે આત્મખ્યાતિ નામની ટીકા પણ અમૃતચંદ્રાચાર્યકૃત છે જ.'** નિમિત્ત તરીકે. **'તેથી તેને વાંચનારા અને સાંભળનારાઓએ...'** અહીં બધા વાંધા છે. જુઓ! નિમિત્તથી કીધું, નિમિત્તથી કીધું. પણ નિમિત્તનો અર્થ શું થયો? કે એનો રચનારો હું નથી, ત્યારે હું નિમિત્ત કહેવાઉં. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

આમ શ્રી સમયસારની (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી સમયસાર પરમાગમની) શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત આત્મખ્યાતિ નામની ટીકા સમાપ્ત થઈ.

(હવે પં. જયચંદ્રજી ભાષાટીકા પૂર્ણ કરે છે :–)

કુંદકુંદમુનિ કિયો ગાથાબંધ પ્રાકૃત હૈ પ્રાભૃતસમય શુદ્ધ આતમ દિખાવનૂં,
સુધાચંદ્રસૂરિ કરી સંસ્કૃત ટીકાવર આત્મખ્યાતિ નામ યથાતથ્ય ભાવનૂં;
દેશકી વચનિકામેં લિખિ જયચંદ્ર પઢૈ સંક્ષેપ અર્થ અલ્પબુદ્ધિકૂં પાવનૂં,
પઢો સુનો મન લાય શુદ્ધ આતમા લખાય જ્ઞાનરૂપ ગહૌ ચિદાનંદ દરસાવનૂં. ૧.

સમયસાર અવિકારકા, વર્ણન કર્ણ સુનંત;
દ્રવ્ય-ભાવ-નોકર્મ તજિ, આતમતત્ત્વ લખંત. ૨.

આ પ્રમાણે આ સમયપ્રાભૃત (અથવા સમયસાર) નામના શાસ્ત્રની આત્મખ્યાતિ નામની સંસ્કૃત ટીકાની દેશભાષામય વચનિકા લખી છે. તેમાં સંસ્કૃત ટીકાનો અર્થ લખ્યો છે અને અતિ સંક્ષિપ્ત ભાવાર્થ લખ્યો છે, વિસ્તાર કર્યો નથી. સંસ્કૃત ટીકામાં ન્યાયથી સિદ્ધ થયેલા પ્રયોગો છે. તેમનો વિસ્તાર કરવામાં આવે તો અનુમાનપ્રમાણના પાંચ અંગોપૂર્વક-પ્રતિજ્ઞા, હેતુ, ઉદાહરણ, ઉપનય અને નિગમનપૂર્વક-સ્પષ્ટતાથી વ્યાખ્યાન લખતા ગ્રંથ બહુ વધી જાય; તેથી આયુ, બુદ્ધિ, બળ અને સ્થિરતાની અલ્પતાને લીધે, જેટલું બની શક્યું તેટલું, સંક્ષેપથી પ્રયોજનમાત્ર લખ્યું છે. તે વાંચીને ભવ્ય જીવો પદાર્થને સમજજો. કોઈ અર્થમાં હીનાધિકતા હોય તો બુદ્ધિમાનો મૂળ ગ્રંથમાંથી જેમ હોય તેમ યથાર્થ સમજી લેજો. આ ગ્રંથના ગુરુ-સંપ્રદાયનો (-ગુરુપરંપરાગત ઉપદેશનો) વ્યુચ્છેદ થઈ ગયો છે, માટે જેટલો બની શકે તેટલો (-યથાશક્તિ) અભ્યાસ થઈ શકે છે. તોપણ જેઓ સ્યાદ્‌વાદમય જિનમતની આજ્ઞા માને છે, તેમને વિપરીત શ્રદ્ધાન થતું નથી. ક્યાંક અર્થનું અન્યથા સમજવું પણ થઈ જાય તો વિશેષ બુદ્ધિમાનનું નિમિત્ત મળ્યે યથાર્થ થઈ જાય છે. જિનમતની શ્રદ્ધાવાળાઓ હઠગ્રાહી હોતા નથી.

હવે અંતમંગળને અર્થે પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરી શાસ્ત્ર સમાપ્ત કરીએ છીએ :–

મંગલ શ્રી અરહંત ઘાતિયા કર્મ નિવારે,
મંગલ સિદ્ધ મહંત કર્મ આઠોં પરજારે;
આચારજ ઉવજ્ઝાય મુની મંગલમય સારે,
દીક્ષા શિક્ષા દેય ભવ્યજીવનિકૂં તારે;
અઠવીસ મૂલગુણ ધાર જે સર્વસાધુ અણગાર હૈં,
મૈં નમું પંચગુરુચરણકૂં મંગલ હેતુ કરાર હૈં. ૧.

જૈપુર નગરમાંહિ તેરાપંથ શૈલી બડી
બડે બડે ગુની જહાં પઢૈ ગ્રંથ સાર હૈ,

જયચંદ્ર નામ મૈં હૂં તિનિમેં અભ્યાસ કિછૂ
કિયો બુદ્ધિસારુ ધર્મરાગતેં વિચાર હૈ;
સમયસાર ગ્રંથ તાકી દેશકે વચનરૂપ
ભાષા કરિ પઢો સુનૂં કરો નિરધાર હૈ,
આપાપર ભેદ જાનિ હેય ત્યાગિ ઉપાદેય
ગહો શુદ્ધ આતમકૂં, યહૈ બાત સાર હૈ. ૨.
સંવત્સર વિક્રમ તણૂં, અષ્ટાદશ શત ઔર;
ચૌસઠિ કાતિક વદિ દશૈ, પૂરણ ગ્રંથ સુઠૌર. ૩.

**આમ શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત સમયપ્રાભૃત નામના પ્રાકૃતગાથાબદ્ધ પરમાગમની શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત આત્મખ્યાતિ નામની સંસ્કૃત ટીકા અનુસાર પંડિત જયચંદ્રજીકૃત સંક્ષેપભાવાર્થમાત્ર દેશભાષામય વચનિકાના આધારે શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ કૃત ગુજરાતી અનુવાદ સમાપ્ત થયો.**

**સમાપ્ત**

## પ્રવચન નં. ૫૭૯ શ્લોક-૨૭૮ રવિવાર, પોષ વદ ૬, તા. ૧૭-૧-૧૯૭૧

છેલ્લો કળશ છે. કહે છે, કે આ સમયસાર મારું કરેલું નથી. ‘અમૃતચંદ્રાચાર્ય’ કહે છે. એ તો શબ્દથી બન્યું છે. હવે કહે છે કે નિમિત્ત-નૈમિત્તિક વ્યવહારથી કહીએ .... શબ્દની રચનાથી શાસ્ત્ર બન્યું છે. કારણ કે શબ્દની રચના પરમાણુની પર્યાય, રજકણોની અવસ્થા છે. આ પરમાણુ જડ છે. એની અવસ્થા અક્ષરપણે થાય છે. આત્મા એને કરી શકતો નથી. તે સમયે તે જ પ્રકારે ભાષાના પરમાણુઓ એ રીતે અક્ષરરૂપે પરિણમવાના હોય છે એ રીતે પરિણમે છે. આત્મા એ ભાષાને કરી શકે એમ નથી. એ તો પહેલું કાલે કહ્યું હતું. ધૂળી નિશાળમાં આવતું **‘सिद्धो वर्णम् समाम्नाय’**. નિશાળમાં સીત્તેર વર્ષ પહેલાની વાત છે. ધૂળી નિશાળમાં આ શબ્દ પહેલો જોયેલો. **‘सिद्धो वर्णम् समाम्नाय’**. અક્ષરની આમન્યા અનાદિની છે. એવો એનો અર્થ છે. .... પંડિતજી! .... અમારે ધૂળી નિશાળમાં આવેલું, ધૂળી નિશાળ. આપણે ‘મોક્ષમાર્ગ પ્રકાશક’માં એ શબ્દ છે. અક્ષરના રજકણો છે એની જે અવસ્થા છે એ તો અનાદિની નક્કી થઈ ગયેલી છે. એ અક્ષરોથી બને છે. આત્મા વાણીને બનાવે એમ છે નહિ. એમ પહેલી વાત થઈ ગઈ.

હવે કહે છે કે નિમિત્ત-નિમિત્તથી વ્યવહારથી કહીએ એટલે રચના કાળમાં કોનું નિમિત્ત

હતું? વિકલ્પ અને જ્ઞાન કોનું ઉપસ્થિત હતું? એનાથી જો વાત કરીએ તો એમ પણ કહેવાય છે કે આ કાર્ય અમુક પુરુષે કર્યું. કહેવાય છે, હોં! કર્યું છે નહિ. કારણ કે નિમિત્ત હતું એમ ગણીને પરમાણુની પર્યાય તો પરમાણુથી જ થઈ છે. એમાં ત્રણ કાળમાં કોઈ એનો કર્તા-હર્તા નથી. પણ નિમિત્ત કોનું હતું એનાથી કહીએ તો એમ પણ કહેવાય કે આ કાર્ય અમુક પુરુષે કર્યું. '**આ ન્યાયે...**' પાછો આનો અર્થ એવો કરે કે નિમિત્તથી વ્યવહારથી તો કરી શકાય છે કે નહિ? ખોટી વાત છે. પરમાણુ એને કારણે પરિણમે અને વળી વ્યવહારે આત્મા કરે એનો અર્થ શું થયો?

મુમુક્ષુ :– અનેકાંત.

ઉત્તર :– અનેકાંત એટલે શું? એની વ્યાખ્યા ફુદડીવાદ છે કાંઈ? જડની અવસ્થા જડ પણ કરે અને આત્મા પણ કરે, એમ બે વાત છે? એમ નથી. પણ નિમિત્તપણાનું જ્ઞાન કરાવવા શાસ્ત્રની રચના અમે કરી એમ વ્યવહારથી કહેવામાં આવે છે. એમ નથી છતાં કહેવું એનું નામ વ્યવહાર છે.

'**આ ન્યાયે આત્મખ્યાતિ નામની ટીકા પણ અમૃતચંદ્રાચાર્યકૃત છે જ.**' આ હિસાબે, વ્યવહાર. '**તેથી તેને વાંચનારા તથા સાંભળનારાઓએ તેમનો ઉપકાર...**' માનવો. અપેક્ષાએ વાત છે. સાંભળનારાઓએ તેમનો ઉપકાર માનવો પણ વ્યાજબી છે. જેના શબ્દોમાં જેનું નિમિત્ત હતું એનો ઉપકાર માનવો પણ વ્યવહારે યથાર્થ છે. '**કારણ કે તેને વાંચવા તથા સાંભળવાથી પારમાર્થિક આત્માનું સ્વરૂપ જણાય છે,...**' ભગવાનઆત્મા, જેવું સ્વરૂપ છે એવું આ વાંચનથી, અંતરની યોગ્યતાથી તે સમજવામાં આવે છે. '**તેનું શ્રદ્ધાન તથા આચરણ થાય છે,...**' વાસ્તવિક આત્માનું જ્ઞાન થતાં, એની શ્રદ્ધા થતાં, એમાં આચરણ એટલે રમણતાનું ચારિત્ર પણ પ્રગટ થાય છે. '**મિથ્યાજ્ઞાન, મિથ્યાશ્રદ્ધાન તથા મિથ્યાઆચરણ દૂર થાય છે...**' અસ્તિ-નાસ્તિ કરી. સત્ય સમજવાથી મિથ્યા શ્રદ્ધા, મિથ્યા જ્ઞાન અને મિથ્યા રાગ-દ્વેષ આચરણનો નાશ થાય છે. '**પરંપરાએ મોક્ષની પ્રાપ્તિ થાય છે. મુમુક્ષુઓએ આનો નિરંતર અભ્યાસ કરવાયોગ્ય છે.**' '**આમ શ્રી સમયસારની (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી સમયસાર પરમાગમની) શ્રીમદ્‌ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત આત્મખ્યાતિ નામની ટીકા સમાપ્ત થઈ.**'

મુમુક્ષુ :– નિરંતર અભ્યાસ કરે તો બીજું કામ ક્યારે કરે?

ઉત્તર :– એની રટણ લગાવવી જોઈએ એનું નામ નિરંતર અભ્યાસ. વકીલાતનો અભ્યાસ કરતા હશે ત્યારે ન્યાં કેવી લાગતી હશે? એમ ને એમ લગની લાગી હોય, આનું આ ગોખવું ને આનું આ કરવું ને આનું આ કરવું. .... આહા..! વારંવાર એના અભ્યાસની... વસ્તુ સ્વરૂપ છે, આવું તત્ત્વ છે, સર્વજ્ઞોએ જોયેલું, સર્વજ્ઞોએ કહ્યું એવું જ સ્વરૂપ વેદનમાં આવે એવી જાત છે. એને આ અભ્યાસ દ્વારા સમજી શ્રદ્ધા કરીને આદરવું.

'(હવે પં. જયચંદ્રજી ભાષાટીકા પૂર્ણ કરે છે :–)'

**કુંદકુંદમુનિ કિયો ગાથાબંધ પ્રાકૃત હૈ પ્રાભૃતસમય શુદ્ધ આતમ દિખાવનૂં,**
**સુધાચંદ્રસૂરિ કરી સંસ્કૃત ટીકાવર આત્મખ્યાતિ નામ યથાતથ્ય ભાવનૂં;**
**દેશકી વચનિકામેં લિખિ જયચંદ્ર પઢૈ સંક્ષેપ અર્થ અલ્પબુદ્ધિકૂં પાવનૂં,**
**પઢો સુનો મન લાય શુદ્ધ આતમા લખાય જ્ઞાનરૂપ ગહૌ ચિદાનંદ દરસાવનૂં. ૧.**

આ સોળમી વાર આ સમયસાર સભામાં પૂરું થાય છે. બત્રીસ વર્ષ થયા. સોળમી વાર, પહેલેથી આ (સંવત) ૨૦૨૪માં ભાદરવા વદ એકમે શરૂ કર્યું હતું તે આજે અઢી વર્ષે પૂરું થાય છે. એમ આ સોળમી વાર આ પૂરું થાય છે. .... 'સમયસાર નાટક'ની શરૂઆત... 'નવનીતભાઈ'ની માંગણી હતી એથી થઈ છે, હોં! .... ઘણી વાર આવી ગયું એટલે આ 'સમયસાર નાટક' ...

'**કુંદકુંદમુનિ કિયો ગાથાબંધ...**' 'કુંદકુંદાચાર્ય' સંવત ૪૯ માં ભરતક્ષેત્રમાં સંત મુનિ આનંદકંદના અનુભવનારા હતા. એણે પ્રાકૃત ગાથા કરી. '**પ્રાભૃતસમય...**' સમય ... સાર સમયસાર '**શુદ્ધ આતમ દિખાવનું.**' પુણ્ય-પાપ વિનાનો વસ્તુનો જે સ્વભાવ, એને દેખાડવા માટે સમયસાર કહ્યું. '**સુધાચંદ્રસૂરિ...**' સુધા એટલે અમૃત. અમૃતચંદ્રસૂરીએ આ ટીકા કરી. '**સંસ્કૃત ટીકાવર...**' એ પણ પ્રધાન ટીકા, અલૌકિક ટીકા. આહા..!'**આતમખ્યાતિ નામ...**' એનું નામ, ટીકાનું નામ આત્મખ્યાતિ આપ્યું. આત્મખ્યાતિ–આત્મ પ્રસિદ્ધિ. આવો આત્મા છે એમ વાણી દ્વારા વસ્તુને–વાચ્યને પ્રસિદ્ધ કરી છે. '**યથાતથ્ય ભાવનું..**' જેમ છે તેમ તેની ભાવના કરી છે.

'**દેશકી વચનિકામેં લિખિ જયચંદ્ર...**' 'જયપુર'ના 'જયચંદ્ર' હતા એમણે ચાલતી ભાષામાં, દેશ એટલે ચાલતી વચનિકામાં લખી. '**પઢૈ સંક્ષેપ અર્થ...**' બહુ ટુંકો અર્થ લખ્યો છે, કહે છે. '**અલ્પબુદ્ધિકૂં પાવનું...**' અલ્પબુદ્ધિવાળાને પણ એ પામી શકાય છે. મહા ગહન વસ્તુ છે, અલૌકિક વસ્તુ છે. આત્મા એટલે શું! એને બતાવવા માટે .... છે. સાધારણ બુદ્ધિવાળાને સમજવા માટે પણ થોડું લખ્યું છે. '**પઢો સુનો મન લાય...**' મનને એમાં મુકીને, ગોઠવીને '**શુદ્ધ આતમા લખાય...**' શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ એકલો જ્ઞાતા-દષ્ટાના સત્ત્વ–તત્ત્વથી લખાય એટલે જણાય. '**જ્ઞાનરૂપ ગહૌ...**' એ તો જ્ઞાનસ્વરૂપ ચૈતન્યબિંબ છે. એમાં બીજો વિકલ્પ કે શરીર, વાણી કંઈ છે નહિ. એવું લખો, '**ગહૌ ચિદાનંદ દરસાવનું.**' જ્ઞાનાનંદને દેખવા માટે જ્ઞાનરૂપ છું એમ અનુભવ કરો.

**સમયસાર અવિકારકા, વર્ણન કર્ણ સુનંત;**
**દ્રવ્ય-ભાવ-નોકર્મ તજિ, આતમતત્ત્વ લખત. ૨.**

સમયસારનું અવિકારી સમયસાર એટલે આત્મા. સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણ આનંદનો નાથ એવો નિર્દોષ આત્મા, એનું '**વર્ણન કર્ણ સુનંત.**' વર્ણન કરનાર અને સાંભળનાર. '**દ્રવ્ય-**

**ભાવ-નોકર્મ તજિ,...'** દ્રવ્યકર્મ જડ, ભાવકર્મ પુણ્ય-પાપના વિકલ્પ, નોકર્મ શરીર. ત્રણેને તજી **'આત્મતત્ત્વ લખત.'** ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્ય છે એમ લખત એટલે જાણે છે.

**'આ પ્રમાણે આ સમયપ્રાભૃત (અથવા સમયસાર) નામના શાસ્ત્રની આત્મખ્યાતિ નામની સંસ્કૃત ટીકાની દેશભાષામય વચનિકા લખી છે. તેમાં સંસ્કૃત ટીકાનો અર્થ લખ્યો છે અને અતિ સંક્ષિપ્ત ભાવાર્થ લખ્યો છે, વિસ્તાર કર્યો નથી. સંસ્કૃત ટીકામાં ન્યાયથી સિદ્ધ થયેલા પ્રયોગો છે. તેમનો વિસ્તાર કરવામાં આવે તો અનુમાનપ્રમાણના પાંચ અંગો...'** છે. બહુ ન્યાયનો વિષય છે. પ્રતિજ્ઞા કરવી, હેતુ બતાવવો, ઉદાહરણ–દાખલો આપવો, એની સાથે ઉપનય મેળવવો અને છેલ્લો સરવાળો કરવો. એક એક વાતમાં પાંચ પાંચ ... પ્રતિજ્ઞા એટલે અમે આ કહેવા માગીએ છીએ, એનો હેતુ આ છે, દાખલો આ છે, મેળ આ છે અને સરવાળો આ છે. એ પાંચ બોલ છે. બહુ લાંબી વાત છે. સાધારણ જીવોને મગજમાં (ન બેસે). સમજાણું?

એ પાંચ અંગોની **'સ્પષ્ટતાથી વ્યાખ્યાન લખતાં ગ્રંથ બહુ વધી જાય; તેથી આયુ,..'** થોડું **'બુદ્ધિ,...'** થોડી, **'બળ...'** થોડું **'અને સ્થિરતા...'** થોડી. એવી **'અલ્પતાને લીધે, જેટલું બની શક્યું તેટલું, સંક્ષેપથી પ્રયોજનમાત્ર લખ્યું છે.'** જરૂરિયાત આત્માને સમજવાની અને આત્માનો અનુભવ કરવાની છે, એટલું પ્રયોજનમાત્ર લખ્યું છે. **'તે વાંચીને ભવ્યજીવો...'** હે લાયક આત્માઓ! **'પદાર્થને સમજજો. કોઈ અર્થમાં હીનાધિકતા...'** હીન અને અધિક દેખાય તો **'તો બુદ્ધિમાનો મૂળ ગ્રંથમાંથી જેમ હોય તેમ યથાર્થ સમજી લેજો. આ ગ્રંથની ગુરુસંપ્રદાયનો (–ગુરુપરંપરાગત ઉપદેશ) વ્યુચ્છેદ થઈ ગયો છે,...'** મહા અધ્યાત્મ સ્વરૂપ અલૌકિક ચીજ, એની પરંપરા તૂટી ગઈ છે. **'માટે જેટલો બની શકે તેટલો (–યથાશક્તિ) અભ્યાસ થઈ શકે છે. તોપણ જેઓ સ્યાદ્‌વાદમય જિનમતની આજ્ઞા માને છે,..'** વીતરાગની આજ્ઞા માને **'તેમને વિપરીત શ્રદ્ધાન થતું નથી. ક્યાંક અર્થનું અન્યથા સમજવું પણ થઈ જાય તો વિશેષ બુદ્ધિમાનનું નિમિત્ત મળ્યે યથાર્થ થઈ જાય છે. જિનમતની શ્રદ્ધાવાળાઓ હઠગ્રાહી હોતા નથી.'** જેવું વસ્તુનું સ્વરૂપ છે તેમ સમજવા માટે તે જિજ્ઞાસા રાખતા હોય છે.

**હવે અંતમંગળને અર્થે પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરી શાસ્ત્ર સમાપ્ત કરીએ છીએ :–**

**મંગલ શ્રી અરહંત ઘાતિયા કર્મ નિવારે,**
**મંગલ સિદ્ધ મહંત કર્મ આઠોં પરજારે;**
**આચારજ ઉવજ્ઝાય મુનિ મંગલમય સારે,**
**દીક્ષા શિક્ષા દેય ભવ્યજીવનિકૂં તારે;**

મંગળ અરિહંત ભગવાન ચાર કર્મનો નાશ કરી પરમાત્મપદ પ્રગટ કર્યું સદેહ, એને અરિહંત કહીએ. **'ઘાતિયા કર્મ નિવારે...'** એણે ઘાતિકર્મ જે આત્માની દશામાં હીણી કરવાના નિમિત્તપણાના કર્મો છે તે તેને ટાળ્યા છે. **'મંગળ સિદ્ધ મહંત...'** સિદ્ધ પરમાત્મા, એણે

તો શરીર રહિત થઈને એકલો આત્મા આનંદમૂર્તિ થયા છે. મહંત એટલે મોટો આત્મા. સિદ્ધ .... થઈ ગયા છે. **'કર્મ આઠોં પરજારે...'** આઠે કર્મનો એણે નાશ કર્યો છે. પરજારે એટલે બાળ્યા છે.

**'આચારજ ઉવજ્ઝાય...'** વીતરાગી સંત આત્માના આનંદના વીતરાગપણાના સાધક, એવા આચાર્ય, ઉપાધ્યાય કે સાચા તત્ત્વના ..., મુનિ એટલે સ્વરૂપના સાધનારા. મંગલ– ત્રણે **'મંગલમય સારે...'** ત્રણે મંગલમય છે. **'દીક્ષા શિક્ષા દેય ભવ્યજીવનિકૂં તારે.'** આચાર્ય છે એ દીક્ષા શિક્ષા આપે છે. **'દેય ભવ્યજીવનિકૂં તારે.'**

**અઠવીસ મૂલગુણ ધાર જે સર્વસાધુ અણગાર હૈં,**
**મૈં નમું પંચગુરુચરણકૂં મંગલ હેતુ કરાર હૈં. ૧.**

અઠ્યાવીસ મૂળગુણના ધારનારા, પંચમહાવ્રત, સામાયિક વગેરે અઠ્યાવીસ (મૂળગુણ), **'સર્વસાધુ અણગાર હૈં,...'** જેટલા સંતો આત્માના આનંદના સાધકો એ બધા આવા હોય છે. **'મૈં નમું પંચગુરુચરણકૂં...'** અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુના ચરણકમળને નમું છું. **'મંગલ હેતુ કરાર હૈં.'** ચોક્કસ તે મંગળના કારણો છે. મંગળ હેતુ કરાર છે. મંગળિકના હેતુ, પાપના નાશ અને પવિત્રતાની પ્રાપ્તિમાં નિમિત્ત છે એવો મંગળ હેતુ કરાર– ચોક્કસ છે. હવે લખનાર પોતાની જરીક વાત કહે છે.

**'જૈપુર નગરમાહિ તેરાપંથ શૈલી બડી'** જયપુર મોટું નગર છે, જૈનની વસ્તી ઘણી છે, બસો તો મંદિરો છે, બસો મંદિરો. બે વખત ગયા છીએ, આ ત્રીજી વાર ... **'તેરાપંથી શૈલી બડી...'** વીસપંથ અને તેરાપંથી બે ભાગ છે ને? તેરાપંથી શૈલી બડી. **'બડે બડે ગુની જહાં પઢૈ ગ્રંથ સાર હૈ,...'** મહા મોટા મોટા ધર્માત્માઓ છે, **'જહાં પઢૈ ગ્રંથ સાર.'** ગ્રંથનો સાર ભણે છે.

**'જયચંદ્ર નામ મૈં હૂં...'** એમાં 'જયચંદ્ર' નામનો હું એક થયો. **'તિનિમૈં અભ્યાસ કિછૂ...'** મને થોડો કંઈક અભ્યાસ હતો. **'કિયો બુદ્ધિસારુ...'** મારી બુદ્ધિ પ્રમાણે. બુદ્ધિસારુ એટલે બુદ્ધિ પ્રમાણે મેં શાસ્ત્રનો અભ્યાસ કર્યો. **'ધર્મરાગતૈં વિચાર હૈ;...'** ધર્મના પ્રેમથી મેં વિચારીને **'સમયસાર ગ્રંથ તાકી દેશકે વચનરૂપ...'** આ સમયસાર ગ્રંથની ચાલતી ભાષામાં ... **'પઢો સુનૂં કરો નિરધાર...'** ભણો, નહિતર સાંભળો, કરો નિર્ધાર ભગવાનઆત્માનો, કેવો છે આત્મા એ?

મુમુક્ષુ :– સાંભળવાથી કાંઈ થાય નહિ.

ઉત્તર :– એ બધું વ્યવહારે એમ જ આવે. એય..! સાંભળ્યું એને કહેવાય કે જે છે એવું સમજ્યો ત્યારે એણે સાંભળ્યું કહેવાય. એ બધી વાતું લાંબી કરતાં ... પૂરું ન થાય. ઓલું શરૂ કરવું છે ને? નહિતર એક એકમાં ઘણું છે. સમજાણું કાંઈ?

**'ભાષા કરી પઢો સુનૂં કરો નિરધાર...'** એ સાંભળીને, એણે જે કહ્યું છે એવું અંતર સ્વસંવેદન આનંદનું ભાન થાય ત્યારે તે પઢ્યો અને સાંભળ્યું એમ કહેવામાં આવે. એવી

વાત છે. નહિતર સાંભળીને ઉપરથી કાઢી નાખ્યું, એવું તો અનંતવાર કર્યું. **'આપાપર ભેદ જાનિ હેય ત્યાગિ ઉપાદેય...'** આપા એટલે પોતે ભગવાનઆત્મા શુદ્ધ આનંદનું ધામ અને પર એટલે પુણ્ય-પાપ વિકલ્પથી માંડીને બધું પર. **'ભેદ જાણી...'** બેયની જુદાઈને જાણીને અંતરમાં બેયને પૃથક પૃથક જાણીને હેય–પુણ્ય-પાપ આદિ ભાવ હેય (છે), એને ત્યાગિ **'ઉપાદેય ગહો શુદ્ધ આતમકું,...'** શુદ્ધ ચિદાનંદ આત્માને ગ્રહો. જુઓ! **'ઉપાદેય ગહો શુદ્ધ આતમકું, યહૈ બાત સાર હૈ.'** કહો, શેઠ! આ સાર છે.

**સંવત્સર વિક્રમ તણૂં, અષ્ટાદશ શત ઔર;**
**ચૌસઠિ કાતિક વદિ દશૈ, પૂરણ ગ્રંથ સુઠૌર. ૩.**

૧૮૬૪. કારતક વદ દશમે, આ ગ્રંથ પૂરો થયો. **'આમ શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત સમયપ્રાભૃત નામના પ્રાકૃતગાથાબદ્ધ પરમાગમની શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત આત્મખ્યાતિ નામની સંસ્કૃત ટીકા અનુસાર પંડિત જયચંદ્રજીકૃત સંક્ષેપભાવાર્થમાત્ર દેશભાષામય વચનિકાના આધારે શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ કૃત ગુજરાતી અનુવાદ સમાપ્ત થયો.'**

મુમુક્ષુ :– ... આવવું જોઈએ ને.

ઉત્તર :– એણે તો નામ પણ નહોતું નાખ્યું. વળી કો'કે કીધું, એક તો નાખો. આ 'હિંમતલાલ' પંડિત. પાછળથી બહુ કીધું. શું કરે? 'હિંમતલાલ જેઠાલાલ શાહ' એનાથી બનાવેલો આ ગુજરાતી અનુવાદ સમાપ્ત થયો. લ્યો, છેલ્લો.

# પાઠકોની નોંધ માટે

# પાઠકોની નોંધ માટે

હું પરમાત્મા છું એમ નક્કી કર
હું પરમાત્મા છું એમ નિર્ણય કર
હું પરમાત્મા છું એમ અનુભવ કર

-પૂ. ગુરુદેવશ્રી

